આગમપ્રકાશનના આ કાર્યમાં ઘણા તપોબળે, આપ સૌ સંપાદન કરી રહ્યા છે અને રાત્રિ-દિવસ જ્ઞાનશ્રમ કરી જ્ઞાનયજ્ઞની રચના કરી, મન, વચન, કાયાથી આહૂતિ આપી આત્માના નિર્મળ પ્રકાશ કણોને શાસ્ત્રરૂપે અંકિત કરી રહ્યા છો. તે ઘણી જ ગૌરવની વાત છે એટલું જ નહીં પરંતુ ઈતિહાસના ફલક ઉપર સ્વર્ણ અક્ષરરૂપે કે સાચા

મોતી રૂપે બધા ભાવો અંકિત થઈ રહ્યા છે અને શાસ્ત્રના ગૂઢ ભાવોને વાચા મળી રહી છે. તે બહુ જ મોટી ઉપલબ્ધિ છે.

આ અવસરે કથન કર્યા વગર રહી શકાય તેમ નથી કે આપણા ગોંડલ સંપ્રદાયના 'હીર' કે 'નિર્મળનીર' જેવા સાધ્વીજી સંપૂર્ણ વિદ્વત્ત ભાવોનો ઉપયોગ કરી, સંપાદન કાર્ય આગળ વધારી રહ્યા છે અને તે કાર્યમાં જેના હાથમાં પૂરી લગામ છે તેવા ક્રિયા પાત્ર 'લીલમમણી' જેવા લીલમબાઈ મહાસતીજી પુનઃ પુનઃ અભિનંદનીય કે અભિવંદનીય છે. તેમના નામનો ઉલ્લેખ કરતા રોમે રોમમાં હર્ષાનુભૂતિ થાય છે.

આજે ચંદ્રપ્રજ્ઞપ્તિ જેવા ગણિત સભર આગમ ઉપર અભિગમ લખવાનો અવસર સાંપડ્યો અને સ્પષ્ટ સુંદર ભાવે લખી શકે તેવા અહીં બિરાજીત દર્શનાબાઈ મહાસતીજીનો પણ એટલો જ ઉપકાર છે. વરના અમારું બધું મનનું મનમાં રહી જાય તેવી સ્થિતિ છે તો લખીને તૈયાર કરી દર્શનાબાઈ સ્વામી સમય પર મોકલી આપે છે તેનો યશ એમને મળે છે. સતીઓ તો પરોપકારી હોય જ ને ! ઈતિ અલમ્...

**જયંત મુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

॥ જિન સ્તુતિ ॥

**સૂર્યથી પણ અધિક પ્રકાશ કરનારા અનંત કેવળજ્ઞાની સદ્ધર્મરાજ આપ છો,**
**ચંદ્રથી અતિ નિર્મળ શીતલ ચાંદની રેલાવનારા અનંતદર્શી જિનરાજ આપ છો,**
**સાગર સમગંભીર અનંત ગુણધીર વીર શક્તિ ધારક શુદ્ધ આત્મરાજ આપ છો,**
**પ્રાણ–આમ્ર સુશુષ્યિાને બોધિ લાભ સમાધિના પરમ સિદ્ધિદર્શક સિદ્ધરાજ આપો છો.**

પ્રિય પાઠક, વાચક, આગમ જ્ઞાતાગણ !

આપશ્રીની સામે પ્રકાશના પુંજથી ભરેલું, સુસ્તી દૂર કરનારું, સ્ફૂર્તિ જાગૃત કરનારું, ક્ષણે ક્ષણની જાણ કરાવનારું, દિલ-દિમાગને વ્યાયામ કરાવનારું, ગણિતાનુયોગવાળું, ચિત્તને એકાગ્ર બનાવી, ચિદાનંદી બનાવનારું, અક્ષરે અક્ષરમાં મંત્ર વિજ્ઞાન, યંત્ર વિજ્ઞાન, તંત્ર વિજ્ઞાન પ્રાજ્ઞ પુરુષને પ્રાપ્ત કરાવનારું, ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ નામના બંને ઉપાંગ સાથે કરીને જ્યોતિષગણરાજપ્રજ્ઞપ્તિ નામને સાર્થક કરનારું, અજ્ઞાનીને જ્ઞાની અને પામરને પ્રજ્ઞાશીલ બનાવનારું શ્રી પ્રાણ આગમ બત્રીસીનું બત્રીસમું આગમ રત્ન બહાર પાડી રહ્યા છીએ, તેનો આનંદ આજે અમારા રોમે-રોમને રણઝણાવી રહ્યો છે, અસ્તિત્વને મહેંકાવી રહ્યો છે અને પરમાણુના પિંડને ભીંજવી રહ્યો છે. તે આનંદના આપશ્રી સહુ સદ્ભાગી બનો, તેવી ભાવના સાથે અનંત તીર્થંકર પરમાત્માની મન, વચન, કાયાથી **આરતી** ઉતારી, **સુબોધ** પ્રાપ્ત કરાવનારી ક્ષણેક્ષણની પ્રજ્ઞપ્તિ મારામાં પ્રગટ થાય, તેવું કલ્યાણકારી, મંગલકારી કીર્તન કરી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિનું વર્ણન સંપાદન કરું છું.

સાંજની સંધ્યા ઢળતા નિશાદેવીના પગરણ થયા. તેણીએ અંધકારનાં અંબર ઓઢ્યા હતા. તેના ઉપર તેજસ્વી નક્ષત્રના નમુનેદાર બુટ્ટાઓ ભર્યા હતા. મારા નયન ઊંચા થયા, પાંપણના પોપચા ખુલ્લી ગયા, કીકીએ નભોમંડળને નિહાળ્યું. નિશાદેવીનું બદન નિહારિકાથી ઢંકાયેલું હતું. તે દેવી ધીમે-ધીમે પગલે અંધકારમાં નીસરી રહ્યા હતા. તેવું આશ્ચર્ય અજાયબી ભરેલું દશ્ય જોઈ મારી નયન કીકી દેવીએ નોઈન્દ્રિયને

પૂછ્યું, આ શું છે ? નોઈન્દ્રિયે વાચા દેવી દ્વારા કહ્યું... હે નયન કીકીદેવી જુઓ ! આ જગતમાં ત્રણ લોક છે. તેમાં નીચેનો લોક અંધકારમય છે, ઉપર દિવ્ય લોક છે અને આ બંનેની મધ્યમાં અંધકાર-પ્રકાશથી મિશ્રિત મધ્યલોક છે. તે અંધકાર-પ્રકાશથી મિશ્રિતલોકમાં કર્મભૂમિના માનવો બુદ્ધિમાન, પ્રજ્ઞાશીલ, પરમ ચરમ શક્તિના પૂંજ-વાળા છે. તેવી પરમ શક્તિને પ્રગટ કરનાર પરમાત્માએ આ જગતનું દશ્ય દર્શાવતા મધ્યલોકની ઉપર સાતસો નેવું યોજનથી નવસો યોજન સુધીમાં ઊંચે જ્યોર્તિલોક દર્શાવ્યો છે. તે જ્યોર્તિમય વિમાન- નગરમાં જ્યોતિષી દેવો રહે છે. તે વિમાન શાશ્વતા છે અને તિરછા અસંખ્યાત દ્વીપ, સમુદ્ર સુધી પથરાયેલા છે. આતપ નામકર્મની પ્રકૃતિના ઉદયવાળા અસંખ્યાત- અસંખ્યાત પૃથ્વીકાયના જીવો સમયે-સમયે ઉત્પન્ન થઈને તેજોરાશીના પુદ્ગલથી બંધાયેલી કાયા દ્વારા અતિ પ્રકાશ પાથરે છે. તે વિમાનરૂપી નગર સૂર્ય દેવેન્દ્રનું કહેવાય છે. તેવી જ રીતે ઉદ્યોત નામકર્મની પ્રકૃતિના ઉદયવાળા અસંખ્યાત-અસંખ્યાત પૃથ્વીકાયના જીવો સમયે સમયે ઉત્પન્ન થઈને ઉજ્જવળ પ્રકાશવાળા શીતલ રાશિના પુદ્ગલથી બંધાયેલી કાયા દ્વારા અતિ શીતલમય પ્રકાશ પાથરે છે. તે વિમાનરૂપી નગર ચંદ્ર દેવેન્દ્રનું કહેવાય છે. આ મુખ્ય ઈન્દ્ર છે. બાકી ગ્રહ-નક્ષત્ર-તારા તે તેના પરિવારરૂપ છે. તેઓને રહેવાના ઘર પણ જુદા-જુદા વિમાનના આકારે છે. તે પણ ઉદ્યોત નામકર્મની પ્રકૃતિના ઉદયવાળા પૃથ્વીકાયમય છે.

આ રીતે એકેન્દ્રિયના સ્થાનોમાં પંચેન્દ્રિય સુધીના જીવો ઉત્પન્ન થાય છે માટે નિર્ણય થાય છે કે અરસ-પરસ, જન્મ-મરણમાં સહયોગ દેનાર કર્મપ્રકૃતિ અનુસાર જીવ- અજીવ એક બીજાને ઉપકારી બને છે. નોઈન્દ્રિયે આ પ્રમાણે સુબોધ આપીને શાંત ભાવે નયનકીકી દેવી સામે જોયું અને કહ્યું, સમજ પડી ગઈને તમને ? નયનકીકી દેવીએ નયન નીચાં ઢાળીને હકાર ભણ્યો. નોઈન્દ્રિયે આગળ ચલાવ્યું અને કહ્યું આને જ્યોતિષીદેવ લોક કહે છે, તે બે પ્રકારે છે. એક મહાપુણ્યવાન અને એક કંઈક ન્યૂન પુણ્યવાન. જ્યોતિષી લોકમાં ચંદ્ર અને સૂર્ય મહાપુણ્યવાન છે. તેના આભિયોગિક દેવો પ્રેમથી સત્કાર-સન્માનથી સિંહના, હાથીના, અશ્વના, બળદના રૂપો કરી વિમાન-નગરનું પીઠ પર વહન કરીને ચલાવે છે. ૪૫ લાખ યોજનના લાંબા પહોળા માનુષોત્તર પર્વતના એરિયામાં ઊંચે સૂર્ય ૮૦૦ યોજન ઉપર અને ચંદ્ર ૮૮૦ યોજન ઉપર ચાલે છે તે ગતિશીલ હોવાથી તેને ચરજ્યોતિષી લોક કહે છે. અન્ય પુણ્યવાન જ્યોતિષી દેવો અસંખ્યાત દ્વીપ-સમુદ્ર સુધી ફેલાયેલા સ્થિર જ્યોતિષી લોક તરીકે ઓળ

ખાય છે. તેઓ સ્થિરપણે ગરમ-શીતલ પ્રકાશ પાથરે છે. આપણે ફક્ત ચર જ્યોતિષી દેવોના વિમાનનાં માત્ર તળિયાને જોઈ શકીએ છીએ. ગ્રહ, નક્ષત્ર, તારા ચંદ્ર-સૂર્યની ઉપર-નીચે, ચારે બાજુ પોત-પોતાના એરિયામાં ચાલતા રહે છે. સૂર્યપ્રકાશ દિવસ કરે છે અને પ્રકાશનો અભાવ રાત્રિ કરે છે. તે રાત્રિના અંધકારમાં ચંદ્ર પોતાનો સૌમ્ય પ્રકાશ રેલાવે છે પરંતુ ચંદ્રથી ચાર અંગુલ નીચે ચાલતું રાહુ ગ્રહનું વિમાન ચંદ્ર વિમાનને આવરિત-અનાવરિત કરે છે, તેથી હે નયનકીકી દેવી તમને અંધકાર-પ્રકાશરૂપે નિશાદેવી દૃષ્ટિગોચર થયા છે. એવું નિશાદેવીનું સાદ્યંત સ્વરૂપ સમજાવ્યું અને કહ્યું કે આ જ્યોતિષગણરાજ ઉપાંગનું રહસ્યમય સ્વરૂપ ચિત્ર શબ્દશઃ વાચાદેવીનાશ્રી મુખે હું શ્રુતજ્ઞાનના ઉપયોગથી જોડાઈને રજૂ કરીશ, તે તમે શ્રોતેન્દ્રિય સખીના સથવારે શબ્દશઃ સાંભળીને સાંકેતિક ચિત્રને નિહાળજો. આ વાત સાંભળીને નયનકીકી દેવી પુલકિત બની ગયા અને વાચાદેવીમાં પ્રગટ થઈ રહેલા નોઈન્દ્રિયના શ્રુત ઉપયોગમય શ્રુતદેવતાની પાંપણના પુષ્પો બિછાવી દૃષ્ટિના દીપકોથી **આરતી** ઉતારી **સુબોધ** પ્રાપ્ત કરવા સ્થિરાસને સ્થિત થઈ ગયા.

પ્રિય વાચકગણ ! હવે પત્રાકારની રંગભૂમિ પર ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિનું નજરાણું આપણી સમક્ષ વાચાદેવી પ્રગટ કરે છે. વાત એમ છે કે તદાકાળમાં મિથિલાનગરીના મણિભદ્ર ચૈત્યમાં પ્રભુ મહાવીર સ્વામી જ્યાં બિરાજમાન હતા. ત્યાં જઈ પંચાંગ પ્રણિપાત કરીને વિનયશીલ, વિદ્વાન, ચાર જ્ઞાનના ધારક, કનકવરણા દેહના ધારક, લબ્ધિ નિધાન ગણધર ભગવંતે આભની અટારીમાં સૂર્યનું વિમાન જોઈને જ્યોતિષી દેવોના દિવ્ય દેવલોક સંબંધી પ્રશ્નો પૂછ્યા હતા અને તેના જવાબો સાક્ષાત્ વીતરાગ પરમાત્માએ આપ્યા હતા. તત્કાલના યથાતથ્ય સમાધાનપૂર્વકના જવાબો સ્થવિર ભગવંતોએ મતિજ્ઞાનના સ્મૃતિ-કોષમાં સંગ્રહિત કરી રાખેલા, તે આજે સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિ ઉપાંગના નામે પત્રારૂઢ થઈને પ્રાપ્ત થયેલા છે. તે ગણિપિટ્ટકને સંગ્રહાલયમાંથી કાઢીને મારી પાસે લાવો. વાચાદેવીએ વ્યવહારનયકુમારને બોલાવી આદેશ આપ્યો. વ્યવહારનયે વાચાદેવીના હુકમ પ્રમાણે કાર્ય કર્યું અને વાચાદેવી એક દિવ્ય ગણિપિટક લઈને નયનકીકી દેવી સમીપે આવ્યા, તે દિવ્ય પેટી ખોલી તેની અંદરથી **વીસ નિરૂપમ નૈસર્ગિક નજરાણા** કાઢ્યા. તે નજરાણાને નિહાળી નયનકીકી દેવી તાજુબ થઈ ગયા. આંખના ઈશારાથી અનક્ષર ભાષામાં પૂછ્યું આમાં શું છે, તે કહો.

વાચાદેવીએ કહ્યું– આ નજરાણું નિરભ્ર નભોમંડળમાં સૂર્ય-ચંદ્રની ગતિનું

નિરૂપણ કરે છે. સાગરમાં સબમરીન ચાલે તેમ નભોમંડળમાં આ જ્યોતિષીચક્ર સતત ગતિમાન રહે છે. તેના રહસ્યો આ નજરાણામાં છે, અઢીદ્વીપના ૧૩૨ સૂર્ય-ચંદ્ર આદિ તેના પરિવાર સહિત જંબૂદ્વીપમાં, લવણ સમુદ્રમાં, ધાતકીખંડમાં, કાલોદધિ સમુદ્રમાં, અર્ધપુષ્કર દ્વીપમાં એમ પીસ્તાલીસ લાખ યોજનના એરિયામાં એક સાથે એક પંક્તિમાં રહી પોતપોતાના એરિયામાં ઘૂમતા રહે છે. તેના ઘૂમવાના પ્રદેશો(માર્ગ) મંડળ કહેવાય છે. એવા સૂર્યના ૧૮૪ મંડળો છે અને ચંદ્રના મંડળો ૧૫ છે. સૂર્ય તથા ચંદ્રનો ક્રમશઃ તેજોમય પ્રકાશ અને ઠંડો પ્રકાશ ધરતીને તાપિત અને શાંત કરે છે.

તીરછી આંખ કરીને નયન કીકી દેવીએ વાચા દેવીને સાંકેતિક પ્રશ્ન કર્યો કે નીચે રહેલા મધ્યલોકના માનવીઓ કલમથી શું કંડારી રહ્યા છે ? વાચા દેવીએ જવાબ આપ્યો કે દરેક માનવો પોતપોતાની મતિ કલ્પનાએ માપ કાઢી તે વિમાનની ગતિને નવાજે છે પરંતુ સર્વજ્ઞ પુરુષોએ સાક્ષાત્ વિમાનની ચાલ જોઈને સમય, આવલિકા, સ્તોક, લવ, મુહૂર્ત દર્શાવ્યા છે. આપ્ત પુરુષો સત્ય હકીકત કહે છે કે ત્રીસ મુહૂર્તની અહોરાત્રિ થાય છે. ત્રીસ અહોરાત્રિનો એક માસ, બાર માસનો એક સંવત્સર અને પાંચ સંવત્સરનો એક યુગ થાય છે. સાથોસાથ નક્ષત્ર માસ, સૂર્ય માસ, ચંદ્ર માસ અને ઋતુ માસના મુહૂર્તોની હાનિ-વૃદ્ધિનું ગણિત સમજાવતા ભગવાન ફરમાવે છે કે જ્યારે સૂર્ય પ્રથમથી લઈને અંતિમ મંડળ સુધી અને અંતિમથી લઈને પ્રથમ મંડળ સુધી ગમન કરે છે ત્યારે અંતિમ મંડળમાં એકવાર ગમન કરે છે, પ્રથમ મંડળમાં પણ એકવાર ગમન કરે છે બાકીના ૧૮૨ મંડળમાં બે વાર ગતિ કરે છે. આદિત્ય સંવત્સરના દક્ષિણાયન અને ઉત્તરાયણના છ-છ માસનાં ગણિતથી એક વર્ષ પૂર્ણ થાય છે. તેમાં દિવસ-રાત્રિના મુહૂર્તોની હાનિ-વૃદ્ધિ થાય છે. દિવસના મુહૂર્તોની વૃદ્ધિ થતાં થતાં અઢાર મુહૂર્ત સુધી પ્રકાશ અવસ્થિત રહે છે. ત્યારે એક જ દિવસ અઢાર મુહૂર્તનો થાય છે અને રાત્રિ બાર મુહૂર્તની થાય છે. ત્યાર પછી મુહૂર્તની હાનિ થતી જાય છે. આ રીતે દિવસની હાનિ થતાં થતાં બાર મુહૂર્ત સુધી પ્રકાશ એક સરખો રહે, ત્યારે બાર મુહૂર્તનો દિવસ હોય છે અને અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે. આ રીતે સંપૂર્ણ ગણિત સર્વજ્ઞ ભગવંતે દરેક માનવોના મતિ કલ્પનાથી પ્રગટ કરેલા અભિપ્રાયનો પરિહાર કરીને સત્ય તથ્ય સુબોધ આપ્યો છે. સુબોધમાં એટલું જ જાણવાનું છે કે મનોમાલિન્ય મતિવાળા માનવોના મનને વિશુદ્ધ કરવા માટે જ્યોતિષગણરાજ સહાયક બને છે, જેમ કે સૂર્યની ઉર્જા માનવોને ઉષ્માવાન કરી, સ્ફૂર્તિલા બનાવી, તેજસ્વી, લબ્ધિધારી, અષ્ટસિદ્ધિ, નવનિધિને પ્રાપ્ત

કરાવે છે. તેનાથી આગળ વધીને ભગવાન કહે છે કે સૂર્યની ઉર્જા જ્યાં સુધી પ્રકાશિત હોય ત્યાં સુધીમાં માનવોએ સ્વાધ્યાય–ધ્યાન, આહારની સાત્વિકતા જાળવવી જોઈએ. મનની મલિનતા દૂર કરીને દિવસે કાળની આશાતના કર્યા વિના ક્ષણને–લવને જાણીને વીતરાગ બનવા માટે યમ નિયમ કરવા જોઈએ. નૈસર્ગિક ક્રિયા તો એ જ છે કે કોઈપણ જીવની વિરાધના કર્યા વિના સાધક આત્માએ આરાધક બનવું જોઈએ અને રાત્રે આળસ છોડી સત્ ચિત્ આનંદને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. આ છે નિરૂપમ નૈસર્ગિક નજરાણાનો અહેવાલ. તેનો **સુબોધ** પામી, જ્ઞાન દીપક વડે **આરતી** ઉતારીને બીજા નજરાણામાં શું છે તે જાણવા લાલાયિત થયા.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું :– બીજું

નયનકીકી દેવી પ્રથમ નજરાણાનું કથન સાંભળી તૃપ્ત થયા અને તેને સ્મૃતિ ભંડારમાં ભરી બીજા નજરાણા માટે પ્રશ્નસૂચક આતુર નયનથી વાચાદેવીને પૂછવા લાગ્યા જગતના લોકો સૂર્યનો ઉદય અને અસ્ત માને છે, તો તે કેવી રીતે બની શકે ? પ્રભુએ તો સૂર્યના વિમાનને શાશ્વતું બતાવ્યું છે. વાચાદેવીએ અહોભાવથી જવાબ આપ્યો કે સૂર્યનો ઉદય કે અસ્ત થતો નથી. પરંતુ માંડલાના રસ્તેથી પસાર થાય અને જે ક્ષેત્રમાં દૃષ્ટિગોચર થાય ત્યાં તેનો ઉદય થયો એમ કહેવાય અને સૂર્ય ચાલતો-ચાલતો તે ક્ષેત્ર છોડીને આગળ વધી જાય અને દેખાતો બંધ થાય ત્યારે અસ્ત થયો, એમ કહેવાય છે. સૂર્યનું ઉદય-અસ્ત થવાનું ક્યારેય બનતું નથી પરંતુ પ્રત્યક્ષ દેખાય તેને ઉદય અને પરોક્ષ થઈ જાય તેને અસ્ત કહે છે. વ્યવહારનયથી લોકો આમ જ બોલે છે, તેથી હા.. નયનકીકી દેવી તમારી વાત સત્ય છે. અન્યતીર્થિકો એમ માને છે કે સૂર્ય પૂર્વ દિશામાં ઉદિત થઈને અનંત આકાશમાં ચાલ્યો જાય છે. આ વિમાન કોઈ રથ કે દેવતા નથી પરંતુ ગોળાકાર માત્ર કિરણોને સમૂહ છે. જે સંધ્યા સમયે નષ્ટ થઈ જાય છે. કેટલાક લોકોની એવી માન્યતા છે કે સૂર્ય દેવતા છે. જે સ્વભાવથી આકાશમાં ઉત્પન્ન થાય છે અને સંધ્યા સમયે આકાશમાં અદશ્ય થઈ જાય છે. કેટલાક લોકો કહે છે સૂર્ય એક દેવ છે અને સદા વિદ્યમાન રહે છે. પ્રાતઃકાળે પૂર્વદિશામાં ઉદિત થઈને સંધ્યાના સમયે પશ્ચિમ દિશામાં પહોંચી જાય છે અને ત્યાંથી અધોલોકને પ્રકાશિત કરતો નીચેથી પાછો ફરે છે.

ભગવાન મહાવીર સ્વામી આ પ્રમાણે કહે છે કે હે ગૌતમ ! હું આ વિષયમાં વસ્તુની યથાર્થતા પ્રત્યક્ષ જોઈને કહું છું કે આ જંબૂદ્વીપ નામના દ્વીપના અગ્નિકોણમાં તથા વાયવ્ય કોણમાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂભાગથી આઠસો

યોજન ઉપર અવકાશ પ્રદેશમાં બે સૂર્ય ઉદિત થાય છે અને જંબૂદ્વીપના દક્ષિણ તથા ઉત્તર વિભાગમાં દિવસ કરે છે, તે સમયે જંબૂદ્વીપના પૂર્વ તથા પશ્ચિમ વિભાગમાં રાત્રિ હોય છે.

જંબૂદ્વીપના દક્ષિણ તથા ઉત્તર વિભાગને પ્રકાશિત કરીને આગળ વધીને તે બંને સૂર્ય નૈઋત્ય અને ઈશાન કોણમાં ઉદિત થાય છે અને જંબૂદ્વીપના પશ્ચિમ તથા પૂર્વ વિભાગમાં દિવસ કરે છે, તે સમયે દક્ષિણ-ઉત્તર વિભાગમાં રાત્રિ હોય છે.

નયનકીકી દેવીએ આંખોના ઈશારે હકાર ભણ્યા અને પૂછ્યું કેટલા ક્ષેત્રમાં સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરતો હોય છે ? તે મને કહો. વાચા દેવી બોલ્યા, સર્વજ્ઞ ભગવાને કહ્યું છે કે પ્રથમ મંડળ ઉપર સૂર્ય એક એક મુહૂર્તમાં ૫૨૫૧ $\frac{૨૯}{૬૦}$ યોજન ક્ષેત્રને પાર કરે છે. ત્યારે અહીંયા રહેલા મનુષ્યોને સૂર્ય ૪૭૨૬૩ $\frac{૨૧}{૬૦}$ યોજન દૂરથી દષ્ટિગોચર થાય છે. આ રીતે સૂર્યનું એક મુહૂર્તમાં જે જે ક્ષેત્રમાં ગમન કરતાં માંડલાના પરિભ્રમણ પ્રમાણે માનવોને કેટ–કેટલા યોજનથી દષ્ટિગોચર થાય છે તેનું સંપૂર્ણ ગણિત આ નજરાણામાં દર્શાવ્યું છે. આ રીતે બીજા નજરાણાનો **સુબોધ** પામી નયનકીકી દેવીએ દિવ્ય ચક્ષુ દીપકથી **આરતી** ઉતારી અને ત્રીજા નજરાણામાં શું છે ? તે જાણવા ઉત્સુક બન્યા.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – ત્રીજું :–

વાચાદેવીએ ત્રીજું નજરાણું ખોલ્યું. તેમાં લખ્યું હતું કે ચંદ્ર-સૂર્યની શક્તિ. નયનકીકી દેવીએ તેને વાંચી લીધું અને ઈશારો કર્યો કે મને સૂર્યની ક્ષેત્રને પ્રકાશિત કરવાની શક્તિનું માપ દર્શાવો. આ ઈશારાને સમજી વાચાદેવી બોલ્યા, બાર મતવાદીઓ આ શક્તિનું માપ જુદી જુદી રીતે કાઢે છે, પરંતુ વીતરાગ પરમાત્મા કહે છે કે બે સૂર્યો સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને જ્યારે ગતિ કરે છે, ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના પાંચ ભાગમાંથી ત્રણ ચક્રવાલ ભાગોને અવભાસિત, ઉદ્યોતિત, તાપિત પ્રકાશિત કરે છે. વાચાદેવીએ નયનકીકી દેવીને કહ્યું, તમને સમજણ પડી ગઈને ? ન સમજણ પડી હોય તો વિશેષમાં એમ સમજવાનું કે એક સૂર્ય જંબૂદ્વીપના પાંચ ભાગમાંથી દોઢ ચક્રવાલ ભાગને અવભાસિત, ઉદ્યોતિત, પ્રકાશિત, તાપિત કરે છે અને સામેનો બીજો સૂર્ય બીજા દોઢ ચક્રવાલ ભાગને અવભાસિત, ઉદ્યોતિત, તાપિત પ્રકાશિત કરે છે. આ રીતે ચંદ્ર સૂર્યાદિની શક્તિનું માપ આ નજરાણામાં વિસ્તારપૂર્વક આપ્યું છે તે તમે વાંચી હૃદયગત કરજો. નયનકીકી દેવી ત્રીજા નજરાણાનો **સુબોધ** પામી **આરતી** ઉતારી સ્મૃતિ ભંડારમાં તેને મૂકીને ચોથા નજરાણાને જાણવા તત્પર બન્યા.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – ચોથું :–

વાચાદેવી ચોથું નજરાણું ખોલી તેની માહિતી આપતા બોલ્યા કે આ નજરાણામાં ચંદ્ર–સૂર્યના પ્રકાશ સંસ્થાન બે પ્રકારથી દર્શાવ્યા છે. (૧) ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનું સંસ્થાન અને (૨) પ્રકાશ ક્ષેત્રનું સંસ્થાન. બંને પ્રકારના સંસ્થાન સંબંધમાં અન્ય તીર્થિકોના ૧૬ મતાંતરોનો ઉલ્લેખ છે. તે મતાંતરોનો પરિહાર કરીને ભગવાને ચંદ્ર-સૂર્યના ક્ષેત્ર અને તાપક્ષેત્રનું સંસ્થાન દર્શાવીને અંધકાર ક્ષેત્રના સંસ્થાનનું નિરૂપણ કર્યું છે. સૂર્યના ઊર્ધ્વ અધો એવમ્ તિર્યંક તાપક્ષેત્રનું પરિમાણ તુલનાત્મક રીતે દર્શાવ્યું છે. તે તમે નિવૃત્તિ લઈને વાંચી લેજો. નયનકીકી દેવીએ પાંપણ ઢાળીને હા ભણી, ચોથા નજરાણાનો **સુબોધ** પામી **આરતી** ઉતારી સ્મૃતિ ભંડારમાં તેને મૂકીને, પાંચમા નજરાણાને જાણવા પિપાસુ બન્યા.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – પાંચમું :–

વાચાદેવીએ પાંચમું નજરાણું નયનકીકી દેવી સમક્ષ ખોલીને કહ્યું કે આ નજરાણામાં સૂર્યની લેશ્યાનું વર્ણન છે. લેશ્યા અર્થાત્ પ્રકાશ-ઊર્જા કયા ક્ષેત્રમાં પ્રતિહત થાય છે ? તે વર્ણનમાં અનેક મતાંતરોની વિવિધ માન્યતા સંબંધી વીસ પ્રતિપતિ છે. બધા મતવાદીઓ અલગ-અલગ માન્યતા દર્શાવે છે, પરંતુ ભગવાન સત્ય કથન કરે છે કે આ લેશ્યા મંદર પર્વતથી પણ પ્રતિહત થાય છે અને પર્વતરાજથી પણ થાય છે. જે પુદ્ગલો, સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે તે જ પુદ્ગલો સૂર્યની લેશ્યાને રૂકાવટ કરે છે. પ્રકાશ ક્ષેત્રના ચરમ પુદ્ગલો સૂર્યની લેશ્યાને પ્રતિહત કરે છે. નયનકીકી દેવી આ પ્રકારનો **સુબોધ** અવધારી સ્મૃતિ ભંડારમાં ગોઠવી **આરતી** ઉતારી નમી ગયા. ને છઠ્ઠા નજરાણાને જાણવાની જીજ્ઞાસા દર્શાવી.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – છઠ્ઠું :–

વાચાદેવીએ નયનકીકી દેવી સામે છઠ્ઠું નજરાણું ઉપસ્થિત કર્યું અને કહ્યું કે નજરાણામાં સૂર્યના ઓજનું વર્ણન છે. બીજા શબ્દમાં કહીએ તો સૂર્ય સદા એકરૂપમાં અવસ્થિત રહે છે અથવા પ્રતિક્ષણ પરિવર્તિત થતા રહે છે ? આ કથન સંબંધી અન્ય પચીસ પ્રતિપતિઓ છે, જૈન દષ્ટિથી જંબૂદ્વીપમાં પ્રતિવર્ષ કેવળ ત્રીસ મુહૂર્ત સુધી સૂર્યનો પ્રકાશ અવસ્થિત રહે છે. શેષ સમયમાં અનવસ્થિત રહે છે. પ્રત્યેક મંડળ ઉપર એક સૂર્ય ત્રીસ મુહૂર્ત રહે છે. તેમાંથી જે જે મંડળ પર સૂર્ય રહે છે તે તે દષ્ટિથી તે

અવસ્થિત છે અને બીજા મંડળની દષ્ટિથી તે અનવસ્થિત છે. આવી સુંદર વિગત આ નજરાણામાં ગણિત સહિત ભરી છે. આ નજરાણાનો **સુબોધ** અંતરગત કરી સ્મૃતિભંડારમાં મૂકી **આરતી** ઉતારી નયનકીકી દેવી મનોમન ઝૂમી ઉઠ્યા ને સાતમા નજરાણાને જાણવા તૃષાતુર બન્યા.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – સાતમું :–

વાચાદેવી નયનકીકી દેવી સમીપ સાતમું નજરાણું લાવ્યા અને કહ્યું કે આ નજરાણામાં સૂર્ય વરણની ચર્ચા છે. લોકોકિત પ્રમાણે અનેક લોકો પૂછે છે કે સૂર્યનું વરણ કોણ કરે છે ? ત્યારે અન્ય મતવાદી લોકોએ તેના માટે વીસ પ્રતિપત્તિઓ કહી છે. કોઈ કહે છે મેરુ પર્વત સૂર્યનું વરણ કરે છે યાવત્ પર્વતરાજ પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે. આ સર્વના અભિપ્રાયનો હ્રાસ કરીને સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે જે જે પુદ્ગલો, જે જે પર્વતો, સૂર્યના પ્રકાશનો સ્પર્શ સ્વીકારે છે તે તે પુદ્ગલો તેનું વરણ કરે છે અર્થાત્ સૂર્ય પોતાના પ્રકાશ દ્વારા મેરુ પર્વતાદિને પ્રકાશિત કરે છે. અદૃષ્ટ પુદ્ગલો (ગુફાદિમાં રહેલા પદાર્થો) પણ સૂર્યનો સ્વીકાર કરે છે. ચરમાંત પુદ્ગલો પણ સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે. આ નજરાણાનો **સુબોધ** સ્વીકૃત કરીને તેની **આરતી** ઉતારીને નયનકીકી દેવીએ સ્મૃતિ ભંડારમાં ગોઠવતા, નયન કીકી દેવીના નેત્રો ડોલી ઉઠ્યા ને આઠમા નજરાણાને જાણવા ઉત્સુક થયા.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – આઠમું :–

વાચાદેવી નયનકીકી દેવી પાસે આઠમું નજરાણું લાવ્યા અને કહ્યું કે આ નજરાણામાં સૂર્ય ઉદયની સંસ્થિતિ દર્શાવી છે. જે સૂર્ય પૂર્વ-દક્ષિણ(અગ્નિકોણ) ઉદિત થાય છે તે મેરુ પર્વતથી દક્ષિણ વિભાગમાં સ્થિત ભરત આદિ ક્ષેત્રોને પ્રકાશિત કરે છે અને પશ્ચિમ-ઉત્તર(વાયવ્ય)માં ઉદિત થનારો સૂર્ય મેરુપર્વતથી ઉત્તર વિભાગમાં સ્થિત ઐરવતાદિ ક્ષેત્રોને પ્રકાશિત કરે છે. તે સમયે પૂર્વ-પશ્ચિમ વિભાગમાં રાત્રિ હોય છે અને જંબૂદ્વીપના મેરુપર્વતથી પૂર્વ-પશ્ચિમમાં જે સમયે દિવસ હોય તે સમયે દક્ષિણ ઉત્તરમાં રાત્રિ હોય છે. લવણ સમુદ્રના દક્ષિણ-ઉત્તરમાં જે સમયે દિવસ છે તે જ સમયે પૂર્વ-પશ્ચિમમાં રાત્રિ હોય છે. દિવસ-રાત્રિની જેમ ઉત્તર-દક્ષિણમાં અને પૂર્વ-પશ્ચિમમાં ઋતુ, અયનાદિ પણ સમાન હોય છે. હા, કાળમાં ભિન્નતા છે. ઉત્તર-દક્ષિણમાં ઉત્સર્પિણી-અવસર્પિણીકાળ હોય છે પરંતુ પૂર્વ-પશ્ચિમમાં નોઉત્સપિણિ-નોઅવસર્પિણી કાળ હોય છે. આ નજરાણાનો વિશેષ **સુબોધ** વાંચીને જાણી લેજો. નયનકીકી એ તેને સ્મૃતિ

ભંડારમાં ગોઠવી, **આરતી** ઉતારી પુલ્લકિત બન્યા ને નવમા નજરાણાની નિધિને જાણવા નયનાતુર થયા.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – નવમું :–

વાચાદેવી નયનકીકી દેવીનો ઉત્સાહ જોઈ તાત્કાલિક નવમું નજરાણું લઈ આવ્યા. તેને ખોલી એકાએક બોલી ઉઠયા, આ નજરાણામાં પૌરુષી છાયાનો ઉલ્લેખ છે. ભગવાન દર્શાવે છે કે સૂર્યના ઉદય અને અસ્ત સમયે સાધિક ઓગણસાઠ પુરુષ પ્રમાણ છાયા દેખાય છે અર્થાત્ સૂર્યોદયથી દિવસનો ૧૨૦મો ભાગ વ્યતીત થાય ત્યારે અથવા સૂર્યાસ્ત પૂર્વે ૧૨૦મો ભાગ શેષ હોય ત્યારે વસ્તુ કરતાં ઓગણસાઠ ગુણી છાયા હોય છે. જેમ જેમ એક-એક ભાગ વ્યતીત થાય તેમ તેમ છાયા અર્ધ અર્ધ ભાગ ઘટતી જાય છે. દિવસના બે ભાગ કરતાં એક ભાગ વ્યતીત થાય અર્થાત્ સૂર્ય બરાબર મધ્યાહ્ને આવે ત્યારે વસ્તુની છાયા હોતી નથી અને દિવસનાં ચાર ભાગમાંથી ચોથો ભાગ વ્યતીત થાય કે શેષ હોય ત્યારે વસ્તુ જેવડી છાયા હોય છે. સૂર્ય પ્રકાશની ઊંચાઈ, દૂરપણું અને છાયા પ્રમાણ આ ત્રણે બાબત પરસ્પર સંબંધ ધરાવે છે. વિશેષ સુબોધ પ્રસ્તુત નજરાણામાંથી જાણી લેજો. આટલો **સુબોધ** ગ્રહણ કરી નયનકીકી દેવીએ તેનો સ્વીકાર કરીને **આરતી** ઉતારી આ નજરાણાને સ્મૃતિ ભંડારમાં ગોઠવી દીધું અને દસમા નજરાણાને જાણવાની ઉત્કંઠા જાગી.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – દસમું :–

વાચાદેવીએ નયનકીકી દેવીની ઉત્કંઠા જોઈ ઉત્સાહભેર દસમું નજરાણું લાવીને ખોલ્યું અને સ્નેહસભર વર્ણન કરવા લાગ્યા. આ નજરાણામાં બાવીસ ઉપપ્રાભૃત છે. તેની અંદર નક્ષત્રોનો ક્રમ, મુહૂર્તની સંખ્યા, પૂર્વભાગ–પશ્ચિમ ભાગ અને ઉભય ભાગથી ચંદ્રની સાથે યોગ કરનારા નક્ષત્ર, યુગના પ્રારંભમાં યોગ કરનારા નક્ષત્રોના પૂર્વાદિ વિભાગ, નક્ષત્રોના કુલ, ઉપકુલ અને કુલોપકુલ આદિ પ્રકાર, ૧૨ પૂર્ણિમા તેમજ અમાવાસ્યાઓમાં નક્ષત્રોનો યોગ, સન્નિપાત યોગવાળી પૂર્ણિમા તેમજ અમાવાસ્યા, નક્ષત્રોના સંસ્થાન, તેના તારાઓની સંખ્યા, વર્ષા, હેમંત અને ગ્રીષ્મઋતુઓમાં માસ ક્રમથી નક્ષત્રોનો યોગ અને પૌરુષી છાયા પ્રમાણ, દક્ષિણ-ઉત્તર અને ઉભય માર્ગથી ચંદ્રની સાથે યોગ કરનાર નક્ષત્ર, નક્ષત્ર રહિત ચંદ્ર મંડલ, સૂર્યરહિત ચંદ્ર મંડલ, નક્ષત્રોના સ્વામી દેવ, ૩૦ મુહૂર્તોનાં નામ, ૧૫ દિવસ તેમજ રાત્રિઓની તિથિઓનાં નામ, નક્ષત્રોનાં ગોત્ર, એક યુગમાં ચંદ્ર તેમજ સૂર્યની સાથે નક્ષત્રનો યોગ, એક સંવત્સરના

મહિના, તેઓના લૌકિક તથા લોકોત્તર નામ, પાંચ પ્રકારનાં સંવત્સર અને તેના પાંચ-પાંચ ભેદ, અંતિમ શનૈશ્ચર સંવત્સરના ૨૮ ભેદ, નક્ષત્રોના દ્વાર, બે સૂર્યની સાથે યોગ કરનાર નક્ષત્રોનાં મુહૂર્ત પરિમાણ, નક્ષત્રોનો સીમા વિષ્કંભ આદિનું પ્રતિપાદન કરેલું છે. આ રીતે હે સખી ! આ દસમા નજરાણાના ઉપપ્રાભૃતમાં આટલો મોટો વિસ્તાર એ દર્શાવે છે કે આ નજરાણાના જ્ઞાનેથી નિમિતજ્ઞ, જ્યોતિષજ્ઞ, સ્વપ્નપાઠક, ગણિતજ્ઞ વગેરે વગેરે વિદ્વાનોનું સર્જન કર્યું ન હોય ! તેવું જણાય છે. આ દસમા નજરાણાનો **સુબોધ** જાણીને નયનકીકી દેવી આહ્લાદિત થયા અને અરિહંત પ્રભુની **આરતી** ઉતારી પોતાના સ્મૃતિ ભંડારમાં સન્માનપૂર્વક નજરાણું ગોઠવી દીધું ને અગિયારમાં નજરાણાને જાણવાનું કુતૂહલ જાગ્યું.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – અગિયારમું :–

વાચાદેવીએ નયનકીકી દેવીની જાણવાની કુતૂહલતા જોઈ અહોભાવપૂર્વક અગિયારમું નજરાણું લાવી તેની પાસે ખોલ્યું ને બોલ્યા કે આ નજરાણામાં પરસ્પર સંકળાયેલા સંવત્સરોનું વર્ણન છે. તે પાંચ સંવત્સરનાં નામ આ પ્રમાણે છે. **(૧) નક્ષત્ર સંવત્સર–** ૨૮ નક્ષત્રો જેટલા સમયમાં ચંદ્ર સાથે યોગ પૂર્ણ કરે છે, તેને નક્ષત્ર માસ કહે છે. તેવા બાર માસ અને તેના ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ અહોરાત્રિનો એક નક્ષત્ર સંવત્સર થાય છે.

**(૨) ચંદ્ર સંવત્સર–** જેટલા સમયમાં એકમથી લઈને પૂર્ણિમા સુધીની તિથિઓને ચંદ્ર પૂર્ણ કરે છે તેને ચંદ્ર માસ કહેવામાં આવે છે. તેવા બાર માસ અને તેના ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ અહોરાત્રિનો એક ચંદ્ર સંવત્સર થાય છે.

**(૩) ૠતુ સંવત્સર–** જેટલા સમયમાં વર્ષા, હેમંત અને ગ્રીષ્માદિ ત્રણ ૠતુઓ વ્યતીત થાય છે તેને ૠતુ સંવત્સર કહેવામાં આવે છે. ૩૬૦ અહોરાત્રિનો એક ૠતુ સંવત્સર થાય છે.

**(૪) સૂર્ય સંવત્સર–** જેટલા સમયમાં સૂર્ય ૧૮૩ મંડળવાળા બે અયનો પૂર્ણ કરે છે, તેને સૂર્ય સંવત્સર કહેવામાં આવે છે. ૩૬૬ અહોરાત્રિનો એક સૂર્ય સંવત્સર થાય છે.

**(૫) અભિવર્ધિત સંવસ્તર–** ૧૩ ચંદ્ર માસવાળા વર્ષને અભિવર્ધિત સંવત્સર કહેવામાં આવે છે. ૩૮૩ અહોરાત્ર ૨૧ $\frac{૧૮}{૬૨}$ મુહૂર્તોનો એક અભિવર્ધિત સંવત્સર થાય છે.

ચંદ્ર સંવત્સર યુગમાં ત્રીજું સંવત્સર અને પાંચમું સંવત્સર અભિવર્ધિત સંવત્સર હોય છે. આ રીતે સંવત્સરોના આદિ અને અંત સમયના નક્ષત્રોના યોગનું વર્ણન કર્યું છે,

હે સખી ! તું તેમાંથી સમજી સુવિજ્ઞ બનજે. આ સુબોધ સાંભળી. નયનકીકી દેવી ઉલ્લસિત બની ગયા ને અરિહંતની **આરતી** ઉતારી, સ્મૃતિ ભંડારમાં તે **સુબોધને** અંકિત કર્યો અને બારમા નજરાણાને જાણવા ઉત્સાહિત થયા.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – બારમું :–

વાચાદેવી એક સાથે નવે-નવે નજરાણા લાવીને શીઘ્રતાપૂર્વક નયનકીકી દેવીના દષ્ટિપથમાં ઉતારવા લાલાયિત બની ગયા. તેઓ બોલ્યા, જુઓ તમારી જિજ્ઞાસાને માન આપી એક પછી એક સંક્ષિપ્ત ભાવમાં નજરાણાની વિગત આલેખુ છું. હવે મને વિશ્વાસ થઈ ગયો છે કે તમે ખૂબ ચબરાક છો તેથી જલદી ટૂંકમાં ઘણું સમજી જશો. બારમા નજરાણામાં નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય અને અભિવર્ધિત આ પાંચ સંવત્સરોનું વર્ણન છે. છ ઋતુઓનું પ્રમાણ છે. છ ક્ષય તિથિ અને છ અધિક તિથિઓ કેમ થાય છે તથા એક યુગમાં સૂર્ય અને ચંદ્રની આવૃત્તિઓ અને તે સમયે નક્ષત્રનો યોગ તથા યુગકાળ આદિનું વર્ણન છે. તે તમે જરૂર ચીવટથી સમજી શકશો.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – તેરમું :–

તેરમાં નજરાણામાં કૃષ્ણ અને શુક્લપક્ષમાં ચંદ્રકળાની હાનિ-વૃદ્ધિ કઈ રીતે થાય, તે દર્શાવ્યું છે, બાસઠ પૂર્ણિમા અને બાસઠ અમાવાસ્યામાં ચંદ્ર સૂર્યની સાથે રાહુનો યોગ, પ્રત્યેક અયનમાં ચંદ્રની મંડળ ગતિ આદિનું વર્ણન આબેહૂબ કર્યું છે. તેની વ્યાખ્યા વિચારી લેજો.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – ચૌદમું :–

ચૌદમા નજરાણામાં કૃષ્ણપક્ષમાં અંધકાર અને શુક્લ પક્ષમાં જ્યોત્સના પ્રગટ થવાનાં કારણનું પ્રમાણ દર્શાવ્યું છે.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – પંદરમું :–

પંદરમા નજરાણામાં ચંદ્રાદિ જ્યોતિષ્ક દેવોની અંશાત્મક મુહૂર્ત ગતિનું વર્ણન છે. નક્ષત્ર માસમાં ચંદ્ર સૂર્ય, ગ્રહાદિની મંડલ ગતિનું વર્ણન છે આ જ પ્રમાણે ઋતુ માસમાં આદિત્ય માસમાં પણ મંડલ ગતિનું નિરૂપણ કરેલું છે.

## નિરૂપમ નૈસર્ગિક નજરાણું – સોળમું :–

સોળમાં નજરાણામાં ચાંદની, આતાપ, અંધકાર, પ્રકાશ વગેરે પર્યાયોનું વર્ણન છે.

### નિરૂપમ નૈસર્ગિક નજરાણું – સતરમું :–

સત્તરમાં નજરાણામાં સૂર્ય દેવ, ચંદ્ર દેવનું ચ્યવન, ઉપપાત, આદિના સંબંધમાં અન્ય પચ્ચીસ મતમતાંતરોનો ઉલ્લેખ કર્યા પછી સ્વમતનું સ્થાપન છે.

### નિરૂપમ નૈસર્ગિક નજરાણું – અઢારમું :–

અઢારમા નજરાણામાં ભૂમિથી સૂર્ય-ચંદ્ર આદિની ઊંચાઈનું પરિમાણ દર્શાવતા પચ્ચીસ મતમતાંતરોનો ઉલ્લેખ કરીને પરમાત્માએ સ્વમતનું પ્રતિપાદન કર્યું છે. ચંદ્ર સૂર્યનાં વિમાનની નીચે ઉપર અને સમ વિભાગમાં તારાઓનાં વિમાન છે. એક ચંદ્રનો ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ પરિવાર, મેરુ પર્વતથી જ્યોતિષ્ક ચક્ર(તારા)નું અંતર, બાહ્ય–આભ્યંતર–ઉપર-નીચે ચાલનારા નક્ષત્ર, ચંદ્ર સૂર્ય વિમાન આદિનું સંસ્થાન, આયામ–વિષ્કંભ અને બાહુલ્ય, તેઓને વહન કરનારા દેવોની સંખ્યા અને તે દેવોના વિકુર્વિતરૂપ, તેની શીઘ્ર મંદ ગતિ, અલ્પબહુત્વ, ચંદ્ર-સૂર્ય દેવની અગ્રમહિષીઓ અને તેનો પરિવાર, વિકુર્વણા શક્તિ, દેવ દેવીઓની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ આદિનું વર્ણન છે. હે નયનકીકી દેવી ! તમે એકાગ્ર ચિત્તે વિવેકપૂર્વક વાંચન કરશો તો વિમાન તથા તેમાં રહેલા દેવોની શક્તિનું જ્ઞાન શીઘ્ર પામશો અને ભેદ વિજ્ઞાન કરી શકશો કે વિમાન અને દેવો જુદા છે.

### નિરૂપમ નૈસર્ગિક નજરાણું – ઓગણીસમું :–

આ નજરાણામાં ચંદ્ર સૂર્ય સંપૂર્ણ લોકને પ્રકાશિત કરે છે કે લોકના એક વિભાગને? આવા પ્રશ્નના સંબંધમાં ૧૨ મત મતાંતરો દર્શાવીને દેવાધિદેવ આખરમાં સ્વમતનું નિરૂપણ કરે છે. તેમાં લવણ સમુદ્રનો આયામ, વિષ્કંભ અને ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, તારાનું વર્ણન કરે છે ત્યાર પછી ધાતકી ખંડના સંસ્થાનનું વર્ણન, કાલોદધિ સમુદ્ર અને પુષ્કરાર્ધ દ્વીપ, મનુષ્ય ક્ષેત્ર આદિનું વિવરણ કરે છે. ઈન્દ્રના અભાવમાં તે જ્યોતિષ લોકની વ્યવસ્થા, ઈન્દ્રનો જઘન્ય-ઉત્કૃષ્ટ વિરહકાલ, મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્ર દેવોની ઉત્પત્તિ તથા ગતિ અને અંતમાં સ્વયંભૂરમણ સમુદ્ર સુધી દ્વીપ સમુદ્રનો આયામ-વિષ્કંભ-પરિધિ આદિનું વિવેચન ભરચક ભર્યું છે. તે તમારા અંતરમાં અવધારી લેજો.

### નિરૂપમ નૈસર્ગિક નજરાણું – વીસમું :–

આ નજરાણામાં ચંદ્રાદિનાં સ્વરૂપ સહિત રાહુનું વર્ણન, રાહુના બે પ્રકાર, ચંદ્ર-સૂર્ય ગ્રહણના જઘન્ય-ઉત્કૃષ્ટ કાળનું વર્ણન છે. તે ઉપરાંત ચંદ્રને શશી કહેવાનું કારણ એ છે કે જ્યોતિષ્ક દેવોના જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રનાં મૃગનાં ચિહ્નવાળા

વિમાનનાં ભ્રમણ માર્ગમાં કમનીય સ્વરૂપવાળા દેવ સ્થિત રહે છે, મનોજ્ઞ સ્વરૂપવાળી દેવીઓ હોય છે અને મનોજ્ઞ દર્શનીય આસન-શયન, બધી જાતનાં ઉપકરણ સાધન સામગ્રી ત્યાં પ્રાપ્ત થાય છે. જ્યોતિષરાજ ચંદ્ર દેવ સ્વતઃ સુરૂપ આકૃતિવાળા હોય છે. સર્વ અવયવ સંપૂર્ણ પ્રિયદર્શનવાળા હોય છે. ચંદ્ર દેવ પોતાના પ્રકાશિત વિમાનમાં નિયત રૂપથી ભ્રમણ કરતો વિચરે છે, તેથી ચંદ્રને શશી કહે છે. સૂર્યને આદિત્ય કહેવાનું કારણ એ છે કે તે ખૂબ તેજસ્વી, સર્વ દિશાઓમાં પ્રકાશ પાથરતાં, સમય આવલિકા આદિથી લઈને ઉત્સર્પિણી- અવસર્પિણી કાળની આદિ કરનાર હોવાથી આદિત્ય કહેવાય છે. આ સૂર્ય દેવેન્દ્રની અગ્રમહિષીઓ પણ ખૂબ સ્વરૂપવાન–તેજસ્વી હોય છે ચંદ્ર-સૂર્ય આદિના કામ ભોગોની માનવીય કામભોગોની સાથે તુલના કરવામાં આવી છે તથા તેઓના પરિવારના ૮૮ ગ્રહોનાં નામ દર્શાવ્યા છે. હે સખી ! આ પ્રમાણે સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિનાં વીસ નજરાણા વીસ તમારી સમક્ષ પ્રસ્તુત કર્યા તેમાંથી તમો **સુબોધ** પ્રાપ્ત કરજો.

વિશેષમાં એ સમજવાનું છે ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિનું વર્ણન પ્રાયઃ સમાન છે. કેવલ મંગલાચરણની ચાર ગાથાઓ ચંદ્રપ્રજ્ઞપ્તિમાં વધુ છે. પાંચ વર્ષના યુગનું માન કરી સૂર્ય અને ચંદ્રનું ગણિત કરવામાં આવ્યું છે. સૂર્યોના ઉદય તેમજ અસ્તનો વિચાર કરી દિનમાનનું કથન છે, ઉત્તરાયણમાં સૂર્ય લવણ સમુદ્રની બહારના માર્ગથી જંબૂદ્વીપની તરફ આવે છે ત્યારે પહેલાં સૂર્યની ચાલ સિંહગતિ જેવી હોય છે અને ત્યારપછી ગજગતિ થઈ જાય છે. જેનાથી ઉત્તરાયણના આરંભમાં દિન નાનો અને રાત્રિ મોટી થાય છે અને ઉત્તરાયણની સમાપ્તિ પર ગતિ મંદ હોવાથી દિન મોટો થઈ જાય છે. એ જ પ્રમાણે દક્ષિણાયનના આરંભમાં સૂર્ય જંબૂદ્વીપના ભીતરી માર્ગથી બહારની તરફ ગતિવાળો થાય છે જેનાથી દિવસ મોટો અને રાત્રિ નાની થાય છે.

**પ્રિયદક્ષવાચકગણ !**

આપશ્રી ચતુરાઈપૂર્વક સમજી ગયા છો કે મારા સહસંપાદિકા વિદૂષી સાધ્વી ડૉ. આરતીશ્રી અને સુબોધિકાશ્રી બંનેનો પુરુષાર્થ પ્રશંસનીય હોવાના કારણે આ સંપાદનનું નામ સુબોધ–આરતી રાખ્યું છે. તેમણે જગત ઉપર નિષ્કામ બુદ્ધિએ અપ્રમત ભાવે અનન્ય ઉપકાર કર્યો છે.

આ સંપાદકીય વાચક વર્ગ પ્રમાદ ત્યાગીને સૂત્રનું સાદ્યંત વાંચન કરશે તો મંગલ મુહૂર્ત પામી શિવ અચલગતિના આરાધક બનશે. તથાસ્તુ...

**આભાર : ધન્યવાદ : સાધુવાદ :–**

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરતો અણમોલ દિવ્ય અભિગમ પ્રેષિત કરનાર, મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ પૂ. **શ્રી જયંતીલાલજી મ.સા.**નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત, નમસ્કાર કરું છું. શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે પૂ. ત્રિલોક મુનિ મ.સા.નો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. **ગિરીશ ગુરુદેવ**નો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરુંછું. ગુરુપ્રાણ આગમ બત્રીસીના સંપાદન સહયોગી આગમ મનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને શતકોટી વંદના પાઠવું છું.

મુનિ પુંગવોના ચરણાનુગામી, પ્રારંભેલા કાર્યને પૂર્ણતાના પગથારે પહોંચાડનારા, આગમ ગુજરાતી સંસ્કરણના ઉદ્ભવિકા, ઉત્સાહધરા, નિપુણા, કાર્યનિષ્ઠાવાન, ઉગ્ર તપસ્વિની મમ ભગિની તેમજ સુશિષ્યા સ્વ. સાધ્વી શ્રી **ઉષાને** સ્મરણ સાથે ધન્યવાદ અર્પું છું.

આ પ્રસ્તુત સૂત્રના અનુવાદિકા છે અમારા દસમા નંબરના સુશિષ્યા દીર્ઘ તપસ્વિની, સેવાભાવી લાગણીશીલા બા. બ્ર. રાજેમતીશ્રી તથા તેમના સહયોગી વિદુષી સુશિષ્યા દીર્ઘ તપસ્વિની મીનાશ્રી. જેઓએ પ્રબળ પુરુષાર્થ ઉઠાવી આ ગણિતાનુયોગ પ્રધાન જટિલ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ આલેખ્યો છે. હું ભાવના સભર તે બંને તપસ્વી સાધ્વીનો આદર સત્કાર કરું છું. પ્રમુદિત દિલથી દુહા આપું છું કે તમો ગણિતનું ગણિત કરી સમયજ્ઞ બની **खणं जाणाही पंडिया** બિરુદ પ્રાપ્ત કરો. સંયમી બની તપ દ્વારા કર્મક્ષય કરી શિવપંથના રાહી બનો.

આગમ અવગાહન કાર્યમાં સહયોગી સાધ્વીરત્ના પુષ્પાબાઈ મ., પ્રભાબાઈ મ. એવં ધીરમતી બાઈ મ., હસુમતી બાઈ મ., વીરમતી બાઈ મ. સહિત સેવારત રેણુકાબાઈ મ. આદિ દરેક ગુરુકુલવાસી સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી, આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સહસંપાદિકા મમ શિષ્યા-પ્રશિષ્યા સાધ્વી રત્ના ડૉ. સાધ્વીશ્રી **આરતી** એવં સાધ્વીશ્રી **સુબોધિકાને** અભિનંદન સહિત સાદર ધન્યવાદ આપું છું.

આગમ નિષ્ઠાથી સેવા આપનાર શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ એવં કુમારી ભાનુબહેન પારેખને તેમજ ધોમ તાપમાં આવીને અમારા સંપાદકીય લખાણમાં યોગ જોડી, તન્મય બની મોતીસમા અક્ષરે આલેખન કરનાર યોજ્ઞાબેન મહેતાને અનેકશઃ ધન્યવાદ આપું છું.

પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ તથા આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દૃઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજ્યાબહેન તથા ભક્તિસભરહૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રુતસેવાસંનિષ્ઠ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા કાર્યાન્વિત શ્રી સર્વ સભ્યગણ; ધીરુભાઈ, વિનુભાઈ આદિ કાર્યકર્તાઓ; મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી સર્વ કાર્યકરો, આગમના શ્રુતાધાર બનનારને અને અન્ય દાનદાતા મહાનુભાવોને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ. આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તે ખ્યાલ આવે તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं–खमामि सव्वजीवाणं ।**

**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય, તો માગુ પુનઃ પુનઃ ક્ષમાપના,**
**મંગલમૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના**

પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના
સુશિષ્યા– **આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

**जगत्–कायस्वभावौ च संवेग–वैराग्यार्थम्** । લોક અને શરીરના સ્વરૂપનું જ્ઞાન સંવેગ અને વૈરાગ્યને દઢ બનાવે છે. લોક સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી, વારંવાર તેનું ચિંતન કરી, આત્માને તેનાથી ભાવિત(વાસિત) કરવો, તે લોક સ્વરૂપ નામની ભાવના છે અને તેના દ્વારા સંવર થાય છે.

પ્રસ્તુત આગમનો અભ્યાસ લોક સ્વરૂપ ભાવનાને પુષ્ટ કરે છે. ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક, લોકના આ ત્રણ વિભાગમાંથી મધ્યલોકના ઉપરી ભાગમાં સ્થિત જ્યોતિષ્ક દેવો અને તેમના વિમાનોનું સંપૂર્ણ વર્ણન આ આગમમાં છે. મધ્યલોકમાં અસંખ્યાત ચંદ્ર અને અસંખ્યાત સૂર્ય તથા એક-એક ચંદ્ર-સૂર્યના પરિવાર રૂપ ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્ર અને ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારાઓ છે. અઢીદ્વીપમાં મેરુ પર્વતને કેન્દ્રમાં રાખી પરિભ્રમણ કરતાં સૂર્ય-ચંદ્રાદિના કારણે નિષ્પન્ન દિવસ-રાત્રિ, માસ, વર્ષ આદિના અહોરાત્ર, મુહૂર્તાદિનું તથા જ્યોતિષ્ક વિમાનોની ગતિની ભિન્નતાના કારણે સર્જાતા વિવિધ પ્રકારના યોગોનું સૂક્ષ્મ ગણિત પ્રસ્તુત આગમમાં વિવક્ષિત છે.

આ આગમનો વિષય વિજ્ઞાનની અતિનિકટ છે તથા તેમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ ગણિત છે, તેથી તેનો વિષય ક્લિષ્ટ બની જાય છે અને તે જ કારણે આ આગમ ઉપર ભાષ્ય, ચૂર્ણિ વગેરે વિવરણ સાહિત્યની રચના થઈ નથી. વર્તમાનમાં એક માત્ર આચાર્યશ્રી મલયગિરિજી કૃત વૃત્તિ જ ઉપલબ્ધ છે અને તેથી જ આ આગમનો અભ્યાસ અત્યલ્પ રહ્યો છે.

અર્થ-પરમાર્થના જ્ઞાનમાં કઠિનતા, વિષય પરિચય અલ્પ અને લિપિકાળની કેટલીક સ્ખલનાઓના કારણે આ આગમનું સંપાદન કાર્ય આગવી સૂઝ-બૂઝ અને સમજણ શક્તિ માંગી લે છે. સંપાદન કાર્ય એ તો સંપાદકની કસોટી જ છે.

આ આગમના સંપાદન કાર્યનો પ્રારંભ કરતાં જ પ્રશ્ન ઉપસ્થિત થયો કે સમાન સૂત્રપાઠવાળા આ આગમોને ભિન્ન-ભિન્નરૂપે પ્રકાશિત કરવા કે એક આગમ રૂપે પ્રકાશિત કરવા ? સત્યનિષ્ઠ બની અન્વેષણ કરતાં જણાયું કે પ્રાચીન કાળમાં આ બંને ઉપાંગ સૂત્રો જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિના નામે એક આગમ રૂપ હતા. કાલક્રમે તે બે ભિન્ન-ભિન્ન આગમરૂપે વિખ્યાત થયા છે. ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્રના નામે પ્રસિદ્ધ ઉપાંગમાં

પદ્યાત્મક ઉત્થાનિકા છે અને સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રના નામે પ્રસિદ્ધ ઉપાંગમાં ગદ્યાત્મક ઉત્થાનિકા છે. આ રીતે આ એક આગમ ગ્રંથની બે ઉત્થાનિકા છે. કેટલાક સંપાદકોએ બંને ઉત્થાનિકા આપી છે. કેટલાક સંપાદકોએ પદ્યાત્મક એક કેટલાક સંપાદકોએ ગદ્યાત્મક એક ઉત્થાનિકા આપી છે.

વિચારણાના અંતે આ બંને ઉપાંગોને એક ગ્રંથ રૂપે જ પ્રકાશિત કરવાનું નિશ્ચિત થયું અને પ્રથમ સૂત્રમાં પદ્યાત્મક ઉત્થાનિકા આપીને બીજા સૂત્રમાં ગદ્યાત્મક ઉત્થાનિકા આપી, બંને ઉત્થાનિકાનો આ આગમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઘણા પ્રાભૃત અને પ્રતિપ્રાભૃતના અંતે **गाहाओ भाणियव्वाओ** (ગાથાઓ કહેવી) સૂત્રપાઠ છે, પરંતુ વર્તમાનમાં તે ગાથાઓ ઉપલબ્ધ નથી, તેથી તે સૂત્રપાઠ કૌંસમાં મૂક્યો છે.

**.....अट्ठारस-अट्ठारस जोयणाइं परिरयवुड्ढिं अभिवड्ढेमाणे...** ૧/૮/૬ પ્રત્યેક સૂર્યમંડળની પરિધિમાં ૧૮–૧૮ યોજનની વૃદ્ધિ થાય છે. પ્રથમ મંડળની પરિધિ ૩૧૫૦૮૯ યોજન છે, તેમાં ૧૮–૧૮ યોજનની વૃદ્ધિથી ગણના કરતાં અંતિમ મંડળની પરિધિ ૩,૧૮,૩૮૩ યોજન થાય પરંતુ સૂત્રપાઠમાં અંતિમ મંડળની પરિધિ ૩,૧૮,૩૧૫ યોજન કહી છે. આચાર્ય મલયગિરિજીકૃત સંસ્કૃત વૃત્તિ તથા લોકપ્રકાશાદિ ગ્રંથના આધારે સમાધાન પ્રાપ્ત થયું કે ૧૮ યોજન વૃદ્ધિનું કથન વ્યવહારથી છે, વાસ્તવમાં ૧૭$\frac{૩૬}{૬૧}$ યોજનની વૃદ્ધિ થાય છે. તેની ખુલાસાવાર વિગત સૂત્રગત વિવેચનમાં આપી છે.

**एवं अवड्ढ पोरिसिं छोढुं-छोढुं पुच्छा, दिवस भागं छोढुं-छोढुं वागरणं...।** પ્રાભૃત ૯/–/૧૧ વ્યતીત કે શેષ દિવસ ભાગમાં એક-એક ભાગની વૃદ્ધિ અને છાયા પ્રમાણમાં અર્ધ-અર્ધ ભાગ વૃદ્ધિનું વિધાન છે. દિવસના ચોથા ભાગે વસ્તુ જેવડી છાયા હોય છે. દિવસના પાંચમા ભાગે દોઢ ગુણી, દિવસના છટ્ઠા ભાગે બમણી, દિવસના સાતમા ભાગે અઢી ગુણી છાયા હોય છે. આ રીતે ગણના કરતા દિવસના ૧૨૦મા ભાગે ઓગણસાઠ ગુણી છાયા પ્રાપ્ત થાય છે. (આ ગણના પરિશિષ્ટ પાંચમાં આપી છે) આ રીતની ગણનામાં **ता बावीस सहस्सभागे...**(૨૨૦૦૦ દિવસ ભાગ) સૂત્રપાઠ સંગત થતો નથી; તેથી તેને કૌંસમાં રાખ્યો છે અને તેનો અર્થ કર્યો નથી.

પ્રાભૃત ૧૦/૯માં ૨૮ નક્ષત્રોના તારાઓની સંખ્યાનું કથન છે. શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, શ્રી ઠાણાંગ સૂત્ર, શ્રી સમવાયાંગ સૂત્રમાં પણ કેટલાક નક્ષત્રોના તારાઓની સંખ્યાનું વિધાન છે. તેમાં અને પ્રસ્તુત આગમમાં કેટલાક નક્ષત્રોની તારા સંખ્યામાં ભિન્નતા જોવા મળે છે. નક્ષત્રના તારાઓની સંખ્યાની ભિન્નતાના પ્રસંગે અન્ય બે આગમમાં તારાની સંખ્યા સંબંધી સમાન કથન હોવાથી તે સૂત્રપાઠને માન્ય રાખી ભિન્નતા દર્શક પ્રસ્તુત સૂત્રગત સૂત્રપાઠને કૌંસમાં મૂક્યો છે.

પ્રાભૃત ૧૦/૧૭ પ્રાચીન કાળથી પ્રશ્નચિહ્ન રૂપ બની રહ્યું છે. વૃત્તિકારે પણ પોતાની લેખની અહીં થંભાવી દીધી છે. આ પ્રતિપ્રાભૃતમાં નક્ષત્રના ભોજનનું વિધાન છે અને તેમાં અખાદ્ય પદાર્થો, સચિત પદાર્થો તથા માખણાદિ મહાવિગયનું વિધાન છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આ ચતુર્વિધ સંઘ મદ્ય-માંસના ત્યાગી હોય છે. તેઓ મદ્ય-માંસ ભોજનનો ઉપદેશ આપે તે શક્ય નથી. તે ઉપરાંત પ્રાભૃત ૧૦/૧માં અભિજિતથી ઉત્તરાષાઢા પર્યંતનો નક્ષત્ર ક્રમ સ્વમત માન્ય છે, તેમ કહ્યું છે. ૧૦/૧૭માં કૃતિકાથી ભરણીના ક્રમે નક્ષત્ર ભોજનનું વિધાન છે, તેથી સ્પષ્ટ થાય છે કે આ નક્ષત્ર ભોજનનું કથન સ્વમત માન્ય નથી, તે અન્ય મતની માન્યતા છે. આ પ્રતિપ્રાભૃતનો કેટલાક આચાર્યો વનસ્પતિપરક અર્થ કરે છે, પરંતુ ગણધર ભગવંતો સંદિગ્ધ, ભ્રાંત કે દ્વયર્થી શબ્દનો પ્રયોગ કરે નહીં. જ્યોતિષ્ક દેવોના સ્વરૂપ દર્શક આ આગમમાં ફળ દર્શક આ પ્રતિપ્રાભૃત પ્રક્ષિપ્ત જણાતા તેને મુદ્રિત કર્યું નથી. તત્સંબંધી વિશેષ સ્પષ્ટતા પરિશિષ્ટ–૪માં આપી છે.

પ્રાભૃત ૧૧/૨૧માં યુગના પાંચમા અભિવર્ધિત સંવત્સરના અંતિમ દિવસે અર્થાત્ યુગના અંતિમ દિવસે સૂર્ય સાથે પુષ્ય નક્ષત્ર યોગમાં હોય છે અને તેના યોગકાળના ૨૧ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત શેષ હોય ત્યારે પાંચમું સંવત્સર અર્થાત્ યુગ પૂર્ણ થવાનું વિધાન છે.

પૂર્વાપર(આગળ-પાછળના પ્રાભૃતનો) વિચાર કરતાં ૨૧ મુહૂર્ત શેષ હોવાનું વિધાન સંગત લાગતું નથી. પ્રાભૃત ૧૧/૨૨/૨૭માં યુગની બાસઠમી પૂર્ણિમા એટલે યુગના અંતિમ દિવસે સૂર્ય સાથે પુષ્ય નક્ષત્ર યોગમાં હોય છે અને તે યોગકાળના ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત અવશિષ્ટ હોવાનું કથન છે. પ્રાભૃત ૧૨/૧૬માં યુગના પ્રથમ અયનના પ્રારંભ સમયે સૂર્ય સાથે પુષ્ય નક્ષત્ર યોગમાં હોય છે અને યોગકાળના ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત શેષ હોય ત્યારથી પ્રથમ અયનનો પ્રારંભ થાય છે. આ બંને સૂત્રના આધારે નિશ્ચિત થયું કે યુગના અંતે પુષ્ય નક્ષત્રના સૂર્ય યુગકાળના ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત અવશિષ્ટ હોય છે અને તેથી પ્રાભૃત ૧૧/૨૧માં ૧૯ મુહૂર્તવાળો પાઠ સ્વીકારી ૨૧ મુહૂર્તવાળા પાઠને કૌંસમાં રાખ્યો છે.

ગણિતાયોગથી સભર આ આગમને વિવિધ આકૃતિઓ, ચાર્ટ દ્વારા સરળ બનાવવા અમે પુરુષાર્થશીલ રહ્યા છીએ. અમારા આ ઉપાંગદ્વયના સંપાદન કાર્યમાં લાડનૂથી પ્રકાશિત બત્રીસી, બ્યાવરથી પ્રકાશિત બત્રીસી, આચાર્ય શ્રી અમોલકઋષિ મ.સા. અનુવાદિત, આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા. સટીક અનુવાદિત તથા અનુયોગ પ્રવર્તક શ્રી કન્હૈયાલાલજી મ.સા. અનુવાદિત સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર તો ઉપયોગી થયા જ છે, પરંતુ વિષયને સ્પષ્ટ કરવામાં આચાર્ય શ્રી મલયગિરિજીની સંસ્કૃત ટીકા(વૃત્તિ),

લોકપ્રકાશ, બૃહદ્ સંગ્રહણી અને ગણિતાનુયોગ જેવા ગ્રંથો અતીવ ઉપયોગ થયા છે. આ ગ્રંથોએ અમારા જ્ઞાનની સીમાને વિસ્તૃત અને સ્પષ્ટ કરી છે, આ તકે અમે તેઓ સર્વનો આભાર વ્યક્ત કરીએ છીએ.

'સારા કાર્યમાં સો વિઘ્ન' એ ન્યાયે પ્રસ્તુત આગમનું સંપાદન કાર્ય ઘણા વિઘ્નો વચ્ચે ચાલી રહ્યું હતું. તે સમયે પૂ. પ્રાણગુરુદેવ તથા પૂ. તપસ્વી ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ની અદશ્ય કૃપા સમયે-સમયે અનુભવાતી રહી. જટિલ વિષય સમજાતો ન હોય, ગણિતનો તાલમેલ મળતો ન હોય ત્યારે મથામણના અંતે મનોમન ગુરુવર્યોનું સ્મરણ થાય અને તે વિષયની સ્પષ્ટતાનો ઝબકારો મળી જાય. લખવામાં ક્ષતિ રહી ગઈ હોય અને અચાનક તે જ પેજ ખુલ્લે અને ક્ષતિ ઉપર જ નજર પડે.. આવી મહતિમહા ગુરુકૃપાના બળે જ આ સંપાદન કાર્ય શક્ય થયું છે.

અવિરતપણે આગમ સંપાદનમાં કાર્યશીલા, પ્રધાન સંપાદિકા ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ. ની સતત પ્રેરણા કૃપા જ અમારા કાર્યની ગંગોત્રી છે, અમારા પ્રમોદિત ભાવને જાળવી રાખતી ગુરુણીમૈયા પૂ. વીરમતી બાઈ મ.ની હૂંફ તથા કાળજી અમારા કાર્યનો વેગ છે. ગુરુકુલવાસી પૂ. બિન્દુબાઈ મ. આદિ સર્વ ગુરુભગિનીઓની સદ્ભાવના તથા શ્રુત ભક્તિવંત ચંદ્રકાંતભાઈની શ્રુતનિષ્ઠા અમારા કાર્યનો ઉત્સાહ છે. જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્રના સંપાદનની પૂર્ણતાની પાવન પળે સહુના સહિયારા પુરુષાર્થને અમો અંતરથી આવકારીએ છીએ.

સંપાદન કાર્યમાં છદ્મસ્થયોગે જિનવાણીથી ઓછી, અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્...

અંતે અમારા મૂળભૂત ઉપકારી, સંસ્કાર દાતા પૂ. માતા-પિતાના તથા ગુરુ-ગુરુણીના ઉપકારને સ્મૃતિપટ ઉપર લાવીને વિરામ પામીએ છીએ.

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી રાજેમતિબાઈ મ.

જ્યોતિષરાજ ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રની પ્રરૂપણા જિતશત્રુ રાજાના સમયમાં મિથિલાનગરીના મણિભદ્ર નામના ઉદ્યાનમાં ગણધર પ્રવર શ્રી ગૌતમ સ્વામીની જિજ્ઞાસાના સમાધાનરૂપે ભગવાન શ્રી મહાવીર સ્વામીએ કરી છે. આ આગમમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા, આ પાંચે પ્રકારના જ્યોતિષ્ક દેવો, તેના વિમાનોની ભિન્ન-ભિન્ન ગતિ, તેના મંડળ–માર્ગ, જ્યોતિષ્ક વિમાનોના પરિભ્રમણથી નિર્મિત દિવસ, માસ, વર્ષ, યુગના અહોરાત્ર, મુહૂર્તના સંખ્યાદિની વિવિધ ગણનાઓ છે. ગણિતાનુયોગ પ્રધાન આ આગમ ૨૨૦૦ શ્લોક પ્રમાણ છે.

**નામ વિચારણા :–** વર્તમાનમાં ઉપલબ્ધ બાર ઉપાંગ સૂત્રોમાં છઠ્ઠા ઉપાંગરૂપે શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્રની અને સાતમા ઉપાંગરૂપે શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રની ગણના થાય છે. આ બંને આગમોનો અભ્યાસ કરતાં જણાય છે કે પ્રાચીનકાળમાં ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર અને સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર, આ ભિન્ન-ભિન્ન નામવાળા સ્વતંત્ર બે આગમ પ્રસિદ્ધિ પામ્યા ન હતા. જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ અથવા જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિના નામે એક આગમરૂપે જ તે વિદ્યમાન હતા. સૂત્રકાર સ્થવિર ભગવંત સ્વયં કહે છે–

> **फुड–वियड–पागडत्थं, वोच्छं पुव्व–सुय–सार–णिस्संदं ।**
> **सुहुम गणिणोवदिट्ठं, जोइसगणरायपण्णत्तिं ॥**

**ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર–મંગલાચરણ**

સ્પષ્ટ–પ્રગટ અર્થવાળા, સૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય, પૂર્વ શ્રુતના સારભૂત(પૂર્વમાંથી ઉદ્ધૃત) તીક્ષ્ણ પ્રજ્ઞાવાન આચાર્ય દ્વારા ઉપદિષ્ટ, જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિનું હું નિરૂપણ કરીશ.

> **इह एस पाहुडत्था, अभव्वजणहिययदुल्लहा इणमो ।**
> **उक्कित्तिया भगवई, जोइसरायस्स पण्णत्ती ॥**

**ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર– ઉપસંહાર.**

પ્રગટ અર્થ હોવા છતાં અભવ્ય(અયોગ્ય) જનો માટે દુર્લભ, ભગવતી સ્વરૂપ-વાળા આ જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિ સૂત્રનું પ્રતિપાદન કર્યું છે.

ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્રની મંગલાચરણની અને ચંદ્રપ્રજ્ઞપ્તિ તથા સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રની ઉપસંહાર ગાથા સૂચિત કરે છે કે આ બંને આગમ પહેલાં એક આગમ રૂપે હતા અને તેના સંકલન કર્તા સ્થવિર મુનિ ભગવંતે તેનું નામ જ્યોતિષગણરાજપ્રજ્ઞપ્તિ અથવા જ્યોતિષરાજપ્રજ્ઞપ્તિ નિર્ધારિત કર્યું હતું. જ્યોતિષ ગણ એટલે જ્યોતિષ્ક દેવોનો સમુદાય, તેમાં એટલે પાંચે પ્રકારના જ્યોતિષ્ક દેવોમાં, રાજ એટલે રાજા–ઈંદ્ર. જ્યોતિષ દેવોમાં ચંદ્ર અને સૂર્ય ઈન્દ્ર છે. આ રીતે જ્યોતિષ ગણરાજ કે જ્યોતિષરાજથી ચંદ્ર અને સૂર્ય વિવક્ષિત છે, તેથી તે સમયે જ્યોતિષરાજના પર્યાયરૂપે ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ નામ પણ પ્રચલિત હશે. **चत्तारि पण्णत्तीओ अंग बाहिरियाओ पण्णत्ताओ, तं जहा– चंदपण्णत्ती, सूरपण्णत्ती, जंबूद्दीवपण्णत्ती, दीवसागर पण्णत्ती** ।– શ્રી ઠાણાંગ સૂત્ર ૪/૧. ચાર પ્રકારની અંગ બાહ્ય પ્રજ્ઞપ્તિઓ ભગવાને પ્રરૂપી છે, યથા– ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ અને દ્વીપ–સાગરપ્રજ્ઞપ્તિ.

આ રીતે તે સમયમાં શ્રી જ્યોતિષગણરાજપ્રજ્ઞપ્તિ, ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ નામ એક જ આગમને સૂચિત કરતા હતા. કાલક્રમે ચંદ્ર પ્રજ્ઞપ્તિ અને સૂર્ય પ્રજ્ઞપ્તિ ભિન્ન-ભિન્ન આગમરૂપે પ્રસિદ્ધ થયા. આ બંને આગમો ક્યારે અને કેવી રીતે ભિન્ન-ભિન્ન રૂપે ખ્યાતિ પામ્યા તેનો આધારભૂત ઈતિહાસ ઉપલબ્ધ નથી. આ બંને ઉપાંગ સૂત્રોના સૂત્રપાઠના નિરીક્ષણે એટલું નિર્વિવાદ રૂપે કહી શકાય છે કે પ્રાચીન સમયમાં આ બંને ઉપાંગ બે નહીં એક આગમરૂપે હતા અને તેનું નામ જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિ હતું.

**રચયિતા અને રચના સમય :–** ભગવાન મહાવીર સ્વામી દ્વારા ઉપદેશિત, ગણધર ભગવાન દ્વારા રચિત દષ્ટિવાદ નામના બારમા અંગસૂત્રગત પૂર્વશ્રુતના આધારે પૂર્વધારી–બહુશ્રુત કોઈ સ્થવિર ભગવંતે આ સૂત્રની રચના કરી છે. આ આગમની રચના કરનારા શ્રુતધર સ્થવિર ભગવંતનું નામ વર્તમાનમાં ઉપલબ્ધ નથી.

ભગવાન મહાવીર સ્વામી અને નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુ સ્વામીની વચ્ચેના સમયગાળામાં આ ઉપાંગ સૂત્રની રચના થઈ હોય તેવી સંભાવના છે.

**अस्या निर्युक्तिरभूत पूर्वं श्री भद्रबाहुसूरिकृता ।**

**कलिदोषात् साऽनेशद् व्याचक्षे केवलं सूत्रम् ॥**

આચાર્ય મલયગિરિકૃત વૃત્તિ.

પૂર્વે શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ આગમની નિર્યુક્તિની રચના કરી હતી, પણ કાળ દોષથી તે નાશ પામી છે, વૃત્તિકારના આ વિધાન ઉપરથી સ્પષ્ટ થાય છે કે નિર્યુક્તિ તથા નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્વામીની પૂર્વે આ આગમની રચના થઈ છે.

**કાલિકશ્રુત–ઉત્કાલિકશ્રુત :–** શ્રી નંદીસૂત્રમાં, શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રને ઉત્કાલિક અને શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્રને કાલિક કહ્યું છે. આ બંને ઉપાંગોનો વિષય પ્રાયઃ એક સરખો છે, તેથી એકને ઉત્કાલિક અને એકને કાલિક કહેવું ઉચિત જણાતું નથી. ત્રીજા અંગસૂત્ર શ્રી ઠાણાંગ સૂત્ર અનુસાર બંને સૂત્રો કાલિક શ્રુત છે. **तओ पण्णत्तीओ कालेणं अहिज्जति, तं जहा– चंदपण्णत्ती, सूरपण्णत्ती, दीवसागरपण्णत्ती ।** – શ્રી ઠાણાંગ સૂત્ર ૩/૧/૬૪. ત્રણ પ્રજ્ઞપ્તિઓનું યથાકાલે (પ્રથમ અને અંતિમ પોરસીમાં) અધ્યયન કરવામાં આવે છે, યથા– ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ, દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ. શ્રી નંદીસૂત્ર અંગબાહ્ય સૂત્ર છે, શ્રી ઠાણાંગ સૂત્ર અંગપ્રવિષ્ટ સૂત્ર છે. અંગસૂત્રને પ્રાધાન્ય આપી આ બંને ઉપાંગ સૂત્રને કાલિક કહી શકાય છે.

**વિષય નિરૂપણ :–** આ આગમના ભિન્ન-ભિન્ન વિભાગોને પ્રાભૃત, પ્રાભૃતના અંતર્ગત અધિકારને પ્રતિપ્રાભૃત અથવા પ્રાભૃતપ્રાભૃત કહે છે અને અન્ય મતાવલંબીઓની માન્યતાનું પ્રતિપત્તિ શબ્દ દ્વારા પ્રતિપાદન કર્યું છે.

આ શાસ્ત્રમાં ૨૦ પ્રાભૃત, ૩૩ પ્રતિપ્રાભૃત અને ૩૫૭ પ્રતિપત્તિઓ છે. તેમાં પાંચે પ્રકારના જ્યોતિષ્ક દેવોની ગતિ આદિનું વિસ્તૃત વર્ણન સૂક્ષ્મ ગણિત સહિત સમજાવ્યું છે.

**ભાષા શૈલી :–** આ આગમની ભાષાશૈલી વિલક્ષણ પ્રકારની છે. આ આગમના સર્વ પ્રશ્ન અને ઉત્તર સૂત્રોનો પ્રારંભ **'ता'** થી થાય છે. માત્ર પ્રશ્નોત્તર જ નહીં પ્રાયઃ સૂત્ર' **ता'** થી શરૂ થાય છે. પ્રશ્નગત **'ता'** શિષ્યની જિજ્ઞાસા સૂચક છે અને ઉત્તરગત **'ता'** શિષ્યનું કથન ગુરુદેવને સંમત છે, તે વાતનું સૂચક છે. સૂત્રના પ્રારંભનો **'ता'** શિષ્યનું ધ્યાન સૂત્ર તરફ આકર્ષિત કરે છે અને તેમાં એકાગ્ર બનાવે છે. આ **'ता'** શિષ્યના મનમાં ગુરુ પ્રત્યે બહુમાન જન્માવે છે. ગુરુ પ્રત્યેનો બહુમાન ભાવ શિષ્યને ગુરુકથિત વિષયમાં રુચિ ઉત્પન્ન કરાવે છે તથા કઠિન વિષયને સમજવામાં સરળતા સર્જે છે. ગણિતાનુયોગના કઠિનતમ વિષયને સરળ બનાવવા, શિષ્યને તેમાં તન્મય બનાવવા જ સૂત્રકારે આવી વિશિષ્ટ ભાષાશૈલીનો પ્રયોગ કર્યો હશે, તેમ જણાય છે.

આ આગમમાં પ્રત્યેક વિષય સંબંધિત, અન્ય મતાવલંબીઓની માન્યતા પ્રથમ દર્શાવીને ત્યારપછી સ્વમત માન્યતા પ્રગટ કરવામાં આવી છે. પ્રસ્તુત આગમમાં **इमाओ पडिवत्तीओ** – વાક્ય અન્યમત સૂચક છે અને **वयं पुण एवं वयामो** વાક્ય સ્વમત નિર્દેશક છે.

**વર્તમાન વિજ્ઞાન અને જૈન ખગોળ :–** વર્તમાન વૈજ્ઞાનિકોનું કથન છે કે ચંદ્ર પૃથ્વીને કેન્દ્રમાં રાખીને પરિભ્રમણ કરે છે. પૃથ્વી ચંદ્રને સાથે લઈ સૂર્યને કેન્દ્રમાં રાખી પરિભ્રમણ કરે છે, અન્ય ગ્રહો પણ સૂર્યને કેન્દ્રમાં રાખી પરિભ્રમણ કરે છે. આવા પોત-પોતાના ગ્રહો સહિતના અનેક સૌર્ય મંડળો બ્રહ્માંડમાં છે.

જૈન ખગોળ અનુસાર મનુષ્યને દેખાતા ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ જ્યોતિષ્ક દેવોના વિમાનો છે. આપણી પૃથ્વીથી ૭૯૦ યોજન ઉપર ઊંચે તારા મંડળો છે. ૮૦૦ યોજન ઉપર સૂર્ય મંડળ છે ત્યાંથી ૮૦ યોજન ઉપર અર્થાત્ આપણી પૃથ્વીથી ૮૮૦ યોજન ઊંચે ચંદ્ર મંડળ છે. નક્ષત્રોના અને ગ્રહોના મંડળો ૭૯૦ થી ૯૦૦ યોજનની ઊંચાઈમાં છે. આ બધા જ જ્યોતિષ્ક વિમાનો મેરુપર્વતને કેન્દ્રમાં રાખી પ્રદક્ષિણાકારે પરિભ્રમણ કરે છે. આવા ૧૩૨ સૂર્ય, ૧૩૨ ચંદ્રો છે, તે બધા જ મેરુને કેન્દ્રમાં રાખી પરિભ્રમણ કરે છે. અઢીદ્વીપની બહારના અસંખ્ય સૂર્ય, અસંખ્ય ચંદ્ર વગેરે જ્યોતિષ્ક વિમાનો સ્થિર છે.

વિજ્ઞાને સૂર્યમંડળને આકાશી ગ્રહો જ માન્યા છે જ્યારે જૈન ખગોળકારે તે ગ્રહોના અસંખ્ય વિમાનો અને દેવોની મહાતિમહા સૃષ્ટિ વર્ણવી છે. તે અંગે વૈજ્ઞાનિકો જાણકારી મેળવી શકયા નથી.

વિજ્ઞાન એ વિકસતું જ્ઞાન છે. વૈજ્ઞાનિકોના વિધાનોમાં કાલક્રમે પરિવર્તન થવાની શક્યતા છે કારણ કે વિજ્ઞાનના નિર્ણયો પરોક્ષ આંખે લેવાયેલા છે જ્યારે તીર્થંકરોએ જૈનાગમોમાં જે કહ્યું છે તે પૂર્ણ જ્ઞાન ચક્ષુથી ત્રણે ય કાળની વાત જાણી, યથાર્થ કથન કર્યું છે.

જૈન તત્ત્વજ્ઞાનના આદ્ય પ્રકાશક વીતરાગ, સર્વજ્ઞ, તીર્થંકરો હોય છે. તેઓશ્રીના ઉપદેશને ઝીલી ગણધર ભગવંતો શાસ્ત્રની રચના કરે છે. તે વાણી નિર્વિવાદપણે સર્વથા સત્ય હોય છે.

**વ્યાખ્યા સાહિત્ય :–** વ્યાખ્યા સાહિત્ય છ વિભાગમાં વિભક્ત છે. (૧) નિર્યુક્તિ

(૨) ભાષ્ય (૩) ચૂર્ણિ (૪) ટીકા(વૃત્તિ) (૫) ટબ્બા (૬) અનુવાદ.

ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર ઉપર આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિની રચના કરી હતી પણ તે વર્તમાનમાં ઉપલબ્ધ નથી.

ગણિતાનુયોગનું પ્રાધાન્ય ધરાવતું આ આગમ પ્રાયઃ ગોપીનય રહ્યું છે. અન્ય આગમની તુલનામાં તેનો સ્વાધ્યાય પણ અલ્પ છે, તેથી તેના ઉપર વિશેષ સાહિત્ય પ્રકાશિત થયું નથી. આ આગમ ઉપર ભાષ્ય, ચૂર્ણિ આદિ લખાયા નથી. આચાર્ય શ્રી મલયગિરિજીએ વૃત્તિ લખી છે, જે હાલમાં ઉપલબ્ધ છે. આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા.એ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી ત્રણ ભાષામાં ટીકા પ્રકાશિત કરી છે. આચાર્ય શ્રી અમોલક ઋષિ મ.સા.એ હિન્દી અનુવાદ, અનુયોગ પ્રર્વતક પૂ. કન્હૈયાલાલજી મ.સા. એ (કમલ) ટીપ્પણ સહિત હિન્દી અનુવાદ તથા પૂ. દીપરત્નસાગર મ.સા. એ ગુજરાતી અનુવાદ પ્રકાશિત કર્યો છે. લાડનુથી તથા બ્યાવરથી આ આગમ મૂળપાઠથી પ્રકાશિત થયા છે.

અવિચ્છિન્ન રૂપથી ચાલી આવતી આગમ પ્રકાશનની આ શ્રૃંખલામાં એક નવી કડી ઉમેરવા અમે યત્કિંચિત પ્રયત્ન કર્યો છે.

**આભાર દર્શન :–** ૩૨ આગમના ગુજરાતી અનુવાદના આ ઉમદા કાર્યના ઉદ્‌ભવનું પ્રબળ નિમિત્ત છે– જેઓ જિનશાસનમાં ઉજ્જવળ સ્થાન પામ્યા છે, ચારે ય ગતિના જીવો જેના દ્વારા જીવે છે અને ગોંડલ સંપ્રદાયમાં જેના નામે વિશાળ પરિવાર દીપ્તિમાન છે તેવા પ્રાણ નામધારક પ્રાતઃ સ્મરણીય ઉપકારી બા. બ્ર. ગુરુદેવશ્રી પ્રાણલાલજી મ.સા.નું જન્મ શતાબ્દી વર્ષ. આ અવસરે હૈયું બોલે છે કે આગમ અનુવાદ પ્રકાશનની પાવન પળે આપ સદેહે હાજર હોત તો ?

પૂ. ગુરુદેવના જન્મ શતાબ્દીના વર્ષથી આગમ પ્રકાશનનો પ્રારંભ થયો અને એક પછી એક આગમના ગુજરાતી અનુવાદનું પ્રકાશન થતાં આજે આ કાર્ય પૂર્ણાહૂતિ તરફ પ્રયાણ કરી રહ્યું છે. આ પ્રકાશન યજ્ઞમાં મને જે યત્કિંચિત્ સેવાનો લાભ મળ્યો છે અને મને તેમાં જે બળ પ્રાપ્ત થયું છે તે છે અમ ઉપકારી, આજીવન મૌનવ્રતધારી, સમયે-સમયે નામ અને સ્વરૂપ બદલાય પણ ગુરુનો શિષ્ય પ્રત્યેનો ઉર્જા પ્રવાહ સદા અતૂટ અને અખૂટ પણે વહેતો રહે છે, તેવા અપાર ઉર્જાના સ્વામી પૂ. તપસ્વી ગુરુદેવશ્રી રતિલાલજી મ.સા.

આવા ગંભીર અર્થથી ભરેલા આગમ ગ્રંથની સ્પર્શનાનો મને સુઅવસર પ્રાપ્ત થયો છે, તેમાં મુખ્ય કારણરૂપ છે મારા જીવનનૈયાના સુકાની, શાસ્ત્ર અને સ્વાધ્યાયમાં નિરંતર રત, જેઓનું મુખકમળ વાત્સલ્ય વરસાવતું રહે છે અને સ્મિત વહાવતું રહે છે, જેઓની દષ્ટિમાં હંમેશાં કૃપા વરસતી રહે છે, તેવા મમ ગુરુણીમૈયા ભાવયોગિની બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. ની અંતર પ્રેરણાનો યોગ. સૂર્ય સમાન પ્રકાશિત, ચંદ્ર સમાન તેજસ્વી ગુરુણીમૈયાના ઉત્કટ ભાવથી જ મને જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિસૂત્રના અનુવાદની તક મળી છે. કઠિન કાર્યને સરળ બનાવી દેતી કૃપાના દાતા ગુરુણીમૈયા પૂજ્યવરા પૂ. મુક્તાબાઈ મ. તથા પૂ. લીલમબાઈ મ. ના ચરણોમાં શતકોટી વંદન કરું છું.

આ મહાન કાર્યના ઉદ્‌ભાવિકા, આગવી સૂઝ-બૂઝથી શોભિત મારા વડિલ ગુરુભગિની સ્વ. પૂ. ઉષાબાઈ મ. પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરું છું.

જેણે આગમને જ આત્માગમ કરી લીધું છે તેવા, આગમ મનીષી વિશેષણથી અલંકૃત પૂ. તિલોકમુનિ મ.સા.એ અનુવાદ કાર્યમાં મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે, તેઓને ત્રિવિધે-ત્રિવિધે વંદના અર્જ કરું છું.

ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. ના ભાણેજ ૨૦ વર્ષથી એકાંતર ઉપવાસની આરાધના કરનારા સુદીર્ઘ તપસ્વિની સાધ્વી મીનાના સંપૂર્ણ સહયોગે આ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થયું છે. તેનો પણ હૃદયથી આભાર માનું છું.

સંપાદન કાર્ય માટે પોતાનો સોનેરી સમય અર્પી મારા અનુવાદની ભાષામાં પ્રાણપુરી, આકૃતિ, ચાર્ટ આદિ દ્વારા સુવર્ણવર્ણી ઢોળ ચઢાવી અનુવાદને તેજસ્વી બનાવનાર સાધ્વી આરતીશ્રી તથા સાધ્વી સુબોધિકાશ્રીને ખૂબ-ખૂબ ધન્યવાદ અર્પું છું.

આ શાસ્ત્રના અનુવાદમાં આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા., અનુયોગ પ્રવર્તક પૂ. કન્હૈયાલાલજી મ.સા. તથા લાડનૂથી પ્રકાશિત આગમ બત્રીસી આદિ ગ્રંથો તથા પૂ. ત્રિલોકમુનિ મ.સા. કૃત સારાંશ પુસ્તિકા ખૂબ ઉપયોગી થયા છે. આ તકે તેઓશ્રીની પણ હું આભારી છું.

આગમ પ્રતિ શ્રદ્ધાવાન શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્યોશ્રી તથા પ્રકાશન કાર્યને પ્રધાનતાએ વહન કરનાર રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના યુવા પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ એમ. શેઠનો પણ આભાર માનું છું.

ટૂંક સમયની મુલાકાતમાં દીર્ઘ સમયની યાદ તરીકે આ આગમના શ્રુતાધાર

બની શ્રુતસેવાનો લાભ લેનાર સ્નેહાળ શ્રીમતિ રૂપાબેન શૈલેષભાઈ મહેતા એ આગમના મુખ્યદાતા બની નિજની શ્રદ્ધામાં વૃદ્ધિ કરી છે. તેમને ધન્યવાદ સહ શુભાશીષ.

પ્રુફ સંશોધક શ્રી મુકુંદભાઈ, શ્રી મણીભાઈ, કુ. ભાનુબેન, મુદ્રક શ્રી નેહલભાઈ, સેવા સહયોગી શ્રી ધીરૂભાઈ આદિ સર્વના અમે આભારી છીએ.

છદ્મસ્થતાના યોગે ગણિતાનુયોગથી ભરેલા આ ગ્રંથના રહસ્યોને સમજી શકી ન હોઉં અને તેના અનુવાદમાં ભગવાનની વાણી વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**પૂ. મુક્ત લીલમ ગુરુણીના સુશિષ્યા**

**સાધ્વી રાજેમતિ**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર તથા શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર

**સ્થવિર રચિત ઉપાંગદ્વય**

**શ્રી જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર**

**મૂળપાઠ,**

**ભાવાર્થ,**

**વિવેચન,**

**પરિશિષ્ટ**

: અનુવાદિકા :

**પૂ. શ્રી રાજેમતિબાઈ મ.**

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# પ્રથમ પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત પ્રથમ પ્રાભૃતમાં સૂર્ય મંડળોની સંખ્યા, મંડળોની લંબાઈ, પહોળાઈ, મંડળો વચ્ચેનું અંતર વગેરે સૂર્ય મંડળો સંબંધી વિગતોની વિવિધ આયામોથી વિચારણા કરવામાં આવી છે.

પ્રસ્તુત આગમમાં અધ્યયનના સ્થાને પ્રાભૃત અને ઉદ્દેશકના સ્થાને પ્રાભૃત-પ્રાભૃત(પ્રતિપ્રાભૃત) શબ્દનો પ્રયોગ જોવા મળે છે. પ્રથમ પ્રાભૃતમાં આઠ પ્રતિપ્રાભૃત છે.

પ્રસ્તુત પ્રાભૃતના પ્રથમ સૂત્રની ચાર ગાથાઓ શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્રના મંગલાચરણ રૂપ છે. શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિનો પ્રારંભ આ ગાથાઓથી થાય છે અને બીજા સૂત્રનો સૂત્રપાઠ સૂર્યપ્રજ્ઞપ્તિના ઉપોદ્‌ઘાત રૂપ છે. ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર અને સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રના પાઠો પ્રાયઃ સમાન છે. માત્ર ચંદ્રપ્રજ્ઞપ્તિમાં મંગલાચરણની ચાર ગાથાઓ વધુ છે. તત્પશ્ચાત્ છ સૂત્રો પર્યંત ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિના પ્રાભૃતના વિષયો, પ્રતિપ્રાભૃતની સંખ્યા તથા તેના વિષયોનું કથન છે. પ્રાભૃતના વિષયોનું કથન કરતી ગાથામાં પ્રથમ પ્રાભૃતનો વિષય **कइ मंडलाइ** (કેટલા મંડળ) દર્શાવેલ છે. તદ્‌નુસાર પ્રથમ પ્રાભૃતમાં મંડળ વિષયક વિવિધ પ્રકારે વર્ણન છે. સાતમા સૂત્રથી પ્રથમ પ્રતિપ્રાભૃતના વિષય-વર્ણનનો પ્રારંભ થાય છે.

**પ્રથમ પ્રતિપ્રાભૃતમાં** નક્ષત્ર માસના મુહૂર્તની સંખ્યાનું કથન છે કે એક નક્ષત્રમાસ ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત પ્રમાણ છે.

એક વરસમાં સૂર્ય ૩૬૬ અહોરાત્ર (રાત્રિ-દિવસ)માં ૩૬૬ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. જંબૂદ્વીપમાં ચંદ્ર-સૂર્ય વગેરે મેરુપર્વતને કેન્દ્રમાં રાખીને પરિભ્રમણ કરે છે. તેમની પ્રદક્ષિણાના વર્તુળાકાર માર્ગને મંડળ કહેવામાં આવે છે. તેમના આ મંડળ સંપૂર્ણપણે વર્તુળાકાર નથી. ચંદ્ર-સૂર્ય એક જ સ્થાન ઉપર વર્તુળાકારે પરિભ્રમણ કરતાં નથી, તેઓ પ્રથમ મંડળથી ક્રમશઃ ૫૧૦ યોજન જાય છે અને પુનઃ અંદર આવે છે.

સૂર્યનું પ્રથમ મંડળ આપણી આ સમપૃથ્વીથી ૮૦૦ યોજન ઊંચે(ઉપર) મેરુપર્વતથી ૪૪,૮૨૦ યોજન દૂર છે એટલે જંબૂદ્વીપની જગતીથી ૧૮૦ યોજન અંદરના સ્થાનની ઉપર છે અને અંતિમ મંડળ જંબૂદ્વીપ જગતીથી ૩૩૦ યોજન દૂર લવણ સમુદ્રની ઉપર છે. આ ૧૮૦ + ૩૩૦ = ૫૧૦ યોજનમાં સૂર્યના ૧૮૪ મંડળ (પરિભ્રમણના માર્ગ) છે. સૂર્યના મેરુપર્વત તરફના પ્રથમ મંડળને **સર્વાભ્યંતર મંડળ** અને અંતિમ ૧૮૪મા મંડળને **સર્વબાહ્ય મંડળ** કહે છે.

જંબૂદ્વીપમાં બે સૂર્ય સામસામી દિશામાં રહીને પરિભ્રમણ કરે છે. આ બંને સૂર્ય એક અહોરાત્ર (૩૦ મુહૂર્ત–૨૪ કલાક)માં એક-એક અર્ધ મંડળને અને બંને મળીને એક મંડળને પાર કરે છે. એક વરસના ૩૬૬ અહોરાત્રમાં સૂર્ય ૩૬૬ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. નૂતન વર્ષના(શાસ્ત્રોક્ત શ્રાવણ વદ–૧ ગુજરાતી અષાઢ વદ–૧)ના પ્રથમ દિવસે સૂર્ય સર્વાભ્યંતર મંડળ પછીના બીજા મંડળ ઉપર પરિભ્રમણનો પ્રારંભ કરે છે. આ બીજા મંડળથી પ્રારંભીને ૧૮૩ અહોરાત્ર (છ માસ)માં ૧૮૩ મંડળને પાર કરીને સૂર્ય સર્વ બાહ્ય મંડળ ઉપર પહોંચે છે, તેને **દક્ષિણાયન** કહે છે.

સર્વબાહ્ય મંડળ પછીના બીજાબાહ્ય (૧૮૩મા) મંડળથી પ્રારંભ કરી ૧૮૩ અહોરાત્ર(છ માસ)માં

૧૮૩ મંડળને પાર કરીને સૂર્ય પ્રથમ સર્વાભ્યંતર મંડળ ઉપર પહોંચે છે, તેને **ઉત્તરાયણ** કહે છે.

આ રીતે ૧૮૪ મંડળોમાંથી સૂર્ય દક્ષિણાયનમાં ૧૮૩ મંડળો ઉપર + ઉત્તરાયણમાં ૧૮૩ મંડળો ઉપર કુલ ૩૬૬ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. તેમાં દક્ષિણાયનના અંતિમ અહોરાત્રમાં સર્વ બાહ્ય મંડળ ઉપર એક વાર અને ઉત્તરાયણના અંતિમ અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડળ ઉપર એક વાર અને શેષ ૧૮૨ મંડળ ઉપર ઉત્તરાયણ અને દક્ષિણાયન બંનેમાં એક-એક વાર ચાલે છે. આ રીતે એક વરસમાં ૭-૭ માસના બે અયન પૂર્ણ થાય છે.

સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે કર્ક સંક્રાંતિના દિવસે(એક અહોરાત્રના ૩૦ મુહૂર્તમાંથી) ૧૮ મુહૂર્તનો દિવસ અને ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. દક્ષિણાયનમાં સૂર્ય મેરુ પર્વતથી દૂર જાય છે, તેથી દિવસ ટૂંકો થાય છે અને રાત્રિ લાંબી થતી જાય છે. તેમાં પ્રત્યેક મંડળે દિવસ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ટૂંકો અને રાત્રિ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત લાંબી થાય છે. સૂર્ય જ્યારે સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે મકરસંક્રાંતિના દિવસે ૧૮ મુહૂર્તની રાત્રિ અને ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે. ઉત્તરાયણમાં સૂર્ય મેરુ પર્વતની નજીક આવે છે, તેથી દિવસ લાંબો અને રાત્રિ ટૂંકી થતી જાય છે તેમાં પ્રત્યેક મંડળે રાત્રિ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ઘટે છે અને દિવસ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત લાંબો થાય છે.

**બીજા પ્રતિપ્રાભૃતમાં** સૂર્યના અર્ધ મંડળની સંસ્થિતિ(વ્યવસ્થા)નું વર્ણન છે. એક અહોરાત્રમાં એક સૂર્ય એક અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરે છે અને તે જ અહોરાત્રમાં બીજો સૂર્ય એક અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરે છે. આ રીતે એક અહોરાત્રમાં બે સૂર્યો મળીને એક મંડળ પૂર્ણ કરે છે. સૂર્યના ૧૮૪ મંડળોમાંથી બંને સૂર્યના ૯૨ અર્ધમંડળો ઉત્તરમાં છે અને ૯૨ અર્ધમંડળો દક્ષિણમાં છે.

વરસના પ્રથમ દિવસે(દક્ષિણાયનમાં) ભરત ક્ષેત્રને પ્રકાશિત કરતા ભારતીય સૂર્યના ૨, ૪, ૬ આદિ બેકી સંખ્યક ૯૨ અર્ધ મંડળો દક્ષિણમાં અને ૩, ૫, ૭ આદિ એકી સંખ્યક ૯૧ અર્ધમંડળો ઉત્તરમાં થાય છે.

વરસના પ્રથમ દિવસે ઐરવત ક્ષેત્રને પ્રકાશિત કરતાં ઐરવતીય સૂર્યના ૨, ૪, ૬ આદિ બેકી સંખ્યક ૯૨ અર્ધમંડળ ઉત્તરમાં અને ૩, ૫, ૭ આદિ એકી સંખ્યક ૯૧ અર્ધમંડળો દક્ષિણમાં થાય છે.

ઉત્તરાયણમાં ભારતીય સૂર્યના ૧૮૩, ૧૮૧ વગેરે એકી સંખ્યક ૯૨ અર્ધમંડળો ઉત્તરમાં અને ૧૮૨, ૧૮૦ વગેરે બેકી સંખ્યક–૯૧ અર્ધમંડળો દક્ષિણમાં થાય છે. ઐરવતીય સૂર્યના એકી સંખ્યક–૯૨ અર્ધ મંડળો દક્ષિણમાં અને બેકી સંખ્યક ૯૧ અર્ધમંડળો ઉત્તરમાં થાય છે.

**ત્રીજા પ્રતિપ્રાભૃતમાં** સૂર્યના પૂર્વે ચાલેલા, પૂર્વ નહીં ચાલેલા માર્ગ(મંડળ)નું કથન છે. પ્રત્યેક વર્ષે દક્ષિણાયનમાં બંને સૂર્ય પોત-પોતાના સ્વતંત્ર(અચલિત) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. તેઓ એક બીજાના માર્ગને સ્પર્શતા નથી.

ઉત્તરાયણમાં ભારતીય સૂર્ય પૂર્વે(દક્ષિણાયનમાં) પોતે ચાલેલા અગ્નિકોણગત ૯૨ માર્ગ (મંડળો) ઉપર અને વાયવ્યકોણગત ૯૧ મંડળો ઉપર પુનઃ ચાલે છે. બીજાના એટલે ઐરવતીય સૂર્યે દક્ષિણાયનમાં ચાલેલા ઈશાનકોણગત ૯૨ મંડળ તથા નૈઋત્યકોણગત ૯૧ મંડળ ઉપર પુનઃ ચાલે છે.

આ જ રીતે ઐરવતીય સૂર્ય પૂર્વે(દક્ષિણાયનમાં) પોતે ચાલેલા અગ્નિકોણગત ૯૧ મંડળો અને વાયવ્યકોણગત ૯૨ મંડળો ઉપર પુનઃ ચાલે છે. બીજાના એટલે ભારતીય સૂર્યે દક્ષિણાયનમાં ચાલેલા

ઈશાનકોણગત ૯૧ મંડળો ઉપર અને નૈઋત્ય કોણગત ૯૨ મંડળો ઉપર પુનઃ ચાલે છે.

**ચોથા પ્રતિપ્રાભૃતમાં** બંને સૂર્ય વચ્ચેના અંતરનું વર્ણન છે. સર્વાભ્યંતર(પ્રથમ) મંડળ ઉપર બંને સૂર્ય પરિભ્રમણ કરતા હોય ત્યારે બંને સૂર્ય વચ્ચે ૯૯,૬૪૦ યોજનનું અંતર હોય છે. પ્રત્યેક મંડળે ૫ $\frac{૩૫}{૬૧}$ યોજનનું અંતર વધતું જાય છે અને સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતાં બંને સૂર્યો વચ્ચે ૧,૦૦,૬૬૦ યોજનનું અંતર હોય છે.

**પાંચમા પ્રતિપ્રાભૃતમાં** સૂર્ય મંડળના અવગાહિત ક્ષેત્રનું કથન છે. સૂર્ય મંડળો કુલ ૫૧૦ યોજન ક્ષેત્રને અવગાહિત કરે છે. તેમાં ૧૮૦ યોજન જંબૂદ્વીપના અને ૩૩૦ યોજન લવણ સમુદ્રના અવગાહિત કરે છે.

**છઠ્ઠા પ્રતિ પ્રાભૃતમાં** સૂર્ય પ્રત્યેક મંડળે કેટલો દૂર જાય છે તેની પ્રરૂપણા છે. સૂર્ય પ્રત્યેક મંડળે ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન ક્ષેત્રને પાર કરે છે અર્થાત્ દૂર જાય છે.

**સાતમાપ્રતિપ્રાભૃતમાં** સૂર્ય વિમાન અને સૂર્ય મંડળના સંસ્થાનનું વર્ણન છે. જેમ આકાશમાં ઉડતા પ્લેન(વિમાન)ના માર્ગનો કોઈ આકાર નથી તેમ પૃથ્વીથી ૮૦૦ યોજન ઉપર આકાશમાં પરિભ્રમણ કરતા સૂર્ય વિમાનના માર્ગ(મંડળ)નો કોઈ આકાર નથી પરંતુ મંડળ ઉપર પરિભ્રમણ કરતા સૂર્ય વિમાનનો જે આકાર હોય તે જ તે મંડળનો આકાર કહેવાય છે. સૂર્ય વિમાન અને સૂર્યમંડળો છત્રાકાર કે અર્ધકોઠાકાર છે.

**આઠમા પ્રતિપ્રાભૃતમાં** સૂર્ય મંડળ(માર્ગ સ્થાન)ની જાડાઈ, લંબાઈ, પહોળાઈ અને પરિધિના પ્રમાણનું કથન છે. સૂર્યના સર્વ મંડળોની જાડાઈ એક સમાન $\frac{૪૮}{૬૧}$ યોજન છે. પ્રથમ મંડળની લંબાઈ-પહોળાઈ ૯૯,૬૪૦ યોજન અને તેની પરિધિ ૩, ૧૫, ૦૮૯ યોજન છે.

અંતિમ મંડળની લંબાઈ-પહોળાઈ ૧,૦૦,૬૬૦ યોજન અને પરિધિ ૩,૧૮,૩૧૫ યોજન છે. પ્રત્યેક મંડળે લંબાઈ પહોળાઈમાં ૫ $\frac{૩૫}{૬૧}$ યોજનની દક્ષિણાયનમાં વૃદ્ધિ અને ઉત્તરાયણમાં હાનિ થાય છે. તેની પરિધિમાં પ્રત્યેક મંડળે ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજનની(વ્યવહારથી ૧૮ યોજનની) વૃદ્ધિ કે હાનિ થાય છે.

❖❖❖❖❖

# પહેલું પ્રાભૃત : પહેલું પ્રતિપ્રાભૃત

## કતિ મંડળ

**મંગલાચરણ :–**

**१** जयइ णव-णलिण-कुवलय, वियसिय-सयवत्त-पत्तल-दलच्छो ।
वीरो गइंद-मयगल, सललिय-गयविक्कमो भयवं ॥१॥

णमिऊण असुर-सुर-गरुल-भुयग-परिवंदिए गयकिलेसे ।
अरिहे सिद्धायरिए-उवज्झाए सव्वसाहू य ॥२॥

फुड-वियड-पागडत्थं, वोच्छं पुव्व-सुय-सार-णिस्संदं ।
सुहुम गणिणोवदिट्ठं, जोइसगणरायपण्णत्तिं ॥३॥

णामेण इंदभूइ त्ति, गोयमो वंदिऊण तिविहेणं ।
पुच्छइ जिणवरवसहं, जोइसगणराय पण्णत्तिं ॥४॥

**ભાવાર્થ :–** નૂતન વિકસિત(તાજા ખીલેલા) નલિન–રક્ત કમળ, કુવલય–નીલકમળ, સો પાંખડીવાળા શતપત્ર કમળની પાંખડી જેવી લાંબી અને મનોહર આંખોવાળા તથા તરુણ ગજેન્દ્રની લીલાયુક્ત મનોજ્ઞ ગતિ જેવી ગતિ–ચાલવાળા ભગવાન મહાવીર સ્વામી રાગાદિ શત્રુઓને જીતે છે **॥૧॥**

અસુર–અસુરકુમાર દેવો, સુર–વૈમાનિક દેવો, ગરુલ–સુવર્ણકુમાર દેવો, ભુજંગ–નાગકુમાર દેવો ઉપલક્ષણથી સર્વે ભવનપતિ, વ્યંતરાદિ ચારે નિકાયના દેવો દ્વારા વંદિત, રાગ-દ્વેષ તથા જન્મ-મરણરૂપ કલેશથી રહિત અર્હત્ તીર્થંકર ભગવાન, સર્વ પ્રકારના કર્મમલથી રહિત સિદ્ધભગવાન, પંચાચારના પાલક આચાર્ય ભગવાન, દ્વાદશાંગીનું અધ્યયન કરનારા-કરાવનારા ઉપાધ્યાય ભગવાન અને મોક્ષના સાધન રૂપ જ્ઞાન-ક્રિયાના સાધક, અઢીદ્વીપમાં સ્થિત સર્વ સાધુ-સાધ્વી ભગવંતોને નમસ્કાર કરીને....**॥૨॥**

સ્પષ્ટ નિર્મલ બોધના વિષયરૂપ યથાવસ્થિત સ્વરૂપવાળા, સૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય, અક્ષરોમાં જ જેના અર્થ ઝળકે છે તેવા તથા પૂર્વશ્રુતના સારભૂત અર્થાત્ પૂર્વશ્રુતથી ઉદ્ધૃત, સૂક્ષ્મ-તીક્ષ્ણ મતિવાળા આચાર્ય દ્વારા ઉપદિષ્ટ, **ज्योतिषगण राजप्रज्ञप्ति** નામના શાસ્ત્રની અર્થાત્ **ज्योतिषगण** = નક્ષત્ર, ગ્રહ, તારાગણના **राजप्रज्ञप्ति** = રાજા-ઈન્દ્ર એવા ચંદ્ર-સૂર્ય સંબંધી વિવિધ વિષયોના પ્રરૂપકશાસ્ત્રનું **वोच्छं** = હું નિરૂપણ કરીશ. **॥૩॥**

ગૌતમ ગોત્રીય ઈન્દ્રભૂતિ નામના ગણધર, જિનેશ્વરોમાં શ્રેષ્ઠ ભગવાન મહાવીર સ્વામીને ત્રિવિધે– મન, વચન, કાયાથી વંદન કરીને જ્યોતિષગણરાજ(ચંદ્ર-સૂર્ય) પ્રજ્ઞપ્તિના સ્વરૂપ વિષયક પ્રશ્ન પૂછે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મંગલાચરણ અને શાસ્ત્રના ઉપોદ્‌ઘાતનું નિરૂપણ છે. આ ગાથાઓમાં ચરમ

તીર્થંકર, શાસનપતિ ભગવાન મહાવીરસ્વામીની ગુણસ્તુતિ છે. ભગવાનના નયનોને કમળપત્રની, ધીરગંભીર ચાલને હાથીની ચાલની ઉપમા આપી છે અને વીર તથા ભગવાન શબ્દ દ્વારા અપાયાપગમાદિ ચાર ગુણાત્મક અતિશયનું વર્ણન કર્યું છે.

**वीरो** = વીર. પ્રસ્તુતમાં વીર શબ્દથી ભગવાન મહાવીર સ્વામી તરફ અંગુલી નિર્દેશ થયો છે. રાગાદિ શત્રુઓને જીતવાથી, અનાદિકાલીન કષાયાદિનો પરાભવ કરવાથી, જન્મ પરંપરાથી મુક્ત થવાથી અને શિવ–ઉપદ્રવ રહિત, કલ્યાણકારી એવા મોક્ષના સુખ પ્રાપ્ત કરવાથી, મહાવીરસ્વામી વીર-મહાવીર કહેવાયા છે. આ 'વીર' વિશેષણ ભગવાનના **अपाय** = દુઃખ, રાગ-દ્વેષ, **अपगम** = દૂર કરવા રૂપ અપાયાપગમ અતિશયને પ્રગટ કરે છે.

**भयवं** = ભગવાન. **ऐक्तर्यस्य समग्रस्य, रुपस्य यशसः श्रियः ।**
**धर्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ॥**

ભગ શબ્દના ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્ન, આ છ અર્થ થાય છે. ભગ જેની પાસે હોય તે ભગવાન કહેવાય છે. આ શબ્દ દ્વારા મહાવીરસ્વામીની ઐશ્વર્યતા, અનુપમ રૂપ ધારકતા, ત્રણ લોક વ્યાપી યશ કીર્તિ, ઉત્તમ ૧૦૦૮ લક્ષણ રૂપ અથવા કેવળજ્ઞાન રૂપ શ્રી સંપન્નતા, ધર્મસ્થાપકતા, ધર્મ પ્રવર્તનમાં પ્રયત્નરૂપતા વગેરે ગુણો પ્રગટ થાય છે. ભગવાન શબ્દ દ્વારા મહાવીર સ્વામીના પૂજાતિશય, વચનાતિશય, જ્ઞાતાતિશય આદિ અતિશયો પ્રગટ થાય છે.

**जयइ** = રાગાદિ શત્રુઓને જીતે છે. ભગવાન મહાવીર સ્વામીએ રાગાદિ શત્રુઓને જીત્યા પછી અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ આ સૂત્રની પ્રરૂપણા કરી છે, તેમ છતાં **जयति** વર્તમાનકાલીન ક્રિયાપદનો પ્રયોગ કરવાના ત્રણ કારણો વૃત્તિકારે જણાવ્યા છે– (૧) રાગાદિ શત્રુઓ ઉપર વિજય મેળવ્યા પછી જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. કેવળજ્ઞાન રાગાદિ વિજયના ફળ સ્વરૂપ છે, તે ફળ વર્તમાનમાં વિદ્યમાન છે, તેથી કાર્યમાં કારણનો ઉપચાર કરી **जयति** શબ્દનો પ્રયોગ કર્યો છે. (૨) **भत्तइ जिनवराणं खिद्येति पुव्वसंचिया कम्मा ।** જિનેશ્વરની ભક્તિ કરવાથી પૂર્વ જન્મના સંચિત કર્મોનો ક્ષય થાય છે. ભક્ત ભગવાનના સ્તવ–સ્તુતિ દ્વારા કર્મ શત્રુ ઉપર વિજય મેળવે છે, તે સૂચવવા **जयति** શબ્દનો પ્રયોગ છે. (૩) ભગવાને સુર–અસુર દેવો, દાનવો, માનવો વગેરેને પોતાના અતિશાયી(સર્વાધિક) ગુણોથી જીતીને પોતાના ભક્ત બનાવ્યા છે. તે ભક્તો વર્તમાનમાં ભગવાનની ભક્તિ કરીને રાગાદિ શત્રુઓને જીતે છે. આ વર્તમાનકાલીન ભક્તિરૂપ કારણમાં કાર્યનો ઉપચાર કરી વર્તમાનકાલીન ક્રિયાપદનો પ્રયોગ છે.

પ્રથમ ગાથામાં ભગવાન મહાવીર સ્વામીને વંદન કરીને સૂત્ર કર્તાએ બીજી ગાથામાં પંચ પરમેષ્ઠી ભગવંતોને વંદન કરી મંગલાચરણ કર્યું છે, ત્રીજી ગાથામાં સૂત્ર નિરૂપક પ્રતિજ્ઞા વાક્ય છે અને ચોથી ગાથામાં આ શાસ્ત્રના મૂળભૂત પ્રશ્ન કર્તા પ્રથમ ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમ સ્વામીનો ઉલ્લેખ છે.

જ્યોતિષી ગણમાં ચંદ્ર અને સૂર્ય બંને ઇન્દ્ર છે, તેથી જ્યોતિષ ગણરાજથી તે બંનેનું ગ્રહણ થાય છે. વર્તમાનમાં ૧૨ ઉપાંગ સૂત્રોમાં ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ બંનેની ગણના ભિન્ન-ભિન્ન છે, પરંતુ બંને શાસ્ત્રમાં મંગલાચરણ અને ઉપોદ્‌ઘાતની ચાર ગાથાઓની જ ભિન્નતા છે. ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્રમાં મંગલાચરણની ચાર ગાથા છે, તે સૂર્યપ્રજ્ઞપ્તિમાં નથી. ચંદ્રપ્રજ્ઞપ્તિમાં મંગલાચરણ પછી **कइ मंडलाइ वच्चइ** (સૂત્ર–૩) આદિ ગાથાઓ છે અને ત્યાર પછી **तेणं कालेणं...** (સૂત્ર–૨) છે. સૂર્ય પ્રજ્ઞપ્તિનો પ્રારંભ **तेणं कालेणं**(સૂત્ર–૨)થી થાય છે. તે સૂત્ર તેના ઉપોદ્‌ઘાત રૂપે છે અને ત્યારપછી **कइ मंडलाइ**

(સૂત્ર–૩) ગાથા છે. શેષ સર્વ પ્રકરણ–વિષય સૂત્રો એક સમાન છે. તેથી પ્રસ્તુત પ્રથમ સૂત્રમાં ચંદ્ર–પ્રજ્ઞપ્તિ સૂત્રનું મંગલાચરણ અને બીજા સૂત્રમાં સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રનો ઉપોદ્‌ઘાત આપ્યા પછી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ બંને આગમનો અનુવાદ એક સાથે રજુ કર્યો છે.

**ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર પ્રરૂપણા સ્થળાદિ :–**

**२** **तेणं कालेणं तेणं समएणं मिहिला णामं णयरी होत्था, वण्णओ । तीसे णं मिहिलाए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसिभाए, एत्थ णं माणिभद्दे णामं चेइए होत्था, वण्णओ । तीसे णं मिहिलाए णयरीए जियसत्तू णामं राया, धारिणी णामं देवी, वण्णओ ।**

**तेणं कालेणं तेणं समएणं तम्मि माणिभद्दे चेइए सामी समोसढे, परिसा णिग्गया, धम्मो कहिओ** *जाव* **राया जामेव दिसिं पाउब्भूए, तामेव दिसिं पडिगए ।**

**तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे गोयमे गोत्तेणं सत्तुस्सेहे समचउरंससंठाणसंठिए वज्जरिसहणारायसंघयणे** *जाव* **एवं वयासी ।**

**ભાવાર્થ :–** તે કાલે– અવસર્પિણી કાળના ચોથા આરામાં અને તે સમયે– ભગવાન મહાવીર સ્વામી વિચરતા હતા તે સમયે મિથિલા નામની નગરી હતી. તે મિથિલા નગરીની બહાર ઈશાનકોણમાં એક મણિભદ્ર નામનું ચૈત્ય–ઉદ્યાન હતું. તે મિથિલા નગરીમાં જિતશત્રુ નામના રાજા અને ધારિણી નામની રાણી હતી. તે નગર, ઉદ્યાન અને રાજા-રાણીનું વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું.

તે કાલે, તે સમયે(જિતશત્રુ રાજાના સમયમાં) મણિભદ્ર ઉદ્યાનમાં ભગવાન મહાવીરસ્વામી સમોસર્યા–પધાર્યા અને મિથિલાવાસીઓ પોતાના ઘરેથી નીકળીને પ્રભુના દર્શન માટે આવ્યા. પ્રભુ મહાવીર સ્વામીએ તેઓને ધર્મનું સ્વરૂપ કહ્યું ***યાવત્*** રાજા જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં અર્થાત્ પોતાના નગરમાં પાછા ફર્યા.

તે કાલે, તે સમયે(જિતશત્રુ રાજા ધર્મકથા સાંભળીને પાછા ગયા પછી) શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પટ્ટધર શિષ્ય, ગૌતમ ગોત્રીય, સાત હાથ ઊંચા, સમચતુરસ્ર સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંઘયણ વગેરેથી યુક્ત ઈન્દ્રભૂતિ નામના અણગારે ભગવાનને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું–

**વીસ પ્રાભૃતનો વિષયોલ્લેખ :–**

**३**

**कइ मंडलाइ वच्चइ ? तिरिच्छा किं व गच्छइ ? ।**
**ओभासइ केवइयं ? सेयाइ किं ते संठिई ? ॥१॥**

**कहिं पडिहया लेसा ? कहं ते ओयसंठिई ? ।**
**के सूरियं वरयंति ? कहं ते उदयसंठिई ? ॥२॥**

**कइ कट्ठा पोरिसिच्छाया ? जोगे किं ते आहिए ? ।**
**के ते संवच्छराणाई ? कइ संवच्छराइ य ? ॥३॥**

**कहं चंदमसो वुड्ढी ? कया ते दोसिणा बहू ?**
**के सिग्घगई वुत्ते ? कहं दोसिण-लक्खणं ? ॥४॥**

**चयणोववाए ? उच्चत्ते ? सूरिया कइ आहिया ।**
**अणुभावे के व से वुत्ते ? एवमेयाइं वीसई ॥५॥**

**ભાવાર્થ :–** (ગૌતમ સ્વામીએ વીસ પ્રાભૃતના વિષયને લક્ષ્યમાં રાખી વીસ પ્રશ્નો પૂછ્યા છે, તે પાંચ ગાથા દ્વારા અહીં રજૂ થયા છે.)

(૧) સૂર્ય એક વર્ષમાં કેટલા મંડલ ઉપર કેટલીવાર ગતિ કરે છે ? (૨) પ્રકાશની હાનિ-વૃદ્ધિ કરતાં સૂર્ય તિર્યક્ ગતિ કેવી રીતે કરે છે ? (૩) ચન્દ્ર-સૂર્ય કેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે ? (૪) ચન્દ્ર-સૂર્યના પ્રકાશની મર્યાદા કેટલી છે ? ॥૧॥

(૫) સૂર્યની તેજોલેશ્યા(તેજ-પ્રકાશ) કયાં પ્રતિહત થાય છે ? (૬) સૂર્યના પ્રકાશની સ્થિતિ કેવી છે? (૭) સૂર્યનો પ્રકાશ ક્યા પુદ્ગલોને સ્પર્શે છે ?(૮) ચન્દ્ર-સૂર્યના ઉદય અસ્તની વ્યવસ્થા કેવી છે ? ॥૨॥

(૯) પૌરુષી છાયાનું પ્રમાણ કેટલું છે ?(૧૦) યોગ એટલે શું ? ચન્દ્રની સાથે યોગ કરનારા કયા કયા નક્ષત્રો છે ? (૧૧) સંવત્સરોનો આદિ કાળ કયો છે ? (૧૨) સંવત્સર કેટલા છે ? ॥૩॥

(૧૩) ચન્દ્ર માસમાં ચંદ્રની હાનિ-વૃદ્ધિ કેવી રીતે થાય છે ? (૧૪) ચન્દ્રનો પ્રકાશ કયારે વધુ હોય છે? (૧૫) ચન્દ્ર આદિમાં શીઘ્ર ગતિવાળા કોણ છે ?(૧૬) ચન્દ્રના પ્રકાશનું સ્વરૂપ શું છે ? ॥૪॥

(૧૭) ચન્દ્ર દેવ આદિનું ચ્યવન-મરણ અને ઉપપાત-જન્મ કેવી રીતે થાય છે ? (૧૮) સમતલ પૃથ્વીથી ચંદ્ર આદિની ઊંચાઈ કેટલી છે ? (૧૯) જંબૂદ્વીપ વગેરેમાં સૂર્ય આદિની સંખ્યા કેટલી છે ? (૨૦) ચંદ્ર આદિના તેજનો પ્રભાવ કેવો છે ? ॥૫॥ આ રીતે આ વીસ પ્રશ્નો છે.

**પ્રથમ પ્રાભૃતના પ્રતિપ્રાભૃત અને તેની પ્રતિપત્તિઓ :–**

**૪**

**वड्ढोवुड्ढी मुहुत्ताण-मद्धमंडल-संठिई ।**
**के ते चिण्णं परियरइ ? अंतरं किं चरंति य ? ॥६॥**

**ओगाहइ केवइयं ? केवइयं च विकंपइ ?**
**मंडलाण य संठाणे, विक्खंभो अट्ठ पाहुडा ॥७॥**

**छ प्पंच य सत्तेव य, अट्ठ तिण्णि य हवंति पडिवत्ती ।**
**पढमस्स पाहुडस्स उ, हवंति एयाओ पडिवत्ती ॥८॥**

**ભાવાર્થ:–** (પ્રાભૃતની અંદરના અધિકારને પ્રાભૃત-પ્રાભૃત અથવા પ્રતિપ્રાભૃત કહે છે અને પ્રતિપ્રાભૃતની અંદરના પરમતનું કથન કરતા અધિકારને પ્રતિપત્તિ કહે છે. પ્રથમ પ્રાભૃતમાં આઠ પ્રતિપ્રાભૃત છે અને ૨૯ પ્રતિપત્તિઓ છે.)

(૧) દિવસ-રાત્રિના મુહૂર્તોની હાનિ-વૃદ્ધિ કેવી રીતે થાય છે ? (૨) સૂર્યોની અર્દ્ધ મંડલ સંસ્થિતિ કેવી રીતે હોય છે ? (૩) કયો સૂર્ય કયા સૂર્યથી વ્યાપ્ત ક્ષેત્રમાં સંચરણ કરે છે ? (૪) એક સૂર્ય, બીજા સૂર્યથી કેટલા અંતરે ગતિ કરે છે ? ॥૬॥

(૫) કેટલા દ્વીપ-સમુદ્રોનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે ? (૬) પ્રત્યેક મંડળે સૂર્ય કેટલા ક્ષેત્રને પાર કરે છે ? (૭) સૂર્ય મંડળોનું સંસ્થાન કેવું છે ? (૮) સૂર્ય મંડળોનો વિષ્કંભ એટલે વિસ્તાર કેટલો છે ? ॥૭॥ (આ રીતે અહીં પ્રથમ પ્રાભૃતની અંતર્ગત આઠ પ્રતિપ્રાભૃતોના વિષયોનું કથન છે. આ આઠ પ્રતિ પ્રાભૃતમાંથી પ્રથમ ત્રણ પ્રાભૃતમાં પ્રતિપત્તિઓ નથી.)

પ્રથમ પ્રાભૃતના ચતુર્થ પ્રતિપ્રાભૃતમાં છ પ્રતિપત્તિઓ છે. પાંચમા પ્રતિપ્રાભૃતમાં પાંચ પ્રતિપત્તિઓ, છઠ્ઠા પ્રતિપ્રાભૃતમાં સાત પ્રતિપત્તિઓ, સાતમા પ્રતિપ્રાભૃતમાં આઠ પ્રતિપત્તિઓ અને આઠમા પ્રતિપ્રાભૃતમાં ત્રણ પ્રતિપત્તિઓ છે. ॥૮॥ આ પ્રમાણે પ્રથમ પ્રાભૃતના ચોથાથી આઠમા, આ પાંચ પ્રતિપ્રાભૃતોમાં કુલ મળીને ૨૯ પ્રતિપત્તિઓ છે.

**દ્વિતીય પ્રાભૃતના પ્રતિપ્રાભૃત અને પ્રતિપત્તિઓ :-**

**૫**

**पडिवत्तीओ उदए, तह अत्थमणेसु य ।**
**भेयघाए कण्णकला, मुहुत्ताण गई इ य ॥९॥**
**णिक्खममाणे सिग्घगई, पविसंते मंदगई इ य ।**
**चुलसीइ सयं पुरिसाणं, तेसिं च पडिवत्तीओ ॥१०॥**
**उदयंमि अट्ठ भणिया, भेयघाए दुवे य पडिवत्ती ।**
**चत्तारि मुहुत्तगईए, हुंति तइयंमि पडिवत्ती ॥११॥**

**ભાવાર્થ :–** બીજા પ્રાભૃતના પ્રથમ પ્રતિપ્રાભૃતમાં સૂર્યના ઉદયકાળ અને અસ્તકાળ સંબંધી વર્ણન છે બીજા પ્રતિપ્રાભૃતમાં ભેદઘાત અને કર્ણકલાનું કથન છે. ત્રીજા પ્રતિપ્રાભૃતમાં એક મુહૂર્તમાં સૂર્યની ગતિનું વર્ણન છે. ॥૯॥

સર્વાભ્યંતર મંડળથી બહાર ગમન કરતા સૂર્યની ગતિ શીઘ્ર હોય છે અને આભ્યંતર મંડળોમાં પ્રવેશ કરતા સૂર્યની ગતિ મંદ હોય છે. ૧૮૪ મંડળગત સૂર્ય મનુષ્ય દ્વારા ચક્ષુગ્રાહ્ય બને છે, તેનું વર્ણન ત્રીજા પ્રતિપ્રાભૃતમાં છે અને તેમાં પરમત સંબંધી પ્રતિપત્તિઓ છે. ॥૧૦॥

બીજા પ્રાભૃતના પ્રથમ પ્રતિપ્રાભૃતમાં સૂર્યોદયથી સૂર્યાસ્ત સંબંધી આઠ પ્રતિપત્તિઓ છે. બીજા પ્રતિપ્રાભૃતમાં ભેદઘાત સંબંધિત બે પ્રતિપત્તિઓ છે. ત્રીજા પ્રતિપ્રાભૃતમાં સૂર્યની મુહૂર્ત ગતિ સંબંધિત ચાર પ્રતિપત્તિઓ છે. ॥૧૧॥

આ રીતે બીજા પ્રાભૃતના ત્રણ પ્રતિપ્રાભૃતમાં કુલમળીને ૧૪ પ્રતિપત્તિઓ છે.(ત્રીજાથી નવમા પ્રાભૃતમાં પ્રતિપ્રાભૃત નથી.)

**દસમા પ્રાભૃતના પ્રતિપ્રાભૃતો :-**

**६**

**आवलिय मुहुत्तग्गे, एवं भागा य जोगसा ।**
**कुलाइं पुण्णमासी य, सण्णिवाए य संठिई ॥१२॥**
**तारगग्गं च णेया य, चंदमग्गत्ति यावरे ।**
**देवताण य अज्झयणे, मुहुत्ताण णामयाइ य ॥१३॥**

दिवसा राइवुत्ता य, तिहि गोत्ता भोयणाणि य ।
आइच्च-चार मासा य, पंच संवच्छराइ य ॥१४॥
जोइसस्स दाराइं, णक्खत्त विजए वि य ।
दसमे पाहुडे एए, बावीसं पाहुडपाहुडा ॥१५॥

**ભાવાર્થ :–** દસમા પ્રાભૃતના પ્રથમ પ્રતિપ્રાભૃતમાં નક્ષત્રોના ક્રમનું, બીજામાં નક્ષત્રના મુહૂર્ત પરિમાણનું, ત્રીજામાં નક્ષત્રોના પૂર્વ અને પશ્ચિમ આદિ દિશાના ભાગોનું, ચોથામાં નક્ષત્રોના યોગના પ્રારંભ આદિનું, પાંચમામાં નક્ષત્રોના કુલ આદિનું, છઠ્ઠામાં પૂર્ણિમા સંબંધિત નક્ષત્ર આદિના યોગનું, સાતમામાં પૂર્ણિમા અને અમાવાસ્યામાં નક્ષત્રોના સન્નિપાત–સમાન યોગોનું અને આઠમા પ્રતિપ્રાભૃતમાં નક્ષત્રોની સંસ્થિતિનું કથન છે. ॥૧૨॥

નવમા પ્રતિપ્રાભૃતમાં નક્ષત્રોના તારાઓની સંખ્યાનું, દસમામાં નક્ષત્રોના નેતાઓ અર્થાત્ અહોરાત્ર પૂર્ણ કરવાવાળા નક્ષત્રોનું, અગિયારમામાં ચન્દ્રમંડલના નક્ષત્રોનું, બારમામાં નક્ષત્રોના અધિપતિ દેવતાઓનું, તેરમા પ્રતિપ્રાભૃતમાં ૩૦ મુહૂર્તોના નામનું કથન છે.

ચૌદમા પ્રતિપ્રાભૃતમાં દિવસ અને રાત્રિના નામોનું, પંદરમામાં તિથિઓના નામોનું, સોળમામાં નક્ષત્રોના ગોત્રોનું, સત્તરમામાં નક્ષત્ર ભોજનનું, અઢારમામાં સૂર્ય અને ચંદ્રની ગતિનું, ઓગણીસમામાં મહિનાઓના નામોનું અને વીસમા પ્રતિપ્રાભૃતમાં પાંચ સંવત્સરોનું કથન છે. ॥૧૪॥

એકવીસમા પ્રતિપ્રાભૃતમાં નક્ષત્રોના દ્વારોનું અને બાવીસમા પ્રતિપ્રાભૃતમાં ચન્દ્ર-સૂર્યની સાથે નક્ષત્રોના યોગો વિજય-સ્વરૂપનું કથન છે. આ રીતે દસમા પ્રાભૃતમાં બાવીસ પ્રતિપ્રાભૃત છે. ॥૧૫॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રગત ગાથાઓ દ્વારા સૂત્રકારે વિષયાનુક્રમનુ કથન કર્યું છે. આ બંને આગમમાં ૨૦ પ્રાભૃત, ૩૩ પ્રતિપ્રાભૃત અને ૩૫૭ પ્રતિપત્તિઓ છે.

**पाहुड–** પ્રાભૃત. પ્રાભૃતનો લોક પ્રસિદ્ધ અર્થ છે– ભેટ. પ્રાભૃતનો વ્યુત્પત્તિજન્ય અર્થ છે– **प्रकर्षेणासमन्ताद् भ्रियते–पोष्यते चित्तमभीष्टस्य पुरुषस्यानेनेति प्राभृतमिति व्युत्पत्तेः ।** જેના દ્વારા અભીષ્ટ–ઈષ્ટ વ્યક્તિના ચિત્તનું વિશેષ રૂપે પોષણ કરાય, તે પ્રાભૃત છે. દેશકાલોચિત દુર્લભ, સુંદર, રમણીય વસ્તુ આપીને અન્યના ચિત્તને પ્રફુલ્લિત કરાય છે, તેને લોક ભાષામાં ભેટ કહેવામાં આવે છે. દેવ, ગુરુ, મિત્રાદિને દેવામાં આવતી વસ્તુ પ્રાભૃત કહેવાય છે. વિનયાદિ ગુણોથી શોભતા શિષ્યોને તીર્થંકર પરમાત્મા તથા ગણધર ભગવંતે આ જ્ઞાન રૂપી ભેટ આપી છે, તેથી ભેટ તુલ્ય આ પ્રકરણોને પ્રાભૃત કહેવામાં આવે છે. જૈનેન્દ્ર સિદ્ધાંત કોષમાં પ્રાભૃત(પાહુડ)ની ત્રણ વ્યાખ્યા આપી છે. યથા– (૧) જેના પદ સ્ફૂટ–વ્યક્ત(સ્પષ્ટ) હોય તે પ્રાભૃત (૨) જે પ્ર = પ્રકૃષ્ટ–શ્રેષ્ઠ ઉત્તમ પુરુષ દ્વારા આભૃત = પ્રસ્થાપિત હોય તે પ્રાભૃત (૩) જે પ્ર = પ્રકૃષ્ટ જ્ઞાની દ્વારા આભૃત–ધારણ કરાયેલા હોય તેને પ્રાભૃત કહે છે. પ્રસ્તુતના અધ્યયન વિભાગો સ્પષ્ટ છે, ઉત્તમ સ્થવિર ભગવાન દ્વારા પ્રસ્થાપિત છે અને પ્રકૃષ્ટ જ્ઞાની દ્વારા ધારણ કરાયેલા છે, તેથી તે પ્રાભૃત કહેવાય છે. ટૂંકમાં કહીએ તો આ આગમના ભિન્ન-ભિન્ન અધિકારને પ્રાભૃત કહ્યા છે. પ્રાભૃતના અંતર્ગત અધિકારને પ્રાભૃત-પ્રાભૃત અથવા પ્રતિપ્રાભૃત કહ્યા છે અને પ્રાભૃત કે પ્રતિપ્રાભૃતમાં અન્ય મતાવલંબીઓની માન્યતાઓની રજૂઆતને પ્રતિપત્તિ કહેલ છે.

**પ્રાભૃત-પ્રતિપ્રાભૃત તથા પ્રતિપત્તિઓ :–**

| પ્રાભૃત સંખ્યા | પ્રતિપ્રાભૃત સંખ્યા | પ્રતિપત્તિ સંખ્યા |
|---|---|---|
| ૧ | ૮ | ૨૯ |
| | ચોથામાં | ૬ |
| | પાંચમામાં | ૫ |
| | છઠ્ઠામાં | ૭ |
| | સાતમામાં | ૮ |
| | આઠમામાં | ૩, કુલ ૨૯ |
| ૨ | ૩ | ૧૪ |
| | પ્રથમમાં | ૮ |
| | દ્વિતીયમાં | ૨ |
| | તૃતીયમાં | ૪, કુલ ૧૪ |
| ૩ | – | ૧૨ |
| ૪ | – | ૧૬+૧૬, કુલ ૩૨ |
| ૫ | – | ૨૦ |
| ૬ | – | ૨૫ |

| પ્રાભૃત સંખ્યા | પ્રતિપ્રાભૃત સંખ્યા | પ્રતિપત્તિ સંખ્યા |
|---|---|---|
| ૭ | – | ૨૦ |
| ૮ | – | ૩ |
| ૯ | – | ૩+૨૫+૨+ ૯૬, કુલ ૧૨૬ |
| ૧૦ | ૨૨ | ૧૦ |
| | પ્રથમમાં | ૫ |
| | એકવીસમામાં | ૫, કુલ ૧૦ |
| ૧૧ થી ૧૬ | – | – |
| ૧૭ | – | ૨૫ |
| ૧૮ | – | ૨૫ |
| ૧૯ | – | ૧૨ |
| ૨૦ | – | ૨ + ૨, કુલ ૪ |
| કુલ ૨૦ | ૩૩ | ૩૫૭ |

## પ્રથમ પ્રતિપ્રાભૃત વિષય પ્રારંભ

**નક્ષત્ર માસના મુહૂર્તો :–**

**૭** **ता कहं ते वड्ढोवुड्ढी मुहुत्ताणं आहिएति वएज्जा ? ता अट्ठ एगूणवीसे मुहुत्तसए सत्तावीसं च सट्ठिभागे मुहुत्तस्स आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મુહૂર્તોની હાનિ-વૃદ્ધિ કેવી રીતે થાય છે ? **ઉત્તર–** નક્ષત્ર માસમાં આઠસો ઓગણીસ (૮૧૯) મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠીયા સત્યાવીસ ભાગ અર્થાત્ ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નક્ષત્ર માસની મુહૂર્ત સંખ્યાનું નિરૂપણ છે. અહીં **ता** શબ્દ શિષ્યના પ્રશ્ન રૂપ સૂત્ર અને ગુરુના ઉત્તર રૂપ સૂત્ર, બંનેના પ્રારંભમાં પ્રયુક્ત છે. પ્રશ્ન રૂપ સૂત્રાંશમાં પ્રયુક્ત **ता** શબ્દ દ્વારા શિષ્યની યથાતથ્ય વસ્તુ સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા પ્રગટ થાય છે. ઉત્તરમાં ગુરુએ તે **ता** નું પુનરુચ્ચારણ કર્યું છે. તેના બે કારણ છે– (૧) **सर्वेणापि गुरुणा शिष्येण प्रश्नेकृते सति शिष्यपृष्टस्य पदस्य... अनुवाद पुरस्सरं प्रतिवचनमभिधातव्यं येन गुरुषु शिष्याणां बहुमानो भवति–यथाऽहं गुरुणां**

**सम्मत्त इति** । શિષ્ય પ્રશ્ન પૂછે ત્યારે શિષ્યે જે પદનું ઉચ્ચારણ કર્યું હોય, તે પદનું પુનરુચ્ચારણ ગુરુએ કરવું જોઈએ, તેથી શિષ્યને ગુરુપ્રતિ બહુમાન જાગે છે અને મારું કથન ગુરુને સમ્મત છે, તેવી શિષ્યને પ્રતીતિ થાય છે. (૨) **ता** શબ્દ પ્રયોગ સૂચવે છે કે આ વિષયક અન્ય ઘણું કહેવા યોગ્ય છે પરંતુ અત્યારે અહીં માત્ર આટલું જ કહ્યું છે.

પ્રસ્તુતમાં મુહૂર્તની હાનિ-વૃદ્ધિ વિષયક પ્રશ્ન છે અને ઉત્તરમાં નક્ષત્રમાસના મુહૂર્તનું કથન છે. પ્રશ્ન તો આ પ્રતિપ્રાભૃતના નિર્દિષ્ટ વિષય અનુસાર જ છે, પરંતુ ઉત્તર પ્રશ્નને અનુરૂપ નથી અને પૂર્વ નિર્દિષ્ટ પ્રાભૃતના વિષયને અનુરૂપ પણ નથી, તેથી એવું અનુમાન થઈ શકે કે આ ઉત્તર વાક્ય પ્રાભૃતની મધ્યમાં અન્યત્ર હોવું જોઈએ અને લિપિકાળમાં આ ઉત્તર વાક્ય આ પ્રશ્નની સાથે જોડાઈ ગયું હોય તેવી સંભાવના છે.

સૂત્રમાં માત્ર નક્ષત્રમાસની મુહૂર્ત સંખ્યાનો નિર્દેશ છે. તેમ છતાં અહીં પ્રારંભમાં સૂર્યમાસ, ચંદ્રમાસ, ઋતુમાસની મુહૂર્ત સંખ્યાનો પણ વિચાર કરવો આવશ્યક છે. તે પૂર્વે કાળ સંબંધી કેટલાક એકમો સમજવા જરૂરી છે, જેમ કે–

૨ ઘડી = ૧ મુહૂર્ત
૩૦ મુહૂર્ત = ૧ અહોરાત્ર
૧૫ અહોરાત્ર = ૧ પક્ષ
૨ પક્ષ = ૧ માસ
૨ માસ = ૧ ઋતુ
૩ ઋતુ = ૧ અયન

૨ અયન, ૬ ઋતુ, ૧૨ માસ, ૩૬૬ દિવસ } = ૧ સંવત્સર (વર્ષ)
૫ સંવત્સર = ૧ યુગ

**એક માસના મુહૂર્ત કાઢવાની રીત :–** એક યુગના ૧૮૩૦ અહોરાત્ર છે અને એક અહોરાત્રના ૩૦ મુહૂર્ત છે, તેથી ૧,૮૩૦ અહોરાત્ર × ૩૦ મુહૂર્ત = ૫૪,૯૦૦ મુહૂર્ત થાય, હવે પ્રત્યેક સંવત્સરના એક-એક માસના મુહૂર્ત કાઢવા માટે તે તે સંવત્સરના માસથી યુગની મુહૂર્ત સંખ્યાને ભાગતા એક માસના મુહૂર્ત નીકળે છે.

**માસની મુહૂર્ત સંખ્યા :–**

**એક યુગના ૫૪,૯૦૦ મુહૂર્તને યુગની માસ સંખ્યાથી ભાગ આપતા**

| એક યુગમાં સૂર્ય માસ ૬૦ છે | એક યુગમાં નક્ષત્ર માસ ૬૭ છે | એક યુગમાં ચંદ્ર માસ ૬૨ છે | એક યુગમાં ઋતુ માસ ૬૧ છે |
|---|---|---|---|
| ૯૧૫<br>૬૦)૫૪,૯૦૦<br>૫૪૦<br>૯૦<br>૬૦<br>૩૦૦<br>૩૦૦<br>૦૦૦ | ૮૧૯<br>૬૭)૫૪,૯૦૦<br>૫૩૬<br>૧૩૦<br>૬૭<br>૬૩૦<br>૬૦૩<br>૨૭ | ૮૮૫<br>૬૨)૫૪,૯૦૦<br>૪૯૬<br>૫૩૦<br>૪૯૬<br>૩૪૦<br>૩૧૦<br>૩૦ | ૯૦૦<br>૬૧)૫૪,૯૦૦<br>૫૪૯<br>૦૦૦૦૦ |
| **૯૧૫ મુહૂર્ત એક સૂર્ય માસમાં છે** | **૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત એક નક્ષત્ર માસમાં છે** | **૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત એક ચંદ્ર માસમાં છે** | **૯૦૦ મુહૂર્ત એક ઋતુ માસમાં છે** |

સૂર્ય સંવત્સરના ૩૬૬ અહોરાત્ર, ચંદ્ર સંવત્સરના ૩૫૪$\frac{૧૨}{૬૨}$ અહોરાત્ર, નક્ષત્ર સંવત્સરના ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ અહોરાત્ર અને ઋતુ સંવત્સરના ૩૬૦ અહોરાત્ર છે, પાંચ વર્ષનો એક યુગ થાય છે, તેથી સૂર્ય સંવત્સર પ્રમાણે એક યુગના ૩૬૬ × ૫ = ૧,૮૩૦ અહોરાત્ર થાય છે.

જૈન ખગોળ પ્રમાણે ચંદ્ર સંવત્સર, નક્ષત્ર સંવત્સર અને ઋતુ સંવત્સરના અહોરાત્ર સૂર્ય સંવત્સરથી ન્યૂન છે, પરંતુ દર પાંચ વર્ષે અર્થાત્ પ્રત્યેક યુગે બે અધિક માસ–અભિવર્ધિત માસ દ્વારા સૂર્ય સંવત્સર સાથે ચંદ્ર સંવત્સર આદિનો મેળ કરવામાં આવે છે.

જેમ કે– **ચંદ્ર સંવત્સરના** ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ દિવસ છે, તેના પાંચ વર્ષના એટલે ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ × ૫ = ૧૭૭૦ $\frac{૬૦}{૬૨}$ દિવસ થાય છે. સૂર્ય સંવત્સરના ૧૮૩૦ દિવસ છે, બંને વચ્ચે ૧૮૩૦–૧૭૭૦ $\frac{૬૦}{૬૨}$ = ૫૯ $\frac{૨}{૬૨}$ દિવસનો અર્થાત્ બે માસનો તફાવત છે. આ તફાવતની પૂર્તિ બે અધિક ચંદ્ર માસ દ્વારા કરવામાં આવે છે. ચંદ્રમાસના દિવસ ૨૯$\frac{૩૨}{૬૨}$ + ૨૯$\frac{૩૨}{૬૨}$ = ૫૯ $\frac{૨}{૬૨}$ થાય છે, તેથી એક યુગમાં ચંદ્ર સંવત્સરના ૧૨ × ૫ = ૬૦ માસ + ૨ અધિક માસ = **૬૨ માસ** થાય છે.

**નક્ષત્ર સંવત્સરના** ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ દિવસ છે. તેના એક યુગના પાંચ વર્ષના ૩૨૭ $\frac{૫૬}{૬૭}$ × ૫ = ૧૬૩૮ $\frac{૫૪}{૬૭}$ દિવસ થાય છે. સૂર્ય સંવત્સરના ૧૮૩૦ દિવસ છે. તે બંને વચ્ચે ૧૮૩૦–૧૬૩૮ $\frac{૫૪}{૬૭}$ = ૧૯૨ $\frac{૧૩}{૬૭}$ દિવસનો તફાવત છે. આ તફાવતની પૂર્તિ સાત અધિક નક્ષત્ર માસ દ્વારા કરવામાં આવે છે. નક્ષત્ર માસના દિવસ ૨૭ $\frac{૨૧}{૬૭}$ × ૭ માસ = ૧૯૨ $\frac{૧૩}{૬૭}$ થાય છે. એક યુગના નક્ષત્ર સંવત્સરના ૧૨ × ૫ = ૬૦ + ૭ અધિક માસ = **૬૭ માસ** થાય છે.

ઋતુ સંવત્સરના ૩૬૦ અહોરાત્ર છે. તેના એક યુગના પાંચ વર્ષના ૩૬૦ × ૫ = ૧૮૦૦ અહોરાત્ર થાય. સૂર્ય સંવત્સર ૧૮૩૦ અહોરાત્ર છે તે બંને વચ્ચે ૧૮૩૦–૧૮૦૦ = ૩૦ દિવસનો તફાવત છે અને તે તફાવતની પૂર્તિ એક અધિક ઋતુ માસ દ્વારા કરવામાં આવે છે, તેથી એક યુગના ઋતુ સંવત્સરના ૧૨ × ૫ = ૬૦ + ૧ અધિક માસ = ૬૧ માસ થાય છે.

**સૂર્યાદિ સંવત્સર, માસ, મુહૂર્તાદિ :–**

| ક્રમ | ૧ યુગના અહોરાત્ર | યુગના માસ | માસના અહોરાત્ર | માસના મુહૂર્ત | સંવત્સરના માસ | સંવત્સરના અહોરાત્ર |
|---|---|---|---|---|---|---|
| સૂર્ય સંવત્સર | ૧, ૮૩૦ | ૬૦ | ૩૦ $\frac{૧}{૨}$ | ૯૧૫ | ૧૨ | ૩૬૬ |
| નક્ષત્ર સંવત્સર | ૧, ૮૩૦ | ૬૭ | ૨૭ $\frac{૨૧}{૬૭}$ | ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ | ૧૨ | ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ |
| ચંદ્ર સંવત્સર | ૧, ૮૩૦ | ૬૨ | ૨૯ $\frac{૩૨}{૬૨}$ | ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ | ૧૨ | ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ |
| ઋતુ સંવત્સર | ૧, ૮૩૦ | ૬૧ | ૩૦ | ૯૦૦ | ૧૨ | ૩૬૦ |

**સૂર્યના ગમનાગમનના સમયાદિ :–**

**૮ ता जया णं सूरिए सव्वब्भंतराओ मंडलाओ सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ, सव्वबाहिराओ मंडलाओ सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, एस णं अद्धा केवइयं राइंदियग्गेणं आहिएति वएज्जा ? ता तिण्णि छावट्ठे राइंदियसए राइंदियग्गेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય સર્વાભ્યંતર મંડળથી સંક્રમણ(ગતિ) કરીને સર્વ બાહ્ય મંડળ ઉપર આવે અને સર્વ બાહ્ય મંડળથી સંક્રમણ(ગતિ) કરીને પાછો સર્વાભ્યંતર મંડળ ઉપર આવે તેટલા સમયમાં કેટલા અહોરાત્ર પસાર થાય છે ? **ઉત્તર–** તેટલા સમયમાં ત્રણસો છાસઠ (૩૬૬) અહોરાત્ર પસાર થાય છે અર્થાત્ સર્વ આભ્યંતર મંડળથી સર્વ બાહ્ય મંડળ ઉપર આવતાં અને સર્વ બાહ્ય મંડળથી સર્વ આભ્યંતર મંડળ ઉપર આવતાં સૂર્યને ૩૬૬ રાત્રિ-દિવસ થાય છે.

**९ ता एयाए णं अद्धाए सूरिए कइ मंडलाइं चरइ ? कइ मंडलाइं दुक्खुत्तो चरइ? कइ मंडलाइ एगक्खुत्तो चरइ ? ता चुलसीयं मंडलसयं चरइ। बयासीयं मंडलसयं दुक्खुत्तो चरइ, तं जहा– णिक्खममाणे चेव पविसमाणे चेव, दुवे य खलु मंडलाइं सइं चरइ, तं जहा– सव्वब्भंतरं चेव मंडलं सव्वबाहिरं चेव मंडलं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તેટલા કાળમાં(સર્વાભ્યંતર મંડળથી સર્વ બાહ્ય મંડળ ઉપર અને સર્વ બાહ્ય મંડળ થી સર્વાભ્યંતર મંડળ ઉપર આવતાં) સૂર્ય કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? કેટલા મંડળ ઉપર બે વાર પરિભ્રમણ કરે છે ? કેટલા મંડળ પર એકવાર પરિભ્રમણ કરે છે ?

**ઉત્તર–** તેટલા કાલમાં સૂર્ય ૧૮૪ મંડળો ઉપર પરિભ્રમણ કરે છે, તેમાંથી ૧૮૨ મંડળમાં સૂર્ય બે-બે વાર ફરે છે. બહાર નીકળતા અને પુનઃ પ્રવેશ કરતાં, એમ બે વાર ફરે છે અને સર્વ આભ્યંતર મંડળ તથા સર્વ બાહ્યમંડળ, આ બે મંડળો ઉપર સૂર્ય એક વાર પરિભ્રમણ કરે છે.


**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સૂર્યની મંડલ સંખ્યા, મંડલ ઉપર થતાં ગમનાગમનનો સમય અને ગમનાગમનની સંખ્યાની વિચારણા છે.

**સૂર્ય મંડલ–** સૂર્યનો પરિભ્રમણ માર્ગ. અઢી દ્વીપમાં સૂર્યાદિ જ્યોતિષી વિમાનો સુદર્શન મેરુ પર્વતની ફરતે ગોળાકારમાં ફર્યા કરે છે. તેઓની પ્રદક્ષિણાના માર્ગને મંડલ કહેવામાં આવે છે. જો કે સૂર્ય-ચંદ્રના આ મંડલ સંપૂર્ણ વર્તુલાકારે નથી. તેઓ પરિભ્રમણ કરતાં-કરતાં પોતાના સ્થાનથી થોડા-થોડા દૂર જતાં જાય છે. આ મંડલ–માર્ગનો આકાર જલેબીના ગૂંચળાની જેવો છે.

**सूर्ययोदक्षिणोत्तरायणे कुर्वतोर्निजबिम्बप्रमाण चक्रवाल विष्कम्भानि प्रतिदिन भ्रमिक्षेत्र लक्षणानि मंडलानि ।** –જંબૂ० વૃત્તિ. દક્ષિણાયન– દૂર જતાં અને ઉત્તરાયણ–નજીક આવતાં સૂર્યના, પોતાના વિમાનની પહોળાઈ જેટલા પહોળા, રોજના ભ્રમણ માર્ગને મંડળ કહે છે. સૂર્યનો મેરુની પ્રદક્ષિણાનો વર્તુળાકાર નિયત માર્ગ સૂર્ય મંડળ કહેવાય છે.

સૂર્યનું વર્તુળ સદશ મંડલ



આ સૂર્ય મંડળો વાસ્તવિક રૂપે સંપૂર્ણ વર્તુળાકાર નથી. **मंडले प्रथमक्षणे यद् व्याप्तं क्षेत्र तत्सम श्रेण्येव यदि परः क्षेत्रव्याप्नुयात् तदा तात्त्विकी मंडलता न स्यात्**–જંબૂ० વૃત્તિ.

જે ક્ષેત્રથી સમશ્રેણીએ વર્તુળાકારે ગતિ શરૂ કરે અને પુનઃ તે જ ક્ષેત્ર પર આવી પહોંચે તો તે વાસ્તવિક મંડળ કહેવાય. સમશ્રેણી ઉપર વર્તુળાકારે ભ્રમણ કરી પુનઃ અન્ય ક્ષેત્રને પ્રાપ્ત કરે તો તે વાસ્તવિક મંડળ ન કહેવાય. સૂર્ય પ્રત્યેક અર્ધપ્રદક્ષિણાએ બે યોજન અને એક પ્રદક્ષિણા પૂર્ણ થાય ત્યારે ૪ યોજન દૂર


ચાલ્યો જાય છે, તેથી સૂર્ય મંડળ વાસ્તવિક મંડલાકાર નથી પરંતુ **मंडलत्वं चैषां मंडलसदृशत्वात् न तु तात्त्विकं ।** –જંબૂ૦ વૃત્તિ. આ મંડલો વર્તુળ સદશ, મંડળ જેવા હોવાથી તેને મંડલ કહ્યા છે.

**મંડલ સંખ્યા–** સૂર્યના કુલ મંડળ ૧૮૪ છે. જંબૂદ્વીપની ઉપર, મેરુ પર્વત તરફ સૂર્યનું સૌથી પ્રથમ મંડલ **સર્વાભ્યંતર મંડલ** કહેવાય છે અને લવણ સમુદ્રની ઉપર, સર્વાભ્યંતર મંડલથી ૫૧૦ યોજન(તીરછું) દૂર, લવણશિખા(દકમાલ) તરફનું સૌથી છેલ્લું ૧૮૪મું મંડલ **સર્વ બાહ્ય મંડલ** કહેવાય છે.

જંબૂદ્વીપમાં બે સૂર્ય પરિભ્રમણ કરે છે. તેમાં પૂર્વીય સૂર્ય સર્વાભ્યંતર(પ્રથમ) મંડળને પૂર્વમાં પૂર્ણ કરીને શાસ્ત્રોક્ત શ્રાવણ વદ–૧(ગુજરાતી અષાઢ વદ–૧)ના પૂર્વ દિશાથી બીજા મંડળ ઉપર પરિભ્રમણનો પ્રારંભ કરે છે અને તે જ સમયે બીજો પશ્ચિમી સૂર્ય સર્વાભ્યંતર મંડળને પશ્ચિમ દિશામાં પૂર્ણ કરીને તે જ શ્રાવણ વદી–૧ના પશ્ચિમ દિશાથી બીજા મંડળ ઉપર પરિભ્રમણનો પ્રારંભ કરે છે, તે સૂર્ય સંવત્સરની પ્રથમ અહોરાત્રિ હોય છે અને દક્ષિણાયનનો પ્રારંભ થાય છે. ત્યાંથી સૂર્ય ૧૮૨ મંડળ ઉપર પરિભ્રમણ કરતાં-કરતાં ૧૮૩મા એટલે બાહ્ય મંડળ ઉપર આવે છે, તે દક્ષિણાયનનો અંતિમ દિવસ હોય છે.

સૂર્ય સર્વ બાહ્ય મંડળથી અંદરના બીજા મંડળ ઉપર સંક્રમણ કરે ત્યારે ઉત્તરાયણનો પ્રારંભ થાય છે અને ૧૮૨ મંડલ ઉપર પરિભ્રમણ કરતાં-કરતાં ૧૮૩મા અર્થાત્ સર્વાભ્યંતર મંડલ ઉપર આવે છે, તે ઉત્તરાયણનો અંતિમ દિવસ હોય છે. આ રીતે ૩૬૬ અહોરાત્રમાં સૂર્ય સર્વાભ્યંતર અને સર્વ બાહ્ય મંડલ પર એક-એકવાર અને શેષ ૧૮૨ મંડલ ઉપર બે વાર(દક્ષિણાયનમાં એક વાર અને ઉત્તરાયણમાં એક વાર), પરિભ્રમણ કરે છે. તેથી ૧૮૨ + ૧૮૨ = ૩૬૪ + ૨ = ૩૬૬ મંડલ પર સૂર્ય એક સંવત્સરમાં પરિભ્રમણ કરે છે. સૂર્ય બંને બાજુના અંતિમ મંડળ ઉપર પહોંચ્યા પછી, તે જ મંડળ ઉપર પાછો ફરતો નથી પણ પછીના બીજા મંડળ ઉપર આવી જાય છે તેથી બંને તરફના અંતિમ અર્થાત્ સર્વબાહ્ય અને સર્વાભ્યંતર મંડળ ઉપર એકવાર પરિભ્રમણ કરે છે.

**સૂર્યની મંડળ ઉપરની ભ્રમણ સંખ્યા :–**



**દિનમાન–રાત્રિમાનમાં હાનિ–વૃદ્ધિ :–**

**૧૦** **जइ खलु तस्सेव आइच्चस्स संवच्छरस्स सइं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, सइं अट्ठारसमुहुत्ता राई भवइ, सइं दुवालसमुहुत्ते दिवसे भवइ, सइं दुवालसमुहुत्ता राई भवइ ।**

**पढमे छम्मासे अत्थि अट्ठारसमुहुत्ता राई, णत्थि अट्ठारसमुहुत्ते दिवसे, अत्थि दुवालसमुहुत्ते दिवसे, णत्थि दुवालसमुहुत्ता राई ।**

**दोच्चे छम्मासे अत्थि अट्ठारसमुहुत्ते दिवसे, णत्थि अट्ठारसमुहुत्ता राई, अत्थि दुवालसमुहुत्ता राई, णत्थि दुवालसमुहुत्ते दिवसे ।**

**ભાવાર્થ :–** ૩૬૬ અહોરાત્રિવાળા તે આદિત્ય સંવત્સરમાં એક વાર ૧૮ મુહૂર્તનો દિવસ અને એક વાર ૧૮ મુહૂર્તની રાત્રિ થાય છે તથા એક વાર ૧૨ મુહૂર્તનો દિવસ અને એક વાર ૧૨ મુહૂર્તની રાત્રિ થાય છે.

**પ્રથમ છ માસમાં** અર્થાત્ પ્રથમ છ માસના(દક્ષિણાયનના) અંતિમ દિવસે ૧૮ મુહૂર્તની રાત્રિ હોય છે પરંતુ ૧૮ મુહૂર્તનો દિવસ હોતો નથી ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે પરંતુ ૧૨ મુહૂર્તની રાત્રિ હોતી નથી.

**બીજા છ માસમાં** અર્થાત્ બીજા છ માસના(ઉત્તરાયણના) અંતિમ દિવસે ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે પરંતુ ૧૮ મુહૂર્તની રાત્રિ હોતી નથી, ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે, પરંતુ ૧૨ મુહૂર્તનો દિવસ હોતો નથી.

**૧૧** **पढमे छम्मासे वा दोच्चे छम्मासे वा णत्थि पण्णरसमुहुत्ते दिवसे, णत्थि पण्णरसमुहुत्ताराई । तत्थ णं को हेउं वएज्जा ? ता अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए** *जाव* **एगं जोयणसयसहस्सं आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं सोलस सहस्साइं दोण्णि य सत्तावीसे जोयणसए तिण्णि कोसे अट्ठावीसं च धणुसयं तेरस अंगुलाइं अद्धंगुलं च किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ते ।**

**ता जया णं सूरिए सव्वब्भंतरमण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પ્રથમ છ માસ અને બીજા છ માસમાં ૧૫ મુહૂર્તનો દિવસ અને ૧૫ મુહૂર્તની રાત્રિ હોતી નથી, તેનું શું કારણ છે ? **ઉત્તર–** સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં એક લાખ યોજનની લંબાઈ-પહોળાઈ તથા ત્રણ લાખ સોળહજાર બસો સત્યાવીસ(૩,૧૬,૨૨૭) યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ અને ૧૩ ll અંગુલથી કાંઈક અધિક પરિધિવાળો જંબૂદ્વીપ નામનો દ્વીપ છે.

(આ જંબૂદ્વીપની ઉપર, મેરુપર્વત તરફના) સર્વાભ્યંતર(પ્રથમ) મંડળ ઉપર સૂર્ય જ્યારે પરિભ્રમણ કરતો હોય ત્યારે આખા વરસનો સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

**१२** **से णिक्खममाणे सूरिए णवं संवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया।**

**ભાવાર્થ :–** પ્રથમ મંડળમાંથી બહાર નીકળતો, નવા વરસનો અને નવા અયન અર્થાત્ દક્ષિણાયનનો પ્રારંભ કરતો સૂર્ય, પ્રથમ અહોરાત્રિમાં આભ્યંતરાનંતર–સર્વાભ્યંતર પછીના બીજા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે આભ્યંતરાનંતર– બીજા મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, ત્યારે બે એકસઠાંશ($\frac{2}{61}$) મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તનો અર્થાત્ સત્તર પૂર્ણાંક ઓગણસાંઠ એકસઠાંશ(૧૭ $\frac{59}{61}$) મુહૂર્તનો દિવસ અને બે એકસઠાંશ અધિક બાર મુહૂર્ત અર્થાત્ બાર પૂર્ણાંક બે એકસઠાંશ(૧૨ $\frac{2}{61}$) મુહૂર્તની રાત્રિ હોય છે.

**१३** **से णिक्खममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भित्तरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए अब्भितरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ चउहिं एगसट्ठिभागमुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** બીજા મંડળમાંથી નીકળતો સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા આભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે ત્રીજા આભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે ચાર એકસઠાંશ($\frac{4}{61}$) મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તનો અર્થાત્ સત્તર પૂર્ણાંક સત્તાવન એકસઠાંશ(૧૭ $\frac{57}{61}$) મુહૂર્તનો દિવસ અને ચાર એકસઠાંશ અધિક બાર મુહૂર્ત અર્થાત્ ૧૨ પૂર્ણાંક ૪ એકસઠાંશ(૧૨ $\frac{4}{61}$) મુહૂર્તની રાત્રિ હોય છે.

**१४** **एवं खलु एएणं उवाएणं णिक्खममाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणे-संकममाणे दो-दो एगट्ठिभाग मुहुत्ते एगमेगे मंडले दिवसखेत्तस्स णिवुड्ढेमाणे णिवुड्ढेमाणे रयणिखेत्तस्स अभिवुड्ढेमाणे अभिवुड्ढेमाणे सव्वबाहिरमंडलं उवसंकमित्ता चारं चरइ,**

**ता जया णं सूरिए सव्वब्भंतराओ मंडलाओ सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सव्वब्भंतरमंडलं पणिहाय एगेणं तेसीएणं राइंदियसएणं तिण्णिछावट्ठे एगट्ठिभागमुहुत्ते सए दिवसखेत्तस्स णिवुड्ढित्ता रयणिखेत्तस्स अभिवुड्ढित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ ।**

**एस णं पढमे छम्मासे, एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી આભ્યંતર મંડળમાંથી બહાર નીકળતો, પછી-પછીના મંડળ ઉપર સંક્રમણ કરતો સૂર્ય પ્રત્યેક મંડળે દિવસને બે એકસઠાંશ($\frac{2}{61}$) મુહૂર્ત નાનો કરતો અને રાત્રિને $\frac{2}{61}$ મુહૂર્ત મોટી કરતો-કરતો સર્વ બાહ્ય મંડળ ઉપર પહોંચે છે.

જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળથી સર્વ બાહ્ય મંડળ ઉપર આવીને પરિભ્રમણ કરે છે ત્યારે સર્વાભ્યંતર

મંડળ અર્થાત્ પ્રથમ મંડળને વર્જિને (શેષ ૧૮૩ મંડળના) ૧૮૩ અહોરાત્રમાં (પ્રત્યેક અહોરાત્રિમાં $\frac{૨}{૬૧}$ મુહૂર્ત એટલે ૧૮૩ × $\frac{૨}{૬૧}$ = ૩૬૬ એકસઠાંશ($\frac{૩૬૬}{૬૧}$) મુહૂર્ત અર્થાત્ ૬ મુહૂર્ત પ્રમાણ દિવસ ક્ષેત્રની હાનિ અને રાત્રિ ક્ષેત્રની વૃદ્ધિ કરે છે અને ત્યારે આખા વરસની સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

આ રીતે પ્રથમ છ માસ થાય છે. અહીં સર્વ બાહ્ય મંડળ ઉપર સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં વર્ષના પ્રથમ છ માસનો(દક્ષિણાયનનો) અંત થાય છે.

**૧૫ से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ । ता जया णं सूरिए बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं अट्ठारसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** સર્વ બાહ્ય મંડળ(૧૮૪મા મંડળ)થી અંદર પ્રવેશતો, બીજા છ માસનો અને નવા અયન (ઉત્તરાયણ)નો પ્રારંભ કરતો સૂર્ય, પ્રથમ અહોરાત્રિમાં બાહ્યાનંતર અર્થાત્ બીજા બાહ્ય (૧૮૩મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે બાહ્યાનંતર(૧૮૩મા) મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે બે એકસઠાંશ($\frac{૨}{૬૧}$) મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તની અર્થાત્ સત્તર પૂર્ણાંક ઓગણસાઠ એકસઠાંશ(૧૭ $\frac{૫૯}{૬૧}$) મુહૂર્તની રાત્રિ અને બે એકસઠાંશ($\frac{૨}{૬૧}$) મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨$\frac{૨}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ હોય છે.

**૧૬ से पविसमाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं अट्ठारसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** બીજા બાહ્ય મંડળથી અંદર પ્રવેશતો સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા બાહ્ય મંડળ(૧૮૨મા મંડળ) ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે ત્રીજા બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે ચાર એકસઠાંશ ($\frac{૪}{૬૧}$) મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તની અર્થાત્ ૧૭ $\frac{૫૭}{૬૧}$ મુહૂર્તની રાત્રિ અને $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્તનો અર્થાત્ ૧૨$\frac{૪}{૬૧}$ મુહૂર્તનો દિવસ હોય છે.

**૧૭ एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणे-संकममाणे दो-दो एगट्ठिभागमुहुत्ते एगमेगे मंडले रयणिखेत्तस्स णिवुड्ढेमाणे–णिवुड्ढेमाणे दिवसखेत्तस्स अभिवुड्ढेमाणे-अभिवुड्ढेमाणे सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ,**

**ता जया णं सूरिए सव्वबाहिराओ मंडलाओ सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सव्वबाहिरं मंडलं पणिहाय एगेणं तेसीएणं राइंदियसएणं तिण्णिछावट्ठे एगट्ठिभागमुहुत्ते सए रयणिखेत्तस्स णिवुड्ढित्ता दिवसखेत्तस्स अभिवुड्ढित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**एस णं दोच्चे छम्मासे, एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे । एस णं आइच्चे संवच्छरे, एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી બાહ્ય મંડળથી અંદર-અંદર પ્રવેશતો, પછી-પછીના મંડળ ઉપર સંક્રમણ કરતો સૂર્ય પ્રત્યેક મંડળે રાત્રિને $\frac{૨}{૬૧}$ મુહૂર્ત નાની કરતો અને દિવસને $\frac{૨}{૬૧}$ મુહૂર્ત મોટો કરતો સર્વાભ્યંતર મંડળ ઉપર પહોંચે છે.

જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડળથી સર્વાભ્યંતર મંડળ ઉપર આવીને પરિભ્રમણ કરે છે ત્યારે સર્વ બાહ્ય– ૧૮૪મા મંડળને વર્જીને (શેષ ૧૮૩ મંડળના ૧૮૩ અહોરાત્રના) મુહૂર્તના ૩૬૬ એકસઠીયા ભાગ($\frac{૩૬૬}{૬૧}$) પ્રમાણ અર્થાત્ ૬ મુહૂર્ત પ્રમાણ રાત્રિ ક્ષેત્રની હાનિ અને દિવસ ક્ષેત્રની વૃદ્ધિ કરે છે અને ત્યારે આખા વરસનો સૌથી મોટમાં મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ થાય છે.

આ રીતે બીજા છ માસ પૂર્ણ થાય છે. અહીં સર્વાભ્યંતર મંડળ ઉપર સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં બીજા છ માસનો(ઉત્તરાયણનો) અંત થાય છે. આ રીતે બંને છ-છ માસ મળીને આદિત્ય સંવત્સર થાય છે. આ રીતે સૂર્ય સર્વાભ્યંતર મંડળ પૂર્ણ કરે ત્યારે આદિત્ય સંવત્સર પૂર્ણ થાય છે.

**૧૮ एवं खलु तस्सेव आइच्चस्स संवच्छरस्स सइं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, सइं अट्ठारसमुहुत्ता राई भवइ, सइं दुवालसमुहुत्ते दिवसे भवइ, सइं दुवालसमुहुत्ता राई भवइ ।**

**पढमे छम्मासे अत्थि अट्ठारसमुहुत्ता राई, णत्थि अट्ठारसमुहुत्ते दिवसे, अत्थि दुवालसमुहुत्ते दिवसे णत्थि दुवालसमुहुत्ता राई ।**

**दोच्चे वा छम्मासे अत्थि अट्ठारसमुहुत्ते दिवसे णत्थि अट्ठारसमुहुत्ता राई, अत्थि दुवालसमुहुत्ता राई, णत्थि दुवालसमुहुत्ते दिवसे ।**

**पढमे वा छम्मासे दोच्चे वा छम्मासे णत्थि पण्णरसमुहुत्ते दिवसे, णत्थि पण्णरसमुहुत्ता राई । णत्थि राइंदियाणं वड्ढोवुड्ढीए मुहुत्ताणं वा चयोवचएणं णण्णत्थ वा अणुवायगईए । *(गाहाओ भाणियव्वाओ)* ।**

**ભાવાર્થ :–** આ રીતે(૩૬૬ અહોરાત્ર પ્રમાણવાળા) આદિત્ય સંવત્સરમાં એકવાર ૧૮ મુહૂર્તનો દિવસ અને એક વાર ૧૮ મુહૂર્તની રાત્રિ થાય છે તથા એક વાર ૧૨ મુહૂર્તનો દિવસ અને એકવાર ૧૨ મુહૂર્તની રાત્રિ થાય છે.

**પ્રથમ છ માસમાં** અર્થાત્ પ્રથમ છ માસના અંતિમ દિવસે ૧૮ મૂહૂર્તની રાત્રિ હોય છે પરંતુ ૧૮ મુહૂર્તનો દિવસ હોતો નથી અને તે દિવસે ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે પરંતુ ૧૨ મુહૂર્તની રાત્રિ હોતી નથી.

**બીજા છ માસમાં** અર્થાત્ બીજા છ માસના અંતિમ દિવસે ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે પરંતુ ૧૮ મુહૂર્તની રાત્રિ હોતી નથી અને તે દિવસે ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે પરંતુ ૧૨ મુહૂર્તનો દિવસ હોતો નથી.

પ્રથમ છ માસ અને બીજા છ માસમાં અર્થાત્ સર્વબાહ્ય અને સર્વાભ્યંતર મંડળ ઉપર સૂર્ય પરિભ્રમણ કરતો હોય ત્યારે ૧૫ મુહૂર્તનો દિવસ અને ૧૫ મુહૂર્તની રાત્રિ હોતી નથી. રાત્રિ-દિવસની

હાનિ-વૃદ્ધિથી પણ ૧૫ મુહૂર્તના રાત્રિ-દિવસ થતાં નથી. મુહૂર્તની વધ-ઘટ અનુપાત ગતિ સિવાય અન્યત્ર ૧૫ મુહૂર્તના રાત્રિ-દિવસ થતાં નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દિવસ-રાત્રિના પ્રમાણમાં થતી હાનિ-વૃદ્ધિનું નિરૂપણ છે.


સૂર્ય સર્વાભ્યંતર મંડળથી સર્વ બાહ્ય મંડળ તરફ પ્રયાણ કરે ત્યારે સૂર્ય મેરુ પર્વતથી દૂર જાય છે, તેથી દક્ષિણાયનના છ માસમાં દિવસ ટૂંકો અને રાત લાંબી થતી જાય છે. તે જ રીતે સૂર્ય સર્વ બાહ્ય મંડળથી સર્વાભ્યંતર મંડળ તરફ પ્રયાણ કરે, ત્યારે તે મેરુ પર્વતની નજીક આવતો જાય છે, તેથી ઉત્તરાયણના તે છ માસમાં રાત્રિ ટૂંકી અને દિવસ લાંબો થતો જાય છે.

**णवं संवच्छरं अयमाणे :–** નવા સંવત્સર(વર્ષ) અને દક્ષિણાયનના પ્રથમ અહોરાત્રમાં સૂર્ય સર્વાભ્યંતર પછીના અર્થાત્ બીજા મંડળ ઉપર ભ્રમણ કરે છે.


**દક્ષિણાયન :–** નવા વરસના પ્રથમના છ માસ કે જેમાં બંને સૂર્ય અંદરના મંડળ ઉપરથી બહારના મંડળ તરફ પ્રયાણ કરે છે. સૂર્ય બહાર નીકળે ત્યારે ૧૮૪મા મંડળ પર્યંતના(પ્રથમ મંડળને વર્જીને) ૧૮૩ મંડળ ઉપર ગતિ કરવાના ૧૮૩ અહોરાત્ર દક્ષિણાયનના કહેવાય છે. સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય તે દિવસ કર્કસંક્રાંતિ કહેવાય છે. કર્કસંક્રાંતિના બીજા દિવસથી દક્ષિણાયનનો પ્રારંભ થાય છે.

શાસ્ત્રીય શ્રાવણ વદ-૧, ગુજરાતી અષાઢ વદ-૧થી સૂર્ય સંવત્સરનો પ્રારંભ થાય છે. શ્રાવણ વદ-૧ના પૂર્વીય અથવા ભારતીય સૂર્ય નિષધ પર્વત સમીપેથી બીજા મંડળ પર ભ્રમણ શરૂ કરી ભરતક્ષેત્રમાં નવા વર્ષનો પ્રારંભ કરે છે અને પશ્ચિમી અથવા ઐરવતીય સૂર્ય નીલવાન પર્વત સમીપે બીજા મંડળ ઉપર ભ્રમણ શરૂ કરીને ઐરવત ક્ષેત્રમાં નવા વરસનો પ્રારંભ કરે છે.

આભ્યંતર મંડળથી બાહ્ય મંડળ તરફ ગતિ કરતાં(દક્ષિણાયનના) સૂર્યો



બાહ્ય મંડળથી સર્વાભ્યંતર મંડળ તરફ ગતિ કરતાં (ઉત્તરાયણના) સૂર્યો




**पविसमाणे सूरिए दोच्चे छम्मासे :–** ઉત્તરાયણના પ્રથમ અહોરાત્રમાં સૂર્ય સર્વ બાહ્ય પછીના બીજા અર્થાત્ ૧૮૩મા મંડળ ઉપર ભ્રમણ કરે છે.

**ઉત્તરાયણ :–** સૂર્ય વરસના દ્વિતીય છ માસ કે જેમાં બંને સૂર્ય બહારના બીજા મંડળ ઉપરથી સર્વાભ્યંતર-પ્રથમ મંડળ તરફ પ્રયાણ કરે છે. સૂર્ય અંદર પ્રવેશ કરે ત્યારે ૧૮૩માં મંડળથી પ્રથમ મંડળ પર્યંતના ૧૮૩ મંડળ ના ૧૮૩ અહોરાત્ર ઉત્તરાયણના કહેવાય છે. સૂર્ય સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય તે દિવસ મકરસંક્રાંતિ કહેવાય છે. મકરસંક્રાંતિના બીજા દિવસથી ઉત્તરાયણનો પ્રારંભ થાય છે.

**લાંબામાં લાંબો દિવસ :–** સૂર્ય જ્યારે ઉત્તરાયણના અંતિમ મંડળ ઉપર અર્થાત્ સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, ત્યારે વરસનો સૌથી લાંબો ૧૮ મુહૂર્તનો(૧૪ કલાક અને ૨૪ મિનિટનો) દિવસ અને બાર મુહૂર્તની(૯ કલાક અને ૩૬ મિનિટની) રાત્રિ હોય છે.

**લાંબામાં લાંબી રાત :–** સૂર્ય જ્યારે દક્ષિણાયનના અંતિમ મંડળ અર્થાત્ સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે વરસની સૌથી લાંબી ૧૮ મુહૂર્તની(૧૪ કલાક અને ૨૪ મિનિટની) રાત્રિ અને ૧૨ મુહૂર્તનો(૯ કલાક અને ૩૬ મિનિટનો) દિવસ હોય છે.




**પ્રતિમંડળે દિવસ-રાત્રિના હાનિ-વૃદ્ધિનો ધ્રુવાંક :–** દક્ષિણાયનમાં પ્રત્યેક મંડળે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત પ્રમાણ દિવસ ઘટે છે અને $\frac{૨}{૬૧}$ મુહૂર્ત પ્રમાણ રાત્રિ વધે છે. ઉત્તરાયણમાં પ્રત્યેક મંડળે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત પ્રમાણ રાત્રિ ઘટે છે અને તેટલો જ દિવસ વધે છે.

બંને અયનમાં સૂર્ય ૧૮૩ મંડળ પસાર કરે છે. પ્રત્યેક મંડળે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત અર્થાત્ લગભગ દોઢ મિનિટની વધ–ઘટ થાય છે. ૧૮૩ × $\frac{૨}{૬૧}$ = $\frac{૩૬૬}{૬૧}$. આ મુહૂર્તાંશના મુહૂર્ત કરવા ૩૬૬ ÷ ૬૧ = ૬ મુહૂર્ત. આ રીતે બંને અયનમાં કુલ ૬ મુહૂર્ત દિવસ-રાતની વધ-ઘટ થાય છે.

સૂર્ય ૧૮૩ અહોરાત્રમાં ૧૮૩ મંડળ પસાર કરે ત્યારે ૬ મુહૂર્ત પ્રમાણ રાત્રિ-દિવસ વધે-ઘટે છે. જો ૧૮૩ અહોરાત્રમાં ૬ મુહૂર્ત વધે કે ઘટે તો એક અહોરાત્રિમાં કેટલા મુહૂર્તની વધ-ઘટ થાય ? આ રીતે ત્રિરાશી મૂકતાં $\frac{૬}{૧} \times \frac{૧}{૧૮૩}$ માં ત્રણથી છેદ આપતા $\frac{૨}{૬૧}$ મુહૂર્તની વધ-ઘટ એક અહોરાત્રિમાં થાય છે.

**णत्थि राइंदियाणं...... :–** રાત્રિ-દિવસની વૃદ્ધિ-હાનિથી કે મુહૂર્તના ચય = વધવા, અપચય = ઘટવાથી ૧૫ મુહૂર્તના રાત્રિ-દિવસ થતાં નથી. સૂર્ય પ્રત્યેક અહોરાત્રે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત દિવસ-રાત્રિની વૃદ્ધિ-હાનિ કરે છે, તે અનુસાર ગણના કરતાં ૯૨મા મંડલ ઉપર દક્ષિણાયનમાં ૧૫ $\frac{૧}{૬૧}$ મુહૂર્તનો દિવસ અને ૧૪ $\frac{૬૦}{૬૧}$ મુહૂર્તની રાત્રિ હોય છે. ઉત્તરાયણમાં ૯૨મા મંડલ ઉપર ૧૪ $\frac{૬૦}{૬૧}$ મુહૂર્તનો દિવસ અને ૧૫ $\frac{૧}{૬૧}$ મુહૂર્તની રાત્રિ હોય છે. (જુઓ પરિશિષ્ટ–૯. સૂર્યના ૧૮૪ મંડળનું કોષ્ટક) આ રીતે બંને અયનના એક પણ મંડળ ઉપર ૧૫ મુહૂર્તના દિવસ-રાત્રિ નથી, પરંતુ સર્વથા ૧૫ મુહૂર્તના રાત્રિ-દિવસ નથી, તેમ પણ નથી. અનુપાત ગતિ અર્થાત્ ત્રિરાશિ અનુસારની ગતિ (ગણના)થી તે પ્રાપ્ત થાય છે, યથા– ૧૮૩ મંડળમાં ૬ મુહૂર્તની હાનિ-વૃદ્ધિ થાય, તો તેના(૧૮૩ મંડળના) અર્ધા અર્થાત્ ૯૧ાામા મંડળે ૩ મુહૂર્તની હાનિ-વૃદ્ધિ થતાં ૯૨મા મંડળ ઉપર સૂર્ય અર્ધું ચાલે ત્યારે ૧૫ મુહૂર્તના રાત્રિ-દિવસ પ્રાપ્ત થાય છે. આ રીતે અનુપાત ગતિ સિવાય અન્યથા ૧૫ મુહૂર્તના રાત્રિ-દિવસ થતાં નથી.

**गाहाओ भाणियव्वाओ**– ગાથાઓ કહેવી, આ તથા પાંચમા પ્રતિપ્રાભૃત વગેરેમાં સૂત્રના અંતમાં આ પ્રકારનો સૂત્ર પાઠ છે જોવા મળે પૂર્વે નિર્યુક્તિમાં અથવા ગ્રંથાંતરમાં આ સૂત્ર વિષયક ગાથાઓ હશે. પણ વૃત્તિકારના સમયે આ ગાથાઓ વિચ્છિન્ન થઈ ગઈ હશે. **ताश्च सम्प्रति कापि पुस्तके न दृश्यन्त इति व्यवच्छिन्नाः सम्भाव्यन्ते** કહીને વૃત્તિકારે તેની વ્યાખ્યા કરી નથી. વર્તમાનમાં આ ગાથાઓ ઉપલબ્ધ ન હોવાથી તે સૂત્ર પાઠને કૌંસમાં ઈટાલિયન ટાઈપમાં મૂક્યો છે.

**॥ પ્રાભૃત–૧/૧ સંપૂર્ણ ॥**

# પહેલું પ્રાભૃત : બીજું પ્રતિપ્રાભૃત

## અર્ધમંડળ સંસ્થિતિ

**સૂર્યના દક્ષિણ–ઉત્તર દિશાવર્તી અર્ધમંડળો :–**

**१ ता कहं ते अद्धमंडलसंठिई आहिएति वएज्जा ? तत्थ खलु इमे दुवे अद्धमंडलसंठिई पण्णत्ता, तं जहा– दाहिणा चेव अद्धमंडलसंठिई उत्तरा चेव अद्धमंडलसंठिई ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્યના અર્ધ મંડળોની સંસ્થિતિ(સ્થિતિ–વ્યવસ્થા) કેવા પ્રકારની છે ? **ઉત્તર–** બે પ્રકારના અર્ધમંડળોની સંસ્થિતિ છે અર્થાત્ અર્ધમંડળોના બે પ્રકાર છે– (૧) દક્ષિણ દિશાવર્તી અર્ધમંડળો અને (૨) ઉત્તર દિશાવર્તી અર્ધમંડળો.

**२ ता कहं ते दाहिणा अद्धमंडलसंठिई आहिएति वएज्जा ? ता अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए *जाव* परिक्खेवेणं ता जया णं सूरिए सव्वब्भंतरं दाहिणं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** દક્ષિણ દિશાવર્તી અર્ધમંડળોની સંસ્થિતિ કેવી છે ? **ઉત્તર–** સર્વ દ્વીપ સમુદ્રોની મધ્યમાં ***યાવત્*** પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. સૂર્ય જ્યારે સર્વાભ્યંતર દક્ષિણ દિશાવર્તી અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, ત્યારે દક્ષિણાર્ધ જંબૂદ્વીપમાં સૌથી મોટામાં મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

**३ से णिक्खममाणे सूरिए णवं संवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि दाहिणाए अंतराए भागाए तस्सादिपएसाए अब्भिंतराणंतरं उत्तरं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ ।**

**ता जया णं सूरिए अब्भिंतराणंतरं उत्तरं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** દક્ષિણ દિશાવર્તી સર્વાભ્યંતર અર્ધમંડળમાંથી(પ્રથમ મંડળમાંથી) બહાર નીકળતો, નવા વરસ અને નવા અયન(દક્ષિણાયન)નો પ્રારંભ કરતો સૂર્ય, દક્ષિણ દિશાવર્તી પ્રથમ મંડળના ૨ $\frac{૪૮}{૬૧}$ યોજનના અંતર વિભાગને(ક્ષેત્રને) પાર કરીને, આભ્યંતરાનંતર–બીજા મંડળના આદિ પ્રદેશોને પ્રાપ્ત કરીને ઉત્તર

દિશાવર્તી બીજા અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

જ્યારે સૂર્ય આભ્યંતરાનંતર અર્થાત્ ઉત્તર દિશાવર્તી(બીજા) અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તનો અર્થાત્ ૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહૂર્તનો દિવસ હોય છે અને $\frac{૨}{૬૧}$ અધિક ૧૨ મુહૂર્તની (૧૨ $\frac{૨}{૬૧}$ મુહૂર્તની) રાત્રિ હોય છે.

**૪ से णिक्खममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि उत्तराए अंतराए भागाए तस्सादिपएसाए अब्भिंतरं तच्चं दाहिणं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ।**

**ता जया णं सूरिए अब्भिंतरं तच्च दाहिणं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** ઉત્તર દિશાવર્તી અર્ધમંડળમાંથી બહાર નીકળતો સૂર્ય ઉત્તર દિશાવર્તી બીજા મંડળના(૨ $\frac{૪૮}{૬૧}$ યોજનના) વિભાગ-ક્ષેત્રના અંતરને પાર કરીને ત્રીજા મંડળના આદિ પ્રદેશોને પ્રાપ્ત કરીને બીજી અહોરાત્રિમાં દક્ષિણ દિશાવર્તી ત્રીજા અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

જ્યારે સૂર્ય દક્ષિણ દિશાવર્તી ત્રીજા આભ્યંતર અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત અર્થાત્ ૧૭ $\frac{૫૭}{૬૧}$ મુહૂર્તનો દિવસ અને $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૪}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ હોય છે.

**૫ एवं खलु एएणं उवाएणं णिक्खममाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरमंडलस्स तंसि तंसि देसंसि तं तं अद्धमंडलसंठिइं संकममाणे–संकममाणे दाहिणाए अंतराए भागाए तस्सादिपएसाए सव्वबाहिरं उत्तरं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ ।**

**ता जया णं सूरिए सव्वबाहिरं उत्तरं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ ।**

**एस णं पढमे छम्मासे, एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી પ્રત્યેક અહોરાત્રમાં ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન ક્ષેત્રને પાર કરીને બહાર નીકળતાં, પછી-પછીના અર્ધમંડળોના તે-તે દેશ ભાગોના(દક્ષિણ-ઉત્તર દિશાવર્તી) તે-તે અર્ધમંડળો ઉપર પરિભ્રમણ કરતાં-કરતાં સૂર્ય ઉત્તર દિશાવર્તી સર્વબાહ્ય(૧૮૩મા) અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

સૂર્ય જ્યારે ઉત્તર દિશાવર્તી સર્વબાહ્ય અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

આ રીતે પ્રથમ છ માસ થાય છે ત્યારે ઉત્તર દિશાના સર્વબાહ્ય અર્ધમંડળ ઉપરનું સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં પ્રથમના છ માસ(દક્ષિણાયન)નો અંત થાય છે.

**६** से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि उत्तराए अंतराए भागाए तस्सादिपएसाए बाहिराणंतरं दाहिणं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ ।

ता जया णं सूरिए बाहिराणंतरं दाहिणअद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ तया णं अट्ठारसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।

**ભાવાર્થ :–** સર્વબાહ્ય મંડળમાંથી અંદર પ્રવેશતો, બીજા છ માસ અને બીજા અયન(ઉત્તરાયણ)નો પ્રારંભ કરતો સૂર્ય અયનના પ્રથમ અહોરાત્રમાં ઉત્તર દિશાવર્તી અંતિમ મંડળના ૨ $\frac{૪૮}{૬૧}$ યોજનના અંતર વિભાગને (ક્ષેત્રને) પાર કરીને બાહ્યાનંતર(બીજા બાહ્ય–૧૮૩મા) મંડળના આદિ પ્રદેશોને પ્રાપ્ત કરીને દક્ષિણ દિશાવર્તી બીજા બાહ્ય અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

સૂર્ય જ્યારે બાહ્યાનંતર(બીજા બાહ્ય) દક્ષિણ દિશાવર્તી અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તની (૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહૂર્તની) રાત્રિ અને $\frac{૨}{૬૧}$ અધિક ૧૨ મુહૂર્તનો (૧૨ $\frac{૨}{૬૧}$ મુહૂર્તનો) દિવસ હોય છે.

**७** से पविसमाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि दाहिणाए अंतराए भागाए तस्सादिपएसाए बाहिरंतरं तच्चं उत्तरं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ।

ता जया णं सूरिए बाहिरं तच्चं उत्तरं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ तया णं अट्ठारसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।

**ભાવાર્થ :–** બીજા અર્ધ બાહ્ય મંડળથી અંદર પ્રવેશતો સૂર્ય દક્ષિણ દિશાવર્તી બીજા બાહ્ય મંડળના ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન વિભાગના અંતરને પાર કરીને ત્રીજા મંડળના આદિ પ્રદેશો(ક્ષેત્રને) પ્રાપ્ત કરીને બીજી અહોરાત્રિમાં ઉત્તર દિશાવર્તી ત્રીજા બાહ્ય અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

સૂર્ય જ્યારે ત્રીજા બાહ્ય અર્ધમંડળ(૧૮૨મા અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત(૧૭ $\frac{૫૭}{૬૧}$) ની રાત્રિ અને $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત(૧૨ $\frac{૪}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ હોય છે.

**८** एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरमंडलस्स तंसि-तंसि देसंसि तं तं अद्धमंडलसंठिइं संकममाणे–संकममाणे उत्तराए अंतराए भागाए तस्सादिपएसाए सव्वब्भंतरं दाहिणं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ ।

ता जया णं सूरिए सव्वब्भंतरं दाहिणं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।

**एस णं दोच्चे छम्मासे, एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे, एस णं आइच्चे संवच्छरे, एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી પ્રત્યેક અહોરાત્રમાં ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન ક્ષેત્રને પાર કરીને અંદર પ્રવેશતો સૂર્ય પછી-પછીના અર્ધમંડળોના તે-તે દેશ ભાગોના(ઉત્તર-દક્ષિણ દિશાવર્તી) તે-તે અર્ધમંડળો ઉપર પરિભ્રમણ કરતાં-કરતાં દક્ષિણ દિશાવર્તી સર્વાભ્યંતર(પ્રથમ) અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

સૂર્ય જ્યારે દક્ષિણ દિશાવર્તી સર્વાભ્યંતર અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટો લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

આ રીતે બીજા છ માસ થાય છે. અહીં દક્ષિણ દિશાવર્તી સર્વાભ્યંતર અર્ધમંડળ ઉપર સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં બીજા છ માસ(ઉત્તરાયણ)નો અંત થાય છે. આ રીતે બે અયન મળીને એક આદિત્ય સંવત્સર થાય છે. સૂર્ય સર્વાભ્યંતર અર્ધમંડળ પૂર્ણ કરે ત્યારે આદિત્ય સંવત્સર પણ પૂર્ણ થાય છે.

**९ ता कहं ते उत्तरा अद्धमंडलसंठिई आहिएति वएज्जा ? ता अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए** *जाव* **परिक्खेवेणं, ता जया णं सूरिए सव्वब्भंतरं उत्तरं अद्धमंडलसंठिइं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**जहा दाहिणा तहा चेव, णवरं– उत्तरट्ठिओ अब्भिंतराणंतरं दाहिणं उवसंकमइ, दाहिणाओ अब्भिंतरं तच्चं उत्तरं उवसंकमइ ।**

**एवं खलु एएणं उवाएणं** *जाव* **सव्व बाहिरं दाहिणं उवसंकमइ, सव्वबाहिरं दाहिणं उवसंकमित्ता दाहिणाओ बाहिराणंतरं उत्तरं उवसंकमइ, उत्तराओ बाहिरं तच्चं दाहिणं, तच्चाओ दाहिणाओ संकममाणे-संकममाणे** *जाव* **सव्वब्भंतरं उवसंकमइ तहेव ।**

**एस णं दोच्चे छम्मासे, एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे । एस णं आइच्चे संवच्छरे, एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे** *(गाहाओ)* **।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉત્તર દિશાવર્તી અર્ધમંડળોની સંસ્થિતિ કેવી છે ? **ઉત્તર–** સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં ***યાવત્*** પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. આ જંબૂદ્વીપના ઉત્તરાર્ધ વિભાગમાં સૂર્ય જ્યારે ઉત્તર દિશાવર્તી સર્વાભ્યંતર અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

જેમ દક્ષિણ દિશાના અર્ધમંડળો વિશે કહ્યું, તેમ ઉત્તર દિશાના અર્ધમંડળો જાણવા. તેમાં તફાવત એ છે કે સૂર્ય ઉત્તર દિશાવર્તી સર્વાભ્યંતર મંડળથી દક્ષિણ દિશાવર્તી સર્વાભ્યંતરનંતર(બીજા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે અને દક્ષિણ દિશાવર્તી બીજા મંડળથી ઉત્તર દિશાવર્તી ત્રીજા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

આ રીતે, આ ક્રમથી પ્રત્યેક મંડળ ૨ $\frac{૪૮}{૬૧}$ યોજનના અંતરાલને પાર કરતાં-કરતાં સૂર્ય દક્ષિણ

દિશાવર્તી સર્વબાહ્ય અર્ધમંડળને પ્રાપ્ત થાય છે અને તે દક્ષિણ દિશાવર્તી બાહ્ય અર્ધમંડળ ઉપર પરિભ્રમણ પૂર્ણ કરી દક્ષિણ દિશામાંથી નીકળી ઉત્તર દિશાવર્તી બાહ્યાનંતર(બીજા બાહ્ય અર્થાત્ ૧૮૩મા મંડળ) મંડળ ઉપર પરિભ્રમણ કરીને પછી દક્ષિણ દિશાવર્તી ત્રીજા બાહ્યાનંતર (ત્રીજા બાહ્ય અર્થાત્ ૧૮૨મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ત્યાર પછી દક્ષિણ દિશાવર્તી ત્રીજા મંડળથી અંદર પ્રવેશી પ્રત્યેક અર્ધમંડળે ૨ $\frac{૪૮}{૬૧}$ યોજનના અંતર(ક્ષેત્ર)ને પાર કરતો-કરતો (સૂર્ય) સર્વાભ્યંતર મંડળ ઉપર આવી પરિભ્રમણ કરે છે.

આ બીજા છ માસ થાય છે. દક્ષિણ દિશાવર્તી સર્વાભ્યંતર મંડળને પૂર્ણ કરે ત્યારે(ઉત્તરાયણના) બીજા છ માસનો અંત થાય છે. આ બે અયન મળીને એક આદિત્ય સંવત્સર થાય છે. સર્વાભ્યંતર અર્ધમંડળ પૂર્ણ થતાં આદિત્ય સંવત્સરનો અંત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂર્યના અર્ધમંડળની સંસ્થિતિ અર્થાત્ અર્ધમંડળની વ્યવસ્થાનું વર્ણન છે.

જંબૂદ્વીપના બે સૂર્ય સામસામી દિશામાં રહીને એક સમાન ગતિએ પરિભ્રમણ કરે છે. એક અહોરાત્રમાં એટલે ૩૦ મુહૂર્તમાં બંને સૂર્ય મળીને એક મંડળ પૂર્ણ કરે છે. ૩૦ મુહૂર્તમાં એક સૂર્ય એક દિશાના અર્ધમંડળને પાર કરે છે, તે જ સમયે તે જ ૩૦ મુહૂર્તમાં બીજો સૂર્ય તેની સામેની દિશાના અર્ધમંડળને પાર કરે છે. આ રીતે ૩૦ મુહૂર્તમાં બંને સૂર્ય સાથે મળીને એક મંડળ પૂર્ણ કરે છે.


ઉત્તરાયણના અંતિમ દિવસે કે વર્ષના અંતિમ દિવસે બંને સૂર્ય સામસામી દિશામાં રહીને સર્વાભ્યંતર (પ્રથમ) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. વર્ષના અંતિમ અહોરાત્રમાં એક સૂર્ય દક્ષિણ દિશાનું પ્રથમ અર્ધમંડળ પાર કરીને મેરુ પર્વતની પશ્ચિમ દિશાના અંતમાં જંબૂદ્વીપના નીલવાન પર્વત ઉપર પહોંચે છે અને તે જ સમયે બીજો સૂર્ય ઉત્તર દિશાનું પ્રથમ અર્ધમંડલ પાર કરી નિષધ પર્વત ઉપર પહોંચે છે. નૂતનવર્ષના પ્રારંભના પ્રથમ અહોરાત્રમાં જે સૂર્ય પશ્ચિમ દિશામાં નીલવાન પર્વત ઉપર હોય છે, તે પશ્ચિમી સૂર્ય કે ઐરવતીય સૂર્યના નામે ઓળખાય છે અને જે સૂર્ય નિષધ પર્વત ઉપર પૂર્વ દિશામાં હોય છે, તે પૂર્વી સૂર્ય કે ભારતીય સૂર્યના નામે ઓળખાય છે.

આ પશ્ચિમી(ઐરવતીય) સૂર્ય નૂતન વર્ષના પ્રથમ અહોરાત્રમાં ઉત્તર દિશાવર્તી બીજા અર્ધમંડળ ને પાર કરે છે અને નિષધ પર્વત ઉપર આવે છે. ત્યાર પછી બીજા અહોરાત્રમાં દક્ષિણ દિશામાં ત્રીજું અર્ધમંડળ પાર કરી નીલવાન પર્વત સમીપે આવે છે.

આ રીતે તેના ૨, ૪, ૬, ૮.....૧૮૪ વગેરે સમસંખ્યક અર્ધમંડળો ઉત્તર દિશામાં અને ૩, ૫, ૭, ૯.....૧૮૩ વગેરે વિષમ સંખ્યક મંડળો દક્ષિણ દિશામાં થાય છે.

તે જ સમયે એટલે નૂતન વર્ષના પ્રથમ અહોરાત્રમાં પૂર્વીય(ભારતીય) સૂર્ય દક્ષિણ દિશાવર્તી બીજા અર્ધમંડળને પાર કરીને નીલવાન પર્વત ઉપર આવે છે. ત્યાર પછી બીજા અહોરાત્રમાં ઉત્તર દિશામાં ત્રીજા અર્ધમંડળને પાર કરી નિષધ પર્વત સમીપે આવે છે. આ રીતે તેના ૨, ૪, ૬, ૮.....૧૮૪ વગેરે અર્ધમંડળો દક્ષિણ દિશામાં અને ૩, ૫, ૭, ૯....૧૮૩ વગેરે અર્ધમંડળો ઉત્તર દિશામાં થાય છે. આ રીતે સ્પષ્ટ થાય છે કે ભરત ક્ષેત્ર, ઐરવત ક્ષેત્ર, પૂર્વ, પશ્ચિમ વિદેહ ક્ષેત્રમાં અર્થાત્ જંબૂદ્વીપના સર્વ ક્ષેત્રમાં આજે જે સૂર્ય જે ક્ષેત્રમાં પ્રકાશ કરે તે જ સૂર્ય ત્રીજે દિવસે પ્રકાશ કરે છે. બીજે દિવસે અન્ય સૂર્ય પ્રકાશ કરે છે અર્થાત્ એકાંતર દિવસે તે જ સૂર્ય તે જ ક્ષેત્ર ઉપર આવે છે.

## પૂર્વ–પશ્ચિમી સૂર્યના અર્ધમંડળોની સંસ્થિતિ :–





૧૮૪મા સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ પૂર્ણ થતાં ૧૮૩મા મંડળથી ઉત્તરાયણનો પ્રારંભ થાય છે. ઉત્તરાયણના પ્રથમ અહોરાત્રમાં પશ્ચિમી(ઐરવતીય) સૂર્ય બાહ્યાનંતર (બાહ્ય બીજું–૧૮૩મું અર્ધ–મંડળ) દક્ષિણ દિશામાં, ૧૮૨મું અર્ધમંડળ ઉત્તર દિશામાં પાર કરે છે. તે જ રીતે પૂર્વીય(ભારતીય) સૂર્ય ઉત્તરાયણના પ્રથમ અહોરાત્રમાં ૧૮૩મું અર્ધમંડળ ઉત્તર દિશામાં અને ૧૮૨મું અર્ધમંડળ દક્ષિણ દિશામાં પાર કરે છે.


સૂર્યના કુલ ૧૮૪ મંડળ(માર્ગ) છે. તેમાંથી મેરુ પર્વતથી ઉત્તરમાં ૯૨ અને દક્ષિણમાં ૯૨ અર્ધ–મંડળો છે. સૂર્ય એક અયનમાં ૧૮૩ મંડળ ઉપર ચાલે છે. દક્ષિણાયનમાં બહાર નીકળતો પશ્ચિમી સૂર્ય ૧૮૩ મંડળમાંથી ૯૨ અર્ધમંડળ ઉત્તરમાં અને ૯૧ અર્ધમંડળ દક્ષિણમાં ચાલે છે અને પૂર્વી સૂર્ય ૯૨ અર્ધ મંડળ દક્ષિણમાં અને ૯૧ અર્ધમંડળ ઉત્તરમાં ચાલે છે.

ઉત્તરાયણમાં અંદર પ્રવેશતો પશ્ચિમી સૂર્ય ૯૨ અર્ધમંડળ દક્ષિણમાં અને ૯૧ અર્ધ મંડળ ઉત્તરમાં ચાલે છે તથા પૂર્વી સૂર્ય ૯૨ અર્ધમંડળ ઉત્તર અને ૯૧ અર્ધમંડળ દક્ષિણમાં ચાલે છે.

## દક્ષિણાયનમાં બંને સૂર્યના અર્ધમંડળોની વ્યવસ્થા :–




## ઉત્તરાયણમાં બંને સૂર્યના અર્ધમંડળોની વ્યવસ્થા :–



**ઉત્તર-દક્ષિણ દિશાના અર્ધમંડળો :–**

| સૂર્ય | દક્ષિણાયનનો બહાર નીકળતો સૂર્ય | | ઉત્તરાયણનો અંદર પ્રવેશતો સૂર્ય | |
|---|---|---|---|---|
| | ઉત્તર દિશાવર્તી મંડળ | દક્ષિણ દિશાવર્તી મંડળ | ઉત્તર દિશાવર્તી મંડળ | દક્ષિણ દિશાવર્તી મંડળ |
| પશ્ચિમી સૂર્ય | ૨, ૪, ૬, ૮,........ ૧૮૪મું | ૩, ૫, ૭, ૯,......... ૧૮૩મું | ૧૮૨, ૧૮૦ ૧૭૮.....૨જું | ૧૮૩, ૧૮૧, ૧૭૯ ૧૭૭......૧લું |
| | કુલ–૯૨ મંડળ ઉપર પરિભ્રમણ | કુલ–૯૧ મંડળ ઉપર પરિભ્રમણ | કુલ–૯૧ મંડળ ઉપર પરિભ્રમણ | કુલ–૯૨ મંડળ ઉપર પરિભ્રમણ |
| પૂર્વી સૂર્ય | ૩, ૫, ૭, ૯,..... ૧૮૩મું | ૨, ૪, ૬, ૮...... ૧૮૪મું | ૧૮૩, ૧૮૧, ૧૭૯ ૧૭૭.....૧લું | ૧૮૨, ૧૮૦ ૧૭૮......૨જું |
| | કુલ–૯૧ મંડળ ઉપર પરિભ્રમણ | કુલ–૯૨ મંડળ ઉપર પરિભ્રમણ | કુલ–૯૨ મંડળ ઉપર પરિભ્રમણ | કુલ–૯૧ મંડળ ઉપર પરિભ્રમણ |

**॥ પ્રાભૃત–૧/૨ સંપૂર્ણ ॥**

# પ્રથમ પ્રાભૃત : ત્રીજું પ્રતિપ્રાભૃત

## ચીર્ણ–પ્રતિચરણ

**સૂર્યોના ચલિત–અચલિત મંડળો :–**

**१** ता किं ते चिण्णं पडिचरइ आहिएति वएज्जा ? तत्थ खलु इमे दुवे सूरिया पण्णत्ता, तं जहा– भारहे चेव सूरिए, एरवए चेव सूरिए । ता एए णं दुवे सूरिया पत्तेयं-पत्तेयं तीसाए-तीसाए मुहुत्तेहिं एगमेगं अद्धमंडलं चरइ, सट्ठीए सट्ठीए मुहुत्तेहिं एगमेगं मंडलं संघातेंति ।

ता णिक्खममाणा खलु एए दुवे सूरिया णो अण्णमण्णस्स चिण्णं पडिचरंति, पविसमाणा खलु एए दुवे सूरिया अण्णमण्णस्स चिण्णं पडिचरंति, तं सयमेगं चोयालं।

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય શું ચીર્ણ–ચાલેલા મંડળ(માર્ગ) ઉપર પ્રતિચરણ–પુનઃ ચાલે છે ? **ઉત્તર–** જંબૂદ્વીપમાં બે સૂર્ય છે– (૧) ભારતીય સૂર્ય અને (૨) ઐરવતીય સૂર્ય. આ બંને સૂર્ય પોત-પોતાના ૩૦-૩૦ મુહૂર્તોમાં(એક અહોરાત્રમાં) એક-એક અર્ધમંડળ ઉપર પરિભ્રમણ કરે છે અને ૬૦-૬૦ મુહૂર્તમાં એક આખું મંડળ પૂર્ણ કરે છે.

અંદરથી બહાર નીકળતા(દક્ષિણાયનમાં) બંને સૂર્ય એક-બીજાના ચાલેલા મંડળ(માર્ગ) ઉપર ચાલતા નથી. બહારથી અંદર પ્રવેશતા(ઉત્તરાયણમાં) બંને સૂર્ય એક બીજાના ચાલેલા(પૂર્વે દક્ષિણાયનમાં જે મંડળ ઉપર ચાલ્યા હોય તે) ૧૪૪ મંડળ ભાગ ઉપર પુનઃ ચાલે છે.

**२** तत्थ णं को हेऊ त्ति वएज्जा ? ता अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए *जाव* परिक्खेवेणं पण्णत्ते । तत्थ णं अयं भारहए चेव सूरिए जंबूद्दीवस्स दीवस्स पाईणपडिणाययाए उदीणदाहिणाययाए जीवाए मंडलं चउवीसएणं सए णं छेत्ता दाहिण पुरत्थिमिल्लंसि चउभागमंडलंसि बाणउइयं सूरियमयाइं जाइं सूरिए अप्पणा चेव चिण्णाइं पडिचरइ, उत्तर पच्चत्थिमिल्लंसि चउभागमंडलंसि एक्काणउतिं सूरियमयाइं जाइं सूरिए अप्पणा चेव चिण्णाइं पडिचरइ ।

तत्थ णं अयं भारहे सूरिए एरवए सूरिए जंबूद्दीवस्स दीवस्स पाईण पडीणाययाए उदीणदाहिणाययाए जीवाए मंडलं चउवीसएणं सएणं छेत्ता उत्तरपुरत्थिमिल्लंसि चउभागमंडलंसि बाणउइयं सूरियमयाइं जाइं सूरिए परस्स चेव चिण्णाइं पडिचरइ, दाहिणपच्चत्थिमिल्लंसि चउभागमंडलंसि एक्काणउइयं सूरियमयाइं जाइं सूरिए परस्स चेव चिण्णाइं पडिचरइ ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** તેનું શું કારણ છે કે અંદર પ્રવેશતા સૂર્યો ૧૪૪ મંડળ ઉપર પ્રતિચરણ–પુનઃભ્રમણ

કરે છે ? અર્થાત્ તે કેવી રીતે પુનઃ ચાલે છે ? **ઉત્તર–** સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાના છેદથી ૧૨૪ વિભાગ- વાળા મંડળના ચાર વિભાગ થાય છે, તેમાંથી અગ્નિકોણીય ચતુર્થ વિભાગગત પોતાના ચાલેલા ૯૨ મંડળ ઉપર અને વાયવ્યકોણીય ચતુર્થ વિભાગગત પોતાના ચાલેલા ૯૧ મંડળ ઉપર ભારતીય સૂર્ય પુનઃ ચાલે છે અર્થાત્ પૂર્વે બહાર નીકળતા સૂર્ય (દક્ષિણાયનમાં) પોતાના ચાલેલા અગ્નિકોણના ૯૨ મંડળ અને વાયવ્યકોણના ૯૧ મંડળ ઉપર અંદર પ્રવેશતા (ઉત્તરાયણમાં) પુનઃ ચાલે છે.

આ જ રીતે જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાના છેદથી ૧૨૪ વિભાગ- વાળા મંડળના ચાર વિભાગ થાય છે, તેમાંથી ઈશાનકોણીય ચતુર્થ વિભાગગત બીજાના અર્થાત્ ઐરવતીય સૂર્યના ચાલેલા ૯૨ મંડળ અને નૈઋત્યકોણીય ચતુર્થ વિભાગગત બીજા સૂર્યના એટલે ઐરવતીય સૂર્યના ચાલેલા ૯૧ મંડળ ઉપર ભારતીય સૂર્ય પુનઃ ચાલે છે.

**३ तत्थ णं अयं एरवए चेव सूरिए जंबूद्दीवस्स दीवस्स पाईणपडीणाययाए उदीणदाहिणाययाए जीवाए मंडलं चउवीसएणं सएणं छेत्ता उत्तरपच्चत्थिमिल्लंसि चउभागमंडलंसि बाणउइयं सूरियमयाइं जाइं सूरिए अप्पणा चेव चिण्णाइं पडिचरइ, दाहिणपुरत्थिमिल्लंसि चउभागमंडलंसि एक्काणउइयं सूरियमयाइं जाइं सूरिए अप्पणा चेव चिण्णाइं पडिचरइ ।**

**तत्थ णं अयं एरवए सूरिए भारहस्स सूरियस्स जंबुद्दीवस्स दीवस्स पाईण पडीणाययाए उदीणदाहिणाययाए जीवाए मंडलं चउवीसएणं सएणं छेत्ता दाहिणपच्चत्थिमिल्लंसि चउभाग मंडलंसि बाणउइयं सूरियमयाइं जाइं सूरिए परस्स चेव चिण्णाइं पडिचरइ, उत्तरपुरत्थिमिल्लंसि चउभागमंडलंसि एक्काणउइयं सूरियमयाइं जाइं सूरिए परस्स चेव चिण्णाइं पडिचरइ ।**

**ता णिक्खममाणा खलु एए दुवे सूरिया णो अण्णमण्णस्स चिण्णं पडिचरंति। पविसमाणा खलु एए दुवे सुरिया अण्णमण्णस्स चिण्णं पडिचरंति । सयमेगं चोयालं । *(गाहाओ)***

**ભાવાર્થ :–** જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાના છેદથી ૧૨૪ વિભાગ- વાળા મંડળના ચાર વિભાગ થાય છે, તેમાંથી વાયવ્યકોણીય ચોથા વિભાગ ગત પૂર્વે પોતાના ચાલેલા ૯૨ મંડળ ઉપર અને અગ્નિકોણીય ચતુર્થ વિભાગગત પોતાના ચાલેલા ૯૧ મંડળ ઉપર ઐરવતીય સૂર્ય પુનઃ ચાલે છે.

આ જ રીતે જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાના છેદથી ૧૨૪ વિભાગ- વાળા મંડળના ચાર વિભાગ થાય છે, તેમાંથી નૈઋત્યકોણીય ચતુર્થ વિભાગગત બીજા સૂર્ય એટલે ભારતીય સૂર્યે ચાલેલા ૯૨ મંડળ ઉપર અને ઈશાનકોણીય બીજાના એટલે ભારતીય સૂર્યે ચાલેલા ૯૧ મંડળ ઉપર ઐરવતીય સૂર્ય પુનઃ ચાલે છે.

આ રીતે બહાર નીકળતા દક્ષિણાયનના બંને સૂર્ય એક બીજાના ચાલેલા માર્ગ ઉપર ચાલતા

નથી.(તે બંનેના માર્ગ સ્વતંત્ર છે.) અંદર પ્રવેશતા ઉત્તરાયણના બંને સૂર્ય એક બીજાના ચાલેલા ૧૪૪ માર્ગ(મંડળ ભાગ) ઉપર પુનઃ ચાલે છે.

**વિવેચન :–**


પ્રસ્તુત સૂત્રોમાં ભારતીય અને ઐરવતીય બંને સૂર્યના ચલિત અને પુનઃ ચલિત મંડળ(માર્ગ)નું વિવરણ છે.

**ભારતીય સૂર્ય :–** શ્રાવણ વદ–૧(ગુજરાતી અષાઢ વદ–૧)ના નવા વર્ષના પ્રથમ દિવસે જે સૂર્ય પૂર્વી કેન્દ્રથી અર્થાત્ પૂર્વ દિશાના અંતથી–અગ્નિકોણથી દક્ષિણ દિશાવર્તી બીજા અર્ધમંડળ ઉપર પરિભ્રમણનો પ્રારંભ કરી, દક્ષિણ તરફ ચાલી ભરતક્ષેત્રને પ્રકાશિત કરે છે, તે સૂર્ય ભારતીય સૂર્ય અથવા પૂર્વી સૂર્ય તરીકે ઓળખાય છે.

**ઐરવતીય સૂર્ય :–** તે જ નૂતન વર્ષના પ્રથમ દિવસે એટલે શ્રાવણ વદી–૧(ગુજરાતી અષાઢ વદી–૧)ના દિવસે જે સૂર્ય પશ્ચિમી કેન્દ્રથી અર્થાત્ પશ્ચિમ દિશાના અંતથી–વાયવ્ય કોણથી ઉત્તર દિશાવર્તી બીજા અર્ધમંડળ ઉપર પરિભ્રમણનો પ્રારંભ કરી, ઉત્તર તરફ ચાલી ઐરવત ક્ષેત્રને પ્રકાશિત કરે છે, તે સૂર્ય ઐરવતીય સૂર્ય કે પશ્ચિમી સૂર્ય રૂપે ઓળખાય છે.

**चिण्णं पडिचरइ :–** ચીર્ણ–ચલિત–ચાલેલા મંડળ ઉપર પ્રતિચરણ–ફરી ચાલવું. પ્રત્યેક સંવત્સર (વર્ષ)માં ભારતીય અને ઐરવતીય બંને સૂર્ય દક્ષિણાયનમાં પોત-પોતાના સ્વતંત્ર મંડળ ઉપર ચાલે છે. બહાર નીકળતા આ બંને સૂર્ય ૧૮૩ મંડળ ઉપર પરિભ્રમણ કરી ૫૧૦ યોજન દૂર જાય છે. તેમાં એકબીજાના મંડળનો સ્પર્શ પણ કરતાં નથી, પોત-પોતાના સ્વતંત્ર ભિન્ન-ભિન્ન માર્ગથી ચાલે છે.

**દક્ષિણાયનમાં બંને સૂર્યના સ્વતંત્ર માર્ગ :–**



ઉત્તરાયણમાં બહારથી અંદર પ્રવેશતા બંને સૂર્યના મંડળ ભિન્ન-ભિન્ન અને સ્વતંત્ર તો છે જ, પરંતુ દક્ષિણાયનમાં જે મંડળ ઉપર ચાલીને બહાર આવ્યા હતા, તે મંડળના કેટલાક ભાગ ઉપર ચાલી તે માર્ગનું ઉલ્લંઘન કરી અંદર પ્રવેશે છે, તેને **पडिचरइ** પુનઃ ચાલવું કહે છે.

**अप्पणा–परस्स :–** પોતાના ચાલેલા મંડળ અને પરના– અન્યના ચાલેલા મંડળ. દક્ષિણાયનમાં ભારતીય સૂર્યે જે મંડળ ઉપર પરિભ્રમણ કર્યુ હોય તે જ મંડળ ઉપર ઉત્તરાયણમાં પરિભ્રમણ કરે, તો તે મંડળ ભારતીય સૂર્ય માટે પોતાનું-સ્વનું ચાલેલું-સ્વચલિત મંડળ કહેવાય છે અને ઐરવતીય સૂર્યે દક્ષિણાયનમાં જે મંડળ ઉપર પરિભ્રમણ કર્યુ હોય, તે મંડળ ઉપર ભારતીય સૂર્ય ઉત્તરાયણમાં પરિભ્રમણ કરે તો, તે મંડળ ભારતીય સૂર્ય માટે બીજાએ ચાલેલું-પરચલિત મંડળકહેવાય છે.

તે જ રીતે ઐરવતીય સૂર્ય માટે દક્ષિણાયનમાં પોતાનું ચાલેલું મંડળ સ્વચલિત મંડળ કહેવાય છે અને ભારતીય સૂર્યે ચાલેલું મંડળ પરચલિત મંડળ કહેવાય છે.

**जंबूद्दीवस्स...जीवाए :–** જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી જીવા તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવા એક-બીજાને છેદે છે, તેથી તેના ચાર વિભાગ થાય છે. પ્રસ્તુતમાં જંબૂદ્વીપના ચાર વિભાગની વિવક્ષા નથી પરંતુ સૂર્ય મંડળના ચાર વિભાગની વિવક્ષા છે અને સૂર્ય જંબૂદ્વીપની ઉપર મેરુ પર્વતની ફરતે પ્રદક્ષિણાકારે ફરે છે. તેથી જંબૂદ્વીપના પણ બંને જીવાના છેદથી થતાં વિભાગ દ્વારા સૂર્ય ભ્રમણના ક્ષેત્રના ચાર વિભાગનું કથન છે. આ ચાર વિભાગમાંથી ચારે વિદિશામાં બંને સૂર્ય પૂર્વે ચાલેલા માર્ગ ઉપર ચાલે છે.

**ભારતીય–ઐરવતીય સૂર્યના પ્રતિચરણ મંડળ :–**

| મંડલગત ચતુર્થ વિભાગ | ભારતીય સૂર્ય | | ઐરવતીય સૂર્ય | |
|---|---|---|---|---|
| | મંડળ સંખ્યા મંડળ સંખ્યા | સ્વ–પર પુનઃ ચલિત મંડળ | મંડળ સંખ્યા | સ્વ–પર પુનઃ ચલિત મંડળ |
| અગ્નિકોણ | ૯૨ | સ્વ ચલિત | ૯૧ | સ્વ ચલિત |
| વાયવ્યકોણ | ૯૧ | સ્વ ચલિત | ૯૨ | સ્વ ચલિત |
| ઈશાનકોણ | ૯૨ | પર ચલિત | ૯૧ | પર ચલિત |
| નૈઋત્યકોણ | ૯૧ | પર ચલિત | ૯૨ | પર ચલિત |


**પ્રતિચરણના ૧૪૪ ભાગની ગણના :–** બંને સૂર્ય એક-એક અહોરાત્રમાં એક-એક અર્ધમંડળને પાર કરે છે અને બીજા અહોરાત્રમાં બીજા અર્ધમંડળને પાર કરે છે. આ રીતે એક પૂર્ણ મંડળ પાર કરવામાં તેને બે અહોરાત્ર થાય છે. આવા એક પૂર્ણ મંડળના પ્રત્યેક ચતુર્થ ભાગની વિદિશામાં ઉત્તરાયણમાં બંને સૂર્ય પૂર્વે ચાલેલા મંડળના કેટલાક ભાગ ઉપર પ્રતિચરણ કરે છે અને તે મંડળને ઉલ્લંઘીને અંદર-અંદરના મંડળ ઉપર પ્રવેશ કરે છે. એક સૂર્ય એક મંડળ ઉપર ૪ વાર પ્રતિચરણ કરે છે, તે બંને સૂર્યના મળીને ૮ વાર પ્રતિચરણ થાય છે. બંને સૂર્ય સંપૂર્ણ ચતુર્થ વિભાગ ગત મંડળ ઉપર પ્રતિચરણ કરતાં નથી. એક મંડળના એક સો ચોવીસ(૧૨૪) વિભાગમાંથી ૧૮ ભાગ જેટલા મંડળ ઉપર બંને સૂર્ય પ્રતિચરણ કરે છે. **न परिपूर्ण चतुर्भागमात्राणि, किन्तु स्व-स्वमंडलगतचतुर्विंशत्यधिकशतसत्काष्टादशाष्टादश भागप्रमितानि।** – વૃત્તિ. સૂર્ય પરિપૂર્ણ ચતુર્થ ભાગ ઉપર નહીં, પરંતુ પોત-પોતાના (૯૨ કે ૯૧) પ્રત્યેક

મંડળના ૧૨૪ ભાગમાંથી ૧૮ ભાગ જેટલા($\frac{૧૮}{૧૨૪}$)મંડળ ઉપર પુનઃ ચાલે છે. બંને સૂર્ય ૧ મંડળ ઉપર ૪ વાર, બંનેના મળી આઠ વાર પ્રતિચરણ કરે છે, તેથી પ્રતિવર્ષમાં બંને સૂર્યો $\frac{૧૮}{૧૨૪}$ × ૮ = $\frac{૧૪૪}{૧૨૪}$ ભાગ પૂર્વે ચલિત માર્ગ ઉપર ચાલે છે.

પ્રતિદિન સૂર્ય એક અર્ધમંડળ ઉપર ચાલે છે. તેમાં એક ચતુર્થ વિભાગમાં એક વાર સ્વ ચલિત અને બીજા ચતુર્થ વિભાગમાં એક વાર પરચલિત મંડળ ઉપર પ્રતિચરણ કરે છે, તેથી એક અર્ધમંડળ ઉપર $\frac{૧૮}{૧૨૪}$ × ૨ = $\frac{૩૬}{૧૨૪}$ એકસો ચોવીસ્યા છત્રીસ ભાગમાં પ્રતિચરણ કરે છે અને એક પૂર્ણ મંડળ ઉપર $\frac{૭૨}{૧૨૪}$ એકસો ચોવીસ્યા બોંતેર ભાગ પ્રતિચરણના થાય છે.

આ રીતે એક સૂર્ય એક પૂર્ણ મંડળમાં એકસો ચોવીસ્યા ૭૨($\frac{૭૨}{૧૨૪}$) ભાગ ચાલેલા મંડળ ઉપર ચાલે છે અને શેષ ૧૨૪ – ૭૨ = ૫૨. આ રીતે બાવન એકસો ચોવીસ્યા ભાગ ($\frac{૫૨}{૧૨૪}$) પ્રમાણ મંડળ અચલિત નવા માર્ગ ઉપર ચાલે છે અને એક સૂર્ય ૧ અર્ધમંડળમાં ૨ વાર $\frac{૩૬}{૧૨૪}$ ભાગ ચલિત માર્ગ ઉપર અને શેષ અર્ધ મંડળના ૬૨–૩૬ = ૨૬. આ રીતે $\frac{૨૬}{૧૨૪}$ ભાગ અચલિત માર્ગ ઉપર ચાલે છે.

**ઉત્તરાયણમાં બંને સૂર્યના સ્વચલિત–પરચલિત માર્ગ પર પુનઃચલન :–**




વૃત્તિકારે **एतदेव वयाचष्टे–** આ સૂત્રોની આચાર્યો આ પ્રમાણે પણ વ્યાખ્યા કરે છે, તેમ કહી અન્ય આચાર્યોનો મત પ્રદર્શિત કર્યો છે. તેઓ **अप्पणो** થી સ્વક્ષેત્ર, ભરત અને ઐરવત ક્ષેત્ર અને **परस्स** થી પરક્ષેત્ર–મહાવિદેહ ક્ષેત્ર અર્થ કરે છે. જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી તથા ઉત્તર-દક્ષિણ લાંબી, આ બે જીવાના છેદથી ૧૨૪ ભાગવાળા પ્રત્યેક મંડળના ચાર વિભાગ કરવા. તેમાંથી અગ્નિકોણના ચતુર્થ વિભાગમાં પરિભ્રમણ કરતાં બંને સૂર્ય સ્વક્ષેત્ર ભરત ક્ષેત્રને, વાયવ્ય કોણના ચતુર્થ વિભાગમાં પરિભ્રમણ કરતાં બંને સૂર્ય સ્વક્ષેત્ર એટલે ઐરવત ક્ષેત્રને અને નૈઋત્ય તથા ઈશાનકોણમાં પરિભ્રમણ કરતાં બંને સૂર્ય પરક્ષેત્ર એટલે મહાવિદેહ ક્ષેત્રને પ્રકાશિત કરે છે.

**सयमेगं चोयालं** ને ગાથા પદ કહીને અન્ય આચાર્યો તે ગાથા પ્રાપ્ત નથી તેમ કહે છે. વૃત્તિકારે **सयमेगं चोयालं** નો અર્થ મંડળના ૧૪૪ ભાગ કર્યો છે.

બંને સૂર્ય પોત–પોતાના એક પૂર્ણ મંડળ ઉપર ચાર વાર એકસો ચોવીસ્યા ૧૮ ભાગમાં પ્રતિચરણ કરે છે. તેથી એક સૂર્યના ૧૮ × ૪ = $\frac{૭૨}{૧૨૪}$ ભાગ પ્રતિચરણના થાય છે અને બે સૂર્યના ૧૪૪ ભાગ પ્રતિચરણના થાય છે.

**એક સૂર્યના પ્રતિચરણના ૭૨ ભાગ(બે સૂર્યના ૧૪૪ ભાગ) :–**




## ॥ પ્રાભૃત–૧/૩ સંપૂર્ણ ॥

# પ્રથમ પ્રાભૃત : ચોથું પ્રતિપ્રાભૃત

## અંતર

**બે સૂર્ય વચ્ચેના અંતર વિષયક છ પ્રતિપત્તિઓ :–**

**१** ता केवइयं एए दुवे सूरिया अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ छ पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–

तत्थ एगे एवमाहंसु–ता एगं जोयणसहस्सं एगं च तेत्तीसं जोयणसयं अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहिएति वएज्जा–एगे एवमाहंसु।

एगे पुण एवमाहंसु–ता एगं जोयणसहस्सं एगं च चउतीसं जोयणसयं अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहिएति वएज्जा–एगे एवमाहंसु।

एगे पुण एवमाहंसु–ता एगं जोयणसहस्सं एगं च पणतीसं जोयणसयं अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहिएति वएज्जा–एगे एवमाहंसु।

एगे पुण एवमाहंसु–ता एगं दीवं एगं समुद्दं अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहिएति वएज्जा–एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता दो दीवे दो समुद्दे अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहिएति वएज्जा–एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता तिण्णि दीवे तिण्णि समुद्दे अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहिएति वएज्जा–एगे एवमाहंसु ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** બંને સૂર્યો પરસ્પરમાં કેટલું અંતર રાખીને પરિભ્રમણ કરે છે ? અર્થાત્ બંને સૂર્યો વચ્ચે કેટલું અંતર છે ? **ઉત્તર–** બંને સૂર્યો વચ્ચેના અંતરનું કથન કરતી અન્યતીર્થિકોની છ માન્યતા રૂપ છ પ્રતિપત્તિઓ કહી છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે બંને સૂર્યો પરસ્પર ૧,૧૩૩ યોજનનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે બંને સૂર્યો પરસ્પર ૧,૧૩૪ યોજનનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે બંને સૂર્યો પરસ્પર ૧,૧૩૫ યોજનનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે.

(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે બંને સૂર્યો પરસ્પર એક દ્વીપ અને એક સમુદ્રનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે.

(૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે બંને સૂર્યો પરસ્પર બે દ્વીપ અને બે સમુદ્રનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે.

(૬) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે બંને સૂર્યો પરસ્પર ત્રણ દ્વીપ અને ત્રણ સમુદ્રનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે.

**દક્ષિણાયન અને ઉત્તરાયણમાં બે સૂર્ય વચ્ચેનું અંતર :–**

**२ वयं पुण एवं वयामो–ता पंच पंच जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले अण्णमण्णस्स अंतरं अभिवड्ढेमाणा वा णिवड्ढेमाणा वा सूरिया चारं चरंति आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે બંને સૂર્યો પ્રત્યેક મંડળે $૫\frac{૩૫}{૬૧}$ યોજનનું અંતર વધારતાં-વધારતાં પરિભ્રમણ કરે છે અર્થાત્ પ્રત્યેક મંડળે બંને સૂર્યો વચ્ચે $૫\frac{૩૫}{૬૧}$ યોજનનું અંતર વધતું જાય છે.

**३ तत्थ णं को हेऊ त्ति वएज्जा ?**

**ता अयं णं जबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए** *जाव* **परिक्खेवेणं पण्णत्ते, ता जया णं एए दुवे सूरिया सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति तया णं णवणउइं जोयणसहस्साइं, छच्च चत्ताले जोयणसए अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति आहिएति वएज्जा, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** બંને સૂર્યો વચ્ચે $૫\frac{૩૫}{૬૧}$ યોજનનું અંતર વધવાનું શું કારણ છે ?

**ઉત્તર–** સર્વ દ્વીપ-સમુદ્રની મધ્યમાં પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. આ જંબૂદ્વીપની ઉપર, મેરુ પર્વત તરફના સર્વાભ્યંતર મંડળ ઉપર જ્યારે બંને સૂર્યો પરિભ્રમણ કરતાં હોય ત્યારે બંને સૂર્યો પરસ્પર નવ્વાણું હજાર, છસો ચાળીસ(૯૯,૬૪૦) યોજનનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે અર્થાત્ સર્વાભ્યંતર(અંદરના પ્રથમ) મંડળ ઉપર સૂર્યો પરિભ્રમણ કરતાં હોય ત્યારે બંને સૂર્યો વચ્ચે ૯૯, ૬૪૦ યોજનનું અંતર હોય છે અને ત્યારે સૌથી મોટો લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

**४ ते णिक्खममाणा सूरिया णवं संवच्छरं अयमाणा पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति, ता जया णं एए दुवे सूरिया अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति तया णं णवणउइं जोयणसहस्साइं छच्च पणयाले जोयणसए पणवीसं च एगट्ठिभागे जोयणस्स अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति आहिएति वएज्जा, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभाग मुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया।**

**ભાવાર્થ :–** પ્રથમ મંડળમાંથી બહાર નીકળતા, નવા વરસનો અને નવા અયન(દક્ષિણાયન)નો પ્રારંભ કરતા સૂર્ય પ્રથમ અહોરાત્રમાં આભ્યંતરાનંતર-સર્વાભ્યંતર મંડળ પછીના બીજા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. બંને સૂર્ય જ્યારે આભ્યંતરાનંતર એટલે બીજા મંડળ ઉપર પરિભ્રમણ કરતાં હોય, ત્યારે પરસ્પર બંને સૂર્ય વચ્ચે નવ્વાણું હજાર, છસો પિસ્તાળીસ યોજન અને પાંત્રીસ એકસઠાંશ(૯૯, ૬૪૫ $\frac{૩૫}{૬૧}$) યોજનનું અંતર હોય છે અને ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તનો અર્થાત્ ૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહૂર્તનો દિવસ અને $\frac{૨}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત અર્થાત્ ૧૨ $\frac{૨}{૬૧}$ મુહૂર્તની રાત્રિ હોય છે.

**૫ ते णिक्खममाणा सूरिया दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरंति, ता जया णं एए दुवे सूरिया अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरंति तया णं णवणउइं जोयणसहस्साइं छच्च इक्कावण्णे जोयणसए णव य एगट्ठिभागे जोयणस्स अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति आहिएति वएज्जा, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** બીજા મંડળમાંથી બહાર નીકળતા બંને સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા આભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. જ્યારે આ બંને સૂર્ય ત્રીજા અભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતાં હોય ત્યારે પરસ્પર નવ્વાણું હજાર છસો એકાવન યોજન અને નવ એકસઠાંશ(૯૯, ૬૫૧ $\frac{૯}{૬૧}$) યોજનનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે અને ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ $\frac{૫૭}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ અને $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૪}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ હોય છે.

**૬ एवं खलु एएणं उवाएणं णिक्खममाणा एए दुवे सूरिया तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणा–संकममाणा पंच-पंच जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले अण्णमण्णस्स अंतरं अभिवड्ढेमाणा अभिवड्ढेमाणा, सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरंति, ता जया णं एए दुवे सूरिया सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरंति ।**

**ता णं एगं जोयणसयसहस्सं छच्च सट्ठे जोयणसए अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ ।**

**एस णं पढमे छम्मासे, एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી અંદર-અંદરના મંડળથી બહાર નીકળતા અને પછી-પછીના મંડળ ઉપર સંક્રમણ કરતાં બંને સૂર્ય પ્રત્યેક મંડળે પાંચ પૂર્ણાંક પાંત્રીસ એકસઠાંશ(૫ $\frac{૩૫}{૬૧}$ ) યોજનનું પરસ્પરમાં અંતર વધારતાં-વધારતાં સર્વબાહ્ય મંડળ ઉપર પહોંચે છે.

જ્યારે બંને સૂર્યો સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે બંને સૂર્યો પરસ્પર એક લાખ છસો સાંઠ (૧, ૦૦, ૬૬૦) યોજનનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે અને ત્યારે સૌથી મોટી,

લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

આ રીતે પ્રથમ છ માસ છે. અહીં સર્વ બાહ્ય મંડળ ઉપર સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં વર્ષના પ્રથમ છ માસ (દક્ષિણાયન)નો અંત થાય છે.

**૭ ते पविसमाणा सूरिया दोच्चं छम्मासं अयमाणा पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति, ता जया णं एए दुवे सूरिया बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति, तया णं एगं जोयणसयसहस्सं छच्च चउप्पण्णे जोयणसए छव्वीसं च एगट्ठिभागे जोयणस्स अण्णमण्णसस अंतरं कट्टु चारं चरंति, तया णं अट्ठारसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** સર્વ બાહ્ય મંડળ(૧૮૪મા મંડળ)માંથી અંદર પ્રવેશતા, બીજા છ માસ અને નવા અયન(ઉત્તરાયણ)નો પ્રારંભ કરતા સૂર્ય, પ્રથમ અહોરાત્રિમાં બાહ્યાનંતર અર્થાત્ બીજા બાહ્ય(૧૮૩મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. જ્યારે બંને સૂર્ય બાહ્યાનંતર(૧૮૩મા) મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે તે બંને સૂર્ય પરસ્પર એક લાખ, છસો ચોપન યોજન અને છવ્વીસ એકસઠાંશ(૧,૦૦, ૬૫૪ $\frac{૨૬}{૬૧}$ યોજનનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે અને ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ અને $\frac{૨}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ હોય છે.

**૮ ते पविसमाणा सूरिया दोच्चंसि अहोरत्तंसि बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरंति, ता जया णं एए दुवे सूरिया बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरंति तया णं एगं जोयणसयसहस्सं छच्च अडयाले जोयणसए बावण्णं च एगट्ठिभागे जोयणस्स अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति, तया णं अट्ठारसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** બીજા બાહ્ય મંડળથી અંદર પ્રવેશતા બંને સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા બાહ્ય મંડળ(૧૮૨મા મંડળ) ઉપર પરિભ્રમણ કરે છે. જ્યારે બંને સૂર્ય ત્રીજા બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતાં હોય ત્યારે બંને સૂર્યો પરસ્પર એક લાખ છસો અડતાલીસ પૂર્ણાંક બાવન એકસઠાંશ(૧,૦૦,૬૪૮$\frac{૫૨}{૬૧}$)યોજનનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે અને ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તની (૧૭$\frac{૫૭}{૬૧}$ મુહૂર્તની) રાત્રિ તથા $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્તની (૧૨ $\frac{૪}{૬૧}$ મુહૂર્તનો) દિવસ હોય છે.

**૯ एवं खलु एएणं उवाएणं पविसमाणा एए दुवे सूरिया तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणा–संकममाणा पंच-पंच जोयणाइं पणतीसे एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले अण्णमण्णसस अंतरं णिवुड्ढेमाणा–णिवुड्ढेमाणा सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति,**

**ता जया णं एए दुवे सूरिया सव्वब्भंतरं मंडल उवसंकमित्ता चारं चरंति,**

**तया णं णवणउइं जोयणसहस्साइं छच्च चत्ताले जोयणसए अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**एस णं दोच्चे छम्मासे, एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे, एस णं आइच्चे संवच्छरे, एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી બહાર-બહારના મંડળમાંથી અંદર પ્રવેશતા અને પછી-પછીના મંડળ ઉપર સંક્રમણ(પરિભ્રમણ) કરતા બંને સૂર્ય પરસ્પર પ્રત્યેક મંડળે ૫ $\frac{૩૫}{૬૧}$ યોજનનું અંતર ઘટાડતાં-ઘટાડતાં સર્વાભ્યંતર મંડળ ઉપર પહોંચે છે.

જ્યારે બંને સૂર્યો સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે પરસ્પર ૯૯, ૬૪૦ યોજનનું અંતર રાખીને પરિભ્રમણ કરે છે અને ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

આ રીતે બીજા છ માસ છે, સર્વાભ્યંતર મંડળ ઉપર બંને સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં વર્ષના બીજા છ માસ(ઉત્તરાયણ)નો અંત થાય છે. આ આદિત્ય સંવત્સર છે. બે અયન પૂર્ણ થતાં આદિત્ય સંવત્સરનો અંત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સામસામી દિશામાં રહીને પરિભ્રમણ કરતાં જંબૂદ્વીપના બે સૂર્યો વચ્ચેના અંતરનું કથન છે.

**બંને સૂર્યનું સર્વાભ્યંતર અને સર્વ બાહ્ય મંડળે અંતર :–** સર્વાભ્યંતર મંડળ જંબૂદ્વીપની જગતીથી ૧૮૦ યોજન અંદર છે. પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ(સામસામી) દિશાના ૧૮૦ + ૧૮૦ યોજન = ૩૬૦ યોજન થાય છે. જંબૂદ્વીપના ૧ લાખ યોજનના વ્યાસમાંથી તે બાદ કરતાં સર્વાભ્યંતર મંડળે બંને સૂર્ય વચ્ચે ૧,૦૦,૦૦૦ – ૩૬૦ = ૯૯, ૬૪૦ યોજનનું અંતર પ્રાપ્ત થાય છે.

સર્વ બાહ્ય મંડળ લવણ સમુદ્રમાં ૩૩૦ યોજન દૂર છે. બંને બાજુના ૩૩૦ + ૩૩૦ = ૬૬૦ યોજનને જંબૂદ્વીપના વ્યાસમાં ઉમેરતાં સર્વ બાહ્ય મંડળ ઉપર બંને સૂર્યો વચ્ચે (૧,૦૦૦,૦૦ જંબૂદ્વીપ વ્યાસ + ૬૬૦ = ૧,૦૦,૬૬૦ યોજનનું અંતર પ્રાપ્ત થાય છે.

પ્રત્યેક મંડળે ૫ $\frac{૩૫}{૬૧}$ યોજનની વૃદ્ધિ થાય છે. ૧૮૩ મંડળે આ વૃદ્ધિ થતાં ૧૮૩ × ૫ $\frac{૩૫}{૬૧}$ (૧૮૩ × ૫ = ૯૧૫ અને ૧૮૩ × $\frac{૩૫}{૬૧}$ માં ૧૮૩ × ૩૫ = ૬૪૦૫ ÷ ૬૧ = ૧૦૫, ૯૧૫ + ૧૦૫) = ૧૦૨૦ યોજન પ્રાપ્ત થાય છે. તેને પ્રથમ મંડળના અંતરના યોજનમાં ઉમેરતાં ૯૯,૬૪૦ + ૧,૦૨૦ = ૧,૦૦,૬૬૦ યોજનનું અંતર સર્વ બાહ્યમંડળે પ્રાપ્ત થાય છે.


**પ્રત્યેક મંડળે અંતરની હાનિ–વૃદ્ધિનો ધ્રુવાંક :–** દક્ષિણાયનમાં પ્રત્યેક મંડળે ૫ $\frac{૩૫}{૬૧}$ યોજનનું અંતર વધતું જાય છે અને ઉત્તરાયણમાં ૫ $\frac{૩૫}{૬૧}$ યોજનનું અંતર ઘટતું જાય છે. પ્રત્યેક મંડળે બંને સૂર્ય પોતાના સ્થાનથી ૨ યોજન દૂર સરકે છે અર્થાત્ એક મંડળથી બીજું મંડળ ૨ યોજન દૂર છે. બંને સૂર્ય બે-બે યોજન બહારની બાજુ દૂર ગયા તેથી ૨×૨= ૪ યોજન અંતર વધ્યું અને સૂર્ય વિમાન $\frac{૪૮}{૬૧}$ યોજન પહોળા છે, તેથી

તેમના મંડળ– માર્ગ પણ તેટલા જ પહોળા છે. બંને બાજુના માર્ગની પહોળાઈ $\frac{૪૮}{૬૧}$ + $\frac{૪૮}{૬૧}$ = ૧$\frac{૩૫}{૬૧}$ યોજન પ્રાપ્ત થાય તે ચાર યોજનના અંતરમાં ઉમેરતા ૪ + ૧$\frac{૩૫}{૬૧}$ = ૫$\frac{૩૫}{૬૧}$ યોજન પ્રાપ્ત થાય છે. આ રીતે બંને સૂર્ય બહાર નીકળે ત્યારે પ્રત્યેક મંડળે બંને સૂર્યો વચ્ચે ૫$\frac{૩૫}{૬૧}$ યોજનનું અંતર વધે છે અને પ્રત્યેક મંડળે અંદર પ્રવેશે ત્યારે ૫$\frac{૩૫}{૬૧}$ યોજનનું અંતર ઘટે છે.


**तत्थएगे एवमाहंसु**– કેટલાક અન્યતીર્થિકો કહે છે– આ શબ્દપ્રયોગ પરમત(અન્યદર્શન) સૂચક છે. આ શબ્દ પ્રયોગ દ્વારા સૂત્રકારે અન્યતીર્થિકોની માન્યતાઓ પ્રગટ કરી છે. પ્રસ્તુત આગમમાં સર્વત્ર **एगे एवमाहंसु** પ્રયોગ હોય ત્યાં બધે જ અન્ય મતની પ્રરૂપણા છે, તેમ સમજવું. જે પ્રતિપ્રાભૃતમાં જેટલા મત પ્રદર્શિત થયા હોય તેટલી તે પ્રતિપ્રાભૃતની પ્રતિપત્તિઓ કહેવાય છે.

**वयं पुण एवं वयामो** આપણે (જૈન દર્શનની માન્યતાવાળા) એમ કહીએ છીએ **वयं पुण एवं वयामो** શબ્દ પ્રયોગ પછી જૈન દર્શન સંમત માન્યતા પ્રગટ કરવામાં આવી છે. જૈન દર્શન સંમત સર્વ સિદ્ધાંતોની પ્રરૂપણા **अत्थागमे** અર્થરૂપે તીર્થંકર પરમાત્માએ જ કરી છે, તેથી આપણે **वयं पुण एवं वयामो** નો 'ભગવાન એમ કહે છે' આ પ્રમાણે ભાવાર્થ કર્યો છે. પ્રસ્તુત પ્રતિપ્રાભૃતમાં છ પ્રતિપત્તિઓ છે.

**બંને સૂર્ય વચ્ચેનું અંતર અથવા મંડળની લંબાઈ–પહોળાઈ :–**



**સૂર્યના બે મંડળ વચ્ચેના અંતરની વધ–ઘટ :–**




**॥ પ્રાભૃત–૧/૪ સંપૂર્ણ ॥**

# પ્રથમ પ્રાભૃત : પાંચમું પ્રતિપ્રાભૃત

## દ્વીપ-સમુદ્ર અવગાહના

**સૂર્યના અવગાહન ક્ષેત્ર વિષયક પાંચ પ્રતિપત્તિઓ :–**

**१** ता केवइयं ते दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ पंच पडिवत्तीओ पण्णत्ताओ । तं जहा–

तत्थेगे एवमाहंसु–ता एगं जोयणसहस्सं एगं च तेत्तीसं जोयणसयं दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु,

एगे पुण एवमाहंसु–ता एगं जोयणसहस्सं एगं च चउत्तीसं जोयणसयं दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु,

एगे पुण एवमाहंसु–ता एगं जोयणसहस्सं एगं च पणतीसं जोयणसयं दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु,

एगे पुण एवमाहंसु–ता अवड्ढं दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु,

एगे पुण एवमाहंसु–ता णो किंचि दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય દ્વીપ-સમુદ્રના કેટલા ક્ષેત્રને અવગાહિત કરીને પરિભ્રમણ કરે છે ? અર્થાત્ દ્વીપ-સમુદ્રના કેટલા ભાગ ઉપર સૂર્ય પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** સૂર્યના દ્વીપ-સમુદ્રના અવગાહન ક્ષેત્ર વિષયક અન્યતીર્થિકોની પાંચ પ્રતિપત્તિઓ(માન્યતાઓ) કહી છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે દ્વીપના અને સમુદ્રના ૧,૧૩૩ યોજન ક્ષેત્રને અવગાહિત કરીને સૂર્ય પરિભ્રમણ કરે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે દ્વીપના અને સમુદ્રના ૧,૧૩૪ યોજન ક્ષેત્રને અવગાહિત કરીને સૂર્ય પરિભ્રમણ કરે છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે દ્વીપના અને સમુદ્રના ૧,૧૩૫ યોજન ક્ષેત્રને અવગાહિત કરીને સૂર્ય પરિભ્રમણ કરે છે.

(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે અર્ધા દ્વીપને અને અર્ધા સમુદ્રને અવગાહિત કરીને સૂર્ય પરિભ્રમણ કરે છે.

(૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે દ્વીપને કે સમુદ્રને કિંચિત્માત્ર અવગાહિત કર્યા વિના જ સૂર્ય પરિભ્રમણ કરે છે.

**२** **तत्थ जे ते एवमाहंसु–ता एगं जोयणसहस्सं एगं च तेत्तीसं जोयणसयं दीवं वा समुद्द वा ओगाहित्ता सूरिए चारं चरइ, ते एवमाहंसु–ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं जंबुद्दीवं दीवं एगं जोयणसहस्सं, एगं च तेत्तीसं जोयणसयं ओगाहित्ता सूरिए चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं लवणसमुद्दं एगं जोयणसहस्सं एगं च तेत्तीसं जोयणसयं ओगाहित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ ।**

**एवं चउत्तीसेऽवि जोयणसयं, पणतीसेऽवि एवं चेव भाणियव्वं ।**

**ભાવાર્થ :–** અન્યતીર્થિકોમાંથી જે એમ કહે છે કે સૂર્ય દ્વીપના અને સમુદ્રના ૧,૧૩૩ યોજન ક્ષેત્રને અવગાહિત કરીને પરિભ્રમણ કરે છે, તેઓનો આશય એ છે કે સૂર્ય જ્યારે સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ત્યારે તે જંબૂદ્વીપના ૧,૧૩૩ યોજન પ્રમાણ ક્ષેત્રને અવગાહિત કરીને પરિભ્રમણ કરે છે અને ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ તથા ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

સૂર્ય જ્યારે સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ત્યારે તે લવણ સમુદ્રના ૧,૧૩૩ યોજન પ્રમાણ ક્ષેત્રને અવગાહિત કરીને પરિભ્રમણ કરે છે અને ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ તથા ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

આ જ રીતે સૂર્ય ૧,૧૩૪ યોજન અને ૧,૧૩૫ યોજન દ્વીપ-સમુદ્રના ક્ષેત્રને અવગાહિત કરે છે અર્થાત્ આ બંને મતવાળા અન્યતીર્થિકોનો આશય પણ ઉપરોક્ત પ્રમાણે જ છે.

**३** **तत्थ णं जे ते एवमाहंसु–ता अवड्ढं दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, ते एवमाहंसु–ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं अवड्ढं जंबुद्दीवं दीवं ओगाहित्ता सूरिए चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए, अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**एवं सव्वबाहिरे मंडलेऽवि, णवरं–अवड्ढं लवणसमुद्दं तया णं राइंदिय तहेव ।**

**ભાવાર્થ :–** અન્યતીર્થિકોમાંથી જે એમ કહે છે કે સૂર્ય અર્ધા દ્વીપ અને અર્ધા સમુદ્રને અવગાહિત કરીને પરિભ્રમણ કરે છે, તેઓનો આશય એ છે કે જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ત્યારે તે અર્ધા જંબૂદ્વીપ નામના દ્વીપને અવગાહિત કરીને પરિભ્રમણ કરે છે અને ત્યારે સૌથી મોટો લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ તથા ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

તે જ રીતે સૂર્ય જ્યારે સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરે ત્યારે સૂર્ય અર્ધા લવણ સમુદ્રને અવગાહિત કરે છે અને ત્યારે રાત્રિ-દિવસની વ્યવસ્થા પૂર્વવત્ હોય છે અર્થાત્ ૧૮ મુહૂર્તની રાત્રિ ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

**૪** **तत्थ णं जे ते एवमाहंसु– ता णो किंचि दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, ते एवमाहंसु– ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं णो किंचि जंबूद्दीवं दीवं ओगाहिता सुरिए चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**एवं सव्वबाहिरे मंडले वि, णवरं– णो किंचि लवणसमुद्दं ओगाहित्ता सूरिए चारं चरइ, राइंदियं तहेव ।**

**ભાવાર્થ :–** અન્યતીર્થિકોમાં જે એમ કહે કે દ્વીપ-સમુદ્રને કિંચિત્માત્ર અવગાહિત કર્યા વિના સૂર્ય પરિભ્રમણ કરે છે, તેઓનો આશય એ છે કે સૂર્ય જ્યારે સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ત્યારે તે જંબૂદ્વીપને કિંચિત્માત્ર અવગાહિત કર્યા વિના જ પરિભ્રમણ કરે છે અને ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ તથા ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

તે જ રીતે સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરે ત્યારે તે લવણ સમુદ્રને કિંચિત્માત્ર અવગાહિત કર્યા વિના પરિભ્રમણ કરે છે આદિ પૂર્વવત્ જાણવું.

**સૂર્ય દ્વારા અવગાહિત દ્વીપ–સમુદ્ર :–**

**૫** **वयं पुण एवं वयामो– ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं जंबुद्दीवं दीवं असीयं जोयणसयं ओगाहित्ता सूरिए चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે સૂર્ય જ્યારે સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે તે જંબૂદ્વીપના ૧૮૦ યોજનના ક્ષેત્રને અવગાહિત કરે છે અર્થાત્ સર્વાભ્યંતર મંડળ જંબૂદ્વીપની જગતીથી ૧૮૦ યોજન અંદર છે. તે સમયે લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ થાય છે.

**૬** **ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं लवणसमुद्दं तिण्णि तीसे जोयणसए ओगाहित्ता सूरिए चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ, *(गाहाओ भाणियव्वाओ)* ।**


**ભાવાર્થ :–** સૂર્ય જ્યારે સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે તે લવણ સમુદ્રના ૩૩૦ યોજન પ્રમાણ ક્ષેત્રને અવગાહિત કરીને પરિભ્રમણ કરે છે અર્થાત્ સર્વ બાહ્ય મંડળ લવણસમુદ્રમાં જંબૂદ્વીપ તરફના કિનારાથી ૩૩૦ યોજન દૂર છે. તે સમયે લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મંડળના અવગાહન ક્ષેત્રનું કથન છે. મેરુ પર્વતને કેન્દ્રમાં રાખીને પ્રદક્ષિણાકારે

પરિભ્રમણ કરતો સૂર્ય ૫૧૦ યોજન ક્ષેત્રમાં ગમન-આગમન કરે છે. ૫૧૦ યોજનના ક્ષેત્રમાંથી ૧૮૦ યોજનનું ક્ષેત્ર જંબૂદ્વીપ ઉપર અને ૩૩૦ યોજનનું ક્ષેત્ર લવણ સમુદ્રની ઉપર છે. ૧૮૦ + ૩૩૦ = ૫૧૦ યોજનના ક્ષેત્રમાં સૂર્યના ૧૮૪ મંડળ છે. દક્ષિણાયનમાં સૂર્ય મેરુ પર્વતની નજીકના સૌથી પ્રથમ મંડળ ઉપરથી, બીજા-ત્રીજા આદિ મંડળ ઉપર પરિભ્રમણ કરતાં-કરતાં ૫૧૦ યોજન દૂર જાય છે અને ઉત્તરાયણમાં બહારથી ક્રમશઃ અંદર આવતા ૧૮૩, ૧૮૨, ૧૮૧ આદિ મંડળ ઉપર પરિભ્રમણ કરતાં-કરતાં ૫૧૦ યોજન ક્ષેત્રને પાર કરી પ્રથમ સર્વાભ્યંતર મંડળ ઉપર આવે છે.

**સૂર્યનું દ્વીપ–સમુદ્ર ઉપરની અવગાહના :–**




**।। પ્રાભૃત ૧/૫ સંપૂર્ણ ।।**

# પ્રથમ પ્રાભૃત : છઠ્ઠું પ્રતિપ્રાભૃત

## અહોરાત્રમાં સૂર્ય વિકંપન

**સૂર્યના વિકંપન વિષયક સાત પ્રતિપત્તિઓ :–**

**१** ता केवइयं ते एगमेगे णं राइंदिए णं विकंपइत्ता–विकंपइत्ता सूरिए चारं चरइ आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ सत्त पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–

तत्थ एगे एवमाहंसु– ता दो जोयणाइं अद्धबायालीसं तेसीइं सयभागे जोयणस्स एगमेगेणं राइंदिएणं विकंपइत्ता–विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहुंसु– ता अड्ढाइज्जाइं जोयणाइं एगमेगेणं राइंदिएणं विकंपइत्ता-विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता तिभागूणाइं तिण्णि जोयणाइं एगमेगेणं राइंदिए णं विकंपइत्ता-विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एगमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता तिण्णि जोयणाइं अद्धसीयालीसं च तेसीइसयभागे जोयणस्स एगमेगेणं राइंदिएणं विकंपइत्ता-विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता अद्धुट्ठाइं जोयणाइं एगमेगेणं राइंदिएणं विकंपइत्ता–विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता चउभागूणाइं चत्तारि जोयणाइं एगमेगेणं राइंदिएणं विकंपइत्ता–विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता चत्तारि जोयणाइं अद्धबावण्णं च तेसीइसयभागे जोयणस्स एगमेगेणं राइंदिएणं विकंपइत्ता–विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય એક રાત્રિ-દિવસ (એક અહોરાત્રિ)માં કેટલા ક્ષેત્રનું વિકંપન કરતાં પરિભ્રમણ કરે છે ? અર્થાત્ એક મંડળથી બીજા મંડળ ઉપર જતાં કેટલા ક્ષેત્રને પાર કરે છે. **ઉત્તર–** સૂર્યના વિકંપન– બે મંડળ વચ્ચેના ક્ષેત્રના વિષયમાં અન્યતીર્થિકોની સાત પ્રતિપત્તિઓ છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય એક-એક અહોરાત્રમાં ૨ યોજન અને ૧ યોજનના એકસો ત્યાસી

ભાગમાંથી સાડી એકતાલીસ ભાગ ક્ષેત્રને વિકંપિત કરતાં અર્થાત્ પાર કરતાં પરિભ્રમણ કરે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય એક-એક અહોરાત્રમાં અઢી(૨॥) યોજન ક્ષેત્રને પાર કરતાં પરિભ્રમણ કરે છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય એક-એક અહોરાત્રમાં ત્રીજો ભાગ ન્યૂન ત્રણ યોજન ($૨\frac{૨}{૩}$ યોજન) ક્ષેત્રને પાર કરતાં પરિભ્રમણ કરે છે.

(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય એક-એક અહોરાત્રમાં ત્રણ યોજન અને એક યોજનના એકસો ત્યાસી યોજનમાંથી સાડી છેતાલીસ યોજનાંશ($૩\frac{૪૬॥}{૧૮૩}$ યોજન) પ્રમાણ ક્ષેત્રને પાર કરતાં પરિભ્રમણ કરે છે.

(૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય એક-એક અહોરાત્રમાં સાડા ત્રણ(૩॥) યોજન પ્રમાણ ક્ષેત્રને પાર કરતાં પરિભ્રમણ કરે છે.

(૬) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય એક-એક અહોરાત્રમાં ચોથો ભાગ ન્યૂન ચાર યોજન અર્થાત્ પોણાચાર (૩॥।) યોજન ક્ષેત્રને પાર કરતાં પરિભ્રમણ કરે છે.

(૭) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય એક-એક અહોરાત્રમાં ૪ યોજન અને ૧ યોજનના ૧૮૩ યોજનાંશમાંથી સાડી એકાવન યોજનાંશ ($૪\frac{૫૧॥}{૧૮૩}$ યોજન) ક્ષેત્રને પાર કરે છે.

**અહોરાત્રમાં સૂર્યનું વિકંપિત ક્ષેત્ર :–**

**૨ वयं पुण एवं वयामो– ता दो जोयणाइं अडयालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगं मंडलं एगमेगेणं राइंदिएणं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે સૂર્ય એક મંડળ ઉપરથી બીજા મંડળ ઉપર જાય ત્યારે એટલે એક અહોરાત્રમાં બે યોજન અને અડતાલીસ એકસઠાંશ($૨\frac{૪૮}{૬૧}$) યોજન ક્ષેત્રનું વિકંપન કરે છે અર્થાત્, તેટલા ક્ષેત્રને પાર કરે છે.

**૩ तत्थ णं को हेऊ ति वएज्जा ? ता अयं णं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए *जाव* परिक्खेवेणं पण्णत्ते, ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્ય $૨\frac{૪૮}{૬૧}$ યોજનનું વિકંપન કરે છે અર્થાત્ પ્રત્યેક મંડળે $૨\frac{૪૮}{૬૧}$ યોજન દૂર જાય છે, તેનું શું કારણ છે ?

**ઉત્તર–** સર્વ દ્વીપ સમુદ્રની મધ્યમાં પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે, આ જંબૂદ્વીપની ઉપરના, મેરુપર્વત તરફના સર્વાભ્યંતર મંડળ ઉપર સૂર્ય પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટો લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.(સૂર્યોનું ૫૧૦ યોજનમાં ગમનાગમન થતું હોવાથી પ્રત્યેક મંડળે $૨\frac{૪૮}{૬૧}$ યોજનનું વિકંપન થાય છે.)

**૪ से णिक्खममाणे सूरिए णवं संवच्छरं अयमाणे पढमंसी अहोरत्तंसि**

**अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं दो जोयणाइं अडयालीसं च एगट्ठिभागे जोयणस्स एगेणं राइंदिएणं विकंपइत्ता-विकंपइत्ता चारं चरइ, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** પ્રથમ(સર્વાભ્યંતર) મંડળમાંથી બહાર નીકળતા નવા વરસ અને નવા અયન(દક્ષિણાયન)નો પ્રારંભ કરતા સૂર્ય પ્રથમ અહોરાત્રમાં આભ્યંતરાનંતર (સર્વાભ્યંતર મંડળ પછીના બીજા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે સર્વાભ્યંતરાનંતર(બીજા) મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે એક-એક અહોરાત્રમાં ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન ક્ષેત્રને પાર કરતાં પરિભ્રમણ કરે છે અને ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭$\frac{૫૯}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ તથા ૧૨$\frac{૨}{૬૧}$ મુહૂર્તની રાત્રિ હોય છે.

**૫ से णिक्खममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ । ता जया णं सूरिए अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं पंच जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स दोहिं राइंदिएहिं विकंपइत्ता–विकंपइत्ता चारं चरइ, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया।**

**ભાવાર્થ :–** બીજા મંડળથી બહાર નીકળતા સૂર્ય, બીજા અહોરાત્રમાં ત્રીજા આભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે ત્રીજા આભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે તે બીજા અહોરાત્રમાં ૫$\frac{૩૫}{૬૧}$ યોજન ક્ષેત્રને વિકંપિત કરતાં(પાર કરતાં) પરિભ્રમણ કરે છે અને ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તનો (૧૭$\frac{૫૭}{૬૧}$ મુહૂર્તનો) દિવસ તથા ૧૨$\frac{૪}{૬૧}$ મુહૂર્તની રાત્રિ હોય છે.

**૬ एवं खलु एएणं उवाएणं णिक्खममाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतर मंडलं संकममाणे-संकममाणे दो-दो जोयणाइं अडयालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगं मंडलं एगमेगेणं राइंदिएणं विकंपमाणे-विकंपमाणे सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ ।**

**ता जया णं सूरिए सव्वब्भंतराओ मंडलाओ सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सव्वब्भंतरं मंडलं पणिहाय एगेणं तेसीएणं राइंदियसएणं पंचदसुत्तरजोयणसए विकंपइत्ता-विकंपइत्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ । एस णं पढमे छम्मासे, एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી અંદર-અંદરના મંડળમાંથી બહાર નીકળતા સૂર્ય પછી-પછીના મંડળ ઉપર સંક્રમણ કરતાં પ્રત્યેક અહોરાત્રમાં એક-એક મંડળે ૨ $\frac{૪૮}{૬૧}$ યોજનનું વિકંપન કરતાં-કરતાં(બે પૂર્ણાંક અડતાલીસ એક સઠાંસ યોજન ક્ષેત્રને પાર કરતાં-કરતાં) સર્વ બાહ્ય મંડળ ઉપર પહોંચે છે.

જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળથી સર્વબાહ્ય મંડળ ઉપર પહોંચે છે ત્યારે સર્વાભ્યંતર મંડળના એક અહોરાત્રને છોડીને ૧૮૩ અહોરાત્રમાં ૫૧૦ યોજનના ક્ષેત્રને પાર કરી છેલ્લા સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરે છે અને ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ તથા ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે. આ રીતે પ્રથમ છ માસ થાય છે. સર્વ બાહ્ય મંડળ ઉપરનું પરિભ્રમણ પૂર્ણ થતાં પ્રથમના છ માસ અર્થાત્ દક્ષિણાયનનો અંત થાય છે.

**૭ से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं दो-दो जोयणाइं अडयालीसं च एगट्ठिभागे जोयणस्स एगेणं राइंदिएणं विकंपइत्ता-विकंपइत्ता चारं चरइ, तया णं अट्ठारसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** સર્વબાહ્ય(૧૮૪મા) મંડળમાંથી અંદર પ્રવેશતા, બીજા છ માસ અને નવા અયન– ઉત્તરાયણનો પ્રારંભ કરતા સૂર્ય પ્રથમ અહોરાત્રમાં બાહ્યાનંતર(બીજા બાહ્ય–૧૮૩મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. જ્યારે સૂર્ય બાહ્યાનંતર(૧૮૩મા) મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે $૨\frac{૪૮}{૬૧}$ યોજન ક્ષેત્રને એક અહોરાત્રમાં વિકંપન(પાર) કરે છે અને ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત(૧૭$\frac{૫૯}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ તથા $\frac{૨}{૬૧}$ મુહૂર્ત અધિક બાર મુહૂર્ત (૧૨ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ થાય છે.

**૮ से पविसमाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि बाहिरं तच्चं मंडलं उवसंकमिंत्ता चारं चरइ, ता जया णं सूरिए बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंचजोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स दोहिं राइंदिएहिं विकंपइत्ता विकंपइत्ता चारं चरई, तया णं अट्ठारसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** બીજા બાહ્ય મંડળથી અંદર પ્રવેશતા સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા બાહ્ય (૧૮૨મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. જ્યારે સૂર્ય ત્રીજા બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે $૫\frac{૩૫}{૬૧}$ યોજન ક્ષેત્રને બે અહોરાત્રમાં પાર કરે છે અને ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તની(૧૭ $\frac{૫૭}{૬૧}$ મુહૂર્તની) રાત્રિ તથા $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્તનો (૧૨$\frac{૪}{૬૧}$ મુહૂર્તનો) દિવસ થાય છે.

**૯ एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतर मंडलं संकममाणे-संकममाणे दो जोयणाइं अडयालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगं मंडलं एगेमेगेणं राइंदिएणं विकंपमाणे-विकंपमाणे सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ ।**

**ता जया णं सूरिए सव्वबाहिराओ मंडलाओ सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सव्वबाहिरं मंडलं पणिहाय एगे णं तेसीएणं राइंदियसएणं पंचदसुत्तरे जोयणसए विकंपइत्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए**

**अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**एस णं दोच्चे छम्मासे, एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे, एस णं आइच्चे संवच्छरे, एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી બાહ્ય મંડળમાંથી અંદર પ્રવેશતા અને પછી-પછીના મંડળ ઉપર સંક્રમણ(પરિભ્રમણ) કરતા સૂર્ય પ્રત્યેક મંડળે, એક-એક અહોરાત્રમાં ૨$\frac{૪૮}{૬૧}$ યોજન ક્ષેત્રને વિકંપિત(પાર) કરતાં- કરતાં સર્વાભ્યંતર મંડળ ઉપર પહોંચે છે.

સૂર્ય જ્યારે સર્વબાહ્ય મંડળથી સર્વાભ્યંતર મંડળ ઉપર પહોંચે છે, ત્યારે સર્વબાહ્ય મંડળના એક અહોરાત્રને વર્જિને ૧૮૩મા અહોરાત્રે ૫૧૦ યોજનને પાર કરી, સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે અને ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

આ રીતે બીજા છ માસ થાય છે. સર્વાભ્યંતર મંડળ ઉપરનું સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં બીજા છ માસ અર્થાત્ ઉત્તરાયણનો અંત થાય છે. આ આદિત્ય સંવત્સર છે, બે અયન પૂર્ણ થતાં આદિત્ય સંવત્સર(વર્ષ)નો અંત થાય છે.


**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રત્યેક મંડળે સૂર્ય કેટલા યોજન દૂર જાય છે, તેનું વર્ણન છે.

**विकंपइत्ता**– વિકંપન. આ જૈન દર્શનનો રૂઢ પારિભાષિક શબ્દ છે. **विकम्पनं नाम स्वस्वमण्डलात्बहिरवष्क्रमणमभ्यन्तर प्रवेशनं** ।– વૃત્તિ. વિકંપન એટલે પોત-પોતાના મંડળથી બહાર નીકળી, બીજા–બીજા મંડળ માં પ્રવેશ કરવો. સૂર્ય એક મંડળ પાર કરી બીજા મંડળ ઉપર જાય તેને વિકંપન કહે છે.

સૂર્ય એક મંડળથી બીજા મંડળ ઉપર જાય ત્યારે તે ૨$\frac{૪૮}{૬૧}$ યોજન દૂર સરકે છે. બંને સૂર્યના ૨$\frac{૪૮}{૬૧}$ + ૨$\frac{૪૮}{૬૧}$ = ૫$\frac{૩૫}{૬૧}$ યોજન ક્ષેત્રનું વિકંપન કરતાં અર્થાત્ પાર કરતાં-કરતાં એક મંડળ ઉપરથી બીજા મંડળ ઉપર પહોંચે છે.


**સૂર્યનું પ્રત્યેક મંડળે વિકંપન માપ :–**



**વિકંપન ક્ષેત્ર :–** મેરુ પર્વત તરફના સર્વાભ્યંતર મંડળ ઉપરથી સર્વબાહ્ય મંડળ ઉપર બંને સૂર્ય પહોંચે ત્યારે તેઓ ૫૧૦ યોજન ક્ષેત્રને પાર કરી (૫૧૦ યોજન) દૂર જાય છે અને સર્વ બાહ્ય મંડળથી સર્વાભ્યંતર મંડળ ઉપર આવે ત્યારે ૫૧૦ યોજન ક્ષેત્રને પાર કરી અંદર આવે છે. આ રીતે પ્રત્યેક સંવત્સરમાં બંને સૂર્ય ૫૧૦ યોજન ક્ષેત્રમાં આવાગમન કરે છે, તેથી સૂર્યનું વિકંપનક્ષેત્ર ૫૧૦ યોજનનું થાય છે.

સૂર્ય પ્રત્યેક મંડળે ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન ક્ષેત્રને પાર કરે છે. સૂર્ય એક અયનમાં ૧૮૩ મંડળ પાર કરે છે તેથી ૨ $\frac{૪૮}{૬૧}$ × ૧૮૩ (૨ × ૧૮૩ = ૩૬૬ અને $\frac{૪૮}{૬૧}$ × ૧૮૩ = એટલે ૮૭૮૪ ÷ ૬૧ = ૧૪૪, ૩૬૬ + ૧૪૪ = ૫૧૦ યોજનનું વિકંપનક્ષેત્ર થાય છે.

**સૂર્યનું ૫૧૦ યોજનનું વિકંપન ક્ષેત્ર :–**




**॥ પ્રાભૃત ૧/૬ સંપૂર્ણ ॥**

# પ્રથમ પ્રાભૃત : સાતમું પ્રતિપ્રાભૃત

## મંડલ સંસ્થાન

**સૂર્યાદિ મંડળોના આકાર વિષયક આઠ પ્રતિપ્રત્તિઓ :–**

**१** **ता कहं ते मंडल-संठिई आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ अट्ठ पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–**

**तत्थेगे एवमाहंसु–ता सव्वावि णं मंडलवया समचउरंस संठाणसंठिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता सव्वावि णं मंडलवया विसमचउरंस संठाणसंठिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता सव्वावि णं मंडलवया समचउक्कोणसंठिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता सव्वावि णं मंडलवया विसमचउक्कोणसंठिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता सव्वावि णं मंडलवया समचक्कवालसंठिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता सव्वावि णं मंडलवया विसमचक्कवाल संठिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता सव्वावि णं मंडलवया चक्कद्धचक्कवालसंठिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता सव्वावि णं मंडलवया छत्तागारसंठिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્યાદિ મંડળોનું સંસ્થાન(આકાર) કેવું છે ? **ઉત્તર–** મંડળના સંસ્થાન વિષયક અન્યતીર્થિકોની આઠ પ્રતિપત્તિઓ(માન્યતાઓ) કહી છે, યથા–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળવતા એટલે મંડળો તથા સૂર્યાદિ વિમાનોનું સમચતુરસ્ર (ચોરસ) સંસ્થાન છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળો તથા વિમાનોનું વિષમચતુસ્ત્ર અસમચોરસ સંસ્થાન છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળો તથા વિમાનોનું સમચતુષ્કોણ સંસ્થાન છે.
(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળો તથા વિમાનોનુ વિષમચતુષ્કોણ સંસ્થાન છે.
(૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળો તથા વિમાનોનું સમચક્રવાલ(સમગોળ) સંસ્થાન છે.
(૬) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળો તથા વિમાનોનું વિષમચક્રવાલ સંસ્થાન છે.
(૭) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળો તથા વિમાનોનું ચક્રાર્ધચક્રવાલ સંસ્થાન છે.
(૮) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળો તથા વિમાનોનું છત્રાકાર સંસ્થાન છે.

**સૂર્ય મંડળ-વિમાનનું સંસ્થાન :-**

**૨ तत्थ जे ते एवमाहंसु– ता सव्वावि णं मंडलवया छत्तागारसंठिया पण्णत्ता, एएणं णएणं णायव्वं, णो चेव णं इयरेहिं ।** (*पाहुडगाहाओ भाणियव्वाओ।*)


**ભાવાર્થ :-** આ અન્યતીર્થિકોમાં જે એમ કહે કે મંડળો તથા વિમાનોનું છત્રાકાર સંસ્થાન છે, તે જ નય (અભિપ્રાય) પ્રમાણે મંડળોનું સંસ્થાન જાણવું અર્થાત્ ભગવાન કહે છે કે આ સૂર્ય મંડળો તથા સૂર્યાદિ વિમાનો છત્રાકારે છે, અન્ય આકારવાળા નથી.

**વિવેચન :-**


પ્રસ્તુત સૂત્રોમાં સૂર્યાદિ વિમાનના મંડળો અર્થાત્ ચાલવાના માર્ગના આકારનું કથન છે.

**मंडलवता**– મંડળવતા. પ્રસ્તુતમાં મંડળવતા શબ્દ પ્રયોગથી અને સૂર્ય વિમાનનું ગ્રહણ થાય છે. **मण्डलपरिभ्रमणमेषामस्तीति मण्डलवन्ति......समस्ता मण्डलवता– मण्डलपरिभ्रमणवन्ति चन्द्रादिविमानानि ।** મંડળ ઉપર જેઓનું પરિભ્રમણ થાય છે તે મંડલવાન અર્થાત્ ચંદ્ર-સૂર્યાદિ વિમાનોનું મંડળ ઉપર પરિભ્રમણ થાય છે, તેથી તે વિમાનો મંડલવતા કહેવાય છે. આઠમા પ્રતિપ્રાભૃતમાં **मंडलवता** થી મંડળ પદ-મંડળ સ્થાન અર્થાત્ સૂર્ય વિમાન જે સ્થાનમાં ફરે છે તે માર્ગ અર્થ ગ્રહણ કર્યો છે.

**મંડલવતા**
**મંડલવાન–સૂર્ય વિમાન**



**મંડલવતા**
**મંડલપદ–મંડળ(માર્ગ) સ્થાન**



સમપૃથ્વીથી ૮૦૦ યોજન ઉપર સૂર્ય મેરુપર્વતને પ્રદક્ષિણા કરે છે. તેનો પરિભ્રમણ માર્ગ આકાશ આધારિત જ છે, તેથી તેનો કોઈ આકાર સંભવિત નથી પરંતુ સૂર્યાદિ વિમાન તેના ઉપર ફરતાં હોવાથી વિમાનના આકારે તે મંડળનો આકાર નિશ્ચિત થાય છે. સૂર્યાદિ વિમાનો છત્રાકારે કે અર્ધકોઠાકારે છે, તેથી તેના માર્ગનો આકાર, ઊંડાઈ આદિ પણ તેવા જ આકારના કહેવાય છે.

પ્રસ્તુત સૂત્રમાં મંડળ (સૂર્ય વિમાન)નો આકાર છત્રાકાર જેવો કહ્યો છે અને અઢારમા પ્રાભૃતમાં ચંદ્ર સૂર્ય વગેરેના વિમાનોનો આકાર **अद्धकविट्ठग संठाण संठिए** અર્ધ કપિત્થ(કોઠા) જેવો કહ્યો છે વૃત્તિકારે **सर्वेषामप्युत्तानिकृतकपित्था संस्थान संस्थितत्वान्न चैव नैव इतरैः** ।–વૃત્તિ. સર્વ જ્યોતિષ્ક વિમાનો ઊર્ધ્વમુખી(ચતા) કોઠાના આકારે છે, અન્ય આકારે નથી. વૃત્તિકારના આ કથનના આધારે અહીં પણ ચત્તા રાખેલા છત્ર જેવું સંસ્થાન જ્યોતિષ્ક વિમાનોનું છે, તેમ સમજવું.

પ્રસ્તુતમાં મંડળ તથા વિમાનો છત્રાકારે છે, તેવી માન્યતાવાળા અન્યતીર્થિકોની માન્યતા ભગવાનને સંમત છે, તેથી પ્રસ્તુતમાં **वयं पुण एवं वयामो** થી સ્વમત પ્રદર્શિત ન કરતાં **एएणं णएणं णायव्वा.....** પ્રયોગ દ્વારા આઠમા અન્યતીર્થિકની માન્યતાને સંમતિ આપી છે.

॥ પ્રાભૃત–૧/૭ સંપૂર્ણ ॥

# પ્રથમ પ્રાભૃત : આઠમું પ્રતિપ્રાભૃત

## મંડળ વિષ્કંભ

**મંડળોના વિસ્તારાદિ વિષયક ત્રણ પ્રતિપત્તિઓ :–**

**१** **ता सव्वा वि णं मंडलवया– केवइयं बाहल्लेणं, केवइयं आयाम– विक्खंभेणं, केवइयं परिक्खेवेणं आहिएति वएज्जा ? तत्थ खलु इमा तिण्णि पडिवत्तीओ पण्णत्ताओ ।**

**तत्थेगे एवमाहंसु–ता सव्वावि णं मंडलवया जोयणं बाहल्लेणं, एगं जोयणसहस्सं एगं तेत्तीसं जोयणसयं आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसहस्साइं तिण्णि य णवणउए जोयणसए परिक्खेवेणं पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता सव्वावि णं मंडलवया जोयणं बाहल्लेणं, एगं जोयणसहस्सं एगं च चउत्तीसं जोयणसयं आयाम-विक्खंभेणं, तिण्णि जोयण– सहस्साइं चत्तारि बिउत्तरे जोयणसएइं परिक्खेवेणं पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता सव्वावि णं मंडलवया जोयणं बाहल्लेणं, एगं जोयणसहस्सं एगं च पणतीसं जोयणसयं आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसहस्साइं चत्तारि पंचुत्तरे जोयणसए परिक्खेवेणं पण्णत्ता, एगे एवमाहंसु।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સર્વ મંડળ પદો(મંડળ સ્થાનો)નો વિસ્તાર, લંબાઈ-પહોળાઈ અને પરિધિ કેટલી છે? **ઉત્તર–** સૂર્યના મંડળ સ્થાનોનો વિસ્તાર જાડાઈ, લંબાઈ-પહોળાઈ અને પરિધિના વિષયમાં અન્યતીર્થિકોની ત્રણ પ્રતિપત્તિઓ(માન્યતાઓ) છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળ સ્થાનોનો વિસ્તાર એક યોજન, લંબાઈ-પહોળાઈ એક હજાર એકસો તેત્રીસ(૧,૧૩૩) યોજન અને પરિધિ ત્રણ હજાર ત્રણસો નવ્વાણું(૩,૩૯૯) યોજન છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળ સ્થાનોનો વિસ્તાર એક યોજન, લંબાઈ-પહોળાઈ એક હજાર એકસો ચોત્રીસ(૧,૧૩૪) યોજન અને પરિધિ ત્રણ હજાર ચારસો બે(૩૪૦૨) યોજન છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સર્વ મંડળ સ્થાનોનો વિસ્તાર એક હજાર યોજન, લંબાઈ-પહોળાઈ એક હજાર એકસો પાંત્રીસ (૧,૧૩૫) યોજન અને પરિધિ ત્રણ હજાર ચારસો પાંચ(૩,૪૦૫) યોજન છે.

[ અન્યતીર્થિકોની આ ત્રણે માન્યતામાં ગણિત શાસ્ત્રના નિયમ પ્રમાણે પરિધિ અસંગત થાય છે ]

**મંડળોનો વિસ્તાર, લંબાઈ, પહોળાઈ–પરિધિ :–**

**२** **वयं पुण एवं वयासी–**

**ता सव्वावि णं मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं, अणियया आयाम-विक्खंभ-परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે બધા જ મંડળ–માર્ગનો વિસ્તાર $\frac{૪૮}{૬૧}$ યોજનનો છે અને તે સર્વ મંડળોની લંબાઈ-પહોળાઈ તથા પરિધિ અનિયત છે, એક સરખી નથી.

**३** **तत्थ णं को हेऊ त्ति वएज्जा ?**

**ता अयं णं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए *जाव* परिक्खेवेणं पण्णत्ते, ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया(अडयालीसं) एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं, णवणउइ जोयण-सहस्साइं छच्च चत्ताले जोयणसए आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं पण्णरसय जोयणसहस्साइं एगूणणउइं जोयणाइं किंचि विसेसाहिए परिक्खेवेणं, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालस-मुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** મંડળ સ્થાનોની લંબાઈ આદિ એક સરખી નથી, તેનું શું કારણ છે ?

**ઉત્તર–** સર્વ દ્વીપ-સમુદ્રની મધ્યમાં પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. આ જંબૂદ્વીપ ઉપર, મેરુપર્વતની સમીપના સર્વાભ્યંતર(પ્રથમ) મંડળ ઉપર જ્યારે સૂર્ય પરિભ્રમણ કરે છે, ત્યારે તે સર્વાભ્યંતર મંડળનો વિસ્તાર $\frac{૪૮}{૬૧}$ યોજન, લંબાઈ-પહોળાઈ નવ્વાણું હજાર, છસો, ચાલીસ (૯૯,૬૪૦) યોજન અને પરિધિ સાધિક ત્રણ લાખ, પંદર હજાર, નેવ્યાસી (૩,૧૫,૦૮૯)યોજનની હોય છે અને ત્યારે સૌથી લાંબો, મોટામાં મોટો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.(પ્રત્યેક મંડળની લંબાઈ- પહોળાઈમાં ૫$\frac{૩૫}{૬૧}$ યોજનની અને પરિધિમાં ૧૮ યોજનની વૃદ્ધિ થાય છે, તેથી મંડળોની લંબાઈ- પહોળાઈ અને પરિધિ અનિયત છે, એક સમાન નથી.)

**४** **से णिक्खम्ममाणे सूरिए णवं संवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं, णवणउइं जोयणसहस्साइं छच्च पणयाले जोयणसए पणतीसं च एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं पण्णरस जोयणसहस्साइं एगं च सत्तुतरं जोयणसयं किंचि विसेसूणं परिक्खेवेणं, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** સર્વાભ્યંતર પ્રથમ મંડળમાંથી બહાર નીકળતા, નવા સંવત્સર અને નવા અયન (દક્ષિણાયન)નો પ્રારંભ કરતા સૂર્ય પ્રથમ અહોરાત્રમાં આભ્યંતરાનંતર–બીજા આભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે આભ્યંતરાનંતર બીજા મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે, તે બીજા

મંડળનો વિસ્તાર ૪૮/૬૧ યોજન, લંબાઈ-પહોળાઈ નવ્વાણું હજાર છસો પીસ્તાળીશ તથા પાત્રીસ એકસઠાંશ (૯૯,૬૪૫ ૩૫/૬૧) યોજન અને પરિધિ ત્રણ લાખ પંદર હજાર, એક સો સાત (૩, ૧૫, ૧૦૭) યોજન હોય છે અને ત્યારે ૨/૬૧ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ ૫૯/૬૧ મુહૂર્ત)નો દિવસ અને ૨/૬૧ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ ૨/૬૧ મુહૂર્ત)ની રાત્રિ હોય છે.

**૫** **से णिक्खम्ममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं, णवणउइं जोयणसहस्साइं छच्च एक्कावण्णे जोयणसए णव य एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं पण्णरस्स जोयणसहस्साइं एगं च पणवीसं जोयणसयं परिक्खेवेणं पण्णत्ते, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** બીજા મંડળમાંથી બહાર નીકળતા સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા આભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે ત્રીજા આભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે તે ત્રીજા મંડળનો વિસ્તાર ૪૮/૬૧ યોજન, લંબાઈ-પહોળાઈ નવ્વાણું હજાર છસો એકાવન યોજન અને નવ એકસઠાંશ (૯૯, ૬૫૧ ૯/૬૧ ) યોજનની અને પરિધિ ત્રણ લાખ પંદર હજાર, એક સો પચીસ(૩, ૧૫, ૧૨૫) યોજનની હોય છે, ત્યારે ૪/૬૧ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્તનો (૧૭ ૫૭/૬૧ મુહૂર્તનો) દિવસ તથા ૪/૬૧ મુહૂર્તાંશ અધિક ૧૨ મુહૂર્તની (૧૨ ૪/૬૧ મુહૂર્તની) રાત્રિ હોય છે.

**૬** **एवं खलु एएणं उवाएणं णिक्खम्माणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणे-संकममाणे पंच-पंच जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले विक्खंभवुड्ढिं अभिवड्ढेमाणे-अभिवड्ढेमाणे अट्ठारस अट्ठारस जोयणाइं परिरयवुड्ढिं अभिवड्ढेमाणे-अभिवड्ढेमाणे सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ,**

**ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं, एगं च जोयणसयसहस्सं छच्चसट्ठे जोयणसए आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं अट्ठारस सहस्साइं तिण्णि य पण्णरसुत्तरे जोयणसए परिक्खेवेणं, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णिए दुवालसमुहुत्ते दिवसे भवइ ।**

**एस णं पढमे छम्मासे एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી અંદરના મંડળમાંથી બહાર નીકળતા, પછી-પછીના મંડળ ઉપર સંક્રમણ કરતાં સૂર્ય પ્રત્યેક મંડળે લંબાઈ-પહોળાઈમાં પાંચ પૂર્ણાંક પાંત્રીસ એકસંઠાશ(૫ ૩૫/૬૧) યોજનની અને પરિધિમાં ૧૮-૧૮ યોજનની વૃદ્ધિ કરતાં-કરતાં સર્વ બાહ્ય મંડળ ઉપર પહોંચે છે.

સૂર્ય જ્યારે સર્વ બાહ્ય(૧૮૪મા) મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે તે ૧૮૪મા મંડળનો વિસ્તાર $\frac{૪૮}{૬૧}$ યોજન, લંબાઈ-પહોળાઈ એક લાખ છસો સાઠ(૧, ૦૦, ૬૬૦) યોજનની અને પરિધિ ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર(૩, ૧૮, ૩૧૫) યોજનની હોય છે. ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

આ રીતે પ્રથમ છ માસ થાય છે. સર્વ બાહ્ય મંડળ ઉપરનું પરિભ્રમણ પૂર્ણ થતાં વર્ષના પ્રથમ છ માસ અર્થાત્ દક્ષિણાયનનો અંત થાય છે.

**૭ से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए बाहिराणंतर मंडलं उवसंकमित्ता चारं चरइ,**

**तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं, एगं जोयणसयसहस्सं छच्च चउप्पणे जोयणसए छव्वीसं च एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं अट्ठारस सहस्साइं दोण्णि य सत्ताणउए जोयणसए परिक्खेवेणं पण्णत्ते, तया णं अट्ठारसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभाग-मुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** સર્વ બાહ્ય(૧૮૪મા) મંડળ ઉપરથી અંદર પ્રવેશતા, બીજા છ માસ તથા નવા અયનનો (ઉત્તરાયણનો) પ્રારંભ કરતા સૂર્ય પ્રથમ અહોરાત્રમાં બાહ્યાનંતર(બીજા બાહ્ય–૧૮૩મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

જ્યારે સૂર્ય બાહ્યાનંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે તે ૧૮૩મા મંડળનો વિસ્તાર $\frac{૪૮}{૬૧}$ યોજન, લંબાઈ-પહોળાઈ એક લાખ છસો ચોપન પૂર્ણાંક છવ્વીસ એક સઠાંશ(૧૦૦, ૬૫૪ $\frac{૨૬}{૬૧}$) યોજન અને પરિધિ ત્રણ લાખ અઢાર હજાર બસો સત્તાણું,(૩, ૧૮, ૨૯૭) યોજન હોય છે, ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ તથા $\frac{૨}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ હોય છે.

**૮ से पविसमाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए बाहिरं तच्च मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं, एगं जोयणसयसहस्सं छच्च अडयाले जोयणसए बावण्णं च एगट्ठिभागे जोयणस्स आयाम विक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं अट्ठारस सहस्साइं दोण्णि य अउणासीए जोयणसए परिक्खेवेणं पण्णत्ते, तया णं अट्ठारसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** બીજા બાહ્ય મંડળમાંથી અંદર પ્રવેશતા સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા બાહ્ય(૧૮૨મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે ૧૮૨મા મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય, ત્યારે તે ૧૮૨મા મંડળનો વિસ્તાર $\frac{૪૮}{૬૧}$ યોજન, લંબાઈ-પહોળાઈ એક લાખ છસો અડતાલીસ પૂર્ણાંક બાવન એકસંઠાશ(૧, ૦૦, ૬૪૮ $\frac{૫૨}{૬૧}$ )યોજનની તથા પરિધિ સાધિક ત્રણ લાખ, અઢાર હજાર, બસો ઓગણ્યાએંસી(૩, ૧૮,

૨૭૯) યોજન હોય છે. ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ $\frac{૫૭}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ તથા $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૪}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ હોય છે.

**९ एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणे-संकममाणे पंच-पंच जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले विक्खंभवुड्ढिं णिवुड्ढेमाणे-णिवुड्ढेमाणे अट्ठारस जोयणाइ परिरयवड्ढिं णिवुड्ढेमाणे-णिवुड्ढेमाणे सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ,**

**तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं, णवणउइं जोयणसहस्साइं छच्च चत्ताले जोयणसए आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं पण्णरससहस्साइं एगूणणउइं च जोयणाइं किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ते, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**एस णं दोच्चे छम्मासे एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे, एस णं आइच्चे संवच्छरे एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી બાહ્ય મંડળથી અંદર પ્રવેશતા સૂર્ય પછી-પછીના મંડળો ઉપર સંક્રમણ કરતા પ્રત્યેક મંડળે લંબાઈ-પહોળાઈમાં ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન અને પરિધિમાં ૧૮ યોજનને ઘટાડતાં-ઘટાડતાં સર્વાભ્યંતર મંડળ ઉપર પહોંચે છે.

સૂર્યો જ્યારે સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય, ત્યારે તે સર્વાભ્યંતર(પ્રથમ) મંડળ નો વિસ્તાર $\frac{૪૮}{૬૧}$ યોજન, લંબાઈ-પહોળાઈ ૯૯,૬૪૦ યોજન અને પરિધિ સાધિક ૩,૧૫,૦૮૯ યોજન હોય છે અને ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

આ રીતે બીજા છ માસ પૂર્ણ થાય છે. સર્વાભ્યંતર મંડળ ઉપર સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં બીજા છ માસ અર્થાત્ ઉત્તરાયણનો અંત થાય છે. આ આદિત્ય સંવત્સર છે. બે અયન પૂર્ણ થતાં આદિત્ય સંવત્સરનો અંત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સૂર્યના ૧૮૪ મંડળનો વિસ્તાર, લંબાઈ-પહોળાઈ તથા પરિધિનું કથન છે.

**मंडलवता–** મંડલ સ્થાન. અહીં **मंडलवता**ની સંસ્કૃત છાયા **मंडलपदानि** કરવામાં આવે છે. **मंडलपदानि सूर्यमंडल स्थानानीत्यर्थः ।–** વૃત્તિ. પ્રસ્તુત પ્રસંગમાં મંડળ પદથી મંડળ(માર્ગ) સ્થાન અર્થનું ગ્રહણ થાય છે.


સાતમા પ્રતિપ્રાભૃતમાં **मंडलवता**ની સંસ્કૃત છાયા **मंडलवत्ता** હોવાથી ત્યાં મંડલવાન–સૂર્યાદિ વિમાન અર્થ કરવામાં આવેલ છે.

**अडयालीसं इगट्ठिभागे जोयणस्स बाहल्लेणं :–** સૂર્યના મંડળ માર્ગનો વિસ્તાર ૪૮/૬૧ યોજન છે. સામાન્ય રૂપે **बाहल्लेण** નો અર્થ જાડાઈ-ઊંડાઈ ગ્રહણ કરવામાં આવે છે, પરંતુ પ્રસ્તુતમાં તેનો અર્થ વિસ્તાર, મંડળ માર્ગની પહોળાઈ ગ્રહણ કરવામાં આવ્યો છે. સૂર્ય વિમાન અને મંડળ–માર્ગનો વિસ્તાર ૨૪/૬૧ યોજનની છે. સૂર્ય વિમાનની લંબાઈ–પહોળાઈ ૪૮/૬૧ યોજન છે. **अडयालीसं एगसट्ठिभाए जोयणस्स विक्खंभेणं ...चउवीसं एगसट्ठिभाए जोयणस्स बाहल्लेणं पण्णत्ते ।**(જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ–સાતમો વક્ષકાર) પ્રસ્તુત પ્રાભૃતના દસમાં સૂત્રમાં કહ્યું છે. ૧૮૩ મંડળનો માર્ગ(ચાર ક્ષેત્ર) ૫૧૦ યોજન છે. તેની ગણનામાં ૧૮૩ મંડળના માર્ગ વિસ્તાર(પહોળાઈ)ના ૧૮૩ × ૪૮/૬૧ = ૧૪૪ યોજન અને ૧૮૪ મંડળના ૧૮૩ આંતરાના બે-બે યોજન એટલે ૧૮૩ × ૨ = ૩૬૬, ૩૬૬ + ૧૪૪ = ૫૧૦ યોજન થાય છે. દસમાં સૂત્રમાં **बाहल्लेण**થી મંડળ માર્ગનો વિસ્તાર અર્થ સ્વીકારવામાં આવે તો જ ૫૧૦ યોજનની ગણના શક્ય બને છે, તેથી અહીં **बाहल्लेणं** નો પ્રાસંગિક અર્થ મંડળ માર્ગની પહોળાઈ જ ગ્રહણ કરવો યથોચિત છે.

**अणियया–** સૂર્યના સર્વ મંડળોની લંબાઈ-પહોળાઈ અનિયત છે. પ્રત્યેક મંડળ અર્થાત્ પરિભ્રમણ માર્ગની લંબાઈ-પહોળાઈ (વિસ્તાર) સૂર્ય વિમાનની લંબાઈ-પહોળાઈ અનુસાર ૪૮/૬૧ યોજનની નિયત છે, પરંતુ સંપૂર્ણ મંડળની લંબાઈ-પહોળાઈ અનિયત છે કારણ કે સૂર્ય પ્રત્યેક મંડળ પૂર્ણ થાય ત્યારે બે યોજન દૂર જાય છે. આ રીતે નિશ્ચિત માપમાં જ તેની લંબાઈ-પહોળાઈ તથા પરિધિ વૃદ્ધિ પામે છે, તેથી પ્રત્યેક મંડળ લંબાઈ-પહોળાઈ ભિન્ન છે તે અપેક્ષાએ સૂત્રકારે અનિયત લંબાઈ-પહોળાઈ કહી છે.

**સર્વાભ્યંતર, સર્વબાહ્ય મંડળની લંબાઈ-પહોળાઈ (વ્યાસ)ની ગણનાવિધિ :–** સર્વાભ્યંતર મંડળ જંબૂદ્વીપ સીમાથી પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ બંને બાજુએ ૧૮૦-૧૮૦ યોજન અંદર છે. બંને બાજુના ૧૮૦-૧૮૦ યોજન મળીને ૩૬૦ યોજન થાય છે. જંબૂદ્વીપના ૧ લાખ યોજનના વ્યાસમાંથી તે બાદ કરતાં (૧,૦૦,૦૦૦–૩૬૦ =) ૯૯,૬૪૦ યોજન પ્રાપ્ત થાય છે, તે સર્વાભ્યંતર પ્રથમ મંડળની લંબાઈ પહોળાઈ જાણવી.

**બંને સૂર્યો વચ્ચેનું અંતર અથવા મંડળની લંબાઈ–પહોળાઈ :–**



સર્વ બાહ્ય મંડળ લવણસમુદ્રમાં ૩૩૦ યોજન દૂર છે. તેથી જંબૂદ્વીપ વ્યાસમાં ૩૩૦+ ૩૩૦ કુલ ૬૬૦ યોજન ઉમેરતા ૧,૦૦,૦૦૦ + ૬૬૦ = ૧,૦૦,૬૬૦ યોજન પ્રાપ્ત થાય છે, તે સર્વ બાહ્ય મંડળની લંબાઈ-પહોળાઈ છે.


**પ્રત્યેક સૂર્યમંડળની લંબાઈ-પહોળાઈની હાનિ-વૃદ્ધિનો ધ્રુવાંક :–** દક્ષિણાયનમાં સૂર્ય પ્રત્યેક મંડળ ની લંબાઈ-પહોળાઈમાં ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન વૃદ્ધિ કરે છે; તે આ પ્રમાણે છે– એક મંડળથી બીજું મંડળ ૨ યોજન દૂર છે, બંને બાજુના ૨-૨ યોજન = ૪ યોજન અને પ્રત્યેક મંડળ માર્ગ $\frac{૪૮}{૬૧}$ યોજન પહોળા છે; બંને બાજુના મંડળ માર્ગની પહોળાઈ $\frac{૪૮}{૬૧}$ + $\frac{૪૮}{૬૧}$ = ૧ $\frac{૩૫}{૬૧}$ યોજન ઉમેરતા (૪ + ૧ $\frac{૩૫}{૬૧}$ યોજન =) ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન પ્રાપ્ત થાય છે. પ્રત્યેક મંડળે મંડળની લંબાઈ-પહોળાઈમાં(વ્યાસમાં) ૫ $\frac{૩૫}{૬૧}$ યોજનની વૃદ્ધિ થાય છે. ઉત્તરાયણમાં પ્રત્યેક મંડળે તેટલી જ(૫ $\frac{૩૫}{૬૧}$ યોજનની) હાનિ થાય છે.

**સર્વાભ્યંતર-સર્વબાહ્ય સૂર્ય મંડળની પરિધિ :–** સર્વાભ્યંતર મંડળનો વ્યાસ-લંબાઈ પહોળાઈ ૯૯,૬૪૦ યોજન છે. સાધિક ત્રિગુણકરણ પદ્ધતિએ તેની પરિધિ કાઢતાં ૩,૧૫,૦૮૯ યોજન થાય છે અને સર્વ બાહ્ય મંડળની લંબાઈ-પહોળાઈ ૧,૦૦,૬૬૦ યોજન છે, તેથી પરિધિ ૩,૧૮,૩૧૫ યોજન થાય છે.

**પ્રત્યેક સૂર્ય મંડળની પરિધિ હાનિવૃદ્ધિનો ધ્રુવાંક :–** દક્ષિણાયનમાં પ્રત્યેક મંડળે, લંબાઈ પહોળાઈ ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન વધે છે. આ વર્ધિત ક્ષેત્રની પરિધિ કાઢીએ તો લગભગ ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજન આવે છે, તેથી પ્રત્યેક મંડળે પરિધિમાં ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજનની વૃદ્ધિ થાય છે અને ઉત્તરાયણમાં પ્રત્યેક મંડળે ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજનની હાનિ થાય છે.

સૂત્રકારે સુગમતા માટે સ્થૂલ વ્યવહારનયથી ૧૮ યોજનની વૃદ્ધિ કરવાનું કહ્યું છે. જેમ કે પ્રથમ મંડળની ૩,૧૫,૦૮૯ યોજન પરિધિમાં ૧૮ યોજન ઉમેરતા બીજા મંડળની પરિધિ ૩,૧૫,૧૦૭ યોજન પ્રાપ્ત થાય છે. આ રીતે ૧૮, ૧૮ યોજનની વૃદ્ધિથી ૧૮૩ મંડળમાં ૧૮૩ મંડળ × ૧૮ = ૩,૨૯૪ યોજનની વૃદ્ધિ થાય છે. પ્રથમ મંડળની પરિધિ ૩,૧૫,૦૮૯ યોજન છે, તેમાં ૩,૨૯૪ યોજનની વૃદ્ધિને ઉમેરતા ૩,૧૮,૩૮૩ યોજન સર્વ બાહ્ય મંડળની પરિધિ થાય છે પરંતુ સૂત્રકારે છઠ્ઠા સૂત્રમાં સર્વ બાહ્ય મંડળની પરિધિ ૩,૧૮,૩૧૫ યોજન કહી છે. તેથી સ્પષ્ટ થાય છે કે પરિધિમાં ૧૮ યોજનની વૃદ્ધિનું કથન વ્યવહારની અપેક્ષાએ છે. વાસ્તવિક રીતે પ્રત્યેક મંડળની પરિધિમાં ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજનની વૃદ્ધિ થાય છે. આ રીતે ગણના કરતા ૧૮૩ મંડળે ૧૮૩ × ૧૭ $\frac{૩૮}{૬૧}$ = ૩૨૨૫ યોજનની વૃદ્ધિ થાય છે, મંડળની પરિધિ ૩,૧૫,૦૮૯ + ૩૨૨૫ = ૩,૧૮,૩૧૪ યોજન થાય છે, પરંતુ સૂત્રકારે ગણિતની સૂક્ષ્મ પ્રક્રિયાના આધારે અંતિમ મંડળની પરિધિ ૩,૧૮,૩૧૫ યોજનની કહી છે. સૂત્રકારે સૂત્ર ૩, ૪, ૫માં સર્વાભ્યંતર ત્રણ મંડળની પરિધિનું કથન ૧૮ યોજનની વૃદ્ધિની અપેક્ષાએ કર્યું છે અને સૂત્ર ૬, ૭, ૮માં સર્વ બાહ્ય મંડળ ત્રણની પરિધિનું કથન ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજનની વૃદ્ધિની અપેક્ષાએ કર્યું છે. ૧૮ યોજન વૃદ્ધિ અને ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજન વૃદ્ધિથી પ્રાપ્ત પ્રત્યેક મંડળની પરિધિ માટે જુઓ પરિશિષ્ટ–૯. સૂર્યના ૧૮૪ મંડળનું કોષ્ટક.

**મંડળ–માર્ગનો વિસ્તાર તથા મંડળોની અનિયત લંબાઈ–પહોળાઈ :–**



**સૂર્ય મંડળ માર્ગ–ક્ષેત્ર પ્રમાણ :–**

**૧૦ ता सव्वा वि णं मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं, सव्वा वि णं मंडलंतरिया दो जोयणाइं विक्खंभेणं, एस णं अद्धा तेसीयसयपडुप्पण्णो पंचदसुत्तरे जोयणसए आहिए त्ति वएज्जा ।**

**ભાવાર્થ :–** સર્વ મંડળોની પહોળાઈ $\frac{૪૮}{૬૧}$ યોજન છે. સર્વ મંડળોની વચ્ચેના આંતરાઓનો વિસ્તાર ૨-૨ યોજન છે. આ સર્વ મંડળ માર્ગ (ચાર ક્ષેત્ર)નો વિસ્તાર ૫૧૦ યોજન છે. (એક અયનમાં સૂર્ય ૧૮૩ મંડળને પાર કરે છે, તેથી ૧૮૩ × $\frac{૪૮}{૬૧}$ યોજન (૧૮૩ × ૪૮ = ૮૭૮૪ ÷ ૬૧) = ૧૪૪ યોજન થાય છે, ૧૮૪ મંડળોની વચ્ચે ૧૮૩ આંતરા છે, માટે ૧૮૩ × ૨ યોજન = ૩૬૬ યોજન, ૩૬૬ + ૧૪૪ યોજન = ૫૧૦ યોજન પ્રાપ્ત થાય છે. કુલ મંડળ ૧૮૪ છે, તેથી એક મંડળ માર્ગના $\frac{૪૮}{૬૧}$ યોજન ઉમેરતા ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન પ્રમાણ ચારક્ષેત્ર છે.

**૧૧ ता अब्भिंतराओ मंडलवयाओ बाहिरा मंडलवया, बाहिराओ वा मंडलवयाओ अब्भिंतरा मंडलवया, एस णं अद्धा केवइयं आहिएति वएज्जा ?**

**ता पंचदसुत्तरे जोयणसए आहिए त्ति वएज्जा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સર્વાભ્યંતર મંડળના બહારના ચરમાંતથી સર્વ બાહ્ય મંડળના બહારના ચરમાંત સુધી તથા સર્વબાહ્ય મંડળના અંદરના ચરમાંતથી સર્વાભ્યંતર મંડળના અંદરના ચરમાંત સુધીના માર્ગનું ક્ષેત્ર કેટલું છે ? **ઉત્તર–** તે માર્ગનું ક્ષેત્ર (આભ્યંતર કે બાહ્ય, બે મંડળમાંથી એક મંડળની જાડાઈની ગણનાની અપેક્ષાએ) ૫૧૦ યોજન છે.

**१२** **अब्भिंतराए मंडलवयाए बाहिरा मंडलवया, बाहिराए वा मंडलवयाए अब्भिंतरा मंडलवया, एस णं अद्धा केवइयं आहिएति वएज्जा ?**

**ता पंचदसुत्तरे जोयणसए अडयालिसं च एगट्ठिभागे जोयणस्स अहिया ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સર્વાભ્યંતર મંડળના અંદરના ચરમાંતથી સર્વ બાહ્ય મંડળના બહારના ચરમાંત સુધી તથા સર્વબાહ્ય મંડળના બહારના ચરમાંતથી સર્વાભ્યંતર મંડળના અંદરના ચરમાંત સુધીના માર્ગનું(ક્ષેત્ર) કેટલું છે ? **ઉત્તર–** તે માર્ગનું ક્ષેત્ર (સર્વાભ્યંતર તથા સર્વબાહ્ય આ બંને મંડળની જાડાઈની ગણનાની અપેક્ષાએ) ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન છે.

**१३** **ता अब्भिंतराओ मंडलवयाओ बाहिरा मंडलवया, बाहिराओवा मंडलवयाओ अब्भिंतर मंडलवया, एस णं अद्धा केवइयं आहिएति वएज्जा ?**

**ता पंचणवुत्तरे जोयणसए तेरस एगट्ठिभागे जोयणस्स आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સર્વાભ્યંતર મંડળના બહારના ચરમાંતથી સર્વબાહ્ય મંડળના અંદરના ચરમાંત સુધી તથા સર્વબાહ્ય મંડળના અંદરના ચરમાંતથી સર્વાભ્યંતર મંડળના અંદરના ચરમાંત સુધીનો માર્ગ ક્ષેત્ર કેટલું છે ? **ઉત્તર–** તે માર્ગનું ક્ષેત્ર (સર્વાભ્યંતર તથા સર્વ બાહ્ય બંને મંડળની જાડાઈની ગણના ન કરવાથી) ૫૦૯ $\frac{૧૩}{૬૧}$ યોજન છે.

**१४** **ता अब्भिंतराए मंडलवयाए बाहिरा मंडलवया, बाहिराए वा मंडलवयाए अब्भिंतरा मंडलवया, एस णं अद्धा केवइयं आहिएति वएज्जा ?**

**ता पंचदसुत्तरे जोयणसए आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સર્વાભ્યંતર મંડળથી સર્વબાહ્ય મંડળ તથા સર્વબાહ્ય મંડળથી સર્વાભ્યંતર મંડળ સુધીના માર્ગનું ક્ષેત્ર કેટલું છે ? **ઉત્તર–** ૫૧૦ યોજન છે.

**વિવેચન :–**


પ્રસ્તુત સૂત્રમાં સૂર્યના વિચરણ ક્ષેત્ર એટલે ચાર ક્ષેત્રના માપનું વર્ણન છે. સામાન્ય રીતે સૂર્યના પરિભ્રમણનું ક્ષેત્ર જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન અને લવણ સમુદ્રમાં ૩૩૦ યોજન છે. તેથી કુલ ૧૮૦ + ૩૩૦ = ૫૧૦ યોજન થાય છે., તે ૫૧૦ યોજનમાં પ્રથમ કે અંતિમ કોઈ પણ એક મંડલના $\frac{૪૮}{૬૧}$ યોજનના વિસ્તારની ગણના થાય છે.

(૧) સર્વાભ્યંતર મંડલના બાહ્ય ચરમાંતથી સર્વ બાહ્ય મંડલના બહારના ચરમાંતની અથવા સર્વ બાહ્ય મંડલના અંદરના ચરમાંતથી સર્વાભ્યંતર મંડલના અંદરના ચરમાંત સુધીની ગણનામાં સર્વાભ્યંતર કે સર્વ બાહ્ય મંડળમાંથી કોઈ પણ એક મંડલની પહોળાઈની ગણના થતી હોવાથી તે ક્ષેત્ર ૫૧૦ યોજન થાય છે.

(૨) સર્વ આભ્યંતર મંડલના અંદરના ચરમાંતથી સર્વ બાહ્ય મંડલના બહારના ચરમાંત અથવા સર્વ બાહ્ય મંડળના બહારના ચરમાંતથી સર્વાભ્યંતર મંડળના અંદરના ચરમાંતની ગણનામાં બંને મંડલની પહોળાઈ(વિસ્તાર)ની ગણના થતી હોવાથી ૫૧૦ યોજન + ૪૮/૬૧ = ૫૧૦ ૪૮/૬૧ યોજનનું ક્ષેત્ર થાય છે.

(૩) સર્વાભ્યંતર મંડલના બાહ્ય ચરમાંતથી સર્વ બાહ્ય મંડલના અંદરના ચરમાંત સુધીના ક્ષેત્રમાં અથવા સર્વ બાહ્ય મંડળના આભ્યંતર ચરમાંતથી સર્વાભ્યંતર મંડળના બાહ્ય ચરમાંત સુધીના ક્ષેત્રમાં પ્રથમ કે અંતિમ આ બેમાંથી એક પણ મંડલના વિસ્તારની ગણના થતી નથી. તેથી ૫૧૦– ૪૮/૬૧ = ૫૦૯ ૧૩/૬૧ યોજનનું ક્ષેત્ર થાય છે.

**સૂર્યના વિચરણ ક્ષેત્રનું પ્રમાણ :–**




**॥ પ્રાભૃત–૧/૮ સંપૂર્ણ ॥**

# ॥ પ્રથમ પ્રાભૃત સંપૂર્ણ ॥

# બીજું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત બીજા પ્રાભૃતમાં સૂર્યના તિર્યક પરિભ્રમણનું (**तिरिच्छं किं व गच्छइ** – ૧/૧/૩) વર્ણન છે.

સૂર્યના પૂર્વાદિ ચારે ય દિશા-વિદિશાને સ્પર્શતા પરિભ્રમણને તિયક્ પરિભ્રમણ કરે છે. બીજા પ્રાભૃતમાં ત્રણ પ્રતિપ્રાભૃત છે.

**પ્રથમ પ્રતિપ્રાભૃતમાં** સૂર્યના ઉદય-અસ્ત વિષયક વર્ણન છે. એક સૂર્ય અગ્નિખૂણામાં ઉદિત થઈને ભરત ક્ષેત્રમાં પ્રકાશ(દિવસ) કરીને નૈઋત્ય કોણમાં અસ્ત પામે છે. નૈઋત્ય કોણમાં ઉદિત થતો તે જ સૂર્ય પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં પ્રકાશ(દિવસ) કરીને વાયવ્યકોણમાં અસ્ત પામે છે.

તે જ સમયે બીજો સૂર્ય વાયવ્યકોણમાં ઉદિત થઈને ઐરવત ક્ષેત્રને પ્રકાશિત(દિવસ) કરીને ઈશાન કોણમાં અસ્ત પામે છે. ઈશાનકોણમાં ઉદિત થતો બીજો સૂર્ય પૂર્વ મહાવિદેહ ક્ષેત્રને પ્રકાશિત(દિવસ) કરીને અગ્નિકોણમાં અસ્ત પામે છે.

એક સૂર્ય ભરતક્ષેત્રમાં અને બીજો સૂર્ય ઐરવત ક્ષેત્રમાં દિવસ કરે છે ત્યારે પૂર્વ-પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં રાત્રિ હોય છે તથા મહાવિદેહ ક્ષેત્રમાં દિવસ હોય ત્યારે ભરત-ઐરવત ક્ષેત્રમાં રાત્રિ હોય છે.

**બીજા પ્રતિપ્રાભૃતમાં** સૂર્યના તિર્યક પરિભ્રમણની પદ્ધતિનું નિરુપણ છે. તિર્યક પરિભ્રમણની બે પદ્ધતિ છે. ભેદઘાત ગતિથી પરિભ્રમણ અને કર્ણગતિથી પરિભ્રમણ. સૂર્ય એક મંડળ ઉપરનું પરિભ્રમણ પૂર્ણ કરીને, બે મંડળ વચ્ચેના બે યોજનના ક્ષેત્ર પાર કરીને, બીજા મંડળ ઉપર પરિભ્રમણ કરે, બીજા મંડળને પૂર્ણ કરી બે યોજન ક્ષેત્રને પાર કરી ત્રીજા મંડળ ઉપર પહોંચે, તો તે **ભેદઘાત ગતિ** કહેવાય છે.

સૂર્ય પ્રથમ મંડળ ઉપર પરિભ્રમણ કરતાં સમયે જ બે મંડળ વચ્ચેના બે યોજનના અંતરને પાર કરવાનું લક્ષ્ય રાખીને પરિભ્રમણ કરે અને પહેલું મંડળ પૂર્ણ થતાં સૂર્ય બે યોજન દૂર પહોંચી જાય, તે ગતિને **કર્ણગતિ** કહે છે.

સૂર્ય ભેદઘાત ગતિથી પરિભ્રમણ કરતો નથી, પરંતુ કર્ણગતિથી પરિભ્રમણ કરે છે. કર્ણગતિથી પરિભ્રમણ કરતાં-કરતાં સૂર્ય ક્રમશઃ એક પછી એક મંડળને પાર કરતો આગળ વધે છે.

**ત્રીજા પ્રતિપ્રાભૃતમાં** સૂર્યની પ્રત્યેક મંડળ ઉપરની મુહૂર્ત ગતિનું વર્ણન છે. બંને સૂર્ય મળીને પ્રત્યેક મંડળને ૩૦ મુહૂર્તમાં પૂર્ણ કરે છે. દક્ષિણાયનમાં પ્રત્યેક મંડળની લંબાઈ-પહોળાઈ, પરિધિ વૃદ્ધિ પામે છે અને ઉત્તરાયણમાં મંડળની લંબાઈ-પહોળાઈ, પરિધિ ઘટે છે. ૩૦ મુહૂર્તમાં જ તે મંડળને પાર કરવા દક્ષિણાયનમાં પ્રત્યેક મંડળે સૂર્ય ગતિ વધારે છે અને ઉત્તરાયણમાં ગતિ ઘટાડે છે. સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે ત્યારે સૂર્યની ગતિ પ્રત્યેક મુહૂર્ત ૫,૨૫૧ $\frac{૨૯}{૬૦}$ યોજનની હોય છે. સૂર્ય પ્રત્યેક મંડળે પ્રત્યેક મુહૂર્ત $\frac{૧૮}{૬૦}$ યોજનની ગતિ દક્ષિણાયનમાં વધારે છે અને ઉત્તરાયણમાં $\frac{૧૮}{૬૦}$ (પરમાર્થ દષ્ટિએ $\frac{૧૭}{૬૦}$,$\frac{૩૮}{૬૦}$) યોજન ગતિ ઘટાડે છે. અંતિમ મંડળ ઉપર સૂર્યની ૫,૩૦૫ $\frac{૧૫}{૬૦}$ યોજનની મુહૂર્ત ગતિ હોય છે.

❖❖❖❖❖

# બીજું પ્રાભૃત : પહેલું પ્રતિપ્રાભૃત

## તિર્યક પરિભ્રમણ

**સૂર્યની તિર્યક ગતિ વિષયક આઠ પ્રતિપત્તિઓ :–**

**१** ता कहं ते तिरिच्छगई आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ अट्ठ पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–

तत्थेगे एवमाहंसु–ता पुरत्थिमाओ लोयंताओ पाओ मरीची आगासंसि उत्तिट्ठइ, से णं इमं तिरियं लोयं तिरियं करेइ, करेत्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं मिरीयं आगासंसि विद्धंसइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आगासंसि उत्तिट्ठइ, से णं इमं तिरियंलोयं तिरियं करेइ, करेत्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए आगासंसि विद्धंसइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आगासंसि उत्तिट्ठइ, से णं इमं तिरियंलोयं तिरियं करेइ, करेत्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए आगासं अणुपविसइ, अणुपविसित्ता अहे पडियागच्छइ पडियागच्छित्ता पुणरवि अवरभू पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आगासंसि उत्तिट्ठइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए पुढविकायंसि उत्तिट्ठइ, से णं इमं तिरियंलोयं तिरियं करेइ, करेत्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए पुढविकायंसि विद्धंसइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए, पुढवीकायंसि उत्तिट्ठइ, से णं इमं तिरियंलोयं तिरियं करेइ, करेत्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए पुढविकायं अणुपविसइ अणुपविसित्ता अहे पडियागच्छइ पडियागच्छित्ता पुणरवि अवरभू पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए पुढवीकायंसि उत्तिट्ठइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आउकायंसि उत्तिट्ठइ, से णं इमं तिरियंलोयं तिरियं करेइ, करेत्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए आउकायंसि विद्धंसइ, एगे एवमाहंसु ।

**एगे पुण एवमाहंसु–ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आउकायंसि उत्तिट्ठइ, से णं इमं तिरियंलोयं तिरियं करेइ, करेत्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए आउकायंसि अणुपविसइ, अणुपविसित्ता अहे पडियागच्छइ पडियागच्छित्ता पुणरवि अवरभू पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आउकायंसि उत्तिट्ठइ, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता पुरत्थिमाओ लोयंताओ बहूइं जोयणाइं बहूइं जोयणसयाइं बहूइं जोयणसहस्साइं उड्ढं दूरं उप्पइत्ता, एत्थ णं पाओ सूरिए आगासंसि उत्तिट्ठई, से णं इमं दाहिणड्ढलोयं तिरियं करेइ, करेत्ता उत्तरड्ढलोयं तमेव राओ, से णं इमं उत्तरड्ढलोयं तिरियं करेइ, करेत्ता दाहिणड्ढलोयं तमेव राओ, से णं इमइं दाहिणुत्तरड्ढलोयं तिरियं करेइ, करेत्ता पुरत्थिमाओ लोयंताओ बहूइं जोयणाइं बहूइं जोयणसयाइं, बहूइं जोयणसहस्साइं उड्ढं दूरं उप्पइत्ता, एत्थ णं पाओ सूरिए आगासंसि उत्तिट्ठइ, एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્યનું તિરછું ગમન કેવી રીતે થાય છે ? **ઉત્તર–** સૂર્યના તિર્યક ગમન વિષયક અન્યતીર્થિકોની આઠ પ્રતિપત્તિઓ–માન્યતાઓ કહી છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય પ્રાતઃકાળે(સવારે) આકાશમાં પૂર્વી લોકાંતે(ક્ષિતિજે) મરિચી– તેજપુંજ રૂપે પ્રગટ થાય છે અને તિર્યક લોકને પ્રકાશિત કરીને સાંજે પશ્ચિમી લોકાંતે(ક્ષિતિજે) અસ્ત પામે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય પ્રાતઃકાળે આકાશમાં પૂર્વી ક્ષિતિજે ઉદિત થાય છે અને તિર્યક લોકને પ્રકાશિત કરીને સાંજે પશ્ચિમી ક્ષિતિજે અસ્ત પામે છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રાતઃકાળે સૂર્ય આકાશમાં પૂર્વી ક્ષિતિજે પ્રગટ થાય છે, આ તિર્યક લોકને પ્રકાશિત કરે છે અને સાંજે પશ્ચિમી આકાશમાં પ્રવેશીને અધોલોકમાં જઈને ફરી પાછો આપણી પૃથ્વી ઉપર આવી પૂર્વી ક્ષિતિજે પ્રભાતે આકાશમાં પ્રગટ થાય છે.

(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રાતઃકાળે સૂર્ય પૂર્વી ક્ષિતિજે પૃથ્વીમાંથી બહાર નીકળે છે, તિર્યક લોકને પ્રકાશિત કરે છે અને સાંજે પશ્ચિમી ક્ષિતિજે પૃથ્વીમાં અસ્ત પામે છે.

(૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રાતઃકાળે સૂર્ય પૂર્વી ક્ષિતિજે પૃથ્વીમાંથી બહાર નીકળે છે, તિર્યક લોકને પ્રકાશિત કરે છે અને સાંજે પશ્ચિમી ક્ષિતિજે પૃથ્વીમાં પ્રવેશીને અધોલોકમાં જઈને ફરી પાછો આપણી પૃથ્વી ઉપર આવી પ્રભાતે પૂર્વી ક્ષિતિજે પૃથ્વીમાંથી પ્રગટ થાય છે.

(૬) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રાતઃકાળે સૂર્ય પૂર્વી ક્ષિતિજે પાણીમાં(સમુદ્રમાં)થી બહાર નીકળે છે, આ તિર્યક લોકને પ્રકાશિત કરે છે અને સાંજે પશ્ચિમી ક્ષિતિજે પાણીમાં(સમુદ્રમાં)ડૂબી જાય છે.

(૭) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રાતઃકાળે સૂર્ય પૂર્વી ક્ષિતિજે સમુદ્રમાંથી બહાર નીકળે છે, આ તિર્યક લોકને પ્રકાશિત કરે છે અને સાંજે સમુદ્રમાં પ્રવેશીને અધોલોકમાં જઈને, ફરી પાછો આપણી પૃથ્વી ઉપર આવી પૂર્વી ક્ષિતિજે સમુદ્રમાંથી પ્રગટ થાય છે.

(૮) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય પૂર્વી ક્ષિતિજથી અનેક યોજન, સેંકડો યોજન, હજારો યોજન દૂર ઊંચે આકાશમાં પ્રાતઃકાળે ઉદિત થાય છે. તે સૂર્ય દક્ષિણાર્ધ લોકને પ્રકાશિત કરતો ઉત્તરાર્ધમાં જાય છે.

ત્યારે દક્ષિણાર્ધ તિર્યક લોકમાં દિવસ હોય છે અને ઉત્તરાર્ધ તિર્યક લોકમાં રાત્રિ હોય છે. તે સૂર્ય જ્યારે ઉત્તરાર્ધ લોકને પ્રકાશિત કરે ત્યારે ઉત્તરાર્ધ લોકમાં દિવસ અને દક્ષિણાર્ધ લોકમાં રાત્રિ હોય છે. આ રીતે દક્ષિણાર્ધ-ઉત્તરાર્ધ બંને લોકમાં તીરછી દિશામાં પ્રકાશ કરતો સૂર્ય પૂર્વ દિશાના ક્ષિતિજ ભાગથી અનેક યોજન, સેંકડો યોજન, હજારો યોજન દૂર ઊંચે આકાશમાં પ્રકાશ પાથરતો રહે છે.

**સૂર્યના તિર્યક ભ્રમણ થતાં જંબૂદ્વીપમાં રાત્રિ–દિવસ :–**

**૨ वयं पुण एवं वयामो– ता जंबुद्दीवस्स दीवस्स पाईण-पडीणाययाए उदीण-दाहिणाययाए जीवाए मंडलं चउव्वीसेणं सएणं छेत्ता दाहिणपुरत्थिमंसि उत्तरपच्चत्थिमंसि य चउब्भाग मंडलंसि इमीसे रयणप्पभाए–पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ अट्ठजोयणसयाइं उड्ढं उप्पइत्ता, एत्थ णं पाओ दुवे सूरिया आगासाओ उत्तिट्ठंति।**

**ते णं इमाइं दाहिणुत्तराइं जंबूदीवभागाइं तिरियं करेंति, करेत्ता पुरत्थिम पच्चत्थिमाइं जंबुद्दीवभागाइं तामेव राओ, ते णं इमाइं पुरत्थिमपच्चत्थिमाइं जंबुद्दीवभागाइं तिरियं करेंति, करेत्ता दाहिणुत्तराइं जंबुद्दीवभागाइं तामेव राओ ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે આ જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાના છેદથી ૧૨૪ વિભાગવાળા સૂર્ય મંડળના ચાર વિભાગ થાય છે, તેમાંથી અગ્નિકોણ અને વાયવ્ય કોણના ચોથા વિભાગમાં, આ રત્નપ્રભા પૃથ્વીના સમતલ ભૂમિભાગથી ૮૦૦ યોજન ઊંચે પ્રાતઃકાળે બંને સૂર્યો આકાશમાં ઉદિત થાય છે.

તે બે સૂર્યમાંથી એક સૂર્ય દક્ષિણ જંબૂદ્વીપમાં અને એક સૂર્ય ઉત્તર જંબૂદ્વીપમાં પ્રકાશ પાથરે છે, તેથી ત્યાં દિવસ હોય છે, તે સમયે પૂર્વ અને પશ્ચિમ જંબૂદ્વીપમાં રાત્રિ હોય છે. આ બંને સૂર્ય જ્યારે પૂર્વ અને પશ્ચિમ જંબૂદ્વીપમાં પ્રકાશ પાથરે છે, ત્યારે ત્યાં દિવસ હોય છે અને તે સમયે દક્ષિણ તથા ઉત્તર જંબૂદ્વીપમાં રાત્રિ હોય છે.

**૩ ते णं इमाइं दाहिणुत्तराइं पुरत्थिमपच्चत्थिमाइय जंबुद्दीवभागाइं तिरियं करेंति, करेत्ता जंबुद्दीवस्स दीवस्स पाईणपडीणाययाए उदीणदाहिणाययाए जीवाए मंडलं चउव्वीसेणं सएणं छेत्ता दाहिणपुरत्थिमंसि उत्तरपच्चत्थिमंसि य चउभाग मंडलंसि इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ अट्ठ जोयणसयाइं उड्ढंउप्पइत्ता, एत्थ णं पाओ दुवे सूरिया आगासंसि उत्तिट्ठंति ।**

**ભાવાર્થ :–** આ રીતે બંને સૂર્ય જંબૂદ્વીપના દક્ષિણ અને ઉત્તર વિભાગમાં તથા પૂર્વ અને પશ્ચિમ વિભાગમાં પ્રકાશ પાથરે છે. જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાના છેદથી ૧૨૪ વિભાગવાળા સૂર્ય મંડળના ચાર ભાગમાંથી અગ્નિકોણ તથા વાયવ્ય કોણના ચતુર્થ વિભાગમાં, આ રત્નપ્રભા પૃથ્વીના સમતલ ભૂમિભાગથી ૮૦૦ યોજન ઊંચે બંને સૂર્ય આકાશમાં પ્રકાશ પાથરતા રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તિર્યક લોકમાં અને જંબૂદ્વીપમાં સૂર્ય દ્વારા થતી રાત્રિ-દિવસની વ્યવસ્થાનું વર્ણન


છે. સમતલ પૃથ્વીથી અર્થાત્ આપણી આ પૃથ્વીથી ૮૦૦ યોજન ઉપર સૂર્યના મંડળ છે.

**अट्ठजोयणसयाइं–** રત્નપ્રભાપૃથ્વીના સમભૂમિ ભાગથી ૮૦૦ યોજન ઉપર(ઊંચાઈએ) રત્નપ્રભા પૃથ્વીનું ઉપરિતલ એટલે જે આપણે રહીએ છીએ તે જંબૂદ્વીપની પૃથ્વી. આપણી આ પૃથ્વીથી ૮૦૦ યોજન ઊંચે જંબૂદ્વીપના બે સૂર્ય વિમાન મેરુ પર્વતને પ્રદક્ષિણા કરી રહ્યા છે, તેમ સમજવું.

જંબૂદ્વીપની ઉપર જંબૂદ્વીપની આડી-ઊભી બંને જીવા ઉપર ૧૮૦-૧૮૦ યોજન પ્રમાણ ક્ષેત્ર શેષ હોય, ત્યાંથી સૂર્યના પરિભ્રમણ માર્ગ–મંડળ શરૂ થાય છે. તે મંડળના ૧૨૪ વિભાગની કલ્પના કરીને આડી-ઊભી જીવાના છેદથી તેના ચાર વિભાગની કલ્પના કરવાની છે. ૧૨૪ વિભાગવાળા મંડળ ના પ્રત્યેક ચતુર્થ વિભાગમાં ૩૧-૩૧ વિભાગ આવે છે. તેમાંથી અગ્નિકોણવાળા ચોથા વિભાગમાં નૂતન વર્ષના પ્રારંભે જે સૂર્ય હોય તે ભારતીય સૂર્ય પ્રથમ અહોરાત્રમાં દક્ષિણ જંબૂદ્વીપમાં પ્રકાશ કરે છે અને વાયવ્યકોણમાં રહેલો ઐરવતીય સૂર્ય ઉત્તર જંબૂદ્વીપમાં પ્રકાશ કરે છે, ત્યારે જંબૂદ્વીપના દક્ષિણ-ઉત્તરમાં અર્થાત્ ભરત-ઐરવત ક્ષેત્રમાં દિવસ હોય છે અને પૂર્વ-પશ્ચિમ જંબૂદ્વીપ(મહાવિદેહ ક્ષેત્ર)માં રાત હોય છે.

ભારતીય સૂર્ય બીજા અહોરાત્રમાં પશ્ચિમ જંબૂદ્વીપમાં અને ઐરવતીય સૂર્ય પૂર્વ જંબૂદ્વીપમાં પ્રકાશ કરે છે, ત્યારે જંબૂદ્વીપના પૂર્વ-પશ્ચિમમાં અર્થાત્ મહાવિદેહ ક્ષેત્રમાં દિવસ હોય છે અને દક્ષિણ તથા ઉત્તર જંબૂદ્વીપમાં અર્થાત્ ભરત-ઐરવત ક્ષેત્રમાં રાત હોય છે.

**જંબૂદ્વીપમાં દિવસ–રાત્રિ કરતાં બે સૂર્ય :–**




**॥ પ્રાભૃત–૨/૧ સંપૂર્ણ ॥**

# બીજું પ્રાભૃત : બીજું પ્રતિપ્રાભૃત

## ભેદઘાત–કર્ણકલા ગતિ

**સૂર્ય મંડળ પરના સંક્રમણ સંબંધી બે પ્રતિપત્તિઓ :–**

**१ ता कहं ते मंडलाओ मंडलं संकममाणे-संकममाणे सूरिए चारं चरइ आहिए त्ति वएज्जा ? तत्थ खलु इमाओ दुवे पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–**

**तत्थेगे एवमाहंसु–ता मंडलाओ मंडलं संकममाणे-संकममाणे सूरिए भेयघाएणं संकमइ, एगे एवमाहंसु । एगे पुण एवमाहंसु–ता मंडलाओ मंडलं संकममाणे संकममाणे सूरिए कण्णकलं णिव्वेढेइ–णिव्वेढेइ एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્ય એક મંડળ ઉપરથી બીજા મંડળ ઉપર કેવી રીતે સંક્રમણ કરે છે ? **ઉત્તર–** સૂર્યના એક મંડળ પરથી બીજા મંડળ ઉપર જવાના વિષયમાં અન્યતીર્થિકોની બે માન્યતાઓ છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય એક મંડળ ઉપરથી બીજા મંડળ ઉપર ભેદઘાતથી સંક્રમણ કરે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય એક મંડળ ઉપરથી બીજા મંડળ ઉપર કર્ણકલા ગતિથી સંક્રમણ કરે છે.

**२ तत्थ णं जे ते एवमाहंसु–ता मंडलाओ मंडलं संकममाणे-संकममाणे सूरिए भेयघाएणं संकमइ, तेसि णं अयं दोसे, ता जेणंतरेणं मंडलाओ मंडलं संकममाणे-संकममाणे भेयधाएणं संकमइ–एवइयं च णं अद्धं पुरओ ण गच्छइ, पुरओ अगच्छमाणे मंडलकालं परिहवेइ, तेसि णं अयं दोसे ।**

**ભાવાર્થ :–** અન્યતીર્થિકોમાં જે એમ કહે છે કે સૂર્ય એક મંડળ ઉપરથી બીજા મંડળ ઉપર ભેદઘાતથી સંક્રમણ કરે છે, તેમાં નીચે પ્રમાણે દોષ છે– બે મંડળ વચ્ચેના અપાંતરાલ(અંતરાલ કે આંતરા)ને સંક્રમણ કરવામાં જે સમય વ્યતીત થાય છે, તે પૂર્વ મંડળમાં ગણાતો નથી અથવા પછીના મંડળના પરિભ્રમણ કાળમાંથી તેટલો સમય ઓછો થાય છે, તેથી ભેદઘાત સંક્રમણમાં દોષ આવે છે.

**३ तत्थ णं जे ते एवमाहंसु– ता मंडलाओ मंडलं संकममाणे सूरिए कण्णकलं णिव्वेढेइ, तेसि णं अयं विसेसे, ता जेणंतरेणं मंडलाओ मंडलं संकममाणे सूरिए कण्णकलं णिव्वेढेइ एवइयं च णं अद्धं पुरओ गच्छइ, पुरओ गच्छमाणे मंडलकालं ण परिहवेइ, तेसि णं अयं विसेसे ।**

**ભાવાર્થ :–** તેમાં જે એમ કહે છે કે સૂર્ય એક મંડળથી બીજા મંડળ ઉપર કર્ણકલા ગતિથી સંક્રમણ કરે, તેમાં નિમ્નોક્ત વિશેષતા છે કે એક મંડળ ઉપરથી બીજા મંડળ ઉપર કર્ણકલા ગતિથી સંક્રમણ થતાં

અંતરાલના સંક્રમણમાં સમય વ્યતીત થતો નથી, પૂર્વના મંડળમાં જ તેની ગણના થઈ જાય છે, પછીના મંડળમાંથી સમય તે ઓછો થતો નથી, આ તેની વિશેષતા છે.

**સૂર્યનું કર્ણકલા ગતિથી મંડળ સંક્રમણ :–**

**૪ तत्थ णं जे ते एवमाहंसु– मंडलाओ मंडलं संकममाणे सूरिए कण्णकलं णिव्वेढेइ एएणं णएणं णेयव्वं, णो चेव णं इयरेणं ।**

**ભાવાર્થ :–** તેમાં જે કર્ણકલા ગતિથી એક મંડળ ઉપરથી બીજા મંડળ ઉપરનું પરિભ્રમણ કહે છે, તે જ પ્રમાણે, તે જ નયથી સૂર્યનું મંડળ સંક્રમણ થાય છે, અન્ય પ્રકારે નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂર્યના બે મંડળ વચ્ચેનું અંતર પસાર કરવાની સૂર્યની પદ્ધતિનું નિરૂપણ છે. પ્રત્યેક સૂર્ય મંડળ વચ્ચે બે-બે યોજનનું અંતર છે. કેટલાક અન્યતીર્થિકો ભેદઘાત ગતિથી આ અંતર પાર કરવાનું કથન કરે છે.

**भेयघाएणं :– ભેદઘાત.** **भेदो–मण्डलस्य मण्डलस्यापान्तरालं तत्र घातो–गमनं... विवक्षिते मण्डले सूर्येणापूरिते सति तदन्तरमपान्तरालगमनेन द्वितीयं मण्डलं संक्रमति, संक्राम्य य तस्मिन्मण्डले चारं चरति ।** –વૃત્તિ. ભેદ એટલે બે મંડળ વચ્ચેનું અંતર, ઘાત એટલે ગમન. વિવક્ષિત સંપૂર્ણ મંડળ ઉપર પરિભ્રમણ પૂર્ણ કરીને પછી મંડળ વચ્ચેના અંતરાલમાં ગમન કરી બીજા મંડળ ઉપર સંક્રમણ કરે છે અર્થાત્ આવે છે અને ત્યાર પછી બીજા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. એક મંડળ પરિપૂર્ણ કરીને પછી અંતરાલ ભાગ ઉપર સીધું ગમન કરી બીજા મંડળ ઉપર ગમન કરવું, તેને ભેદઘાત સંક્રમણ કહે છે.

આમાં બે મંડળ વચ્ચેના બે-બે યોજનનું ક્ષેત્ર પાર કરવામાં જે સમય વ્યતીત થાય છે, તે સમયની ગણના મંડળ પરિભ્રમણ કાળમાં થતી નથી, તેથી આ પ્રકારની સંક્રમણ ગતિ સ્વીકારવી ઉચિત નથી.


કેટલાક અન્યતીર્થિકો અને ભગવાન મહાવીર સ્વામી કર્ણકલા ગતિથી સૂર્યના એક મંડળ ઉપરથી બીજા મંડળ ઉપરના સંક્રમણનો સ્વીકાર કરે છે.

**कण्णकलं :– કર્ણકલા.** **कर्ण अपरमण्डलगतप्रथमकोटिभागरुपं लक्ष्यीकृत्याधिकृतमण्डलं प्रथमक्षणादूर्ध्वं क्षणे क्षणे कलयाऽतिक्रान्तं यथाभवति तथा निर्वेष्टयतीति ।**– વૃત્તિ.


**કર્ણ**– અન્ય(આગળના) મંડળના અગ્રભાગે પહોંચવાનું લક્ષ્ય રાખીને અધિકૃત–વર્તમાન મંડળ ઉપર પ્રથમ ક્ષણથી જ પરિભ્રમણ શરૂ કરી ક્ષણે-ક્ષણે કલા એટલે તે મંડળને અતિક્રાંત કરતાં, તે-તે મંડળ ને છોડતાં, આગળ વધીને બે યોજન દૂર બીજા મંડળ પર પહોંચવું, તેને કર્ણકલાગતિ કહે છે અર્થાત્ પ્રત્યેક મંડળ બે-બે યોજન દૂર પૂર્ણ થાય છે. સૂર્ય મંડળો પૂર્ણ ગોળાકારે નથી પરંતુ જલેબીના ગુંચળાની જેમ પ્રત્યેક મંડળ મૂળ સ્થાનથી બે યોજન દૂર પૂર્ણ થાય છે. સૂર્યની પ્રથમ મંડળ ઉપર ગતિ તેવા પ્રકારની હોય છે, તેથી પ્રતિક્ષણ તે આંતરાનું અંતર પાર થતું જાય છે. આ રીતે બે મંડળ વચ્ચેના બે યોજનના અંતરને પાર કરવાનું લક્ષ્ય રાખીને જ સૂર્ય પ્રત્યેક મંડળ ઉપર પરિભ્રમણ કરતાં-કરતાં જ તે બે યોજન દૂર ચાલ્યો જાય છે, તેથી બે મંડળની વચ્ચેના અંતરને પાર કરવામાં, સૂર્યને અલગ સમય વ્યતીત કરવો

પડતો નથી.

**ભેદઘાત ગતિથી મંડળ સંક્રમણ(નિષેધ)**



**કર્ણકલા ગતિથી મંડળ સંક્રમણ**



**॥ પ્રાભૃત–૨/૨ સંપૂર્ણ ॥**

# બીજું પ્રાભૃત : ત્રીજું પ્રતિપ્રાભૃત

## મુહૂર્તગતિ

**સૂર્યની મુહૂર્ત ગતિ વિષયક ચાર પ્રતિપત્તિઓ :–**

**१** ता केवइयं ते खेत्तं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ चत्तारि पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–

तत्थेगे एवमाहंसु–ता छ छ जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता पंच पंच जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ, एगे एवमाहंसु–

एगे पुण एवमाहंसु–ता चत्तारि–चत्तारि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता छ वि पंच वि चत्तारि वि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ, एगे एवमाहंसु ।

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્ય પ્રત્યેક મુહૂર્તે કેટલા ક્ષેત્રને પાર કરે છે ? **ઉત્તર–** સૂર્યની મુહૂર્તગતિ સંબંધી અન્યતીર્થિકોની ચાર માન્યતાઓ(પ્રતિપત્તિઓ) કહી છે, યથા–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રત્યેક મુહૂર્તે સૂર્ય છ-છ હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રત્યેક મુહૂર્તે સૂર્ય પાંચ-પાંચ હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રત્યેક મુહૂર્તે સૂર્ય ચાર-ચાર હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે.

(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે એક-એક મુહૂર્તમાં સૂર્ય છ, પાંચ અથવા ચાર હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે.

**२** तत्थ णं जे ते एवमाहंसु–ता छ छ जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ, ते एवमाहंसु– ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ । तंसि च णं दिवसंसि एगं जोयणसयसहस्सं अट्ठ य जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते ।

ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ जहण्णए दुवालसमुहुत्ते दिवसे

**भवइ । तंसि च णं दिवसंसि बावत्तरिं जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते, तया णं छ छ जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ ।**

**ભાવાર્થ :–** અન્યતીર્થિકોમાં જે એમ કહે છે કે સૂર્ય પ્રત્યેક મુહૂર્તે છ-છ હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે, તેઓનો આશય એ છે કે સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. ત્યારે(૧૮ મુહૂર્ત × ૬ હજાર મુહૂર્તગતિ = ૧,૦૮,૦૦૦) એક લાખ, આઠ હજાર યોજનનું તાપ ક્ષેત્ર હોય છે અર્થાત્ ત્યારે સૂર્ય ૧૮ મુહૂર્તના દિવસ દરમ્યાન એક લાખ, આઠ હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે.

સૂર્ય જ્યારે સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે. તે દિવસે (૧૨ મુહૂર્ત × ૬૦૦૦ મુહૂર્તગતિ)= બોંતેર હજાર(૭૨,૦૦૦) યોજનનું તાપક્ષેત્ર હોય છે અને ત્યારે સૂર્ય પ્રત્યેક મુહૂર્તમાં છ-છ હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે.

**३ तत्थ णं जे ते एवमाहंसु– ता पंच-पंच जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहत्तेणं गच्छइ, ते एवमाहंसु– ता जया णं सूरिए, सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ । तंसि च णं दिवसंसि णउइं जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते ।**

**ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ । तंसि च णं दिवसंसि सट्ठिं जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते, तया णं पंच पंच जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ ।**

**ભાવાર્થ :–** અન્યતીર્થિકોમાં જે એમ કહે છે કે સૂર્ય પ્રત્યેક મુહૂર્તે પાંચ-પાંચ હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે, તેઓનો આશય એ છે કે જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. તે દિવસે (૧૮ મુહૂર્ત × ૫૦૦૦ મુહૂર્તગતિ) ૯૦,૦૦૦ યોજનનું તાપક્ષેત્ર હોય છે.

જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને સૌથી ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે. તે દિવસે (૧૨ × ૫૦૦૦) ૬૦,૦૦૦ યોજનનું તાપક્ષેત્ર હોય છે અને ત્યારે સૂર્ય પ્રત્યેક મુહૂર્તે પાંચ-પાંચ હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે.

**४ तत्थ णं जे ते एवमाहंसु– ता चत्तारि-चत्तारि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ, ते एवमाहंसु– ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ । तंसि च णं दिवसंसि बावत्तरिं जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते,**

**ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ । तंसि च णं दिवसंसि अडयालीसं जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते, तया णं चत्तारि-चत्तारि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ।**

**ભાવાર્થ :–** અન્યતીર્થિકોમાં જે એમ કહે છે કે સૂર્ય પ્રત્યેક મુહૂર્તે ચાર-ચાર હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે, તેઓનો આશય એ છે કે જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. તે દિવસે(૧૮ × ૪૦૦૦ =) ૭૨,૦૦૦ યોજનનું તાપક્ષેત્ર હોય છે.

સૂર્ય જ્યારે સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે. તે દિવસે (૧૨ × ૪૦૦૦=) ૪૮,૦૦૦ યોજનનું તાપક્ષેત્ર હોય છે અને ત્યારે સૂર્ય પ્રત્યેક મુહૂર્તે ચાર-ચાર હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે.

**૫ तत्थ णं जे ते एवमाहंसु–ता छ वि पंच वि चत्तारि वि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ, से एवमाहंसु– ता सूरिए णं उग्गमणमुहुत्तंसि य अत्थमणमुहुत्तंसि य सिग्घगई भवइ तया णं छ छ जोयणसहस्साइं एगमेगेणं मुहुत्तेणं गच्छइ,**

**मज्झिमं तावक्खेत्तं समासाएमाणे-समासाएमाणे सूरिए मज्झिमगई भवइ तया णं पंच पंच जोयणसहस्साइं एगमेगेणं मुहुत्तेणं गच्छइ, मज्झिमं तावक्खेत्तं संपत्ते सूरिए मंदगई भवइ तया णं चत्तारि चत्तारि जोयणसहस्साइं एगमेगेणं मुहुत्तेणं गच्छइ ।**

**ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठे उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ । तंसि च दिवसंसि एक्काणउइं जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते ।**

**ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ । तंसि च णं दिवसंसि एगट्ठिजोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते, तया णं छ वि पंच वि चत्तारि वि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ, एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :–** અન્યતીર્થિકોમાં જે એમ કહે છે કે સૂર્ય પ્રત્યેક મુહૂર્તે છ હજાર, પાંચ હજાર અથવા ચાર હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે, તેઓનો આશય એ છે કે ઉદયકાળના અને અસ્તકાળના મુહૂર્તમાં સૂર્ય શીઘ્રગતિથી પરિભ્રમણ કરે છે, ત્યારે સૂર્ય એક મુહૂર્તમાં છ-છ હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે.

મધ્યમ તાપ ક્ષેત્રને પ્રાપ્ત સૂર્ય મધ્યમગતિવાળો હોય છે, તે મધ્યના ૧૫ મુહૂર્તમાં પ્રત્યેક મુહૂર્તે

પાંચ-પાંચ હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે. મધ્યમ(અસ્તથી પૂર્વના મુહૂર્તના) તાપ ક્ષેત્રને સંપન્ન સૂર્ય મંદ ગતિવાળો હોય છે, ત્યારે સૂર્ય મુહૂર્તમાં ૪૦૦૦ યોજન ક્ષેત્રને પાર કરે છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. તે દિવસે ૧૮ મુહૂર્તમાંથી ઉદય સમયના એક મુહૂર્તમા ૬૦૦૦ યોજન + અસ્ત સમયના એક મુહૂર્તમાં ૬૦૦૦ યોજનની ગતિ હોવાથી = ૧૨૦૦૦ યોજનની ગતિ, મધ્યના ૧૫ મુહૂર્તમાં ૫૦૦૦ યોજનની ગતિ હોવાથી ૧૫ × ૫૦૦૦ = ૭૫૦૦૦ યોજનની ગતિ અને અંતિમ મુહૂર્ત પૂર્વના મુહૂર્તમાં ૪૦૦૦ યોજનની ગતિ, આ રીતે ૧૨૦૦૦ + ૭૫,૦૦૦ + ૪૦૦૦ = ૯૧૦૦૦ યોજન ક્ષેત્રમાં ગતિ કરે છે અર્થાત્ તેટલા યોજનનું તાપક્ષેત્ર છે.

જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

તે દિવસે ઉદય-અસ્તના બે મુહૂર્તમાં ૬,૦૦૦ + ૬,૦૦૦ યોજન = ૧૨,૦૦૦ યોજન, મધ્યના ૯ મુહૂર્તમાં ૫,૦૦૦ યોજનની ગતિ હોવાથી ૯ × ૫,૦૦૦ = ૪૫,૦૦૦ યોજન અને અસ્તથી પૂર્વના એક મુહૂર્તમાં ૪,૦૦૦ યોજનની ગતિ, આ રીતે ૧૨,૦૦૦ + ૪૫,૦૦૦ + ૪,૦૦૦ = ૬૧,૦૦૦ (એકસઠ હજાર) યોજનનું તાપક્ષેત્ર હોય છે.

**સૂર્યની મુહૂર્ત ગતિ :–**

**६ वयं पुण एवं वयामो– ता साइरेगाइं पंच पंच जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेण गच्छइ ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે સૂર્ય પ્રત્યેક મુહૂર્તે સાધિક પાંચ-પાંચ હજાર યોજન ક્ષેત્રને પાર કરે છે.

**तत्थ को हेऊ त्ति वएज्जा ?**

**ता अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए** *जाव* **परिक्खेवेणं पण्णत्ते । ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच पंचजोयणसहस्साइं दोण्णि य एक्कावण्णे जोयणसए एगूणतीसं च सट्ठिभाए जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ ।**

**तया णं इहगयस्स मणूसस्स सीयालीसाए जोयणसहस्सेहिं दोहिं य तेवट्ठेहिं जोयणसएहिं एक्कवीसाए य सट्ठिभागेहिं जोयणस्स सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ । तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્ય પ્રત્યેક મુહૂર્તે સાધિક ૫,૦૦૦ યોજન ક્ષેત્રને પાર કરે છે, તેનું શું કારણ છે ? **ઉત્તર–** સર્વ દ્વીપ-સમુદ્રની મધ્યમાં પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે જંબૂદ્વીપની ઉપર, મેરુપર્વતની સમીપના સર્વાભ્યંતર મંડળ ઉપર જ્યારે સૂર્ય પરિભ્રમણ કરતા હોય ત્યારે સૂર્ય પ્રત્યેક મુહૂર્તે પાંચ હજાર બસો એકાવન પૂર્ણાંક ઓગણત્રીસ સાઠાંશ(૫૨૫૧ $\frac{૨૯}{૬૦}$) યોજન ક્ષેત્રને પાર કરે છે અર્થાત્ સર્વાભ્યંતર મંડળ ઉપર સૂર્ય વિમાનની મુહૂર્તગતિ ૫૨૫૧ $\frac{૨૯}{૬૦}$ યોજનની હોય છે.

(બંને) સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે અહીં રહેલા અર્થાત્ ભરત-ઐરવત ક્ષેત્રના મનુષ્યો સૂર્યને સુડતાલીસ હજાર બસો ત્રેસઠ પૂર્ણાંક એકવીસ સાઠાંશ(૪૭,૨૬૩ $\frac{૨૧}{૬૦}$) યોજન દૂરથી જુએ છે. ત્યારે સહુથી મોટો લાંબામાં લાંબો અઢાર મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

**૭ से णिक्खममाणे सूरिए णवं संवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि अब्भितराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए अब्भितराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच पंच जोयणसहस्साइं दोण्णि य एक्कावण्णे जोयणसए सीयालीसं च सट्ठिभाए जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ ।**

**तया णं इहगयस्स मणुसस्स सीयालीसाए जोयणसहस्सेहिं एगूणासीए य जोयणसए सत्तावण्णाए सट्ठिभाएहिं जोयणस्स सट्ठिभागं च एगट्ठिहा छेत्ता एगूणवीसाए चुण्णियाभागेहिं सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभाग मुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** પ્રથમ મંડળથી બહાર નીકળતા, નવા સંવત્સર અને નવા અયન(દક્ષિણાયન)નો પ્રારંભ કરતા સૂર્ય પ્રથમ અહોરાત્રમાં આભ્યંતરાનંતર(બીજા આભ્યંતર) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે આભ્યંતરાનંતર(બીજા) મંડળ ઉપર પરિભ્રમણ કરતાં હોય ત્યારે તે પ્રત્યેક મુહૂર્તે પાંચ હજાર બસો એકાવન પૂર્ણાંક સુડતાલીસ સાઠાંશ (૫,૨૫૧ $\frac{૪૭}{૬૦}$)યોજન ક્ષેત્રને પાર કરે છે.

સૂર્ય બીજા મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે આ ભરત-ઐરવત ક્ષેત્રના મનુષ્યો તે સૂર્યને સુડતાલીસ હજાર, એકસો ઓગણ્યાએંસી યોજન અને એક યોજનના સાઠ ભાગમાંથી સત્તાવનભાગ અને એક સાઠાંશ ભાગના ઓગણીસ એકસઠીયા પ્રતિભાગ–ચૂર્ણિકાભાગ ૪૭,૧૭૯$\frac{૫૭}{૬૦}$ , $\frac{૧૯}{૬૧}$ યોજન) દૂરથી સૂર્યને જુએ છે. ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ અને $\frac{૨}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ હોય છે.

**૮ से णिक्खममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्च मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच-पंच जोयणसहस्साइं दोण्णि य बावण्णे जोयणसए पंच य सट्ठिभाए जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ ।**

**तया णं इहगयस्स मणूसस्स सीयालीसाए जोयणसहस्सेहिं छण्णउईए य जोयणेहिं तेत्तीसाए य सट्ठिभागेहिं जोयणस्स सट्ठिभागं च एगट्ठिहा छेत्ता दोहिं चुण्णियाभागेहिं सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ, चउहिं एगट्ठिभाग-मुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** બીજા મંડળમાંથી નીકળતા સૂર્ય, નવા વર્ષના બીજા અહોરાત્રમાં ત્રીજા આભ્યંતર મંડળ પર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે ત્રીજા મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે તે પ્રત્યેક મુહૂર્તે પાંચ હજાર બસો બાવન યોજન અને પાંચ સાઠાંશ (૫,૨૫૨ $\frac{૫}{૬૦}$) યોજન ક્ષેત્રને પાર કરે છે.

સૂર્ય જ્યારે ત્રીજા મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે ભરત-ઐરવત ક્ષેત્રના મનુષ્યો સુડતાળીસ હજાર છન્નું યોજન અને તેત્રીસ સાઠાંશ ભાગ તથા બે એકસઠાંશ ચૂર્ણિકા ભાગ (૪૭,૦૯૬ $\frac{૩૩}{૬૦}$અને $\frac{૨}{૬૧}$) યોજન દૂરથી સૂર્યને જુએ છે. ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ $\frac{૫૭}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ અને $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૪}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ હોય છે.

**૯** **एवं खलु एएणं उवाएणं णिक्खममाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणे-संकममाणे अट्ठारस-अट्ठारस सट्ठिभागे जोयणस्स एगमेगे मंडले मुहुत्तगइं अभिवुड्ढेमाणे अभिवुड्ढेमाणे चुलसीइं सीयाइं जोयणाइं पुरिसच्छायं णिव्वुड्ढेमाणे णिव्वुड्ढेमाणे-सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ।**

**ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच पंच जोयणसहस्साइं तिण्णि य पंचुत्तरे जोयणसए पण्णरस य सट्ठिभागे जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ,**

**तया णं इहगयस्स मणूसस्स एक्कतीसाए जोयणसहस्सेहिं अट्ठहिं एक्कतीसेहिं जोयणसएहिं तीसाए य सट्ठिभाएहिं जोयणस्स सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ । एस णं पढमे छम्मासे, एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી સર્વાભ્યંતર મંડળમાંથી બહાર નીકળતા, પછી પછીના મંડળો પર સંક્રમણ કરતા સૂર્ય પ્રત્યેક મંડળે $\frac{૧૮}{૬૦}$ યોજનની મુહૂર્ત ગતિને વધારતાં-વધારતાં અને ૮૪-૮૪ યોજન પુરુષ છાયા એટલે દષ્ટિ પથને ઘટાડતાં-ઘટાડતાં સર્વ બાહ્ય મંડળ પર પહોંચે છે.

સૂર્ય જ્યારે સર્વ બાહ્ય (અંતિમ ૧૮૪મા) મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે પ્રત્યેક મુહૂર્તે પાંચ હજાર ત્રણસો પાંચ પૂર્ણાંક પંદર સાઠાંશ (૫,૩૦૫ $\frac{૧૫}{૬૦}$) યોજન ક્ષેત્રને પાર કરે છે.

સૂર્ય સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે ભરત-ઐરવત ક્ષેત્રના મનુષ્યો એકત્રીસ હજાર આઠસો એકત્રીસ પૂર્ણાંક ત્રીસ સાઠાંશ (૩૧,૮૩૧ $\frac{૩૦}{૬૦}$) યોજન દૂરથી સૂર્યને જુએ છે. ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે. આ રીતે પ્રથમ છ માસ થાય છે. સર્વ બાહ્ય મંડળ ઉપર સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં પ્રથમ છ માસ(દક્ષિણાયન)નો અંત થાય છે.

**૧૦** **से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच-पंच जोयणसहस्साइं तिण्णि य चउरुत्तरे जोयणसए**

**सत्तावण्णं च सट्ठिभाए जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ ।**

**तया णं इहगयस्स मणूसस्स एक्कतीसाए जोयणसहस्सेहिं णवहि य सोलसुत्तरेहिं जोयणसएहिं एगूणचत्तालीसाए सट्ठिभागेहिं जोयणस्स सट्ठिभागं च एगट्ठिहा छेत्ता सट्ठीए चुण्णियाभाग सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ, तया णं अट्ठारसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** સર્વબાહ્ય(૧૮૪મા) મંડળ ઉપરથી અંદર પ્રવેશતા, બીજા છ માસ તથા નવા અયન (ઉત્તરાયણ)નો પ્રારંભ કરતા સૂર્ય પ્રથમ અહોરાત્રમાં બાહ્યાનંતર (બીજા બાહ્ય–૧૮૩મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

સૂર્ય જ્યારે બીજા બાહ્ય(૧૮૩મા) મંડળ પર પરિભ્રમણ કરતા હોય ત્યારે પ્રત્યેક મુહૂર્તે પાંચ હજાર, ત્રણસો ચાર પૂર્ણાંક સત્તાવન સાઠાંશ(૫,૩૦૪ $\frac{૫૭}{૬૦}$) યોજન ક્ષેત્રને પાર કરે છે અને ત્યારે ભરત-ઐરવત ક્ષેત્રના મનુષ્યો સૂર્યને એકત્રીસ હજાર નવસો સોળ યોજન અને ઓગણચાળીશ સાઠાંશ ભાગ તથા સાઠ એકસઠાંશ ચૂર્ણિકાભાગ (૩૧,૯૧૬ $\frac{૩૯}{૬૦}$ અને $\frac{૬૦}{૬૧}$) યોજન દૂરથી સૂર્યને જુએ છે. ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ અને $\frac{૨}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ હોય છે.

**११** **से पविसमाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच-पंच जोयणसहस्साइं तिण्णि य चउरुत्तरे जोयणसए एगूणचत्तालीसं च सट्ठिभाए जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ ।**

**तया णं इहगयस्स मणूसस्स एगाहिएहिं बत्तीसाए जोयणसहस्सेहिं एगूणपण्णाए य सट्ठिभाएहिं जोयणस्स सट्ठिभागं च एगट्ठिहा छेत्ता तेवीसाए चुण्णियाभागेहिं सूरिए चक्खुफासं हव्वमागच्छइ, तया णं अट्ठारसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** બીજા બાહ્ય(૧૮૩મા) મંડળમાંથી અંદર પ્રવેશતા સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા બાહ્ય(૧૮૨મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે ત્રીજા બાહ્ય(૧૮૨મા) મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે પ્રત્યેક મુહૂર્તે પાંચ હજાર, ત્રણસો ચાર પૂર્ણાંક ઓગણચાળીસ સાઠાંશ (૫,૩૦૪ $\frac{૩૯}{૬૦}$) યોજન ક્ષેત્રને પાર કરે છે અને ત્યારે ભરત-ઐરવત ક્ષેત્રના મનુષ્યો બત્રીસ હજાર એક અને ઓગણપચાસ સાઠાંશ ભાગ તથા ત્રેવીસ એકસઠાંશ ચૂર્ણિકાભાગ (૩૨,૦૦૧ $\frac{૪૯}{૬૦}$ , $\frac{૨૩}{૬૧}$) યોજન દૂરથી સૂર્યને જુએ છે. ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ $\frac{૫૭}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ અને $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૪}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ હોય છે.

**१२** **एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणे-संकममाणे अट्ठारस-अट्ठारस सट्ठिभागे जोयणस्स एगमेगे मंडले**

**मुहुत्तगइं णिव्वुड्ढेमाणे-णिव्वुड्ढेमाणे साइरेगाइं पंचासीइं-पंचासीइं जोयणाइं पुरिसच्छायं अभिवुड्ढेमाणे-अभिवुड्ढेमाणे सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ ।**

**ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच पंच जोयणसहस्साइं दोण्णि य एक्कावण्णे जोयणसयाइं एगूणतीसं च सट्ठिभाए जोयणस्स एगमेगे णं मुहुत्ते णं गच्छइ । तया णं इहगयस्स मणूसस्स सीयालीसाए जोयणसहस्सेहिं दोहिं य तेवट्ठेहिं जोयणसएहिं य एक्कवीसाए य सट्ठिभागेहिं जोयणस्स सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ । एस णं दोच्चे छम्मासे, एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे । एस णं आइच्चे संवच्छरे, एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી અંતિમ ૧૮૪મા મંડળથી અંદર પ્રવેશતા, પછી પછીના મંડળો પર સંક્રમણ કરતા સૂર્ય પ્રત્યેક મંડળે $\frac{૧૮}{૬૦}$ યોજનની ગતિને ઘટાડતાં-ઘટાડતાં અને સાતિરેક ૮૫ યોજન પુરુષ છાયા–દષ્ટિપથને વધારતાં-વધારતાં સર્વાભ્યંતર મંડળ પર પહોંચે છે.

સૂર્યો જ્યારે સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે સૂર્ય પ્રત્યેક મુહૂર્તે ૫,૨૫૧$\frac{૨૯}{૬૦}$ યોજન ક્ષેત્રને પાર કરે છે અને ત્યારે ભરત-ઐરવત ક્ષેત્રના મનુષ્યો તે સૂર્યને ૪૭,૨૬૩ $\frac{૨૧}{૬૦}$ યોજન દૂરથી જુએ છે. ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ થાય છે. આ રીતે બીજા છ માસ થાય છે. સર્વાભ્યંતર મંડળ ઉપરનું સૂર્ય પરિભ્રમણ પૂર્ણ થતાં બીજા છ માસ (ઉત્તરાયણ)નો અંત થાય છે. આ આદિત્ય સંવત્સર છે, બે અયન પૂર્ણ થતાં આદિત્ય સંવત્સરનો અંત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રત્યેક મંડળ ઉપર સૂર્ય એક-એક મુહૂર્તમાં કેટલા યોજન ચાલે છે તથા ભરત-ઐરવત ક્ષેત્રના મનુષ્યો ઉદય-અસ્ત સમયે સૂર્યને કેટલા યોજન દૂરથી જુએ છે, તેનું વર્ણન છે.

સૂર્ય દક્ષિણાયનના છ મહિનામાં(૧૮૩ અહોરાત્રમાં) ૧૮૩ મંડળ ઉપર અને ઉત્તરાયણના છ મહિનામાં(૧૮૩ અહોરાત્રમાં) ૧૮૩ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય પ્રત્યેક મંડળ ૩૦ મુહૂર્તમાં પાર કરે છે. દક્ષિણાયનમાં પ્રત્યેક મંડળની લંબાઈ, પહોળાઈ, પરિધિ વધતા જાય છે અને ઉત્તરાયણમાં પ્રત્યેક મંડળની લંબાઈ, પહોળાઈ, પરિધિ ઘટતા જાય છે. મંડળની પરિધિ વધવા છતાં સૂર્યની ગતિના કાલમાનમાં વધારો થતો નથી. ૩૦ મુહૂર્ત અર્થાત્ એક અહોરાત્ર(૨૪ કલાક)માં જ તે મંડળ તેને પાર કરવાનું હોય છે, તેથી પ્રતિ મંડળે સૂર્ય પોતાની પરિભ્રમણ ગતિ વધારે છે.

**મુહૂર્ત ગતિ :–** પ્રતિમંડળ ઉપર સૂર્ય એક-એક મુહૂર્તમાં જેટલા યોજન ચાલે તે તેની મુહૂર્ત ગતિ કહેવાય છે.


**સૂર્યની મુહૂર્તગતિ નિશ્ચિત કરવાની વિધિ :–** सर्वमपि मंडलमेकोनाहोरात्रेण द्वाभ्यां सूर्याभ्यां परिसमाप्यते, प्रतिसूर्यं अहोरात्र गणने परमार्थतो द्वावहोरात्रौ भवतः, द्वयोश्चाहोरात्रयोः षष्टिमुहूर्त्तास्ततो मण्डल परिरयस्य षष्ट्या भागे हृते यल्लभ्यते तन्मुहूर्त्तगति प्रमाणं ।

બે સૂર્ય મળીને એક અહોરાત્રમાં એક મંડળ પૂર્ણ કરે છે. એક સૂર્ય એક અહોરાત્રમાં અર્ધમંડળ ચાલે છે અને બીજો સૂર્ય તે જ અહોરાત્રમાં શેષ અર્ધ મંડળ ચાલે છે, બંને સૂર્યના એક-એક અહોરાત્ર થાય પણ પરમાર્થતઃ બંનેના ભેગા કરીએ તો બે અહોરાત્ર થાય. ૧ અહોરાત્રના ૩૦ મુહૂર્ત છે, બે અહોરાત્રના ૬૦ મુહૂર્ત છે. બે સૂર્ય મળીને ૬૦ મુહૂર્તમાં ૧ મંડળ પાર કરે છે. તેથી મંડળની જે પરિધિ હોય તેને ૬૦ થી ભાગતા જે સંખ્યા પ્રાપ્ત થાય, તે તેની મુહૂર્ત્ત ગતિ કહેવાય છે, જેમ કે–

પ્રથમ સર્વાભ્યંતર મંડળની પરિધિ ૩, ૧૫, ૦૮૯ યોજન છે. તેને બે અહોરાત્રના ૬૦ મુહૂર્તથી ભાગ આપતા (૩,૧૫,૦૮૯ ÷ ૬૦ =) ૫,૨૫૧ $\frac{૨૯}{૬૦}$ યોજન પ્રાપ્ત થાય છે. તે પ્રથમ મંડળ પરની સૂર્યની મુહૂર્તગતિ જાણવી.

**મુહૂર્તગતિ હાનિ-વૃદ્ધિ ધ્રુવાંક :–** પ્રત્યેક મંડળની પરિધિ વ્યવહારથી ૧૮, ૧૮ યોજન વૃદ્ધિ પામે છે, (વાસ્તવમાં તો ૧૭ $\frac{૩૮}{૬૦}$ યોજન પરિધિ વધે છે.) તેથી સૂર્યને પ્રત્યેક મંડળે બે અહોરાત્રમાં ૬૦ મુહૂર્તમાં ૧૮-૧૮ યોજન વધુ ચાલવું પડે છે, તેથી દક્ષિણાયનમાં પ્રત્યેક મંડળે $\frac{૧૮}{૬૦}$ યોજન પ્રમાણ મુહૂર્તગતિ વધે છે અને ઉત્તરાયણમાં $\frac{૧૮}{૬૦}$ યોજન પ્રમાણ મુહૂર્તગતિ ઘટે છે, જેમ કે પ્રથમ મંડળે સૂર્યની મુહૂર્તગતિ ૫,૨૫૧ $\frac{૨૯}{૬૦}$ યોજન છે, તેમાં $\frac{૧૮}{૬૦}$ યોજન વધારવાથી ૫,૨૫૧ $\frac{૨૯}{૬૦}$ + $\frac{૧૮}{૬૦}$) = ૫,૨૫૧ $\frac{૪૭}{૬૦}$ યોજનની મુહૂર્તગતિ બીજા મંડળે પ્રાપ્ત થાય છે. આ રીતે સૂર્યની ગતિ ક્રમશઃ વધતી જાય છે.

**સૂર્યના દષ્ટિપથનું પ્રમાણ :–**



સૂત્રકારે સર્વ બાહ્ય મંડળ પર સૂર્યની મુહૂર્ત ગતિ ૫,૩૦૫ $\frac{૧૫}{૬૦}$ યોજનની કહી છે, તે $\frac{૧૭}{૬૦}$ , $\frac{૩૮}{૬૦}$ યોજનની વૃદ્ધિથી ગણના કરતાં પ્રાપ્ત થાય છે. વ્યાવહારિક $\frac{૧૮}{૬૦}$ની વૃદ્ધિથી પ્રાપ્ત થતી નથી. (જુઓ પરિશિષ્ટ–૯. સૂર્યના ૧૮૪ મંડલ વિગતનું કોષ્ટક) અથવા અંતિમ મંડળ પરિધિના ૩,૧૮,૩૧૫ યોજનને ૬૦થી ભાગ આપવાથી પ્રાપ્ત થાય છે, યથા– ૩,૧૮,૩૧૫ ÷ ૬૦ = ૫,૩૦૫ $\frac{૧૫}{૬૦}$ યોજનની અંતિમ મંડળની મુહૂર્તગતિ પ્રાપ્ત થાય છે. બીજા બાહ્ય મંડળની મુહૂર્ત ગતિ અંતિમ મંડળની મુહૂર્ત ગતિથી $\frac{૧૮}{૬૦}$ ભાગ ન્યૂન થાય છે. ૫,૩૦૫ $\frac{૧૫}{૬૦}$ – $\frac{૧૮}{૬૦}$ = ૫,૩૦૪ $\frac{૫૭}{૬૦}$ યોજન બીજા બાહ્ય મંડળની મુહૂર્ત ગતિ છે. આ રીતે જ્યારે સૂર્ય અંદરના મંડળમાં પ્રવેશ કરે ત્યારે તેની મુહૂર્ત ગતિમાં ક્રમશઃ $\frac{૧૮}{૬૦}$ યોજનની હાનિ થાય છે.

**સૂર્ય દષ્ટિપથ પ્રાપ્તિ :–** સૂર્ય ઉદય સમયે જેટલે દૂરથી દેખાય તે દષ્ટિપથ પ્રાપ્તિ કે દષ્ટિ ગોચરતા કહેવાય છે. ઉદય સમયે સૂર્ય જેટલે દૂરથી દેખાય તેટલે જ દૂરથી અસ્ત સમયે દેખાય છે. સૂત્રકારે તે માટે ચક્ષુ સ્પર્શ શબ્દનો પ્રયોગ કર્યો છે. **सूर्यश्चक्षुस्पर्शं चक्षुर्विषयंहव्वं शीघ्रमागच्छति** । ચક્ષુનો વિષય બને, સૂર્ય આંખનો વિષય બને તેને ચક્ષુ સ્પર્શ કહે છે. **दृष्टिपथप्राप्तता चक्षुस्पर्श पुरुषच्छाया इत्येकार्थाः।** દષ્ટિપથ પ્રાપ્તિ, ચક્ષુ સ્પર્શ, પુરુષ છાયા આ ત્રણે એકાર્થ શબ્દ છે. સૂત્રકારે પ્રસ્તુત સૂત્રોમાં ચક્ષુસ્પર્શ અને પુરુષ છાયા આ બંને શબ્દનો પ્રયોગ કર્યો છે.

**દષ્ટિપથ પ્રાપ્ત કરવાની વિધિ :–** પ્રત્યેક મંડળે સૂર્યની જે મુહૂર્ત ગતિ હોય તેની સાથે તે જ મંડળે જેટલા મુહૂર્તનો દિવસ હોય તેનાથી ગુણતા સૂર્યનું તાપક્ષેત્ર પ્રાપ્ત થાય છે અર્થાત્ સૂર્ય તેટલા ક્ષેત્રને એક દિવસમાં પ્રકાશિત કરે છે અને સૂર્ય જેટલા ક્ષેત્રને પ્રકાશિત કરતો હોય તેનાથી બરાબર અર્ધક્ષેત્ર પ્રમાણ દૂર રહેલા મનુષ્યને સૂર્ય ઉદય-અસ્ત સમયે દષ્ટિગોચર થાય છે. જેમ કે સૂર્યાભ્યંતર મંડળ ઉપર સૂર્યની મુહૂર્તગતિ ૫,૨૫૧ $\frac{૨૯}{૬૦}$ યોજન છે અને દિવસ ૧૮ મુહૂર્તનો હોય છે, તેથી ૫,૨૫૧ $\frac{૨૯}{૬૦}$ × ૧૮ = ૯૪,૫૨૬ $\frac{૪૨}{૬૦}$ યોજનનું તાપક્ષેત્ર અથવા ઉદય-અસ્ત વચ્ચેનું અંતર પ્રાપ્ત થયું. તેનું અર્ધું કરતાં અર્થાત્ ૨ થી ભાગ આપતા (૯૪,૫૨૬ $\frac{૪૨}{૬૦}$ તાપ ક્ષેત્ર ÷ ૨ =) ૪૭,૨૬૩ $\frac{૨૧}{૬૦}$ યોજન દૂરથી સૂર્ય દષ્ટિગોચર થાય છે.

**॥ પ્રાભૃત ૨/૩ સંપૂર્ણ ॥**

## ॥ બીજું પ્રાભૃત સંપૂર્ણ ॥

# ત્રીજું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત ત્રીજા પ્રાભૃતમાં સૂર્યના અવભાસ એટલે પ્રકાશક્ષેત્રનું (**ओभासइ केवइयं** ૧/૧/૩) વર્ણન છે. પ્રસ્તુત પ્રાભૃતમાં સૂત્રકારે જંબૂદ્વીપના પાંચ વિભાગ કરીને વિષયનું વર્ણન કર્યું છે. સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતાં હોય ત્યારે(ઉત્તરાયણના અંતિમ દિવસે) આ પાંચ વિભાગમાંથી દોઢ-દોઢ વિભાગ એટલે કુલ ત્રણ વિભાગમાં પ્રકાશ અને એક-એક વિભાગ એટલે કુલ બે વિભાગમાં અંધકાર હોય છે.

સૂર્ય સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે(દક્ષિણાયનના અંતિમ દિવસે) પાંચ વિભાગમાંથી એક-એક વિભાગ એટલે કુલ બે વિભાગમાં પ્રકાશ અને દોઢ-દોઢ વિભાગ એટલે કુલ ત્રણ વિભાગમાં અંધકાર હોય છે. સૂર્યના ૧૮૩ મંડળના પાંચ-પાંચ વિભાગ થતાં કુલ ૯૧૫ વિભાગ થાય છે. તેમાં પ્રત્યેક મંડળના પાંચ-પાંચ વિભાગ છે. દક્ષિણાયનમાં પ્રત્યેક મંડળે મંડળગત $\frac{૨}{૫}$ ભાગ કે સર્વ મંડળગત $\frac{૨}{૯૧૫}$ ભાગ પ્રકાશ ક્ષેત્રની હાનિ થાય છે. આ રીતે પ્રત્યેક મંડળે $\frac{૨}{૫}$ ભાગ પ્રકાશ ક્ષેત્રની હાનિ-વૃદ્ધિ થાય છે.

ચોથા પ્રાભૃતમાં પ્રકાશક્ષેત્રના સંસ્થાનનું કથન કરતા સૂત્રકારે પ્રકાશક્ષેત્રના દસ વિભાગ કરવાનું સૂચન કર્યું છે. તે દસ વિભાગમાંથી છ વિભાગમાં પ્રકાશ અને ચાર વિભાગમાં અંધકાર હોય છે. આ બંને પ્રકારના વિધાનમાં કથન માત્રનો તફાવત છે, તાત્ત્વિક તફાવત નથી.

❖❖❖❖❖

# ત્રીજું પ્રાભૃત

## પ્રકાશ ક્ષેત્ર

**ચંદ્ર–સૂર્યના પ્રકાશ ક્ષેત્ર વિષયક બાર પ્રતિપત્તિઓ :–**

**१** ता केवइयं खेत्तं चंदिमसूरिया ओभासंति उज्जोवेंति तवेंति पगासेंतिं आहिए त्ति वएज्जा ? तत्थ खलु इमाओ बारस पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–

तत्थेगे एवमाहंसु–ता एगं दीवं एगं समुद्दं चंदिम-सूरिया ओभासंति उज्जोवेंति तवेंति पगासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता तिण्णि दीवे तिण्णि समुद्दे चंदिम-सूरिया ओभासंति *जाव* पगासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता अद्धुट्टे(अद्धचउत्थे) दीवे, अद्धचउत्थे समुद्दे चंदिम-सूरिया ओभासंति *जाव* पगासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता सत्तदीवे सत्तसमुद्दे चंदिम-सूरिया ओभासंति *जाव* पगासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता दसदीवे दससमुद्दे चंदिम-सूरिया ओभासंति *जाव* पगासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता बारसदीवे बारससमुद्दे चंदिम-सूरया ओभासंति *जाव* पगासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता बायालीसं दीवे बायालीसं समुद्दे चंदिम-सूरिया ओभासंति *जाव* पगासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता बावत्तरिं दीवे बावत्तरिं समुद्दे चंदिम-सूरिया ओभासंति *जाव* पगासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता बायालीसं दीवसयं बायालिसं समुद्दसयं चंदिम-सूरिया ओभासंति *जाव* पगासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता बावत्तरिं दीवसयं बावत्तरिं समुद्दसयं चंदिम-सूरिया ओभासंति *जाव* पगासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता बायालीसं दीवसहस्सं, बायालिसं समुद्दसहस्सं

**चंदिम-सूरिया ओभासंति** *जाव* **पगासेंति, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता बावत्तरिं दीवसहस्सं बावत्तरिं समुद्दसहस्सं चंदिम-सूरिया ओभासंति** *जाव* **पगासेंति, एगेमाहंसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય કેટલા ક્ષેત્રને અવભાસિત, ઉદ્યોતિત, તાપિત અને પ્રકાશિત કરે છે ? **ઉત્તર–** સૂર્યના પ્રકાશિત ક્ષેત્રના વિષયમાં અન્યતીર્થિકોની બાર પ્રતિપત્તિઓ(માન્યતાઓ) છે, યથા–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય એક દ્વીપ, એક સમુદ્રને અવભાસિત, ઉદ્યોતિત, તાપિત અને પ્રકાશિત કરે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય ત્રણ દ્વીપ, ત્રણ સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય સાડા ત્રણ દ્વીપ, સાડા ત્રણ સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય સાત દ્વીપ, સાત સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

(૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય દસ દ્વીપ, દસ સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

(૬) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય બાર દ્વીપ, બાર સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

(૭) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય બેતાલીસ દ્વીપ, બેતાલીસ સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

(૮) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય બોતેર દ્વીપ, બોતેર સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

(૯) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય એકસો બેતાલીસ(૧૪૨) દ્વીપ, એકસો બેતાલીસ સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

(૧૦) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય એકસો બોતેર(૧૭૨) દ્વીપ, એકસો બોતેર સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

(૧૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય એક હજાર બેતાલીસ (૧૦૪૨) દ્વીપ, એક હજાર બેંતાલીસ સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

(૧૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્ય એક હજાર બોતેર(૧૦૭૨) દ્વીપ, એક હજાર બોતેર સમુદ્રને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે.

**જંબૂદ્વીપનું પાંચ ચક્રભાગમાં પ્રકાશ ક્ષેત્ર :–**

**२ वयं पुण एवं वयामो–ता अयंणं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए** *जाव* **परिक्खेवेणं पण्णत्ते । से णं एगाए जगईए सव्वओ समंता संपरिक्खित्ते, सा णं जगई अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता, एवं जहा जंबुद्दीवपण्णत्तीए** *जाव* **एवामेव सपुव्वावरेणं जंबुद्दीवे द्दीवे चोद्दस सलिलासयसहस्सा छप्पण्णं च सलिलासहस्सा भवंतीतिमक्खाया ।**

**जंबुद्दीवे णं दीवे पंच चक्कभागसंठिए आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** ભગવાન કહે છે કે સર્વ દ્વીપ સમુદ્રની મધ્યમાં, પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે, તે દ્વીપની ચારે બાજુ ફરતે આઠ યોજન ઊંચી જગતી(કોટ) છે, તે જંબૂદ્વીપમાં કુલ મળીને ચૌદ લાખ છપ્પન હજાર(૧૪, ૫૬૦૦૦) નદીઓ છે વગેરે વર્ણન જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પ્રમાણે જાણવું.

તે જંબૂદ્વીપ નામના ચક્રાકાર(વર્તુળાકાર) દ્વીપના પાંચ ભાગ(ચક્ર ભાગ) કહ્યા છે.

**३ ता कहं जंबुद्दीवे दीवे पंच चक्कभागसंठिए आहिएति वएज्जा ? ता जया णं एए दुवे सूरिया सव्वभंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति तया णं जंबूद्दीवस्स दीवस्स तिण्णि पंच चक्कभागे ओभासंति** *जाव* **पगासेंति, तं जहा– ता एगे वि सूरिए एगं दिवड्ढं पंच चक्कभागं ओभासइ** *जाव* **पगासेइ, एगे वि एगं पंच चक्कभागं ओभासई** *जाव* **पगासेइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શા માટે જંબૂદ્વીપ નામના દ્વીપના પાંચ ચક્રભાગ કહ્યા છે ? **ઉત્તર–** જંબૂદ્વીપમાં જ્યારે બંને સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે જંબૂદ્વીપના પાંચ ચક્રભાગમાંથી ત્રણ ચક્રભાગને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે. પાંચ ચક્રભાગમાંથી દોઢ ભાગને એક સૂર્ય અને દોઢ ચક્રભાગને બીજો સૂર્ય અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે અને ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

**४ ता जया णं एए दुवे सूरिया सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरंति तया णं जंबुद्दीवस्स दीवस्स दोण्णि पंच चक्कभागे ओभासंति** *जाव* **पगासेंति, ता एगे वि सूरिए एगं पंच चक्कभागं ओभासेइ** *जाव* **पगासेइ, ता एगे वि सूरिए एगं पंच चक्कभागं ओभासइ** *जाव* **पगासेइ, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપમાં જ્યારે બંને સૂર્ય સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે જંબૂદ્વીપના પાંચ ચક્રભાગમાંથી બે ચક્રભાગને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે. તેમાં એક સૂર્ય પાંચ ચક્રભાગમાંથી એક ભાગને અવભાસિત ***યાવત્*** પ્રકાશિત કરે છે અને બીજો સૂર્ય પાંચ ચક્રભાગમાંથી એક ચક્રભાગને(એમ કુલ બે ચક્રભાગને) અવભાસિત યાવત્ પ્રકાશિત કરે છે અને ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જંબૂદ્વીપના બંને સૂર્ય દ્વારા પ્રકાશિત થતાં જંબૂદ્વીપના વિભાગોનું વર્ણન છે. જંબૂદ્વીપના પાંચ ભાગની કલ્પના કરીએ, તો તેમાંથી દોઢ ભાગને એક સૂર્ય અને બીજા દોઢ ભાગને બીજો સૂર્ય એમ કુલ ત્રણ ભાગને સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે પ્રકાશિત કરે છે અને સૂર્ય સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે એક સૂર્ય એક ભાગને અને બીજો સૂર્ય બીજા એક ભાગને, એમ કુલ બે ભાગને પ્રકાશિત કરે છે.


વૃત્તિકારે તે સમજાવવા માટે એક-એક ભાગના ૭૩૨ વિભાગની કલ્પના કરવાનું કહ્યું છે.(એક સૂર્ય

એક વરસમાં ૩૬૬ અર્ધ મંડળને પાર કરે છે. બે સૂર્ય ૭૩૨ મંડળને પાર કરે છે, તેથી એક-એક ભાગના ૭૩૨ વિભાગની કલ્પના કરવાનું કહ્યું છે.) ૭૩૨ વિભાગવાળા પાંચ વિભાગ એટલે ૭૩૨ × ૫ = ૩,૬૬૦ ભાગ જંબૂદ્વીપ ક્ષેત્રના થાય, સૂર્ય સર્વાભ્યંતર મંડળઉપર હોય ત્યારે પાંચ ભાગમાંથી દોઢ વિભાગને પ્રકાશિત કરે છે તેથી ૭૩૨ × ૧ $\frac{૧}{૨}$ = ૧,૦૯૮ ભાગને એક સૂર્ય અને ૧,૦૯૮ ભાગને બીજો સૂર્ય પ્રકાશિત કરે છે. જંબૂદ્વીપના ૧,૦૯૮ + ૧,૦૯૮ = ૨,૧૯૬ ભાગમાં પ્રકાશ અને કુલ વિભાગમાંથી પ્રકાશિત વિભાગ બાદ કરતાં એટલે ૩,૬૬૦ – ૨,૧૯૬ = ૧૪૬૪ ભાગમાં અંધકાર હોય છે અથવા પાંચ ભાગમાંથી બે ભાગ એટલે ૭૩૨ + ૭૩૨ = ૧,૪૬૪ ભાગમાં અંધકાર હોય છે.

સૂર્ય જ્યારે સર્વબાહ્ય મંડળ ઉપર હોય ત્યારે પાંચ ભાગમાંથી એક-એક ભાગ એટલે ૭૩૨ + ૭૩૨ = ૧,૪૬૪ ભાગ ઉપર પ્રકાશ અને પાંચ ભાગમાંથી દોઢ-દોઢ ભાગ એટલે ૧,૦૯૮ + ૧,૦૯૮ = ૨,૧૯૬ ભાગમાં અંધકાર હોય છે.

**પ્રત્યેક મંડળે પ્રકાશ ક્ષેત્રની હાનિ-વૃદ્ધિ :–** પ્રત્યેક મંડળે બે ભાગની હાનિ-વૃદ્ધિ થાય છે. પ્રથમ મંડળે રહેલો એક સૂર્ય દોઢ વિભાગને અર્થાત્ ૧,૦૯૮ ભાગને પ્રકાશિત કરે છે અને ૧૮૩મા મંડળે(એક વિભાગને) ૭૩૨ ભાગને પ્રકાશિત કરે છે, તેથી ૧,૦૯૮–૭૩૨ = ૩૬૬ ભાગનો તફાવત થાય છે. ૧૮૩ મંડળમાં ૩૬૬ ભાગનો તફાવત, તો ૧ મંડળે કેટલો ? આ રીતે ત્રિરાશિ મૂકતાં ૩૬૬ ÷ ૧૮૩ = પ્રત્યેક મંડળે જંબૂદ્વીપના ૩,૬૬૦ ભાગમાંથી ૨ ભાગની હાનિ-વૃદ્ધિ થાય છે. બીજા મંડળે સૂર્ય ૭૩૪ ભાગને ત્રીજા મંડળે ૭૩૬ ભાગને પ્રકાશિત કરે છે, આ રીતે પ્રત્યેક મંડળે બે-બે ભાગની વૃદ્ધિ કરતાં-કરતાં આગળ-આગળના મંડળ ઉપર જાય છે, તેમ સમજવું.

**જંબૂદ્વીપના પ્રકાશિત ચક્રભાગ :–**




સાધ્વી સુબોધિકા

## ।। ત્રીજું પ્રાભૃત સંપૂર્ણ ।।

# ચોથું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત ચોથા પ્રાભૃતમાં શ્વેતતા(પ્રકાશ)ની સંસ્થિતિ (**सेयाइं किं ते संठिई** ૧/૧/૩) વિષયક વર્ણન છે. શ્વેતતાનો અર્થ પ્રકાશ થાય છે. ચંદ્ર-સૂર્યના વિમાન પ્રકાશમય છે અને જંબૂદ્વીપ આદિ ક્ષેત્ર પણ તેના પ્રકાશથી પ્રકાશમય બને છે, તેથી પ્રસ્તુત પ્રાભૃતમાં શ્વેતતા શબ્દથી ચંદ્ર-સૂર્ય વિમાન વચ્ચેનું ક્ષેત્ર અને સૂર્ય પ્રકાશથી પ્રકાશિત પ્રકાશ ક્ષેત્ર(તાપક્ષેત્ર) બંનેનું ગ્રહણ થાય છે અને અહીં આ બંને પ્રકારના ક્ષેત્રના સંસ્થાન–આકારનું વર્ણન કર્યું છે.

નૂતન વરસના પ્રારંભ સમયે એક સૂર્ય અગ્નિખૂણામાં અને એક સૂર્ય વાયવ્ય ખૂણામાં હોય છે અને તે સમયે એક ચંદ્ર ઈશાન ખૂણામાં અને બીજો ચંદ્ર નૈઋત્ય ખૂણામાં હોય છે, આ બંને ચંદ્ર અને બંને સૂર્યની વચ્ચેની શ્વેતતા(પ્રકાશ) ક્ષેત્રનો આકાર સમચોરસ થાય છે.

સૂર્યનો પ્રકાશ જંબૂદ્વીપ અને લવણ સમુદ્રના જેટલા વિભાગમાં ફેલાય છે, તેને પ્રકાશ ક્ષેત્ર, તાપક્ષેત્ર કે આતાપક્ષેત્ર કહે છે અને સૂર્ય પ્રકાશના અભાવમાં શેષ વિભાગમાં અંધકાર ફેલાય છે, તેને અંધકાર ક્ષેત્ર કહે છે. આ પ્રકાશ ક્ષેત્ર અને અંધકાર ક્ષેત્રનો આકાર અંદરની બાજુએ મેરુ પર્વત સમીપમાં સંકીર્ણ છે અને બહારની બાજુએ લવણ સમુદ્ર તરફ વિસ્તૃત થતો જાય છે. સૂત્રકારે આ સંસ્થાનને સમજાવવા ધતુરાનાં પુષ્પ, અંકમુખ–(ખોળાનો અંદરનો ભાગ) સ્વસ્તિક મુખ, આ ત્રણ ઉપમા આપી છે.

જંબૂદ્વીપથી ૮૦૦ યોજન દૂર(ઊંચે) રહેલા એક સૂર્યનો પ્રકાશ જંબૂદ્વીપમાં મેરુપર્વતના અંતભાગથી પ્રારંભ કરી લવણ સમુદ્રમાં ૩૩,૩૩૩ $\frac{૧}{૩}$ યોજન સુધી અર્થાત્ કુલ ૪૫,૦૦૦ યોજન જંબૂદ્વીપના + ૩૩,૩૩૩ $\frac{૧}{૩}$ યોજન લવણ સમુદ્રના = ૭૮,૩૩૩ $\frac{૧}{૩}$ યોજન સુધી એક દિશામાં ફેલાય છે અને બીજા સૂર્યનો પ્રકાશ સામી દિશામાં મેરુપર્વતથી પ્રારંભી ૭૮,૩૩૩ $\frac{૧}{૩}$ યોજન પર્યંત ફેલાય છે.

સૂર્ય પ્રકાશના અભાવમાં તેટલા જ યોજન સુધી અંધકાર ફેલાય છે. આ પ્રકાશક્ષેત્ર અને અંધકાર ક્ષેત્રની લંબાઈ છે. આ લંબાઈ હંમેશાં એક સમાન જ રહે છે. સૂત્રકારે તેને બે અવસ્થિત બાહા કહી છે.

પ્રકાશ-અંધકાર ક્ષેત્રથી પહોળાઈ મેરુપર્વત તરફ અંદરની બાજુએ સંકીર્ણ છે અને ત્યાર પછી ક્રમશઃ વિસ્તૃત-વિસ્તૃત થતી જાય છે, તે ઉપરાંત દક્ષિણાયન અને ઉત્તરાયણમાં પ્રકાશ-અંધકાર ક્ષેત્રની પહોળાઈમાં હાનિ-વૃદ્ધિ થાય છે.

પ્રકાશ ક્ષેત્રના દસ વિભાગ કરવામાં આવે છે અને બંને સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે દસ વિભાગમાંથી એક સૂર્ય ત્રણ વિભાગને અને બીજો સૂર્ય સામેની દિશાના અન્ય ત્રણ વિભાગને, એમ કુલ છ વિભાગને પ્રકાશિત કરે છે અને શેષ સામસામી દિશાના બે-બે વિભાગ, કુલ ચાર વિભાગમાં અંધકાર હોય છે. બંને સૂર્ય સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે પ્રકાશ ક્ષેત્રના દસ વિભાગમાંથી બે-બે, એમ કુલ ચાર વિભાગમાં પ્રકાશ હોય છે અને ત્રણ-ત્રણ, એમ કુલ છ વિભાગમાં અંધકાર હોય છે. આ રીતે પ્રત્યેક મંડળે પ્રકાશ-અંધકાર ક્ષેત્રમાં $\frac{૩}{૧૦}$ કે $\frac{૨}{૧૦}$ ભાગની હાનિ-વૃદ્ધિ થાય છે.

સૂત્રકારે પ્રકાશ અને અંધકાર ક્ષેત્રની પહોળાઈ જાણવા માટેની પદ્ધતિનું નિરૂપણ સૂત્રપાઠ દ્વારા જ કર્યું છે.

❖❖❖❖❖

# ચોથું પ્રાભૃત

## શ્વેતતાની સંસ્થિતિ

**પ્રકાશ સંસ્થિતિ :–**

**१** ता कहं ते सेयाए संठिई आहिएति वएज्जा ? तत्थ खलु इमा दुविहा संठिई पण्णत्ता, तं जहा– चंदिम–सूरियसंठिई य तावक्खेत्तसंठिई य ।

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** શ્વેતતા–શ્વેતવર્ણવાળા પ્રકાશ ક્ષેત્રની સંસ્થિતિ અર્થાત્ તેનું સંસ્થાન(આકાર) કેવું છે ? **ઉત્તર–** પ્રકાશ ક્ષેત્રના આકારના બે પ્રકાર કહ્યા છે– (૧) ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ એટલે ચંદ્ર-સૂર્યના ક્ષેત્રનો આકાર અને (૨) તાપક્ષેત્ર સંસ્થિતિ એટલે તાપ ક્ષેત્ર(પ્રકાશ ક્ષેત્ર)નો આકાર.

**ચંદ્ર–સૂર્યના સંસ્થાન વિષયક સોળ પ્રતિપત્તિઓ :–**

**२** ता कहं ते चंदिम-सूरियसंठिई आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ सोलस पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–

तत्थेगे एवमाहंसु–ता समचउरंससंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु–ता विसमचउरंससंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता ।

एगे पुण एवमाहंसु–ता समचउक्कोणसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता।

एगे पुण एवमाहंसु–ता विसमचउक्कोणसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता।

एगे पुण एवमाहंसु–ता समचक्कवालसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता।

एगे पुण एवमाहंसु–ता विसमचक्कवालसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता।

एगे पुण एवमाहंसु–ता चक्कद्धचक्कवालसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता।

एगे पुण एवमाहंसु–ता छत्तागारसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता ।

एगे पुण एवमाहंसु–ता गेहसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता ।

एगे पुण एवमाहंसु–ता गेहावणसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता ।

एगे पुण एवमाहंसु–ता पासादसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता ।

एगे पुण एवमाहंसु–ता गोपुरसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता ।

एगे पुण एवमाहंसु–ता पेच्छाघरसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता ।

एगे पुण एवमाहंसु–ता वलभीसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता ।

एगे पुण एवमाहंसु–ता हम्मियतलसंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता ।

एगे पुण एवमाहंसु–ता बालग्गपोइयासंठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता, एगे एवमाहंसु ।

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ અર્થાત્ સામસામી દિશામાં રહેલા બંને ચંદ્ર અને બંને સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર કેવો છે ? **ઉત્તર–** તેના સંસ્થાન વિષયક અન્યતીર્થિકોની સોળ પ્રતિપત્તિઓ (માન્યતાઓ) કહી છે, યથા–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર સમ ચતુરસ્ર છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર વિષમ ચતુરસ્ર છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર સમ ચતુષ્કોણ છે.

(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર વિષમ ચતુષ્કોણ છે.

(૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર સમ ચક્રવાલ(સમગોળાકાર) છે.

(૬) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર વિષમ ચક્રવાલ છે.

(૭) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર ચક્રાર્ધ ચક્રવાલ છે.

(૮) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર છત્રાકાર છે.

(૯) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર ગૃહાકાર છે.

(૧૦) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર ગૃહાપણ(ઘરની સાથે દુકાન)ના આકાર જેવો છે.

(૧૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર પ્રાસાદ(મહેલ)ના આકાર જેવો છે.

(૧૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર ગોપુર(દરવાજા) જેવો છે.

(૧૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર પ્રેક્ષાગૃહ જેવો છે.

(૧૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર વલભીગૃહ(ઘરની ઉપરનો ભાગ– અગાસી) જેવો છે.

(૧૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર હર્મ્યતલ(હવેલીની ઉપરનો તલભાગ) જેવો છે.

(૧૬) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર બાલાગ્રપોતિકા(તળાવાદિનાં ક્રીડાસ્થાન, બાળકોનાં ક્રીડાસ્થાન અથવા લઘુ પ્રાસાદ જેવો છે.

**ચંદ્ર–સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર :–**

**३** तत्थ जे ते एवमाहंसु–ता समचउरंस संठिया चंदिम-सूरियसंठिई पण्णत्ता, एएणं णएणं णेयव्वं णो चेव णं इयरेहिं ।

**ભાવાર્થ :–** આ અન્યતીર્થિકોમાં જે એમ કહે છે કે ચંદ્ર-સૂર્યોની વચ્ચેના ક્ષેત્રનો આકાર સમચતુરસ્ર છે, તે જ નય(અભિપ્રાય) પ્રમાણે ચંદ્ર-સૂર્યના ક્ષેત્રનો આકાર છે, અન્ય આકાર નથી અર્થાત્ ભગવાન એમ કહે છે કે ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રનો આકાર સમચતુરસ્ર છે.


**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રકાશ ક્ષેત્રના સંસ્થાન–આકારનું વર્ણન છે.

**सेयाए–** શ્વેતતા. **इह श्वेतता चन्द्रसूर्य विमानानामपि विद्यते तत्कृततापक्षेत्रस्य च ततः श्वेतता योगादुभयमपि श्वेतता शब्देनोच्यते ।**– વૃત્તિ. શ્વેતતા એટલે પ્રકાશ. ચંદ્ર– સૂર્યના વિમાનને પણ પ્રકાશ છે અને તેના દ્વારા પ્રકાશિત ક્ષેત્ર પણ પ્રકાશમય હોય છે તેથી શ્વેતતા શબ્દથી બંને પ્રકારના પ્રકાશનું ગ્રહણ થાય છે. પ્રસ્તુતમાં સૂત્રકારે ચંદ્ર-સૂર્યના ક્ષેત્ર અને તાપક્ષેત્ર, બંનેના આકારનું કથન કર્યું છે.

**चंदिम–सूरिय संठिई–** ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ, ચંદ્ર-સૂર્યની વચ્ચેનાં ક્ષેત્રનો આકાર. પ્રસ્તુત સૂત્રપાઠમાં ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ શબ્દ દ્વારા ચંદ્ર–સૂર્ય વિમાનનો આકાર અથવા ચંદ્ર-સૂર્ય મંડળનો આકાર ગ્રહણ થઈ શકે છે, પરંતુ ચંદ્ર-સૂર્ય વિમાન કે મંડળ અર્ધ કોઠાકાર છે, તેથી અહીં તેની વિવક્ષા નથી. અહીં **चंदिम- सूरिय संठिई** શબ્દ દ્વારા ચંદ્ર-સૂર્યની વચ્ચેના ક્ષેત્રના આકારનું ગ્રહણ થાય છે, તેમ સમજવું. યુગનો પ્રારંભ શાસસ્ત્રોક્ત શ્રાવણ વદ–૧(ગુજરાતી અષાઢવદ–૧)ના દિવસે થાય છે. તે દિવસે સૂર્યોદય સમયે એક સૂર્ય અગ્નિખૂણામાં અને બીજો સૂર્ય વાયવ્યખૂણામાં હોય છે, તે સમયે એક ચંદ્ર ઈશાનખૂણામાં અને બીજો ચંદ્ર નૈઋત્યખૂણામાં હોય છે. તે બંને ચંદ્ર અને બંને સૂર્ય વચ્ચેનું ક્ષેત્ર ચંદ્ર-સૂર્ય ક્ષેત્ર કહેવાય છે અને તેનો આકાર સમચોરસ છે.

**ચંદ્ર–સૂર્ય ક્ષેત્ર સંસ્થાન :–**




**તાપ–ક્ષેત્ર સંસ્થિતિ વિષયક સોળ પ્રતિપતિઓ :–**

**૪ ता कहं ते तावक्खेत्तसंठिई आहिएत्ति वएज्जा ? तत्थ खलु इमाओ**

**सोलस पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–**

**तत्थेगे एवमाहंसु–ता गेहसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–गेहावणसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–पासायसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–गोपुरसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–पेच्छाघरसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुणएवमाहंसु–वलभीसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–हम्मियतलसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–बालग्गपोइयासंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–जस्संठिए जंबूद्दीवे तस्संठिए तावक्खेत्तसंठिई पण्णत्ता।**

**एगे पुण एवमाहंसु–जस्संठिए भारहे वासे तस्संठिए तावक्खेत्तसंठिई पण्णत्ता।**

**एगे पुण एवमाहंसु–उज्जाणसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–णिज्जाणसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–एगओ णिसहसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–दुहओ णिसहसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–सेयणगसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**एगे पुण एवमाहंसु–सेयणगपट्ठसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** તાપક્ષેત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** તાપક્ષેત્રના વિષયમાં અન્યતીર્થિકોની સોળ પ્રતિપત્તિઓ છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર ગૃહ જેવો છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર ગૃહાપણ જેવો છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર પ્રાસાદ જેવો છે.

(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર ગોપુર–દરવાજા જેવો છે.

(૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર પ્રેક્ષાગૃહ જેવો છે.

(૬) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર વલભીગૃહ જેવો છે.

(૭) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર હર્મ્યતલ–હવેલીના ઉપરના ભાગ જેવો છે.

(૮) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર બાલાગ્રપોતિકા–લઘુ પ્રાસાદ જેવો છે.

(૯) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર જંબૂદ્વીપ જેવો છે.

(૧૦) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર ભરતક્ષેત્ર જેવો છે.

(૧૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર ઉદ્યાન જેવો છે.

(૧૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપ ક્ષેત્રનો આકાર નિર્યાણ (નગરમાંથી નીકળવાનો માર્ગ) જેવો છે.

(૧૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપક્ષેત્રનો આકાર એકતાનિષધ(એક બળદ જોતરેલા રથ) જેવો છે.

(૧૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપક્ષેત્રનો આકાર દ્વિવિધ નિષધ(બે બળદ જોતરેલા રથ) જેવો છે.

(૧૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપક્ષેત્રનો આકાર શ્વેનક(સીંચાનક–પક્ષી વિશેષ) જેવો છે.

(૧૬) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર-સૂર્યના તાપક્ષેત્રનો આકાર શ્વેનક પૃષ્ઠ(પીઠ) જેવો છે.

**૫ वयं पुण एवं वयामो– ता उड्ढीमुहकलंबुयापुप्फसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता–अंतो संकुया बाहिं वित्थडा, अंतो वट्टा बाहिं पिहुला, अंतो अंकमुहसंठिया बाहिं सत्थियमुहसंठिया ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે તાપક્ષેત્રનો આકાર ઊર્ધ્વમુખી(ઉપર મુખવાળા) કદંબપુષ્પ(ધતુરાના પુષ્પ) જેવો છે. તે તાપક્ષેત્ર અંદર(મેરુ તરફ) સંકુચિત અને બહાર(સમુદ્ર) તરફ પહોળું છે, અંદરની બાજુ ગોળ અને બહારની બાજુ પહોળું છે, અંદરની બાજુએ અંકમુખ જેવો આકાર અને બહારની બાજુએ સ્વસ્તિક મુખ જેવો આકાર છે.

**તાપક્ષેત્ર સંસ્થિતિની બે બાહાઓ :–**

**૬ उभओ पासेणं तीसे णं दुवे बाहाओ अवट्ठियाओ भवंति पणयालीसं–पणयालीसं जोयणसहस्साइं आयामेणं ।**

**ભાવાર્થ :–** તાપક્ષેત્રની બંને બાજુની બે બાહાઓ અવસ્થિત છે. આ બંને અવસ્થિત બાહાઓ ૪૫,૦૦૦-૪૫,૦૦૦ યોજન લાંબી છે. (આ લંબાઈ જંબૂદ્વીપની અપેક્ષાએ સમજવી. લવણ સમુદ્રમાં તાપક્ષેત્રની લંબાઈ સાધિક ૩૩,૩૩૩ $\frac{1}{3}$ યોજન છે. આ લંબાઈમાં હાનિ વૃદ્ધિ થતી નથી, તેથી તેને અવસ્થિત બાહા કહે છે.)

**૭ तीसे णं दुवे बाहाओ अणवट्ठिआओ भवंति, तं जहा– सव्वब्भंतरिया चेव बाहा । सव्वबाहिरिया चेव बाहा ।**

**ભાવાર્થ :–** તે તાપક્ષેત્રની બે બાહાઓ અનવસ્થિત છે, તે આ પ્રમાણે છે– (૧) સર્વાભ્યંતર બાહા મેરુ પર્વત તરફ અને (૨) સર્વ બાહ્ય બાહા સમુદ્ર તરફ છે.

**८ तत्थ को हेउ त्ति वएज्जा ? ता अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीव–समुद्दाणं सव्वब्भंतराए** *जाव* **परिक्खेवेणं पण्णत्ते । ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उड्ढीमुहुकलंबुयापुप्फसंठिया तावक्खेत्तसंठिई आहिएति वएज्जा, अंतो संकुया बाहिं वित्थडा, अंतो वट्टा बाहिं पिहुला, अंतो अंकमुहसंठिया बाहिं सत्थियमुहसंठिया, दुहओ पासेणं तीसे तहेव** *जाव* **सव्वबाहिरिया चेव बाहा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન**– તે બે બાહા અનવસ્થિત છે, તેનું શું કારણ છે ? **ઉત્તર**– સર્વ દ્વીપ-સમુદ્રની મધ્યમાં પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે જંબૂદ્વીપની ઉપર, મેરુ પર્વતની સમીપના સર્વાભ્યંતર મંડળ ઉપર જ્યારે સૂર્ય પરિભ્રમણ કરે છે ત્યારે તાપક્ષેત્ર(પ્રકાશિત ક્ષેત્ર)નું સંસ્થાન ઊર્ધ્વમુખી ધતૂરાના પુષ્પના આકાર જેવું હોય છે. તે તાપક્ષેત્ર અંદર(મેરુ તરફ) સંકુચિત અને બહાર(સમુદ્ર તરફ) વિસ્તૃત છે, અંદર ગોળ અને બહાર પહોળું છે, અંદર અંકમુખના આકારવાળું અને બહાર સ્વસ્તિકમુખના આકારવાળું છે. તે તાપક્ષેત્રની બંને બાજુએ બાહાઓ છે ***યાવત્*** સર્વબાહ્ય બાહા છે.(આ બાહાઓની પહોળાઈમાં વધ-ઘટ થાય છે, તેથી તેને અનવસ્થિત બાહા કહે છે.)

**९ तीसे णं सव्वब्भंतरिया बाहा मंदरपव्वयंतेणं णव जोयणसहस्साइं चत्तारि य छलसीए जोयणसए णव य दसभाए जोयणस्स परिक्खेवेणं आहिएति वएज्जा।**

**तासे णं परिक्खेवविसेसे कओ आहिएति वएज्जा ? ता जे णं मंदरस्स पव्वयस्स परिक्खेवे, तं परिक्खेवं तिहिं गुणेत्ता दसहिं छित्ता दसहिं भागे हीरमाणे, एस णं परिक्खेवविसेसे आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** પ્રત્યેક તાપક્ષેત્ર સંસ્થિતિની સર્વાભ્યંતર બાહા મંદર પર્વત સમીપે નવ હજાર ચારસો છ્યાસી યોજન અને એક યોજનના નવ દશમાંશ (૯,૪૮૬$\frac{૯}{૧૦}$) યોજનની પરિધિ ધરાવે છે.

**પ્રશ્ન**– સર્વાભ્યંતર બાહાની પરિધિનું આ પ્રમાણ કેવી રીતે પ્રાપ્ત થાય છે ? **ઉત્તર**– મંદર પર્વતની જે પરિધિ છે તેને ત્રણથી ગુણી, તે ગુણન ફળને ૧૦ થી ભાગતા જે સંખ્યા આવે તે તાપક્ષેત્રની સર્વાભ્યંતર પરિધિ જાણવી. (મેરુપર્વતની પરિધિ ૩૧,૬૨૩ × ૩ = ૯૪,૮૬૯ ÷ ૧૦ = ૯,૪૮૬$\frac{૯}{૧૦}$ યોજન તાપક્ષેત્રની મેરુપર્વતની સમીપની પરિધિ–પહોળાઈ છે.)

**१० तीसे णं सव्वबाहिरिया बाहा–लवणसमुद्दतेणं चउणउइं जोयणसहस्साइं अट्ठ य अट्ठसट्ठे जोयणसए चत्तारि य दसभागे जोयणस्स परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**ता से णं परिक्खेवविसेसे कओ आहिएति वएज्जा ? ता जे णं जंबुद्दीव दीवस्स परिक्खेवे, तं परिक्खेवं तिहिं गुणेत्ता दसहिं छेत्ता दसहिं भागे हीरमाणे, एसं णं परिक्खेव विसेसे, आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** પ્રત્યેક તાપક્ષેત્રની સર્વ બાહ્ય બાહાની પરિધિ અર્થાત્ બહારની પહોળાઈ લવણ સમુદ્ર

પાસે ચોરાણુ હજાર આઠસો અડસઠ યોજન અને એક યોજનના ચાર દશાંશ ૯૪,૮૬૮ $\frac{૪}{૧૦}$ યોજન છે.

**પ્રશ્ન–** તાપક્ષેત્રની સર્વ બાહ્ય બાહાની પરિધિનું પ્રમાણ કેવી રીતે પ્રાપ્ત થાય છે ? **ઉત્તર–** જંબૂદ્વીપની પરિધિ સાથે ત્રણનો ગુણાકાર કરીને, પ્રાપ્ત ગુણનફળને ૧૦ થી ભાગતા જે સંખ્યા પ્રાપ્ત થાય તે સર્વ બાહ્ય બાહાની પરિધિ સમજવી. જંબૂદ્વીપની પરિધિ ૩,૧૬,૨૨૮ યોજન × ૩ = ૯,૪૮,૬૮૪ ÷ ૧૦ = ૯૪,૮૬૮ $\frac{૪}{૧૦}$ યોજન પ્રાપ્ત થાય છે, તે સર્વ બાહ્ય બાહાની પરિધિ છે. (જંબૂદ્વીપ પરિધિના ૧૦ વિભાગમાંથી ત્રણ વિભાગ પ્રમાણ તાપક્ષેત્ર છે, તેથી ત્રણથી ગુણી, ૧૦ થી ભાગવાનું કથન છે.)

**તાપક્ષેત્રની લંબાઈ :–**

**११ ता से णं तावक्खेत्ते केवइयं आयामेणं आहिएति वएज्जा ? ता अट्ठत्तरिं जोयणसहस्साइं तिण्णि य तेत्तीसे जोयणसए जोयणतिभागे च आयामेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** (જ્યારે તાપક્ષેત્રની પૂર્વોક્ત પહોળાઈ હોય) ત્યારે તે તાપક્ષેત્રની લંબાઈ કેટલી હોય છે ? **ઉત્તર–** તે સમયે તાપક્ષેત્રની કુલ લંબાઈ ઈઠ્ઠોતેર હજાર, ત્રણસો તેત્રીસ યોજન અને એકતૃતીયાંશ યોજન(૭૮,૩૩૩ $\frac{૧}{૩}$ યોજન) પ્રમાણ હોય છે.

**અંધકાર ક્ષેત્ર સંસ્થિતિ :–**

**१२ तया णं किंसंठिया अंधकारसंठिई आहिएति वएज्जा ? ता उड्ढीमुहकलंबुया-पुप्फसंठिया तहेव** *जाव* **बाहिरिया चेव बाहा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અંધકાર ક્ષેત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** અંધકાર ક્ષેત્રનો આકાર ઊર્ધ્વમુખી ધતૂરાના ફૂલ જેવો છે વગેરે બાહા પર્યંતનું સર્વ કથન તાપક્ષેત્ર પ્રમાણે જાણવું.

**१३ तीसे णं सव्वब्भंतरिया बाहा मंदरपव्वयंतेणं छज्जोयणसहस्साइं तिण्णि य चउवीसे जोयणसए छच्च दसभागे जोयणस्स परिक्खेवेणं आहिए त्ति वएज्जा ।**

**ता तीसे णं परिक्खेवविसेसे कओ आहिए त्ति वएज्जा ? ता जे णं मंदरस्स पव्वयस्स परिक्खेवे णं तं परिक्खेवं दोहिं गुणेत्ता, दसहिं छित्ता दसहिं भागे हीरमाणे, एस णं परिक्खेव विसेसे आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** અંધકાર ક્ષેત્રની સર્વાભ્યંતર બાહાની મેરુ તરફની પરિધિ છ હજાર ત્રણસો ચોવીસ યોજન અને એક યોજનના છ દસમાંશ(૬,૩૨૪ $\frac{૬}{૧૦}$) યોજનની છે.

**પ્રશ્ન–** અંધકાર ક્ષેત્રની સર્વાભ્યંતર બાહાની પરિધિનું પ્રમાણ કેવી રીતે પ્રાપ્ત થાય છે ? **ઉત્તર–** મંદર પર્વતની પરિધિ સાથે બેનો ગુણાકાર કરી પ્રાપ્ત ગુણનફળને દસથી ભાગતા જે સંખ્યા પ્રાપ્ત થાય તે અંધકાર ક્ષેત્રની સર્વાભ્યંતર બાહાની પરિધિ સમજવી. (મેરુ પરિધિ ૩૧,૬૨૩ × ૨ = ૬૩,૨૪૬ ÷ ૧૦ = ૬,૩૨૪ $\frac{૬}{૧૦}$ યોજન) સર્વાભ્યંતર બાહાની પરિધિ છે.

**१४ तीसेणं सव्वबाहिरिया बाहा लवणसमुद्दंतेणं तेवट्ठिं जोयण सहस्साइं दोण्णि**

य पणयाले जोयण सए छच्च दसभाए जोयणस्स परिक्खेवेणं आहिएति वएज्जा ।

**ता से णं परिक्खेवविसेसे कओ आहिएति वएज्जा ? ता जे णं जंबुद्दीवस्स दीवस्स परिक्खेवे, तं परिक्खेवं दोहिं गुणेत्ता दसहिं छेत्ता दसहिं भागेहिं हीरमाणे, एस णं परिक्खेवविसेसे आहिएति वएज्जा ।**

**भावार्थ :–** તે અંધકાર ક્ષેત્રની સર્વ બાહ્ય બાહા-લવણ સમુદ્ર તરફની પરિધિ ૬૩,૨૪૫ $\frac{૬}{૧૦}$ યોજન છે.

**પ્રશ્ન–** અંધકાર ક્ષેત્રની સર્વબાહ્ય બાહાની પરિધિનું પ્રમાણ કેવી રીતે પ્રાપ્ત થાય છે? **ઉત્તર–** જંબૂદ્વીપની પરિધિ સાથે બેનો ગુણાકાર કરી, પ્રાપ્ત ગુણન ફળને ૧૦ થી ભાગતા, જે સંખ્યા પ્રાપ્ત થાય તે અંધકાર ક્ષેત્રની સર્વબાહ્ય બાહાની પરિધિ સમજવી. (જંબૂદ્વીપની પરિધિ ૩,૧૬,૨૨૮ × ૨ = ૬,૩૨,૪૫૬ ÷ ૧૦ = ૬૩,૨૪૫ $\frac{૬}{૧૦}$ યોજન) સર્વબાહ્ય બાહાની પરિધિ છે.

**१५ ता से णं अंधयारे केवइयं आयामेणं आहिएति वएज्जा ? ता अट्ठत्तरिं जोयणसहस्साइं तिण्णि य तेत्तीसे जोयणसए जोयणतिभागं च आयामेणं आहिएति वएज्जा, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसेणं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**भावार्थ :– પ્રશ્ન–** જ્યારે અંધકાર ક્ષેત્રની ઉપરોક્ત પહોળાઈ હોય ત્યારે તે અંધકાર ક્ષેત્રની લંબાઈ કેટલી હોય છે ? **ઉત્તર–** તે સમયે અંધકાર ક્ષેત્રની કુલ લંબાઈ ૭૮,૩૩૩ $\frac{૧}{૩}$ યોજનની હોય છે. ત્યારે સૌથી મોટો લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

**१६ ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं किंसंठिया तावखेत्तसंठिई आहिएति वएज्जा ? ता उड्ढीमुहकलंबुयापुप्फसंठिया तावक्खेत्तसंठिई आहिएति वएज्जा ।**

**एवं जं अब्भिंतरमंडले अंधयारसंठिईए पमाणं तं बाहिरमंडले तावक्खेत्तसंठिईए, जं तहिं तावक्खेत्तसंठिईए तं बाहिरमंडले अंधयारसंठिईए भाणियव्वं** *जाव* **तया णं उत्तमकट्ठपत्ता उक्कोसेणं अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णिए दुवालसमुहुत्ते दिवसे भवइ ।**

**भावार्थ :– પ્રશ્ન–** સૂર્ય જ્યારે સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે તાપક્ષેત્ર(પ્રકાશથી વ્યાપ્ત ક્ષેત્ર)નો આકાર કેવો હોય છે ? **ઉત્તર–** ત્યારે તાપ ક્ષેત્રનો આકાર ઊર્ધ્વમુખી ધતૂરાના પુષ્પ જેવો હોય છે.

સર્વબાહ્ય મંડળ ઉપર તાપક્ષેત્રનું જે પ્રમાણ, સંસ્થાન આદિ હોય, તે જ પ્રમાણાદિ સર્વાભ્યંતર મંડળ ઉપર અંધકાર ક્ષેત્રનું જાણવું અને સર્વાભ્યંતર મંડળ ઉપર તાપક્ષેત્રનું જે પ્રમાણાદિ હોય તે જ પ્રમાણાદિ સર્વબાહ્ય મંડળ ઉપર અંધકાર ક્ષેત્રનું જાણવું ***યાવત્*** સૂર્ય સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂર્યના તાપક્ષેત્ર(પ્રકાશ ક્ષેત્ર) અને અંધકાર ક્ષેત્રના આકાર તથા માપનું કથન છે.

**તાપ ક્ષેત્ર–અંધકાર ક્ષેત્ર :–** જેટલા આકાશ ખંડમાં, જેટલા ક્ષેત્રમાં પ્રકાશ ફેલાતો હોય, તે ક્ષેત્રને તાપ ક્ષેત્ર કહે છે. જે ક્ષેત્રમાં સૂર્યનો પ્રકાશ પહોંચતો ન હોય, તે ક્ષેત્રમાં પ્રકાશના અભાવમાં અંધકાર ફેલાય છે, તે ક્ષેત્રને અંધકાર ક્ષેત્ર કહે છે.

આ પ્રકાશ, અંધકાર ક્ષેત્રની જે વ્યવસ્થા છે, તેને સંસ્થિતિ કહે છે. **सूर्यातपव्याप्ताकाशखंडस्य संस्थिति व्यवस्था प्रज्ञप्ता ।** સૂર્યના આતપથી વ્યાપ્ત આકાશખંડ–વિભાગની વ્યવસ્થાને સંસ્થિતિ કહે છે. તાપક્ષેત્રને પ્રકાશક્ષેત્ર કે આતાપક્ષેત્ર પણ કહેવામાં આવે છે. આ ત્રણે ય શબ્દો એકાર્થક છે.

**પ્રકાશ-અંધકાર ક્ષેત્ર સંસ્થિતિ(સંસ્થાન) :–** આ બંને ક્ષેત્રનો આકાર બેટરીમાંથી ફેલાતા પ્રકાશની જેમ પ્રારંભમાં સાંકડો અને આગળ જતાં ક્રમશઃ પહોળો થતો જાય છે. પ્રકાશ-અંધકાર ક્ષેત્રના આકારની સ્પષ્ટતા માટે સૂત્રકારે નિમ્નોક્ત ઉપમાઓ આપી છે.


(૧) **उड्डीमुहकलंबुयपुप्फ संठिया**– ઊર્ધ્વમુખી–ઉપર તરફ મુખ હોય તેવા ધતૂરા કે તાલ પુષ્પની જેવો પ્રકાશ ક્ષેત્રનો આકાર છે. ધતૂરાનું પુષ્પ મૂળ ભાગમાં સાંકડું હોય છે અને અગ્રભાગમાં પહોળું હોય છે.

(૨) **अंकमुह संठिया**– અંક એટલે ખોળો. પલાંઠીવાળીને કે પદ્માસને બેઠેલા પુરુષના ખોળાનો મૂળ–અગ્ર ભાગ અર્થાત્ પેટ તરફનો ભાગ અર્ધ વલયાકાર હોય છે, તેમ પ્રકાશ-અંધકાર ક્ષેત્રનો અંદરનો મેરુ પર્વતની સમીપનો ભાગ અર્ધ ગોળાકાર હોય છે અને બહારની બાજુએ તે વિસ્તૃત થતો જાય છે.

(૩) **सत्थियमुहसंठिया**– સ્વસ્તિક(સાથિયા)નો મૂળ ભાગ. સાથિયામાં કેન્દ્રિય ચારે ખૂણા અંદર સંકીર્ણ અને બહારની બાજુ વિસ્તૃત છે, તેમ પ્રકાશ ક્ષેત્ર પણ અંદર સંકીર્ણ બહાર વિસ્તૃત છે. શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં **सत्थियमुंह** ના સ્થાને **सगडुद्धीमुहसंठिया** પાઠ જોવા મળે છે. શકટ એટલે ગાડું, ઊર્ધ્વ મુખ એટલે ઉપર ઉઠેલી ઘરાનો અગ્રભાગ. ગાડાના ધૂંસરની જેમ અંદરનો ભાગ સંકીર્ણ અને બહારનો ભાગ વિસ્તૃત છે.

ગાડાની ધૂંસર અને ધતુરાનું પુષ્પ અંદરની તરફ સાંકડું છે પણ અર્ધ ગોળાકાર નથી. જ્યારે પ્રકાશ ક્ષેત્ર અને અંધકાર ક્ષેત્ર અંદરની બાજુ અર્ધગોળાકાર છે. તે અર્ધગોળાકાર આકાર બતાવવા અંકમુખની ઉપમા આપી છે.

**પ્રકાશ-અંધકાર ક્ષેત્રનો આકાર, ઉપમાઓ :–**




**बाहाओ :–** સૂત્રકારે **बाहाओ अवट्ठियाओ** – અવસ્થિત બાહા શબ્દ દ્વારા તાપક્ષેત્રની લંબાઈનું સૂચન કર્યું છે. તે તાપક્ષેત્રની બંને બાજુની લંબાઈનું બે બાહારૂપે કથન કર્યું છે. **बाहाओ अणवट्ठियाओ**

અનવસ્થિત બાહા શબ્દ દ્વારા સૂત્રકારે તાપ ક્ષેત્રની પહોળાઈનું સૂચન કર્યું છે. તે મેરુ પર્વત સમીપની તાપક્ષેત્રની પહોળાઈ અને જંબૂદ્વીપાંતે તાપક્ષેત્રની પહોળાઈનું બે બાહા રૂપે કથન કર્યું છે.

**તાપ-અંધકાર ક્ષેત્ર પ્રમાણ :–** જંબૂદ્વીપના બંને સૂર્યોનો પ્રકાશ મેરુ પર્વતથી લઈને લવણ સમુદ્રમાં ૩૩,૩૩૩ ૧/૩ યોજન પર્યંતના ક્ષેત્રને પ્રકાશિત કરે છે. સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે જંબૂદ્વીપના ૬/૧૦ ભાગને દીપ્ત(તીવ્ર રૂપે પ્રકાશિત કરે છે અને સર્વ બાહ્ય મંડળ પર પરિભ્રમણ કરતા હોય ત્યારે ૪/૧૦ ભાગને મંદરૂપે પ્રકાશિત કરે છે.

**તાપ-અંધકાર ક્ષેત્ર વિભાગ કલ્પના :–** સૂર્યનો પ્રકાશ જંબૂદ્વીપ અને લવણસમુદ્રમાં ફેલાય છે. તેના તાપ-અંધકાર યોગ્ય ક્ષેત્રના ૧૦ વિભાગની કલ્પના કરી છે. સૂર્ય સર્વાભ્યંતર મંડળ પર હોય અને ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે દશ વિભાગમાંથી સામસામી દિશાના ત્રણ-ત્રણ, કુલ છ વિભાગને પ્રકાશિત કરે છે અને શેષ બે-બે, એમ કુલ ચાર વિભાગમાં અંધકાર હોય છે.

સૂર્ય સર્વબાહ્ય મંડળ પર હોય અને ૧૨ મુહૂર્તનો દિવસ હોય ત્યારે બે-બે વિભાગને પ્રકાશિત કરે છે અને શેષ ત્રણ-ત્રણ વિભાગમાં, એમ કુલ છ વિભાગમાં અંધકાર હોય છે. ત્રીજા પ્રાભૃતમાં સૂર્ય જંબૂદ્વીપના કેટલા ભાગમાં પ્રકાશ કરે છે ? તે દર્શાવવા સૂત્રકારે જંબૂદ્વીપના પાંચ વિભાગ કરવાનું સૂચન કર્યુ છે અને પ્રસ્તુતમાં પ્રકાશક્ષેત્રના દસ વિભાગ કરવાનું સૂચન છે, તેમાં કથન ભેદ માત્ર છે. પરમાર્થતઃ કોઈ તફાવત નથી.

**તાપ-અંધકાર ક્ષેત્રની લંબાઈ :–** પ્રત્યેક તાપ કે અંધકાર ક્ષેત્ર મેરુ પર્વતના અંતભાગથી શરૂ થઈ લવણ સમુદ્રમાં પૂર્ણતાને પામે છે. જંબૂદ્વીપમાં મેરુથી જંબૂદ્વીપના અંત સુધીની ૪૫,૦૦૦ યોજનની તેની લંબાઈ છે અને લવણ સમુદ્રમાં તેની પહોળાઈના છટ્ઠા ભાગ પર્યંત અર્થાત્ ૨,૦૦,૦૦૦ યોજનનો લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ ÷ ૬ (છટ્ઠા ભાગ સુધી પ્રકાશ પહોંચે છે તે) = ૩૩,૩૩૩ ૧/૩ યોજનની લંબાઈ છે. આ રીતે ૪૫,૦૦૦ + ૩૩,૩૩૩ ૧/૩ = ૭૮,૩૩૩ ૧/૩ યોજનની કુલ લંબાઈ છે.

કોઈપણ મંડળ પર પરિભ્રમણ કરતાં બંને સૂર્યના તાપ કે અંધકાર ક્ષેત્રની લંબાઈ હંમેશાં અવસ્થિત-એક સરખી રહે છે. બંને બાજુની આ અવસ્થિત લંબાઈને સૂત્રકારે બે અવસ્થિત બાહા કહેલ છે.

**તાપ-અંધકાર ક્ષેત્ર પહોળાઈ :–** તાપ કે અંધકાર ક્ષેત્રની પહોળાઈ પરિધિના ૩/૧૦ કે ૨/૧૦ પ્રમાણ હોય છે. સૂર્યનું પ્રકાશ તથા અંધકાર ક્ષેત્ર અંદરની બાજુએ મેરુપર્વત તરફ સાંકડુ છે અને બહારની બાજુએ લવણ સમુદ્ર તરફ પહોળું છે, તેથી તેની પહોળાઈ એક સરખી નથી, તે ઉપરાંત ઉત્તરાયણમાં પ્રકાશક્ષેત્ર વૃદ્ધિ પામે છે અને અંધકાર ક્ષેત્ર હાનિ પામે છે; દક્ષિણાયનમાં અંધકાર ક્ષેત્ર વૃદ્ધિ પામે છે અને પ્રકાશક્ષેત્ર હાનિ પામે છે, તેથી ઉત્તરાયણ-દક્ષિણાયનમાં પ્રકાશ તથા અંધકાર ક્ષેત્રની પહોળાઈ ભિન્ન-ભિન્ન હોય છે.

સૂત્રકારે સૂત્રમાં મેરુ પર્વત સમીપે અને જંબૂદ્વીપના અંતભાગ સમીપે, એમ બે સ્થાનની પહોળાઈને બે અનવસ્થિત બાહારૂપે દર્શાવી છે. સર્વાભ્યંતર મંડળ કે સર્વબાહ્ય મંડળ સ્થાને તાપક્ષેત્રની પહોળાઈનું કથન કર્યું નથી, તેમાં વિવક્ષા ભેદ સિવાય અન્ય કોઈ કારણ નથી.

**તાપ અંધકાર ક્ષેત્રની પહોળાઈનું પ્રમાણ જાણવાની પદ્ધતિ :–** સૂર્ય ઉત્તરાયણમાં પ્રત્યેક મંડળે ૩/૧૦ ક્ષેત્રને પ્રકાશિત કરે છે અને ૨/૧૦ ક્ષેત્રમાં અંધકાર હોય છે. સૂર્ય ઉત્તરાયણના અંતિમ દિવસે સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે ઉત્કૃષ્ટ ૩/૧૦ ક્ષેત્રને પ્રકાશિત કરે છે. દક્ષિણાયનમાં સૂર્ય પ્રત્યેક મંડળે ૨/૧૦ ક્ષેત્રને પ્રકાશિત કરે છે અને ૩/૧૦ ક્ષેત્રમાં અંધકાર હોય છે. દક્ષિણાયનના અંતિમ દિવસે સૂર્ય સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે ઉત્કૃષ્ટ ૨/૧૦ ક્ષેત્રને પ્રકાશિત કરે છે.

તાપ તથા અંધકાર ક્ષેત્રમાં જે સ્થાનની પહોળાઈ જાણવી હોય તે સ્થાનની પરિધિને ત્રણ અથવા બે થી ગુણીને દસથી ભાગ આપતા જે સંખ્યા પ્રાપ્ત થાય, તે તે સ્થાનગત પ્રકાશ તથા અંધકાર ક્ષેત્રની પહોળાઈ જાણવી.

અહીં આપણે ચાર સ્થાનગત પ્રકાશ–અંધકાર ક્ષેત્રની પહોળાઈનો વિચાર કર્યો છે, યથા–

સર્વાભ્યંતર મંડળ ઉપરના પરિભ્રમણ સમયે–

(૧) મેરુપર્વતની પરિધિ–

૩૧,૬૨૩ યોજન × ૩ = ૯૪,૮૬૯ ÷ ૧૦ = ૯,૪૮૬ $\frac{૯}{૧૦}$ યોજન તાપક્ષેત્રની પહોળાઈ.

૩૧,૬૨૩ યોજન × ૨ = ૬૩,૨૪૬ ÷ ૧૦ = ૬,૩૨૪ $\frac{૬}{૧૦}$ યોજન અંધકાર ક્ષેત્રની પહોળાઈ.

(૨) પ્રથમ મંડળ સ્થાને પરિધિ–

૩,૧૫,૦૮૯ યોજન × ૩ = ૯,૪૫,૨૬૭ ÷ ૧૦ = ૯૪,૫૨૬ $\frac{૭}{૧૦}$ યોજન તાપક્ષેત્રની પહોળાઈ.

૩,૧૫,૦૮૯ યોજન × ૨ = ૬,૩૦,૧૭૮ ÷ ૧૦ = ૬૩,૦૧૭ $\frac{૮}{૧૦}$ યોજન અંધકારક્ષેત્રની પહોળાઈ.

(૩) જંબૂદ્વીપાંતે પરિધિ–

૩,૧૬,૨૨૮ યોજન × ૩ = ૯,૪૮,૬૮૪ ÷ ૧૦ = ૯૪,૮૬૮ $\frac{૪}{૧૦}$ યોજન તાપક્ષેત્રની પહોળાઈ.

૩,૧૬,૨૨૮ યોજન × ૨ = ૬,૩૨,૪૫૬ ÷ ૧૦ = ૬૩,૨૪૫ $\frac{૬}{૧૦}$ યોજન અંધકાર ક્ષેત્રની પહોળાઈ.

(૪) અંતિમ મંડળ સ્થાને પરિધિ–

૩,૧૮,૩૧૫ યોજન × ૩ = ૯,૫૪,૯૪૫ ÷ ૧૦ = ૯૫,૪૯૪ $\frac{૫}{૧૦}$ યોજન તાપક્ષેત્ર પહોળાઈ.

૩,૧૮,૩૧૫ યોજન × ૨ = ૬,૩૬,૬૩૦ ÷ ૧૦ = ૬૩,૬૬૩ યોજન અંધકાર ક્ષેત્રની પહોળાઈ.

**તાપ-અંધકારક્ષેત્રની પહોળાઈ :–**

| **સર્વાભ્યંતર મંડળના ભ્રમણ સમયે** | **મેરુ સમીપે** | **પ્રથમ મંડળે** | **જંબૂદ્વીપાંતે** | **અંતિમ મંડળે** | **સર્વબાહ્ય મંડળના ભ્રમણ સમયે** |
|---|---|---|---|---|---|
| તાપક્ષેત્રની પહોળાઈ | ૯,૪૮૬ $\frac{૯}{૧૦}$ યોજન | ૯૪,૫૨૬ $\frac{૭}{૧૦}$ યોજન | ૯૪,૮૬૮ $\frac{૪}{૧૦}$ યોજન | ૯૫,૪૯૪ $\frac{૫}{૧૦}$ યોજન | અંધકારક્ષેત્રની પહોળાઈ |
| અંધકારક્ષેત્રની પહોળાઈ | ૬,૩૨૪ $\frac{૬}{૧૦}$ યોજન | ૬૩,૦૧૭ $\frac{૮}{૧૦}$ યોજન | ૬૩,૨૪૫ $\frac{૬}{૧૦}$ યોજન | ૬૩,૬૬૩ યોજન | તાપક્ષેત્રની પહોળાઈ |

સૂત્રકારે તાપ–અંધકાર ક્ષેત્રની મેરુ પાસેની પહોળાઈને સર્વાભ્યંતર બાહા અને લવણ સમુદ્ર પાસેની પહોળાઈને સર્વ બાહ્ય બાહા કહી છે. આ બંને પ્રકારની પહોળાઈ અનવસ્થિત-અનિશ્ચિત છે. દક્ષિણાયનમાં તાપક્ષેત્રની પહોળાઈ ઘટે અને અંધકાર ક્ષેત્રની પહોળાઈ વધે છે. ઉત્તરાયણમાં તાપક્ષેત્રની પહોળાઈ વધે છે અને અંધકાર ક્ષેત્ર ઘટે છે.

### ઊર્ધ્વાદિ દિશામાં સૂર્યના પ્રકાશ ક્ષેત્રનું પ્રમાણ :–

**૧૭ ता जंबुद्दीवे दीवे सूरिया केवइयं खेत्तं उड्ढं तवंति ? केवइयं खेत्तं अहे तवंति ? केवइयं खेत्तं तिरियं तवंति ?**

**ता जंबूद्दीवे णं दीवे सूरिया एगं जोयणासयं उड्ढं तवंति । अट्ठारस जोयणसयाइं अहे तवंति सीयालीसं जोयणसहस्साइं दुण्णि य तेवट्ठे जोयणसए एगवीसं च सट्ठिभाए जोयणस्स तिरियं तवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં બંને સૂર્ય ઊર્ધ્વ, અધો, તીરછી દિશામાં કેટલા ક્ષેત્રને તપ્ત કરે છે, તેજથી વ્યાપ્ત કરે છે.

**ઉત્તર–** ઊર્ધ્વભાગમાં ૧૦૦ યોજન ક્ષેત્રને, અધોભાગમાં ૧,૮૦૦ યોજન ક્ષેત્રને અને તિર્યગ્ ભાગમાં સૂડતાળીસ હજાર બસો ત્રેસઠ પૂર્ણાંક એકવીસ સાઠાંશ(૪૭,૨૬૩ $\frac{૨૧}{૬૦}$ યોજન) યોજન ક્ષેત્રને પોતાના તેજથી તપાવે છે, વ્યાપ્ત કરે છે.

**વિવેચન :–**


પ્રસ્તુતમાં ઊર્ધ્વાદિ દિશાઓમાં સૂર્ય કેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે, તેનું કથન છે.


**ઊર્ધ્વ દિશામાં સૂર્ય પ્રકાશ :–** બંને સૂર્યનો પ્રકાશ ઊંચે ૧૦૦ યોજન સુધી પહોંચે છે. તેઓ પોતાના વિમાનથી ઊંચે તેટલા ક્ષેત્રને તપાવે છે-પ્રકાશિત કરે છે.

**અધો દિશામાં સૂર્ય પ્રકાશ :–** બંને સૂર્યોથી ૮૦૦ યોજન નીચે સમપૃથ્વીતલ છે અને ત્યાંથી ૧,૦૦૦ યોજન નીચાણમાં સલિલાવતી અને વપ્રા નામની પશ્ચિમ મહાવિદેહક્ષેત્રની ચોવીસમી અને પચ્ચીસમી વિજય સુધી સૂર્યનો પ્રકાશ પ્રસરે છે માટે ૮૦૦ + ૧,૦૦૦ = ૧,૮૦૦ યોજન અધોક્ષેત્રને તપાવે છે.

**તિરછી દિશામાં સૂર્ય પ્રકાશ :–** તિર્યગ્ દિશામાં ૪૭,૨૬૩ $\frac{૨૧}{૬૦}$ યોજન ક્ષેત્રને પ્રકાશિત કરે છે. આ કથન દષ્ટિપથની અપેક્ષાએ છે તથા સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર હોય તે અપેક્ષાથી છે. સૂર્ય સર્વ બાહ્ય મંડળ ઉપર હોય ત્યારે ૩૧, ૮૩૧ $\frac{૧}{૨}$ યોજન સુધી તેનો પ્રકાશ ફેલાય છે.

**સૂર્યના પ્રકાશ-અંધકાર ક્ષેત્રની બાહાઓનું પ્રમાણ :–**






## ॥ ચોથું પ્રાભૃત સંપૂર્ણ ॥

# પાંચમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત પાંચમા પ્રાભૃતમાં સૂર્યની લેશ્યા(પ્રકાશ)ના પ્રતિઘાત(**कहिं पडिहया लेसा ?** – ૧/૧/૩) વિષયક વર્ણન છે.

સૂર્યનો પ્રકાશ જંબૂદ્વીપ આદિ ક્ષેત્ર ઉપર ફેલાય ત્યારે મેરુપર્વતાદિ અનેક પદાર્થો સૂર્યપ્રકાશના અવરોધક બને છે. તેના અવરોધક પરિબળો નિમ્નોક્ત છે.

(૧) સૂર્યના પ્રકાશક્ષેત્રની મર્યાદામાં જ તે પ્રકાશ ફેલાય છે. પ્રકાશ ક્ષેત્રની સીમા અવરોધક બને છે અને તે સીમા(મર્યાદા)ની બહાર પ્રકાશ ફેલાતો નથી.

(૨) સૂર્યના પ્રકાશક્ષેત્રની સીમાની અંદર પણ પર્વતાદિ સૂર્યપ્રકાશને રોકે છે. પર્વતાદિમાં પ્રકાશ પ્રવેશી શકતો નથી. જે-જે પદાર્થનો પડછાયો પડે છે, તે પ્રકાશના અવરોધક છે.

(૩) પર્વત વગેરેની બખોલ, ગુફા, છિદ્ર વગેરે દ્વારા સૂર્યપ્રકાશ અંદર પ્રવેશે છે પરંતુ તેની અંદરની દિવાલ આદિ પુદ્ગલો પ્રકાશના અવરોધક બને છે.

❖❖❖❖❖

# પાંચમું પ્રાભૃત

## લેશ્યા પ્રતિઘાત

**સૂર્ય પ્રકાશ અવરોધક વિષયક વીસ પ્રતિપતિઓ :–**

**१** ता कस्सिं णं सूरियस्स लेस्सा पडिहया आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ वीसं पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–

तत्थेगे एवमाहंसु–ता मंदरंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहिएति वएज्जा, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता मेरुंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहिएति वएज्जा, एगे एवमाहंसु ।

एवं एएणं अभिलावेणं भाणियव्वं ता मणोरमंसि णं पव्वयंसि, ता सुदंसणंसि णं पव्वयंसि, ता सयंपभंसि णं पव्वयंसि, ता गिरिरायंसि णं पव्वयंसि, ता रयणुच्चयंसि णं पव्वयंसि, ता सिलुच्चयंसि णं पव्वयंसि, ता लोयमज्झंसि णं पव्वयंसि, ता लोगणाभिंसि णं पव्वयंसि, ता अच्छंसि णं पव्वयंसि, ता सूरियावत्तंसि णं पव्वयंसि, ता सूरियावरणंसि णं पव्वयंसि, ता उत्तमंसि णं पव्वयंसि, ता दिसादिंसि णं पव्वयंसि, ता अवयंसंसि णं पव्वयंसि, ता धरणिखीलंसि णं पव्वयंसि, ता धरणिसिंगंसि णं पव्वयंसि, ता पव्वइंदंसि णं पव्वयंसि, ता पव्वयरायंसि णं पव्वयंसि, सूरियस्स लेस्सा पडिहया अहिएति वएज्जा, एगे एवमाहंसु ।

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્ય લેશ્યા–સૂર્યનો પ્રકાશ કોનાથી પ્રતિઘાત પામે છે અર્થાત્ અવરોધ પામે છે ? **ઉત્તર–** સૂર્યપ્રકાશના અવરોધના વિષયમાં અન્યતીર્થિકોની ૨૦ પ્રતિપત્તિઓ કહી છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્યનો પ્રકાશ મંદર પર્વતથી અવરોધ પામે છે. (૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્યનો પ્રકાશ મેરુપર્વતથી અવરોધ પામે છે.

આ રીતે આ જ અભિલાપ(પાઠ)થી કહેવું કે સૂર્યનો પ્રકાશ (૩) મનોરમ પર્વતથી (૪) સુદર્શન પર્વતથી (૫) સ્વયંપ્રભ પર્વતથી (૬) ગિરિરાજ પર્વતથી (૭) રત્નોચ્ચય પર્વતથી (૮) શિલોચ્ચય પર્વતથી (૯) લોકમધ્ય પર્વતથી (૧૦) લોકનાભિ પર્વતથી (૧૧) અચ્છ પર્વતથી (૧૨) સૂર્યાવર્ત પર્વતથી (૧૩) સૂર્યાવરણ પર્વતથી (૧૪) ઉત્તમ પર્વતથી (૧૫) દિશાદિ પર્વતથી (૧૬) અવતંસ પર્વતથી (૧૭) ધરણીકીલ પર્વતથી (૧૮) ધરણીશ્રૃંગ પર્વતથી (૧૯) પર્વતેન્દ્ર પર્વતથી અને (૨૦) પર્વતરાજ પર્વતથી(સૂર્યનો પ્રકાશ) અવરોધ પામે છે.

**લેશ્યા(પ્રકાશ) પ્રતિઘાત :–**

**२ वयं पुण एवं वयामो– जंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया से ता मंदरे पवुच्चइ** *जाव* **पव्वयराया वि पवुच्चइ, ता जे णं पोग्गला सूरियस्स लेस्सं फुसंति, ते णं पोग्गला सूरियस्स लेस्सं पडिहणंति, अदिट्ठा वि णं पोग्गला सूरियस्स लेस्सं पडिहणंति, चरिमलेस्संतरगया वि पोग्गला सूरियस्स लेस्सं पडिहणंति ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે સૂર્યનો પ્રકાશ મંદર યાવત્ પર્વતરાજ પર્વતથી અવરોધ પામે છે.

જે પુદ્ગલો સૂર્ય પ્રકાશનો સ્પર્શ કરે છે, તે પુદ્ગલો જ તેનો ઘાત કરે છે (અવરોધ કરે છે). અદષ્ટ પુદ્ગલો સૂર્ય પ્રકાશનો અવરોધ કરે છે અને ચરમ લેશ્યા (પ્રકાશ)ને વિશેષરૂપે સ્પર્શ કરનારા પુદ્ગલોથી સૂર્ય પ્રકાશ પ્રતિહત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂર્યપ્રકાશને અટકાવતા, અવરોધતા(રોકતા) પરિબળોનો નિર્દેશ છે.

**सूरियलेस्सा**– સૂર્ય લેશ્યા, સૂર્ય પ્રકાશ અને સૂર્ય તાપ. પૂર્વના ચોથા પ્રાભૃતમાં પ્રકાશ ક્ષેત્રના પ્રમાણનું કથન છે. તે પ્રમાણવાળા પ્રકાશક્ષેત્રની મર્યાદામાં સર્વત્ર સૂર્યનો પ્રકાશ ફેલાય છે, તે ક્ષેત્રની બહાર સૂર્યનો પ્રકાશ જતો નથી.

આ પ્રકાશ ક્ષેત્રની અંદરની બાજુએ મેરુ પર્વત સુધી, બંને બાજુએ અવસ્થિત બાહા સુધી અને બહારની બાજુએ લવણ સમુદ્રમાં તેની(પ્રકાશ ક્ષેત્રની) સીમા પર્યંત સર્વત્ર પ્રકાશ ફેલાય છે, પરંતુ તેમાં પર્વતાદિ સઘન પદાર્થો દ્વારા સૂર્ય પ્રકાશ અવરોધ પામે છે અને જે પદાર્થનો પડછાયો પડે તેટલા ક્ષેત્રમાં પ્રકાશના અભાવે અંધકાર થાય છે.

મેરુ પર્વતાદિ દ્વારા સૂર્ય પ્રકાશ અવરોધ પામે છે, તેવા સામાન્ય કથન પછી સૂત્રકારે તે જ પરિબળોને ત્રણ રીતે વધુ સ્પષ્ટ કર્યા છે.

(૧) **जे णं पोग्गलो सूरियस्स लेस्सं फुसंति...** પ્રકાશ ક્ષેત્રમાં રહેલા જે પુદ્ગલો(પદાર્થો) સૂર્ય લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્ગલો જ તેનો (પ્રકાશનો) પ્રતિઘાત કરે છે. પ્રકાશ ક્ષેત્રની અંદરની બાજુ મેરુ પર્વત છે. આ મેરુ પર્વતથી સૂર્ય પ્રકાશ અવરોધ પામે છે. પ્રસ્તુતમાં **पोग्गला** થી મેરુપર્વતાદિ વિહિત છે.

(૨) **अदिट्ठा वि णं पोग्गला...** જે પદાર્થો પ્રકાશને અવરોધે છે તે પદાર્થાદિમાં છિદ્રાદિ દ્વારા સૂર્ય પ્રકાશ અંદર પ્રવેશે છે. મેરુ પર્વત વગેરેના છિદ્ર, વિવર, બખોલ, ગુફા આદિમાં પ્રકાશ પ્રવેશે છે પરંતુ અંદર છિદ્રાદિની દિવાલના પુદ્ગલો સૂર્ય લેશ્યાને અવરોધે છે. આ છદ્રિાદિની અંદરના પુદ્ગલો દેખાતા ન હોવાથી સૂત્રકારે તેને અદષ્ટ પુદ્ગલ કહ્યા છે.

(૩) **चरमलेस्संतरगया वि पोग्गला...** ચરમ લેશ્યાની અંતરગત પુદ્ગલો પ્રકાશનો પ્રતિઘાત કરે છે. પ્રકાશ ક્ષેત્રની બંને પાર્શ્વ–બાજુમાં અને બહાર લવણ સમુદ્રમાં જ્યાં તેનો અંત થાય છે, તે સીમા ક્ષેત્રમાં રહેલા પુદ્ગલો પ્રકાશનો પ્રતિઘાત કરે છે, તેથી સૂર્ય પ્રકાશ સીમાંતે પ્રતિહત થાય છે, અવરોધ પામે છે.

પ્રસ્તુત પ્રાભૃતમાં અન્યતીર્થિકોની ૨૦ પ્રતિપત્તિઓનું કથન છે. તે સર્વનો અભિપ્રાય એક સરખો

છે. પ્રારંભની સોળ પ્રતિપત્તિમાં મેરુપર્વતના જ સોળ નામનો ઉલ્લેખ છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં મેરુપર્વતના ગુણ નિષ્પન્ન સોળ નામનો ઉલ્લેખ છે.

**मंदर मेरु मणोरम, सुदंसण सयंपभे य गिरिराया ।**
**रयणोच्चयए सिलोच्चए, लोगस्सणाभी य ॥१॥**

**अच्छे य सूरियावत्ते, सूरियावरणे ति य,**
**उत्तमे य दिसादी य, वडेंसए य सोलसे ॥२॥**

**(૧) મંદર**– પલ્યોપમની સ્થિતિવાળા મંદર નામના દેવનો ત્યાં આવાસ હોવાથી મંદર, **(૨) મેરુ**– સકળ તિર્યકલોકના મધ્યભાગની મર્યાદા કરતો હોવાથી મેરુ, **(૩) મનોરમ**– પોતાના સુંદર આકારથી દેવોના મનને આનંદ આપતો હોવાથી મનોરમ, **(૪) સુદર્શન**– સુવર્ણ નિર્મિત, વજરત્નાદિથી ખચિત હોવાથી સુંદર અને દર્શનીય હોવાથી સુદર્શન, **(૫) સ્વયંપ્રભા**– સૂર્યકાંત, ચંદ્રકાંત, સ્ફટિકાદિ રત્નોથી સ્વયં પ્રકાશિત હોવાથી સ્વયંપ્રભા, **(૬) ગિરિરાજ**– સર્વ પર્વતોમાં ઊંચો હોવાથી, તીર્થંકરોના જન્માભિષેક થતાં હોવાથી તથા સર્વ પર્વતોમાં રાજા તુલ્ય હોવાથી ગિરિરાજ, **(૭) રત્નોચ્ચય**– વિવિધ પ્રકારના રત્નોનો સંચય હોવાથી રત્નોચ્ચય, **(૮) શિલોચ્ચય**– પાંડુકબલા આદિ શિલાઓ પર્વતના શિખર ભાગ ઉપર હોવાથી શિલોચ્ચય, **(૯) લોક મધ્ય**– તિર્યક લોકની મધ્યમાં સ્થિત હોવાથી લોકમધ્ય, **(૧૦) લોકનાભિ**– તિર્યકલોકની મધ્યમાં ચંદ્રની જેમ ગોળ અને ઉન્નત હોવાથી લોકનાભિ, **(૧૧) અચ્છ**– નિર્મળ રત્નોથી નિર્મિત અને અતિ સ્વચ્છ હોવાથી અચ્છ, **(૧૨) સૂર્યાવર્ત**– સૂર્ય, ચંદ્ર, ગ્રહાદિ પ્રદક્ષિણા રૂપે ભ્રમણ કરતાં હોવાથી સૂર્યાવર્ત, **(૧૩) સૂર્યાવરણ**– સૂર્ય પ્રકાશને અવરોધતો હોવાથી સૂર્યાવરણ, **(૧૪) ઉત્તમ**– સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ હોવાથી ઉત્તમ, **(૧૫) દિશાદિ**– દિશા-વિદિશાના ઉત્પત્તિ સ્થાનરૂપ હોવાથી (મેરુપર્વતની મધ્યગત આઠ રુચક પ્રદેશથી દિશા-વિદિશાનો પ્રારંભ થાય છે.) **(૧૬) અવતંસક**– મસ્તકના આભૂષણ તુલ્ય હોવાથી અવતંસક તરીકે પ્રસિદ્ધ છે.

અન્યતીર્થિકો દ્વારા પ્રયુક્ત અન્ય ચાર નામ પણ મેરુ પર્વતનું જ સૂચન કરે છે.

**(૧૭) ધરણીકીલ**– ધરણી–પૃથ્વીની મધ્યમાં કીલક–દંડ તુલ્ય હોવાથી ધરણીકીલ, **(૧૮) ધરણી શૃંગ**– પૃથ્વીના શિખર તુલ્ય હોવાથી ધરણીશ્રૃંગ, **(૧૯) પર્વતેન્દ્ર**– પર્વતોમાં ઈન્દ્ર તુલ્ય હોવાથી પર્વતેન્દ્ર, **(૨૦) પર્વતરાજ**– પર્વતોમાં રાજા તુલ્ય હોવાથી પર્વતરાજના નામે ઓળખાય છે.

**॥ પાંચમું પ્રાભૃત સંપૂર્ણ ॥**

# છઠ્ઠું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત છઠ્ઠા પ્રાભૃતમાં ઓજ(પ્રકાશ) ક્ષેત્રના સંસ્થિતિ–સંસ્થાનમાં (**कहं ते ओयसंठिई ? १/१/३**) પ્રતિમંડળે જે ફેરફાર થાય છે, તેનું વર્ણન છે.

સૂર્ય ૩૦ મુહૂર્ત(૨૪ કલાક કે એક અહોરાત્ર) પર્યંત એક મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય એક મંડળ ઉપર પરિભ્રમણ કરે ત્યારે ૩૦ મુહૂર્ત પર્યંત પ્રકાશ ક્ષેત્રનું સંસ્થાન અવસ્થિત રહે છે અર્થાત્ એક સમાન રહે છે.

સૂર્ય બીજા મંડળ ઉપર જાય ત્યારે દક્ષિણાયનમાં પ્રકાશક્ષેત્રનું સંસ્થાન ઘટે છે અને અંધકાર ક્ષેત્રનું સંસ્થાન વૃદ્ધિ પામે છે. ઉત્તરાયણમાં સૂર્ય એક મંડળથી બીજા મંડળ ઉપર જાય ત્યારે પ્રકાશક્ષેત્રનું સંસ્થાન વૃદ્ધિ પામે છે અને અંધકારક્ષેત્રનું સંસ્થાન હાનિ પામે છે.

પ્રત્યેક મંડળના દસ-દસ ભાગ કરવામાં આવે તો પ્રત્યેક મંડળે દસ ભાગમાંથી એક ભાગની હાનિ-વૃદ્ધિ થાય છે. સૂર્ય એક અયનમાં ૧૮૩ મંડળ પાર કરે છે. પ્રત્યેક મંડળના દસ-દસ ભાગ કરતાં ૧૮૩ મંડળના ૧૮૩ × ૧૦ = ૧૮૩૦ ભાગ થાય છે. પ્રત્યેક મંડળે કુલ ૧૮૩ મંડળના ૧૮૩૦ ભાગમાંથી એક ભાગ ( $\frac{૧}{૧૮૩૦}$ ભાગ)ની હાનિ-વૃદ્ધિ થાય છે.

સૂત્રકારે ત્રીજા પ્રાભૃતમાં જંબૂદ્વીપના પાંચ ભાગ કરી તેમાંથી ત્રણ ભાગમાં પ્રકાશ અને બે ભાગમાં અંધકાર હોવાનું કથન કર્યું છે. ચોથા પ્રાભૃતમાં પ્રકાશક્ષેત્રના દસ ભાગ કરી છ ભાગમાં પ્રકાશ અને ચાર ભાગમાં અંધકારનું કથન કર્યું છે અને અહીં પ્રત્યેક મંડળના દસ ભાગ કરીને પ્રત્યેક મંડળે સર્વ મંડળની અપેક્ષાએ અઢારસો ત્રિસ્યા એક ભાગ ($\frac{૧}{૧૮૩૦}$ ભાગ)ની અને એક મંડળની અપેક્ષાએ $\frac{૧}{૧૦}$ ભાગની હાનિ-વૃદ્ધિ થાય છે, તેનું કથન કર્યું છે.

❖❖❖❖❖

# છઠ્ઠું પ્રાભૃત

## ઓજ સંસ્થિતિ

**સૂર્ય પ્રકાશની સંસ્થિતિ વિષયક ૨૫ પ્રતિપત્તિઓ :–**

**१** ता कहं ते ओयसंठिई आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ पणवीसं पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–

तत्थेगे एवमाहंसु– ता अणुसमयमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता अणुमुहुत्तमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु ।

एवं एएणं अभिलावेणं णेयव्वा– ता अणुराइंदियमेव, अणुपक्खमेव, अणुमासमेव, अणुउऊमेव, अणुअयणमेव, अणुसंवच्छरमेव, अणुजुगमेव, अणुवाससयमेव, अणुवाससहस्समेव, अणुवाससय-सहस्समेव, अणुपुव्वमेव, अणुपुव्वसयमेव, अणुपुव्वसहस्समेव, अणुपुव्वसयसहस्समेव, अणुपलिओवममेव, अणुपलिओवमसयमेव, अणुपलिओवमसहस्समेव, अणुपलिओवमसयसहस्समेव, अणुसागरोवममेव, अणुसागरोवमसयमेव, अणुसागरोवमसहस्समेव, अणुसागरोवमसयसहस्समेव, एगे पुण एवमाहंसु– ता अणुउस्सप्पिणी– ओसप्पिणिमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ, एगे एवमाहंसु ।

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્યના ઓજ–પ્રકાશની સંસ્થિતિ–સંસ્થાન હંમેશાં એક રૂપ રહે છે કે અન્ય પ્રકારે થાય છે ? **ઉત્તર–** સૂર્ય પ્રકાશના અન્યથાપણાના સંબંધમાં ૨૫ પ્રતિપત્તિઓ(માન્યતાઓ) છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે– પ્રતિસમયે સૂર્યનો ઓજ–પ્રકાશ અન્ય સ્વરૂપે ઉત્પન્ન થાય છે અને અન્ય સ્વરૂપે નાશ પામે છે અર્થાત્ સૂર્યપ્રકાશનું સંસ્થાન પ્રત્યેક સમયે પરિવર્તન પામે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રતિ મુહૂર્તે સૂર્ય પ્રકાશ અન્ય સ્વરૂપે ઉત્પન્ન થાય છે અને અન્ય સ્વરૂપે પ્રકાશ નાશ પામે છે અર્થાત્ સૂર્ય પ્રકાશ પ્રત્યેક મુહૂર્તે પરિવર્તન પામે છે.

આ રીતે, આ જ અભિલાપથી કથન કરવું કે સૂર્ય પ્રકાશ (૩) પ્રત્યેક અહોરાત્રે (૪) પ્રત્યેક પક્ષે (૫) પ્રત્યેક માસે (૬) પ્રત્યેક ઋતુએ (૭) પ્રત્યેક અયને (૮) પ્રત્યેક સંવત્સરે(વર્ષે) (૯) પ્રત્યેક યુગે

(પાંચ વર્ષે) (૧૦) પ્રત્યેક સો વર્ષે (૧૧) પ્રત્યેક હજાર વર્ષે (૧૨) પ્રત્યેક લાખ વર્ષે (૧૩) પ્રત્યેક પૂર્વે (૧૪) પ્રત્યેક સો પૂર્વે (૧૫) પ્રત્યેક હજાર પૂર્વે(૧૬) પ્રત્યેક લાખ પૂર્વે (૧૭) પ્રત્યેક પલ્યોપમે (૧૮) પ્રત્યેક સો પલ્યોપમે (૧૯) પ્રત્યેક હજાર પલ્યોપમે (૨૦) પ્રત્યેક લાખ પલ્યોપમે (૨૧) પ્રત્યેક સાગરોપમે (૨૨) પ્રત્યેક સો સાગરોપમે (૨૩) પ્રત્યેક હજાર સાગરોપમે (૨૪) પ્રત્યેક લાખ સાગરોપમે (૨૫) પ્રત્યેક ઉત્સર્પિણી-અવસર્પિણીકાળે અન્ય સ્વરૂપે ઉત્પન્ન થાય છે અને અન્ય સ્વરૂપે નાશ પામે છે.

**પ્રકાશ ક્ષેત્રમાં હાનિ–વૃદ્ધિ :–**

**૨ वयं पुण एवं वयामो– ता तीसं तीसं मुहुत्ते सूरियस्स ओया अवट्ठिया भवइ, तेण परं सूरियस्स ओया अणवट्ठिया भवइ ।**

**छम्मासे सूरिए ओयं णिव्वुड्ढेइ छम्मासे सूरिए ओयं अभिवुड्ढेइ । णिक्खममाणे सूरिए देसं णिव्वुड्ढेइ, पविसमाणे सूरिए देसं अभिवुड्ढेइ ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે સૂર્ય પ્રકાશ ત્રીસ-ત્રીસ મુહૂર્ત પર્યંત અવસ્થિત હોય છે અને ત્યારપછી અનવસ્થિત બને છે અર્થાત્ પોત-પોતાના મંડળ ભ્રમણના ૩૦-૩૦ મુહૂર્ત પર્યંત સૂર્ય પ્રકાશનું સંસ્થાન અવસ્થિત–એક રૂપ રહે છે અને સૂર્ય અન્ય મંડળ ઉપર જાય ત્યારે તેમાં વધ-ઘટ થાય છે. સૂર્યપ્રકાશનું સંસ્થાન એક મંડળની અપેક્ષાએ અવસ્થિત અને અન્ય મંડળની અપેક્ષાએ અનવસ્થિત છે.

સૂર્ય પ્રકાશનું સંસ્થાન છ માસ સુધી વૃદ્ધિ પામે છે અને છ માસ સુધી તેની હાનિ થાય છે. બહાર નીકળતો (દક્ષિણાયનનો) સૂર્ય પ્રત્યેક અહોરાત્રે પ્રકાશ ક્ષેત્રના સંસ્થાનમાં દેશભાગ અર્થાત્ અઢારસો ત્રિસ્યા એક ભાગની(૧૮૩૦ ભાગમાંથી એક ભાગ)ની હાનિ કરે છે અને અંદર પ્રવેશતો (ઉત્તરાયણનો) સૂર્ય પ્રત્યેક અહોરાત્રે પ્રકાશ ક્ષેત્રના સંસ્થાનમાં દેશ ભાગની એટલે અઢારસો ત્રિસ્યા એક ભાગની વૃદ્ધિ કરે છે.

**૩ तत्थ को हेऊ आहिएति वएज्जा ? ता अयं णं जंबुद्दीवे दीवे सव्वदीव समुद्दाणं सव्वब्भंतराए परिक्खेवे णं पण्णत्ते । ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય પ્રકાશના સંસ્થાનમાં વધ-ઘટ થવામાં શું કારણ છે ? **ઉત્તર–** સર્વ દ્વીપ સમુદ્રની મધ્યમાં પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે જંબૂદ્વીપની ઉપર અને મેરુપર્વતની સમીપના સર્વાભ્યંતર મંડળ ઉપર જ્યારે સૂર્ય પરિભ્રમણ કરતા હોય ત્યારે આખા વરસનો સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. (પ્રત્યેક મંડળે પ્રકાશ ક્ષેત્રમાં $\frac{૧}{૧૮૩૦}$ મંડળ ભાગની હાનિ વૃદ્ધિ થતી હોવાથી પ્રકાશ ક્ષેત્રના સંસ્થાનમાં વધ-ઘટ થાય છે).

**૪ से णिक्खममाणे सूरिए णवं संवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए अब्भिंतराणंतरं**

**मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं एगे णं राइंदिएणं एगं भागं ओयाए दिवसखेत्तस्स णिव्वुड्ढित्ता रयणि– खेत्तस्स अभिवुड्ढित्ता चारं चरइ मंडलं अट्ठारसेहिं तीसेहिं सएहिं छेत्ता । तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** પ્રથમ મંડળમાંથી બહાર નીકળતા, નવા વરસનો અને નવા અયન(દક્ષિણાયન)નો પ્રારંભ કરતા સૂર્ય પ્રથમ અહોરાત્રમાં આભ્યંતરાનંતર (આભ્યંતર મંડળ પછીના બીજા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે બીજા મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે એક અહોરાત્રમાં દિવસક્ષેત્ર (પ્રકાશક્ષેત્ર)માં અઢારસો ત્રિસ્યા એક ભાગ ($\frac{૧}{૧૮૩૦}$)ને ઘટાડે છે અને તેટલા જ અર્થાત્ $\frac{૧}{૧૮૩૦}$ ભાગની રાત્રિ ક્ષેત્રની વૃદ્ધિ કરે છે અને ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ તથા $\frac{૨}{૧૬}$ અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ હોય છે.

**૫ से णिक्खममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया जया णं सूरिए अब्भिंतराणंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं दोहिं राइंदिएहिं दो भागे ओयाए दिवसखेत्तस्स णिव्वुड्ढित्ता रयणि खेत्तस्स अभिवुड्ढेता चारं चरइ मंडलं अट्ठारसेहिं तीसेहिं सएहिं छेत्ता । तयाणं अट्ठारमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुतेहिं ऊणे, दुवालस मुहुत्ता राई भवई चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया ।**

**ભાવાર્થ :–** બીજા મંડળમાંથી બહાર નીકળતા સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા આભ્યંતરાનંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે ત્રીજા મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે અઢારસો ત્રિસ્યા બીજા ભાગની દિવસ ક્ષેત્રમાં હાનિ કરે છે અને તેટલા જ અર્થાત્ અઢારસો ત્રિસ્યા બીજા ભાગની રાત્રિ ક્ષેત્રમાં વૃદ્ધિ કરે છે અને ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭ $\frac{૫૭}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ તથા $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨ $\frac{૪}{૧૬}$ મુહૂર્ત)ની રાત્રિ હોય છે.

**૬ एवं खलु एएणं उवाएणं णिक्खममाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणे-संकममाणे एगमेगे मंडले एगमेगेणं राइंदिएणं एगमेगं भागं ओयाए दिवसखेत्तस्स णिव्वुड्ढेमाणे-णिव्वुड्ढेमाणे रयणिखेत्तस्स अभिवुड्ढेमाणे-अभिवुड्ढेमाणे सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી આભ્યંતર મંડળમાંથી બહાર નીકળતા, પછી-પછીના મંડળ ઉપર પરિભ્રમણ કરતા સૂર્ય પ્રત્યેક મંડળે પ્રત્યેક અહોરાત્રિમાં દિવસ ક્ષેત્રમાં એક-એક અઢારસો ત્રિસ્યા($\frac{૧}{૧૮૩૦}$) ભાગની હાનિ અને રાત્રિ ક્ષેત્રમાં તેટલો વધારો કરતા સર્વ બાહ્ય મંડળે પહોંચે છે.

**૭ ता जया णं सूरिए सव्वब्भंतराओ मंडलाओ सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सव्वब्भंतरं मंडलं पणिहाय एगेणं तेसीएणं राइंदियसएणं**

**एगं तेसीयं भागसयं ओयाए दिवसखेत्तस्स णिव्वुड्ढेत्ता रयणिखेत्तस्स अभिवुड्ढेत्ता चारं चरइ मंडलं अट्ठारसेहिं तीसेहिं सएहिं छेत्ता, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ ।**

**एस णं पढमे छम्मासे, एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** સર્વાભ્યંતર મંડળથી નીકળતા સૂર્ય જ્યારે સર્વ બાહ્ય મંડળ ઉપર આવીને પરિભ્રમણ કરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડળ અર્થાત્ પ્રથમ મંડળને વર્જિને(શેષ ૧૮૩ મંડળના) ૧૮૩ અહોરાત્રમા અઢારસો ત્રીસ ભાગમાંથી ૧૮૩ ભાગ અર્થાત્ અઢારસો ત્રિસ્યા એક્સોત્યાંસી($\frac{૧૮૩}{૧૮૩૦}$)ભાગ પ્રમાણ દિવસ ક્ષેત્રની  હાનિ અને રાત્રિ ક્ષેત્રની વૃદ્ધિ કરે છે અને ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

આ પ્રથમ છ માસ છે. સર્વ બાહ્ય મંડળ પરનું સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં વરસના પ્રથમ છ માસના દક્ષિણાયનનો અંત થાય છે.

**૮ से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ । ता जया णं सूरिए बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं एगेणं राइंदिएणं एगं भागं ओयाए रयणिखेत्तस्स णिव्वुड्ढेत्ता दिवसखेत्तस्स अभिवुड्ढेत्ता चारं चरइ मंडलं अट्ठारसेहिं तीसेहिं सएहिं छेत्ता, तया णं अट्ठारसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** સર્વબાહ્ય(૧૮૪મા) મંડળમાંથી અંદર પ્રવેશતા, બીજા છ માસનો અને નવા અયન (ઉત્તરાયણ)નો પ્રારંભ કરતા સૂર્ય પ્રથમ અહોરાત્રમાં બાહ્યાનંતર અર્થાત્ બીજા બાહ્ય(૧૮૩મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. સૂર્ય જ્યારે ૧૮૩મા મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે એક અહોરાત્રમાં અઢારસો ત્રિસ્યા એક($\frac{૧}{૧૮૩૦}$) ભાગની દિવસક્ષેત્રમાં વૃદ્ધિ કરે છે અને રાત્રિક્ષેત્રમાં તેટલાં જ અર્થાત્ $\frac{૧}{૧૮૩૦}$ ભાગની હાનિ કરે છે અને ત્યારે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત(૧૭$\frac{૫૯}{૬૧}$ મુહૂત)ની રાત્રિ તથા $\frac{૨}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨$\frac{૨}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ હોય છે.

**૯ से पविसमाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि बाहिराणंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ । ता जया णं सूरिए बाहिराणंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं दोहिं राइंदिएहिं दो भाए ओयाए रयणिखेत्तस्स णिव्वुड्ढेत्ता दिवसखेत्तस्स अभिवुड्ढेत्ता चारं चरइ, मंडलं अट्ठारसहिं तीसेहिं सएहिं छेत्ता, तया णं अट्ठारसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।**

**ભાવાર્થ :–** બીજા બાહ્ય (૧૮૩મા) મંડળથી અંદર પ્રવેશતા સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા બાહ્ય (૧૮૨મા) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

સૂર્ય જ્યારે ૧૮૨મા મંડળ ઉપર પરિભ્રમણ કરતા હોય ત્યારે દિવસક્ષેત્રમાં અઢારસો ત્રિસ્યા બીજા ભાગની વૃદ્ધિ કરે છે અને રાત્રિક્ષેત્રમાં તેટલા જ અર્થાત્ અઢારસો ત્રિસ્યા બીજા ભાગની હાનિ કરે છે અને ત્યારે $\frac{૪}{૬૧}$ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત (૧૭$\frac{૫૭}{૬૧}$ મુહૂર્ત)ની રાત્રિ અને $\frac{૪}{૬૧}$ મુહૂર્ત અધિક ૧૨ મુહૂર્ત (૧૨$\frac{૪}{૬૧}$ મુહૂર્ત)નો દિવસ હોય છે.

**૧૦ एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणे-संकममाणे एगमेगे मंडले एगमेगेणं राइंदिएणं एगमेगं भागं ओयाए रयणिखेत्तस्स णिव्वुड्ढेमाणे-णिव्वुड्ढेमाणे दिवसखेत्तस्स अभिवुड्ढेमाणे–अभिवुड्ढेमाणे सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ ।**

**ભાવાર્થ :–** આ રીતે, આ ક્રમથી બાહ્ય મંડળથી અંદર પ્રવેશતા, પછી-પછીના મંડળ ઉપર પરિભ્રમણ કરતા સૂર્ય પ્રત્યેક મંડળે પ્રત્યેક અહોરાત્રિમાં રાત્રિ ક્ષેત્રમાં અઢારસો ત્રિસ્યા એક ભાગ ($\frac{૧}{૧૮૩૦}$)ની હાનિ અને દિવસક્ષેત્રમાં $\frac{૧}{૧૮૩૦}$ ભાગની વૃદ્ધિ કરતા સર્વાભ્યંતર મંડળ ઉપર પહોંચે છે.

**૧૧ ता जया णं सूरिए सव्वबाहिराओ मंडलाओ सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सव्वबाहिरं मंडलं पणिहाय एगेणं तेसीएणं राइंदियसएणं एगं तेसीयं भागसयं ओयाए रयणिखेत्तस्स णिव्वुड्ढेत्ता दिवसखेत्तस्स अभिवुड्ढेत्ता चारं चरइ मंडलं अट्ठारसेहिं तीसेहिं सएहिं छेत्ता, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**एस णं दोच्चे छम्मासे, एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे । एस णं आइच्चे संवच्छरे, एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे ।**

**ભાવાર્થ :–** સૂર્ય જ્યારે સર્વ બાહ્ય મંડળથી અંદર પ્રવેશીને સર્વાભ્યંતર મંડળ ઉપર આવીને પરિભ્રમણ કરે છે ત્યારે સર્વ બાહ્ય મંડળ અર્થાત્ ૧૮૪મા મંડળને વર્જિને શેષ ૧૮૩ મંડળના ૧૮૩ અહોરાત્રમાં રાત્રિ ક્ષેત્રમાં અઢારસો ત્રિસ્યા એકસોત્યાંસી ($\frac{૧૮૩}{૧૮૩૦}$) ભાગની હાનિ અને તેટલા જ દિવસ ક્ષેત્રની વૃદ્ધિ કરે છે, ત્યારે આખા વર્ષનો સૌથી મોટો, લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

આ રીતે બીજા છ માસ પૂર્ણ થાય છે, સર્વાભ્યંતર મંડળ ઉપરનું સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ થતાં બીજા છ માસનો (ઉત્તરાયણનો) અંત થાય છે. આ બંને છ-છ માસ (બે અયન) મળીને આદિત્ય સંવત્સર થાય છે, આ રીતે સૂર્ય સર્વાભ્યંતર મંડળ પૂર્ણ કરે ત્યારે આદિત્ય સંવત્સર પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂર્યના પ્રકાશ ક્ષેત્રની અવસ્થિતિ અને અનવસ્થિતિનું વર્ણન છે.

**ओया अवट्ठिया–ओया अणवट्ठिया–** અવસ્થિત પ્રકાશક્ષેત્ર અને અનવસ્થિત પ્રકાશક્ષેત્ર. પ્રસ્તુતમાં **ओया–** પ્રકાશ શબ્દથી પ્રકાશક્ષેત્ર ગ્રહણ થાય છે. સૂર્યનો પ્રકાશ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરે છે, તે ક્ષેત્ર પ્રકાશક્ષેત્ર કહેવાય છે.

સૂર્ય ૩૦ મુહૂર્તમાં એક મંડળ પૂર્ણ કરે છે. પ્રત્યેક મંડળ ઉપર ૩૦-૩૦ મુહૂર્ત પર્યંત સૂર્યનો પ્રકાશ અને પ્રકાશક્ષેત્ર અવસ્થિત રહે છે અને સૂર્ય એક મંડળથી બીજા મંડળ ઉપર જાય ત્યારે તેના પ્રકાશ તથા પ્રકાશ ક્ષેત્રમાં હાનિ-વૃદ્ધિ થાય છે. વરસના પ્રથમ છ માસમાં પ્રકાશક્ષેત્રમાં હાનિ થાય છે અને બીજા છ માસમાં પ્રકાશક્ષેત્ર વૃદ્ધિ પામે છે. પ્રથમ મંડળ કરતા બીજા મંડળે $\frac{૧}{૧૮૩૦}$ મંડળ ભાગ જેટલું ક્ષેત્ર નાનું-મોટું થાય છે, તે અપેક્ષાએ (અનેક મંડળોની અપેક્ષાએ) સૂર્યનો પ્રકાશ અનવસ્થિત છે.

પ્રકાશ તથા પ્રકાશ ક્ષેત્રની અવસ્થિતાનું કથન સ્થૂલ દષ્ટિએ જ છે, તેમ સમજવું, સૂક્ષ્મ રીતે વિચારીએ તો સૂર્ય કર્ણગતિએ પ્રતિક્ષણ આગળ વધતો રહે છે. સૂર્ય બે યોજન દૂર રહેલા આગળના મંડળનું લક્ષ્ય કરીને જ ગતિ કરે છે, તેથી પ્રતિક્ષણ પ્રકાશ ક્ષેત્રમાં હાનિ અને વૃદ્ધિ થાય છે, માટે પ્રકાશ ક્ષેત્રના અવસ્થિતપણાનું કથન સ્થૂલ દષ્ટિએ કર્યુ છે.

પ્રથમ પ્રાભૃતના પ્રથમ પ્રતિપ્રાભૃતમાં કાળની અપેક્ષાએ દિવસ-રાત્રિની હાનિ-વૃદ્ધિનું અને છટ્ઠા પ્રાભૃતમાં ક્ષેત્રની અપેક્ષાએ દિવસ ક્ષેત્ર અને રાત્રિ ક્ષેત્રની હાનિ વૃદ્ધિનું કથન છે.


કાળની અપેક્ષાએ પ્રત્યેક મંડળે અર્થાત્ ૩૦ મુહૂર્તે દિવસ-રાત્રિના કાળમાનમાં $\frac{૨}{૬૧}$ મુહૂર્તની હાનિ-વૃદ્ધિ થાય છે અને ક્ષેત્રની અપેક્ષાએ પ્રત્યેક મંડળે(૩૦ મુહૂર્તે) દિવસક્ષેત્ર-રાત્રિક્ષેત્રમાં પ્રત્યેક મંડળ ના એક દસમા ભાગ ($\frac{૧}{૧૦}$)ની અને સર્વ મંડળના એક અઢારસો ત્રિસ્યા ($\frac{૧}{૧૮૩૦}$)ભાગની હાનિ-વૃદ્ધિ થાય છે.

**एगं भागं ओयाए :–** એક દસમાંશ ભાગની અથવા એક અઢારસો ત્રીસાંશ($\frac{૧}{૧૮૩૦}$) ભાગની હાનિ-વૃદ્ધિ થાય છે. ચોથા પ્રાભૃતમાં પ્રકાશ ક્ષેત્રના ચક્રવાલ વિષ્કંભના ૧૦ ભાગ કરવાનું વિધાન છે. આ દસ ભાગમાંથી સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરે ત્યારે ત્રણ વિભાગને પ્રકાશિત કરે છે તથા સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરે ત્યારે બે વિભાગને પ્રકાશિત કરે છે, અર્થાત્ (૩-૨) = ૧ વિભાગની હાનિ થાય છે. પ્રત્યેક મંડળના ૧૦-૧૦ વિભાગ કરવામાં આવે છે અને પ્રત્યેક મંડળેને દસ વિભાગમાંથી ૧-૧ વિભાગ ક્ષેત્રની હાનિ વૃદ્ધિ થાય છે.

સૂર્ય એક અયનમાં ૧૮૩ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે અને પ્રત્યેક મંડળના દસ-દસ વિભાગ કરતાં કુલ ૧૮૩ × ૧૦ = ૧૮૩૦ વિભાગ થાય છે. પ્રત્યેક મંડળે અઢારસો ત્રિસ્યા એક વિભાગ ($\frac{૧}{૧૮૩૦}$)ની હાનિ વૃદ્ધિ થતાં ૧૮૩મા અહોરાત્રે કુલ $\frac{૧૮૩}{૧૮૩૦}$ ભાગની હાનિ વૃદ્ધિ થાય છે.

આ રીતે એક-એક મંડળની અપેક્ષાએ $\frac{૧}{૧૦}$ ભાગ ક્ષેત્રની હાનિ-વૃદ્ધિ થાય છે અને સર્વ મંડળની અપેક્ષાએ $\frac{૧}{૧૮૩૦}$ ભાગ ક્ષેત્રની હાનિ-વૃદ્ધિ થાય છે. આ રીતે $\frac{૧}{૧૦}$ કે $\frac{૧}{૧૮૩૦}$ ભાગ ક્ષેત્ર કહેવામાં કથન માત્રનો ભેદ છે, પરમાર્થતઃ બંનેનો અર્થ સમાન છે.

**પ્રત્યેક મંડળે પ્રકાશ ક્ષેત્રમાં $\frac{૧}{૧૦}$ અથવા $\frac{૧}{૧૮૩૦}$ ભાગની વૃદ્ધિ–હાનિ :–**




સૂર્યના ૧૮૩ મંડળના દસ-દસ વિભાગ કરતાં ૧૮૩૦ વિભાગ થાય છે. તેમાં પ્રત્યેક મંડળના દસ-દસ વિભાગ છે. દક્ષિણાયનમાં બંને સૂર્ય પોતાના પ્રત્યેક મંડળે $\frac{૧}{૧૦}$ અથવા $\frac{૧}{૧૮૩૦}$ દિવસ ક્ષેત્રની હાનિ અને રાત્રિક્ષેત્રની વૃદ્ધિ કરે છે. આકૃતિમાં એક-એક મંડળના દસ-દસ ભાગ અને ૧૮૩ મંડળના દસ-દસ ભાગ એટલે ૧૮૩૦ ભાગ $\frac{૧}{૧૦}$ તથા $\frac{૧}{૧૮૩૦}$ ભાગની હાનિ-વૃદ્ધિ ક્ષેત્ર દર્શાવ્યું છે.

**|| છઠ્ઠું પ્રાભૃત સંપૂર્ણ ||**

# સાતમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત સાતમા પ્રાભૃતમાં સૂર્ય વરણ–સૂર્યને પ્રકાશક રૂપે વરણ કરતા પદાર્થો(**के सूरियं वरयंति ?–** ૧/૧/૩)નું વર્ણન છે અર્થાત્ સૂર્ય દ્વારા પ્રકાશિત થતાં પદાર્થોનું કથન છે.

પાંચમા પ્રાભૃતમાં સૂર્યપ્રકાશના અવરોધક પદાર્થોનું વર્ણન છે અને પ્રસ્તુત પ્રાભૃતમાં સૂર્ય દ્વારા પ્રકાશિત થતાં પદાર્થોનું વર્ણન છે. જ્યાં-જ્યાં સૂર્ય પ્રકાશ પહોંચે છે, જે પદાર્થો સૂર્ય પ્રકાશનો સ્પર્શ પામે છે તે પદાર્થો સૂર્ય દ્વારા પ્રકાશિત થાય છે. પ્રસ્તુતમાં તે માટે ત્રણ પરિબળોનું કથન કરવામાં આવ્યું છે.

(૧) પ્રકાશક્ષેત્રની સીમામાં રહેલા પર્વતાદિ પદાર્થો સૂર્ય પ્રકાશ દ્વારા પ્રકાશિત થાય છે.

(૨) પર્વતની બખોલ, ગુફા, છિદ્રાદિ દ્વારા અંદર પ્રવેશ કરતો પ્રકાશ ગુફાદિની અંદર રહેલા પદાર્થો (પુદ્‌ગલો)ને પ્રકાશિત કરે છે.

(૩) પ્રકાશ ક્ષેત્રની સીમા પર્યંતના પુદ્‌ગલો સૂર્ય પ્રકાશથી પ્રકાશિત થાય છે. સીમા-મર્યાદાની બહારના પદાર્થોને સૂર્ય પ્રકાશ પ્રકાશિત કરવા સમર્થ નથી.

❖❖❖❖❖

# સાતમું પ્રાભૃત

## સૂર્ય વરણ

**સૂર્ય વરણ વિષયક વીસ પ્રતિપત્તિઓ :–**

**१ ता किं ते सूरियं वरइ आहिएत्ति वएज्जा ? तत्थ खलु इमाओ वीसं पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–**

**तत्थेगे एवमाहंसु– ता मंदरे णं पव्वए सूरियं वरइ, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु– ता मेरू णं पव्वए सूरियं वरइ, एगे एवमाहंसु ।**

**एवं एएणं अभिलावेणं णेयव्वं तहेव** *जाव* **पव्वयराये णं पव्वए सूरियं वरइ, एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્યનું વરણ (પ્રકાશક રૂપે સ્વીકાર) કોણ કરે છે ? **ઉત્તર–** તે વિષયમાં અન્યતીર્થિકોની વીસ પ્રતિપત્તિઓ છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે મંદર પર્વત સૂર્યનું વરણ કરે છે, પોતાને પ્રકાશિત કરનાર તરીકે સૂર્યને સ્વીકારે છે અર્થાત્ મંદર પર્વત વગેરે સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થાય છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે મેરુપર્વત સૂર્યને પોતાના પ્રકાશક રૂપે સ્વીકારે છે.

આ રીતે, આ જ અભિલાપથી જાણવું ***યાવત્*** પર્વતરાજ પર્વત સૂર્યનું વરણ કરે છે.(આ વીસ પ્રતિપત્તિઓ પાંચમા પ્રાભૃતની પ્રતિપત્તિ પ્રમાણે જાણવી.)

**પ્રકાશરૂપે સૂર્યને સ્વીકાર કરતા પદાર્થો :–**

**२ वयं पुण एवं वयामो– ता मंदरे वि** *जाव* **ता पव्वयराये णं पव्वए सूरियं वरइ, एवं पि पवुच्चइ ।**

**ता जे णं पोग्गला सूरियस्स लेसं फुसंति, ते णं पुग्गला सूरियं वरयंति, अदिट्ठा वि णं पोग्गला सूरियं वरयंति, चरिमलेस्संतरगया वि णं पोग्गला सूरियं वरयंति ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે મંદર પર્વતથી લઈને પર્વતરાજ પર્વત પર્યંતના ૧૬ નામથી પ્રસિદ્ધ પર્વતરાજ પર્વતાદિ સૂર્ય પ્રકાશથી પ્રકાશિત થાય છે.

પ્રકાશ ક્ષેત્રમાં રહેલા જે પુદ્‌ગલો સૂર્ય લેશ્યા–પ્રકાશને સ્પર્શે છે, તે પુદ્‌ગલો સૂર્ય પ્રકાશથી પ્રકાશિત થાય છે. ગુફા–વિવરમાં રહેલા અદષ્ટ–સૂક્ષ્મ પુદ્‌ગલો પણ સૂર્ય પ્રકાશથી પ્રકાશિત થાય છે. પ્રકાશ ક્ષેત્રના ચરમ સીમાગત પુદ્‌ગલો પણ સૂર્ય પ્રકાશથી પ્રકાશિત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂર્ય પ્રકાશથી પ્રકાશિત થતાં પદાર્થોનું કથન છે.

**वरइ :–** વરવું, અહીં 'વરણ' શબ્દ પ્રયોગ સ્વીકાર કરવાના અર્થમાં પ્રયુક્ત થયો છે. **वरयन्–स्वप्रकाशकत्वेन स्वीकुर्वन** । – વૃત્તિ. પોતાને પ્રકાશિત કરનાર પદાર્થોનો પ્રકાશકરૂપે સ્વીકાર કરવો. પ્રકાશ ક્ષેત્રમાં રહેલા મેરુપર્વતાદિ પોતાના પ્રકાશક રૂપે સૂર્યને સ્વીકારે છે અર્થાત્ પર્વતાદિ પદાર્થો સૂર્ય પ્રકાશથી પ્રકાશિત થાય છે.

સૂર્યના પ્રકાશક્ષેત્રમાં રહેલા સર્વ પદાર્થો સૂર્યનું વરણ કરે છે, તે સર્વ પદાર્થો સૂર્યપ્રકાશથી પ્રકાશિત થાય છે. જે પુદ્‌ગલો સૂર્ય પ્રકાશનો સ્પર્શ કરે છે, તે પ્રકાશિત થાય છે. છીદ્ર, ગુફા વગેરેમાં રહેલા અને આંખથી અદષ્ટ પદાર્થો ગુફાદિમાં પ્રવેશતા સૂર્ય પ્રકાશનો સ્પર્શ પામી પ્રકાશિત થાય છે અને પ્રકાશક્ષેત્રના ચરમાંતે(કિનારે) રહેલા પુદ્‌ગલો પણ પ્રકાશના સ્પર્શથી પ્રકાશિત થાય છે.

**।। સાતમું પ્રાભૃત સંપૂર્ણ ।।**

# આઠમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત આઠમા પ્રાભૃતમાં અઢીદ્વીપ-સમુદ્રના સૂર્યોદય-સૂર્યાસ્તની સંસ્થિતિ(**कहं ते उदयसंठिई** ૧/૧/૩)નું વર્ણન છે.

જંબૂદ્વીપના ૨, લવણ સમુદ્રના ૪, ધાતકી ખંડ દ્વીપના ૧૨, કાલોદધિ સમુદ્રના ૪૨ અને પુષ્કરાર્ધ દ્વીપના ૭૨ એમ કુલ અઢીદ્વીપના ૧૩૨ સૂર્ય ૬૬-૬૬ની બે પંક્તિમાં પંક્તિબદ્ધરૂપે સુદર્શન મેરુ પર્વતને નિરંતર પ્રદક્ષિણા કરે છે, તેથી તે સૂર્ય અઢીદ્વીપના પૂર્વીય, દક્ષિણી, પશ્ચિમી અને ઉત્તરીય સર્વ વિભાગો ઉપર ક્રમશઃ પસાર થતાં રહે છે.

સૂર્યનું પરિભ્રમણ ક્ષેત્ર અતિ વિસ્તૃત હોવાથી સર્વ સ્થાનોમાં સૂર્ય પ્રકાશ એક સાથે પહોંચતો નથી અને સર્વ સ્થાનોમાં એક સાથે સૂર્ય દેખાતો નથી. જે ક્ષેત્રમાં મનુષ્યને સૂર્ય દષ્ટિગોચર થવાનો પ્રારંભ થાય, તેને સૂર્યોદય કહેવામાં આવે છે અને જે ક્ષેત્રમાંથી સૂર્ય દૂર ચાલ્યો જાય, મનુષ્યની દષ્ટિના વિષયમાં ન રહે, તેને સૂર્યાસ્ત કહેવામાં આવે છે.

એક પંક્તિગત ૬૬ સૂર્યો અગ્નિકોણમાં ઉદિત થઈને અઢીદ્વીપના દક્ષિણ વિભાગમાં દિવસ કરીને નૈઋત્ય કોણમાં અસ્ત પામે છે. તે જ સમયમાં અન્ય પંક્તિગત ૬૬ સૂર્યો વાયવ્યકોણમાં ઉદિત થઈને અઢીદ્વીપના ઉત્તરમાં વિભાગ દિવસ કરીને ઈશાન કોણમાં અસ્ત પામે છે. દક્ષિણ વિભાગમાં દિવસ કરી નૈઋત્યમાં અસ્ત થયેલા પ્રથમ પંક્તિગત સૂર્ય નૈઋત્ય કોણમાં ઉદિત થઈને અઢીદ્વીપના પશ્ચિમ વિભાગમાં દિવસ કરીને વાયવ્યકોણમાં અસ્ત પામે છે. તે જ સમયે ઉત્તર વિભાગમાં દિવસ કરી વાયવ્યકોણમાં અસ્ત પામેલા અન્ય પંક્તિગત સૂર્ય ઈશાનકોણમાં ઉદિત થઈને અઢીદ્વીપના પૂર્વ વિભાગમાં દિવસ કરીને અગ્નિકોણમાં અસ્ત પામે છે.

દક્ષિણ અને ઉત્તર વિભાગમાં ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે પૂર્વ-પશ્ચિમ વિભાગમાં ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે અને પૂર્વ-પશ્ચિમ વિભાગમાં ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે દક્ષિણ-ઉત્તર વિભાગમાં ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે.

આ ચારેય વિભાગમાં વર્ષાદિ ઋતુઓ, દક્ષિણાયન-ઉત્તરાયણ વગેરે એક સમાન હોય છે. દક્ષિણ-ઉત્તર વિભાગમાં વર્ષાઋતુ હોય ત્યારે પૂર્વ-પશ્ચિમ વિભાગમાં પણ વર્ષા ઋતુ હોય છે પરંતુ વર્ષાદિ ઋતુનો પ્રારંભ દક્ષિણ-ઉત્તર વિભાગ કરતાં પૂર્વ-પશ્ચિમમાં સમયાંતરે (એક સમય પછી) થાય છે. પ્રથમ સમય, પ્રથમ આવલિકા યાવત્ પ્રથમ સાગરોપમ આદિ દક્ષિણ-ઉત્તર વિભાગમાં પૂર્વવર્તી સમયમાં થાય છે અને પૂર્વ-પશ્ચિમ વિભાગમાં પશ્ચાત્‌વર્તી સમયમાં થાય છે.

પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણમાં ઋતુ, અયન વગેરે કાળ સમાન હોય છે પરંતુ અવસર્પિણી-ઉત્સર્પિણી કાળ સમાન રૂપે નથી, કારણ કે ઉત્તર-દક્ષિણ વિભાગમાં ક્રમશઃ અવસર્પિણી-ઉત્સર્પિણી કાલનું પરિવર્તન થાય છે, પરંતુ પૂર્વ-પશ્ચિમ વિભાગમાં અવસર્પિણી-ઉત્સર્પિણી કાલનું પરિવર્તન થતું નથી. પૂર્વ-પશ્ચિમ વિભાગમાં સદા એક સમાન નોઉત્સર્પિણી-નોઅવસર્પિણી કાલ હોય છે.

❖❖❖❖❖

# આઠમું પ્રાભૃત

## ઉદય સંસ્થિતિ

**ઉદય સંસ્થિતિ વિષયક ત્રણ પ્રતિપત્તિ :–**

**१** **ता कहं ते उदयसंठिई आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ तिण्णि पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–**

**तत्थेगे एवमाहंसु– ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं उत्तरड्ढेऽवि अट्ठारसमुहुत्ते दिवसे भवइ, ता जया णं उत्तरड्ढे अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं दाहिणड्ढेऽवि अट्ठारसमुहुत्ते दिवसे भवइ । ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे सत्तरसमुहुत्ते दिवसे भवइ तया णं उत्तरड्ढेऽवि सत्तरसमुहुत्ते दिवसे भवइ, ता जया णं उत्तरड्ढे सत्तरसमुहुत्ते दिवसे भवइ तया णं दाहिणड्ढेऽवि सत्तरसमुहुत्ते दिवसे भवइ ।**

**एवं परिहावेयव्वं– सोलस मुहुत्ते दिवसे, पण्णरसमुहुत्ते दिवसे, चउद्दसमुहुत्ते दिवसे, तेरसमुहुत्ते दिवसे** *जाव* **ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे बारसमुहुत्ते दिवसे भवइ तया णं उत्तरड्ढेऽवि बारसमुहुत्ते दिवसे भवइ, ता जया णं उत्तरड्ढे बारसमुहुत्ते दिवसे भवइ तया णं दाहिणड्ढेऽवि बारसमुहुत्ते दिवसे भवइ ।**

**तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम–पच्चत्थिमे णं सया पण्णरसमुहुत्ते दिवसे भवइ, सया पण्णरसमुहुत्ता राई भवइ, अवट्ठिया णं तत्थ राइंदिया पण्णत्ता, समणाउओ ! एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન**– સૂર્યના ઉદયની સંસ્થિતિ–વ્યવસ્થા કેવા પ્રકારની છે ? **ઉત્તર**– ઉદય સંસ્થિતિના વિષયમાં અન્યતીર્થિકોની ત્રણ પ્રતિપત્તિઓ છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે અઢારમુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને ઉત્તરાર્ધમાં જ્યારે અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં પણ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે સત્તર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ સત્તર મુહૂર્તનો દિવસ હોય છે અને ઉત્તરાર્ધમાં જ્યારે સત્તર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં પણ સત્તર મુહૂર્તનો દિવસ હોય છે.

આ રીતે એક-એક મુહૂર્ત ઘટાડતા કથન કરવું કે દક્ષિણાર્ધમાં જ્યારે સોળ મુહૂર્ત, પંદર મુહૂર્ત, ચૌદ મુહૂર્ત, તેર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં તેટલા જ મુહૂર્તનો દિવસ હોય છે ***યાવત્*** જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ બાર મુહૂર્તનો દિવસ હોય છે

અને ઉત્તરાર્ધમાં જ્યારે બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં પણ બાર મુહૂર્તનો દિવસ હોય છે.

જંબૂદ્વીપ દ્વીપના મંદર પર્વતની પૂર્વમાં તથા પશ્ચિમમાં હંમેશાં પંદર મુહૂર્તનો દિવસ હોય છે અને પંદર મુહૂર્તની રાત્રિ હોય છે. ત્યાં રાત-દિન અવસ્થિત છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! કેટલાક અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે.

**२ एगे पुण एवमाहंसु– ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे अट्ठारसमुहुत्ताणंतरे दिवसे भवइ तया णं उत्तरड्ढेऽवि अट्ठारसमहुत्ताणंतरे दिवसे भवइ, ता जया णं उत्तरड्ढे अट्ठारसमुहुत्ताणंतरे दिवसे भवइ तया णं दाहिणड्ढेऽवि अट्ठारसमुहुत्ताणंतरे दिवसे भवइ ।**

**एवं परिहावेयव्वं– सत्तरसमुहुत्ताणंतरे दिवसे भवइ, सोलसमुहुत्ताणंतरे दिवसे भवइ, पण्णरसमुहुत्ताणंतरे दिवसे भवइ, चोद्दसमुहुत्ताणंतरे दिवसे भवइ, तेरसमुहुत्ताणंतरे दिवसे भवइ** *जाव* **ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे बारस-मुहुत्ताणंतरे दिवसे भवइ तया णं उत्तरड्ढेऽवि बारसमुहुत्ताणंतरे दिवसे भवइ, जया णं उत्तरड्ढे बारसमुहुत्ताणंतरे दिवसे भवइ, तया णं दाहिणड्ढेऽवि बारसमुहुत्ताणंतरे दिवसे भवइ ।**

**तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम-पच्चत्थिमे णं णो सया पण्णरसमुहुत्ते दिवसे भवइ, णो सया पण्णरसमुहुत्ता राई भवइ, अणवट्ठिया णं तत्थ राइंदिया पण्णत्ता समणाउसो ! एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :–** (૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે અઢાર મુહૂર્તાનંતર અર્થાત્ અઢારમુહૂર્તથી કાંઈક ઓછા પ્રમાણવાળો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ અઢાર મુહૂર્તથી કાંઈક ઓછા પ્રમાણવાળો દિવસ હોય છે અને ઉત્તરાર્ધમાં જ્યારે અઢાર મુહૂર્તથી કાંઈક ઓછા પ્રમાણ- વાળો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં પણ અઢાર મુહૂર્તથી કાંઈક ઓછા પ્રમાણવાળો દિવસ હોય છે.

આ રીતે એક-એક મુહૂર્ત ઘટાડતા કથન કરવું કે દક્ષિણાર્ધમાં જ્યારે કાંઈક ન્યૂન સત્તર મુહૂર્તનો દિવસ, કંઈક ન્યૂન સોળ મુહૂર્તનો દિવસ, કાંઈક ન્યૂન પંદર મુહૂર્તનો દિવસ, કાંઈક ન્યૂન ચૌદ મુહૂર્તનો દિવસ, કાંઈક ન્યૂન તેર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ તેટલા જ મુહૂર્તનો દિવસ હોય છે ***યાવત્*** જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે કાંઈક ન્યૂન ૧૨ બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ કાંઈક ન્યૂન બાર મુહૂર્તનો દિવસ હોય છે અને ઉત્તરાર્ધમાં જ્યારે કાંઈક ન્યૂન બાર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં પણ કાંઈક ન્યૂન બાર મુહૂર્તનો દિવસ હોય છે.

જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી પૂર્વ-પશ્ચિમમાં પંદર મુહૂર્તનો દિવસ હંમેશાં હોતો નથી અને પંદર મુહૂર્તની રાત્રિ હંમેશાં હોતી નથી, ત્યાં રાત-દિવસ અનવસ્થિત હોય છે. હે આયુષ્યમાન શ્રમણ! કેટલાક અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે.

**३ एगे पुण एवमाहंसु– ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं उत्तरड्ढे दुवालसमुहुत्ता राई भवइ, ता जया णं उत्तरड्ढे**

अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं दाहिणड्ढे दुवालस मुहुत्ता राई भवइ, ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे अट्ठारसमुहुत्ताणंतरे दिवसे भवइ तया णं उत्तरड्ढे दुवालसमुहुत्ता राई भवइ, जया णं उत्तरड्ढे अट्ठारसमुहुत्ताणंतरे दिवसे भवइ तया णं दाहिणड्ढे दुवालसमुहुत्ता राई भवइ ।

**एवं णेयव्वं सगलेहि य अणंतरेहि य एक्केक्के दो दो आलावगा सव्वेहिं दुवालसमुहुत्ता राई भवइ** *जाव* **ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे दुवालसमुहुत्ते दिवसे भवइ, तया णं उत्तरड्ढे दुवालसमुहुत्ता राई भवइ । ता जया णं उत्तरड्ढे दुवालसमुहुत्ते दिवसे भवइ तया णं दाहिणड्ढे दुवालसमुहुत्ता राई भवइ ।**

**ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे दुवालसमुहुत्ताणंतरे दिवसे भवइ तया णं उत्तरड्ढे दुवालसमुहुत्ता राई भवइ, जया णं उत्तरड्ढे दुवालसमुहुत्ताणंतरे दिवसे भवइ तया णं दाहिणड्ढे दुवालसमुहुत्ता राई भवइ ।**

**तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमे णं णेवत्थि पण्णरसमुहुत्ते दिवसे भवइ, णेवत्थि पण्णरसमुहुत्ता राई भवइ । वोच्छिण्णा णं तत्थ राइंदिया पण्णत्ता, समणाउसो ! एगे एवमाहंसु ।**

**ता जंबुद्दीवे दीवे सूरिया ।**

**ભાવાર્થ :–** (૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે અઢાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તની રાત્રિ હોય છે અને ઉત્તરાર્ધમાં જ્યારે ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તની રાત્રિ હોય છે. જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે કાંઈક ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તની રાત્રિ હોય છે અને ઉત્તરાર્ધમાં જ્યારે કાંઈક ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

આ સર્વ વિગત પૂર્વોક્ત પ્રકારે સમજવી કે સત્તર વગેરે પ્રત્યેક સંખ્યા અને કાંઈક ન્યૂન તે સંખ્યા અર્થાત્ (૧) સત્તરાદિ (૨) કાંઈક ન્યૂન સત્તરાદિ, એમ ૧૭ થી ૧૩ પર્યંતની દરેક સંખ્યાના બે-બે આલાપક કહેવા. સર્વત્ર રાત્રિ બાર મુહૂર્તની કહેવી **યાવત્** જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તની રાત્રિ હોય છે અને ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે કાંઈક ન્યૂન બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તની રાત્રિ હોય છે અને ઉત્તરાર્ધમાં જ્યારે કાંઈક ન્યૂન બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

તે સમયે જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતના પૂર્વ અને પશ્ચિમ વિભાગમાં પંદર મુહૂર્તનો દિવસ હોતો નથી અને પંદર મુહૂર્તની રાત્રિ હોતી નથી, ત્યાં રાત-દિવસ વ્યુચ્છિન્ન હોય છે અર્થાત્ હંમેશાં એક સરખો કાળ વર્તે છે. હે આયુષ્યમાન શ્રમણ ! કેટલાક અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે.

**સૂર્ય ઉદય વ્યવસ્થા :–**

**૪ वयं पुण एवं वयामो–ता जंबूद्वीप दीवे सूरिया उदीण–पाईणमुग्गच्छंति पाईण–दाहिणमागच्छंति । पाईण–दाहिणमुग्गच्छंति दाहिण–पडीणमागच्छंति । दाहिण–पडीणमुग्गच्छंति पडीण–उदीणमागच्छंति । पडीण–उदीणमुग्गच्छंति उदीण–पाईणमागच्छंति ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે સૂર્ય ઉત્તરપૂર્વ(ઈશાનકોણ)માં ઉદય પામે છે અને પૂર્વદક્ષિણ (અગ્નિકોણ)માં આવે છે અર્થાત્ અસ્ત પામે છે. પૂર્વદક્ષિણ(અગ્નિકોણ)માં ઉદય પામે છે અને દક્ષિણ-પશ્ચિમ (નૈઋત્યકોણ)માં અસ્ત પામે છે. દક્ષિણપશ્ચિમ(નૈઋત્યકોણ)માં ઉદય પામે છે અને પશ્ચિમઉત્તર (વાયવ્યકોણ)માં અસ્ત પામે છે. પશ્ચિમઉત્તર(વાયવ્યકોણ)માં ઉદય પામે છે અને ઉત્તરપૂર્વ(ઈશાનકોણ)માં અસ્ત પામે છે.

**૫ ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणड्ढे दिवसे भवइ तया णं उत्तरड्ढेऽवि दिवसे भवइ । जया णं उत्तरड्ढे दिवसे भवइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम–पच्चित्थिमे णं राई भवइ ।**

**ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं दिवसे भवइ, तया णं पच्चत्थिमेऽवि दिवसे भवइ, जया णं पच्चत्थिमे णं दिवसे भवइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणे णं राई भवइ ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી દક્ષિણ વિભાગમાં જ્યારે દિવસ હોય છે ત્યારે ઉત્તર વિભાગમાં પણ દિવસ હોય છે અને ઉત્તર વિભાગમાં દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના મંદરપર્વતથી પૂર્વ અને પશ્ચિમ વિભાગમાં રાત્રિ હોય છે.

જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી પૂર્વ વિભાગમાં જ્યારે દિવસ હોય છે ત્યારે પશ્ચિમ વિભાગમાં પણ દિવસ હોય છે અને જ્યારે પશ્ચિમ વિભાગમાં દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી ઉત્તર વિભાગમાં અને દક્ષિણ વિભાગમાં રાત્રિ હોય છે.

**૬ ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणड्ढे उक्कोसए अट्ठारस-मुहुत्ते दिवसे भवई तया णं उत्तरड्ढे वि उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ। जया णं उत्तरड्ढे उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम-पच्चत्थिमे णं जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, तया णं पच्चत्थिमेऽवि उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ । जया णं पच्चत्थिमे णं उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणे णं जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતના દક્ષિણ વિભાગમાં જ્યારે ઉત્કૃષ્ટ ૧૮ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તર વિભાગમાં પણ ઉત્કૃષ્ટ ૧૮ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને ઉત્તર વિભાગમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપના મંદર પર્વતથી પૂર્વ વિભાગ તથા પશ્ચિમ વિભાગમાં જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

જંબૂદ્વીપના મંદર પર્વતથી પૂર્વ વિભાગમાં જ્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે પશ્ચિમ વિભાગમાં પણ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. પશ્ચિમ વિભાગમાં જ્યારે ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપના મંદર પર્વતથી ઉત્તર વિભાગ તથા દક્ષિણ વિભાગમાં જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

**૭ एवं एएण गमेणं णेयव्वं– अट्ठारसमुहुत्ताणंतरे दिवसे, साइरेग दुवालस मुहुत्ता राई भवइ ।**

**सत्तरस मुहुत्ते दिवसे, तेरस–मुहुत्ता राई भवइ । सत्तरस मुहुत्ताणंतरे दिवसे, साइरेग तेरस मुहुत्ता राई भवइ । सोलस मुहुत्ते दिवसे, चोद्दस–मुहुत्ता राई भवइ।**

**सोलस मुहुत्ताणंतरे दिवसे, साइरेग चोद्दस मुहुत्ता राई भवइ।**

**पण्णरस मुहुत्ते दिवसे, पण्णरस मुहुत्ता राई भवइ । पण्णरस–मुहुत्ताणंतरे दिवसे, साइरेग पण्णरस मुहुत्ता राई भवइ ।**

**चोद्दस मुहुत्ते दिवसे, सोलस मुहुत्ता राई भवइ । चोद्दस मुहुत्ताणंतरे दिवसे, साइरेग सोलस मुहुत्ता राई भवइ ।**

**तेरस मुहुत्ते दिवसे, सत्तरस मुहुत्ता राइ भवइ । तेरस मुहुत्ताणंतरे दिवसे, साइरेग सत्तरस मुहुत्ता राई भवइ ।**

**जहण्णए दुवालस मुहुत्ते दिवसे भवइ उक्कोसिया अट्ठारस मुहुत्ता राई भवइ एवं भाणियव्वं ।**

**ભાવાર્થ :–** આ જ પ્રમાણે આગળ જાણવું–જ્યારે અઢારમુહૂર્તાનંતર(કાંઈક ન્યૂન અઢાર મુહૂર્ત)નો દિવસ હોય છે ત્યારે સાધિક બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે સત્તર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે તેર મુહૂર્તની રાત્રિ હોય છે.
જ્યારે સત્તર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે સાધિક તેર મુહૂર્તની રાત્રિ હોય છે.
જ્યારે સોળ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ચૌદ મુહૂર્તની રાત્રિ હોય છે.
જ્યારે સોળ મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે સાધિક ચૌદ મુહૂર્તની રાત્રિ હોય છે.
જ્યારે પંદર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે પંદરમુહૂર્તની રાત્રિ હોય છે.
જ્યારે પંદર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે સાધિક પંદર મુહૂર્તની રાત્રિ હોય છે.
જ્યારે ચૌદ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે સોળ મુહૂર્તની રાત્રિ હોય છે.
જ્યારે ચૌદ મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે સાધિક સોળ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે તેર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે સત્તર મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે તેર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે સાધિક સત્તર મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે, તે પ્રમાણે કહેવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જંબૂદ્વીપમાં થતાં સૂર્યોદય અને સૂર્યાસ્તની વ્યવસ્થાનું વિધાન છે.

**સૂર્યના ઉદય-અસ્તનો વ્યવહાર :–** સૂર્યના ઉદય-અસ્તનું નિરૂપણ વ્યવહારની અપેક્ષાએ એટલે દર્શકોની દષ્ટિએ કરવામાં આવે છે. સૂર્ય હંમેશાં ભૂમંડલ પર વિદ્યમાન હોય છે. તે સદા ઉદીયમાન જ હોય છે પરંતુ સૂર્યની ગતિના કારણે જ્યારે જે ક્ષેત્રના મનુષ્યોની દષ્ટિથી તે દૂર થઈ જાય અને ન દેખાય, ત્યારે તે ક્ષેત્રના લોકો 'સૂર્ય અસ્ત થઈ ગયો', એ પ્રકારનો વ્યવહાર કરે છે અને સૂર્ય જે ક્ષેત્રના મનુષ્યની દષ્ટિનો વિષય બને, જે ક્ષેત્ર સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થાય, તે ક્ષેત્રના લોકો 'સૂર્યોદય થયો', એ પ્રકારનો વ્યવહાર કરે છે. આ રીતે મનુષ્યોની(દષ્ટિની) અપેક્ષાએ સૂર્યના ઉદય અને અસ્તનો વ્યવહાર થાય છે. સૂર્યના ઉદયથી રાત્રિનો અંત અને દિવસનો પ્રારંભ થાય છે તથા સૂર્યના અસ્તથી દિવસનો અંત અને રાત્રિનો પ્રારંભ થાય છે. સૂર્ય સમભૂમિથી ૮૦૦ યોજન ઉપર રહીને સદા આકાશમાં પરિભ્રમણ કરે છે.

**ઉદય-અસ્ત અને દિવસ રાત્રિનું કારણ :–** યદ્યપિ સૂર્ય સર્વ દિશાઓમાં ગતિ કરે છે તથાપિ તેનો પ્રકાશ મર્યાદિત ક્ષેત્રમાં જ ફેલાય છે. જેટલા ક્ષેત્રમાં, જે દેશમાં, જેટલો સમય સૂર્યનો પ્રકાશ રહે, તેટલા ક્ષેત્રમાં, તે દેશમાં, તેટલો સમય દિવસ રહે છે અને શેષ ક્ષેત્રમાં, શેષ દેશમાં, તેટલો સમય રાત્રિ રહે છે. આ રીતે સૂર્ય ગતિશીલ હોવાથી અને સૂર્યનું પ્રકાશ ક્ષેત્ર મર્યાદિત હોવાથી રાત્રિ-દિવસનો વ્યવહાર નિર્બાધપણે થાય છે.

**એક જ સમયે બે દિશાઓમાં દિવસ થવાનું કારણ :–** જંબૂદ્વીપમાં બે સૂર્યો છે. તેથી એક જ સમયે બે વિભાગમાં દિવસ અને બે વિભાગમાં રાત્રિ હોય છે. જ્યારે એક સૂર્ય ઉત્તર વિભાગમાં દિવસ કરે છે ત્યારે બીજો સૂર્ય દક્ષિણ વિભાગમાં દિવસ કરે અને શેષ પૂર્વ વિભાગ અને પશ્ચિમ વિભાગમાં સૂર્ય પ્રકાશના અભાવે રાત્રિ થાય છે. જ્યારે એક સૂર્ય પૂર્વ વિભાગમાં દિવસ કરે છે ત્યારે બીજો સૂર્ય પશ્ચિમ વિભાગમાં દિવસ કરે છે અને શેષ ઉત્તર અને દક્ષિણ વિભાગમાં સૂર્ય પ્રકાશના અભાવે રાત્રિ થાય છે. આ રીતે બે સૂર્યની ગતિશીલતા અને પ્રકાશની સીમિતતાના કારણે તથા દિવસ રાત્રિની અપેક્ષાએ જંબૂદ્વીપના ચાર વિભાગ થાય છે અને તેમાંથી બે વિભાગમાં દિવસ અને બે વિભાગમાં રાત્રિ થાય છે.

**उत्तरड्ढे दाहिणड्ढे :–** સામાન્ય રીતે **अड्ढे** શબ્દ અર્ધ અર્થમાં પ્રયુક્ત થાય છે પરંતુ પ્રસ્તુતમાં તે વિભાગ અર્થમાં પ્રયુક્ત થયો છે. જંબૂદ્વીપના ચાર વિભાગ વિવક્ષિત છે– (૧) પૂર્વી વિભાગ (૨) પશ્ચિમી વિભાગ (૩) ઉત્તરી વિભાગ (૪) દક્ષિણી વિભાગ. તેમાં ઉત્તર અને દક્ષિણના વિભાગ માટે ક્રમશઃ **उत्तरड्ढे** અને **दाहिणड्ढे** શબ્દ પ્રયોગ થયો છે.

**ચાર દિશા-ચાર વિદિશા :–** પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ, આ ચાર દિશા છે. બે દિશાની વચ્ચેના ભાગને વિદિશા(કોણ) કહે છે. દિશાની જેમ વિદિશા પણ ચાર છે. પ્રત્યેક વિદિશા(કોણ) બે દિશાના સંયોગથી થાય છે તેથી સૂત્રમાં બે-બે દિશાના સંયોગથી તેના નામનો ઉલ્લેખ છે. જેમ કે ઉત્તર-પૂર્વ દિશા એટલે ઈશાન કોણ, પૂર્વ-દક્ષિણ દિશા એટલે અગ્નિકોણ, દક્ષિણ-પશ્ચિમ દિશા એટલે નૈઋત્ય કોણ અને પશ્ચિમ-ઉત્તર દિશા એટલે વાયવ્ય કોણ.

**જંબૂદ્વીપમાં સૂર્યોદય વ્યવસ્થા :–** જંબૂદ્વીપમાં બે સૂર્યો સામસામી દિશામાં રહી મેરુને પ્રદક્ષિણા કરે

છે. એક સૂર્ય અગ્નિકોણમાં હોય ત્યારે બીજો સૂર્ય વાયવ્યકોણમાં હોય છે અને અગ્નિકોણનો સૂર્ય પરિભ્રમણ કરતાં વાયવ્યકોણમાં પહોંચે ત્યારે વાયવ્યકોણનો સૂર્ય અગ્નિકોણમાં પહોંચે છે.

**પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં સૂર્યોદય :–** એક સૂર્ય જ્યારે ઈશાનકોણમાં શિખરી પર્વત સમીપે પહોંચે છે ત્યારે પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં સૂર્યોદય થાય છે અને તે સૂર્ય દક્ષિણ તરફ આગળ વધતા પૂર્વ મહાવિદેહ ક્ષેત્રને પૂર્ણ રૂપે પ્રકાશિત કરી અગ્નિકોણમાં ચુલ્લહિમવંત પર્વત સમીપે પહોંચે છે ત્યારે પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં સૂર્યાસ્ત થાય છે.


**પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં સૂર્યોદય :–** પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં સૂર્યોદય થયો હોય તે જ સમયે બીજો સૂર્ય નૈઋત્ય કોણમાં ચુલ્લહિમવંત પર્વત સમીપે પહોંચે છે ત્યારે પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં સૂર્યોદય થાય છે અને તે સૂર્ય ઉત્તર તરફ આગળ વધતા પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રને પૂર્ણ રૂપે પ્રકાશિત કરી વાયવ્ય કોણમાં શિખરી પર્વત સમીપે પહોંચે છે ત્યારે પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં સૂર્યાસ્ત થાય છે.

**ભરત ક્ષેત્રમાં સૂર્યોદય :–** એક સૂર્ય જ્યારે અગ્નિકોણમાં નિષધ પર્વત સમીપે પહોંચે છે ત્યારે ભરતક્ષેત્રમાં સૂર્યોદય થાય છે અને તે સૂર્ય દક્ષિણ તરફ આગળ વધતા ભરત ક્ષેત્રને પૂર્ણ રૂપે પ્રકાશિત કરી પશ્ચિમ દિશામાં નિષધ પર્વત સમીપે પહોંચે છે ત્યારે ભરત ક્ષેત્રમાં સૂર્યાસ્ત થાય છે.


**ઐરવત ક્ષેત્રમાં સૂર્યોદય :–** ભરત ક્ષેત્રમાં સૂર્યોદય થયો હોય તે જ સમયે બીજો સૂર્ય વાયવ્યકોણમાં નીલવાન પર્વત સમીપે પહોંચે છે ત્યારે ઐરવત ક્ષેત્રમાં સૂર્યોદય થાય છે. તે સૂર્ય ઉત્તર તરફ આગળ વધતા ઐરવત ક્ષેત્રને પૂર્ણરૂપે પ્રકાશિત કરી ઈશાનકોણમાં નીલવાન પર્વત સમીપે પહોંચે છે ત્યારે ઐરવત ક્ષેત્રમાં સૂર્યાસ્ત થાય છે.

એક અહોરાત્ર અર્થાત્ ૨૪ કલાકમાં જે સૂર્ય ભરતક્ષેત્રમાં સૂર્યોદય કરે છે, તે જ સૂર્ય પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં સૂર્યોદય કરે છે અને તે જ અહોરાત્રમાં બીજો સૂર્ય ઐરવત ક્ષેત્ર અને પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં સૂર્યોદય કરે છે. આ રીતે ભરત અને ઐરવત ક્ષેત્રમાં એક સાથે દિવસ અને રાત થાય છે. તે જ રીતે પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં એક સાથે દિવસ અને રાત થાય છે.

**જંબૂદ્વીપના પૂર્વ-પશ્ચિમ વિભાગમાં સૂર્યોદય-સૂર્યાસ્ત**




**જંબૂદ્વીપના ઉત્તર-દક્ષિણ વિભાગમાં સૂર્યોદય-સૂર્યાસ્ત**



**વર્ષાદિ ઋતુના પ્રથમ સમય, આવલિકાદિ :–**

**૮ ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणड्ढे वासाणं पढमे समए पडिवज्जइ तया णं उत्तरड्ढेऽवि वासाणं पढमे समए पडिवज्जइ । जया णं उत्तरड्ढे वासाणं पढमे समए पडिवज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमे णं अणंतरपुरक्खडे काल समयंसि वासाणं पढमे समए पडिवज्जइ।**

**ता जया णं जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं वासाणं पढमे समए पडिवज्जइ, तया णं पच्चत्थिमेऽवि वासाणं पढमे समए पडिवज्जइ । जया णं पच्चत्थिमे णं वासाणं पढमे समए पडिवज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणे णं अणंतरपच्छाकडे काल समयंसि वासाणं पढ मे समए पडिवण्णे भवइ ।**

**जहा समओ तहा आवलिया, आणापाणू, थोवे, लवे, मुहुत्ते, अहोरत्ते, पक्खे, मासे, ऊऊ एवं दस आलावगा जहा वासाणं, एवं हेमंताणं गिम्हाणं च भाणियव्वा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી દક્ષિણ વિભાગમાં વર્ષાઋતુનો પ્રથમ સમય હોય, ત્યારે ઉત્તર વિભાગમાં પણ વર્ષાઋતુનો પ્રથમ સમય હોય છે. ઉત્તર વિભાગમાં જ્યારે વર્ષાઋતુનો પ્રથમ સમય હોય, ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી પૂર્વ-પશ્ચિમ વિભાગમાં અનંતર સમયે એટલે પછીના સમયે વર્ષાઋતુનો પ્રથમ સમય હોય છે.

જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી પૂર્વ વિભાગમાં વર્ષા ઋતુનો પ્રથમ સમય હોય ત્યારે પશ્ચિમ વિભાગમાં પણ વર્ષાઋતુનો પ્રથમ સમય હોય છે અને પશ્ચિમ વિભાગમાં જ્યારે વર્ષા ઋતુનો પ્રથમ સમય હોય છે ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી ઉત્તર વિભાગમાં અને દક્ષિણ વિભાગમાં એક સમય પહેલાં વર્ષા ઋતુનો પ્રારંભ થઈ ગયો હોય છે.

વર્ષા ઋતુના પ્રથમ સમયની જેમ પ્રથમ આવલિકાદિનું કથન કરવું– (૧) પ્રથમ સમય (૨) પ્રથમ આવલિકા (૩) પ્રથમ આણપ્રાણ (૪) પ્રથમ સ્તોક (૫) પ્રથમ લવ (૬) પ્રથમ મુહૂર્ત (૭) પ્રથમ અહોરાત્ર (૮) પ્રથમ પક્ષ (૯) પ્રથમ માસ (૧૦) પ્રથમ ઋતુ, આ દસ આલાપક વર્ષાઋતુના કહ્યા છે, તે જ રીતે ગ્રીષ્મ ઋતુ અને હેમંતઋતુના દસ-દસ આલાપક કહેવા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જંબૂદ્વીપના ચાર વિભાગોની અપેક્ષાએ વર્ષા આદિ ત્રણ ઋતુઓના પ્રથમ સમય, આવલિકા આદિ કાલના એકમોનું નિરૂપણ છે.

લોકમાં વર્ષા, હેમંત અને ગ્રીષ્મ(ચોમાસું, શિયાળો, ઉનાળો) ત્રણ ઋતુ માન્ય છે. તેમાં વર્ષાઋતુનો પ્રારંભ અષાઢ માસથી થાય છે. તે ઋતુઓનો પ્રારંભ પહેલાં ઉત્તર-દક્ષિણ વિભાગમાં થાય છે. ઉત્તર-દક્ષિણ વિભાગમાં જે સમયે વર્ષાઋતુનો પ્રારંભ થાય છે તેના અનંતર સમયે પૂર્વ-પશ્ચિમ વિભાગમાં વર્ષાઋતુનો પ્રારંભ થાય છે.

**आलावगा :–** સમય, આવલિકા, આનપાન, સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ અને ઋતુ સુધીના દશ એકમો છે. તે દશની વર્ષાદિ ત્રણ ઋતુમાં પૃચ્છા કરવાથી ત્રીસ આલાપક થાય છે.

**अणंतर पुरक्खडेसमयंसि :–** એક સમય પછીના સમયને અનંતર પુરસ્કૃત સમય કહે છે. ઉત્તર વિભાગ અને દક્ષિણ વિભાગમાં પ્રારંભ થનારી વર્ષાઋતુના પ્રારંભની અપેક્ષાએ અનંતર સમય(પછીના સમયે) પૂર્વ અને પશ્ચિમ વિભાગમાં વર્ષાઋતુનો પ્રારંભ થાય છે.

**अणंतर पच्छाकडेसमयंसि :–** એક સમય પહેલાંના સમયને અનંતર પશ્ચાત્કૃત સમય કહે છે. પૂર્વ-પશ્ચિમ વિભાગમાં પ્રારંભ થનારી વર્ષાઋતુના પ્રારંભની અપેક્ષાએ ઉત્તર-દક્ષિણ વિભાગમાં એક સમય પહેલાં વર્ષાઋતુનો પ્રારંભ થાય છે.

**અયનાદિનો પ્રારંભ :–**

**९ ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणड्ढे पढमे अयणे पडिवज्जइ तया णं उत्तरड्ढेऽवि पढमे अयणे पडिवज्जइ । ता जया णं उत्तरड्ढे पढमे अयणे पडिवज्जइ, तया णं दाहिणड्ढेऽवि पढमे अयणे पडिवज्जइ । ता जया णं उत्तरड्ढे पढमे अयणे पडिवज्जइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमे णं अणंतरपुरक्खडे काल समयंसि पढमे अयणे पडिवज्जइ । ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं पढमे अयणे पडिवज्जइ, तया णं पच्चत्थिमेऽवि पढमे अयणे पडिवज्जइ । जया णं पच्चत्थिमे णं पढमे अयणे पडिवज्जइ, तया णं पुरत्थिमेऽवि पढमे अयणे पडिवज्जइ । ता जया णं पच्चत्थिमे णं पढमे अयणे पडिवज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणे णं अणंतरपच्छाकडे काल समयंसि पढमे अयणे पडिवज्जइ ।**

**जहा अयणे तहा संवच्छरे, जुगे, वाससए, वाससहस्से, वाससयसहस्से, पुव्वंगे, पुव्वे एवं** *जाव* **सीसपहेलिया पलिओवमे सागरोवमे य ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી દક્ષિણ વિભાગમાં જ્યારે પ્રથમ અયન(દક્ષિણાયન) હોય છે ત્યારે ઉત્તર વિભાગમાં પણ પ્રથમ અયન હોય છે અને ઉત્તર વિભાગમાં જ્યારે પ્રથમ અયન હોય છે ત્યારે દક્ષિણ વિભાગમાં પણ પ્રથમ અયન હોય છે. જ્યારે ઉત્તર વિભાગમાં પ્રથમ અયન હોય છે ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી પૂર્વ તથા પશ્ચિમ વિભાગમાં એક સમય પછી પ્રથમ અયનનો પ્રારંભ થાય છે.

જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી પૂર્વ વિભાગમાં જ્યારે પ્રથમ અયન હોય છે ત્યારે પશ્ચિમ વિભાગમાં પણ પ્રથમ અયન હોય છે અને પશ્ચિમ વિભાગમાં જ્યારે પ્રથમ અયન હોય છે ત્યારે પૂર્વ વિભાગમાં પણ પ્રથમ અયન હોય છે. જ્યારે પશ્ચિમ વિભાગમાં પ્રથમ અયન હોય છે ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી ઉત્તર-દક્ષિણ વિભાગમાં એક સમય પહેલાં પ્રથમ અયન નો પ્રારંભ થઈ ગયો હોય છે.

અયનના આલાપકની જેમ જ સંવત્સર, યુગ, સો વર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, પૂર્વાંગ, પૂર્વ ***યાવત્*** શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ અને સાગરોપમ સુધીના આલાપક કહેવા જોઈએ.

**૧૦ ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणड्ढे पढमा उस्सप्पिणी पडिवज्जइ, तया णं उत्तरड्ढेऽवि पढमा उस्सप्पिणी पडिवज्जइ । ता जया णं उत्तरड्ढे पढमा उस्सप्पिणी पडिवज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम-पच्चत्थिमे णं णेवत्थि उस्सप्पिणी णेवत्थि ओसप्पिणी अवट्ठिए णं तत्थ काले पण्णत्ते समणाउसो ! एवं ओसप्पिणी ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી દક્ષિણ વિભાગમાં જ્યારે ઉત્સર્પિણી કાલનો પ્રથમ આરો હોય છે ત્યારે ઉત્તર વિભાગમાં પણ ઉત્સર્પિણી કાલનો પ્રથમ આરો હોય છે અને ઉત્તર વિભાગમાં જ્યારે ઉત્સર્પિણી કાલનો પ્રથમ આરો હોય છે ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી પૂર્વ વિભાગમાં તથા પશ્ચિમ વિભાગમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ હોતો નથી. હે આયુષ્યમાન શ્રમણ ! ત્યાં હંમેશાં અવસ્થિત કાલ રહે છે, આ પ્રકારે અવસર્પિણીકાલનો આલાપક પણ કહેવો જોઈએ.

**વિવેચન :–**

પૂર્વ સૂત્રોમાં વર્ષાદિ ત્રણ ઋતુમાં સમય, આવલિકા, આણપ્રાણ–શ્વાસોચ્છ્વાસ આદિ કાલના દસ એકમ વિષયક પૃચ્છા છે અને પ્રસ્તુત સૂત્રોમાં ત્યાર પછીના કાલ વિભાગના અન્ય એકમો અર્થાત્ અયન અને યુગથી પ્રારંભ કરી ઉત્સર્પિણી-અવસર્પિણી કાલ સુધીના એકમોનું નિરૂપણ છે.

**णेवत्थि ओसप्पिणी** :– ઉત્તર અને દક્ષિણ વિભાગમાં ઉત્સર્પિણીકાલ અને અવસર્પિણી કાલ હોય છે. પૂર્વ-પશ્ચિમ વિભાગમાં સમય, આવલિકા આદિ કાલના દરેક એકમોનું પ્રવર્તન થાય છે, પરંતુ ત્યાં તથાપ્રકારના શાશ્વત સ્વભાવથી ઉત્સર્પિણી-અવસર્પિણીકાલ રૂપ કાલનું પરિવર્તન થતું નથી. ત્યાં સદાને માટે સમાન કાલ હોય છે. આગમમાં તેને માટે નોઉત્સર્પિણી-નોઅવસર્પિણીકાલ શબ્દપ્રયોગ છે.

**अयन :–** છ મહિનાનું એક અયન થાય છે. બે અયનનું એક વર્ષ હોય છે. સમયાદિ એકમોમાં અયન અગિયારમું એકમ છે. વર્ષના પ્રારંભમાં પ્રથમ દક્ષિણાયન હોય છે. **युग** = પાંચ વર્ષનો યુગ થાય છે.

**કાલના સમસ્ત એકમોનું પરિમાણ :–** કાલના સૂક્ષ્મ, અભેદ્ય અને નિરવયવ અંશને **સમય** કહે છે. તે ગણનાકાલનું આદ્ય એકમ છે. અસંખ્યાત સમયોના સમુદાયને **આવલિકા** કહે છે. સંખ્યાત આવલિકા પ્રમાણ કાલને **આણપ્રાણ** કહે છે. તેનું બીજું નામ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ છે. હૃષ્ટ-પુષ્ટ, નીરોગી, સ્વસ્થ વ્યક્તિને એક વાર શ્વાસ લેવા અને મૂકવામાં જેટલો સમય લાગે તેને **આણપ્રાણ** કહે છે.

| | |
|---|---|
| અસંખ્યાત સમય = ૧ આવલિકા | ૩ ઋતુ = ૧ અયન |
| સંખ્યાત આવલિકા = ૧ આણપ્રાણ | ૨ અયન = ૧ સંવત્સર |
| ૭ આણપ્રાણ = ૧ સ્તોક | ૫ સંવત્સર = ૧ યુગ |
| ૭ સ્તોક = ૧ લવ | ૨૦ યુગ = ૧ શત વર્ષ |
| ૭૭ લવ અથવા ૩૭૭૩ આણપ્રાણ = ૧ મુહૂર્ત | ૧૦ શત વર્ષ = ૧ સહસ્ર વર્ષ |

| | |
|---|---|
| ૩૦ મુહૂર્ત = ૧ અહોરાત્રિ | ૧૦૦ સહસ્ર વર્ષ = ૧ લાખ વર્ષ |
| ૧૫ અહોરાત્ર = ૧ પક્ષ | ૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ |
| ૨ પક્ષ = ૧ માસ | ૮૪ લાખ પૂર્વાંગ = ૧ પૂર્વ |
| ૨ માસ = ૧ ઋતુ | ૮૪ લાખ પૂર્વ = ૧ ત્રુટિતાંગ |
| | ૮૪ લાખ ત્રુટિતાંગ = ૧ ત્રુટિત |

પૂર્વ સંખ્યાઓને ૮૪-૮૪ લાખથી ગુણતાં ત્યાર પછીની સંખ્યા પ્રાપ્ત થાય છે. આ રીતની ગણના પૂર્વાંગથી લઈને શીર્ષપ્રહેલિકા પર્યંત થાય છે. શીર્ષપ્રહેલિકા ૧૯૪ અંક પ્રમાણ છે. તેમાં ૫૪ આંકડા અને ૧૪૦ શૂન્ય હોય છે. તે ગણનાકાલનું અંતિમ એકમ છે. જો કે શીર્ષપ્રહેલિકા પછી પણ સંખ્યાતકાલ છે પરંતુ તે કાળની ગણના ઉપમા દ્વારા કરાય છે. દસ ક્રોડાક્રોડી પલ્યોપમ = ૧ સાગરોપમ, ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ = ૧ ઉત્સર્પિણીકાલ અને ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ = એક અવસર્પિણીકાલ થાય છે, આ રીતે ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ = ૧ કાલચક્ર થાય છે.

પલ્યોપમ અને સાગરોપમ આ બંને એકમો ગણનાના વિષય નથી, તે ઉપમાના વિષય છે તેથી તેને ઉપમાકાલ કહે છે. પલ્યોપમ અને સાગરોપમનું વિસ્તૃત વિવેચન શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં છે.

**અવસર્પિણી કાલ :–** જે કાલમાં મનુષ્યના સંઘયણ અને સંસ્થાન ઉત્તરોત્તર હીન–ન્યૂન થતા જાય છે; આયુષ્ય અને અવગાહના ઘટતી જાય છે તથા ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર–પરાક્રમનો ક્રમશઃ હ્રાસ થતો જાય છે; પુદ્ગલોના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હીન થતા જાય છે અને શુભભાવોમાં હાનિ તથા અશુભ ભાવોમાં વૃદ્ધિ થતી જાય છે, તેને અવસર્પિણીકાલ કહે છે. આ કાલ દસ ક્રોડાકોડી સાગરોપમનો છે. તેના છ વિભાગ (આરા) હોય છે. તે અર્ધકાલચક્ર કહેવાય છે.

અવસર્પિણીના પ્રથમ વિભાગ અર્થાત્ પ્રથમ આરા માટે **पढमा ओसप्पिणी** શબ્દ પ્રયોગ થયો છે. અવસર્પિણી કાલના છ આરા પૂર્ણ થાય ત્યારે ઉત્સર્પિણી કાલનો પ્રારંભ થાય છે.

**ઉત્સર્પિણીકાલ :–** જે કાલમાં જીવોના સંઘયણ અને સંસ્થાન ઉત્તરોત્તર અધિકાધિક શુભ થતા જાય છે; આયુષ્ય અને અવગાહના વધતી જાય છે; ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર–પરાક્રમની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે તથા પુદ્ગલોના વર્ણાદિ શુભ થતા જાય છે; અશુભતમ ભાવોમાં ક્રમશઃ હાનિ, શુભ ભાવોમાં વૃદ્ધિ થતી જાય છે, તેને ઉત્સર્પિણીકાલ કહે છે. આ કાલ પણ દશ ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે, તેના પણ છ વિભાગ(આરા) હોય છે. તે પણ અર્ધ કાલચક્ર કહેવાય છે. ઉત્સર્પિણીકાલના પ્રથમ વિભાગ અર્થાત્ પ્રથમ આરા માટે **पढमा उस्सपिणी** શબ્દપ્રયોગ થયો છે.

એક અવસર્પિણીકાલ અને એક ઉત્સર્પિણીકાલ મળીને એક કાલચક્ર થાય છે. ઉત્સર્પિણીકાલના છ આરા પૂર્ણ થાય ત્યારે અવસર્પિણી કાલનો પ્રારંભ થાય છે. આ કાલચક્ર સતત ફર્યા કરે છે.

### લવણ સમુદ્રાદિમાં દિવસ આદિ :–

**૧૧ ता लवणे णं समुद्दे सूरिया उदीणपाइणमुगच्छ तहेव । ता जया णं लवणे समुद्दे दाहिणड्ढे दिवसे भवइ तया णं लवणे समुद्दे उत्तरड्ढेऽवि दिवसे भवइ । ता जया णं लवणे समुद्दे उत्तरड्ढे दिवसे भवइ तया णं लवणे समुद्दे पुरत्थिम–**

**पच्चित्थिमे णं राई भवइ । सेसं जहा जंबुद्दीवे दीवे तहेव** *जाव* **ओसप्पिणी ।**

**ભાવાર્થ :–** લવણ સમુદ્રમાં સૂર્ય ઉત્તરપૂર્વ(ઈશાન કોણ)માં ઉદય પામે છે વગેરે વર્ણન પૂર્વવત્ જાણવું. લવણસમુદ્રના દક્ષિણ વિભાગમાં જ્યારે દિવસ હોય છે ત્યારે લવણ સમુદ્રના ઉત્તર વિભાગમાં પણ દિવસ હોય છે અને લવણ સમુદ્રના ઉત્તર વિભાગમાં જ્યારે દિવસ હોય છે ત્યારે લવણ સમુદ્રના પૂર્વ તથા પશ્ચિમ વિભાગમાં રાત્રિ હોય છે. જે રીતે જંબૂદ્વીપ નામના દ્વીપમાં અવસર્પિણીકાલ સુધીનું કથન કર્યું છે, તે જ રીતે લવણ સમુદ્રમાં અવસર્પિણીકાલ સુધીનું કથન કરવું જોઈએ.

**१२ ता धायइखंडे णं दीवे सूरिया उदीणपाईणमुग्गच्छंति, पाईण– दाहिणमागच्छंति** *जाव* **पडीणउदीणमुग्गच्छंति, उदीणपाईणमागच्छंति । ता जया णं धायइसंडे दीवे मंदराणं पव्वयाणं दाहिणड्ढे दिवसे भवइ तया णं उत्तरड्ढेऽवि दिवसे भवइ, जया णं उत्तरड्ढे दिवसे भवइ तया णं धायइसंडे दीवे मंदराणं पव्वयाणं पुरत्थिम– पच्चत्थिमे णं राई भवइ, सेसं जहा जंबुद्दीवे दीवे तहेव** *जाव* **ओसप्पिणी ।**

**कालोए णं समुद्दे जहा लवणे समुद्दे तहेव ।**

**ભાવાર્થ :–** ધાતકીખંડ દ્વીપમાં સૂર્ય ઉત્તરપૂર્વ(ઈશાનકોણ)માં ઉદય પામે છે અને પૂર્વદક્ષિણ (અગ્નિકોણ)માં અસ્ત પામે છે ***યાવત્*** પશ્ચિમઉત્તર(વાયવ્યકોણ)માં ઉદય પામે છે અને ઉત્તરપૂર્વ (ઈશાન કોણ)માં અસ્ત પામે છે. જ્યારે ધાતકી ખંડદ્વીપના મંદર પર્વતથી દક્ષિણ વિભાગમાં દિવસ હોય છે ત્યારે ઉત્તર વિભાગવમાં પણ દિવસ હોય છે. જ્યારે ઉત્તર વિભાગમાં દિવસ હોય છે ત્યારે ધાતકીખંડ દ્વીપના મંદર પર્વતથી પૂર્વ-પશ્ચિમ વિભાગમાં રાત્રિ હોય છે. જંબૂદ્વીપ નામના દ્વીપના અવસર્પિણીકાલ સુધીના આલાપક કહ્યા છે, તે જ રીતે ધાતકીખંડના અવસર્પિણીકાલ સુધીના શેષ આલાપક પણ કહેવા જોઈએ. લવણ સમુદ્રના આલાપકોની સમાન કાલોધિ સમુદ્રના આલાપક કહેવા જોઈએ.

**१३ ता अब्भंतर-पुक्खरद्धे णं दिवे सूरिया उदीणपाईणमुग्गच्छंति, पाईण दाहिणमागच्छंति** *जाव* **पडीणउदीणमुग्गच्छंति, उदीणपाईणमागच्छंति । ता जया णं अब्भंतर-पुक्खरद्धे मंदराणं पव्वयाणं दाहिणड्ढे दिवसे भवइ तया णं उत्तरड्ढेऽवि दिवसे भवइ, जया णं उत्तरड्ढे दिवसे भवइ तया णं अब्भिंतरपुक्खरद्धे मंदराणं पव्वयाणं पुरत्थिम–पच्छत्थिमे णं राई भवइ ।**

**सेसं जहा जंबुद्दीवे दीवे तहेव** *जाव* **ओसप्पिणी ।**

**ભાવાર્થ :–** આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપમાં સૂર્ય ઉત્તરપૂર્વ(ઈશાનકોણ)માં ઉદય પામે છે અને પૂર્વદક્ષિણ (અગ્નિકોણ)માં અસ્ત પામે છે. ***યાવત્*** પશ્ચિમઉત્તર (વાયવ્ય કોણ)માં ઉદય પામે છે અને ઉત્તરપૂર્વ (ઈશાનકોણ)માં અસ્ત પામે છે. આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપમાં મંદર પર્વતથી દક્ષિણ વિભાગમાં જ્યારે દિવસ હોય છે ત્યારે ઉત્તર વિભાગમાં પણ દિવસ હોય છે અને જ્યારે ઉત્તર વિભાગમાં દિવસ હોય છે ત્યારે આભ્યંતર પુષ્કરાર્ધમાં મંદર પર્વતથી પૂર્વ તથા પશ્ચિમ વિભાગમાં રાત્રિ હોય છે.

જે રીતે જંબૂદ્વીપ દ્વીપના આલાપક કહ્યા તે રીતે આભ્યંતર પુષ્કરાર્ઘ દ્વીપના અવસર્પિણી કાલ સુધીના આલાપક કહેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં લવણ સમુદ્ર, ધાતકીખંડદ્વીપ, કાલોદધિ સમુદ્ર અને અર્ધપુષ્કર દ્વીપમાં સૂર્યોદય અને સૂર્યાસ્તની વ્યવસ્થાનું વર્ણન છે તથા ૠતુ આદિના પ્રારંભનું કથન જંબૂદ્વીપના અતિદેશ પૂર્વક છે.

**અઢીદ્વીપનો પરિચય અને તેમાં સૂર્ય-ચંદ્રની સંખ્યા :–** જૈન ભૌગોલિક દષ્ટિએ મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર છે. તેની મધ્યમાં એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે. તે થાળીના આકારે છે. તેમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. તેને ફરતો બે લાખ યોજનનો લવણ સમુદ્ર છે, તે વલયાકારે છે. તેમાં ચાર ચંદ્રઅને ચાર સૂર્ય છે. તેને ફરતો ચાર લાખ યોજનનો વલયાકારે ધાતકીખંડ છે, તેમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે. તેને ફરતો આઠ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર છે, તેમાં ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય છે. તેને ફરતો ૧૬ લાખ યોજનનો વલયાકારે પુષ્કરવર દ્વીપ છે. પુષ્કર દ્વીપમાં ૧૪૪ સૂર્ય અને ૧૪૪ ચંદ્ર છે અને અર્ધ પુષ્કર દ્વીપમાં ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય છે. પુષ્કર દ્વીપની બરોબર વચ્ચે વલયાકારે માનુષોત્તર પર્વત છે, જે અઢ ીદ્વીપ અને બે સમુદ્રની ચારે તરફ ગઢ–દુર્ગ સમાન છે. આ પર્વત મધ્યમાં હોવાથી પુષ્કરવર દ્વીપના બે વિભાગ થાય છે. (૧) આભ્યંતર પુષ્કર દ્વીપ અને (૨) બાહ્ય પુષ્કર દ્વીપ. આ પર્વત મનુષ્ય ક્ષેત્રની સીમા નિર્ધારિત કરે છે, તેથી તેને માનુષોત્તર પર્વત કહે છે. માનુષોત્તર પર્વત પછી પણ અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર છે પરંતુ તેમાં મનુષ્ય નથી. માનુષોત્તર પર્વત સુધી અઢી દ્વીપ અને બે સમુદ્રોની કુલ લંબાઈ-પહોળ ાઈ ૪૫ લાખ યોજન છે. અઢીદ્વીપમાં કુલ ૧૩૨ સૂર્ય અને ૧૩૨ ચંદ્ર છે.


**અઢીદ્વીપના સૂર્ય-ચંદ્રની સંખ્યા :–**

| | | |
|---|---|---|
| જંબૂદ્વીપમાં | ૨ સૂર્ય | ૨ ચંદ્ર |
| લવણસમુદ્રમાં | ૪ સૂર્ય | ૪ ચંદ્ર |
| ધાતકી ખંડ દ્વીપમાં | ૧૨ સૂર્ય | ૧૨ ચંદ્ર |
| કાલોદધિ સમુદ્રમાં | ૪૨ સૂર્ય | ૪૨ ચંદ્ર |
| પુષ્કરાર્દ્ધ દ્વીપમાં | ૭૨ સૂર્ય | ૭૨ ચંદ્ર |
| અઢીદ્વીપમાં કુલ | ૧૩૨ સૂર્ય | ૧૩૨ ચંદ્ર છે. |

લવાણાદિ સમુદ્રના સૂર્યો જંબૂદ્વીપના સૂર્યની સમ પંક્તિમાં રહી જંબૂદ્વીપના સુદર્શન મેરુને પ્રદક્ષિણા કરે છે. પ્રસ્તુત સૂત્રમાં **मंदराणं** શબ્દથી જંબૂદ્વીપના મેરુ પર્વતનું ગ્રહણ થાય છે તથા **दाहिणड्ढे–उत्तरड्ढे** થી સુદર્શન મેરુથી અઢીદ્વીપના દક્ષિણ વિભાગ અને ઉત્તર વિભાગનું ગ્રહણ થાય છે.

અઢીદ્વીપમાં ઉત્તર વિભાગ અને દક્ષિણ વિભાગમાં દિવસ હોય, ત્યારે પૂર્વ વિભાગ પશ્ચિમ વિભાગમાં રાત્રિ હોય છે, દિવસનું પ્રમાણ ઘટતું જાય, તેટલું જ રાત્રિનું પ્રમાણ વધતું જાય છે. ૠતુ વગેરેનો પ્રારંભ ઉત્તર-દક્ષિણ વિભાગમાં પહેલા થાય અને ત્યાર પછીના જ સમયે પૂર્વ-પશ્ચિમ વિભાગમાં ૠતુનો પ્રારંભ થાય છે. લવણ સમુદ્ર, ધાતકી ખંડ, કાલોદધિ સમુદ્ર તથા પુષ્કરાર્ઘ દ્વીપના ઉત્તર અને દક્ષિણ વિભાગમાં તથા પૂર્વ અને પશ્ચિમ વિભાગમાં દિવસ-રાત્રિ વગેરે સમાન રૂપે હોય છે.

**અઢીદ્વીપમાં રાત્રિ–દિવસ કરતા ૧૩૨ સૂર્ય :–**



## ॥ આઠમું પ્રાભૃત સંપૂર્ણ ॥

# નવમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત નવમા પ્રાભૃતમાં પ્રાયઃ પોરિસિ છાયા-પડછાયા (**कइ कट्ठा पोरिसि छाया** –૧/૧/૩)નું વર્ણન છે.

સૂર્યના કિરણો દ્વારા તાપ(ઉષ્ણતા) અને પ્રકાશ સર્વત્ર પહોંચે છે. સૂર્ય કિરણોની ઉષ્ણતાના કારણે તાપક્ષેત્રગત પદાર્થો(પુદ્ગલો) તપ્ત થાય છે. પ્રસ્તુત પ્રાભૃતના પ્રારંભમાં સૂર્ય કિરણો દ્વારા પદાર્થોને તપ્ત કરવાની રીતનું કથન છે. સૂર્ય વિમાનમાંથી જે કિરણો પ્રસારિત થાય છે, તે કિરણોના અંતરાલમાં રહેલા પુદ્ગલોને તે કિરણો તાપ(ઉષ્ણતા)થી વાસિત કરે છે એટલે ઉષ્ણ બનાવે છે. તે વાસિત પુદ્ગલો છિન્ન કિરણ કહેવાય છે, આ છિન્ન કિરણો સમીપવર્તી પુદ્ગલો(પદાર્થો)ને તપ્ત કરે છે.

જે પદાર્થો સૂર્ય કિરણોના ક્ષેત્રમાં હોય તેને તે સૂર્ય કિરણો તપ્ત કરે છે અને તે કિરણોના અંતરાલમાં રહેલા પદાર્થોને છિન્ન કિરણો તપ્ત કરે છે.

સૂર્ય પ્રકાશના અવરોધક પદાર્થો જ્યારે સૂર્ય પ્રકાશને અવરોધે(અટકાવે) છે ત્યારે તે પદાર્થોની છાયા(પડછાયો) નિષ્પન્ન થાય છે. વસ્તુના અવરોધથી જે સ્થાનમાં પ્રકાશ પુદ્ગલો પહોંચતા નથી ત્યાં અંધકારના કાળા વર્ણના પુદ્ગલો ફેલાય છે અને વસ્તુના આકાર જેવા જ આકારવાળી છાયા નિર્મિત થાય છે.

સૂર્યોદય–સૂર્યાસ્ત સમયે સૂર્ય નીચે હોય છે, પ્રકાશ દૂરથી આવતો હોય ત્યારે છાયા લાંબી હોય છે અને સૂર્ય જેમ જેમ ઉપર આવતો જાય, પ્રકાશ નજીક થતો જાય, તેમ તેમ છાયા ટૂંકી થતી જાય છે.

બરાબર સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે વસ્તુ કરતાં સાધિક ઓગણસાંઠ ગુણી લાંબી છાયા હોય છે. દિવસના એકસો વીસ(૧૨૦) ભાગ કરવામાં આવે, તો સૂર્યોદયથી દિવસનો ૧૨૦મો ભાગ વ્યતીત થાય ત્યારે અથવા સૂર્યાસ્ત પૂર્વે ૧૨૦મો ભાગ શેષ હોય ત્યારે વસ્તુ કરતાં ઓગણસાંઠ ગુણી છાયા નિષ્પન્ન થાય છે. દિવસનો ૧૧૯મો ભાગ વ્યતીત થાય અથવા શેષ હોય ત્યારે ૫૮॥ ગુણી છાયા હોય છે, આ રીતે એક-એક દિવસ ભાગ ઘટે ત્યારે છાયા અર્ધ-અર્ધ ભાગ ઘટતી જાય છે.

દિવસના બે ભાગ કરીએ, ત્યારે બે ભાગમાંથી એક ભાગ વ્યતીત થાય એક ભાગ શેષ હોય ત્યારે અર્થાત્ સૂર્ય બરાબર (માથે) મધ્યાહ્ને હોય ત્યારે વસ્તુની છાયા હોતી નથી અને દિવસના ચાર ભાગમાંથી ચોથો ભાગ વ્યતીત થાય કે શેષ હોય ત્યારે વસ્તુ જેવડી જ છાયા હોય છે.

પ્રસ્તુત નવમા પ્રાભૃતમાં દિવસ ભાગમાં છાયાના માપનું કથન છે અને દસમા પ્રાભૃતના દસમા પ્રતિપ્રાભૃતમાં દક્ષિણાયન-ઉત્તરાયણના છ-છ માસમાં થતી છાયાની વૃદ્ધિ-હાનિનું કથન છે.

❖❖❖❖❖

# નવમું પ્રાભૃત

## પુરુષ છાયા

**સૂર્ય તાપથી તપ્ત પુદ્ગલ વિષયક ત્રણ પ્રતિપત્તિઓ :–**

**१** **ता कइकट्टं सूरिए पोरिसिच्छायं णिव्वत्तेइ आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ तिण्णि पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–**

**तत्थेगे एवमाहंसु–ता जे णं पोग्गला सूरियस्स लेसं फुसंति, ते णं पोग्गला संतप्पंति, ते णं पोग्गला संतप्पमाणा तदणंतराइं बाहिराइं पोग्गलाइं संतावेंतीति, एस णं से समिए तावक्खेत्ते, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता जे णं पोग्गला सूरियस्स लेसं फुसंति, ते णं पोग्गला णो संतप्पंति, ते णं पोग्गला असंतप्पमाणा तदणंतराइं बाहिराइं पोग्गलाइं णो संतावेंतीति, एस णं से समिए तावक्खेत्ते, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता जे णं पोग्गला सूरियस्स लेसं फुसंति, ते णं पोग्गला अत्थेगइया संतप्पंति, अत्थेगइया णो संतप्पंति,**

**तत्थ अत्थेगइया संतप्पमाणा तदणंतराइं बाहिराइं पोग्गलाइं अत्थेगइयाइं संतावेंति, अत्थेगइयाइं णो संतावेंती, एस णं से समिए तावक्खेत्ते, एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્ય કેવી રીતે પુરુષ છાયાને(પડછાયાને) ઉત્પન્ન કરે છે ? અર્થાત્ પુરુષ છાયા-પડછાયો જે પ્રકાશથી ઉત્પન્ન થાય છે, તે સૂર્ય પ્રકાશ કેવી રીતે ફેલાય છે ? **ઉત્તર–** સૂર્યના તાપથી તપ્ત થતા પદાર્થના વિષયમાં અન્યતીર્થિકોની ત્રણ પ્રતિપત્તિઓ છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે તાપ ક્ષેત્રમાં રહેલા જે પુદ્ગલો સૂર્ય લેશ્યા–કિરણોને સ્પર્શે છે, તે પુદ્ગલો સંતપ્ત(ગરમ, ઉષ્ણ) થાય છે અને તે સંતપ્ત થયેલા પુદ્ગલો તદનંતર એટલે કોઈ પણ પ્રકારના વ્યવધાન વિના નિકટવર્તી બહારના અર્થાત્ સૂર્ય કિરણના સ્પર્શને નહીં પામેલા પુદ્ગલોને સંતપ્ત કરે છે. સમિત અર્થાત્ સૂર્યથી ઉત્પન્ન તાપક્ષેત્રનું આવું સ્વરૂપ છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે જે પુદ્ગલો સૂર્ય કિરણને સ્પર્શે છે તે પુદ્ગલો સંતપ્ત થતા નથી અને અસંતપ્ત તે પુદ્ગલો તદનંતર–સૂર્ય કિરણના સ્પર્શને નહીં પામેલા બહારના પુદ્ગલોને સંતપ્ત કરતા નથી. સૂર્યથી ઉત્પન્ન તાપક્ષેત્રનું આવું સ્વરૂપ છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે જે પુદ્ગલો સૂર્ય લેશ્યાનો સ્પર્શ કરે છે, તે પુદ્ગલોમાંથી કેટલાક પુદ્ગલો સંતપ્ત થાય છે અને કેટલાક પુદ્ગલો સંતપ્ત થતાં નથી. સંતપ્ત પુદ્ગલોમાંથી કેટલાક

સંતપ્ત પુદ્ગલો વ્યવધાન વિના પોતાની અતિ નિકટ રહેલા અને સૂર્ય કિરણના સ્પર્શથી બહાર રહેલા કેટલાક પુદ્ગલોને તપાવે છે તથા કેટલાકને તપાવતા નથી. સૂર્યથી ઉત્પન્ન તાપક્ષેત્રનું આવું સ્વરૂપ છે.

**પદાર્થોની સૂર્યના તાપથી તપ્ત થવાની પદ્ધતિ :–**

**२ वयं पुण एवं वयामो ता जाओ इमाओ चंदिम–सूरियाणं देवाणं विमाणेहिंतो लेसाओ बहिया अभिणिस्सढाओ पतावेंति,**

**एयासि णं लेसाणं अंतरेसु अण्णयरीओ छिण्णलेसाओ संमुच्छंति, तए णं ताओ छिण्णलेसाओ संमुच्छियाओ समाणीओ तदणंतराइं बाहिराइं पोग्गलाइं संतावेंतीइ, एस णं से समिए तावक्खेत्ते ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે આ આકાશમાં દેખાતા ચંદ્ર અને સૂર્યના દેવવિમાનમાંથી લેશ્યા(પ્રકાશ, કિરણો) બહાર નીકળે છે અને તે તાપક્ષેત્રમાં સર્વત્ર ફેલાય છે અને તાપક્ષેત્રમાં રહેલા પુદ્ગલોને તપાવે છે તથા પ્રકાશિત કરે છે.

આ સૂર્ય કિરણોના અંતરાલમાં અન્ય છિન્ન લેશ્યા–છિન્ન કિરણો ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થતાં છિન્ન કિરણો અવ્યવહિત રૂપે સમીપે રહેલા અને સૂર્ય કિરણોથી નહીં સ્પર્શાયેલા અર્થાત્ બહારના પુદ્ગલોને સંતપ્ત કરે છે. સૂર્યથી ઉત્પન્ન તાપક્ષેત્રનું આવું સ્વરૂપ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચંદ્ર તથા સૂર્ય કિરણો પોતાના તાપક્ષેત્રમાં રહેલા પુદ્ગલોને કેવી રીતે તપાવે છે, કેવી રીતે પ્રકાશિત તેનું કથન છે. ચંદ્ર વિમાનના પૃથ્વીકાયના જીવોને ઉદ્યોત નામ કર્મનો ઉદય હોય છે, તેથી તે વિમાનમાંથી શીતળ પ્રકાશના કિરણો ચોતરફ ફેલાય છે અને સૂર્ય વિમાનના પૃથ્વીકાયના જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે, તેથી તેમાંથી ઉષ્ણ પ્રકાશ ચારે તરફ ફેલાય છે. **विमानेभ्यो निसृतानां लेश्यानामन्तरेषु अपान्तरालेष्वन्यतराश्छिन्न लेश्याः सम्मूर्च्छन्ति, ततस्ता मूलच्छिन्ना लेश्याः सम्मूर्च्छिताः सत्यस्तदनन्तरान् बाह्यान् पुद्गलान् संतापयन्ति ।**– વૃત્તિ. સૂર્યાદિ વિમાનમાંથી નીકળતા કિરણોની વચ્ચે છિન્ન લેશ્યા (છિન્ન કિરણો) ઉત્પન્ન થાય છે. જેમ કોઈ મનુષ્ય બોલતા સમયે ભાષાના પુદ્ગલોને છોડે છે ત્યારે તે ભાષાના પુદ્ગલો છએ દિશામાં આગળ વધતા વિદિશા ગત પુદ્ગલોને ભાષારૂપે પરિણત–વાસિત કરે છે, તેમ આ પ્રકાશના કિરણો અન્ય પુદ્ગલોને ઉષ્ણ રૂપે પરિણત કરે છે, તેને છિન્ન કિરણો કહેવામાં આવે છે. તે પુદ્ગલો મૂળ ઉદ્ગમ સ્થાન રૂપ સૂર્ય વિમાનથી નિષ્પન્ન નથી, તેની સાથે જોડાયેલા નથી, તેથી તે છિન્ન લેશ્યા–છિન્ન કિરણોના નામથી ઓળખાય છે. આ છિન્ન કિરણો પોતાના સમીપવર્તી પુદ્ગલોને સંતપ્ત કરે છે.

**પૌરુષી છાયાની નિષ્પત્તિ સમય વિષયક ૨૫ પ્રતિપ્રત્તિઓ :–**

**३ ता कइकट्ठे ते सूरिए पोरिसिच्छायं णिव्वत्तेइ आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ पणवीसं पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–**

**तत्थेगे एवमाहंसु–ता अणुसमयमेव सूरिए पोरिसिच्छायं णिव्वत्तेइ, आहिएति वएज्जा, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता अणुमुहुत्तमेव सूरिए पोरिसिच्छायं णिव्वत्तेइ,आहिएति वएज्जा । एवं एएणं अभिलावेणं णेयव्वं, ता जाओ चेव ओयसंठिईए पडिवत्तीओ ताओ चेव णेयव्वाओ** *जाव*

**एगे पुण एवमाहंसु–ता अणुउस्सप्पिणि–ओसप्पिणिमेव सूरिए पोरिसिच्छायं णिव्वत्तेइ आहिएति वएज्जा, एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય કેટલા સમયમાં પુરુષ છાયાની નિષ્પત્તિ કરે છે ? **ઉત્તર–** પુરુષ છાયા ઉત્પત્તિ સમયના વિષયમાં અન્યતીર્થિકોની પચીસ પ્રતિપત્તિઓ છે, તે આ પ્રમાણે છે– (૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય પ્રત્યેક સમયે પુરુષ છાયાની ઉત્પત્તિ કરે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય પ્રત્યેક મુહૂર્તે પુરુષ છાયાની ઉત્પત્તિ કરે છે. પ્રકાશ સંસ્થિતિના વિષયમાં છઠ્ઠા પ્રાભૃતમાં કહ્યું છે તેમ (૩) પ્રત્યેક અહોરાત્ર (૪) પ્રત્યેક પક્ષ (૫) પ્રત્યેક માસ (૬) પ્રત્યેક ઋતુ (૭) પ્રત્યેક અયન (૮) પ્રત્યેક સંવત્સર (૯) પ્રત્યેક યુગ (૧૦) પ્રત્યેક સો વર્ષ (૧૧) પ્રત્યેક હજાર વર્ષ (૧૨) પ્રત્યેક લાખ વર્ષ (૧૩) પ્રત્યેક પૂર્વ (૧૪) પ્રત્યેક સો પૂર્વ (૧૫)પ્રત્યેક હજાર પૂર્વ (૧૬) પ્રત્યેક લાખ પૂર્વ (૧૭) પ્રત્યેક પલ્યોપમ (૧૮) પ્રત્યેક સો પલ્યોપમ (૧૯) પ્રત્યેક હજાર પલ્યોપમ (૨૦) પ્રત્યેક લાખ પલ્યોપમ (૨૧) પ્રત્યેક સાગરોપમ (૨૨) પ્રત્યેક સો સાગરોપમ (૨૩) પ્રત્યેક હજાર સાગરોપમ અને (૨૪) પ્રત્યેક લાખ સાગરોપમનું કથન છે, તે જ પાઠથી અહીં કથન કરવું યાવત્ (૨૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય પ્રત્યેક ઉત્સર્પિણી-અવસર્પિણીએ પુરુષ છાયાની ઉત્પત્તિ કરે છે.

**પુરુષ છાયા ઉત્પત્તિના પરિબળો :–**

**૪ वयं पुण एवं वयामो ता सूरियस्स णं उच्चत्तं च लेसं च पडुच्च छायुद्देसे, उच्चत्तं च छायं पडुच्च लेसुद्देसे, लेसं च छायं च पडुच्च उच्चत्तोद्देसे ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે– (૧) સૂર્યની ઊંચાઈ અને પ્રકાશની અપેક્ષાએ છાયાનું કથન કરવામાં આવે છે. સૂર્ય આકાશમાં નીચે અર્થાત્ ક્ષિતિજે હોય અને પ્રકાશ દૂર હોય ત્યારે છાયા મોટી હોય છે, સૂર્ય આકાશમાં ઊંચે હોય અને પ્રકાશ નજીક હોય ત્યારે છાયા નાની હોય છે (૨) સૂર્યની ઊંચાઈ અને છાયાની અપેક્ષાએ પ્રકાશનું કથન છે. સૂર્ય આકાશમાં નીચે હોય અને છાયા મોટી હોય ત્યારે પ્રકાશ દૂર હોય છે તથા સૂર્ય ઊંચો હોય અને છાયા નાની હોય ત્યારે પ્રકાશ નજીક હોય છે (૩) પ્રકાશ અને છાયાની અપેક્ષાએ સૂર્યની ઊંચાઈનું કથન છે. પ્રકાશ દૂર અને છાયા મોટી હોય ત્યારે સૂર્ય નીચે(ક્ષિતિજે) હોય છે તથા પ્રકાશ નજીક અને છાયા નાની હોય ત્યારે સૂર્ય આકાશમાં ઊંચે હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આકાશમાં સૂર્યની ઊંચાઈ, પ્રકાશનું દૂર–સમીપપણું અને છાયાના પ્રમાણનો સંબંધ પ્રગટ કરેલ છે.

સૂર્ય ઉદય પામે ત્યારે દૂર અને નીચે દેખાય છે પછી તે ધીરે-ધીરે ઊંચે ચઢતો જાય તેમ નજીક દેખાય છે અને ત્યાર પછી તે પુનઃ ધીરે-ધીરે નીચે ઉતરે છે.

ઉદય સમયે સૂર્ય ક્ષિતિજ તરફ નીચે હોય છે, પ્રકાશ દૂર હોય છે અને ત્યારે છાયા વસ્તુ કરતાં મોટી હોય છે.

સૂર્ય ઊંચે ચડે તેમ-તેમ પ્રકાશ નજીક થતો જાય અને છાયા નાની થતી જાય છે. એકદમ મધ્યાહ્ન સમયે(સૂર્ય બરાબર માથા ઉપર હોય ત્યારે) છાયા નિષ્પન્ન થતી નથી.

ત્યાર પછી છાયા લાંબી થતી જાય છે અને તેમ-તેમ સૂર્ય નીચે ઢળતો જાય છે અર્થાત્ સૂર્ય નીચે ઉતરતો જાય ત્યારે છાયા લાંબી થાય છે. આ રીતે સૂર્યની ઊંચાઈ, પ્રકાશનું દૂરપણું અને છાયાનું પ્રમાણ, આ ત્રણે બાબત પરસ્પર સંબંધ ધરાવે છે.

**કાળ અપેક્ષાએ પુરુષ છાયાના પ્રમાણ વિષયક બે પ્રતિપત્તિઓ :–**

**૫ तत्थ खलु इमाओ दुवे पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा– तत्थेगे एवमाहंसु–ता अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए चउपोरिसिच्छायं णिव्वत्तेइ अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए दुपोरिसिच्छायं णिव्वत्तेइ, एगे एवमाहंसु,**

**एगे पुण एवमाहंसु–ता अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए दुपोरिसिच्छायं णिव्वत्तेइ, अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए णो किंचि पोरिसिच्छायं णिव्वत्तेइ ।**

**ભાવાર્થ :–** પુરુષ છાયાના પ્રમાણના વિષયમાં અન્યતીર્થિકોની બે પ્રતિપત્તિઓ છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે આખા વરસમાં એક એવો દિવસ હોય છે કે જે દિવસે(ઉદય-અસ્ત સમયે) સૂર્ય ચાર પુરુષ છાયાને નિષ્પન્ન કરે છે અર્થાત્ વસ્તુ કરતાં ચાર ગુણી છાયા હોય છે. આખા વરસમાં એક એવો દિવસ હોય છે કે (ઉદય-અસ્ત સમયે) સૂર્ય બે પુરુષ છાયાને અર્થાત્ પ્રકાશ્ય વસ્તુથી બમણી છાયાને ઉત્પન્ન કરે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે આખા વરસમાં એક એવો દિવસ હોય છે કે જે દિવસે સૂર્ય (ઉદય-અસ્ત સમયે) બે પુરુષ છાયાને(બમણી છાયાને) ઉત્પન્ન કરે છે તથા આખા વરસમાં એક એવો દિવસ હોય છે કે જે દિવસે સૂર્ય ઉદય અસ્ત સમયે કોઈ પણ પ્રકારની છાયાને ઉત્પન્ન કરતો નથી.

**૬ तत्थ जे ते एवमाहंसु–ता अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए चउपोरिसिच्छायं णिव्वत्तेइ, अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए दुपोरिसिच्छायं णिव्वत्तेइ, ते एवमाहंसु–ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसिए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ, तंसि च णं दिवसंसि सूरिए चउपोरिसिच्छायं णिव्वत्तेइ, तं जहा– उग्गमणमुहुत्तंसि य, अत्थमणमुहुत्तंसि य, लेसं अभिवुड्ढेमाणे णो चेव णं णिव्वुड्ढेमाणे ।**

**ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं**

**उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ, तंसि च णं दिवसंसि सूरिए दुपोरिसिच्छायं णिव्वत्तेइ, तं जहा–उग्गमण मुहुत्तंसि य, अत्थमणमुहुत्तंसि य, लेसं अभिवुड्ढेमाणे णो चेव णं णिव्वुड्ढेमाणे ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત બે અન્યતીર્થિકોમાંથી જે અન્યતીર્થિક એમ કહે છે કે આખા વરસમાં એક એવો દિવસ હોય છે કે જે દિવસે સૂર્ય ચાર પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે અને એક એવો દિવસ હોય છે કે જે દિવસે સૂર્ય બે પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે. તેઓ પોતાની માન્યતાને સ્પષ્ટ કરતાં કહે છે કે સૂર્ય જ્યારે સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, ત્યારે સૌથી મોટો, લાંબામાં લાંબો, ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકમાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. તે દિવસે સૂર્ય લેશ્યા–પ્રકાશને વધારે છે, ઘટાડતો નથી અને તે દિવસે સૂર્ય ઉદયના એક મુહૂર્તમાં અને અસ્તના એક મુહૂર્તમાં ચાર પુરુષ છાયાને એટલે ચારગુણી પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે.

સૂર્ય જ્યારે સર્વ બાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, ત્યારે સૌથી મોટી, લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે. તે દિવસે સૂર્ય લેશ્યા–પ્રકાશને વધારે છે, ઘટાડતો નથી અને તે દિવસે સૂર્ય ઉદયના એક મુહૂર્તમાં અને અસ્તના એક મુહૂર્તમાં બે પુરુષ છાયાને નિષ્પન્ન કરે છે.

**૭ तत्थ णं जे ते एवमाहंसु–ता अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए दुपोरिसिच्छायं णिव्वत्तेइ, अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए णो किंचि पोरिसिच्छायं णिव्वत्तेइ, ते एवमाहंसु, ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसिए अट्ठारस मुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालस मुहुत्ता राई भवइ, तंसि च णं दिवसंसि सूरिए दुपोरिसिच्छायं णिव्वत्तेइ, तं जहा–उग्गमण मुहुत्तंसि य, अत्थमण मुहुत्तंसि य, लेसं अभिवुड्ढेमाणे, णो चेव णं णिव्वुड्ढेमाणे ।**

**ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारस मुहुत्ता राई भवइ, जहण्णए दुवालस मुहुत्ते दिवसे भवइ, तंसि च णं दिवसंसि सूरिए णो किंचि पोरिसिच्छायं णिव्वत्तेइ, तं जहा– उग्गमण मुहुत्तंसि य, अत्थमण मुहुत्तंसि य, णो चेव णं लेसं अभिवुड्ढेमाणे वा, णिव्वुड्ढेमाणे वा ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત બે અન્યતીર્થિકોમાંથી જે અન્યતીર્થિકો એમ કહે છે કે આખા વરસમાં એક એવો દિવસ હોય છે કે જે દિવસે સૂર્ય બે પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે તથા એક એવો દિવસ હોય છે કે જે દિવસે સૂર્ય કિંચિત્ પણ પુરુષ છાયાને ઉત્પન્ન કરતો નથી. તેઓ પોતાની માન્યતાને સ્પષ્ટ કરતા કહે છે કે સૂર્ય જ્યારે સર્વાભ્યંતર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી લાંબો, મોટામાં મોટો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. તે દિવસે સૂર્ય લેશ્યા પ્રકાશને વધારે છે, ઘટાડતો નથી અને તે દિવસે સૂર્ય ઉદય મુહૂર્તમાં અને અસ્ત મુહૂર્તમાં બે(બમણી) પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે.

સૂર્ય જ્યારે સર્વબાહ્ય મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય ત્યારે સૌથી લાંબી, મોટામાં મોટી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટૂંકામાં ટૂંકો ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે. તે દિવસે સૂર્ય પ્રકાશને વધારતો નથી પણ ઘટાડે છે અને તે દિવસે સૂર્ય કિંચિત્ માત્રામાં પણ પુરુષ છાયાને ઉત્પન્ન કરતો નથી.

**ક્ષેત્ર અપેક્ષાએ પુરુષ છાયાના પ્રમાણ વિષયક ૯૬ પ્રતિપત્તિઓ :–**

**૮** **ता कइकट्ठं ते सूरिए पोरिसिच्छायं णिव्वत्तेइ आहिएति वएज्जा ? तत्थ खलु खलु इमाओ छण्णउइ पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–**

**तत्थेगे एवमाहंसु–ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिए एगपोरिसियं छायं णिव्वत्तेइ, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु–ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिए दुपोरिसियं छायं छायं णिव्वत्तेइ, एगे एवमाहंसु । एवं एएणं अभिलावेणं णेयव्वं** *जाव* **एगे पुण एवमाहंसु–ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिए छण्णउइ पोरिसिच्छायं णिव्वत्तेइ, एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય કયા સ્થાનમાં કેટલી પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે ? **ઉત્તર–** પુરુષ છાયાના સ્થાન અને પ્રમાણના વિષયમાં ૯૬ પ્રતિપત્તિઓ કહી છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે એક એવો દેશ(સ્થાન) છે કે જે સ્થાનમાં સૂર્ય એક પુરુષ છાયા અર્થાત્ વસ્તુના જેવડી જ પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે એક એવું સ્થાન છે કે જે સ્થાનમાં સૂર્ય બે(બમણી) પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે. આ રીતે સૂર્ય ત્રણ ગુણી, ચાર ગુણી, પાંચ ગુણીથી લઈ પંચાણું ગુણી પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે, તે પ્રકારના આલાપક સૂત્ર–પાઠથી કહેવું ***યાવત્*** કેટલાક અન્યતીર્થિકો કહે છે કે એક એવું સ્થાન છે કે જે સ્થાનમાં સૂર્ય છન્નું ગુણી પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે.

**९** **तत्थ जे ते एवमाहंसु–ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिए एगपोरिसिच्छायं णिव्वत्तेइति, ते एवमाहंसु–ता सूरियस्स णं सव्वहेट्ठिमाओ सूरियप्पडिहीओ बहिया अभिणिस्सढाहिं लेसाहिं ताडिज्जमाणीहिं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ जावइयं सूरिए उड्ढं उच्चत्तेणं, एवइयाए एगाए अद्धाए, एगेणं छायाणुमाणप्पमाणेणं ओमाए, तत्थ से सूरिए एगपोरिसिच्छायं णिव्वत्तेइ त्ति,**

**तत्थ जे ते एवमाहंसु–ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिएदुपोरिसिच्छायं णिव्वत्तेइ, ते एवमाहंसु– ता सूरियस्स णं सव्वहेट्ठिमाओ सूरियप्पडिहीओ बहिया अभिणिस्सिताहिं लेसाहिं ताडिज्जमाणीहिं, इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ जावइयं सूरिए उड्ढं उच्चत्तेणं, एवइयाइं दोहिं**

**अद्धाहिं दोहिं छायाणुमाणप्पमाणेहिं ओमाए, एत्थ णं से सूरिए दुपोरिसिच्छा छायं णिव्वत्तेइ त्ति,**

**एवं णेयव्वं** *जाव* **तत्थ जे ते एवमाहंसु–ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिए छण्णउइं पोरिसीयं छायं णिव्वत्तेइ त्ति, ते एवमाहंसु–ता सूरियस्स णं सव्वहिट्ठिमाओ सूरयप्पडिहीओ बहिया अभिणिस्सिताहिं लेसाहिं ताडिज्जमाणीहिं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ जावइयं सूरिए उड्ढे उच्चत्तेणं, एवइयाइं छण्णउईए अद्धाए छायाणुमाणप्पमाणेहिं ओमाए, एत्थ णं से सूरिए छण्णउइं पोरिसीयं छायं णिव्वत्तेइ त्ति ।**

**ભાવાર્થ :–** ઉપરોક્ત અન્યતીર્થિકોમાંથી જે અન્યતીર્થિકો એમ કહે છે કે એક એવું સ્થાન છે કે જે સ્થાનમાં સૂર્ય એક(પુરુષ જેવડી જ) પુરુષ છાયા ઉત્પન્ન કરે છે, તેઓ પોતાની માન્યતાને સ્પષ્ટ કરતા કહે છે કે ક્ષિતિજ તરફ સૌથી નીચેના સ્થાનમાંથી બહાર નીકળતા સૂર્ય કિરણોથી તાડિત–સ્પર્શિત રત્નપ્રભા પૃથ્વીના સમભૂમિ ભાગથી સૂર્ય જેટલો ઊંચે હોય તેટલા પ્રમાણવાળા માર્ગ(ક્ષેત્રમાં) છાયાનુમાનથી (આકાશમાં વસ્તુનું માપ કહેવું શક્ય ન હોવાથી અનુમાન કરીને) અવમિત અર્થાત્ વસ્તુના પ્રમાણવાળી પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે.

ઉપરોક્ત અન્યતીર્થિકોમાંથી જે અન્યતીર્થિકો એમ કહે છે કે એક એવું સ્થાન છે કે જે સ્થાનમાં સૂર્ય બમણી પુરુષછાયાને ઉત્પન્ન કરે છે, તેઓ પોતાની માન્યતાને સ્પષ્ટ કરતાં કહે છે કે ક્ષિતિજ તરફ સૌથી નીચેના સ્થાનમાંથી બહાર નીકળતા સૂર્યના કિરણોથી તાડિત–સ્પર્શિત રત્નપ્રભા પૃથ્વીના સમ ભૂમિભાગથી (આપણી આ પૃથ્વીથી) સૂર્ય જેટલો ઊંચે હોય તેથી બમણા પ્રમાણવાળા ક્ષેત્રમાં છાયાનુમાન પ્રમાણથી અવમિત બે વસ્તુ પ્રમાણવાળી અર્થાત્ બમણી પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે.

આ રીતે આ અભિલાપ(પાઠ)થી ત્રણ, ચાર, આદિ પુરુષ છાયાનું કથન કરવું ***યાવત્*** અન્યતીર્થિકોમાંથી જે એમ કહે છે કે એક એવું સ્થાન છે કે જે સ્થાનમાં સૂર્ય છન્નું પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે, તેઓ પોતાની માન્યતાને સ્પષ્ટ કરતાં કહે છે કે ક્ષિતિજ તરફ સૌથી નીચેના સ્થાનમાંથી બહાર નીકળ તા સૂર્યના કિરણોથી તાડિત–સ્પર્શિત રત્નપ્રભા પૃથ્વીના સમભૂમિભાગથી સૂર્ય જેટલો ઊંચે હોય તેનાથી છન્નું ગુણા પ્રમાણવાળા ક્ષેત્રમાં છાયાનુમાન પ્રમાણથી અવમિત પ્રકાશ્ય વસ્તુથી છન્નું ગુણી છાયાને ઉત્પન્ન કરે છે.

**પુરુષ છાયાનું પ્રમાણ :–**

**१० वयं पुण एवं वयामो– ता साइरेग अउणट्ठि-पोरिसीणं सूरिए पोरिसिच्छायं णिव्वत्तेइ त्ति ।**

**ता अवड्ढ-पोरिसी णं छाया दिवसस्स किं गए वा सेसे वा ? ता तिभागे गए वा सेसे वा ।**

**ता पोरिसी णं छाया दिवसस्स किं गए वा सेसे वा ? ता चउब्भागे गए वा सेसे वा ।**

**ता दिवड्ढ-पोरिसी णं छाया दिवसस्स किं गए वा सेसे वा ? ता पंचभागे गए वा, सेसे वा ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે સૂર્ય ઉદય અને અસ્ત સમયે પ્રકાશ્ય વસ્તુથી સાધિક ઓગણસાઠ ગુણી પુરુષ છાયાને ઉત્પન્ન કરે છે.

**પ્રશ્ન–** દિવસનો કેટલો ભાગ વ્યતીત થાય અથવા કેટલો ભાગ શેષ રહે ત્યારે અર્ધ પુરુષ છાયા હોય છે ? **ઉત્તર–** દિવસનો ત્રીજો ભાગ વ્યતીત થાય અથવા દિવસનો ત્રીજો ભાગ શેષ હોય ત્યારે અર્ધ પુરુષ પ્રમાણ છાયા હોય છે. [લાંબામાં લાંબો દિવસ ૧૮ મુહૂર્તનો અર્થાત્ ૩૬ ઘડીનો દિવસ હોય છે. તેનો ત્રીજો ભાગ અર્થાત્ ૧૨ ઘડી વ્યતીત થયા પછી એટલે સૂર્યના ઉદય પછી ૧૩મી ઘડીના પ્રારંભે અને દિવસનો ત્રીજો ભાગ–૧૨ ઘડી શેષ હોય અર્થાત્ દિવસની ૨૪ ઘડી વ્યતીત થઈ જાય અને ૨૫મી ઘડીના આરંભે પ્રકાશ્ય વસ્તુથી અર્ધા પ્રમાણવાળી છાયા નિષ્પન્ન થાય છે.]

**પ્રશ્ન–** દિવસનો કેટલો ભાગ વ્યતીત થાય અથવા કેટલો ભાગ શેષ રહે ત્યારે પુરુષ છાયા વસ્તુ જેવડી જ થાય છે ? **ઉત્તર–** દિવસનો ચોથો ભાગ વ્યતીત થાય અથવા ચોથો ભાગ શેષ હોય ત્યારે પુરુષ છાયા વસ્તુ જેવડી જ નિષ્પન્ન થાય છે.(૧૮ મુહૂર્ત અર્થાત્ ૩૬ ઘડીના દિવસમાંથી ૯ ઘડી વ્યતીત થાય અને ૧૦મી ઘડીના પ્રારંભે તથા ૯ ઘડી શેષ રહે ત્યારે અર્થાત્ ૨૭ ઘડી વ્યતીત થાય અને ૨૮મી ઘડીના પ્રારંભે પ્રકાશ્ય વસ્તુ જેવડી જ છાયા થાય છે.

**પ્રશ્ન–** દિવસનો કેટલો ભાગ વ્યતીત થાય અથવા કેટલો ભાગ શેષ રહે ત્યારે દોઢ પુરુષ છાયા નિષ્પન્ન થાય છે ? **ઉત્તર–** દિવસના પાંચ ભાગ વ્યતીત થાય અથવા પાંચ ભાગ શેષ હોય ત્યારે દોઢ પુરુષ છાયા અર્થાત્ પ્રકાશ્ય વસ્તુથી દોઢ ગુણી છાયા થાય છે. ૧૮ મુહૂર્ત એટલે ૩૬ ઘડીના દિવસમાંથી ૭ ઘડી અને ૧૨ પળ વ્યતીત થાય ત્યારે તથા ૭ ઘડી અને ૧૨ પળ શેષ રહે ત્યારે પ્રકાશ્ય વસ્તુથી દોઢ ગુણી છાયા હોય છે.

**११ एवं अद्धपोरिसिं छोढुं छोढुं पुच्छा, दिवसभागं छोढुं छोढुं वागरणं** *जाव* **ता अड्ढ अउणसट्ठिपोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?**

**ता एगूणवीससयभागे गए वा, सेसे वा ।**

**ता अउणसट्ठिपोरिसी णं छाया दिवसस्स किं गए वा सेसे वा ?**

**ता वीससय भागे गए वा सेसे वा** *[ता बावीसहस्सभागे गए वा सेसे वा ।]*

**ता साइरेग अउणसट्ठि पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?**

**ता णत्थि किंचि गए वा सेसे वा ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત રીતે અર્ધ પુરુષ છાયા ઉમેરીને અર્થાત્ બે પુરુષ છાયા, અઢી પુરુષ છાયા એમ ઉમેરતાં–ઉમેરતાં પ્રશ્ન કરવો અને દિવસના ૬ ભાગ, ૭ ભાગડ એમ એક-એક દિવસ ભાગની વૃદ્ધિથી ઉત્તર આપવા ***યાવત્***

**પ્રશ્ન–** દિવસનો કેટલો ભાગ વ્યતીત થાય અથવા શેષ હોય ત્યારે સાડી અઠાવન ગુણી પુરુષ છાયા નિષ્પન્ન થાય છે ? **ઉત્તર–** દિવસનો એકસો ઓગણીસમો ભાગ વ્યતીત થાય અથવા એકસો ઓગણીસમો ભાગ શેષ હોય ત્યારે સાડી અઠાવન ગુણી પુરુષ છાયા હોય છે.

**પ્રશ્ન–** દિવસનો કેટલો ભાગ વ્યતીત થાય અથવા શેષ હોય ત્યારે ઓગણસાઠ ગુણી પુરુષ છાયા નિષ્પન્ન થાય છે ? **ઉત્તર–** દિવસનો એકસો વીસમો ભાગ વ્યતીત થાય અથવા દિવસનો એકસો વીસમો ભાગ શેષ હોય ત્યારે ઓગણસાઠ ગુણી પુરુષ છાયા હોય છે.

**પ્રશ્ન–** દિવસનો કેટલો ભાગ વ્યતીત થાય અથવા શેષ હોય ત્યારે સાધિક ઓગણસાઠ ગુણી પુરુષ પ્રમાણ છાયા હોય છે ? **ઉત્તર–** કિંચિત્ માત્રામાં દિવસ વ્યતીત થયો ન હોય અથવા શેષ ન હોય અર્થાત્ બરાબર સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે સાધિક ઓગણસાઠ પુરુષ પ્રમાણ છાયા હોય છે.

**વિવેચન :–**


પ્રસ્તુત સૂત્રોમાં દિવસમાં ક્યારે, કેવડી છાયા હોય છે, તેનું કથન છે. દિવસના ત્રીજા ભાગે, અર્ધવસ્તુ જેવડી, ચોથા ભાગે વસ્તુ જેવડી છાયા હોય છે. **इदं सकलमपि पौरुषी विभाग प्रमाण प्रतिपादनं सर्वाभ्यंतर मण्डलमधिकृत्या वसेयं ।**– વૃત્તિ. અહીં દિવસના જુદા-જુદા વિભાગમાં જે પોરસી છાયાના પ્રમાણનું કથન છે, તે સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર હોય તેને લક્ષ્યમાં રાખીને કહ્યું છે.

**पोरसीणं छाया–** પોરસી છાયા કે પુરુષ છાયા–**पुरिसत्ति संकू पुरिससरीरं वा, ततो पुरिसे णिप्फण्णा पोरसी एवं सव्वस्स वत्थुणो जया सप्पमाणा छाया भवइ, तया पोरसी हवइ, एवं पोरिसिप्पमाणं उत्तरायणस्स अंते दक्खिणायणस्स आइए इक्कं दिनं भवइ अतो परं अद्ध(अट्ठ) एगसट्ठिभागा अंगुलस्स दक्खिणायणे वड्ढंति, उत्तरायणे हस्संति एवं मंडले-मंडले अण्णा पोरसी ।** –નંદી સૂત્ર ચૂર્ણિ.

પુરુષ શબ્દથી શંકુ–ખીલો અથવા પુરુષનું શરીર ગ્રહણ કરવામાં આવે છે. તે પુરુષના આધારે જે છાયા નિષ્પન્ન થાય, તેને પૌરુષી કે પોરસી કહેવામાં આવે છે, જ્યારે વસ્તુ જેવડી જ છાયા થાય, ત્યારે પોરસી થાય છે. આ પુરુષ છાયાનું પ્રમાણ ઉત્તરાયણના અંતે (અંતિમ એક દિવસે) જ હોય છે. ત્યારપછી દક્ષિણાયનના આદિ(પ્રથમ) દિવસથી દક્ષિણાયનના પ્રત્યેક દિવસે પૌરસી છાયામાં $\frac{૮}{૬૧}$ અંગુલની વૃદ્ધિ થાય છે અને ઉત્તરાયણમાં પ્રત્યેક મંડળે હાનિ થાય છે. તેથી પ્રત્યેક મંડળે ભિન્ન–ભિન્ન પ્રમાણવાળી પુરુષ છાયા નિષ્પન્ન થાય છે. દિવસ ભાગ અને પુરુષ છાયાના કોષ્ટક માટે જુઓ પરિશિષ્ટ–૫.

**एवं अवड्ढ पोरिसिं...ता बावीससहस्सभागे गए वा सेसे वा** :– અગિયારમા સૂત્રમાં દિવસ ભાગમાં છાયાનું પ્રમાણ શોધવા દિવસના ક્રમશઃ એક-એક ભાગની અને અર્ધ-અર્ધ પુરુષ છાયાની વૃદ્ધિ કરવાનું સૂચન છે. તે પ્રમાણે ગણના કરતા દિવસનો એકસો વીસમો ભાગ વ્યતીત થાય અથવા શેષ હોય ત્યારે ઓગણસાંઠ ગુણી છાયાનું પ્રમાણ પ્રાપ્ત થાય છે. (૧૨૦ ભાગ છાયા પ્રમાણની ગણના માટે જુઓ પરિશિષ્ટ–૫).

**દિવસના વિવિધ સમયે છાયા પ્રમાણ :–**



ઓગણસાઠ ગુણી પુરુષ છાયાના ઉત્તર સૂત્રમાં પ્રાયઃ પ્રતોમાં **ता बावीस सहस्सभागे** સૂત્રપાઠ જોવા મળે છે. ૧૨૦ દિવસ ભાગે ઓગણસાઠ ગુણી પુરુષ છાયા હોય છે, તેથી **ता वीस सय गण वा सेसे वा** સૂત્રપાઠને સ્વીકાર્યો છે.

**છાયાનો આકાર :–**

**१२ तत्थ खलु इमा पणवीसविहा छाया पण्णत्ता, तं जहा–**

**खंभ-छाया, रज्जु-छाया, पागार-छाया, पासाय-छाया, उग्गम-छाया, उच्चत्त-छाया, अणुलोम-छाया, पडिलोम-छाया, आरुभिया-छाया, उवहया-छाया, समा-छाया, पडिहया-छाया, खील-छाया, पक्ख-छाया, पुरओउदया-छाया, पुरिम कंठभाओवगया-छाया, पच्छिम-कंठ-भाओवगया-छाया, छायणुवाइणी-छाया, किट्टाणुवाइणी-छाया, छाय-छाया, विक्कप्प-छाया, वेहास-छाया, कड-छाया, गोल-छाया, पिट्ठओदग्गा-छाया ।**

**तत्थ णं गोल-छाया अट्ठविहा पण्णत्ता, तं जहा– गोल-छाया, अवड्ढ-गोल-छाया, गाढ-गोल-छाया, अवड्ढ-गाढ-गोल-छाया, गोलावलि-छाया, अवड्ढ-गोलावलि-छाया, गोलपुंज-छाया, अवड्ढ-गोल-पुंज-छाया ।**

**ભાવાર્થ :–** છાયાના ૨૫ પ્રકાર કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) સ્તંભની છાયા (૨) રજ્જુ છાયા (૩) પ્રાકાર છાયા (૪) પ્રાસાદ છાયા (૫) ઉદ્‌ગમ છાયા (૬) ઉચ્ચત્વ–શિખરબંધ મહેલની છાયા (૭) અનુલોમ છાયા (૮) પ્રતિલોમ છાયા (૯) આરંભિકા છાયા (૧૦) અપહતા છાયા (૧૧) સમા છાયા (૧૨) પ્રતિહતા છાયા (૧૩) કિલ છાયા (૧૪) પક્ષ છાયા (૧૫) પૂર્વોદય છાયા (૧૬) પૂર્વકંઠભાગોપગત છાયા (૧૭) પશ્ચિમકંઠભાગોપગતા છાયા (૧૮) છાયાનુવાદિની છાયા (૧૯) કૃત્યાનુવાદિની છાયા (૨૦) છાય છાયા (૨૧) વિકલ્પ છાયા (૨૨) વિહાય છાયા (૨૩) કટ છાયા (૨૪) ગોળ છાયા (૨૫) પૃષ્ઠતોદયા છાયા.

તેમાંથી ગોળ છાયા આઠ પ્રકારની કહેલ છે. (૧) ગોળ વસ્તુની ગોળ છાયા (૨) અર્ધ ગોળ વસ્તુની અર્ધ ગોળ છાયા (૩) ગાઢગોળ છાયા (૪) અર્ધગાઢ ગોળ છાયા (૫) પંક્તિબદ્ધ ગોળ વસ્તુની ગોળાવલી છાયા (૬) પંક્તિબદ્ધ અર્ધગોળ વસ્તુની અર્ધ ગોળાવલી છાયા (૭) સમૂહ રૂપે રહેલી ગોળ વસ્તુની ગોળપુંજ છાયા (૮) સમૂહરૂપે રહેલી અર્ધગોળ વસ્તુની અર્ધ ગોળ પુંજ છાયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છાયાના પ્રકારનું કથન છે. પ્રાયઃ વસ્તુનો જેવો આકાર હોય તે જ આકારની તેની છાયા હોય છે, તેથી છાયાના પણ અનેક પ્રકાર હોય છે. અહીં સૂત્રકારે કેટલાક નામનો ઉલ્લેખ કર્યો છે. તેમાં કેટલાક નામ પ્રસિદ્ધ છે, કેટલાક અપ્રસિદ્ધ છે. સ્તંભ–થાંભલાની છાયા સ્તંભ છાયા કહેવાય છે, વગેરે સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**॥ નવમું પ્રાભૃત સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત દસમા પ્રાભૃતમાં નક્ષત્ર યોગનું (**जोगे किं ते व आहिए**–૧/૧/૩)નું વિવિધ પ્રકારે વર્ણન છે. જ્યોતિષ દેવોમાં ચંદ્રેન્દ્ર-સૂર્યેન્દ્રના પરિવાર રૂપે ૨૮ નક્ષત્રો છે. તે ૨૮ નક્ષત્રોના આઠ મંડળ છે. પોત-પોતાના મંડળ ઉપર પરિભ્રમણ કરતાં જેટલા સમય સુધી નક્ષત્ર અને ચંદ્ર સાથે પરિભ્રમણ કરે, તેને ચંદ્ર યોગ કહે છે અને જેટલા ક્ષેત્રમાં બંને સાથે ચાલે તેને ચંદ્રયોગ ક્ષેત્ર કહે છે. તે જ રીતે નક્ષત્રો સૂર્યની સાથે જેટલા સમય સુધી સહપરિભ્રમણ કરે તેને સૂર્યયોગ અને જે ક્ષેત્રમાં સહપરિભ્રમણ કરે તેને સૂર્ય યોગ ક્ષેત્ર કહે છે. ચંદ્ર કરતાં સૂર્ય અને સૂર્ય કરતાં નક્ષત્રો શીઘ્રગતિવાળા છે, તેથી નક્ષત્રો સૂર્ય સાથે વધુ સમય અને ચંદ્ર સાથે અલ્પ સમય માટે સહપરિભ્રમણ કરે છે. આ યોગનો સમય, ક્ષેત્ર, દિશા આદિનું વર્ણન પ્રસ્તુત પ્રાભૃતમાં છે. **આ પ્રાભૃતના ૨૧ પ્રતિપ્રાભૃત છે.**

**પ્રથમ પ્રતિપ્રાભૃતમાં** ક્રમપૂર્વક અઠ્યાવીસ નક્ષત્રોનો નામોલ્લેખ છે. યુગનો પ્રારંભ થાય ત્યારે અભિજિત નક્ષત્ર ચંદ્ર સાથે યોગમાં હોય છે, તેથી નક્ષત્રોનો ક્રમ અભિજિત નક્ષત્રથી પ્રારંભ થાય છે અને અંતિમ ઉત્તરાષાઢા નક્ષત્ર છે.

**બીજા પ્રતિપ્રાભૃતમાં** નક્ષત્રોના ચંદ્ર-સૂર્ય સાથેના યોગના કાળમાનનું વર્ણન છે. અભિજિત નક્ષત્ર ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત, શતભિષકાદિ છ નક્ષત્રો ૧૫ મુહૂર્ત પર્યંત શ્રવણાદિ પંદર નક્ષત્રો ૩૦ મુહૂર્ત પર્યંત અને ઉત્તરાભાદ્રપદાદિ છ નક્ષત્રો ૪૫ મુહૂર્ત પર્યંત ચંદ્ર સાથે યોગ કરે છે.

અભિજિત નક્ષત્ર ૪ અહોરાત્ર ૬ મુહૂર્ત પર્યંત, શતભિષકાદિ છ નક્ષત્રો ૬ અહોરાત્રઅને ૨૧ મુહૂર્ત પર્યંત, શ્રવણાદિ પંદર નક્ષત્રો ૧૩ અહોરાત્ર અને ૧૨ મુહૂર્ત પર્યંત તથા ઉત્તરાભાદ્રપદાદિ છ નક્ષત્રો ૨૦ અહોરાત્ર અને ૩ મુહૂર્ત પર્યંત સૂર્ય સાથે યોગમાં રહે છે.

**ત્રીજા પ્રતિપ્રાભૃતમાં** નક્ષત્ર ચંદ્ર સાથે દિવસના ક્યા કાળમાં અને ક્યા ક્ષેત્રમાં યોગમાં રહે છે, તેનું વર્ણન છે. દિવસના પૂર્વભાગમાં યોગનો પ્રારંભ થાય, તો તે નક્ષત્ર પૂર્વભાગી કહેવાય છે. દિવસના અંતિમ ભાગમાં યોગનો પ્રારંભ થાય તો પશ્ચાત્ ભાગી, પૂર્વ રાત્રિના યોગનો પ્રારંભ થાય તો નક્તભાગી અને જે નક્ષત્રોનો દિવસ અને રાત્રિ બંને કાળમાં યોગ ચાલુ રહે, તે ઊભયભાગી કહેવાય છે.

એક અહોરાત્રમાં સૂર્ય જેટલા ક્ષેત્રમાં પરિભ્રમણ કરે છે. તેટલા ક્ષેત્રમાં જે નક્ષત્રો ચંદ્ર સાથે યોગ કરે છે તે સમક્ષેત્રી, સૂર્ય મંડળના અર્ધમંડળ ક્ષેત્રમાં ચંદ્ર સાથે યોગમાં રહે તે અર્ધ(અપાર્ધ) ક્ષેત્રી અને દોઢ સૂર્યમંડળના ક્ષેત્રમાં ચંદ્ર સાથે યોગમાં રહે તે સાર્ધ(દોઢ) ક્ષેત્રી નક્ષત્ર કહેવાય છે.

પૂર્વ ભાદ્રપદાદિ છ નક્ષત્રો પૂર્વભાગી અને સમક્ષેત્રી નક્ષત્રો છે, અભિજિતાદિ દસ નક્ષત્રો પશ્ચાત્ ભાગી અને સમક્ષેત્રી છે; શતભિષકાદિ છ નક્ષત્રો નકતભાગી અને અર્ધક્ષેત્રી છે તથા ઉત્તરાભાદ્રપદાદિ છ નક્ષત્રો ઉભયભાગી અને સાર્ધક્ષેત્રી છે.

**ચોથા પ્રતિ પ્રાભૃતમાં** એક-એક નક્ષત્રનું કાળ અને ક્ષેત્ર આશ્રી યોગનું પૃથક્-પૃથક્ વર્ણન છે. અભિજિત નક્ષત્ર યુગના પ્રથમ દિવસે સૂર્યોદયથી શરૂ કરી ૯ $\frac{૨૪}{૬૨}$, $\frac{૩૬}{૬૭}$ અથવા ૯$\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત પર્યંત યોગમાં રહે છે અને

ત્યાર પછી શ્રવણ નક્ષત્ર યોગનો પ્રારંભ કરે છે અને ૩૦ મુહુર્ત સુધી યોગમાં રહે છે. આ રીતે ક્રમશઃ યોગ કરતાં-કરતાં ૨૮ નક્ષત્રો ૮૧૯ $\frac{૨૪}{૬૧}$, $\frac{૩૯}{૬૭}$ મુહૂર્તે સર્વ નક્ષત્રો ચંદ્ર સાથે યોગ પૂર્ણ કરે છે.

**પાંચમા અને છઠ્ઠા પ્રતિપ્રાભૃતમાં** કુલ, ઉપકુલ, કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રોનો નામોલ્લેખ છે. મહિનાની સમાપ્તિ પૂનમના દિવસે થાય છે. તે દિવસે જે નક્ષત્ર ચંદ્ર સાથે યોગમાં હોય તે માસ સદશ નામવાળા નક્ષત્રો કુલનક્ષત્ર કહેવાય છે. ધનિષ્ઠાદિ ૧૨ નક્ષત્રો કુલ સંજ્ઞક નક્ષત્રો છે. કુલ નક્ષત્રની પૂર્વેનું નક્ષત્ર ઉપકુલ નક્ષત્ર કહેવાય છે. શ્રવણાદિ બાર નક્ષત્રો ઉપકુલનક્ષત્ર છે અને ઉપકુલ નક્ષત્રની પૂર્વના અભિજિતાદિ ચાર નક્ષત્ર કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર છે.

**સાતમા પ્રતિપ્રાભૃતમાં** પૂનમ-અમાસના નક્ષત્રના સન્નિપાત યોગનું વર્ણન છે. સન્નિપાત એટલે સંયોગ. પૂનમના દિવસે જે નક્ષત્ર ચંદ્ર સાથે યોગમાં હોય ત્યાંથી ક્રમશઃ સાતમા મહિનાની અમાસના દિવસે તે જ નક્ષત્ર ચંદ્ર સાથે યોગમાં હોય છે.

**આઠમા પ્રતિપ્રાભૃતમાં** ૨૮ નક્ષત્રોના સંસ્થાન-આકારનું કથન છે.

**નવમા પ્રતિપ્રાભૃતમાં** ૨૮ નક્ષત્રના તારાઓની સંખ્યાનું કથન છે.

**દસમા પ્રતિપ્રાભૃતમાં** પ્રત્યેક માસના નક્ષત્રો અને તેના અહોરાત્રની સંખ્યાનું વર્ણન છે. ૧૨ મહિનામાંથી શ્રાવણ, ભાદરવો, પોષ અને જેઠ આ ચાર મહિનામાં ચાર-ચાર નક્ષત્ર હોય છે અને શેષ આઠ મહિનામાં ત્રણ-ત્રણ નક્ષત્ર હોય છે. પ્રત્યેક મહિનાનું અંતિમ નક્ષત્ર એક અહોરાત્ર પર્યંત પૂનમના દિવસે હોય છે.

પ્રત્યેક મહિનામાં પદાર્થની છાયાના માપનું, તેની હાનિ-વૃદ્ધિનું કથન છે. દક્ષિણાયનમાં છાયા પ્રતિદિન $\frac{૬}{૬૧}$ અંગુલ, લગભગ ૭ાા દિવસે ૧ અંગુલ અને પ્રત્યેક માસે ૪ અંગુલ વૃદ્ધિ પામે છે અને ઉત્તરાયણમાં છાયા પ્રતિદિન $\frac{૬}{૬૧}$ અંગુલ, લગભગ ૭ાા દિવસે ૧ અંગુલ અને પ્રત્યેક માસે ૪ અંગુલની હાનિ પામે છે.

**અગિયારમા પ્રતિપ્રાભૃતમાં** દક્ષિણ યોગી, ઉત્તરયોગી, ઉત્તર-દક્ષિણ પ્રમર્દયોગી, દક્ષિણ પ્રમર્દયોગી તથા કેવળ પ્રમર્દ યોગી નક્ષત્રોનું વર્ણન છે. મૃગશીર્ષ આદિ છ નક્ષત્રો દક્ષિણ યોગી છે. અભિજિતાદિ બાર નક્ષત્રો ઉત્તરયોગી છે. કૃતિકાદિ સાત નક્ષત્રો ઉત્તર-દક્ષિણ અને પ્રમર્દ (ત્રિ) યોગી છે. પૂર્વાષાઢા, ઉત્તરા–ષાઢા, આ બે નક્ષત્રો દક્ષિણ–પ્રમર્દ યોગી છે. જયેષ્ઠા નક્ષત્ર માત્ર પ્રમર્દ યોગી છે.

ચંદ્રના પંદર મંડળમાંથી ૧, ૩, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૫ આ આઠ મંડળ સાથે નક્ષત્રના મંડળ છે.

ચંદ્રના ૧ થી ૫ તથા ૧૧ થી ૧૫, આ દસ મંડળની નીચે સૂર્ય મંડળ છે.

ચંદ્રના ૧, ૩, ૧૧ અને ૧૫ આ ચાર મંડળ સાથે નક્ષત્ર મંડળ અને સૂર્ય મંડળ છે.

**બારમા પ્રતિપ્રાભૃતમાં** ૨૮ નક્ષત્રના સ્વામી દેવના નામોનો ઉલ્લેખ છે.

**તેરમા પ્રતિપ્રાભૃતમાં** એક અહોરાત્રના ૩૦ મુહૂર્તના નામોનું કથન છે.

**ચૌદમા પ્રતિપ્રાભૃતમાં** ૧૫ દિવસ અને ૧૫ રાત્રિના લૌકિક અને લોકોત્તરિક નામોનો ઉલ્લેખ છે.

**પંદરમા પ્રતિપ્રાભૃતમાં** ચંદ્રથી નિષ્પાદિત ૧૫ દિવસ તિથિ, ૧૫ રાત્રિ તિથિના નામનું કથન છે.

**સોળમા પ્રતિપ્રાભૃતમાં** ૨૮ નક્ષત્રના(નક્ષત્ર દેવના) ગોત્રોનો નામોલ્લેખ છે.

**સત્તરમા પ્રતિપ્રાભૃતમાં** નક્ષત્ર ભોજનનું કથન છે. આ પ્રતિપ્રાભૃત પ્રક્ષિપ્ત માનવામાં આવે છે.

**અઢારમા પ્રતિપ્રાભૃતમાં** એક યુગના ચંદ્ર યોગનું કથન છે. ૨૭ $\frac{૨૧}{૬૭}$ અહોરાત્રવાળા પ્રત્યેક નક્ષત્ર માસમાં અઠ્યાવીસે નક્ષત્ર એકવાર ચંદ્ર સાથે યોગ કરે છે. એક યુગમાં ૬૭ નક્ષત્ર માસ છે માટે એક યુગમાં પ્રત્યેક નક્ષત્ર ૬૭-૬૭ વાર ચંદ્ર સાથે યોગ કરે છે.

**ઓગણીસમા પ્રતિપ્રાભૃતમાં** એક વરસના બાર મહિનાના લૌકિક અને લોકોત્તરિક નામોનો ઉલ્લેખ છે.

**વીસમા પ્રતિપ્રાભૃતમાં** પાંચ પ્રકારના સંવત્સરોનું વર્ણન છે, તેમાં (૧) નક્ષત્ર સંવત્સર–નક્ષત્રથી નિર્મિત સંવત્સર (વર્ષ)ને નક્ષત્ર સંવત્સર કહે છે. ચંદ્ર ૨૮ નક્ષત્ર સાથે યોગ પૂર્ણ કરે તે કાળમાનને નક્ષત્ર માસ કહે છે અને તેવા ૧૨ નક્ષત્ર માસનું એક નક્ષત્ર સંવત્સર થાય છે. (૨) યુગ સંવત્સર– પાંચ વરસને એક યુગ કહે છે. પાંચ સૂર્ય વર્ષના સમુદાયને સૂર્ય યુગ સંવત્સર, પાંચ ચંદ્ર વર્ષના સમુદાયને ચંદ્ર યુગ સંવત્સર, પાંચ નક્ષત્ર વર્ષના સમુદાયને નક્ષત્ર યુગ સંવત્સર અને પાંચ ઋતુ વર્ષના સમુદાયને ઋતુ(કર્મ) યુગ સંવત્સર કહે છે.

**(૩) પ્રમાણ સંવત્સર–** ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, કર્મ સંવત્સરના અહોરાત્ર પ્રમાણને પ્રમાણ સંવત્સર કહે છે.

**(૪) લક્ષણ સંવત્સર–** ચંદ્ર સંવત્સર વગેરેના લક્ષણને લક્ષણ સંવત્સર કહે છે.

**(૫) શનૈશ્ચર સંવત્સર–** શનિ મહાગ્રહ જેટલા સમયમાં ૨૮ નક્ષત્ર સાથે યોગ પૂર્ણ કરે તેને શનૈશ્ચરસંવત્સર કહે છે.

**એકવીસમાં પ્રતિપ્રાભૃતમાં** નક્ષત્રના દ્વારનું વર્ણન છે. અભિજિતાદિ સાત નક્ષત્રો પૂર્વ દ્વારવાળા છે. અશ્વિની વગેરે સાત નક્ષત્રો દક્ષિણ દ્વારવાળા, પુષ્યાદિ સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારવાળા અને સ્વાતિ આદિ સાત નક્ષત્રો ઉત્તર દ્વારવાળા છે.

**બાવીસમા પ્રતિપ્રાભૃતમાં** નક્ષત્ર વિજય(વિચય) અર્થાત્ નક્ષત્રના સ્વરૂપનું વર્ણન છે. જંબૂદ્વીપમાં બે ચંદ્ર, બે સૂર્ય છે. તેના પરિવાર રૂપ ૨૮ × ૨ = ૫૬ નક્ષત્રો છે.

૨૮ નક્ષત્રો ચંદ્ર સાથે ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્તમાં યોગ પૂર્ણ કરે છે. સામી દિશામાં રહેલા બીજા ૨૮ નક્ષત્રો પણ ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્તમાં ચંદ્ર સાથે યોગ પૂર્ણ કરે છે. આ બે ચંદ્રો અને છપ્પન નક્ષત્રો કુલ ૧૬૩૮ $\frac{૫૪}{૬૭}$ મુહૂર્તમાં ચંદ્ર સાથે યોગ પૂર્ણ કરે છે.

છપ્પન નક્ષત્રો ૧૬૩૮ $\frac{૫૪}{૬૭}$ મુહૂર્તમાં ચંદ્ર સાથે યોગ કરતા ચાલે છે, તે સમગ્ર ક્ષેત્ર નક્ષત્રોના ચંદ્રયોગનું ક્ષેત્ર કહેવાય છે. ચંદ્ર એક મુહૂર્તમાં(બે ઘડીમાં) એક મંડળના ૬૭ ભાગને પાર કરે છે. ચંદ્ર સાથે યોગ કરતા નક્ષત્રો પણ એક મુહૂર્તમાં ૬૭ ભાગ ક્ષેત્રને પાર કરે છે, તેથી ૧૬૩૮ $\frac{૫૪}{૬૭}$ × ૬૭ = ૧,૦૯,૮૦૦ ભાગ પ્રમાણ ૫૬ નક્ષત્રોનો યોગ ક્ષેત્ર વિસ્તાર છે. તેમાં બંને અભિજિત નક્ષત્રોનો ૧,૨૬૦ ભાગ યોગક્ષેત્ર વિસ્તાર છે. બે શતભિષકાદિ–બાર નક્ષત્રોનો ૧૨,૦૬૦ ભાગ યોગ ક્ષેત્રનો વિસ્તાર છે, બે શ્રવણાદિ ૩૦ નક્ષત્રોનો ૬૦,૩૦૦ ભાગ યોગ ક્ષેત્રનો વિસ્તાર છે. બે ઉત્તરાભાદ્રપદાદિ બાર નક્ષત્રોનો ૩૬,૧૮૦ ભાગ યોગ ક્ષેત્રનો વિસ્તાર છે. તે સર્વ મળીને ૧,૦૯,૮૦૦ ભાગ પ્રમાણ નક્ષત્રોનો યોગ ક્ષેત્ર વિસ્તાર છે.

યુગની પ્રત્યેક પૂર્ણિમા અને અમાસનો ચંદ્ર ૧૨૪ ભાગવાળા મંડળના ૩૨-૩૨ ભાગ ક્ષેત્રમાં અને સૂર્ય ૯૪-૯૪ ભાગ ક્ષેત્રમાં નક્ષત્ર સાથે યોગ કરે છે. યુગની પ્રથમ પૂર્ણિમાનો ચંદ્ર કે સૂર્ય જે દેશ ભાગમાં જે સ્થાને યોગ પૂર્ણ કરે છે, તે જ દેશ ભાગથી બીજી પૂર્ણિમા કે અમાસનો ચંદ્ર યોગનો પ્રારંભ કરીને ચંદ્ર ૩૨ ભાગ અને સૂર્ય ૯૪ ભાગ ક્ષેત્ર સુધી યોગમાં રહે છે. આ રીતે પ્રત્યેક પૂર્ણિમા અને અમાસ પર્વતિથિના યોગ ક્ષેત્રની સાથે ગણના કરતાં ચંદ્ર ૧૨૪ ભાગવાળા ૧૬ મંડળને અને સૂર્ય ૪૭ મંડળ ક્ષેત્રને પૂર્ણ કરે છે.

બીજા, ચોથા, છઠ્ઠા, આઠમા વગેરે નક્ષત્ર માસમાં તે જ ચંદ્ર સમાન નામવાળા અન્ય અભિજિતાદિ નક્ષત્ર સાથે અન્ય દેશ(ક્ષેત્ર)માં યોગ કરે છે.

ત્રીજા,પાંચમા, સાતમા વગેરે નક્ષત્ર માસમાં તે જ ચંદ્ર તે જ અભિજિતાદિ નક્ષત્ર સાથે અન્ય દેશમાં યોગ કરે છે.

બીજા યુગના પ્રારંભે તે જ ચંદ્ર તે જ દેશભાગમાં સદશનામવાળા અભિજિતાદિ નક્ષત્ર યોગ કરે છે.

ત્રીજા યુગના પ્રારંભે તે જ ચંદ્ર તે જ દેશભાગમાં તે જ અભિજિતાદિ નક્ષત્ર સાથે યોગ કરે છે.

૨૮ નક્ષત્રો સૂર્ય સાથે એક વરસ(૩૬૬ અહોરાત્ર)માં યોગ કરે છે. યુગના પ્રારંભે પુષ્ય નક્ષત્ર યોગમાં હોય છે અને ૩૬૬ અહોરાત્રમાં ૨૮ નક્ષત્રો યોગ પૂર્ણ કરે છે.

બીજા, ચોથા, છઠ્ઠા આદિ સમસંખ્યક વરસમાં તે જ સૂર્ય સમાન નામવાળા અન્ય નક્ષત્ર સાથે તે જ દેશ ભાગમાં યોગ કરે છે.

ત્રીજા, પાંચમા, સાતમા આદિ વિષમસંખ્યક વરસમાં તે જ સૂર્ય તે જ નક્ષત્ર સાથે તે જ દેશ ભાગમાં યોગ કરે છે.

બીજા યુગના પ્રારંભમાં તે જ સૂર્ય તે જ દેશ ભાગમાં તત્સદશ નામવાળા અન્ય નક્ષત્ર સાથે યોગ કરે છે.

ત્રીજા યુગમાં પ્રારંભે તે જ દેશભાગમાં તે જ પુષ્ય નક્ષત્ર તે જ સૂર્ય સાથે યોગમાં હોય છે.

જંબૂદ્વીપમાં સામસામી દિશામાં એક-એક એમ કુલ બે ચંદ્ર, બે સૂર્ય છે તે જ રીતે સામસામી દિશામાં ૨૮ નક્ષત્રો, ૮૮ ગ્રહો છે. સામસામી દિશાના ચંદ્રાદિની ગતિ, નક્ષત્ર યોગ, યોગનું કાળમાન, ૨૮ નક્ષત્રોનું(૫૪,૯૦૦ ભાગ) પ્રમાણ યોગક્ષેત્ર, આ સર્વ એક સમાનછે, અંશમાત્ર તેમાં ફેરફાર હોતો નથી. આ પ્રકારે નક્ષત્ર વિજય અર્થાત્ નક્ષત્રોનું સ્વરૂપ પ્રસ્તુત પ્રતિપ્રાભૃતમાં પ્રતિપાદિત છે.

❖❖❖❖❖

# દસમું પ્રાભૃત : પહેલું પ્રતિપ્રાભૃત

## નક્ષત્રયોગ : નક્ષત્રક્રમ

**નક્ષત્રના ક્રમ વિષયક પાંચ પ્રતિપત્તિઓ :–**

**१** ता जोगे त्ति वत्थुस्स आवलियाणिवाए आहिएति वएज्जा । ता कहं ते जोगे ति वत्थुस्स आवलियाणिवाए आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ पंच पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–

तत्थेगे एवमाहंसु– ता सव्वे वि णं णक्खत्ता कत्तियादिया भरणिपज्जवसाणा पण्णत्ता, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता सव्वे वि णं णक्खत्ता महादिया अस्सेस-पज्जवसाणा पण्णत्ता, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता सव्वे वि णं णक्खत्ता, धणिट्ठादिया सवण-पज्जवसाणा पण्णत्ता, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता सव्वे वि णं णक्खत्ता अस्सिणी आदिया रेवईपज्जवसाणा पण्णत्ता, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता सव्वे वि णं णक्खत्ता भरणीआदिया अस्सिणीपज्जवसाणा पण्णत्ता, एगे एवमाहंसु ।

**ભાવાર્થ :–** નક્ષત્રો આવલિકા રૂપે અર્થાત્ ક્રમશઃ ચંદ્ર–સૂર્ય સાથે યોગ કરે છે. **પ્રશ્ન–** નક્ષત્રો ક્યા ક્રમથી સૂર્ય અને ચંદ્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** નક્ષત્રના ક્રમ વિષયક અન્યતીર્થિકોની પાંચ પ્રતિપત્તિઓ કહી છે, તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે કૃત્તિકાથી પ્રારંભ કરીને ભરણી સુધીના ક્રમથી સર્વ નક્ષત્રો યોગ કરે છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે મઘાથી પ્રારંભ કરીને અશ્લેષા સુધીના ક્રમથી સર્વ નક્ષત્રો યોગ કરે છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ધનિષ્ઠાથી પ્રારંભ કરીને શ્રવણ સુધીના ક્રમથી સર્વ નક્ષત્રો યોગ કરે છે.

(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે અશ્વિનીથી પ્રારંભ કરીને રેવતી સુધીના ક્રમથી સર્વ નક્ષત્રો યોગ કરે છે.

(૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ભરણીથી પ્રારંભ કરીને અશ્વિની સુધીના ક્રમથી સર્વ નક્ષત્રો યોગ કરે છે.

**નક્ષત્ર ક્રમ :–**

**२** वयं पुण एवं वयामो ता सव्वे वि णं णक्खत्ता अभिई आदिया, उत्तरासाढा

**पज्जवसाणा पण्णत्ता, तं जहा– अभिई सवणी** *जाव* **उत्तरासाढा ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે અભિજિતથી પ્રારંભ કરીને ઉત્તરાષાઢા પર્યંતના ક્રમથી સર્વ નક્ષત્રો સૂર્ય અને ચંદ્ર સાથે યોગ કરે છે. તે નક્ષત્રોના નામ આ પ્રમાણે છે– (૧) અભિજિત (૨) શ્રવણ (૩) ધનિષ્ઠા (૪) શતભિષક્ (૫) પૂર્વાભાદ્રપદા (૬) ઉત્તરાભાદ્રપદા (૭) રેવતી (૮) અશ્વિની (૯) ભરણી (૧૦) કૃત્તિકા (૧૧) રોહિણી (૧૨) મૃગશીર્ષ (૧૩) આર્દ્રા (૧૪) પુનર્વસુ (૧૫) પુષ્ય (૧૬) અશ્લેષા (૧૭) મઘા (૧૮) પૂર્વાફાલ્ગુની (૧૯) ઉત્તરાફાલ્ગુની (૨૦) હસ્તિ (૨૧) ચિત્રા (૨૨) સ્વાતિ (૨૩) વિશાખા (૨૪) અનુરાધા (૨૫) જયેષ્ઠા (૨૬) મૂળ (૨૭) પૂર્વાષાઢા અને (૨૮) ઉત્તરાષાઢા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નક્ષત્રનો ક્રમ દર્શાવવામાં આવેલ છે. એક-એક ચંદ્ર-સૂર્યના પરિવારમાં ૨૮ નક્ષત્રો છે. યુગના પ્રારંભ સમયે અભિજિત નક્ષત્ર ચંદ્ર સાથે યોગમાં હોય છે(જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ૭/૧૩૪), તે જ રીતે ઉત્સર્પિણી કાળના પ્રારંભ સમયે પણ અભિજિત નક્ષત્ર ચંદ્ર સાથે યોગમાં હોય છે (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ૨ /૧૧૬) અને તેથી જૈન દર્શન ૨૮ નક્ષત્રોના ક્રમમાં પ્રથમ અભિજિત નક્ષત્રને સ્વીકારે છે. અન્ય દાર્શનિકો નક્ષત્ર ક્રમમાં પ્રથમ કૃત્તિકા આદિ નક્ષત્રથી ગણનાનો પ્રારંભ કરે છે.

શ્રી અનુયોગદ્વાર સૂત્ર દસનામ પ્રમાણ નિષ્પન્ન પ્રકરણમાં (પે. ૨૬૪) નક્ષત્રના આધારે અને નક્ષત્ર દેવના નામના આધારે બાળકનું નામ રાખવામાં આવે, તે કથનમાં કૃત્તિકાથી ભરણીના ક્રમથી નામો છે. બાળકનું નામ પાડવું તે લૌકિક વ્યવહાર છે. તેમ જ લોકમાં કારતક, માગસર આ ક્રમથી બાર માસનો વ્યવહાર થાય છે તેથી અનુયોગ દ્વાર સૂત્રમાં કૃત્તિકાના ક્રમથી કથન છે, તેમ સમજવું. શ્રી ઠાણાંગ સૂત્રના બીજા સ્થાનના ત્રીજા ઉદ્દેશકમાં જંબૂદ્વીપમાં સમાન નામવાળા બે-બે નક્ષત્રો અને તેના બે-બે સ્વામી દેવનું કથન છે, તેમાં કૃત્તિકાથી ભરણીના ક્રમથી વિધાન છે. તે લોકમાં કૃત્તિકા(કારતક માસ)થી વ્યવહાર પ્રવર્તમાન હોવાથી તે ક્રમ છે, તેમ સમજવું. લોકોત્તરિક–જૈન દષ્ટિએ નક્ષત્રની ગણનામાં અભિજિત નક્ષત્ર પ્રથમ ક્રમે છે.

॥ પ્રાભૃત–૧૦/૧ સંપૂર્ણ ॥

# દસમું પ્રાભૃત : બીજું પ્રતિપ્રાભૃત

## યોગ મુહૂર્ત પરિમાણ

**નક્ષત્રોનો ચંદ્ર સાથેનો યોગકાળ :-**

**१ ता कहं ते मुहुत्तग्गे आहिएति वएज्जा ? ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं अत्थि णक्खत्ते जे णं णव मुहुत्ते सत्तावीसं च सत्तट्ठिभाए मुहुत्तस्स चंदेण सद्धिं जोयं जोएति । अत्थि णक्खत्ता जे णं पण्णरस मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं तीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं पणयालीसे मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નક્ષત્ર કેટલા મુહૂતાગ્ર–મુહૂર્ત પરિમાણ છે અર્થાત્ નક્ષત્ર કેટલા મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** ૨૮ નક્ષત્રોમાંથી કેટલાક નક્ષત્રો નવપૂર્ણાંક સડસઠીયા સત્યાવીસ(૯ $\frac{૨૭}{૬૭}$ ) મુહૂર્ત પર્યંત ચંદ્ર સાથે યોગ કરે છે. કેટલાક નક્ષત્રો ૧૫ મુહૂર્ત પર્યંત ચંદ્ર સાથે યોગ કરે છે. કેટલાક નક્ષત્રો ૩૦ મુહૂર્ત પર્યંત ચંદ્ર સાથે યોગ કરે છે અને કેટલાક નક્ષત્રો ૪૫ મુહૂર્ત પર્યંત ચંદ્ર સાથે યોગ કરે છે.

**२ ता एएसिं णं अट्ठावीसाए णक्खत्ताणं, कयरे णक्खत्ते जे णं णव मुहुत्ते सत्तावीसं च सत्तट्ठिभाए मुहुत्तस्स चंदेण सद्धिं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं पण्णरस मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं तीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं पणयालीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ?**

**ता एएसिं णं अट्ठावीसाए णक्खत्ताणं तत्थ जे ते णक्खत्ते जे णं णव मुहुत्ते सत्तावीसं च सत्तट्ठिभाए मुहुत्तस्स चंदेण सद्धिं जोयं जोएति, से णं एगे अभिई ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं पण्णरस मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ते णं छ, तं जहा– सत्तभिसया भरणी अद्दा अस्सेसा साई जेट्ठा ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं तीसं मुहुत्तं चंदेण सद्धिं जोयं जोएंति ते णं पण्णरस, तं जहा– सवणो धणिट्ठा पुव्वाभद्दवया रेवई अस्सिणी कत्तिया मिगसिरं पुस्सो महा पुव्वाफग्गुणी हत्थो चित्ता अणुराहा मूलो पुव्वसाढा ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं पणयालीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ते णं छ, तं जहा– उत्तराभद्दवया रोहिणी पुणव्वसू उत्तराफग्गुणी विसाहा उत्तरासाढा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** (૧) અઠયાવીસ નક્ષત્રોમાંથી કેટલા અને ક્યા નક્ષત્રો ચંદ્ર સાથે ૯ ૨૭/૬૭ મુહૂર્ત સુધી યોગ કરે છે ? (૨) કેટલા અને કયા નક્ષત્રો ચંદ્ર સાથે ૧૫ મુહૂર્ત સુધી યોગ કરે છે ? (૩) કેટલા અને કયા નક્ષત્રો ચંદ્ર સાથે ૩૦ મુહૂર્ત સુધી યોગ કરે છે ? (૪) કેટલા અને કયા નક્ષત્રો ચંદ્ર સાથે ૪૫ મુહૂર્ત સુધી યોગ કરે છે ?

**ઉત્તર–** (૧) અઠયાવીસ નક્ષત્રોમાંથી **એક** અભિજિત નક્ષત્ર ચંદ્ર સાથે ૯ ૨૭/૬૭ **મુહૂર્ત** સુધી યોગ કરે છે.

(૨) તે નક્ષત્રમાંથી ૧. શતભિષક ૨. ભરણી ૩. આર્દ્રા ૪. અશ્લેષા ૫. સ્વાતિ અને ૬. જયેષ્ઠા, આ છ **નક્ષત્રો** ચંદ્ર સાથે **૧૫ મુહૂર્ત** સુધી યોગ કરે છે.

(૩) તે નક્ષત્રોમાંથી ૧. શ્રવણ ૨. ધનિષ્ઠા ૩. પૂર્વાભાદ્રપદા ૪. રેવતી ૫. અશ્વિની ૬. કૃત્તિકા ૭. મૃગશીર્ષ ૮. પુષ્ય ૯. મઘા ૧૦. પૂર્વાફાલ્ગુની ૧૧. હસ્ત ૧૨. ચિત્રા ૧૩. અનુરાધા ૧૪. મૂળ અને ૧૫. પૂર્વાષાઢા, આ **પંદર નક્ષત્રો** ચંદ્ર સાથે **૩૦ મુહૂર્ત** સુધી યોગ કરે છે.

(૪) તે નક્ષત્રોમાંથી ૧. ઉત્તરાભાદ્રપદા ૨. રોહિણી, ૩. પુનર્વસુ, ૪. ઉત્તરાફાલ્ગુની ૫. વિશાખા અને ૬. ઉત્તરાષાઢા, આ **છ નક્ષત્રો** ચંદ્ર સાથે **પીસ્તાલીસ મુહૂર્ત** સુધી યોગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નક્ષત્રોના ચંદ્ર સાથેના યોગકાળનું વર્ણન છે.

ચંદ્ર મંડળની ઉપર–નીચે નક્ષત્ર મંડળો છે. નક્ષત્રોની ભ્રમણ ગતિ તીવ્ર છે અને ચંદ્રની ગતિ મંદ છે.

**યોગ :– योगं संबंधं ।** ઉપર, નીચે સ્થિત પરિભ્રમણ માર્ગ પર ભ્રમણ કરતા ચંદ્ર અને નક્ષત્ર જેટલો સમય એક સાથે ગમન કરે, તેને યોગ કહે છે અર્થાત્ ચંદ્ર અને નક્ષત્રોના સહગમન રૂપ સંબંધને યોગ કહે છે.

**ચંદ્ર નક્ષત્રના યોગ :–** ચંદ્ર અને નક્ષત્રના પાંચ પ્રકારના યોગ–સંબંધ છે.

**યોગકાળ :–** અભિજિત વગેરે નક્ષત્રો જેટલો સમય ચંદ્ર સાથે સહપરિભ્રમણ કરે છે તેટલો સમય ચંદ્ર યોગ કાળ અને જેટલો સમય સૂર્ય સાથે સહપરિભ્રમણ કરે છે, તેટલો સમય સૂર્યયોગકાળ કહેવાય છે.

**અભિજિત નક્ષત્રનો ચંદ્રયોગ કાળ :–** એક અહોરાત્રમાં સૂર્ય જેટલા ક્ષેત્રમાં ચાલે છે, તે ક્ષેત્ર(મંડળ) ના ૬૭ ભાગ કરવામાં આવે, તો તદ્ગત ૨૧ ભાગમાં(ક્ષેત્રમાં) અભિજિત નક્ષત્ર ચંદ્ર સાથે યોગ કરે છે. અભિજિત નક્ષત્ર ૧ અહોરાત્રના ૬૭ ભાગ કરવામાં આવે તો તદ્ગત ૨૧ ભાગ સુધી ચંદ્ર સાથે રહે છે.

એક અહોરાત્રના ૩૦ મુહૂર્ત છે તેથી ૨૧ ભાગને ૩૦ થી ગુણતા (૨૧ × ૩૦ =) ૬૩૦ ભાગ આવે, તેને ૬૭થી ભાગતા (૬૩૦ ÷ ૬૭ =) ૯ ૨૭/૬૭ મુહુર્ત પ્રમાણ અભિજિત નક્ષત્રનો ચંદ્રયોગ કાળ પ્રાપ્ત થાય છે. અભિજિત નક્ષત્રનો યોગકાળ ૯ ૨૭/૬૭ મુહૂર્ત પ્રમાણ છે અને યોગ ક્ષેત્ર ૨૧/૬૭ ભાગ પ્રમાણ છે.

**શિતભિષકાદિ છ નક્ષત્રોનો ચંદ્રયોગકાળ :–** એક અહોરાત્રમાં સૂર્ય જેટલા ક્ષેત્રમાં ચાલે છે, તે ક્ષેત્રના ૬૭ ભાગ કરવામાં આવે તો તદ્ગત સાડા તેત્રીસ(૩૩ ૧/૨) ભાગમાં શતભિષકાદિ છ નક્ષત્રો ચંદ્રયોગ કરે છે.

એક અહોરાત્રના ૩૦ મુહૂર્ત છે તે ૩૦ મુહૂર્તે નક્ષત્ર ચંદ્ર સાથે ૬૭ ભાગ ઉપર ચાલે તો ૧૫ મુહૂર્તે

કેટલા ભાગ ચાલે? આ રીતે ત્રિરાશિ મૂકતાં $\frac{૬૭}{૧} \times \frac{૧૫}{૩૦} = \frac{૧૦૦૫}{૩૦}$ ૧૦૦૫ ÷ ૩૦ = ૩૩$\frac{૧}{૨}$ સડસઠીયા ભાગ પ્રાપ્ત થાય છે.

૬૭ ભાગ ચાલવામાં ૩૦ મુહૂર્ત થાય તો ૩૩$\frac{૧}{૨}$ ભાગ ચાલવામાં કેટલા મુહૂર્ત થાય ? આ પ્રમાણે ત્રિરાશિ મૂકતા $\frac{૩૦}{૧} \times \frac{૩૩\frac{૧}{૨}}{૬૭} = \frac{૧૦૦૫}{૬૭}$ ૧૦૦૫ ÷ ૬૭ = ૧૫ મુહૂર્ત પ્રાપ્ત થાય છે.

આ રીતે શતભિષકાદિ છ નક્ષત્રોનો યોગ કાળ ૧૫ મુહૂર્ત છે અને યોગક્ષેત્ર $\frac{૩૩\frac{૧}{૨}}{૬૭}$ ભાગ છે.

**શ્રવણાદિ ૧૫ નક્ષત્રોનો ચંદ્રયોગકાળ :–** એક અહોરાત્રમાં સૂર્ય જેટલા ક્ષેત્રમાં ચાલે તે ક્ષેત્રના ૬૭ ભાગ કરવામાં આવે તો તદ્ગત સડસઠ ભાગમાં શ્રવણાદિ ૧૫ નક્ષત્રો ચંદ્રયોગ કરે છે.

એક અહોરાત્રના ૩૦ મુહૂર્ત છે તેથી શ્રવણાદિ નક્ષત્રોનો યોગ કાળ ૩૦ મુહૂર્ત છે અને યોગક્ષેત્ર ૬૭ ભાગ છે.

**ઉત્તરાભાદ્રપદાદિ છ નક્ષત્રોનો ચંદ્રયોગકાળ :–** એક અહોરાત્રમાં સૂર્ય જેટલા ક્ષેત્રમાં ચાલે, તે ક્ષેત્રના ૬૭ ભાગ કરવામાં આવે તો તદ્ગત સાડા સો(૧૦૦$\frac{૧}{૨}$) ભાગ સુધી ઉત્તરાભાદ્રપદાદિ છ નક્ષત્રો ચંદ્રયોગ કરે છે.

એક અહોરાત્રના ૩૦ મુહૂર્ત છે તે ૩૦ મુહૂર્તમાં નક્ષત્ર ચંદ્ર સાથે ૬૭ ભાગ ઉપર ચાલે, તો ૪૫ મુહૂર્ત કેટલા ભાગ ચાલે ? આ ત્રિરાશિ મૂકતાં $\frac{૬૭}{૧} \times \frac{૪૫}{૩૦} = \frac{૩૦૧૫}{૩૦} = ૧૦૦\frac{૧}{૨}$ સડસઠીયા ભાગ પ્રાપ્ત થાય છે.

૬૭ ભાગ ચાલવામાં ૩૦ મુહૂર્ત થાય તો ૧૦૦$\frac{૧}{૨}$ ભાગ ચાલવામાં કેટલા મુહૂર્ત થાય ? આ ત્રિરાશિ મૂકતાં– $\frac{૩૦}{૧} \times \frac{૧૦૦\frac{૧}{૨}}{૬૭} = \frac{૩૦૧૫}{૬૭}$ ૩૦૧૫ ÷ ૬૭ = ૪૫ મુહૂર્ત પ્રાપ્ત થાય છે.

આ રીતે ઉત્તરાભાદ્રપદાદિ છ નક્ષત્રોનો યોગ કાળ ૪૫ મુહૂર્ત અને યોગક્ષેત્ર $\frac{૧૦૦\frac{૧}{૨}}{૬૭}$ ભાગ છે.

**નક્ષત્રોનો સૂર્ય સાથેનો યોગકાળ :–**

**३ ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं अत्थि णक्खत्ते जे णं चत्तारि अहोरत्ते छच्च मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएति । अत्थि णक्खत्ता जे णं छ अहोरत्ते एक्कवीसं च मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं तेरस अहोरत्ते बारस य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं वीसं अहोरत्ते तिण्णि य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ।**

**ભાવાર્થ :–** અઠ્યાવીસ નક્ષત્રોમાંથી કેટલાક નક્ષત્રો ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે. કેટલાક નક્ષત્રો છ અહોરાત્ર અને એકવીસ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે. કેટલાક નક્ષત્રો તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે અને કેટલાક નક્ષત્રો વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે.

**४** **ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं, कयरे णक्खत्ते जे णं चत्तारि अहोरत्ते छच्च मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएति ? कयरे णक्खत्ता जे णं छ अहोरत्ते एक्कवीसं च मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं तेरस अहोरत्ते बारस य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं वीसं अहोरत्ते तिण्णि य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ?**

**ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं, तत्थ जे ते णक्खत्ते जे णं चत्तारि अहोरत्ते छच्च मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएति से णं एगे अभीई ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं छ अहोरत्ते एक्कवीसं च मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ते णं छ, तं जहा– सतभिसया भरणी अद्दा अस्सेसा साई जेट्ठा ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं तेरस अहोरत्ते बारस य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ते णं पण्णरस, तं जहा– सवणो धणिट्ठा पुव्वाभद्दवया रेवई अस्सिणी कत्तिया मिगसिरं पुसो महा पुव्वाफग्गुणी हत्थो चित्ता अणुराहा मूलो पुव्वासाढा ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं वीसं अहोरत्ते तिण्णि य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ते णं छ, तं जहा– उत्तराभद्दवया रोहिणी पुणव्वसू उत्तराफग्गुणी विसाहा उत्तरासाढा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અઠ્યાવીસ નક્ષત્રોમાંથી (૧) કેટલા અને ક્યા નક્ષત્રો સૂર્ય સાથે ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સુધી યોગ કરે છે ? (૨) કેટલા અને કયા નક્ષત્રો સૂર્ય સાથે છ અહોરાત્ર અને એકવીસ મુહૂર્ત સુધી યોગ કરે છે ? (૩) કેટલા અને કયા નક્ષત્રો સૂર્ય સાથે તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત સુધી યોગ કરે છે ? (૪) કેટલા અને કયા નક્ષત્રો સૂર્ય સાથે વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત સુધી યોગ કરે છે ?

**ઉત્તર–** (૧) અઠ્યાવીસ નક્ષત્રોમાંથી એક અભિજિત નક્ષત્ર સૂર્ય સાથે ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સુધી યોગ કરે છે.

(૨) તે નક્ષત્રોમાંથી ૧. શતભિક્ ૨. ભરણી ૩. આર્દ્રા ૪. અશ્લેષા ૫. સ્વાતિ અને ૬. જયેષ્ઠા, આ **છ નક્ષત્રો** સૂર્ય સાથે **૬ અહોરાત્ર અને ૨૧ મુહૂર્ત** સુધી યોગ કરે છે.

(૩) તે નક્ષત્રોમાંથી ૧. શ્રવણ ૨. ધનિષ્ઠા ૩. પૂર્વાભાદ્રપદા ૪. રેવતી ૫. અશ્વિની ૬. કૃતિકા ૭. મૃગશીર્ષ ૮. પુષ્ય ૯. મઘા ૧૦. પૂર્વાફાલ્ગુની ૧૧. હસ્ત ૧૨. ચિત્રા ૧૩. અનુરાધા ૧૪. મૂળ અને ૧૫. પૂર્વાષાઢા, આ **પંદર નક્ષત્રો** સૂર્ય સાથે **૧૩ અહોરાત્ર અને ૧૨ મુહૂર્ત** સુધી યોગ કરે છે.

(૪) તે નક્ષત્રોમાંથી ૧. ઉત્તરાભાદ્રપદા ૨. રોહિણી ૩. પુનર્વસુ ૪. ઉત્તરાફાલ્ગુની ૫. વિશાખા ૬. ઉત્તરાષાઢા, આ **છ નક્ષત્રો** સૂર્ય સાથે **૨૦ અહોરાત્ર અને ૩ મુહૂર્ત** સુધી યોગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નક્ષત્રોના સૂર્ય સાથેના યોગકાળનું વર્ણન છે.

**અભિજિત નક્ષત્રનો સૂર્યયોગ કાળ :–** સૂર્ય યોગકાળની ગણના વિધિમાં સામાન્ય નિયમ એવો છે કે જે નક્ષત્રનો જેટલા સડસઠીયા ભાગ પ્રમાણ ચંદ્રયોગ કાળ હોય, તેના પાંચમા ભાગ પ્રમાણ અહોરાત્ર સુધી સૂર્ય યોગ કાળ હોય છે.

અભિજિત નક્ષત્રનો $\frac{૨૧}{૬૭}$ ભાગ પ્રમાણ ચંદ્રયોગ કાળ છે. તેનો પાંચમો ભાગ કરવા, પાંચથી ભાગતા (૨૧ ÷ ૫ =) ૪ $\frac{૧}{૫}$ અહોરાત્ર આવે છે. હવે $\frac{૧}{૫}$ના મુહુર્ત કરવા ૩૦ થી ગુણતા $\frac{૧}{૫}$ × ૩૦ = ૬ મુહુર્ત પ્રાપ્ત થાય છે. આ રીતે ૪ અહોરાત્ર અને ૬ મુહૂર્ત પ્રમાણ અભિજિત નક્ષત્રનો સૂર્યયોગ કાળ પ્રાપ્ત થાય છે.

**શતભિષકાદિ છ નક્ષત્રોનો સૂર્ય યોગકાળ :–** શતભિષકાદિ નક્ષત્રોનો સડસઠીયા સાડા તેત્રીસ $\frac{૩૩\frac{૧}{૨}}{૬૭}$ ભાગ પ્રમાણ ચંદ્ર યોગકાળ છે. તેનો પાંચમો ભાગ કરવા પાંચથી ભાગતા ૩૩ $\frac{૧}{૨}$ =($\frac{૬૭}{૨}$) ÷ $\frac{૧}{૫}$ = $\frac{૬૭}{૧૦}$ તેના પૂર્ણાંક કાઢતાં ૬$\frac{૭}{૧૦}$ અહોરાત્ર થાય, $\frac{૭}{૧૦}$ અહોરાત્રના મુહૂર્ત કરવા તેને ૩૦ થી ગુણતા $\frac{૭}{૧૦}$ × ૩૦ = $\frac{૨૧૦}{૧૦}$ ને ૧૦થી છેદ ઉડાડતાં ૨૧ મુહૂર્ત, પ્રાપ્ત થાય છે. આ રીતે ૬ અહોરાત્ર અને ૨૧ મુહૂર્ત પ્રમાણ શતભિષકાદિ નક્ષત્રોનો યોગકાળ પ્રાપ્ત થાય છે.

**ઉત્તરાભાદ્રપદાદિ છ નક્ષત્રોનો સૂર્ય યોગકાળ :–** ઉત્તરાભાદ્રપદાદિ નક્ષત્રોનો સડસઠીયા ૧૦૦ $\frac{૧}{૨}$ ભાગ પ્રમાણ ચંદ્ર યોગકાળ છે. તેને પાંચથી ભાગતા ૧૦૦$\frac{૧}{૨}$ ($\frac{૨૦૧}{૨}$) ÷ $\frac{૧}{૫}$ = $\frac{૨૦૧}{૧૦}$ તેના પૂર્ણાંક કાઢતાં ૨૦ $\frac{૧}{૧૦}$ અહોરાત્ર થાય. $\frac{૧}{૧૦}$ અહોરાત્રના મુહૂર્ત કારવા તેને ૩૦ થી ગુણતાં $\frac{૧}{૧૦}$ × ૩૦ = $\frac{૩૦}{૧૦}$ ૩૦ ÷ ૧૦ = ૩ મુહૂર્ત થાય, આ રીતે ૨૦ અહોરાત્ર અને ૩ મુહૂર્ત પ્રમાણ ઉત્તરાભાદ્રપદાદિ છ નક્ષત્રોનો સૂર્યયોગકાળ પ્રાપ્ત થાય છે.

**શ્રવણ આદિ પંદર નક્ષત્રોનો સૂર્ય યોગકાળ :–** શ્રવણાદિ ૧૫ નક્ષત્રોનો ચંદ્ર યોગકાળ ૬૭ ભાગ છે. તેને પાંચથી ભાગતા ૬૭ ÷ ૫ = ૧૩ $\frac{૨}{૫}$ અહોરાત્ર પ્રાપ્ત થાય છે. તેમાં $\frac{૨}{૫}$ અહોરાત્રના મુહૂર્ત કરવા, તેને ૩૦ થી ગુણતા $\frac{૨}{૫}$ × ૩૦ = $\frac{૬૦}{૫}$, ૬૦ ÷ ૫ = ૧૨ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. આ રીતે ૧૩ અહોરાત્ર અને ૧૨ મુહૂર્ત પ્રમાણ શ્રવણાદિ નક્ષત્રોનો સૂર્ય યોગકાળ પ્રાપ્ત થાય છે.

**નક્ષત્ર ચંદ્ર-સૂર્ય યોગકાળ :–**

| નક્ષત્ર ક્રમાંક | એક અહોરાત્રના સડસઠીયા ભાગ પ્રમાણ ચંદ્ર યોગકાળ | મુહૂર્ત પ્રમાણ યોગ કાળ | |
|---|---|---|---|
| | | ચંદ્રયોગ કાળ | સૂર્યયોગ કાળ |
| ૧. અભિજિત | $\frac{૨૧}{૬૭}$ ભાગ | ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત | ૪ અહોરાત્ર, ૬ મુહૂર્ત |
| શતભિષકાદિ છ નક્ષત્ર | $\frac{૩૩\frac{૧}{૨}}{૬૭}$ ભાગ | ૧૫ મુહૂર્ત | ૬ અહોરાત્ર, ૨૧ મુહૂર્ત |

| નક્ષત્ર ક્રમાંક | એક અહોરાત્રના સડસઠીયા ભાગ પ્રમાણ ચંદ્ર યોગકાળ | મુહૂર્ત પ્રમાણ યોગ કાળ | |
|---|---|---|---|
| | | ચંદ્રયોગ કાળ | સૂર્યયોગ કાળ |
| શ્રવણાદિ પંદર નક્ષત્ર | ૬૭ ભાગ (અર્થાત્ ૧ અહોરાત્ર) | ૩૦ મુહૂર્ત | ૧૩ અહોરાત્ર અને ૧૨ મુહૂર્ત |
| ઉત્તરાભાદ્રપદા આદિ છ નક્ષત્ર | $\frac{100\frac{1}{2}}{67}$ | ૪૫ મુહૂર્ત | ૨૦ અહોરાત્ર, ૩ મુહૂર્ત |

## ૨૮ નક્ષત્રોનો ચંદ્ર-સૂર્ય યોગકાળ :–

| નક્ષત્ર | | ચંદ્ર યોગકાળ | | સૂર્ય યોગકાળ | |
|---|---|---|---|---|---|
| | | મુહૂર્ત | સડસઠીયા ભાગ | અહોરાત્ર | મુહૂર્ત |
| ૧ | અભિજિત | ૯ | ૨૭ | ૪ | ૬ |
| ૨ | શ્રવણ | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૩ | ધનિષ્ઠા | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૪ | શતભિષક | ૧૫ | – | ૬ | ૨૧ |
| ૫ | પૂર્વાભાદ્રપદા | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૬ | ઉત્તરાભાદ્રપદા | ૪૫ | – | ૨૦ | ૩ |
| ૭ | રેવતી | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૮ | અશ્વિની | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૯ | ભરણી | ૧૫ | – | ૬ | ૨૧ |
| ૧૦ | કૃત્તિકા | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૧૧ | રોહિણી | ૪૫ | – | ૨૦ | ૩ |
| ૧૨ | મૃગશીર્ષ | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૧૩ | આર્દ્રા | ૧૫ | – | ૬ | ૨૧ |
| ૧૪ | પુનર્વસુ | ૪૫ | – | ૨૦ | ૩ |
| ૧૫ | પુષ્ય | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૧૬ | અશ્લેષા | ૧૫ | – | ૬ | ૨૧ |
| ૧૭ | મઘા | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૧૮ | પૂર્વાફાલ્ગુની | ૩૦ | – | ૧૩ | ૧૨ |

| નક્ષત્ર | | ચંદ્ર યોગકાળ | | સૂર્ય યોગકાળ | |
|---|---|---|---|---|---|
| | | મુહૂર્ત | સડસઠીયા ભાગ | અહોરાત્ર | મુહૂર્ત |
| ૧૯ | ઉત્તરાફાલ્ગુની | ૪૫ | – | ૨૦ | ૩ |
| ૨૦ | હસ્ત | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૨૧ | ચિત્રા | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૨૨ | સ્વાતિ | ૧૫ | – | ૬ | ૨૧ |
| ૨૩ | વિશાખા | ૪૫ | – | ૨૦ | ૩ |
| ૨૪ | અનુરાધા | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૨૫ | જયેષ્ઠા | ૧૫ | – | ૬ | ૨૧ |
| ૨૬ | મૂળ | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૨૭ | પૂર્વાષાઢા | ૩૦ | – | ૧૩ | ૧૨ |
| ૨૮ | ઉત્તરાષાઢા | ૪૫ | – | ૨૦ | ૩ |

**॥ પ્રાભૃત–૧૦/૨ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : ત્રીજું પ્રતિપ્રાભૃત

## યોગ પૂર્વાદિ ભાગ : સમક્ષેત્રાદિ યોગ

**નક્ષત્રોના પૂર્વાદિભાગોથી યોગ ક્ષેત્ર અને કાલ પ્રમાણ :–**

**१** **ता कहं ते एवं भागा आहिएति वएज्जा ? ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं– अत्थि णक्खत्ता पुव्वंभागा, समक्खेत्ता तीसइ मुहुत्ता पण्णत्ता । अत्थि णक्खत्ता पच्छंभागा, समक्खेत्ता तीसइ मुहुत्ता पण्णत्ता । अत्थि णक्खत्ता णत्तंभागा अवड्ढक्खेत्ता पण्णरस मुहुत्ता पण्णत्ता । अत्थि णक्खत्ता उभयं भागा दिवड्ढक्खेत्ता, पणयालीसं मुहुत्ता पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નક્ષત્રોના પૂર્વ ભાગાદિ યોગ કેવા છે ? **ઉત્તર–** અઠયાવીસ નક્ષત્રોમાંથી કેટલાક નક્ષત્રો પૂર્વ ભાગમાં અર્થાત્ દિવસના પ્રારંભમાં સમક્ષેત્રમાં ત્રીસ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. કેટલાક નક્ષત્રો પશ્ચિમ–પાછલા ભાગમાં અર્થાત્ દિવસના અંતિમ ભાગમાં સમક્ષેત્રમાં ત્રીસ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. કેટલાક નક્ષત્રો નક્તભાગ અર્થાત્ રાત્રિના પ્રારંભમાં અર્ધ ક્ષેત્રમાં પંદર મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. કેટલાક નક્ષત્રો ઉભયભાગ અર્થાત્ પહેલા દિવસના પ્રારંભથી બીજા દિવસની સાંજ સુધી સાર્ધ ક્ષેત્રમાં–દોઢ ક્ષેત્રમાં પીસ્તાલીસ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે.

**२** **ता एएसिणं अट्ठावीसाए णक्खत्ताणं कयरे णक्खत्ता पुव्वंभागा, समक्खेत्ता तीसइ मुहुत्ता पण्णत्ता ? कयरे णक्खत्ता पच्छंभागा समक्खेत्ता तीसइ मुहुत्ता पण्णत्ता ? कयरे णक्खत्ता णंत्तं भागा अवड्ढक्खेत्ता पण्णरस मुहुत्ता पण्णत्ता ? कयरे णक्खत्ता उभयंभागा दिवड्ढक्खेत्ता, पणयालीसं मुहुत्ता पण्णत्ता ?**

**ता एएसिणं अट्ठावीसाए णक्खत्ताणं– तत्थ जे ते णक्खत्ता पुव्वंभागा समक्खेत्ता तीसइ मुहुत्ता पण्णत्ता ते णं छ, तं जहा– पुव्वापोट्ठवया कत्तिया महा पुव्वाफग्गुणी मूलो पुव्वासाढा ।**

**तत्थ जे ते णक्खत्ता पच्छंभागा समक्खेत्ता तीसइ मुहुत्ता पण्णत्ता ते णं दस, तं जहा– अभिई सवणो धणिट्ठा रेवई अस्सिणी मिगसिरं पूसो हत्थो चित्ता अणुराहा ।**

**तत्थ जे ते णक्खत्ता णत्तंभागा अवड्ढक्खेत्ता पण्णरस मुहुत्ता पण्णत्ता ते णं छ, तं जहा– सयभिसया भरणी अद्दा अस्सेसा साती जेट्ठा ।**

**तत्थ जे ते णक्खत्ता उभयंभागा दिवड्ढक्खेत्ता पणयालीसं मुहुत्ता पण्णत्ता**

**ते णं छ, तं जहा– उत्तरापोट्ठवया रोहिणी पुणव्वसू उत्तराफग्गुणी विसाहा उत्तरा-साढा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આ અઠયાવીસ નક્ષત્રોમાંથી (૧) કેટલા અને ક્યા નક્ષત્રો પૂર્વભાગ– દિવસના પ્રારંભમાં સમક્ષેત્રમાં ચંદ્ર સાથે ત્રીસ મુહૂર્ત સુધી યોગ કરે છે ? (૨) કેટલા અને ક્યા નક્ષત્રો પશ્ચાત્ ભાગ– દિવસના અંતિમ ભાગમાં સમક્ષેત્રમાં ચંદ્ર સાથે ત્રીસ મુહૂર્ત સુધી યોગ કરે છે ? (૩) કેટલા અને ક્યા નક્ષત્રો નકતભાગ– રાત્રિના પ્રારંભમાં અર્ધ ક્ષેત્રમાં ચંદ્ર સાથે પંદર મુહૂર્ત સુધી યોગ કરે છે ? (૪) કેટલા અને ક્યા નક્ષત્રો ઉભય ભાગ– પહેલા દિવસના પ્રારંભથી બીજા દિવસની સાંજ સુધીના દ્વયાર્ધ (દોઢ) ક્ષેત્રમાં ચંદ્ર સાથે પીસ્તાલીસ મુહૂર્ત સુધી યોગ કરે છે ?

**ઉત્તર–** (૧) આ અઠયાવીસ નક્ષત્રોમાંથી (૧) પૂર્વાભાદ્રપદા (૨) કૃતિકા (૩) મઘા (૪) પૂર્વાફાલ્ગુની (૫) મૂળ (૬) પૂર્વાષાઢા, **આ છ નક્ષત્રો દિવસના પ્રારંભમાં સમક્ષેત્રમાં ચંદ્ર સાથે ત્રીસ મુહૂર્ત સુધી યોગ કરે છે.**

**(૨)** તે નક્ષત્રોમાંથી (૧) અભિજિત (૨) શ્રવણ (૩) ધનિષ્ઠા (૪) રેવતી (૫) અશ્વિની (૬) મૃગશીર્ષ (૭) પુષ્ય (૮) હસ્ત (૯) ચિત્રા અને (૧૦) અનુરાધા, **આ દસ નક્ષત્રો દિવસના અંતમાં સમક્ષેત્રમાં ચંદ્ર સાથે, ત્રીસ મુહૂર્ત સુધી યોગ કરે છે.**

**(૩)** તે નક્ષત્રોમાંથી (૧) શતભિષક્ (૨) ભરણી (૩) આર્દ્રા (૪) અશ્લેષા (૫) સ્વાતિ અને (૬) જયેષ્ઠા, **આ છ નક્ષત્રો રાત્રિના પ્રારંભમાં અર્ધક્ષેત્રમાં ચંદ્ર સાથે પંદર મુહૂર્ત સુધી યોગ કરે છે.**

**(૪)** તે નક્ષત્રોમાંથી (૧) ઉત્તરાભાદ્રપદા (૨) રોહિણી (૩) પુનર્વસુ (૪) ઉત્તરાફાલ્ગુની (૫) વિશાખા અને (૬) ઉત્તરાષાઢા, આ છ નક્ષત્રો દિવસના પ્રારંભથી બીજા દિવસની સાંજ સુધી (એક અહોરાત્ર અને બીજા અર્ધ અહોરાત્ર અર્થાત્ દ્વયાર્ધ)**દોઢ ક્ષેત્રમાં ચંદ્ર સાથે યોગ કરે છે.**

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ક્ષેત્ર અને કાળને સંયુક્ત કરીને નક્ષત્રોનું ચંદ્ર સાથેના યોગનું વર્ણન છે.

પ્રસ્તુતમાં ક્ષેત્ર સૂચક ત્રણ શબ્દોના અને કાળ સૂચક ચાર શબ્દોનો પ્રયોગ છે.

**કાળસૂચક શબ્દો–** (૧) **पुव्वं भागा**– પૂર્વભાગ. પૂર્વાભાદ્રપદાદિ છ નક્ષત્રો દિવસના પૂર્વ ભાગમાં અર્થાત્ દિવસના પ્રારંભમાં ચંદ્ર સાથે યોગ કરે છે. આ નક્ષત્રો પૂર્વથી દક્ષિણ તરફ જતાં ચંદ્ર સાથે યોગ કરે છે.

(૨) **पच्छं भागा**– પશ્ચિમ ભાગ. અભિજિત, શ્રવણાદિ દસ નક્ષત્રો દિવસના પશ્ચાત્ ભાગમાં અર્થાત્ દિવસના અંત ભાગમાં ચંદ્ર સાથે યોગ કરે છે. આ નક્ષત્રો દક્ષિણથી પશ્ચિમ તરફ જતાં ચંદ્ર સાથે યોગ કરે છે.

(૩) **णत्तं भागा**– નકત ભાગ. નકત એટલે રાત્રિ. શતભિષકાદિ છ નક્ષત્રો રાત્રિના પ્રારંભમાં ચંદ્ર સાથે યોગ કરે છે.

(૪) **उभयं भागा**– ઉભય ભાગ–દિવસ અને રાત્રિ. ઉત્તરાભાદ્રાપદાદિ છ નક્ષત્રો દિવસ અને રાત્રિ, આ બંને સમયમાં ચંદ્ર સાથે યોગ કરે છે.

પૂર્વે પ્રથમ પ્રાભૃતના પ્રથમ પ્રતિપ્રાભૃતના છઠા સૂત્રમાં આ દસમા પ્રાભૃતના પ્રતિપ્રાભૃતોની

વિષય સૂચક ગાથામાં **भागा य** કહ્યું છે. અહીં **भागा** શબ્દથી પૂર્વાદિ ભાગનું ગ્રહણ થાય છે. પ્રસ્તુતમાં કાળવાચક પૂર્વાદિ ભાગ સાથે ક્ષેત્રનું પણ કથન છે.

**ક્ષેત્ર સૂચક શબ્દો–**

(૧) **समक्खेत्ता**– સમ ક્ષેત્ર એટલે પૂર્ણ અહોરાત્રમાં સૂર્ય સ્પર્શિત ક્ષેત્ર. એક અહોરાત્રમાં સૂર્ય જેટલા ક્ષેત્રમાં પરિભ્રમણ કરે, તેટલા ક્ષેત્રમાં જે નક્ષત્રો ચંદ્ર સાથે યોગ કરે, તે સમક્ષેત્રી કહેવાય છે.

(૨) **अवड्ढक्खेत्ता**– અપાર્ધ–અર્ધ ક્ષેત્ર એટલે અર્ધ અહોરાત્રમાં સૂર્ય સ્પર્શિત ક્ષેત્ર. અર્ધ અહોરાત્રમાં સૂર્ય જેટલા ક્ષેત્રમાં પરિભ્રમણ કરે, તેટલા ક્ષેત્રમાં જે નક્ષત્રો ચંદ્ર સાથે યોગ કરે, તે અર્ધ ક્ષેત્રી કહેવાય છે.

(૩) **दिवड्ढक्खेत्ता**– દ્વયર્ધક્ષેત્ર– સાર્ધ ક્ષેત્ર એટલે દોઢ અહોરાત્રમાં સૂર્ય સ્પર્શિત ક્ષેત્ર. એક પૂર્ણ અહોરાત્ર અને બીજા અર્ધ અહોરાત્રમાં સૂર્ય જેટલા ક્ષેત્રમાં પરિભ્રમણ કરે, તેટલા ક્ષેત્રમાં જે નક્ષત્રો ચંદ્ર સાથે યોગ કરે, તે સાર્ધ ક્ષેત્રી(દ્વયર્ધ ક્ષેત્રી) કહે છે. દ્વયર્ધ ક્ષેત્રી, દોક્ષ ક્ષેત્રી, સાર્ધ ક્ષેત્રી, આ ત્રણે ય શબ્દો એકાર્થક છે.

**નક્ષત્રોનો યોગકાળ : યોગ ક્ષેત્ર :–**

| નક્ષત્ર | કાળ અપેક્ષાએ | ક્ષેત્ર અપેક્ષાએ | યોગકાળ |
|---|---|---|---|
| પૂર્વાભાદ્રપદાદિ છ | પૂર્વભાગી | સમ ક્ષેત્રી | ૩૦ મુહૂર્ત |
| અભિજિત, શ્રવણાદિ દસ | પશ્ચાત્‌ભાગી | સમ ક્ષેત્રી | ૩૦ મુહૂર્ત |
| શતભિષકાદિ છ | નકતભાગી | અપાર્ધ(અર્ધ) ક્ષેત્રી | ૧૫ મુહૂર્ત |
| ઉત્તરાભાદ્રપદાદિ છ | ઉભયભાગી | દ્વયાર્ધ(દોઢ) ક્ષેત્રી | ૪૫ મુહૂર્ત |

**॥ પ્રાભૃત–૧૦/૩ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : ચોથું પ્રતિપ્રાભૃત

## યોગની આદિ

**યોગનો પ્રારંભ કાલ :–**

**१ ता कहं ते जोगस्स आई आहिएति वएज्जा ? ता अभिई सवणा खलु दुवे णक्खत्ता पच्छंभागा समक्खेत्ता साइरेग– उणत्तालीसइ मुहुत्ता तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, तओ पच्छा अवरं साइरेगं दिवसं एवं खलु अभिई सवणा दुवे णक्खत्ता एगराइं एगं च साइरेगं दिवसं चंदेण सद्धिं जोयं जोएंति, जोएत्ता जोयं अणुपरियट्टंति, अणुपरियट्टित्ता सायं चंदं धणिट्ठाणं समप्पेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચંદ્ર સાથે નક્ષત્રોના યોગની આદિ(પ્રારંભ) ક્યાં અને કેવી રીતે થાય છે ? **ઉત્તર–** અભિજિત અને શ્રવણ, આ બે નક્ષત્રો દિવસના પાછલા ભાગમાં એટલે સાયંકાળે ચંદ્ર સાથે યોગનો પ્રારંભ કરે છે, ત્યાર પછી સાધિક એક દિવસ સુધી અર્થાત્ સાતિરેક ઓગણચાલીસ મુહૂર્ત સુધી સમક્ષેત્રમાં ચંદ્ર સાથે યોગ યુક્ત રહે છે. આ રીતે અભિજિત અને શ્રવણ આ બંને નક્ષત્ર એક રાત્રિ અને સાતિરેક એક દિવસ સુધી ચંદ્ર સાથે યોગથી યુક્ત રહીને ત્યાર પછી યોગ નિવૃત્ત થઈને ધનિષ્ઠા નક્ષત્રને ચંદ્ર સમર્પિત કરે છે અર્થાત્ ધનિષ્ઠા નક્ષત્ર ચંદ્ર સાથે સાયંકાળે યોગ શરૂ કરે છે.

**२ ता धणिट्ठा खलु णक्खत्ते पच्छंभागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, तओ पच्छाराइं अवरं च दिवसं एवं खलु धणिट्ठा णक्खत्ते एगं च राइं एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता सायं चंदं सयभिसयाणं समप्पेइ ।**

**ભાવાર્થ :–** ધનિષ્ઠા નક્ષત્ર દિવસના પાછલા ભાગમાં એટલે સાયંકાળે ચંદ્ર સાથે યોગનો પ્રારંભ કરે છે, ત્યાર પછી અન્ય દિવસના ૩૦ મુહૂર્ત પર્યંત ચંદ્ર સાથે સમક્ષેત્રમાં યોગ યુક્ત રહે છે. આ રીતે ધનિષ્ઠા નક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ સુધી ચંદ્ર સાથે યોગ યુક્ત રહીને પછી યોગથી નિવૃત્ત થાય છે અને શતભિષક્ નક્ષત્ર સાયંકાળે ચંદ્ર સાથે યોગ શરૂ કરે છે.

**३ ता सयभिसया खलु णक्खत्ते णत्तंभागे अवड्ढखेत्ते पण्णरस मुहुत्ते तप्पढ मयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, णो लभइ अवरं दिवसं एवं खलु सयभिसया णक्खत्ते एगं राइं च चंदेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता पाओ चंद पुव्वपोट्ठवयाणं समप्पेइ ।**

**ભાવાર્થ :–** શતભિષક્ નક્ષત્ર નકતભાગ–રાત્રિના પૂર્વ ભાગમાં એટલે સાયંકાળે ચંદ્ર સાથે યોગનો પ્રારંભ કરે છે. તે રાત્રિમાં ૧૫ મુહૂર્ત સુધી અર્ધક્ષેત્રમાં યોગ યુક્ત રહે છે. તે નક્ષત્ર બીજા દિવસને પ્રાપ્ત થતું નથી.

આ રીતે શતભિષક્ નક્ષત્ર એક રાત્રિ પર્યંત ચંદ્ર સાથે યોગ યુક્ત રહીને પછી યોગથી નિવૃત્ત થાય છે અને પ્રાતઃકાળે પૂર્વાભાદ્રપદા નક્ષત્ર ચંદ્ર સાથે યોગ શરૂ કરે છે.

**૪ ता पुव्वापोट्ठवया खलु णक्खत्ते पुव्वंभागे समक्खेत्ते तीसइ मुहुत्ते तप्पढमयाए पाओ चंदेण सद्धिं जोयं जोएइ, तओ पच्छा अवरं राइं एवं खलु पुव्वापोट्ठवया णक्खत्ते एगं दिवसं एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोएत्ता अणुपरियट्टइ, अणुपरियट्टित्ता पाओ चंदं उत्तरापोट्ठव्वयाणं समप्पेइ ।**

**ભાવાર્થ :–** પૂર્વાભાદ્રપદા નક્ષત્ર દિવસના પ્રાતઃકાળે એટલે દિવસના પૂર્વ ભાગમાં ચંદ્ર સાથે યોગનો પ્રારંભ કરે છે અને ત્યાર પછી દિવસ અને રાત્રિના ૩૦ મુહૂર્ત પર્યંત ચંદ્ર સાથે સમક્ષેત્રમાં યોગયુક્ત રહે છે. આ રીતે પૂર્વા ભાદ્રપદા નક્ષત્ર એક દિવસ અને એક રાત્રિ સુધી ચંદ્ર સાથે યોગ યુક્ત રહીને પછી યોગથી નિવૃત્ત થાય છે અને ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ શરૂ કરે છે.

**૫ ता उत्तरापोट्ठव्वया खलु णक्खत्ते उभयं भागे दिवड्ढक्खेत्ते पणयालीसइ–मुहुत्ते, तप्पढमयाए पाओ चंदेण सद्धिं जोयं जोएइ, अवरं च राइं तओ पच्छा अवरं दिवसं एवं खलु उत्तरापोट्ठवया णक्खत्ते दो दिवसे एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोएता जोयं अणुपरियट्टइ अणुपरियट्टित्ता सायं चंदं रेवईणं समप्पेइ।**

**ભાવાર્થ :–** ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગનો પ્રારંભ કરે છે અને ત્યાર પછી ઉભય ભાગ અર્થાત્ અન્ય દિવસ અને અન્ય રાત્રિના ૪૫ મુહૂર્ત પર્યંત દોઢ ક્ષેત્રમાં ચંદ્ર સાથે યોગ યુક્ત રહે છે. આ રીતે ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર બે દિવસ અને એક રાત્રિ પર્યંત યોગ યુક્ત રહીને પછી યોગથી નિવૃત્ત થાય છે અને રેવતી નક્ષત્ર સાયંકાળે ચંદ્ર સાથે યોગ શરૂ કરે છે.

**૬ ता रेवई खलु णक्खत्ते पच्छंभागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, तओ पच्छा अवरं दिवसं एवं खलु रेवई णक्खत्ते एगं च राइं, एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता सायं चंदं अस्सिणीणं समप्पेइ ।**

**ભાવાર્થ :–** રેવતી નક્ષત્ર દિવસના પાછલા ભાગમાં એટલે સાયંકાળે ચંદ્ર સાથે યોગનો પ્રારંભ કરે છે અને ત્યાર પછીના અન્ય દિવસના ૩૦ મુહૂર્ત પર્યંત સમક્ષેત્રમાં ચંદ્ર સાથે યોગ યુક્ત રહે છે. આ રીતે રેવતી નક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ સુધી યોગ યુક્ત રહીને પછી યોગથી નિવૃત્ત થાય છે અને અશ્વિની નક્ષત્ર સાયંકાળે ચંદ્ર સાથે યોગ શરૂ કરે છે.

**૭ ता अस्सिणी खलु णक्खत्ते पच्छंभागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, तओ पच्छा अवरं दिवसं एवं खलु अस्सिणी णक्खत्ते एगं राइं एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता, सायं चंदं भरणीणं समप्पेइ ।**

**ભાવાર્થ :–** અશ્વિની નક્ષત્ર દિવસના પાછલા ભાગમાં એટલે સાયંકાળે યોગનો પ્રારંભ કરે છે અને

ત્યાર પછીના અન્ય દિવસના ૩૦ મુહૂર્ત સુધી સમક્ષેત્રમાં ચંદ્ર સાથે યોગ યુક્ત રહે છે. આ રીતે અશ્વિની નક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ સુધી યોગ યુક્ત રહીને પછી યોગથી નિવૃત્ત થાય છે અને ભરણી નક્ષત્ર સાયંકાળે ચંદ્ર સાથે યોગ શરૂ કરે છે.

**८ ता भरणी खलु णक्खत्ते णत्तं भागे अवड्ढक्खेत्ते पण्णरसमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, णो लभइ अवरं दिवसं एवं खलु भरणी णक्खत्ते एगं राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता पाओ चंदं कत्तियाणं समप्पइ ।**

**ભાવાર્થ :–** ભરણી નક્ષત્ર રાત્રિના પૂર્વ ભાગમાં એટલે સાયંકાળે ચંદ્ર સાથે યોગનો પ્રારંભ કરે છે. તે રાત્રિમાં ૧૫ મુહૂર્ત સુધી અર્ધક્ષેત્રમાં યોગ યુક્ત રહે છે. તે નક્ષત્ર બીજા દિવસને પ્રાપ્ત થતું નથી. આ રીતે ભરણી નક્ષત્ર એક રાત્રિ પર્યંત ચંદ્ર સાથે યોગ યુક્ત રહીને પછી યોગથી નિવૃત્ત થાય છે અને કૃત્તિકા નક્ષત્ર પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ શરૂ કરે છે.

**९ ता कत्तिया खलु णक्खत्ते पुव्वंभागे समक्खेत्ते तीसइ मुहुत्ते तप्पढमयाए पाओ चंदेण सद्धिं जोयं जोएइ, तओ पच्छाराइं एवं खलु कत्तिया णक्खत्ते एगं दिवसं एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता पाओ चंदं रोहिणीणं समप्पेइ ।**

**ભાવાર્થ :–** કૃત્તિકા નક્ષત્ર દિવસના પૂર્વ ભાગમાં એટલે પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગનો પ્રારંભ કરે છે. તે પછીની રાત્રિના ૩૦ મુહૂર્ત પર્યંત સમક્ષેત્રમાં ચંદ્ર સાથે યોગ યુક્ત રહે છે. આ રીતે એક દિવસ અને એક રાત્રિ પર્યંત યોગ યુક્ત રહીને પછી યોગથી નિવૃત્ત થાય છે અને રોહિણી નક્ષત્ર પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ શરૂ કરે છે.

**१० ता रोहिणी जहा उत्तराभद्दवया । मिगसिरं जहा धणिट्ठा । अद्दा जहा सतभिसया । पुणव्वसू जहा उत्तराभद्दवया । पुस्सो जहा धणिट्ठा । अस्सेसा जहा सतभिसया । मधा जहा पुव्वाफग्गुणी । पुव्वाफग्गुणी जहा पुव्वाभद्दवया। उत्तराफग्गुणी जहा उत्तराभद्दवया । हत्थो चित्ता य जहा धणिट्ठा । साई जहा सतभिसया । विसाहा जहा उत्तराभद्दवया । अणुराहा जहा धणिट्ठा । जेट्ठो जहा सत्तभिसया । मूला पूव्वासाढा य जहा पुव्वाभद्दवया । उत्तरासाढा जहा उत्तराभद्दवया।**

**ભાવાર્થ :–** રોહિણી નક્ષત્રનું કથન ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર(સૂત્ર–૫)ની જેમ કહેવું. મૃગશીર્ષ નક્ષત્રનું કથન ધનિષ્ઠા નક્ષત્ર(સૂત્ર–૨)ની જેમ કહેવું, આર્દ્રા નક્ષત્રનું કથન શતભિષક્ નક્ષત્ર(સૂત્ર–૩)ની જેમ કહેવું. પુનર્વસુ નક્ષત્રનું કથન ઉત્તરાભાદ્રાપદા નક્ષત્ર(સૂત્ર–૫)ની જેમ કહેવું. પુષ્ય નક્ષત્રનું કથન ધનિષ્ઠા નક્ષત્ર(સૂત્ર–૨)ની જેમ કહેવું. અશ્લેષા નક્ષત્રનું કથન શતભિષક્ નક્ષત્ર(સૂત્ર–૩)ની જેમ કહેવું. મઘા નક્ષત્રનું કથન પૂર્વાફાલ્ગુની નક્ષત્ર(સૂત્ર–૪)ની જેમ કહેવું. પૂર્વાફાલ્ગુનીનું કથન પૂર્વાભાદ્રપદા નક્ષત્ર (સૂત્ર–૪)ની જેમ કહેવું. ઉત્તરા ફાલ્ગુનીનું કથન ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર(સૂત્ર–૫)ની જેમ કહેવું. હસ્ત અને ચિત્રા નક્ષત્રનું કથન ધનિષ્ઠા નક્ષત્ર(સૂત્ર–૨)ની જેમ કહેવું. સ્વાતિ નક્ષત્રનું કથન શતભિષક્

નક્ષત્ર(સૂત્ર–૩)ની જેમ કહેવું. વિશાખા નક્ષત્રનું કથન ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર(સૂત્ર–૫)ની જેમ કહેવું. અનુરાધા નક્ષત્રનું કથન ધનિષ્ઠા નક્ષત્ર(સૂત્ર–૨)ની જેમ કહેવું. જયેષ્ઠા નક્ષત્રનું કથન શતભિષક્ નક્ષત્ર(સૂત્ર–૩)ની જેમ કહેવું. મૂળ અને પૂર્વાષાઢા નક્ષત્રોનું કથન પૂર્વાભાદ્રપદા નક્ષત્ર(સૂત્ર–૪)ની જેમ કહેવું. ઉત્તરાષાઢા નક્ષત્રનું કથન ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર(સૂત્ર–૫)ની જેમ કહેવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નક્ષત્રોના ચંદ્ર સાથેના યોગક્ષેત્ર અને યોગકાળનું વર્ણન છે. આ દસમા પ્રાભૃતના ત્રીજા પ્રતિપ્રાભૃતમાં અઠયાવીસે નક્ષત્રોનું સમુચ્ચય રૂપે કથન છે. જ્યારે પ્રસ્તુતમાં એક-એક નક્ષત્રનું ભિન્ન- ભિન્ન રૂપે કથન છે. ત્રીજા પ્રતિપ્રાભૃતનું જ અહીં વિશેષ સ્પષ્ટીકરણ છે.

યુગનો પ્રારંભ પ્રભાતથી થાય છે અને યુગના પ્રારંભે અભિજિત નક્ષત્ર ચંદ્ર સાથે યોગ કરે છે. અભિજિત નક્ષત્ર ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગયુક્ત રહે છે. અભિજિત નક્ષત્રનો ચંદ્ર સાથેનો આ યોગકાળ અલ્પકાલીન હોવાથી તેને અવ્યવહાર્ય ગણવામાં આવે છે. **जंबूद्वीप दीवे अभिइवज्जेहिं सत्तावीसाए णक्खतेहिं संववहारे वट्टति ।** –સમવાયાંગ સૂત્ર–૨૭મું સમવાય. જંબૂદ્વીપ નામના દ્વીપમાં અભિજિત નક્ષત્રને છોડીને શેષ ૨૭મું નક્ષત્રો વ્યવહાર્ય છે, એક અભિજિત નક્ષત્ર વ્યવહારમાં નથી.

અભિજિત નક્ષત્રનો શ્રવણ નક્ષત્ર સાથે અભેદનો ઉપચાર કરીને અર્થાત્ બંનેને એક માનીને, બંનેનું સાથે જ કથન કરવામાં આવે છે. **श्रवण नक्षत्रेण सह संबद्धमुपात्तमित्यभेदोपचारात् तदपि समक्षेत्र मुपकल्प्यसमक्षेत्रमित्युक्तं ।** –વૃત્તિ. અભિજિત નક્ષત્ર પ્રભાતે યોગનો પ્રારંભ કરે છે અને ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત સુધી યોગ કરે છે અર્થાત્ તે સમક્ષેત્રી નથી છતાં શ્રવણ નક્ષત્ર સાથેના સંબંધને કારણે બંનેમાં અભેદને સ્વીકારીને અભિજિત નક્ષત્રને પણ સમક્ષેત્રી કહેવામાં આવે છે. પ્રસ્તુતમાં બંને નક્ષત્રનો(**सायं चंदेण सद्धिं**) સાયંકાલે(મધ્યાહન પછી) યોગ પ્રારંભ થાય છે અને તે બંને નક્ષત્રોને સમક્ષેત્રી કહ્યા છે, આ વિધાન શ્રવણ નક્ષત્રની અપેક્ષાએ છે.

**पाओ–सायं–** પ્રાતઃકાળ, સાયંકાળ, સામાન્ય રૂપે સૂર્યોદય અને સૂર્યાસ્તની આગળ પાછળની બે કે ત્રણ ઘડીના સમયને પ્રભાત(સવાર) કે સાંજ કહેવામાં આવે છે. પરંતુ અહીં **पाओ** અને **सायं** શબ્દ ભિન્ન અર્થમાં પ્રયુક્ત છે.

**सायं विकालवेलायां, इह दिवसस्स कतितमाच्चरमाद्भागादारभ्य यावद्रात्रे कतितमो भागे यावन्नाद्यापि परिस्फुट–नक्षत्र–मण्डलालोकस्तावान् कालविशेषः सायमिति विवक्षितो द्रष्टव्यः ।** – વૃત્તિ. વિકાલ સમયમાં અર્થાત્ દિવસના અંતિમ કેટલાક ભાગથી શરૂ કરી રાત્રિના કેટલાક ભાગ કે જેમાં તે નક્ષત્ર મંડળ સ્પષ્ટ રૂપે દેખાતું હોય, તે કાલ વિશેષને **सायं** કહે છે.

અભિજિત નક્ષત્ર દિવસના પ્રારંભ (સૂર્યોદય સમય)થી યોગ પ્રારંભ કરે છે. યુગના પ્રથમ દિવસનું દિનમાન ૧૭ $\frac{૫૮}{૬૧}$ મુહૂર્તનું છે. પ્રથમ દિવસના ૧૭ $\frac{૫૮}{૬૧}$ મુહૂર્તમાંથી ૯ $\frac{૨૪}{૬૧}$, $\frac{૩૯}{૬૭}$ મુહૂર્ત પર્યંત અભિજિત નક્ષત્ર યોગમાં રહે છે. તે પ્રથમ દિવસના ૧૭ $\frac{૫૮}{૬૧}$, $\frac{૬૭}{૬૭}$ – ૯ $\frac{૨૪}{૬૧}$, $\frac{૩૯}{૬૭}$ = ૮ $\frac{૩૨}{૬૧}$, $\frac{૨૮}{૬૭}$ મુહૂર્ત શેષ હોય ત્યારે શ્રવણ નક્ષત્ર યોગનો પ્રારંભ કરે છે, ધનિષ્ઠા બીજા દિવસના ૮ $\frac{૩૨}{૬૧}$, $\frac{૨૮}{૬૭}$ મુહૂર્ત શેષ હોય ત્યારે યોગનો પ્રારંભ કરે છે અને સૂત્રકારે તેના માટે **सायं** શબ્દનો પ્રયોગ કર્યો છે. તે જ રીતે પૂર્વાભાદ્રપદા નક્ષત્ર ત્રીજી રાત્રિના ૫ $\frac{૩૬}{૬૧}$, $\frac{૨૮}{૬૭}$ મુહૂર્ત વ્યતીત થયા પછી ૬ $\frac{૩૨}{૬૧}$, $\frac{૩૯}{૬૭}$ મુહૂર્ત શેષ હોય ત્યારે યોગનો પ્રારંભ કરે છે. તે યોગ પ્રારંભના કથન માટે સૂત્રકારે **पाओ** શબ્દનો પ્રયોગ કર્યો છે. સૂત્રકારના આ વિધાન ઉપરથી સ્પષ્ટ થાય છે કે **सायं** સાંયકાળે એટલે મધ્યાહનથી મધ્યરાત્રિનો સમય અને **पाओ** પ્રાતઃકાળ એટલે મધ્યરાત્રિથી મધ્યાહન

સુધીનો સમય છે. ત્રીજા પ્રતિપ્રાભૃત કથિત **पुव्वंभागा**– પૂર્વ ભાગનો સમાવેશ **पाओ**–પ્રાતઃકાળમાં થાય છે, પશ્ચાત્ ભાગનો સમાવેશ **सायं** સાયંકાળમાં અને **णत्तंभागा** નો સમાવેશ સાયંકાળમાં થાય છે.

સાંયકાળે યોગનો પ્રારંભ કરનારા **અર્ધક્ષેત્રી**, ૧૫ મુહૂર્તના યોગવાળા નક્ષત્રો તે દિવસ અને તે રાત્રિ સુધી યોગયુક્ત રહે છે.

સાંયકાળે યોગનો પ્રારંભ કરનારા **સમક્ષેત્રી**, ૩૦ મુહૂર્તના યોગવાળા નક્ષત્રો તે દિવસ, પછીની રાત્રિ અને પછીના દિવસના મધ્યાહ્ન કાળ સુધી યોગયુક્ત રહે છે.

સાંયકાળે યોગનો પ્રારંભ કરનારા **દોઢ ક્ષેત્રી**, ૪૫ મુહૂર્તના યોગવાળા નક્ષત્રો તે દિવસ, પછીની રાત, પછીનો દિવસ અને પછીની રાતના કેટલાક મુહૂર્ત પર્યંત યોગ યુક્ત રહે છે.

પ્રાતઃકાળે-મધ્યરાત્રિ પછી યોગ પ્રારંભ કરનારા અર્ધક્ષેત્રી, ૧૫ મુહૂર્તના યોગવાળા નક્ષત્રો, તે રાત અને પછીના દિવસ પર્યંત યોગયુક્ત હોય છે. સમક્ષેત્રી ૩૦ મુહૂર્તના યોગવાળા નક્ષત્રો તે રાત, પછીનો દિવસ અને પછીની રાત્રિ પર્યંત યોગયુક્ત રહે છે અને સાર્ધ ક્ષેત્રી ૪૫ મુહૂર્તના યોગવાળા નક્ષત્રો તે દિવસ, રાત્રિ(બે રાત્રિ એક દિવસ) અથવા દિવસ, રાત્રિ, દિવસ(બે દિવસ, એક રાત્રિ) પર્યંત યોગયુક્ત રહે છે.

**નક્ષત્રોના ચંદ્ર સાથેના યોગકાળની ગણના પદ્ધતિ :–** ૨૮ નક્ષત્રો ક્રમશઃ ૨૮ અહોરાત્ર(દિવસ)ના, ૮૧૯ $\frac{૨૪}{૬૧}$ , $\frac{૩૯}{૬૭}$ મુહૂર્તમાં યોગ કરે છે.

યુગના પ્રથમ દિવસે સૌ પ્રથમ અભિજિત નક્ષત્ર યોગ કરે છે. યુગનો પ્રથમ દિવસ ૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહૂર્તનો હોય છે. તેમાંથી ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત સુધી અભિજિત નક્ષત્ર યોગમાં હોય છે અને ત્યાર પછી શ્રવણ નક્ષત્ર યોગનો પ્રારંભ કરે છે. શ્રવણ નક્ષત્રનો યોગકાળ ૩૦ મુહૂર્ત છે એટલે પ્રથમ દિવસે ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત પછી તેનો યોગ શરૂ થાય અને ૩૦ મુહૂર્તમાં પ્રથમરાત્રિ વ્યતીત થઈ જાય અને બીજા દિવસે તેનો યોગ પૂર્ણ થાય છે.

દિનમાન અને રાત્રિમાન મુહૂર્તમાં એકસઠીયા ભાગ છે અને નક્ષત્ર યોગ કાળમાં સડસઠીયા ભાગ છે માટે બંનેના એકસઠીયા–સડસઠીયા ભાગ કરવા આવશ્યક બને છે.

અભિજિત નક્ષત્રનો યોગકાળ ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત પ્રમાણ છે. તેમાંથી $\frac{૨૭}{૬૭}$ ના એકસઠીયા ભાગ કરવા $\frac{૨૭}{૬૭} \times \frac{૬૧}{૧} = \frac{૧૬૪૭}{૬૭}$ થાય, ૧૬૪૭ ÷ ૬૭ = ૨૪ $\frac{૩૯}{૬૭}$ પ્રાપ્ત થાય છે. આ રીતે ૨૪ એકસઠીયા ભાગ અને ૩૯ સડસઠીયા ભાગ પ્રાપ્ત થાય છે. આ રીતે અભિજિત નક્ષત્રનો યોગકાળ ૯ $\frac{૨૪}{૬૧}$ , $\frac{૩૯}{૬૭}$ મુહૂર્ત છે. યુગના પ્રથમ દિવસે અભિજિત નક્ષત્રના યોગનો પ્રારંભ થાય છે. યુગનો પ્રથમ દિવસ ૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહૂર્ત અર્થાત્ ૧૭ મુહૂર્ત અને એકસઠીયા ૫૯ પ્રમાણ છે. તેમાંથી અભિજિત નક્ષત્રના યોગકાળને બાદ કરતા.

૧૭ : ૫૯ – ૯ : ૨૪ : ૩૯ આ બાદબાકીમાં એકસઠીયા ૫૯ ભાગમાંથી એક ભાગ લેતાં ૧૭ : ૫૮ : ૬૭ – ૯ : ૨૪ : ૩૯ = ૮ : ૩૪ : ૨૮ મુહૂર્ત શેષ રહે છે.

પ્રથમ દિવસના સૂર્યોદય સમયથી પ્રારંભ કરીને, અભિજિત નક્ષત્ર ૯ : ૨૪ : ૩૯ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ યુક્ત રહે છે. દિવસના ૮ : ૩૪ : ૨૮ મુહૂર્ત શેષ રહે, ત્યારે અભિજિત નક્ષત્રનો યોગ પૂર્ણ થાય છે અને શ્રવણ નક્ષત્રના યોગનો પ્રારંભ થાય છે.

શ્રવણ નક્ષત્રનો યોગકાળ ૩૦ મુહૂર્ત છે. તે પ્રથમ દિવસના ૮ : ૩૪ : ૨૮ મુહૂર્ત, પ્રથમ રાત્રિના ૧૨ : ૦૨ : ૦૦ મુહૂર્ત અને બીજા દિવસના ૯ : ૨૪ : ૩૯ મુહૂર્ત સુધી યોગ કરે છે.

પ્રથમ દિવસના ૮ : ૩૪ : ૨૮
પ્રથમ રાત્રિ + ૧૨ : ૦૨ : ૦૦
બીજા દિવસના + ૯ : ૨૪ : ૩૯ = કુલ ૨૯ : ૬૦ : ૬૭ મુહૂર્ત સઠસઠીયા ૬૭ ભાગ = એક એકસઠીયો ભાગ અને એકસઠીયા ૬૧ ભાગ = એક મુહૂર્ત થાય, તે રીતે સડસઠીયા ૬૭નો એકસઠીયો એક ભાગ વધે, તેથી ૬૦ + ૧ = ૬૧ અને એકસઠીયા ભાગ ૬૧ ભાગ = એક મુહૂર્ત થતું હોવાથી એક મુહૂર્ત વધે છે. આ રીતે શ્રવણ નક્ષત્રના ચંદ્ર યોગના ૩૦ મુહૂર્ત થાય છે.

બીજા દિવસનું દિનમાન ૧૭ $\frac{૫૭}{૬૧}$ મુહૂર્ત અર્થાત્ ૧૭ : ૫૬ : ૬૭ મુહૂર્ત છે તેમાંથી ૯ : ૨૪ : ૩૯ મુહૂર્ત બીજા દિવસના શ્રવણ નક્ષત્રના યોગકાળને બાદ કરતાં ૮ : ૩૨ : ૨૮ મુહૂર્ત બીજા દિવસનું દિનમાન શેષ રહ્યું.

બીજા દિવસે ૮ $\frac{૩૨}{૬૧}$, $\frac{૨૮}{૬૭}$ મુહૂર્ત દિવસ શેષ હોય ત્યારે શ્રવણ નક્ષત્રનો યોગકાળ પૂર્ણ થાય છે અને ધનિષ્ઠા નક્ષત્ર યોગનો પ્રારંભ કરે છે. ધનિષ્ઠા નક્ષત્રનો યોગ કાળ ૩૦ મુહૂર્ત છે, તે–

| | | |
|---|---|---|
| બીજા દિવસના | | ૮ : ૩૨ : ૨૮ મુહૂર્ત |
| બીજી રાત્રિના | + | ૧૨ : ૦૪ : ૦૦ મુહૂર્ત |
| ત્રીજા દિવસના | + | ૯ : ૨૪ : ૩૯ મુહૂર્ત |
| કુલ યોગકાળ | = | ૩૦ : ૦૦ : ૦૦ : મુહૂર્ત થાય છે. |

ત્રીજા દિવસનું દિનમાન ૧૭ $\frac{૫૫}{૬૧}$ મુહૂર્ત છે, તેથી

| | | |
|---|---|---|
| | ૧૭ : ૫૪ : ૬૭ | ત્રીજા દિવસનું દિનમાનમાંથી ધનિષ્ઠા નક્ષત્રનો યોગકાળ બાદ કરતાં |
| – | ૯ : ૨૪ : ૩૯ | ત્રીજા દિવસના ધનિષ્ઠા નક્ષત્રનો યોગકાળ |
| = | ૮ : ૩૦ : ૨૮ | શેષ દિવસ. |

આ રીતે જે નક્ષત્રનો જેટલા મુહૂર્તનો યોગકાળ હોય, તે અનુસાર દિવસ–રાત્રિના મુહૂર્તની ગણના કરતાં ૨૮ અહોરાત્રમાં ક્રમશઃ ૨૮ નક્ષત્રનો યોગકાળ સંપૂર્ણ થાય છે. નીચેના કોષ્ટકમાં સર્વ નક્ષત્રનો યુગના પ્રથમ નક્ષત્રમાસમાં થતો ક્રમિક યોગકાળ દર્શાવેલ છે.

**યુગના પ્રથમ મહિનામાં ૨૮ નક્ષત્રોનો ચંદ્ર સાથેનો યોગકાળ :–**

| નક્ષત્ર | | યોગ પ્રારંભ | | યોગ કાળ | | | | | | | | યોગ | સર્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પ્રાતઃ કાળ | સાયં કાળ | યોગના પ્રારંભ સમાપ્તિનો દિવસ | મુહૂર્ત | એક સઠીયા ભાગ | સડ સઠીયા ભાગ | યોગના પ્રારંભ સમાપ્તિની રાત | મુહૂર્ત | એક સઠીયા ભાગ | સડ સઠીયા ભાગ | કાળ મુહૂર્ત | નક્ષત્રોના યોગ કાળના કુલ મુહૂર્ત |
| ૧ | અભિજિત | ✓ | – | પેલા દિવસે પ્રારંભ તથા પૂર્ણ | ૯ | ૨૪ | ૩૯ | | | | | ૯ $\frac{૨૪}{૬૧}$, $\frac{૩૯}{૬૭}$ | ૯ $\frac{૨૪}{૬૧}$, $\frac{૩૯}{૬૭}$ |
| ૨ | શ્રવણ | – | ✓ | પેલા દિવસે પ્રારંભ | ૮ | ૩૪ | ૨૮ | પેલી રાત | ૧૨ | ૨ | ૦૦ | ૩૦ | ૩૯: ૨૪: ૩૯ |
| | | | | બીજા દિવસે પૂર્ણ | ૯ | ૨૪ | ૩૯ | – | | – | | | |

| નક્ષત્ર | | યોગ પ્રારંભ | | યોગ કાળ | | | | | | | | યોગ | સર્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પ્રાતઃ કાળ | સાયં કાળ | યોગના પ્રારંભ સમાપ્તિનો દિવસ | મુહૂર્ત | એક સઠીયા ભાગ | સડ સઠીયા ભાગ | યોગના પ્રારંભ સમાપ્તિની રાત | મુહૂર્ત | એક સઠીયા ભાગ | સડ સઠીયા ભાગ | કાળ મુહૂર્ત | નક્ષત્રોના યોગ કાળના કુલ મુહૂર્ત |
| ૩ | ધનિષ્ઠા | – | ✓ | બીજા દિવસે પ્રારંભ | ૮ : | ૩૨ | : ૨૮ | બીજી રાત | ૧૨ : | ૪ | : ૦૦ | ૩૦ | ૬૯: ૨૪: ૩૯ |
| | | | | ત્રીજા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ | : ૨૯ | | | | | | |
| ૪ | શતભિષક્ | – | ✓ | ત્રીજા દિવસે પ્રારંભ | ૮ : | ૩૦ | : ૨૮ | ત્રીજી રાતે પૂર્ણ | ૬ : | ૩૦ | : ૩૯ | ૧૫ | ૮૪: ૨૪: ૩૯ |
| ૫ | પૂર્વા ભાદ્રપદા | ✓ | – | – | | – | | ત્રીજી રાતે પ્રારંભ | ૫ : | ૩૬ | : ૨૮ | ૩૦ | ૧૧૪: ૨૪: ૩૯ |
| | | | | ચોથા દિવસે | ૧૭ : | ૫૩ | : ૦૦ | ચોથી રાતે પૂર્ણ | ૬ : | ૩૨ | : ૩૯ | | |
| ૬ | ઉત્તરા ભાદ્રપદા | ✓ | – | – | | – | | ચોથી રાતે પ્રારંભ | ૫ : | ૩૬ | : ૨૮ | ૪૫ | ૧૫૯:૨૪:૩૯ |
| | | | | પાંચમા દિવસે | ૧૭ : | ૫૧ | : ૦૦ | પાંચમી રાત | ૧૨ : | ૧૦ | : ૦૦ | | |
| | | | | છઠ્ઠા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ | : ૩૯ | – | | – | | – | – |
| ૭ | રેવતી | – | ✓ | છઠ્ઠા દિવસે પ્રારંભ | ૮ : | ૨૪ | : ૨૮ | છઠ્ઠી રાત | ૧૨ : | ૧૨ | : ૦૦ | ૩૦ | ૧૮૯:૨૪:૩૯ |
| | | | | સાતમા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ | : ૩૯ | – | | – | | – | |
| ૮ | અશ્વિની | – | ✓ | સાતમા દિવસે પ્રારંભ | ૮ : | ૨૨ | : ૨૮ | સાતમી રાત | ૧૨ : | ૧૪ | : ૦૦ | ૩૦ | ૨૧૯:૨૪:૩૯ |
| | | | | આઠમા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ | : ૩૯ | – | | – | | – | – |
| ૯ | ભરણી | – | ✓ | આઠમા દિવસે પ્રારંભ | ૮ : | ૨૦ | : ૨૮ | આઠમી રાતે પૂર્ણ | ૬ : | ૪૦ | : ૩૯ | ૧૫ | ૨૩૪:૨૪:૩૯ |
| ૧૦ | કૃત્તિકા | ✓ | – | – | | – | | આઠમી રાતે પ્રારંભ | ૫ : | ૩૬ | : ૨૮ | ૩૦ | ૨૬૪:૨૪:૩૯ |
| | | | | નવમો દિવસ | ૧૭ : | ૪૩ | : ૦૦ | નવમી રાતે પૂર્ણ | ૬ : | ૪૨ | : ૩૯ | | |

| | નક્ષત્ર | યોગ પ્રારંભ | | યોગ કાળ | | | | | | | | યોગ | સર્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પ્રાતઃ કાળ | સાયં કાળ | યોગના પ્રારંભ સમાપ્તિનો દિવસ | મુહૂર્ત | એકસઠીયા ભાગ | સડસઠીયા ભાગ | યોગના પ્રારંભ સમાપ્તિની રાત | મુહૂર્ત | એકસઠીયા ભાગ | સડસઠીયા ભાગ | કાળ મુહૂર્ત | નક્ષત્રોના યોગ કાળના કુલ મુહૂર્ત |
| ૧૧ | રોહિણી | ✓ | – | – | | – | | નવમી રાતે પ્રારંભ | ૫ : | ૩૬ : | ૨૮ | | |
| | | | | દસમો દિવસ | ૧૭ : | ૪૧ : | ૦૦ | દસમી રાત | ૧૨ : | ૨૦ : | ૦૦ | ૪૫ | ૩૦૯ : ૨૪:૩૯ |
| | | | | અગિયારમાં દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ : | ૩૯ | – | | – | | | |
| ૧૨ | મૃગશીર્ષ | – | ✓ | અગિયારમાં દિવસે પ્રારંભ | ૮ : | ૧૪ : | ૨૮ | અગિયારમી રાત | ૧૨ : | ૨૨ : | ૦૦ | ૩૦ | ૩૩૯:૨૪:૩૯ |
| | | | | બારમા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ : | ૩૯ | – | | – | | | |
| ૧૩ | આર્દ્રા | – | ✓ | બારમા દિવસે પ્રારંભ | ૮ : | ૧૨ : | ૨૮ | બારમી રાતે પૂર્ણ | ૬ : | ૪૮ : | ૩૯ | ૧૫ | ૩૫૪:૨૪:૩૯ |
| ૧૪ | પુનર્વસુ | ✓ | – | – | | – | | બારમી રાતે પ્રારંભ | ૫ : | ૩૬ : | ૨૮ | | |
| | | | | તેરમો દિવસ | ૧૭ : | ૩૫ : | ૦૦ | તેરમી રાત | ૧૨ : | ૨૬ : | ૦૦ | ૪૫ | ૩૯૯:૨૪:૩૯ |
| | | | | ચૌદમા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ : | ૩૯ | – | | – | | | |
| ૧૫ | પુષ્ય | – | ✓ | ચૌદમા દિવસે પ્રારંભ | ૮ : | ૮ : | ૨૮ | ચૌદમી રાત | ૧૨ : | ૨૮ : | ૦૦ | ૩૦ | ૪૨૯:૨૪:૩૯ |
| | | | | પંદરમા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ : | ૨૯ | – | | – | | | |
| ૧૬ | અશ્લેષા | – | ✓ | પંદરમા દિવસે પ્રારંભ | ૮ : | ૬ : | ૨૮ | પંદરમી રાતે પૂર્ણ | ૬ : | ૫૪ : | ૩૯ | ૧૫ | ૪૪૪:૨૪:૩૯ |
| ૧૭ | મઘા | ✓ | – | – | | – | | પંદરમી રાતે પ્રારંભ | ૫ : | ૩૬ : | ૨૮ | | |
| | | | | સોળમો દિવસ | ૧૭ : | ૨૯ : | ૦૦ | સોળમી રાતે પૂર્ણ | ૬ : | ૫૬ : | ૩૯ | ૩૦ | ૪૭૪:૨૪:૩૯ |
| ૧૮ | પૂર્વા ફાલ્ગુની | ✓ | – | – | | – | | સોળમી રાતે પ્રારંભ | ૫ : | ૩૬ : | ૨૮ | | |
| | | | | સત્તરમો દિવસ | ૧૭ : | ૨૭ : | ૦૦ | સત્તરમી રાતે પૂર્ણ | ૬ : | ૫૮ : | ૩૯ | ૩૦ | ૫૦૪:૨૪:૩૯ |

| નક્ષત્ર | | યોગ પ્રારંભ | | યોગ કાળ | | | | | | | | યોગ | સર્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પ્રાતઃ કાળ | સાયં કાળ | યોગના પ્રારંભ સમાપ્તિનો દિવસ | મુહૂર્ત | એક સઠીયા ભાગ | સડ સઠીયા ભાગ | યોગના પ્રારંભ સમાપ્તિની રાત | મુહૂર્ત | એક સઠીયા ભાગ | સડ સઠીયા ભાગ | કાળ મુહૂર્ત | નક્ષત્રોના યોગ કાળના કુલ મુહૂર્ત |
| ૧૯ | ઉત્તરા ફાલ્ગુની | ✓ | – | – | | – | | સત્તરમી રાતે પ્રારંભ | ૫ : | ૩૬ : | ૨૮ | | |
| | | | | અઢારમો દિવસ | ૧૭ : | ૨૫ : | ૦૦ | અઢારમી રાત | ૧૨ : | ૩૬ : | ૦૦ | ૪૫ | ૫૪૯:૨૪:૩૯ |
| | | | | ઓગણીસમા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ : | ૩૯ | – | | – | | | |
| ૨૦ | હસ્ત | – | ✓ | ઓગણીસમા દિવસે પ્રારંભ | ૭ : | ૫૯ : | ૨૮ | ઓગણીસમી રાત | ૧૨ : | ૩૮ : | ૦૦ | | |
| | | | | વીસમા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ : | ૩૯ | – | | – | | ૩૦ | ૫૭૯:૨૪:૩૯ |
| ૨૧ | ચિત્રા | – | ✓ | વીસમા દિવસે પ્રારંભ | ૭ : | ૫૭ : | ૨૮ | વીસમી રાત | ૧૨ : | ૪૦ : | ૦૦ | | |
| | | | | એકવીસમા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ : | ૩૯ | – | | – | | ૩૦ | ૬૦૯:૨૪:૩૯ |
| ૨૨ | સ્વાતિ | – | ✓ | એકવીસમા દિવસે પ્રારંભ | ૭ : | ૫૫ : | ૨૮ | એકવીસમી રાતે પૂર્ણ | ૭ : | ૦૫ : | ૩૯ | ૧૫ | ૬૨૪:૨૪:૩૯ |
| ૨૩ | વિશાખા | ✓ | – | – | | – | | એકવીસમી રાતે પ્રારંભ | ૫ : | ૩૬ : | ૨૮ | | |
| | | | | બાવીસમો દિવસ | ૧૭ : | ૧૭ : | ૦૦ | બાવીસમી રાત | ૧૨ : | ૪૪ : | ૦૦ | ૪૫ | ૬૬૯:૨૪:૩૯ |
| | | | | ત્રેવીસમા દિવસે પૂર્ણ | ૯ : | ૨૪ : | ૩૯ | – | | – | | | |
| ૨૪ | અનુરાધા | – | ✓ | ત્રેવીસમા દિવસે પ્રારંભ | ૭ : | ૫૧ : | ૨૮ | ત્રેવીસમી રાત | ૧૨ : | ૪૬ : | ૦૦ | | |
| | | | | ચોવીસમા દિવસ પૂર્ણ | ૯ : | ૨૪ : | ૩૯ | – | | – | | ૩૦ | ૬૯૯:૨૪:૩૯ |
| ૨૫ | જયેષ્ઠા | – | ✓ | ચોવીસમા દિવસે પ્રારંભ | ૭ : | ૪૯ : | ૨૮ | ચોવીસમી રાતે પૂર્ણ | ૭ : | ૧૧ : | ૩૯ | ૧૫ | ૭૧૪:૨૪:૩૯ |
| ૨૬ | મૂલ | ✓ | – | – | | – | | ચોવીસમી રાતે પ્રારંભ | ૫ : | ૩૬ : | ૨૮ | | |

| નક્ષત્ર | | યોગ પ્રારંભ | | યોગ કાળ | | | | | | | | યોગ | સર્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પ્રાતઃ કાળ | સાયં કાળ | યોગના પ્રારંભ સમાપ્તિનો દિવસ | મુહૂર્ત | એક સઠીયા ભાગ | સડ સઠીયા ભાગ | યોગના પ્રારંભ સમાપ્તિની રાત | મુહૂર્ત | એક સઠીયા ભાગ | સડ સઠીયા ભાગ | કાળ મુહૂર્ત | નક્ષત્રોના યોગ કાળના કુલ મુહૂર્ત |
| | | | | પચીસમો દિવસ | ૧૭ | ૧૧ | ૦૦ | પચીસમી રાતે પૂર્ણ | ૭ | ૧૩ | ૩૯ | ૩૦ | ૭૪૪:૨૪:૩૯ |
| ૨૭ | પૂર્વાષાઢા | ✓ | – | – | – | | | પચીસમી રાતે પ્રારંભ | ૫ | ૩૬ | ૨૮ | | |
| | | | | છવ્વીસમો દિવસ | ૧૭ | ૦૯ | ૦૦ | છવ્વીસમી રાતે પૂર્ણ | ૭ | ૧૫ | ૩૯ | ૩૦ | ૭૭૪:૨૪:૩૯ |
| ૨૮ | ઉત્તરાષાઢા | ✓ | – | – | – | | | છવ્વીસમી રાતે પ્રારંભ | ૫ | ૩૬ | ૨૮ | | |
| | | | | સત્યાવીસમો દિવસ | ૧૭ | ૦૭ | ૦૦ | સત્યાવીસમી રાત | ૧૨ | ૫૪ | ૦૦ | ૪૫ | ૮૧૯:૨૪:૩૯ એક નક્ષત્ર |
| | | | | અઠાવીસમા દિવસે પૂર્ણ | ૯ | ૨૪ | ૩૯ | | – | | | | માસના મુહૂર્ત |
| અઠાવીસમા દિવસે ૯ $\frac{૨૪}{૬૨}$ $\frac{૩૯}{૬૭}$ મુહૂર્ત વ્યતીત થયા પછી બીજા નક્ષત્ર માસના પ્રારંભે અભિજિત નક્ષત્ર યોગ કરે છે. આ રીતે ક્રમશઃ પ્રત્યેક નક્ષત્ર માસે બધા નક્ષત્ર એક વાર યોગ પૂર્ણ કરે છે. | | | | | | | | | | | | | |

## ॥ પ્રાભૃત–૧૦/૪ સંપૂર્ણ ॥

# દસમું પ્રાભૃત : પાંચમું પ્રતિપ્રાભૃત

## કુલોપકુલ

**કુલ, ઉપકુલ, કુલોપકુલ નક્ષત્રો :–**

**१** **ता कहं ते कुला उवकुला, कुलोवकुला आहिएति वएज्जा ?**

**तत्थ खलु इमे बारस कुला, बारस उवकुला, चत्तारि कुलोवकुला पण्णत्ता।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** કુલસંજ્ઞક, ઉપકુલ સંજ્ઞક, કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રો કેટલા અને કયા છે ?

**ઉત્તર–** અઠ્યાવીસ નક્ષત્રોમાંથી બાર નક્ષત્રો કુલ સંજ્ઞક છે, બાર નક્ષત્રો ઉપકુલ સંજ્ઞક છે અને ચાર નક્ષત્રો કુલોપકુલ સંજ્ઞક છે.

**२** **बारसकुला पण्णत्ता तं जहा– धणिट्ठा कुलं उत्तराभद्दवया कुलं अस्सिणी कुलं, कत्तियाकुलं मिगसिरकुलं पुस्सोकुलं मघाकुलं उत्तराफग्गुणी कुलं चित्ताकुलं विसाहाकुलं मूलोकुलं उत्तरासाढाकुलं ।**

**ભાવાર્થ :–** કુલ સંજ્ઞક બાર નક્ષત્રો છે, તે આ પ્રમાણે છે– (૧) ધનિષ્ઠાકુલ (૨) ઉત્તરાભાદ્રપદાકુલ (૩) અશ્વિનીકુલ (૪) કૃતિકાકુલ (૫) મૃગશીર્ષકુલ (૬) પુષ્યકુલ (૭) મઘાકુલ (૮) ઉત્તરાફાલ્ગુનીકુલ (૯) ચિત્રાકુલ (૧૦) વિશાખાકુલ (૧૧) મૂલકુલ (૧૨) ઉત્તરાષાઢાકુલ.

**३** **बारस उवकुला पण्णत्ता तं जहा– सवणो उवकुलं, पुव्वापोट्ठवयाउवकुलं रेवई उवकुलं, भरणी उवकुलं रोहिणी उवकुलं पुणव्वसू उवकुलं अस्सेसा उवकुलं पुव्वाफग्गुणी उवकुलं, हत्थो उवकुलं साई उवकुलं जेट्ठा उवकुलं, पुव्वासाढा उवकुलं ।**

**ભાવાર્થ :–** ઉપકુલ સંજ્ઞક બાર નક્ષત્રો છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રવણ ઉપકુલ (૨) પૂર્વાભાદ્રપદા ઉપકુલ (૩) રેવતી ઉપકુલ (૪) ભરણી ઉપકુલ (૫) રોહિણી ઉપકુલ (૬) પુનર્વસુ ઉપકુલ (૭) અશ્લેષા ઉપકુલ (૮) પુર્વાફાલ્ગુની ઉપકુલ (૯) હસ્ત ઉપકુલ (૧૦) સ્વાતિ ઉપકુલ (૧૧) જયેષ્ઠા ઉપકુલ (૧૨) પૂર્વાષાઢા ઉપકુલ.

**४** **चत्तारि कुलोवकुला पण्णत्ता, तं जहा– अभिई कुलोवकुलं, सतभिसया कुलोवकुलं, अद्दा कुलोवकुलं, अणुराहा कुलोवकुलं ।**

**ભાવાર્થ :–** કુલોપકુલ સંજ્ઞક ચાર નક્ષત્ર છે, તે આ પ્રમાણે છે–(૧) અભિજિત કુલોપકુલ (૨) શતભિષક્ કુલોપકુલ (૩) આર્દ્રા કુલોપકુલ (૪) અનુરાધા કુલોપકુલ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કુલ સંજ્ઞક, ઉપકુલ સંજ્ઞક અને કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રોનો નામોલ્લેખ છે.

પ્રાય પ્રતોમાં પ્રશ્ન સૂત્રમાં માત્ર **कुल** કુલસંજ્ઞક નક્ષત્રોના નામ વિષયક જ પ્રશ્ન છે. ઉત્તર સૂત્રમાં **कुला, उवकुला, कुलोवकुला** ત્રણે પ્રકારના નક્ષત્રોનું વિધાન છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સાતમા વક્ષસ્કારમાં પ્રશ્ન સૂત્રમાં ત્રણે નામ છે, તેથી અહીં તે પાઠને ગ્રહણ કર્યો છે.

**કુલ સંજ્ઞક નક્ષત્ર :– यैर्नक्षत्रैः प्रायः सदा मासानां परिसमाप्तय उपजायन्ते माससदृशनामानि च तानि नक्षत्राणि कुलानीति प्रसिद्धानि ।** પ્રાયઃ માસની પરિસમાપ્તિ અર્થાત્ પૂર્ણિમાના દિવસે જે નક્ષત્રનો યોગ હોય તેને અને માસ સદશ નામવાળા નક્ષત્રો કુલનક્ષત્ર રૂપે પ્રસિદ્ધ છે, જેમ કે– શ્રાવિષ્ઠી(શ્રાવણ) માસ પ્રાયઃ શ્રવિષ્ઠા(ધનિષ્ઠા) નક્ષત્ર દ્વારા સમાપ્ત થાય છે, ભાદ્રપદ(ભાદરવો) માસ પ્રાયઃ ઉત્તરાભાદ્રપદા(પોષ્ટપદા) નક્ષત્ર દ્વારા સમાપ્ત થાય છે, તેથી તે કુલ નક્ષત્ર છે. અહીં પ્રાયઃ શબ્દ પ્રયોગથી સૂચિત થાય છે કે માસની સમાપ્તિ ઉપકુલસંજ્ઞક નક્ષત્ર દ્વારા પણ થાય છે.

**ઉપકુલસંજ્ઞક નક્ષત્ર :– कुलानामधस्तनानि, कुलानां समीपमुपकुलं ।** કુલસંજ્ઞક નક્ષત્રોની નીચેના અર્થાત્ કુલસંજ્ઞક નક્ષત્રોની સમીપના નક્ષત્ર ઉપકુલ નક્ષત્ર કહેવાય છે. ધનિષ્ઠા કુલ સંજ્ઞક છે, તો તેની સમીપનું શ્રવણ નક્ષત્ર ઉપકુલ સંજ્ઞક છે. તે પણ માસ સમાપક હોય છે.

**કુલોપકુલસંજ્ઞક નક્ષત્ર– यानि कुलानामुपकुलानां चाधस्तनानि तानि कुलोपकुलानि ।** કુલ સંજ્ઞક અને ઉપકુલ સંજ્ઞક નક્ષત્રોની નીચેના(સમીપના) નક્ષત્રો કુલોપકુલ નક્ષત્ર કહેવાય છે, જેમ કે શ્રવણની સમીપનું અભિજિત નક્ષત્ર કુલોપકુલ નક્ષત્ર છે.

**मासाणं परिणामा होंति कुला, उवकुला उ हेट्ठिमगा ।**
**होंति पुण कुलोवकुला, अभीइ सय अद्द अणुराहा ॥१॥**

જે નક્ષત્રોથી મહિનાઓની પરિસમાપ્તિ થાય છે, તે મહિનાની સમાન નામવાળા નક્ષત્ર કુલ નક્ષત્ર કહેવાય છે. જે નક્ષત્રો કુલોના અધસ્તન હોય, કુલોની સમીપે હોય તેને 'ઉપકુલ નક્ષત્ર' કહે છે. તે પણ માસસમાપક હોય છે. જે નક્ષત્રો ઉપકુલોની નીચે હોય તે અભીજિત, શતભિષક, આર્દ્રા અને અનુરાધા 'કુલોપકુલનક્ષત્ર' છે.

પૂર્ણિમાના દિવસે એટલે માસની પરિસમાપ્તિ સમયે કુલ નક્ષત્રથી પૂર્વનું નક્ષત્ર હોય, તો તે ઉપકુલ નક્ષત્ર કહેવાય છે અને ઉપકુલ નક્ષત્રથી પૂર્વનું નક્ષત્ર હોય, તો તે કુલોપકુલ નક્ષત્ર કહેવાય છે.

પ્રત્યેક પૂર્ણિમાના દિવસે બે કે ત્રણ નક્ષત્ર યોગમાં હોય છે. જે પૂર્ણિમાના દિવસે બે નક્ષત્રોનો યોગ હોય, તો ત્યાં કુલ તથા ઉપકુલ નક્ષત્ર હોય છે. જે પૂર્ણિમાને ત્રણ નક્ષત્રોનો યોગ હોય, તો ત્યાં કુલ, ઉપકુલ તથા કુલોપકુલ નક્ષત્રો હોય છે, જેમ કે– શ્રાવણી પૂર્ણિમાના ધનિષ્ઠા, શ્રવણ અને અભિજિત, આ ત્રણ નક્ષત્રો છે. શ્રાવણી પૂર્ણિમાના શ્રવિષ્ઠા(ધનિષ્ઠા) નક્ષત્રનો યોગ હોય, તો તે કુલ નક્ષત્ર કહેવાય છે; તેની પૂર્વનાં શ્રવણ નક્ષત્રનો યોગ હોય, તો તે ઉપકુલ નક્ષત્ર કહેવાય છે અને શ્રવણ નક્ષત્રની પૂર્વના અભિજિત નક્ષત્રોનો યોગ હોય, તો તે કુલોપકુલ નક્ષત્ર કહેવાય છે.

**કુલ, ઉપકુલ, કુલોપકુલ નક્ષત્રો :–**

| માસની તિથિ સુદ–૧૫ | કુલસંજ્ઞક ૧૨ નક્ષત્ર | ઉપકુલ સંજ્ઞક ૧૨ નક્ષત્ર | કુલોપકુલ સંજ્ઞક ૪ નક્ષત્ર |
|---|---|---|---|
| શ્રાવણ | ધનિષ્ઠા | શ્રવણ | અભિજિત |
| ભાદરવો | ઉત્તરાભાદ્રપદા | પૂર્વાભાદ્રપદા | શતભિષક્ |
| આસો | અશ્વિની | રેવતી | – |
| કારતક | કૃત્તિકા | ભરણી | – |
| માગસર | મૃગશીર્ષ | રોહિણી | – |
| પોષ | પુષ્ય | પુનર્વસુ | આર્દ્રા |
| મહા | મઘા | અશ્લેષા | – |
| ફાગણ | ઉત્તરાફાલ્ગુની | પૂર્વાફાલ્ગુની | – |
| ચૈત્ર | ચિત્રા | હસ્ત | – |
| વૈશાખ | વિશાખા | સ્વાતિ | – |
| જેઠ | મૂળ | જ્યેષ્ઠા | અનુરાધા |
| અષાઢ | ઉત્તરાષાઢા | પૂર્વાષાઢા | – |

**।। પ્રાભૃત–૧૦/૫ સંપૂર્ણ ।।**

# દસમું પ્રાભૃત : છઠ્ઠું પ્રતિપ્રાભૃત

## પૂર્ણિમા અમાસના નક્ષત્રો

**પૂર્ણિમાઓ સાથે નક્ષત્રોનો યોગ :–**

**१ ता कहं ते पुण्णिमासिणी आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ बारस पुण्णिमासिणीओ, बारस अमावासाओ पण्णत्ताओ, तं जहा– साविट्ठि, पोट्ठवई, आसोई, कत्तिया, मिगसिरी, पोसी, माघी, फग्गुणी, चेती, विसाही जेट्ठामूली, आसाढी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્ણમાસી–પૂર્ણિમાઓ કેટલી અને કઈ છે ? **ઉત્તર–** બાર પૂર્ણિમાઓ અને બાર અમાવાસ્યાઓ છે, જેમ કે– (૧) શ્રાવિષ્ઠી–શ્રાવણી (૨) પૌષ્ટપદી– ભાદ્રપદી (૩) આસોજી (૪) કાર્તિકી (૫) મૃગશીર્ષી (૬) પૌષી (૭) માઘી (૮) ફાલ્ગુની (૯) ચૈત્રી (૧૦) વૈશાખી (૧૧) જયેષ્ઠા મૂલી (૧૨) આષાઢી.

**२ ता साविट्ठिण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता तिण्णि णक्खत्ता जोएंति, तं जहा– अभिई, सवणो, धणिट्ठा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શ્રાવણી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** શ્રાવણી પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) અભિજિત (૨) શ્રવણ અને (૩) ધનિષ્ઠા, આ ત્રણ નક્ષત્રોનો યોગ થાય છે.

**३ ता पोट्ठवइण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता तिण्णि णक्खत्ता जोएंति, तं जहा– सतभिसया, पुव्वापोट्ठवया, उत्तरापोट्ठवया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પોષ્ટપદી–ભાદ્રપદી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** ભાદ્રપદી પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) શતભિષક્ (૨) પૂર્વાભાદ્રપદા અને (૩) ઉત્તરાભાદ્રપદા, આ ત્રણ નક્ષત્રોનો યોગ થાય છે.

**४ ता आसोइण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा– रेवई, अस्सिणी य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અશ્વિની આસોજી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** આસો માસની પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) રેવતી અને (૨) અશ્વિની, આ બે નક્ષત્રોનો યોગ થાય છે.

**५ ता कत्तिइण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा– भरणी, कत्तिया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** કાતિર્કી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** કાર્તિકી

પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) ભરણી અને (૨) કૃતિકા, આ બે નક્ષત્રોનો યોગ થાય છે.

**६ ता मिगसिरिण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा- रोहिणी मिगसिरो य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મૃગશીર્ષી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** મૃગશીર્ષી પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) રોહિણી અને (૨) મૃગશીર્ષ, આ બે નક્ષત્રોનો યોગ થાય છે.

**७ ता पोसिण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता तिण्णि णक्खत्ता जोएंति, तं जहा- अद्दा पुणव्वसू पुस्सो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૌષી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** પૌષી પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) આર્દ્રા (૨) પુનર્વસુ અને (૩) પુષ્ય, આ ત્રણ નક્ષત્રોનો યોગ થાય છે.

**८ ता माहिण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा- अस्सेसा मघा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** માઘી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** માઘી પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) અશ્લેષા અને (૨) મઘા, આ બે નક્ષત્રોનો યોગ થાય છે.

**९ ता फग्गुणिण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा- पुव्वाफग्गुणी, उत्तराफग्गुणी य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ફાલ્ગુની પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** ફાલ્ગુની પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) પૂર્વાફાલ્ગુની અને (૨) ઉત્તરાફાલ્ગુની, આ બે નક્ષત્રોનો યોગ થાય છે.

**१० ता चित्तिण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा- हत्थो चित्ता य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચૈત્રી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** ચૈત્રી પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) હસ્ત અને (૨) ચિત્રા, આ બે નક્ષત્રોનો યોગ થાય છે.

**११ ता विसाहिण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा- साई विसाहा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** વૈશાખી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** વૈશાખી પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) સ્વાતિ અને (૨) વિશાખા, આ બે નક્ષત્રોનો યોગ થાય છે.

**१२ ता जेट्ठामूलिण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता तिण्णि णक्खत्ता जोएंति, तं जहा- अणुराहा जेट्ठामूलो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જયેષ્ઠામૂલી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** જયેષ્ઠા મૂલી પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) અનુરાધા (૨) જયેષ્ઠા અને (૩) મૂળ, આ ત્રણ નક્ષત્રોનો યોગ થાય છે.

**१३** **ता आसाढिण्णं पुण्णमासिं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा– पुव्वासाढा उत्तरासाढा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આષાઢી પૂર્ણિમાના ચંદ્ર સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** અષાઢી પૂર્ણિમાના ચંદ્ર સાથે (૧) પૂર્વાષાઢા અને (૨) ઉત્તરાષાઢા, આ બે નક્ષત્રોનો યોગ થાય છે.

**પૂર્ણિમા સાથે કુલાદિ નક્ષત્રોનો યોગ :–**

**१४** **ता साविट्ठिण्णं पुण्णमासिणिं णं किं कुलं जोएइ, उवकुलं वा जोएइ, कुलोवकुलं वा जोएइ ? ता कुलं वा जोएइ, उवकुलं वा जोएइ, कुलोवकुलं वा जोएइ ।**

**कुलं जोएमाणे धणिट्ठा णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे सवणे णक्खत्ते जोएइ, कुलोवकुलं जोएमाणे अभिई णक्खत्ते जोएइ । साविट्ठिण्णं पुण्णिमं कुलं वा जोएइ, उवकुलं वा जोएइ कुलोवकुलं वा जोएइ । कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता कुलोवकुलेण वा जुत्ता साविट्ठी पुण्णिमा जुत्ताइ वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શ્રાવણી પૂર્ણિમાના ચંદ્ર સાથે શું કુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ? ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ? કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ? **ઉત્તર–** કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે અથવા ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે અથવા કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે.

(૧) કુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય તો ધનિષ્ઠા નક્ષત્રનો યોગ થાય છે, (૨) ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય, તો શ્રવણ નક્ષત્રનો યોગ થાય છે અને (૩) કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય તો અભિજિત નક્ષત્રનો યોગ થાય છે. શ્રાવણી પૂર્ણિમાના ચંદ્ર સાથે કુલસંજ્ઞક, ઉપકુલસંજ્ઞક અથવા કુલોપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે. આ પ્રમાણે શ્રાવણી પૂર્ણિમા કુલયોગ યુક્ત, ઉપકુલયોગ યુક્ત અને કુલોપકુલ યોગ યુક્ત કહેવાય છે.

**१५** **ता पोट्ठवइण्णं पुण्णिमं किं कुलं जोएइ, उवकुलं जोएइ, कुलोवकुलं वा जोएइ ? ता कुलं वा जोएइ, उवकुलं वा जोएइ, कुलोवकुलं वा जोएइ ।**

**कुलं जोएमाणे उत्तरापोट्ठवया णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे पुव्वापोट्ठवया णक्खत्ते जोएइ, कुलोवकुलं जोएमाणे सतभिसया णक्खत्ते जोएइ । पोट्ठवइण्णं पुण्णिमं कुलं वा जोएइ, उवकुलं वा जोएइ कुलोवकुलं वा जोएइ । कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता कुलोवकुलेण वा जुत्ता पुट्ठवई पुण्णिमा जुत्ता वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભાદ્રપદી પૂર્ણિમાના ચંદ્ર સાથે શું કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ? ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ? કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ? **ઉત્તર–** કુલ સંજ્ઞક નક્ષત્રોનો યોગ થાય છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રોનો યોગ થાય છે અથવા કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રોનો પણ યોગ થાય છે.

(૧) કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય તો ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનો યોગ થાય છે, (૨) ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય તો પૂર્વાભાદ્રપદા નક્ષત્રનો યોગ થાય છે, (૩) કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય તો, શતભિષક્ નક્ષત્રનો યોગ થાય છે. ભાદ્રપદી પૂર્ણિમાના ચંદ્ર સાથે કુલસંજ્ઞક, ઉપકુલસંજ્ઞક અથવા કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે. આ રીતે ભાદ્રપદી પૂર્ણિમા કુલયોગ યુક્ત, ઉપકુલયોગ યુક્ત અને કુલોપકુલયોગ યુક્ત કહેવાય છે.

**૧૬ ता आसोइण्णं पुण्णिमं किं कुलं जोएइ, उवकुलं वा जोएइ, कुलोवकुलं जोएइ ? ता कुलं वा जोएइ, उवकुलं वा जोएइ, णो लभइ कुलोवकुलं ।**

**कुलं जोएमाणे अस्सिणी णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे रेवई णक्खत्ते जोएइ । आसोइण्णं पुण्णिमं कुलं वा जोएइ, उवकुलं वा जोएइ । कुलेण वा, जुत्ता उवकुलेण वा जुत्ता आसोइणं पुण्णिमं जुत्ताइ वत्तव्वं सिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આસોજી પૂર્ણિમાના ચંદ્ર સાથે શું કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ? ઉપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ? કુલોપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ? **ઉત્તર–** કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે પરંતુ કુલોપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થતો નથી.

(૧) કુલ સંજ્ઞક નક્ષત્રોનો યોગ થાય તો અશ્વિની નક્ષત્રનો યોગ થાય છે. (૨) ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય તો રેવતી નક્ષત્રનો યોગ થાય છે. આસોજી પૂર્ણિમાના ચંદ્ર સાથે કુલ સંજ્ઞક અને ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે. આ રીતે આસોજી પૂર્ણિમા કુલયોગ યુક્ત અને ઉપકુલયોગ યુક્ત કહેવાય છે.

**૧૭ एवं णेयव्वाओ पोसिं पुण्णिमं जेट्ठामूलिं पुण्णिमं च कुलोवकुलं जोएइ, अवसेसासु णत्थि कुलोवकुलं जाव आसाढी पुण्णिमा जुआइ वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :–** આ પૂર્વોક્ત પ્રકારે સર્વ પૂર્ણિમાના ચંદ્ર યોગ જાણવા. પોષી પૂર્ણિમા, જયેષ્ઠા મૂલી પૂર્ણિમા કુલ, ઉપકુલ અને કુલોપકુલ નક્ષત્રનો યોગ કરે છે ***યાવત્*** અષાઢી પૂર્ણિમા યોગ યુક્ત કહેવાય છે. (આસોજી, કાર્તિકી મૃગશીર્ષ, માઘી, ફાલ્ગુની, ચૈત્રી, વૈશાખી, આષાઢી, આ આઠ પૂર્ણિમા કુલ અને ઉપકુલ, આ બે પ્રકારના યોગથી યુક્ત થાય છે).

**અમાવાસ્યાઓ સાથે નક્ષત્રોનો યોગ :–**

**૧૮ ता साविट्ठिं णं अमावासं कइ णक्खत्ता जोएंइ ? तादुण्णि णक्खत्ता जोएंति, तं जहा– अस्सेसा य मघा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શ્રાવણી અમાવાસ્યા સાથે કેટલા નક્ષત્રનો યોગ થાય છે ? **ઉત્તર–** શ્રાવણી અમાવાસ્યા સાથે અશ્લેષા અને મઘા, આ બે નક્ષત્રોનો યોગ થાય છે.

**૧૯ एवं एएणं अभिलावेण णेयव्वं पोट्ठवइं दुण्णि णक्खत्ता जोएंति, तं जहा– पुव्वाफग्गुणी उत्तराफग्गुणी । आसोइ हत्थो चित्ता य । कत्तिइं साई विसाहा य। मग्गसिरिं अणुराधा जेट्ठा मूलो य । पोसिं पुव्वासाढा, उत्तरासाढा । माघिं अभीई, सवणो, धणिट्ठा । फग्गुणिं सतभिसया, पुव्वापोट्ठवया उत्तरापोट्ठवया य । चेतिं**

**रेवई अस्सिणी य । विसाहिं भरणी, कत्तिया य । जेट्ठा मूलिं रोहिणी, मग्गसिरं च । ता आसाढिं णं अमावासं कइ णक्खत्ता जोएंति ? तिण्णि णक्खत्ता जोएंति, तं जहा– अद्दा, पुणव्वसू, पुस्सो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્વોક્ત રીતે જ અમાવાસ્યા સાથે નક્ષત્રોના યોગને સમજવા જોઈએ. ભાદ્રપદી અમાવાસ્યા સાથે પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની, આ બે નક્ષત્રોનો યોગ થાય છે. આસોજી અમાવાસ્યા સાથે હસ્ત અને ચિત્રા, આ બે નક્ષત્રોનો યોગ થાય છે. કાર્તિકી અમાવાસ્યા સાથે સ્વાતિ અને વિશાખા, આ બે નક્ષત્રોનો યોગ થાય છે. મૃગશીર્ષી અમાવાસ્યા સાથે અનુરાધા, જયેષ્ઠા અને મૂલ, આ ત્રણ નક્ષત્રોનો યોગ થાય છે. પૌષી અમાવાસ્યા સાથે પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા, આ બે નક્ષત્રોનો યોગ થાય છે. માઘી અમાવાસ્યા સાથે અભિજિત, શ્રવણ અને ધનિષ્ઠા, આ ત્રણ નક્ષત્રોનો યોગ થાય છે. ફાલ્ગુની અમાવાસ્યા સાથે શતભિષક્, પૂર્વાભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદા, આ ત્રણ નક્ષત્રોનો યોગ થાય છે. ચૈત્રી અમાવાસ્યા સાથે રેવતી અને અશ્વિની, આ બે નક્ષત્રોનો યોગ થાય છે. વૈશાખી અમાવાસ્યા સાથે ભરણી તથા કૃતિકા, આ બે નક્ષત્રોનો યોગ થાય છે. જયેષ્ઠા મૂલી અમાવાસ્યા સાથે રોહિણી અને મૃગશીર્ષ, આ બે નક્ષત્રોનો યોગ થાય છે. **પ્રશ્ન–** આષાઢી અમાવાસ્યા સાથે કેટલા નક્ષત્રોનો યોગ થાય છે ? **ઉત્તર–** આષાઢી અમાવાસ્યા સાથે આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય, આ ત્રણ નક્ષત્રોનો યોગ થાય છે.

**અમાવાસ્યાઓ સાથે કુલાદિ નક્ષત્રોનો યોગ :–**

**२० ता साविट्ठिं णं अमावासं किं कुलं जोएइ, उवकुलं जोएइ, कुलोवकुलं जोएइ ? कुलं वा जोएइ उवकुलं वा जोएइ णो लब्भइ कुलोवकुलं ।**

**कुलं जोएमाणे मघा णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे अस्सेसा णक्खत्ते जोएइ, ता साविट्ठिं णं अमावासं कुलं वा जोएइ, उवकुलं वा जोएइ । कुलेण वा जुत्ता, उवकुलेण वा जुत्ता साविट्ठी अमावासा जुत्ता ति वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શ્રાવણી અમાવાસ્યા સાથે શું કુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ? **ઉત્તર–** કુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે પરંતુ કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થતો નથી.

કુલ સંજ્ઞક નક્ષત્રોનો યોગ થાય, તો મઘા નક્ષત્રનો યોગ થાય છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ થાય, તો અશ્લેષા નક્ષત્રનો યોગ થાય છે. શ્રાવણી અમાવાસ્યાનો કુલ સંજ્ઞક નક્ષત્ર સાથે યોગ થાય છે અને ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર સાથે યોગ થાય છે. આ રીતે શ્રાવણી અમાવાસ્યા કુલયોગ યુક્ત, ઉપકુલયોગ યુક્ત કહેવાય છે.

**२१ एवं णेयव्वं, णवरं–मग्गसिरीए माघीए फग्गुणीए आसाढीए य अमावासाए कुलोवकुलंपि जोएइ, सेसेसु णत्थि ।**

**ભાવાર્થ :–** આ રીતે સર્વ અમાવાસ્યાના યોગ જાણવા. મૃગશીર્ષી, માઘી, ફાલ્ગુની, આષાઢી અમાવાસ્યાઓનો કુલ, ઉપકુલ તથા કુલોપકુલ નક્ષત્ર સાથે યોગ થાય છે. શેષ આઠ અમાવાસ્યા સાથે કુલોપકુલ નક્ષત્રોનો યોગ થતો નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૂર્ણિમા–અમાવાસ્યાના પ્રકાર અને તેની સાથે કુલ સંજ્ઞક, ઉપકુલ સંજ્ઞક તથા કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રોના યોગનું કથન છે.

**પૂર્ણિમા :– परिस्फुट षोडशकलाचन्द्रोपेतकाल विशेषरूपाः पूर्णिमाः ।** પરિસ્ફૂટ–પ્રગટ સોળ કળાવાળા ચંદ્રથી યુક્ત કાળવિશેષને પૂર્ણિમા કહે છે. **पूर्णेन चंद्रेन निर्वृता**–પૂર્ણ ચંદ્રથી નિષ્પન્ન તિથિને પૂર્ણિમા કહે છે.

**અમાવાસ્યા** = **एककालावच्छेदेनैकस्मिन्नक्षेत्रे चन्द्रसूर्यावस्थानाधारकालविशेषरूपाः अमावास्याः ।** ચંદ્ર અને સૂર્ય, બંને એક ક્ષેત્રમાં એક સાથે રહે તેવા કાળવિશેષને અમાવાસ્યા કહે છે. **अमासह चंद्रसूर्यौ वसतोऽस्यामिति ।** અમા એટલે સાથે, જે કાલમાં ચંદ્ર-સૂર્ય એક સાથે વસતા હોય, તે કાળ અમાવાસ્યા કહેવાય છે.

**પૂર્ણિમા–અમાવાસ્યાના પ્રકાર :–** પૂર્ણિમા અને અમાવાસ્યાના ૧૨-૧૨ પ્રકાર છે. ધનિષ્ઠાદિ ૧૨ નક્ષત્રો પ્રાયઃ શ્રવણાદિ માસોની પૂર્ણિમાને પૂર્ણ કરે છે અર્થાત્ પૂર્ણિમાના દિવસે તે નક્ષત્ર સમાપ્ત થાય છે, તેથી તે નક્ષત્રોના નામથી અનુક્રમે શ્રાવણી વગેરે ૧૨ પૂર્ણિમા અને ૧૨ અમાવાસ્યાના નામ નિશ્ચિત થયા છે, જેમ કે જે પૂર્ણિમાના દિવસે ધનિષ્ઠા એટલે શ્રવિષ્ટા નક્ષત્ર પૂર્ણ થતું હોય તેને શ્રાવિષ્ટા કે શ્રાવણી પૂર્ણિમા કહેવામાં આવે છે.

આ રીતે અનુક્રમથી ધનિષ્ઠા, ઉત્તરાભાદ્રપદા, અશ્વિની, કૃત્તિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, ઉત્તરા ફાલ્ગુની, ચિત્રા, વિશાખા, મૂળ અને ઉત્તરાષાઢા, આ બાર કુલ સંજ્ઞક નક્ષત્રો બાર પૂર્ણિમાઓને પૂર્ણ કરે છે, તેથી તે નક્ષત્રોના નામ ઉપરથી બાર પૂર્ણિમાના નામ અનુક્રમે શ્રાવણી પૂર્ણિમા, ભાદ્રપદી પૂર્ણિમા, અશ્વિની(આસોજી), કાર્તિકી, મૃર્ગશીર્ષી, પૌષી, માઘી, ફાલ્ગુની, ચૈત્રી, વૈશાખી, જયેષ્ઠી(મૌલી) અને આષાઢી પૂર્ણિમા, આ બાર નામ રૂઢ થયા છે.

**બાર પૂર્ણિમાના કુલ, ઉપકુલ, કુલોપકુલ નક્ષત્રો :–**

| પૂર્ણિમા | નક્ષત્રોનો યોગ | કુલ સંજ્ઞક | ઉપકુલ સંજ્ઞક | કુલોપકુલ સંજ્ઞક |
|---|---|---|---|---|
| ૧. શ્રાવણી | અભિજિત | | | ✓ |
| | શ્રવણ | | ✓ | |
| | ધનિષ્ઠા | ✓ | | |
| ૨. ભાદ્રપદી | શતભિષક્ | | ✓ | ✓ |
| | પૂર્વાભાદ્રપદા | | | |
| | ઉત્તરાભાદ્રપદા | ✓ | | |
| ૩. આસોજી | રેવતી | | ✓ | |
| | અશ્વિની | ✓ | | |
| ૪. કાર્તિકી | ભરણી | | ✓ | |
| | કૃતિકા | ✓ | | |

| પૂર્ણિમા | નક્ષત્રોનો યોગ | કુલ સંજ્ઞક | ઉપકુલ સંજ્ઞક | કુલોપકુલ સંજ્ઞક |
|---|---|---|---|---|
| ૫. મૃગશીર્ષી | રોહિણી | | ✓ | |
| | મૃગશીર્ષ | ✓ | | |
| ૬. પૌષી | આર્દ્રા | | | ✓ |
| | પુનર્વસુ | | ✓ | |
| | પુષ્ય | ✓ | | |
| ૭. માઘી | અશ્લેષા | | ✓ | |
| | મઘા | ✓ | | |
| ૮. ફાલ્ગુની | પૂર્વા ફાલ્ગુની | | ✓ | |
| | ઉત્તરા ફાલ્ગુની | ✓ | | |
| ૯. ચૈત્રી | હસ્ત | | ✓ | |
| | ચિત્રા | ✓ | | |
| ૧૦. વૈશાખી | સ્વાતિ | | ✓ | |
| | વિશાખા | ✓ | | |
| ૧૧. જયેષ્ઠા મૂલી | અનુરાધા | | | ✓ |
| | જયેષ્ઠા | | ✓ | |
| | મૂલ | ✓ | | |
| ૧૨. આષાઢી | પૂર્વાષાઢા | | ✓ | |
| | ઉત્તરાષાઢા | ✓ | | |

**બાર અમાવાસ્યાના કુલ,ઉપકુલ, કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રો :–**

| અમાવાસ્યા | નક્ષત્રનો યોગ | કુલ સંજ્ઞક નક્ષત્ર | ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર | કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર |
|---|---|---|---|---|
| ૧. શ્રાવણી | ૧ અશ્લેષા | | ✓ | |
| | ૨ મઘા | ✓ | | |
| ૨. ભાદ્રપદી | ૧ પૂર્વાફાલ્ગુની | | ✓ | |
| | ૨ ઉત્તરાફાલ્ગુની | ✓ | | |
| ૩. આસોજી | ૧ હસ્ત | | ✓ | |
| | ૨ ચિત્રા | ✓ | | |
| ૪. કાર્તિકી | ૧ સ્વાતિ | | ✓ | |
| | ૨ વિશાખા | ✓ | | |

| અમાવાસ્યા | નક્ષત્રનો યોગ | કુલ સંજ્ઞક નક્ષત્ર | ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર | કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર |
|---|---|---|---|---|
| ૫. મૃગશીર્ષી | ૧ અનુરાધા | | | ✓ |
| | ૨ જયેષ્ઠા | | ✓ | |
| | ૩ મૂલ | ✓ | | |
| ૬. પૌષી | ૧ પૂર્વાષાઢા | | ✓ | |
| | ૨ ઉત્તરાષાઢા | ✓ | | |
| ૭. માઘી | ૧ અભિજિત | | | ✓ |
| | ૨ શ્રવણ | | ✓ | |
| | ૩ ધનિષ્ઠા | ✓ | | |
| ૮. ફાલ્ગુની | ૧ શતભિષક્ | | | ✓ |
| | ૨ પૂર્વાભાદ્રપદા | | ✓ | |
| | ૩ ઉત્તરાભાદ્રપદા | ✓ | | |
| ૯. ચૈત્રી | ૧ રેવતી | | ✓ | |
| | ૨ અશ્વિની | ✓ | | |
| ૧૦. વૈશાખી | ૧ ભરણી | | ✓ | |
| | ૨ કૃત્તિકા | ✓ | | |
| ૧૧. જયેષ્ઠામૂલી | ૧ રોહિણી | | ✓ | |
| | ૨ મૃગશીર્ષ | ✓ | | |
| ૧૨. આષાઢી | ૧ આર્દ્રા | | | ✓ |
| | ૨ પુનર્વસુ | | ✓ | |
| | ૩ પુષ્ય | ✓ | | |

**॥ પ્રાભૃત–૧૦/૬ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : સાતમું પ્રતિપ્રાભૃત

## સન્નિપાત યોગ

**પૂર્ણિમા અમાવાસ્યામાં ચંદ્રની સાથે નક્ષત્રોનો સન્નિપાત યોગ :–**

**१ ता कहं ते सण्णिवाए आहिएति वएज्जा ? ता जया णं साविट्ठी पुण्णिमा भवइ तया णं माघी अमावासा भवइ, ता जया णं माघी पुण्णिमा भवइ, तया णं साविट्ठी अमावासा भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્ણિમા અને અમાવાસ્યામાં સન્નિપાત–નક્ષત્રોનો સંયોગ કેવા પ્રકારનો છે ? **ઉત્તર–** જ્યારે શ્રાવણી પૂર્ણિમા હોય છે ત્યારે માઘી અમાવાસ્યા હોય છે અને જ્યારે માઘી અમાવાસ્યા હોય છે ત્યારે શ્રાવણી પૂર્ણિમા હોય છે અર્થાત્ જે(ત્રણ) નક્ષત્ર શ્રાવણી પૂર્ણિમાના હોય છે, તે જ ત્રણ નક્ષત્ર માઘી અમાવાસ્યાના હોય છે અને જે બે નક્ષત્ર માઘી પૂર્ણિમાના હોય છે, તે બે નક્ષત્ર શ્રાવણી અમાવાસ્યાના હોય છે.

**२ ता जया णं पोट्ठवई पुण्णिमा भवइ, तया णं फग्गुणी अमावासा भवइ, ता जया णं फग्गुणी पुण्णिमा भवइ, तया णं पोट्ठवई अमावासा भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જે ત્રણ નક્ષત્ર ભાદ્રપદી પૂર્ણિમાના હોય છે, તે ત્રણ નક્ષત્ર ફાલ્ગુની અમાવાસ્યાના હોય છે અને જે બે નક્ષત્ર ફાલ્ગુની પૂર્ણિમાના હોય છે, તે જ બે નક્ષત્ર ભાદ્રપદી અમાવસ્યાના હોય છે.

**३ ता जया णं आसोई पुण्णिमा भवइ, तया णं चेत्ती अमावासा भवइ, ता जया णं चेत्ती पुण्णिमा भवइ, तया णं आसोई अमावासा भवइ ।**

**ભાવાર્થ :–** જે બે નક્ષત્ર આસોજી પૂર્ણિમાના હોય છે, તે જ બે નક્ષત્ર ચૈત્રી અમાવાસ્યાના હોય છે અને જે બે નક્ષત્ર ચૈત્રી પૂર્ણિમાના હોય છે, તે જ બે નક્ષત્ર આસોજી અમાવાસ્યાના હોય છે.

**४ ता जया णं कत्तिई पुण्णिमा भवइ तया णं वइसाही अमावासा भवइ । ता जया णं वइसाही पुण्णिमा भवइ, तया णं कत्तिई अमावासा भवइ ।**

**ભાવાર્થ :–** જે બે નક્ષત્ર કાર્તિકી પૂર્ણિમાના હોય છે, તે જ બે નક્ષત્ર વૈશાખી અમાવાસ્યાના હોય છે અને જે(બે) નક્ષત્ર વૈશાખી પૂર્ણિમાના હોય છે, તે જ બે નક્ષત્ર કાર્તિકી અમાવાસ્યાના હોય છે.

**५ ता जया णं मग्गसिरी पुण्णिमा भवइ तया णं जेट्ठामूली अमावासा भवइ, ता जया णं जेट्ठामूली पुण्णिमा भवइ तया णं मग्गसिरी अमावासा भवइ ।**

**ભાવાર્થ :–** જે બે નક્ષત્ર મૃગશીર્ષી પૂર્ણિમાના હોય છે તે જ બે નક્ષત્ર જયેષ્ઠામૂલી અમાવસ્યાના હોય છે અને જે ત્રણ નક્ષત્ર જયેષ્ઠામૂલી પૂર્ણિમાના હોય છે, તે જ ત્રણ નક્ષત્ર મૃગશીર્ષી અમાવાસ્યાના હોય છે.

**૬** **ता जया णं पोसी पुण्णिमा भवइ तया णं आसाढी अमावासा भवइ, ता जया णं आसाढी पुण्णिमा भवइ तया णं पोसी अमावासा भवइ ।**

**ભાવાર્થ :–** જે ત્રણ નક્ષત્ર પૌષી પૂર્ણિમાના હોય છે, તે જ ત્રણ નક્ષત્ર આષાઢી અમાવાસ્યાના હોય છે અને જે બે નક્ષત્ર આષાઢી પૂર્ણિમાના હોય છે, તે જ બે નક્ષત્ર પૌષી અમાવાસ્યાના હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૂર્ણિમા અને અમાવાસ્યાના નક્ષત્રોના સન્નિપાત અર્થાત્ સંયોગનું વર્ણન છે. પ્રસ્તુત સૂત્રોના પૂર્ણિમા–અમાવાસ્યાના નક્ષત્રોનું અવલોકન કરતાં સિદ્ધ થાય છે કે જે માસની પૂર્ણિમાના દિવસે જે નક્ષત્રોનો યોગ હોય છે, તે માસની અમાવાસ્યાના દિવસે તે માસથી સાતમા માસની પૂર્ણિમાના નક્ષત્રોનો યોગ થાય છે. જેમ શ્રાવણ માસથી સાતમો માઘ માસ છે. માઘી પૂર્ણિમાના દિવસે મઘા અને અશ્લેષા નક્ષત્રોનો યોગ હોય છે. તે બંને નક્ષત્રોનો શ્રાવણી અમાવાસ્યાના દિવસે યોગ હોય છે અથવા પૂર્ણિમાના ચંદ્ર સાથે જે નક્ષત્રોનો યોગ હોય છે તે નક્ષત્રથી પછીના ચૌદમા, પંદરમા અથવા સોળમા નક્ષત્રનો તે માસની અમાવાસ્યા સાથે યોગ હોય છે. ઉદાહરણ રૂપે જોઈએ તો શ્રાવણી પૂર્ણિમાના દિવસે ધનિષ્ઠા નક્ષત્ર હોય છે. તો ધનિષ્ઠાથી ચૌદમું મઘા નક્ષત્ર શ્રાવણી અમાવાસ્યાના હોય છે. માઘ માસમાં પૂર્ણિમાના મઘા નક્ષત્ર હોય તો મઘા નક્ષત્રથી ચૌદમા ધનિષ્ઠા નક્ષત્રનો યોગ માઘી અમાવાસ્યાના હોય છે.

જ્યારે ઉપકુલ સંજ્ઞક નક્ષત્રો પૂર્ણિમાઓને સમાપ્ત કરે છે ત્યારે તે ઉપકુલોથી પૂર્વના શ્રવણાદિ નક્ષત્રો અનુક્રમે અમાવાસ્યાને સમાપ્ત કરે છે.

જ્યારે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રો પૂર્ણિમાને સમાપ્ત કરે છે ત્યારે ઉપકુલસંજ્ઞક નક્ષત્રોથી પૂર્વના અભિજિત આદિ નક્ષત્રો અમાવાસ્યાને સમાપ્ત કરે છે. (જો કે અભિજિત નક્ષત્ર પૂર્ણિમાને સમાપ્ત કરતું દેખાતું નથી, પરંતુ શ્રુતિયોગથી–સાંભળવા માત્રથી તેને પૂર્ણિમાનું પૂરક કહ્યું છે.)

**પૂર્ણિમા અને અમાવાસ્યાના નક્ષત્રોનો સન્નિપાત(સંયોગ) :–**

| પૂર્ણિમા ક્રમ | પૂર્ણિમા | અમાસ ક્રમ | અમાવાસ્યા | કુલોપકુલ | ઉપકુલ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રાવણી | ૭. | માઘી | ૧. અભિજિત | ૨. શ્રવણ | ૩. ધનિષ્ઠા |
| ૨ | ભાદ્રપદી | ૮. | ફાલ્ગુની | ૪. શતભિષક્ | ૫. પૂર્વાભાદ્રપદા | ૬. ઉત્તરા ભાદ્રપદા |
| ૩ | આસોજી | ૯. | ચૈત્રી | – | ૭. રેવતી | ૮. અશ્વિની |
| ૪ | કાર્તિકી | ૧૦. | વૈશાખી | – | ૯. ભરણી | ૧૦. કૃત્તિકા |
| ૫ | મૃગશીર્ષી | ૧૧. | જયેષ્ઠામૂલી | – | ૧૧. રોહિણી | ૧૨. મૃગશીર્ષ |
| ૬ | પૌષી | ૧૨. | આષાઢી | ૧૩. આર્દ્રા | ૧૪. પુનર્વસુ | ૧૫. પુષ્ય |
| ૭ | માઘી | ૧. | શ્રાવણી | – | ૧૬. અશ્લેષા | ૧૭. મઘા |

| પૂર્ણિમા ક્રમ | પૂર્ણિમા | અમાસ ક્રમ | અમાવાસ્યા | કુલોપકુલ | ઉપકુલ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૮. | ફાલ્ગુની | ૨. | ભાદ્રપદી | – | ૧૮. પૂર્વાફાલ્ગુની | ૧૯. ઉત્તરાફાલ્ગુની |
| ૯. | ચૈત્રી | ૩. | આસોજી | – | ૨૦. હસ્ત | ૨૧. ચિત્રા |
| ૧૦. | વૈશાખી | ૪. | કાર્તિકી | – | ૨૨. સ્વાતિ | ૨૩. વિશાખા |
| ૧૧. | જયેષ્ઠામૂલી | ૫. | મૃગશીર્ષી | ૨૪. અનુરાધા | ૨૫. જયેષ્ઠા | ૨૬. મૂલ |
| ૧૨. | આષાઢી | ૬. | પૌષી | – | ૨૭. પૂર્વાષાઢા | ૨૮. ઉત્તરાષાઢા |

**॥ પ્રાભૃત–૧૦/૭ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : આઠમું પ્રતિપ્રાભૃત

## નક્ષત્ર સંસ્થાન

**નક્ષત્રોના સંસ્થાન :–**

**१ ता कहं ते णक्खत्तसंठिई आहिएति वएज्जा ? ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं अभीई णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता गोसीसावलि संठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નક્ષત્રોના સંસ્થાન–આકાર કેવા છે ? આ અઠયાવીસ નક્ષત્રોમાં અભિજિત નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** અભિજિત નક્ષત્રનું સંસ્થાન(આકાર) ગોશીર્ષાવલી–ગાયોના શ્રેણીબંધ મસ્તકો જેવું છે.

**२ ता सवणे णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता काहार संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શ્રવણ નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** શ્રવણ નક્ષત્રનું સંસ્થાન કાવડ જેવું છે.

**३ ता धणिट्ठा णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता सउणीपलीणग संठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ધનિષ્ઠા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** ધનિષ્ઠા નક્ષત્રનું સંસ્થાન પક્ષીઓના પિંજરા જેવું છે.

**४ ता सयभिसया णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता पुप्फोवयारसंठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શતભિષક્ નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** શતભિષક્ નક્ષત્રનું સંસ્થાન પુષ્પ ચંગેરી(છાબ) જેવું છે.

**५ ता पुव्वापोट्ठवया णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता अवड्ढवाविसंठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્વાભાદ્રપદા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** પૂર્વાભાદ્રપદા નક્ષત્રનું સંસ્થાન અર્ધવાવ જેવું છે.

**६ ता उत्तरापोट्ठवया णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता अवड्ढवावि संठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનું સંસ્થાન અર્ધવાવ જેવું છે.

**७ ता रेवई णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता णावासंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રેવતી નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** રેવતી નક્ષત્રનું સંસ્થાન નૌકા જેવું છે.

**८ ता अस्सिणी णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता आसक्खंध संठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અશ્વિની નક્ષત્રનું સંસ્થાન કેવું છે? **ઉત્તર–** અશ્વિની નક્ષત્રનું સંસ્થાન અશ્વસ્કંધ જેવું છે.

**९ ता भरणी णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता भग संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભરણી નક્ષત્રનું સંસ્થાન કેવું છે? **ઉત્તર–** ભરણી નક્ષત્રનું સંસ્થાન ભગ(યોનિ) જેવું છે.

**१० ता कत्तिया णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता छुरघरग संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** કૃતિકા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** કૃત્તિકા નક્ષત્રનું સંસ્થાન અસ્તરાના ઘર(નાવીની બેગ) જેવું છે.

**११ ता रोहिणी णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता सगडुद्धि संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રોહિણી નક્ષત્રનું સંસ્થાન કેવું છે? **ઉત્તર–** રોહિણી નક્ષત્રનું સંસ્થાન ગાડાની ધરી જેવું છે.

**१२ ता मिगसिरा णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता मिगसीसावलि संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મૃગશીર્ષ નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** મૃગશીર્ષ નક્ષત્રનું સંસ્થાન મૃગના મસ્તક જેવું છે.

**१३ ता अद्दा णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता रूहिरबिंदु संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આર્દ્રા નક્ષત્રનું સંસ્થાન કેવું છે? **ઉત્તર–** આર્દ્રા નક્ષત્રનું સંસ્થાન લોહીના ટીપા જેવું છે.

**१४ ता पुणव्वसू णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता तुला संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પુનર્વસુ નક્ષત્રનું સંસ્થાન કેવું છે? **ઉત્તર–** પુનર્વસુ નક્ષત્રનું સંસ્થાન તુલા–ત્રાજવા જેવું છે.

**१५ ता पुस्से णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता वद्धमाणग संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પુષ્ય નક્ષત્રનું સંસ્થાન કેવું છે? **ઉત્તર–** પુષ્ય નક્ષત્રનું સંસ્થાન વર્ધમાનક–કોડીયા જેવું છે.

**१६ ता अस्सेसा णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता पडाग संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અશ્લેષા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** અશ્લેષા નક્ષત્રનું સંસ્થાન ધ્વજા પતાકા જેવું છે.

**१७ ता मघा णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता पागार संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મઘા નક્ષત્રનું સંસ્થાન કેવું છે? **ઉત્તર–** મઘા નક્ષત્રનું સંસ્થાન પ્રાકાર–કિલ્લા જેવું છે.

**१८ ता पुव्वाफग्गुणी णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता अद्धपलियंक संठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્વાફાલ્ગુની નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** પૂર્વાફાલ્ગુની નક્ષત્રનું સંસ્થાન અર્ધાપલંગ જેવું છે.

**૧૯** **ता उत्तराफग्गुणी णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता अद्धपलियंक संठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું સંસ્થાન અર્ધાપલંગ જેવું છે.

**૨૦** **ता हत्थ णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता हत्थ संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હસ્તનક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** હસ્ત નક્ષત્રનું સંસ્થાન હાથ જેવું છે.

**૨૧** **ता चित्ता णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता मुहफुल्ल संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચિત્રા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** ચિત્રા નક્ષત્રનું સંસ્થાન મુખાકાર–જુઈ જેવું છે.

**૨૨** **ता साई णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता खीलग संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સ્વાતિ નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** સ્વાતિ નક્ષત્રનું સંસ્થાન ખીલા જેવું છે.

**૨૩** **ता विसाहा णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता दामणि संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** વિશાખા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** વિશાખા નક્ષત્રનું સંસ્થાન પશુદામન–ગાયના પગે બાંધેલા દોરડાના આકાર જેવું છે.

**૨૪** **ता अणुराधा णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता एगावलि संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અનુરાધા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** અનુરાધા નક્ષત્રનું સંસ્થાન એકાવલી હાર જેવુ છે.

**૨૫** **ता जेट्ठा णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता गयदंत संठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જયેષ્ઠા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** જયેષ્ઠા નક્ષત્રનું સંસ્થાન ગજદંત જેવું છે.

**૨૬** **ता मूले णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता विच्छुयलंगोलसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મૂળ નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** મૂળ નક્ષત્રનું સંસ્થાન વીંછીની પૂંછડી જેવું છે.

**૨૭** **ता पुव्वासाढा णक्खत्ते किंसठिए पण्णत्ते ? ता गयविक्कम संठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્વાષાઢા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** પૂર્વાષાઢા નક્ષત્રનું સંસ્થાન હાથીની ચાલ જેવું છે.












**૨૮** **ता उत्तरासाढा णक्खत्ते किंसंठिए पण्णत्ते ? ता सीहणिसाइयसंठिए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉત્તરાષાઢા નક્ષત્રનું સંસ્થાન કેવું છે ? **ઉત્તર–** ઉત્તરાષાઢા નક્ષત્રનું સંસ્થાન બેઠેલ સિંહના સંસ્થાન જેવું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અઠ્યાવીસ નક્ષત્રોના સંસ્થાન–આકારનું વર્ણન છે. નક્ષત્રોના વિમાનોના વિવિધ રીતે ગોઠવાયેલા હોવાથી વિશિષ્ટ આકારો સર્જાય છે.

**નક્ષત્રના તારાઓની સંખ્યા અને સંસ્થાન :–**

| | | | | |
|---|---|---|---|---|
| અભિજિત તારા–૩ | શ્રવણ–૩ | ધનિષ્ઠા–૫ | શતભિષક–૧૦૦ | પૂર્વાભાદ્રપદા–૨ |
|  |  |  |  |  |
| ગાયનું મસ્તક | કાવડ | પીંજરું | પુષ્પની છાબ | અર્ધ વાવ |
| ઉત્તરા ભાદ્ર પદા–૨ | રેવતી–૩૨ | અશ્વિની–૩ | ભરણી–૩ | કૃતિકા–૬ |
|  |  |  |  |  |
| અર્ધ વાવ | નાવ | અશ્વસ્કંધ | ભગ–યોની | નાવીની કોથળી |
| રોહિણી–૫ | મૃગશિર્ષ–૩ | આર્દ્રા–૧ | પુનર્વસુ–૫ | પુષ્ય–૩ |
|  |  |  |  |  |
| ગાડાનું ધૂંસર | હરણનું મસ્તક | લોહીનું ટીપું | ત્રાજવું | વર્ધમાન |
| અશ્લેષા–૬ | મઘા–૭ | પૂર્વા ફાલ્ગુની–૨ | ઉત્તરા ફાલ્ગુની–૨ | હસ્ત–૫ |
|  |  |  |  |  |
| પતાકા–ધ્વજા | કિલ્લો | અર્ધ પલંગ | અર્ધ પલંગ | હાથનો પંજો |
| ચિત્રા–૧ | સ્વાતિ–૧ | વિશાખા–૫ | અનુરાધા–૪ | જ્યેષ્ઠા–૩ |
|  |  |  |  |  |
| જુઈનું ફૂલ | ખીલી | દામણી | એકાવલી હાર | હાથી દાંત |
| | મૂળ–૧૧ | પૂર્વાષાઢા–૪ | ઉત્તરાષાઢા–૪ | |
| |  |  |  | |
| | વીંછી | હાથીની ચાલ | બેઠેલ સિંહ | |

**॥ પ્રાભૃત–૧૦/૮ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : નવમું પ્રતિપ્રાભૃત

## નક્ષત્રના તારા

**નક્ષત્રોના તારાઓની સંખ્યા :–**

**१** **ता कहं ते तारग्गे आहिएति वएज्जा ? ता एएसिं णं अट्ठावीसाए णक्खत्ताणं अभीई णक्खत्ते कइतारे पण्णत्ते ? ता तितारे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અઠ્યાવીસ નક્ષત્રોના તારાઓ કેટલા છે ? આ અઠ્યાવીસ નક્ષત્રોમાંથી અભિજિત નક્ષત્રના કેટલા તારા છે ? **ઉત્તર–** અભિજિત નક્ષત્રના ત્રણ તારા છે.

**२** **ता सवणे णक्खत्ते कइतारे पण्णत्ते ? ता तितारे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શ્રવણ નક્ષત્રના કેટલા તારા છે ? **ઉત્તર–** શ્રવણ નક્ષત્રના ત્રણ તારા છે.

**३** **ता धणिट्ठा णक्खत्ते कइतारे पण्णत्ते ? ता पंचतारे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ધનિષ્ઠા નક્ષત્રના કેટલા તારા છે ? **ઉત્તર–** ધનિષ્ઠા નક્ષત્રના પાંચ તારા છે.

**४** **ता सतभिसया णक्खत्ते कइतारे पण्णत्ते ? ता सयं(सत्त)तारे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શતભિષક્ નક્ષત્રના કેટલા તારા છે ? **ઉત્તર–** શતભિષક્ નક્ષત્રના સો તારા છે.

**५** **ता पुव्वापोट्ठवया णक्खत्ते कइतारे पण्णत्ते ? ता दुतारे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્વાભાદ્રપદા નક્ષત્રના કેટલા તારા છે ? **ઉત્તર–** પૂર્વાભાદ્રપદા નક્ષત્રના બે તારા છે.

**६** **ता उत्तरापोट्ठवया णक्खत्ते कइतारे पण्णत्ते ? ता दुतारे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના કેટલા તારા છે ? **ઉત્તર–** ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના બે તારા છે.

**७** **ता रेवई णक्खत्ते कइतारे पण्णत्ते ? ता बत्तीसइतारे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રેવતી નક્ષત્રના કેટલા તારા છે ? **ઉત્તર–** રેવતી નક્ષત્રના બત્રીસ તારા છે.

**८** **ता अस्सिणी णक्खत्ते कइतारे पण्णत्ते ? ता तितारे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અશ્વિની નક્ષત્રના કેટલા તારા છે ? **ઉત્તર–** અશ્વિની નક્ષત્રના ત્રણ તારા છે.

**९** **एवं सव्वे पुच्छिज्जंति– ता भरणी तितारे पण्णत्ते, कतिया छ तारे पण्णत्ता**

**रोहिणी पंचतारे पण्णत्ते, मिगसिरे तितारे पण्णत्ते, अद्दा एगतारे पण्णत्ते, पुणव्वसु पंचतारे पण्णत्ते, पुस्से तितारे पण्णत्ते, अस्सेसा छतारे पण्णत्ते, मघा सत्ततारे पण्णत्ते, पुव्वाफग्गुणी दुतारे पण्णत्ते, उत्तराफग्गुणी दुतारे पण्णत्ते, हत्थ पंचतारे पण्णत्ते, चित्ता एकतारे पण्णत्ते, साई एकतारे पण्णत्ते, विसाहा पंचतारे पण्णत्ते, अणुराहा (पंच)चउतारे पण्णत्ते, जेट्ठा तितारे पण्णत्ते, मूले एक्कारसतारे(एग) पण्णत्ते, पुव्वासाढा चउतारे पण्णत्ते, उत्तरासाढा चउतारे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત રીતે સર્વ નક્ષત્ર વિષયક પ્રશ્ન પૂછવા તેના ઉત્તરમા કહ્યું છે કે ભરણી નક્ષત્રના ત્રણ તારા છે, કૃતિકા નક્ષત્રના છ તારા છે, રોહિણી નક્ષત્રના પાંચ તારા છે, મૃગશીર્ષ નક્ષત્રના ત્રણ તારા છે, આર્દ્રા નક્ષત્રનો એક તારો છે, પુનર્વસુ નક્ષત્રના પાંચ તારા છે, પુષ્ય નક્ષત્રના ત્રણ તારા છે, અશ્લેષા નક્ષત્રના છ તારા છે, મઘા નક્ષત્રના સાત તારા છે, પૂર્વાફાલ્ગુની નક્ષત્રના બે તારા છે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના બે તારા છે, હસ્ત નક્ષત્રના પાંચ તારા છે, ચિત્રા નક્ષત્રનો એક તારો છે, સ્વાતિ નક્ષત્રનો એક તારો છે, વિશાખા નક્ષત્રનો ચાર તારા છે, અનુરાધા નક્ષત્રના ચાર તારા છે, જયેષ્ઠા નક્ષત્રના ત્રણ તારા છે. મૂલ નક્ષત્રના અગિયાર તારા છે. પૂર્વાષાઢા નક્ષત્રના ચાર તારા છે અને ઉત્તરાષાઢા નક્ષત્રના ચાર તારા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૮ નક્ષત્રોના તારાઓની સંખ્યાનું કથન છે.

**તારા શબ્દનો અર્થ :– ताराश्चात्रज्योतिष्कविमानानि, अधिकारान्नक्षत्रजातीयज्योतिष्कानां विमानानीत्यर्थः ।** અહીં તારા શબ્દનો અર્થ 'નક્ષત્રોના વિમાનો' થાય છે. અહીં જ્યોતિષ્કના પાંચમા ભેદરૂપ 'તારા'નું અહીં કથન નથી. નક્ષત્રના વિમાન મોટા છે, તારાના વિમાન નાના છે, તારાઓની સંખ્યા કોટાકોટિ પ્રમાણ છે. અહીં નક્ષત્રના તારા ૩, ૫, આદિ કહ્યા છે, માટે અહીં તારા શબ્દનો અર્થ નક્ષત્ર વિમાન સમજવો જરૂરી છે.

કોઈ મહાસમૃદ્ધ મનુષ્યને ૨-૩ કે વધુ ઘર હોય છે તેમ આ અભિજિત આદિ નક્ષત્રોના દેવોને ૨, ૩ કે વધુ વિમાન હોય છે. પ્રાયઃ પ્રતોમાં **मूल एगतारे** સૂત્રપાઠ જોવા મળે છે શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રના સાતમા વક્ષસ્કારમાં, શ્રી સમવાયાંગ સૂત્રના અગિયારમા સમવાયમાં મૂળ નક્ષત્રના અગિયાર તારા કહ્યા છે, તેથી અહીં **एक्कारसतारे** સૂત્રપાઠ સ્વીકારેલ છે અને **एगं** ને કૌંસ કર્યો છે. તેજ રીતે પ્રસ્તુતમાં અનુરાધા નક્ષત્રના પાંચ તારા કહ્યા છે પરંતુ શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, શ્રી ઠાણાંગ સૂત્ર અને શ્રી સમવાયાંગ સૂત્રમાં તેના ચાર તાર કહ્યા છે તેથી પ્રસ્તુતમાં **चउ** પાઠ માન્ય રાખીને **पंच** ને કૌંસમાં રાખેલ છે.

પ્રાયઃપ્રતોમાં શતભિષક નક્ષત્રના **सत्ततारा** સાત તારા કહ્યા છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં **सय** સો તારા કહ્યા છે અને શ્રી સમવાયાંગ સૂત્રમાં **एगसयतारे** એકસો તારા કહ્યા છે. અહીં મૂળપાઠમાં **सयं** શબ્દ સ્વીકારી શતભિષક્ નક્ષત્રના સો તારા માન્ય રાખીને **सत्त** શબ્દને કૌંસમાં રાખેલ છે. શ્રી ઠાણાંગ સૂત્ર તથા શ્રી સમવાયાંગ સૂત્રમાં બે તારા, ત્રણ તારા આદિ સંખ્યક નક્ષત્રોનો નામોલ્લેખ છે.

**સંખ્યા દૃષ્ટિએ નક્ષત્રના તારા :–**

| નક્ષત્રોના નામ | તારાઓની સંખ્યા | નક્ષત્રોના નામ | તારાઓની સંખ્યા |
|---|---|---|---|
| **૩.** આર્દ્રા, ચિત્રા, સ્વાતિ | ૧ | **૫.** ધનિષ્ઠા, રોહિણી, પુનર્વસુ, હસ્ત, વિશાખા | ૫ |
| **૪.** પૂર્વાભાદ્રપદા, ઉત્તરા ભાદ્રપદા, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની | ૨ | **૨.** કૃત્તિકા, અશ્લેષા | ૬ |
| **૭** અભિજિત, શ્રવણ, અશ્વિની ભરણી, મૃગશીર્ષ, પુષ્ય, જ્યેષ્ઠા | ૩ | **૧.** મઘા | ૭ |
| **૩.** અનુરાધા, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા | ૪ | **૧.** મૂળ | ૧૧ |
| | | **૧.** રેવતી | ૩૨ |
| | | **૧૦૦.** શતભિષક્ | ૧૦૦ |

**॥ પ્રાભૃત–૧૦/૯ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : દસમું પ્રતિપ્રાભૃત

## માસના નક્ષત્રો : પોરસી છાયા

**માસના પરિવાહક નક્ષત્રો તથા પોરસી છાયા :–**

**१ ता कहं ते णेया आहिएति वएज्जा ? ता वासाणं पढमं मासं कइ णक्खत्ता णेंति ? ता चत्तारि णक्खत्ता णेंति, तं जहा– उत्तरासाढा, अभिई, सवणो, धणिट्ठा। उत्तरासाढा चोद्दस अहोरत्ते णेइ, अभिई सत्त अहोरत्ते णेइ, सवणे अट्ठ अहोरत्ते णेइ, धणिट्ठा एगं अहोरत्तं णेइ ।**

**तंसि णं मासंसि चउरंगुलपोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे दो पादाइं चत्तारि य अंगुलाणि पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** કેટલા નક્ષત્ર માસને પરિવહન કરે છે ? કેટલા નક્ષત્ર વર્ષાકાળના પ્રથમ શ્રાવણ માસને પરિવહન કરે છે ? **ઉત્તર–** શ્રાવણ માસને (૧) ઉત્તરાષાઢા (૨) અભિજિત (૩) શ્રવણ (૪) ધનિષ્ઠા, આ ચાર નક્ષત્રો પરિવહન કરે છે અર્થાત્ શ્રાવણ માસમાં આ ચાર નક્ષત્ર હોય છે. શ્રાવણ માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત ઉત્તરાષાઢા, ૭ અહોરાત્ર પર્યંત અભિજિત, ૮ અહોરાત્ર પર્યંત શ્રવણ, ૧ અહોરાત્ર પર્યંત ધનિષ્ઠા નક્ષત્ર રહે છે. (૧૪ + ૭ + ૮ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે શ્રાવણ માસમાં સૂર્ય પોરસી પ્રમાણની(બે પાદ પ્રમાણ) પુરુષ છાયામાં ચાર અંગુલની વૃદ્ધિ કરતો પરિભ્રમણ કરે છે. તે માસના અંતિમ દિવસે ૨ પાદ(પગ) અને ૪ અંગુલ પ્રમાણ પોરસી છાયા હોય છે.

**२ ता वासाणं बिइयं मासं कइ णक्खत्ता णेंति ? ता चत्तारि णक्खत्ता णेंति, तं जहा– धणिट्ठा, सतभिसया, पुव्वपोट्ठवया, उत्तरपोट्ठवया, धणिट्ठा चोद्दस अहोरत्ते णेइ, सतभिसया सत्त अहोरत्ते णेइ, पुव्वपोट्ठवया अट्ठ अहोरत्ते णेइ, उत्तरपोट्ठवया एगं अहोरत्तं णेइ ।**

**तंसि णं मासंसि अट्ठंगुलपोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे दो पादाइं अट्ठ अंगुलाइं पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** વર્ષા ઋતુના બીજા-ભાદ્રપદ(ભાદરવા) માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે ? **ઉત્તર–** ભાદ્રપદ માસને (૧) ધનિષ્ઠા (૨) શતભિષક્ (૩) પૂર્વાભાદ્રપદા (૪) ઉત્તરાભાદ્રપદા, આ ચાર નક્ષત્ર પરિવહન કરે છે. ભાદ્રપદ માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત ધનિષ્ઠા, ૭ અહોરાત્ર પર્યંત શતભિષક્, ૮ અહોરાત્ર પર્યંત પૂર્વાભાદ્રપદા અને ૧ અહોરાત્ર પર્યંત ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર રહે છે. (૧૪ + ૭ + ૮ + ૧ = ૩૦ અહોરાત્ર)

તે ભાદ્રપદ માસમાં સૂર્ય પોરસી પ્રમાણ(બે પાદ રૂપ) પુરુષ છાયામાં ૮ અંગુલની વૃદ્ધિ કરતો

પરિભ્રમણ કરે છે, તે માસના અંતિમ દિવસે ૨ પાદ(પગ) અને ૮ અંગુલ પ્રમાણ પોરસી છાયા હોય છે.

**३ ता वासाणं ततियं मासं कइ णक्खत्ता णेंति ? ता तिण्णि णक्खत्ता णेंति, तं जहा– उत्तरापोट्ठवया, रेवई, अस्सिणी । उत्तरापोट्ठवया चोद्दस अहोरत्ते णेइ, रेवई पण्णरस अहोरत्ते णेइ, अस्सिणी एगं अहोरत्तं णेइ ।**

**तंसि च णं मासंसि दुवालसंगुलाए पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे लेहत्थाइं तिण्णि पादाइं पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** વર્ષાઋતુના ત્રીજા-આસો માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે ? **ઉત્તર–** આસો માસને (૧) ઉત્તરાભાદ્રપદા (૨) રેવતી (૩) અશ્વિની, આ ત્રણ નક્ષત્ર પરિવહન કરે છે. આસો માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત ઉત્તરાભાદ્રપદા, ૧૫ અહોરાત્ર પર્યંત રેવતી અને ૧ અહોરાત્ર પર્યંત અશ્વિની નક્ષત્ર રહે છે. (૧૪ + ૧૫ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે આસો માસમાં સૂર્ય પોરસી પ્રમાણ(બે પાદ રૂપ) પુરુષ છાયામાં ૧૨ અંગુલની વૃદ્ધિ કરતો પરિભ્રમણ કરે છે. તે માસના અંતિમ દિવસે પાદરેખાસ્થ અર્થાત્ ૧૨ અંગુલ = ૧ પાદ અનુસાર પૂરેપૂરા ત્રણ પાદ પ્રમાણ પોરસી છાયા હોય છે.

**४ ता वासाणं चउत्थं मासं कइ णक्खत्ता णेंति ? ता तिण्णि णक्खत्ता णेंति, तं जहा– अस्सिणी, भरणी, कत्तिया । अस्सिणी चउद्दस अहोरत्ते णेइ, भरणी पण्णरस अहोरत्ते णेइ, कत्तिया एगं अहोरत्तं णेइ ।**

**तंसि च णं मासंसि सोलसंगुलाए पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे तिण्णि पादाइं चत्तारि अंगुलाइं पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** વર્ષાકાળના ચોથા-કારતક માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે ? **ઉત્તર–** કાર્તિક(કારતક) માસને (૧) અશ્વિની (૨) ભરણી (૩) કૃતિકા, આ ત્રણ નક્ષત્ર પરિવહન કરે છે. કાર્તિક માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત અશ્વિની, ૧૫ અહોરાત્ર પર્યંત ભરણી અને ૧ અહોરાત્ર પર્યંત કૃતિકા નક્ષત્ર રહે છે. (૧૪ + ૧૫ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે કાર્તિક માસમાં સૂર્ય પોરસી પ્રમાણ(બે પાદ રૂપ) પુરુષ છાયામાં ૧૬ અંગુલની વૃદ્ધિ કરતો પરિભ્રમણ કરે છે. તે માસના અંતિમ દિવસે ૩ પાદ અને ૪ અંગુલ પ્રમાણ પોરસી છાયા હોય છે.

**५ ता हेमंताणं पढमं मासं कइ णक्खत्ते णेंति ? ता तिण्णि णक्खत्ता णेंति, तं जहा– कत्तिया, रोहिणी, संठाणा । कत्तिया चोद्दस अहोरत्ते णेइ, रोहिणी पण्णरस अहोरत्ते णेइ, संठाणा एगं अहोरत्तं णेइ ।**

**तंसि च णं मासंसि वीसंगुलपोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे तिण्णि पादाइं अट्ठ अंगुलाइं पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હેમંત ઋતુના પ્રથમ મૃગશીર્ષ(માગસર) માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે ?

**ઉત્તર–** માર્ગશીર્ષ(માગસર)માસને (૧) કૃતિકા (૨) રોહિણી (૩) મૃગશીર્ષ, આ ત્રણ નક્ષત્ર પરિવહન કરે છે. (માગસર)માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત કૃતિકા, ૧૫ અહોરાત્ર પર્યંત રોહિણી, ૧ અહોરાત્ર પર્યંત મૃગશીર્ષ નક્ષત્ર રહે છે. (૧૪ + ૧૫ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે (માગસર)માસમાં સૂર્ય પોરસી પ્રમાણ(બે પાદ રૂપ) પુરુષ છાયામાં ૨૦ અંગુલની વૃદ્ધિ કરતો પરિભ્રમણ કરે છે. તેથી તે માસના અંતિમ દિવસે ત્રણ પાદ અને આઠ અંગુલ પ્રમાણ પોરસી છાયા હોય છે.

**૬ ता हेमंताणं बिइयं मासं कइ णक्खत्ता णेंति ? ता चत्तारि णक्खत्ता णेंति, तं जहा– संठाणा, अद्दा, पुणव्वसू पुस्सो । संठाणा चोद्दस अहोरत्ते णेइ, अद्दा अट्ठ अहोरत्ते णेइ, पुणव्वसू सत्त अहोरत्ते णेइ, पुस्से एगं अहोरत्तं णेइ ।**

**तंसि च णं मासंसि वीसंगुलपोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे लेहत्थाइं चत्तारि पादाइं पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હેમંત ઋતુના બીજા પોષ માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે ? **ઉત્તર–** પોષ માસને (૧) મૃગશીર્ષ (૨) આર્દ્રા (૩) પુનર્વસુ (૪) પુષ્ય, આ ચાર નક્ષત્ર પરિવહન કરે છે. પોષ માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત મૃગશીર્ષ, ૮ અહોરાત્ર પર્યંત આર્દ્રા, ૭ અહોરાત્ર પર્યંત પુનર્વસુ, ૧ અહોરાત્ર પર્યંત પુષ્ય નક્ષત્ર રહે છે. (૧૪ + ૮ + ૭ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે પોષ માસમાં સૂર્ય પોરસી પ્રમાણ પુરુષ છાયામાં ૨૪ અંગુલની વૃદ્ધિ કરતો પરિભ્રમણ કરે છે. તેથી તે માસના અંતિમ દિવસે પાદરેખાસ્થ અર્થાત્ ૧૨ અંગુલ = એક પાદ અનુસાર પૂરેપૂરા ચાર પાદ પ્રમાણ પોરસી છાયા હોય છે.

**૭ ता हेमंताणं ततियं मासं कइ णक्खत्ता णेंति ? ता तिण्णि णक्खत्ता णेंति, तं जहा– पुस्सो, अस्सेसा, मघा । पुस्सो चोद्दस अहोरत्ते णेइ, अस्सेसा पंचदस अहोरत्ते णेइ, मघा एगं अहोरत्तं णेइ ।**

**तंसि च णं मासंसि वीसंगुलाए पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे तिण्णि पादाइं अट्ठंगुलाइं पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હેમંત ઋતુના ત્રીજા માઘ(મહા) માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે? **ઉત્તર–** મહામાસને (૧) પુષ્ય, (૨) અશ્લેષા (૩) મઘા, આ ત્રણ નક્ષત્ર પરિવહન કરે છે. મહા માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત પુષ્ય, ૧૫ અહોરાત્ર પર્યંત અશ્લેષા, ૧ અહોરાત્ર પર્યંત મઘા નક્ષત્ર રહે છે.(૧૪ + ૧૫ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે મહામાસમાં સૂર્ય (ચાર પાદરૂપ ઉપરોક્ત છાયામાં ચાર અંગુલ હાનિ કરતો અને પૂર્વોક્ત પુરુષ પોરસી પ્રમાણ–બે પાદ રૂપ છાયામાં) ૨૦ અંગુલની વૃદ્ધિ કરતો પરિભ્રમણ કરે છે. તે માસના અંતિમ દિવસે ત્રણ પાદ, આઠ અંગુલ પ્રમાણ પોરસી છાયા હોય છે.

**૮ ता हेमंताणं चउत्थं मासं कइ णक्खत्ता णेंति ? ता तिण्णि णक्खत्ता णेंति, तं जहा– मघा, पुव्वाफग्गुणी, उत्तराफग्गुणी । मघा चोद्दस अहोरत्ते णेइ,**

**पुव्वाफग्गुणी पण्णरस अहोरत्ते णेइ, उत्तराफग्गुणी एगं अहोरत्तं णेइ ।**

**तंसि च णं मासंसि सोलसं अंगुलाइं पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे तिण्णि पादाइं चत्तारि अंगुलाइं पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હેમંતઋતુના ચોથા ફાલ્ગુન માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે ? **ઉત્તર–** ફાલ્ગુન માસને (૧) મઘા (૨) પૂર્વાફાલ્ગુની (૩) ઉત્તરાફાલ્ગુની, આ ત્રણ નક્ષત્ર પરિવહન કરે છે. ફાલ્ગુન(ફાગણ) માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત મઘા, ૧૫ અહોરાત્ર પર્યંત પૂર્વાફાલ્ગુની અને ૧ અહોરાત્ર પર્યંત ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર રહે છે. (૧૪ + ૧૫ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે ફાલ્ગુન માસમાં સૂર્ય પુરુષ પ્રમાણ(બે પાદરૂપ) પોરસી છાયામાં ૧૬ અંગુલની વૃદ્ધિ કરતો પરિભ્રમણ કરે છે. તે માસના અંતિમ દિવસે ત્રણ પાદ અને ચાર અંગુલ પ્રમાણ પોરસી છાયા હોય છે.

**९ ता गिम्हाणं पढमं मासं कइ णक्खत्ता णेंति ? ता तिण्णि णक्खत्ता णेंति, तं जहा– उत्तराफग्गुणी, हत्थो, चित्ता । उत्तराफग्गुणी चोद्दस अहोरत्ते णेइ, हत्थो पण्णरस अहोरत्ते णेइ, चित्ता एगं अहोरत्तं णेइ ।**

**तंसि णं मासंसि दुवालसंगुलपोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे लेहत्थाइं तिण्णि पादाइं पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ગ્રીષ્મ ઋતુના પ્રથમ ચૈત્ર માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે ? **ઉત્તર–** ચૈત્ર માસને (૧) ઉત્તરાફાલ્ગુની (૨) હસ્ત (૩) ચિત્રા, આ ત્રણ નક્ષત્ર પરિવહન કરે છે. ચૈત્રમાસમાં ૧૪ અહોરાત્ર પર્યંત ઉત્તરા ફાલ્ગુની, ૧૫ અહોરાત્ર પર્યંત હસ્ત અને ૧ અહોરાત્ર પર્યંત ચિત્રા નક્ષત્ર રહે છે. (૧૪ + ૧૫ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે ચૈત્રમાસમાં સૂર્ય પુરુષ પ્રમાણ(બે પાદરૂપ) પોરસી છાયામાં ૧૨ અંગુલની વૃદ્ધિ કરતો પરિભ્રમણ કરે છે, તેથી તે માસના અંતિમ દિવસે પાદ રેખાસ્થ અર્થાત્ ૧૨ અંગુલ પ્રમાણ એક પાદ અનુસાર પૂરેપૂરા ત્રણ પગ પ્રમાણ પોરસી છાયા હોય છે.

**१० ता गिम्हाणं बितियं मासं कइ णक्खत्ता णेंति ? ता तिण्णि णक्खत्ता णेंति, तं जहा– चित्ता, साई, विसाहा । चित्ता चोद्दस अहोरत्ते णेइ, साई पण्णरस अहोरत्ते णेइ, विसाहा एगं अहोरत्ते णेइ ।**

**तंसि च णं मासंसि अट्ठंगुलाए पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे दो पादाइं अट्ठ अंगुलाइं पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ગ્રીષ્મ ઋતુના બીજા વૈશાખ માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે ? **ઉત્તર–** વૈશાખ માસને (૧) ચિત્રા (૨) સ્વાતિ (૩) વિશાખા, આ ત્રણ નક્ષત્ર પરિવહન કરે છે. વૈશાખ માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત ચિત્રા, ૧૫ અહોરાત્ર પર્યંત સ્વાતિ, ૧ અહોરાત્ર પર્યંત વિશાખા નક્ષત્ર રહે છે. (૧૪ + ૧૫ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે વૈશાખ માસમાં સૂર્ય પુરુષ પ્રમાણ(બે પાદરૂપ) પોરસી છાયામાં ૮ અંગુલની વૃદ્ધિ કરતો પરિભ્રમણ કરે છે. તે માસના અંતિમ દિવસે બે પાદ આઠ અંગુલ પ્રમાણ પોરસી હોય છે.

**११ ता गिम्हाणं ततियं मासं कइ णक्खत्ता णेंति ? ता चत्तारि णक्खत्ता णेंति, तं जहा– विसाहा, अणुराहा, जेट्ठामूलो । विसाहा चोद्दस अहोरत्ते णेइ, अणुराहा अट्ठ अहोरत्ते णेइ, जेट्ठा सत्त अहोरते णेइ, मूलो एगं अहोरत्तं णेइ ।**

**तंसि च णं मासंसि चउरंगुलाए पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे दो पादाइं य चत्तारि अंगुलाइं पोरिसी भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ગ્રીષ્મ ઋતુના ત્રીજા જ્યેષ્ઠ માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે ? **ઉત્તર–** જ્યેષ્ઠ(જેઠ) માસને (૧) વિશાખા (૨) અનુરાધા (૩) જ્યેષ્ઠા (૪) મૂલ, આ ચાર નક્ષત્ર પરિવહન કરે છે. જ્યેષ્ઠ માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત વિશાખા, ૮ અહોરાત્ર પર્યંત અનુરાધા, ૭ અહોરાત્ર પર્યંત જ્યેષ્ઠા અને ૧ અહોરાત્ર પર્યંત મૂલ નક્ષત્ર રહે છે.(૧૪ + ૮ + ૭ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે જ્યેષ્ઠ(જેઠ) માસમાં સૂર્ય પુરુષ પ્રમાણ(બે પાદરૂપ) પોરસી છાયામાં ૪ અંગુલની વૃદ્ધિ કરતો પરિભ્રમણ કરે છે. તે માસના અંતિમ દિવસે બે પાદ અને ચાર અંગુલ પ્રમાણ પોરસી હોય છે.

**१२ ता गिम्हाणं चउत्थं मासं कइ णक्खत्ता णेंति ? ता तिण्णि णक्खत्ता णेंति, तं जहा– मूलो, पुव्वासाढा, उत्तरासाढा । मूलो चोद्दस अहोरत्ते णेइ, पुव्वासाढा पण्णरस अहोरत्ते णेइ, उत्तरासाढा एगं अहोरत्तं णेइ ।**

**तंसि च णं मासंसि वट्टाए समचउरंससंठियाए णग्गोहपरिमंडलाए सकायमणुरंगिणीए छायाए सूरिए अणुपरियट्टइ, तस्स णं मासस्स चरिमे दिवसे लेहत्थाइं दो पादाइं पोरसीए भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ગ્રીષ્મ ઋતુના ચોથા અષાઢ માસને કેટલા નક્ષત્ર પરિવહન કરે છે ? **ઉત્તર–** અષાઢ માસને (૧) મૂલ (૨) પૂર્વાષાઢા (૩) ઉત્તરાષાઢા આ ત્રણ નક્ષત્ર પરિવહન કરે છે. અષાઢ માસમાં ૧૪ અહોરાત્ર પર્યંત મૂળ નક્ષત્ર, ૧૫ અહોરાત્ર પર્યંત પૂર્વાષાઢા નક્ષત્ર, ૧ અહોરાત્ર પર્યંત ઉત્તરાષાઢા નક્ષત્ર રહે છે. (૧૪ + ૧૫ + ૧ = ૩૦ અહોરાત્ર).

તે અષાઢ માસમાં સૂર્ય ગોળ વસ્તુ, સમચતુરસ્ર કે ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાનવાળી વસ્તુની છાયામાં વૃદ્ધિ-હાનિ રહિત પોતાની કાયા સમ એટલે પ્રકાશ્ય વસ્તુને અનુરૂપ છાયાને કરતો પરિભ્રમણ કરે છે. તે તે માસના અંતિમ દિવસે પોરસી છાયા પૂરેપૂરા બે પાદ પ્રમાણ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં માસના પરિવહન કરનારા નક્ષત્ર અને પોરસી છાયા પ્રમાણનું વર્ણન છે.

તેમાં એક વર્ષની ૩ ઋતુ, પ્રત્યેક ઋતુના ૪-૪ મહિના, એમ કુલ ૧૨ મહિનાના પ્રત્યેક માસના નક્ષત્રોની સંખ્યા અને તે નક્ષત્રોની તે માસમાં રહેવાની કાળમર્યાદા પ્રગટ કરી છે.

**મહિનાના નક્ષત્રો, સ્થિતિકાળ અને પોરસી છાયા પ્રમાણ :–**

| મહિનાનું નામ | મહિનામાં નક્ષત્ર સંખ્યા | મહિનામાં નક્ષત્રોની સ્થિતિ અહોરાત્ર | મહિનાના અંતિમ દિવસે પોરસી છાયા પ્રમાણ |
|---|---|---|---|
| (૧) શ્રાવણ | ઉત્તરાષાઢા<br>અભિજિત<br>શ્રવણ<br>ધનિષ્ઠા | ૧૪ અહોરાત્ર<br>૭ અહોરાત્ર<br>૮ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૨ પાદ અને ૪ અંગુલ |
| (૨) ભાદ્રપદ | ધનિષ્ઠા<br>શતભિષક્<br>પૂર્વાભાદ્રપદા<br>ઉત્તરાભાદ્રપદા | ૧૪ અહોરાત્ર<br>૭ અહોરાત્ર<br>૮ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૨ પાદ અને ૮ અંગુલ |
| (૩) આસો | ઉત્તરાભાદ્રપદા<br>રેવતી<br>અશ્વિની | ૧૪ અહોરાત્ર<br>૧૫ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૩ પાદ |
| (૪) કારતક | અશ્વિની<br>ભરણી<br>કૃતિકા | ૧૪ અહોરાત્ર<br>૧૫ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૩ પાદ ૪ અંગુલ |
| (૫) માગસર | કૃતિકા<br>રોહિણી<br>મૃગશીર્ષ | ૧૪ અહોરાત્ર<br>૧૫ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૩ પાદ ૮ અંગુલ |
| (૬) પોષ | મૃગશીર્ષ<br>આર્દ્રા<br>પુનર્વસુ<br>પુષ્ય | ૧૪ અહોરાત્ર<br>૮ અહોરાત્ર<br>૭ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૪ પાદ |
| (૭) મહા | પુષ્ય<br>અશ્લેષા<br>મઘા | ૧૪ અહોરાત્ર<br>૧૫ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૩ પાદ ૮ અંગુલ |
| (૮) ફાગણ | મઘા<br>પૂર્વાફાલ્ગુની<br>ઉત્તરાફાલ્ગુની | ૧૪ અહોરાત્ર<br>૧૫ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૩ પાદ ૪ અંગુલ |
| (૯) ચૈત્ર | ઉત્તરાફાલ્ગુની<br>હસ્ત<br>ચિત્રા | ૧૪ અહોરાત્ર<br>૧૫ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૩ પાદ |

| મહિનાનું નામ | મહિનામાં નક્ષત્ર સંખ્યા | મહિનામાં નક્ષત્રોની સ્થિતિ અહોરાત્ર | મહિનાના અંતિમ દિવસે પોરસી છાયા પ્રમાણ |
|---|---|---|---|
| (૧૦) વૈશાખ | ચિત્રા<br>સ્વાતિ<br>વિશાખા | ૧૪ અહોરાત્ર<br>૧૫ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૨ પાદ ૮ અંગુલ |
| (૧૧) જેઠ | વિશાખા<br>અનુરાધા<br>જ્યેષ્ઠા<br>મૂલ | ૧૪ અહોરાત્ર<br>૮ અહોરાત્ર<br>૭ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૨ પાદ ૪ અંગુલ |
| (૧૨) અષાઢ | મૂલ<br>પૂર્વાષાઢા<br>ઉત્તરાષાઢા | ૧૪ અહોરાત્ર<br>૧૫ અહોરાત્ર<br>૧ અહોરાત્ર | ૨ પાદ પ્રમાણ |

પ્રત્યેક મહિનામાં ૧ અહોરાત્રના ધનિષ્ઠાદિ નક્ષત્રો માસ સમાપન્નક નક્ષત્રો છે. આ નક્ષત્રો એક જ દિવસ પૂર્ણિમાની રાત્રિ પર્યંત હોય છે. શ્રાવણ, ભાદ્રપદ, પોષ અને જેઠ, આ ચાર મહિનામાં કુલોપકુલ નક્ષત્ર હોય છે, તે ચાર મહિનામાં ચાર-ચાર નક્ષત્રો રાત્રિને વહન કરે છે અને શેષ આઠ મહિનામાં ત્રણ-ત્રણ નક્ષત્રો રાત્રિને વહન કરે છે.

પ્રત્યેક મહિનાનું કુલ નક્ષત્ર તે મહિનાની ૧ અહોરાત્રને વહન કરે છે અને પછીના મહિનાના પ્રારંભના ૧૪ અહોરાત્રને વહન કરે છે. તે મહિનાના ૩૦-૧૪ = શેષ ૧૬ અહોરાત્રમાંથી એક અંતિમ અહોરાત્રને કુલ સંજ્ઞક નક્ષત્ર વહન કરે છે, શેષ રહેલા ૧૫ અહોરાત્રમાં જો તે મહિનામાં ઉપકુલ, કુલોપકુલ બંને નક્ષત્ર હોય તો ક્રમશઃ ૮ અને ૭ અહોરાત્રને વહન કરે છે અને માત્ર ઉપકુલ નક્ષત્ર જ હોય, તો તે ૧૫ અહોરાત્રને વહન કરે છે.

**पोरसीए छायाए :–** પૌરુષી કે પોરસી છાયા. અહીં 'પુરુષ' શબ્દથી શંકુ-ખીલો અથવા પુરુષનું શરીર ગ્રહણ કરવામાં આવે છે. તે પુરુષના આધારે જે છાયા કે પડછાયો નિષ્પન્ન થાય તેને પૌરુષી કે પોરસી છાયા કહે છે.

સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર હોય ત્યારે કોઈપણ વસ્તુની છાયા તે વસ્તુ જેવડી જ હોય છે. તત્પશ્ચાત્ પ્રતિદિન તે છાયા વૃદ્ધિ પામે છે અને સૂર્ય સર્વ બાહ્ય મંડળ ઉપર હોય ત્યારે છાયા વસ્તુ પ્રમાણ કરતાં બમણી હોય છે. ત્યારપછી પ્રતિદિન છાયા ઘટતા ઘટતા ઉત્તરાયણના અંતિમ દિવસે દિને પુનઃ તે છાયા વસ્તુના પ્રમાણ જેવડી થાય છે.

પ્રત્યેક વસ્તુના પોત-પોતાના પ્રમાણના ૧૮૩મા ભાગ પ્રમાણ છાયાની વૃદ્ધિ–હાનિ થાય છે. જેમ કે ૨૪ અંગુલનો શંકુ-ખીલાની છાયા અથવા ૨૪ અંગુલ પ્રમાણ ઢીંચણ સુધીના પગની પૌરુષી છાયા- કર્ક સંક્રાંતિના દિવસે ૨૪ અંગુલના ખીલાની છાયા ૨૪ અંગુલ પ્રમાણ જ હોય છે.

ત્યારપછી પ્રતિદિન $\frac{૨૪}{૧૮૩}$ ભાગ વૃદ્ધિ પામે છે. તેમાં ત્રણથી છેદ ઉડાડતા $\frac{૮}{૬૧}$ ભાગ આવે છે. પ્રતિદિન $\frac{૮}{૬૧}$ અંગુલ પ્રમાણ છાયા વૃદ્ધિ પામે છે અને સાધિક સાડા સાત દિવસે છાયા ૧ અંગુલની વૃદ્ધિ પામે છે

અર્થાત્ શ્રાવણ વદી આઠમના દિવસે તે ખીલાની છાયા ૨૫ અંગુલ પ્રમાણવાળી થાય છે. પંદર દિવસે તેમાં બે અંગુલની વૃદ્ધિ થાય છે અને મહિનાના અંતે-અંતિમ દિવસે છાયા ચાર અંગુલ પ્રમાણ વૃદ્ધિ પામતા ૨૪ અંગુલ પ્રમાણ ઢીંચણ સુધીના પગની છાયા ૨૮ અંગુલ પ્રમાણ થાય છે. અહીં ૧૨ અંગુલનો ૧ પાદ છે, તેથી ૨ પાદ અને ચાર અંગુલની પૌરુષી છાયા છે, તેમ પણ કહી શકાય છે.

શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં ક્ષેત્ર પ્રમાણમાં અંગુલનું સ્વરૂપ દર્શાવેલ છે(ગુરુપ્રાણ આગમ બત્રીસીના અનુયોગદ્વાર સૂત્ર પેજ–૩૦૧) તે પ્રમાણે ૬ અંગુલ પ્રમાણ એક પાદ થાય છે, પરંતુ અહીં ૧૨ અંગુલનો એક પાદ ગણવાનો છે.

> **पादद्वितयमानश्च जानुः स्यात्पादमूलतः**
> **द्वादशांगुलमानोऽत्र पादो न तु षड्ंगुलः लोकप्रकाश सर्ग–२८ / गा. १०१३**

**ગાથાર્થ :–** પગને પગના મૂળભાગથી માપવામાં આવે, તો જાનુ(ઘૂંટણ) સુધીના પગનું પ્રમાણ બે પાદ થાય છે અહીં એક પાદના બાર અંગુલ જાણવા, છ અંગુલ નહીં.

**પૌરુષી છાયા હાનિ–વૃદ્ધિ ધ્રુવાંક :–** પ્રત્યેક વસ્તુની છાયા પ્રતિદિન તે વસ્તુના પ્રમાણના ૧૮૩મા અંશ પ્રમાણ વૃદ્ધિ અને હાનિને પામે છે. સર્વાભ્યંતર મંડળે સૂર્ય હોય ત્યારે ૨૪ અંગુલ પ્રમાણ વસ્તુની છાયા ૨૪ અંગુલની હોય છે તે વૃદ્ધિ પામતા ૧૮૩ દિવસે ૪૮ અંગુલની હોય છે. આ રીતે ૧૮૩ દિવસે ૨૪ અંગુલની વૃદ્ધિ થાય, તો એક દિવસે કેટલી વૃદ્ધિ થાય ? આ રીતે ત્રિરાશિ મૂકતા $\frac{૨૪}{૧} \times \frac{૧}{૧૮૩} = \frac{૨૪}{૧૮૩}$ પ્રાપ્ત થાય, તેનો ત્રણથી છેદ ઉડાડતાં $\frac{૮}{૬૧}$ પ્રાપ્ત થાય છે.

આ રીતે પ્રતિદિન $\frac{૮}{૬૧}$ અંગુલની વૃદ્ધિ થતાં સાધિક ૭ $\frac{૫}{૮}$ દિવસે છાયા ૧ અંગુલ વધી જાય છે. પ્રત્યેક માસે ૪ અંગુલની વૃદ્ધિ–હાનિ થાય છે.

આષાઢી પૂનમના ૨૪ અંગુલની વસ્તુની છાયા દિવસનો ચોથા ભાગ વ્યતીત થાય કે ચોથો ભાગ શેષ હોય ત્યારે ૨૪ અંગુલ પ્રમાણ હોય છે. નવમા પ્રાભૃતમાં કહ્યું છે તે રીતે તે દિવસના ત્રીજા ભાગે ૧૨ અંગુલની છાયા હોય છે અને દિવસના પાંચમા ભાગે ૩૬ અંગુલ પ્રમાણ છાયા હોય છે.

દક્ષિણાયનમાં એક માસ પછી છાયા ચાર અંગુલ વૃદ્ધિ પામે છે અર્થાત્ શ્રાવણ સુદ પુનમના દિવસે ૨૮ અંગુલ પ્રમાણ છાયા હોય છે. નવમા પ્રાભૃતમાં કહ્યું છે તે અનુસાર તે દિવસે દિવસનો ચોથો ભાગ વ્યતીત થાય કે શેષ હોય ત્યારે ૨૮ અંગુલ પ્રમાણ છાયા હોય છે, દિવસનો ત્રીજો ભાગ વ્યતીત થાય ત્યારે ૨૮ અંગુલ કરતાં અર્ધી એટલે ૧૪ અંગુલ પ્રમાણ છાયા હોય અને દિવસનો પાંચમો ભાગ વ્યતીત થાય ત્યારે દોઢ ગુણી એટલે ૪૨ અંગુલ પ્રમાણ છાયા હોય છે અને દિવસનો છઠ્ઠો ભાગ વ્યતીત થાય ત્યારે બમણી અર્થાત્ ૫૬ અંગુલની છાયા હોય છે.

અહીંમાં છાયાનું જે માપ દર્શાવેલ છે તે, તે માસના અંતિમ દિવસે દિવસના ચોથા ભાગે હોય છે અને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી નવમા પ્રાભૃતમાં કહ્યું છે, તે પ્રમાણે છાયાનું માપ બદલાતું રહે છે.

**યુગના પર્વમાં તિથિની પોરસી છાયા જાણવાની વિધિ :–** જે યુગમાં જે પર્વ અને જે તિથિની પોરસી છાયા જાણવી હોય, તે યુગની આદિથી જેટલા પર્વ ગયા હોય તે અંકને ૧૫ થી ગુણવા. વિવક્ષિત તિથિથી જેટલી તિથિઓ વીતી ગઈ હોય તેટલી ઉમેરવી. ઉદાહરણ એક યુગના ૧૨૪ પર્વમાંથી ૮૫મા પર્વની પાંચમી તિથિના દિવસે કેટલા પાદની પોરસી હોય, તે જાણવું હોય તો, તેમાં ૮૪ પર્વ વ્યતીત થયા છે માટે

૮૪ને ૧૫થી ગુણતા(૮૪ × ૧૫ =) ૧,૨૬૦ થાય, તેમાં વિવક્ષિત પાંચ તિથિ ઉમેરતા(૧,૨૬૦ + ૫) = ૧,૨૬૫ થાય છે.

હવે એક અયનમાં ૧૮૩ મંડલ છે, તેમાં ચંદ્રની ૧૮૬ તિથિ થાય છે, તે ૧૮૬થી તે રકમને ભાગતા(૧,૨૬૫ ÷ ૧૮૬ =) ૬ $\frac{૧૪૯}{૧૮૬}$ થાય છે, આ પ્રાપ્ત સંખ્યામાં જે પૂર્ણાંક છે, તે અયન અને અપૂર્ણાંક છે, તે તિથિને સૂચિત કરે છે. ૬ $\frac{૧૪૯}{૧૮૬}$ માં પૂર્ણાંક છ છે, તે અયનને સૂચિત કરે છે કે છ અયન પૂર્ણ થયા છે અને સાતમું પ્રવર્ત્તે છે. અપૂર્ણાંક ૧૪૯ છે. આ અપૂર્ણાંક સંખ્યા જો વિષમ સંખ્યક હોય તો દક્ષિણાયન અને સમ સંખ્યક હોય તો ઉત્તરાયણ છે, તેમ સમજવું. ૧૪૯ વિષમ સંખ્યા (એકી રકમ) છે, તેથી દક્ષિણાયનનું ગ્રહણ થાય છે. આ રીતે ૮૫મા પર્વની પાંચમી તિથિના દિવસે ૭મું અયન–દક્ષિણાયન હોય છે તેમ સિદ્ધ થાય છે. દક્ષિણાયનમાં પુરુષ છાયા ૨ પાદથી ક્રમશઃ વૃદ્ધિ પામે છે અને ઉત્તરાયણમાં ચાર પાદની છાયામાંથી ક્રમશઃ છાયાની હાનિ થાય છે. પ્રત્યેક તિથિમાં $\frac{૪}{૩૧}$ ભાગની હાનિ-વૃદ્ધિ થાય છે માટે સાતમા અયનના ૧૪૯ દિવસને ૪ થી ગુણતા(૧૪૯ × ૪ =) ૫૯૬ થાય તેને ૩૧ થી ભાગતા (૫૯૬ ÷ ૩૧) = ૧૯ $\frac{૭}{૩૧}$ પ્રાપ્ત થાય છે. ૧૨ અંગુલનો એક પાદ છે માટે ૧૯ના પાદ કરતાં ૧ પાદ અને ૭ અંગુલ પ્રાપ્ત થાય છે. દક્ષિણાયનમાં ૨ પાદમાં વૃદ્ધિ થતી હોવાથી ૨ પાદમાં ૧ પાદ ઉમેરતા ૨ + ૧ = ૩ પાદ, ૭ $\frac{૭}{૩૧}$ અંગુલ અને થાય છે. ૮૫મા પર્વની પાંચમી તિથિના ૩ પાદ અને ૭ $\frac{૭}{૩૧}$ અંગુલની પોરસી છાયા હોય છે.

પ્રત્યેક અહોરાત્રે $\frac{૪}{૬૧}$ અંગુલની અને પ્રત્યેક તિથિએ $\frac{૪}{૩૧}$ અંગુલની હાનિ–વૃદ્ધિ થાય છે. એક સૂર્ય અયનમાં ૧૮૬ તિથિઓ હોય છે. ૧૮૬ તિથિમાં ૨૪ અંગુલની વૃદ્ધિ થાય તો એક તિથિએ કેટલી વૃદ્ધિ થાય? આ ત્રિરાશિમાં $\frac{૨૪}{૧} \times \frac{૧}{૧૮૬}$ નો છ થી છેદ ઉડાડતા $\frac{૪}{૩૧}$ અંગુલ પ્રાપ્ત થાય છે.

**છાયાનો આકાર :– यत् प्रकाश्यं वस्तु यत्संस्थानं भवति तस्य छायाऽपि तथा संस्थानोपजायते।** – વૃત્તિ. પ્રકાશ્ય વસ્તુનું જે સંસ્થાન આકાર હોય છે તેવું જ સંસ્થાન તેની છાયાનું હોય છે. વસ્તુનો જેવો આકાર હોય, તેવોજ આકાર તેની છાયાનો હોય છે. સૂત્રકારે **तयण्णं वट्टाए...** દ્વારા આ જ વાત રજૂ કરી છે કે વૃત્ત-ગોળ વસ્તુની છાયા ગોળ અને ચોરસ વસ્તુની છાયા ચોરસ હોય છે. ન્યગ્રોધ પરિમંડળ–વટના વૃક્ષની છાયા વટવૃક્ષ જેવી જ હોય છે. આ વાતને સૂત્રકારે **सकायमणुरंजियाए** પદ દ્વારા વધુ સ્પષ્ટ કરી છે. સકાય-સ્વશરીરને અનુરંજિત કરનારી અર્થાત્ તેના આકારવાળી(**अनुरज्यते- अनुकारं**) છાયાથી સૂર્ય તે વસ્તુને પ્રકાશિત કરે છે.

સૂત્રકારે અષાઢ માસના વર્ણનમાં આ વાત રજૂ કરી છે પણ સર્વ માસમાં છાયા વસ્તુના આકાર-વાળી હોય છે તેમ સમજવું. આ છાયાની લંબાઈમાં હાનિ-વૃદ્ધિ જરૂર થાય છે પણ તેનો આકાર પ્રકાશ્ય વસ્તુની સમાન જ હોય છે.

બંને અયનના ૧૮૩-૧૮૩ દિવસની પોરસી છાયાના પ્રમાણ માટે જુઓ પરિશિષ્ટ–૬.

**॥ પ્રાભૃત–૧૦/૧૦ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : અગિયારમું પ્રતિપ્રાભૃત

## ચંદ્રમાર્ગ–પ્રમર્દાદિયોગ

**દક્ષિણ–ઉત્તર પ્રમર્દ યોગી નક્ષત્રો :–**

**१ ता कहं ते चंदमग्गा आहिएति वएज्जा ? ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं– अत्थि णक्खत्ता जे णं सया चंदस्स दाहिणेणं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं सया चंदस्स उत्तरेणं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं चंदस्स दाहिणेणऽवि उत्तरेणऽवि पमद्दंपि जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं चंदस्स दाहिणेणऽवि पमद्दपि जोयं जोएंति, अत्थि णक्खत्ता जे णं सया चंदस्स पमद्दं जोयं जोएंति ।**

**ભાવાર્થ :–** ચંદ્રના માર્ગ કેવા છે અર્થાત્ નક્ષત્ર ચંદ્રના માર્ગ મંડળની કઈ દિશાથી યોગ કરે છે ? આ અઠ્યાવીસ નક્ષત્રોમાં (૧) કેટલાક નક્ષત્રો હંમેશાં ચંદ્ર સાથે દક્ષિણ દિશાથી એટલે દક્ષિણ દિશામાં રહીને યોગ કરે છે, (૨) કેટલાક નક્ષત્રો હંમેશાં ચંદ્ર સાથે ઉત્તર દિશાથી યોગ કરે છે, (૩) કેટલાક નક્ષત્રો હંમેશાં ચંદ્ર સાથે દક્ષિણ દિશાથી, ઉત્તર દિશાથી અને પ્રમર્દ–ઉપર નીચેથી યોગ કરે છે. (૪) કેટલાક નક્ષત્રો ચંદ્ર સાથે દક્ષિણ દિશાથી અને પ્રમર્દ–ઉપર નીચેથી યોગ કરે છે, (૫) કેટલાક નક્ષત્ર ચંદ્ર સાથે હંમેશાં પ્રમર્દ–ઉપર નીચેથી યોગ કરે છે.

**२ ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं– कयरे णक्खत्ता जे णं सया चंदस्स दाहिणेण जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं सया चंदस्स उत्तरेणं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं चंदस्स दाहिणेणऽवि उत्तरेणऽविं पमद्दं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं चंदस्स दाहिणेणऽवि पमद्दं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं चंदस्स सया पमद्दं जोयं जोएंति ?**

**ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं– तत्थ जे णं णक्खत्ता सया चंदस्स दाहिणेणं जोयं जोएंति ते णं छ, तं जहा– संठाणा, अद्दा, पुस्सो, अस्सेसा, हत्थो, मूलो ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं सया चंदस्स उत्तरेणं जोयं जोएंति ते णं बारस, तं जहा– अभिई, सवणो, धणिट्ठा, सतभिसया, पुव्वभद्दवया, उत्तरभद्दवया, रेवई, अस्सिणी, भरणी, पुव्वफग्गुणी, उत्तरफग्गुणी, साई ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं चंदस्स दाहिणेणऽवि उत्तरेणऽवि पमद्दं जोयं**

**जोएंति ते णं सत्त, तं जहा– कत्तिया, रोहिणी, पुणव्वसू, मघा, चित्ता, विसाहा, अणुराहा ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं चंदस्स दाहिणेणऽवि पमद्दं जोयं जोएंति, ताओ णं दो आसाढाओ सव्वबाहिरे मंडले जोयं जोएंसु वा, जोएंति वा जोएस्संति वा ।**

**तत्थ जे ते णक्खत्ते जे णं सया चंदस्स पमद्दं जोगं जोएइ, सा णं एगा, जेट्ठा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ૨૮ નક્ષત્રમાંથી (૧) કેટલા અને ક્યા નક્ષત્રો ચંદ્ર સાથે દક્ષિણ દિશાથી એટલે દક્ષિણ દિશામાં રહીને યોગ કરે છે ? (૨) કેટલા અને ક્યા નક્ષત્રો ચંદ્ર સાથે ઉત્તર દિશાથી યોગ કરે છે ? (૩) કેટલા અને ક્યા નક્ષત્રો ચંદ્ર સાથે દક્ષિણ દિશાથી, ઉત્તર દિશાથી અને પ્રમર્દ યોગ–ઉપર નીચેથી યોગ કરે છે ? (૪) કેટલા અને ક્યા નક્ષત્રો ચંદ્ર સાથે દક્ષિણ દિશાથી અને ઉપર-નીચેથી યોગ કરે છે ? (૫) કેટલા અને ક્યા નક્ષત્ર હંમેશાં પ્રમર્દ–ઉપર નીચેથી યોગ કરે છે ?

**ઉત્તર–** ૨૮ નક્ષત્રમાંથી– (૧) મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, અશ્લેષા, હસ્ત અને મૂલ, આ છ નક્ષત્રો ચંદ્ર સાથે દક્ષિણ દિશામાં રહીને યોગ કરે છે. આ છ નક્ષત્ર ચંદ્રના સર્વ બાહ્ય મંડળની બહારની બાજુએ હોય છે, તેથી તેનો દક્ષિણ દિશાથી જ ચંદ્ર સાથે યોગ થાય છે.

(૨) અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષક્, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, સ્વાતિ, આ ૧૨ નક્ષત્રો ચંદ્રની ઉત્તર દિશામાં રહીને ચંદ્ર સાથે યોગ કરે છે.

(૩) કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, અનુરાધા, આ સાત નક્ષત્રો ચંદ્ર સાથે દક્ષિણ દિશાથી, ઉત્તર દિશાથી અને પ્રમર્દયોગ, એમ ત્રણે પ્રકારે યોગ કરે છે.

(૪) બે આષાઢા(પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા) નક્ષત્ર ચંદ્ર સાથે દક્ષિણ દિશાથી અને પ્રમર્દ યોગ કરે છે. તે નક્ષત્રોએ સર્વબાહ્ય મંડળ પર યોગ કર્યો હતો, કરે છે અને કરશે.

(૫) એક જયેષ્ઠા નક્ષત્ર ચંદ્ર સાથે માત્ર એક પ્રમર્દ યોગ (ઉપર કે નીચે સીધાઈમાં રહીને જ સંબંધ) કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્ર સાથે નક્ષત્રો દક્ષિણ, ઉત્તર આદિ દિશામાં રહીને યોગ કરે છે, તેનું વર્ણન છે. ચંદ્ર મંડળની ઉપર-નીચે નક્ષત્રના આઠ મંડળ છે. નક્ષત્રોની પરિભ્રમણ ગતિ તીવ્ર છે અને ચંદ્રની પરિભ્રમણ ગતિ મંદ છે.

**યોગ :– योगं संबंधं ।** પોત-પોતાના પરિભ્રમણ માર્ગ પર ભ્રમણ કરતા ચંદ્ર અને નક્ષત્રો જેટલો સમય એક સાથે ગમન કરે, તેને યોગ કહે છે અર્થાત્ ચંદ્ર અને નક્ષત્રોના સહગમન રૂપ સંબંધને યોગ કહે છે.

**ચંદ્ર અને નક્ષત્રના યોગ :–** ચંદ્ર અને નક્ષત્રના પાંચ પ્રકારના યોગ–સંબંધ છે.

**(૧) દક્ષિણાભિમુખી યોગ :–** જે નક્ષત્રો ચંદ્રથી દક્ષિણ દિશામાં જ રહીને સાથે ચાલે છે તેવા નક્ષત્રોનો ચંદ્ર સાથે દક્ષિણાભિમુખી-દક્ષિણ દિશાથી યોગ થાય છે. સર્વ બાહ્ય મંડળવર્તી પ્રથમના ૬ નક્ષત્રોનો (પૂર્વાષાઢા, ઉત્તરાષાઢાને વર્જીને) યોગ ચંદ્રની દક્ષિણ દિશાથી જ થાય છે.

**(૨) ઉત્તરાભિમુખી યોગ :–** જે નક્ષત્રો ચંદ્રથી ઉત્તર દિશામાં જ રહીને સાથે ચાલે છે, તેવા નક્ષત્રોનો ચંદ્ર સાથે ઉત્તરાભિમુખી કે ઉત્તર દિશાથી યોગ થાય છે. સર્વાભ્યંતર મંડળવર્તી ૧૨ નક્ષત્રો ઉત્તરથી જ યોગ કરે છે.

**(૩) પ્રમર્દ યોગ :–** જે નક્ષત્રો ચંદ્રની ઉપર કે નીચે સીધાઈમાં રહીને જ સાથે ચાલે તેવા નક્ષત્રોનો ચંદ્ર સાથે પ્રમર્દ યોગ થાય છે. જ્યેષ્ઠા નક્ષત્રને ચંદ્ર સાથે હંમેશાં પ્રમર્દ યોગ જ થાય છે.

**(૪) ઉત્તર, દક્ષિણ, પ્રમર્દ આ ત્રણ પ્રકારના યોગ કરનાર નક્ષત્રો :–** મધ્યમંડળ એટલે બીજાથી સાતમા મંડળના આઠ નક્ષત્રોમાંથી જ્યેષ્ઠાને વર્જીને શેષ ૭ નક્ષત્રોનો ચંદ્ર સાથે ત્રણે પ્રકારે યોગ થાય છે. ચંદ્ર જ્યારે બહાર જતો હોય ત્યારે આ ૭ નક્ષત્રો સાથે ઉત્તર દિશાથી યોગ થાય છે. ચંદ્ર જ્યારે અંદર આવતો હોય ત્યારે દક્ષિણ દિશાથી યોગ થાય છે અને જ્યારે નક્ષત્ર વિમાનો ચંદ્ર વિમાનની ઉપર અથવા નીચે સીધાઈમાં આવીને સાથે ગમન કરતા હોય, ત્યારે પ્રમર્દ યોગ થાય છે.

**(૫) દક્ષિણ અને પ્રમર્દ, આ બે પ્રકારના યોગ કરનાર નક્ષત્રો :–** પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્રને ૪-૪ તારા છે. તેમાંથી તેના બે-બે તારા(વિમાન) આઠમા મંડળની અંદર અને બે-બે તારા બહાર છે. બહારના બે તારાની અપેક્ષાએ ચંદ્રનો યોગ દક્ષિણ દિશાથી થાય છે અને અંદરના બે તારાની અપેક્ષાએ ઉપર અથવા નીચે રહેવાથી પ્રમર્દ યોગ થાય છે.

**ઉત્તરાભિમુખી, દક્ષિણાભિમુખી, પ્રમર્દ યોગી નક્ષત્રો :–**

| | | | |
|---|---|---|---|
| ૧ | દક્ષિણાભિમુખી યોગ કરનારા નક્ષત્રો | ૬ | મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, હસ્ત અને મૂળ |
| ૨ | ઉત્તરાભિમુખી યોગ કરનારા નક્ષત્રો | ૧૨ | અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષક, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, સ્વાતિ |
| ૩ | દક્ષિણ, ઉત્તર અને પ્રમર્દ, આ ત્રણે પ્રકારનો યોગ કરનારા નક્ષત્રો | ૭ | કૃત્તિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, અને અનુરાધા. |
| ૪ | દક્ષિણ અને પ્રમર્દ યોગ, આ બે પ્રકારનો યોગ કરનારા નક્ષત્રો. | ૨ | પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા |
| ૫ | કેવળ પ્રમર્દ યોગ નક્ષત્ર | ૧ | જયેષ્ઠા |

**ચંદ્ર મંડળની સાથેના સૂર્ય–નક્ષત્ર મંડળો :–**

**३ ता कइ ते चंदमंडला पण्णत्ता ? ता पण्णरस्स चंदमंडला पण्णत्ता । ता एएसिं णं पण्णरसण्हं चंदमंडलाणं– अत्थि चंदमंडला जे णं सया णक्खत्तेहिं अविरहिया । अत्थि चंदमंडला जे णं सया णक्खत्तेहिं विरहिया । अत्थि चंदमंडला जे णं रवि-ससि-णक्खत्ताणं सामण्णा भवंति । अत्थि चंदमंडला जे णं सया आदिच्चेहिं विरहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચંદ્ર મંડળો કેટલા છે ? **ઉત્તર–** ચંદ્ર મંડળો પંદર છે. આ પંદર ચંદ્રમંડળોમાંથી કેટલાક ચંદ્રમંડળો હંમેશાં નક્ષત્રોથી અવિરહિત અર્થાત્ નક્ષત્રના યોગથી યુક્ત છે. કેટલાક ચંદ્રમંડળો હંમેશાં નક્ષત્રોથી વિરહિત અર્થાત્ નક્ષત્ર યોગથી રહિત છે. કેટલાક ચંદ્રમંડળો સૂર્ય-ચંદ્ર અને નક્ષત્રોના સામાન્ય છે અર્થાત્ કેટલાક ચંદ્ર મંડળની સીધી રેખાએ સૂર્યમંડળ અને નક્ષત્ર મંડળ છે. કેટલાક ચંદ્રમંડળો સદા સૂર્યોથી વિરહિત અર્થાત્ સૂર્યમંડળના યોગથી રહિત છે.

**૪ ता एएसिं णं पण्णरसण्हं चंदमंडलाणं– कयरे चंदमंडला जे णं सया णक्खत्तेहिं अविरहिया ? कयरे चंदमंडला जे णं सया णक्खत्तेहिं विरहिया ? कयरे चंदमंडला जे णं रवि-ससि-णक्खत्ताणं सामण्णा भवंति ? कयरे चंदमंडला जे णं सया आइच्चेहिं विरहिया ?**

**ता एएसिं णं पण्णरसण्हं चंदमंडलाणं– तत्थ जे ते चंदमंडला जे णं सया णक्खत्तेहिं अविरहिया ते णं अट्ठ, तंजहा– पढमे चंदमंडले, तइए चंदमंडले, छट्ठे चंदमंडले, सत्तमे चंदमंडले, अट्ठमे चंदमंडले, दसमे चंदमंडले, एक्कारसमे चंदमंडले, पण्णरसमे चंदमंडले,**

**तत्थ जे ते चंदमंडला जे णं सया णक्खत्तेहिं विरहिया ते णं सत्त, तंजहा– बिइए चंदमंडले, चउत्थे चंदमंडले, पंचमे चंदमंडले, णवमे चंदमंडले, बारसमे चंदमंडले, तेरसमे चंदमंडले, चउद्दसमे चंदमंडले,**

**तत्थ जे ते चंदमंडला जे णं रवि-ससि-णक्खत्ताणं सामण्णा भवंति ते णं चत्तारि, तं जहा– पढमे चंदमंडले, तइए चंदमंडले, इक्कारसमे चंदमंडले, पण्णरसमे चंदमंडले,**

**तत्थ जे ते चंदमंडला जे णं सया आइच्चेहिं विरहिया ते णं पंच, तंजहा– छट्ठे चंदमंडले, सत्तमे चंदमंडले, अट्ठमे चंदमंडले, णवमे चंदमंडले, दसमे चंदमंडले ।**

**ભાવાર્થ:– પ્રશ્ન–** આ પંદર ચંદ્રમંડળોમાંથી– (૧) કેટલા ચંદ્રમંડળો હંમેશાં નક્ષત્રોથી અવિરહિત(યુક્ત) છે ? (૨) કેટલા ચંદ્રમંડળો હંમેશાં નક્ષત્રોથી વિરહિત(રહિત) છે ? (૩) કેટલા ચંદ્રમંડળો સૂર્ય-ચંદ્ર અને નક્ષત્ર (ત્રણે)ના સાથે સામાન્ય છે ? (૪) કેટલા ચંદ્રમંડળો હંમેશાં સૂર્યોથી વિરહિત છે ?

**ઉત્તર–** (૧) આ પંદર ચંદ્રમંડળોમાંથી પ્રથમ ચંદ્રમંડળ, ત્રીજું ચંદ્રમંડળ, છઠ્ઠું ચંદ્રમંડળ, સાતમું ચંદ્રમંડળ, આઠમું ચંદ્રમંડળ, દસમું ચંદ્રમંડળ, અગિયારમું ચંદ્રમંડળ અને પંદરમું ચંદ્રમંડળ, આ આઠ ચંદ્ર- મંડળો સદા નક્ષત્રોથી યુક્ત હોય છે.

(૨) આ ચંદ્રમંડળોમાંથી, બીજું ચંદ્રમંડળ, ચોથું ચંદ્રમંડળ, પાંચમું ચંદ્રમંડળ, નવમું ચંદ્રમંડળ, બારમું ચંદ્રમંડળ, તેરમું ચંદ્રમંડળ અને ચૌદમું ચંદ્રમંડળ, આ સાત ચંદ્રમંડળો સદા નક્ષત્રોથી રહિત હોય છે.

(૩) આ ચંદ્રમંડળોમાંથી પ્રથમ ચંદ્રમંડળ, બીજું ચંદ્રમંડળ, અગિયારમું ચંદ્રમંડળ, પંદરમું ચંદ્રમંડળ, આ ચાર મંડળો સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રના સામાન્ય મંડળો છે અર્થાત્ આ મંડળોની ઉપર-નીચે સૂર્ય અને નક્ષત્રના મંડળ છે.

(૪) આ ચંદ્રમંડળોમાંથી છઠ્ઠું ચંદ્રમંડળ, સાતમું ચંદ્રમંડળ, આઠમું ચંદ્રમંડળ, નવમું ચંદ્રમંડળ અને દસમું ચંદ્રમંડળ, આ પાંચ ચંદ્રમંડળો સદા સૂર્યથી રહિત હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્ર-સૂર્ય નક્ષત્રના મંડળો–માર્ગનું કથન છે. જંબૂદ્વીપના ૧૮૦ યોજન અને લવણ સમુદ્રના ૩૩૦ યોજન, કુલ ૫૧૦ યોજનમાં સૂર્યના ૧૮૪, ચંદ્રના ૧૫ અને નક્ષત્રના ૮ મંડળ અર્થાત્ પરિભ્રમણના માર્ગ છે, તેથી ચંદ્ર, સૂર્ય કે નક્ષત્રના કેટલાક મંડળ સાથે(સામાન્ય) થઈ જાય છે અને મંડળ ની પહોળાઈ, મંડળ વચ્ચેનું અંતર ભિન્ન-ભિન્ન હોવાથી કેટલાક મંડળ એક-બીજાથી સ્વતંત્ર રહે છે.

**अविरहिया–** અવિરહ-વિરહ નથી. ચંદ્રના આઠ મંડળોમાં ચંદ્રને ક્યારેય નક્ષત્રોનો વિરહ હોતો નથી અર્થાત્ આઠ ચંદ્ર મંડળ અને નક્ષત્ર મંડળ સાથે છે.

**विरहिया–** વિરહ. સાત ચંદ્ર મંડળોમાં ચંદ્રને સદા નક્ષત્રોને વિરહ જ હોય છે અર્થાત્ ચંદ્રના સાત મંડળ સાથે નક્ષત્રના મંડળ નથી અને ચંદ્રના પાંચ મંડળ સાથે સૂર્ય મંડળ નથી.

**सामण्णा–** સામાન્ય. ચંદ્રના ચાર મંડળ સૂર્ય અને નક્ષત્ર બંને માટે સામાન્ય છે અર્થાત્ ચાર મંડળ ત્રણેના સાથે છે.

ચંદ્રના દસ મંડળ સાથે સૂર્યના દસ મંડળ છે અને ચંદ્રના પાંચ મંડળ સાથે સૂર્ય મંડળ નથી. પ્રથમ પાંચ ચંદ્રમંડળ સૂર્યથી યુક્ત છે, મધ્યના પાંચ ચંદ્ર મંડળ સૂર્યથી રહિત છે અને અંતિમ પાંચ મંડળ સૂર્યથી યુક્ત છે. બે ચંદ્ર મંડળ વચ્ચે સૂર્યના લગભગ ૧૨ કે ૧૩ મંડળો છે.

**ચંદ્ર-સૂર્યના સહમંડળ :–**

| સૂર્ય મંડળ | ચંદ્ર મંડળ | સૂર્ય મંડળ | ચંદ્ર મંડળ | સૂર્ય મંડળ | ચંદ્ર મંડળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૬૬/૬૭ વચ્ચે | ૬ | ૧૩૨ | ૧૧ |
| ૧૪ | ૨ | ૭૯/૮૦ વચ્ચે | ૭ | ૧૪૫ | ૧૨ |
| ૨૭ | ૩ | ૯૧/૯૨ વચ્ચે | ૮ | ૧૫૮ | ૧૩ |
| ૪૦ | ૪ | ૧૦૫/૧૦૬ વચ્ચે | ૯ | ૧૭૧ | ૧૪ |
| ૫૩ | ૫ | ૧૧૮/૧૧૯ વચ્ચે | ૧૦ | ૧૮૪ | ૧૫ |

**આઠ નક્ષત્ર મંડળ :–** પ્રથમ નક્ષત્ર મંડળ અને પ્રથમ ચંદ્ર મંડળ સાથે છે. આ પ્રથમ નક્ષત્ર મંડળ ઉપર ૧. અભિજિત ૨. શ્રવણ ૩. ધનિષ્ઠા ૪. શતભિષક્ ૫. પૂર્વાભાદ્રપદા ૬. ઉત્તરાભાદ્રપદા ૭. રેવતી ૮. અશ્વિની ૯. ભરણી ૧૦. પૂર્વાફાલ્ગુની ૧૧. ઉત્તરાફાલ્ગુની ૧૨. સ્વાતિ, આ બાર નક્ષત્રો પરિભ્રમણ કરે છે.

ચંદ્રનું ત્રીજું મંડળ અને નક્ષત્રનું બીજું મંડળ સાથે છે. આ મંડળ ઉપર (૧) પુનર્વસુ અને (૨) મઘા, આ બે નક્ષત્ર પરિભ્રમણ કરે છે.

ચંદ્રનું છઠ્ઠું મંડળ અને નક્ષત્રનું ત્રીજું મંડળ સાથે છે. આ મંડળ ઉપર એક કૃત્તિકા નક્ષત્ર પરિભ્રમણ કરે છે.

ચંદ્રનું સાતમું મંડળ નક્ષત્રનું ચોથું મંડળ સાથે છે. આ મંડળ ઉપર (૧) રોહિણી અને (૨) ચિત્રા, આ બે નક્ષત્રો પરિભ્રમણ કરે છે.

ચંદ્રનું આઠમું મંડળ અને નક્ષત્રનું પાંચમું મંડળ સાથે છે. આ મંડળ ઉપર એક વિશાખા નક્ષત્ર પરિભ્રમણ કરે છે.

ચંદ્રનું દસમું મંડળ અને નક્ષત્રનું છઠ્ઠું મંડળ સાથે છે. આ મંડળ ઉપર એક અનુરાધા નક્ષત્ર પરિભ્રમણ કરે છે.


ચંદ્રનું અગિયારમું મંડળ અને નક્ષત્રનું સાતમું મંડળ સાથે સાથે છે. આ મંડળ ઉપર એક જયેષ્ઠા નક્ષત્ર પરિભ્રમણ કરે છે.

ચંદ્રનું પંદરમું મંડળ અને નક્ષત્રનું આઠમું મંડળ સાથે સાથે છે. આ મંડળ ઉપર (૧) મૃગશીર્ષ (૨) આર્દ્રા (૩) પુષ્ય (૪) અશ્લેષા (૫) હસ્ત (૬) મૂળ (૭) પૂર્વાષાઢા અને (૮) ઉત્તરાષાઢા. આ આઠ નક્ષત્રો પરિભ્રમણ કરે છે.

આપણી આ પૃથ્વીથી ૮૦૦ યોજન ઊંચે સૂર્ય મંડળ, ૮૮૦ યોજન ઊંચે ચંદ્ર મંડળ છે અને ચંદ્ર-સૂર્ય મંડળોની ઉપર-નીચે ગમે ત્યાં નક્ષત્ર મંડળો છે. ક્યું નક્ષત્ર મંડળ ક્યા છે ? તેનો સ્પષ્ટ ઉલ્લેખ આગમોમાં જોવા મળતો નથી. ગ્રંથકારો ચંદ્રમંડળથી ચાર યોજન ઊંચે અર્થાત્ આપણી પૃથ્વીથી ૮૮૪ યોજન ઊંચે નક્ષત્ર મંડળ છે, તેવું કથન કરે છે.

પ્રસ્તુત આગમના ૧૨માં પ્રાભૃતના ૨૬મા સૂત્રમાં ૧૦ પ્રકારના યોગમાં છત્રાતિછત્ર નામના યોગ વર્ણનમાં **उप्पिं चंदे, मज्झे णक्खत्ते हेट्ठा आइच्चे...ता चिताहिं ।** આ યોગમાં ઉપર ચંદ્ર, મધ્યમા નક્ષત્ર, નીચે સૂર્ય હોય છે. ચિત્રા નક્ષત્ર ચોથા નક્ષત્ર મંડળ ઉપર છે. આ ઉપરથી નિશ્ચિત થાય છે કે ચોથું નક્ષત્ર મંડળ ચંદ્ર મંડળની નીચે અને સૂર્યમંડળની ઉપર છે. તેથી આકૃતિમાં ચોથું નક્ષત્ર ચંદ્રમંડળની નીચે બતાવ્યું છે.

**ચંદ્રમંડલમાં સમાવિષ્ટ નક્ષત્ર મંડલાદિ :–**




### ચંદ્ર મંડળ અને નક્ષત્ર મંડળ ઉપર નક્ષત્રો :–

| નક્ષત્ર | નક્ષત્ર મંડળ | ચંદ્ર મંડળ | નક્ષત્ર | નક્ષત્ર મંડળ | ચંદ્ર મંડળ | નક્ષત્ર | નક્ષત્ર મંડળ | ચંદ્ર મંડળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. અભિજિત | ૧ | ૧ | ૯. ભરણી | ૧ | ૧ | ૧૮. પૂર્વા ફાલ્ગુની | ૧ | ૧ |
| ૨. શ્રવણ | ૧ | ૧ | ૧૦. કૃત્તિકા | ૩ | ૬ | ૧૯. ઉત્તરા ફાલ્ગુની | ૧ | ૧ |
| ૩. ધનિષ્ઠા | ૧ | ૧ | ૧૧. રોહિણી | ૪ | ૭ | ૨૦. હસ્ત | ૮ | ૧૫ |
| ૪. શતભિષક્ | ૧ | ૧ | ૧૨. મૃગશીર્ષ | ૮ | ૧૫ | ૨૧. ચિત્રા | ૪ | ૭ |
| ૫. પૂર્વાભાદ્રપદા | ૧ | ૧ | ૧૩. આર્દ્રા | ૮ | ૧૫ | ૨૨. સ્વાતિ | ૧ | ૧ |
| ૬. ઉત્તરાભાદ્રપદા | ૧ | ૧ | ૧૪. પુનર્વસુ | ૨ | ૩ | ૨૩. વિશાખા | ૫ | ૮ |
| ૭. રેવતી | ૧ | ૧ | ૧૫.પુષ્ય | ૮ | ૧૫ | ૨૪. અનુરાધા | ૬ | ૧૦ |
| ૮. અશ્વિની | ૧ | ૧ | ૧૬. અશ્લેષા | ૮ | ૧૫ | ૨૫. જ્યેષ્ઠા | ૭ | ૧૧ |
| | | | ૧૭. મઘા | ૨ | ૩ | ૨૬. મૂળ | ૮ | ૧૫ |
| | | | | | | ૨૭. પૂર્વાષાઢા | ૮ | ૧૫ |
| | | | | | | ૨૮. ઉત્તરાષાઢા | ૮ | ૧૫ |

### ચંદ્ર, સૂર્ય, નક્ષત્રોના સામાન્ય–અસામાન્ય મંડળ :–

| ચંદ્ર મંડળ | સૂર્ય મંડળ | નક્ષત્ર મંડળ |
|---|---|---|
| પ્રથમ | પ્રથમ | પ્રથમ (આ મંડળ ઉપર બાર નક્ષત્ર) |
| બીજું | ચૌદમું | – |
| ત્રીજું | સત્તાવીસમું | બીજું (આ મંડળ ઉપર બે નક્ષત્ર) |
| ચોથું | ચાલીસમું | – |
| પાંચમું | ત્રેપનમું | – |
| છઠ્ઠું | – | ત્રીજું (આ મંડળ ઉપર ૧ નક્ષત્ર) |
| સાતમું | – | ચોથું (આ મંડળ ઉપર ૨ નક્ષત્ર) |
| આઠમું | – | પાંચમું (આ મંડળ ઉપર ૧ નક્ષત્ર) |
| નવમું | – | – |
| દસમું | – | છઠ્ઠું (આ મંડળ ઉપર ૧ નક્ષત્ર) |
| અગિયારમું | એક સો બત્રીસમું | સાતમું (આ મંડળ ઉપર ૧ નક્ષત્ર) |
| બારમું | એક સો પીસ્તાલીસમું, | – |
| તેરમું | એક સો અઠ્ઠાવનમું | – |
| ચૌદમું | એક સો એકોતેરમું | – |
| પંદરમું | એક સો ચોરાસીમું | આઠમું (આ મંડળ ઉપર ૮ નક્ષત્ર) |

**ચંદ્ર–સૂર્ય–નક્ષત્રના સામાન્ય–અસામાન્ય મંડળો :–**




## ॥ પ્રાભૃત–૧૦/૧૧ સંપૂર્ણ ॥

# દસમું પ્રાભૃત : બારમું પ્રતિપ્રાભૃત

## નક્ષત્રના સ્વામીદેવ

**નક્ષત્રોના સ્વામીદેવ :–**

**१ ता कहं ते णक्खत्ताणं देवया आहिएति वएज्जा ? ता एएणं अट्ठावीसाए णक्खत्ताणं– अभीई णक्खत्ते किं देवयाए पण्णत्ते ? ता बंभदेवयाए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નક્ષત્રોના સ્વામી દેવ કોણ છે ? આ અઠયાવીસ નક્ષત્રોમાં અભિજિત નક્ષત્રના સ્વામી દેવ કોણ છે ? **ઉત્તર–** અભિજિત નક્ષત્રના સ્વામી બ્રહ્મ દેવ છે.

**२ ता सवणे णक्खत्ते किंदेवयाए पण्णत्ते ? विण्हुदेवयाए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શ્રવણ નક્ષત્રના સ્વામી દેવ કોણ છે ? **ઉત્તર–** શ્રવણ નક્ષત્રના સ્વામી વિષ્ણુ દેવ છે.

**३ ता धणिट्ठा णक्खत्ते किं देवयाए पण्णत्ते ? ता वसुदेवयाए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ધનિષ્ઠા નક્ષત્રના સ્વામી દેવ કોણ છે ? **ઉત્તર–** ધનિષ્ઠા નક્ષત્રના સ્વામી વસુ દેવ છે.

**४ ता सयभिसया णक्खत्ते किं देवयाए पण्णत्ते ? ता वरुणदेवयाए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શતભિષક્ નક્ષત્રના સ્વામી દેવ કોણ છે ? **ઉત્તર–** શતભિષક્ નક્ષત્રના સ્વામી વરુણ દેવ છે.

**५ ता पुव्वपोट्ठवया णक्खत्ते किं देवयाए पण्णत्ते ? ता अजदेवयाए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્વાભાદ્રપદા નક્ષત્રના સ્વામી દેવ કોણ છે ? **ઉત્તર–** પૂર્વાભાદ્રપદા નક્ષત્રના સ્વામી અજ દેવ છે.

**६ ता उत्तरापोट्ठवया णक्खत्ते किं देवयाए पण्णत्ते ? ता अहिवड्ढि देवयाए पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના સ્વામી દેવ કોણ છે ? **ઉત્તર–** ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના સ્વામી અભિવૃદ્ધિ દેવ છે.

**७ एवं सव्वेवि पुच्छिज्जंति रेवई पुस्सदेवयाए, अस्सिणी अस्सदेवयाए, भरिणी जमदेवयाए, कत्तिया अग्गिदेवयाए, रोहिणी पयावइदेवयाए, संठाणा सोमदेवयाए, अद्दा रुद्ददेवयाए, पुणव्वसू अदिइदेवयाए, पुस्से बहस्सइदेवयाए, अस्सेसा सप्पदेवयाए, महा पिइदेवयाए, पुव्वाफग्गुणी भगदेवयाए पण्णत्ते, उत्तराफग्गुणी अज्जम देवयाए, हत्थे सविया देवयाय, चित्ता तट्ठेदेवयाए, साई वायुदेवयाए**

**पण्णत्ते,विसाहा इंदग्गीदेवयाए पण्णत्ते, अणुराहा मित्तदेवयाए, जेट्ठा इंददेवयाए, मूले णिरइदेवयाए, पुव्वासाढा आउदेवयाए, उत्तरासाढा विस्सदेवयाए पण्णत्ते ।**

**ભાવાર્થ :–** આ રીતે સર્વ નક્ષત્રના સ્વામી દેવ માટે પ્રશ્ન પૂછવા, તેના ઉત્તરમાં જાણવું કે રેવતી નક્ષત્રના સ્વામી પૂષ દેવ છે, અશ્વિની નક્ષત્રના સ્વામી અશ્વ દેવ છે, ભરણી નક્ષત્રના સ્વામી યમ દેવ છે, કૃતિકા નક્ષત્રના સ્વામી અગ્નિ દેવ, રોહિણી નક્ષત્રના સ્વામી પ્રજાપતિ દેવ, મૃગશીર્ષ નક્ષત્રના સ્વામી સોમ દેવ, આર્દ્રા નક્ષત્રના સ્વામી રુદ્ર દેવ, પુનર્વસુ નક્ષત્રના સ્વામી અદિતિ દેવ, પુષ્ય નક્ષત્રના સ્વામી બૃહસ્પતિ દેવ, અશ્લેષા નક્ષત્રના સ્વામી સર્પ દેવ, મઘા નક્ષત્રના સ્વામી પિતૃ દેવ, પૂર્વાફાલ્ગુની નક્ષત્રના સ્વામી ભગ દેવ, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના સ્વામી અર્યમ દેવ, હસ્ત નક્ષત્રના સ્વામી સવિતૃ(સૂર્ય) દેવ, ચિત્રા નક્ષત્રના સ્વામી ત્વષ્ટા દેવ, સ્વાતિ નક્ષત્રના સ્વામી વાયુ દેવ, વિશાખા નક્ષત્રના સ્વામી ઈન્દ્રાગ્નિ દેવ, અનુરાધા નક્ષત્રના સ્વામી મિત્ર દેવ, જયેષ્ઠા નક્ષત્રના સ્વામી ઈન્દ્ર દેવ, મૂલ નક્ષત્રના સ્વામી નૈૠત દેવ, પૂર્વાષાઢા નક્ષત્રના સ્વામી આપ–જલ દેવ અને ઉત્તરાષાઢા નક્ષત્રના સ્વામી વિશ્વ દેવ છે.

**॥ પ્રાભૃત–૧૦/૧૨ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : તેરમું પ્રતિપ્રાભૃત

## મુહૂર્ત નામ

**મુહૂર્તોનાં નામ :–**

**१** ता कहं ते मुहुत्ताणं णामधेज्जा आहिएति वएज्जा ? एगमेगस्स णं अहोरत्तस्स तीसं मुहुत्ता पण्णत्ता, तं जहा–

रोद्दे सेए मित्ते वाउ सुपीए तहेव अभिचंदे ।
माहिंद बलव बंभे बहुसच्चे चेव ईसाणे ॥१॥

तट्ठे य भावियप्पा वेसमाणे वारुणे य आणंदे ।
विजए य वीससेणे पायावच्चे चेव उवसमे य ॥२॥

गंधव्व अग्गिवेसे सयरिसहे आयवं च अममे य ।
अणवं च भोमे रिसहे सव्वट्ठे रक्खसे चेव ॥३॥

**ભાવાર્થ :– પ્રશ્ન–** મુહૂર્તોના ક્યા નામ છે ? **ઉત્તર–** પ્રત્યેક અહોરાત્રના ત્રીસ મુહૂર્ત છે, જેમ કે– (૧) રુદ્ર (૨) શ્રેયાન (૩) મિત્ર (૪) વાયુ (૫) સુપ્રિત (૬) અભિચંદ્ર (૭) માહેન્દ્ર (૮) બલવ (૯) બ્રહ્મ (૧૦) બહુસત્ય (૧૧) ઈશાન ॥૧॥

(૧૨) ત્વષ્ટા(સ્રષ્ટા) (૧૩) ભાવિતાત્મા (૧૪) વૈશ્રમણ (૧૫) વારુણ (૧૬) આનંદ (૧૭) વિજય (૧૮) વિશ્વસેન (૧૯) પ્રજાપત્ય (૨૦) ઉપશમ ॥૨॥

(૨૧) ગંધર્વ (૨૨) અગ્નિવેશ (૨૩) શતવૃષભ (૨૪) આતપ(વાન) (૨૫) અમમ (૨૬) ઋણવાન (૨૭) ભૌમ (૨૮) વૃષભ (૨૯) સર્વાર્થ (૩૦) રાક્ષસ ॥૩॥

**વિવેચન :–**

પ્રસ્તુત ત્રણ ગાથા દ્વારા ત્રીસ મુહૂર્તના નામનું પ્રતિપાદન કરેલ છે. પ્રત્યેક અહોરાત્રના ૩૦ મુહૂર્ત હોય છે. આ મુહૂર્તની ગણના સૂર્યોદયથી ક્રમશઃ થાય છે. મધ્યવર્તી બારથી અઢાર પર્યંતના છ મુહૂર્તની ગણના ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે દિવસમાં અને ૧૮ મુહૂર્તની રાત્રિ હોય ત્યારે રાત્રિમાં (તેની ગણના) થાય છે. શ્રી સમવાયાંગ સૂત્રના ત્રીસમા સમવાયમાં ત્રીસ મુહૂર્તના ત્રીસ નામનું કથન છે. ત્યાંના ત્રીસ નામના ક્યાંક ક્યાંક ક્રમમાં તફાવત છે.

**॥ પ્રાભૃત–૧૦/૧૩ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : ચૌદમું પ્રતિપ્રાભૃત

## દિવસ–રાત્રિ નામ

**દિવસ રાત્રિના નામ :–**

**१ ता कहं ते दिवसा आहिएति वएज्जा ? ता एगमेगस्स णं पक्खस्स पण्णरस पण्णरस दिवसा पण्णत्ता, तं जहा– पडिवया दिवसे, बिइया दिवसे** *जाव* **पण्णरसी दिवसे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– દિવસ કેટલા છે, તેના નામ કયા છે ? **ઉત્તર**– પ્રત્યેક પક્ષમાં પંદર દિવસ હોય છે, જેમ કે– પ્રતિપદા દિવસ, બીજો દિવસ ***યાવત્*** પંચદશી દિવસ. (એકમ, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ, સાતમ, આઠમ, નોમ, દસમ, અગિયારસ, બારસ, તેરસ, ચૌદસ, પૂનમ-અમાસ, આ લૌકિક પ્રચલિત નામ છે.)

**२ ता एएसि णं पण्णरसण्हं दिवसाणं पण्णरस णामधेज्जा पण्णत्ता, तं जहा–**

**पुव्वंगे सिद्धमणोरमे य तत्तो मणोहरे चेव ।**
**जसभद्दे जसोधरे सव्वकामसमिद्धे ति य ॥१॥**

**इंदे मुद्धाभिसित्ते य सोमणस धणंजए य बोद्धव्वे ।**
**अत्थसिद्धे अभिजाए अच्चसणे सयंजए ॥२॥**

**अग्गिवेसे उवसमे, दिवसाणं णामधेज्जाइं ॥**

**ભાવાર્થ :–** આ પંદર દિવસના શાસ્ત્રમાં લોકોત્તર પંદર નામ કહ્યા છે. તે આ પ્રમાણે છે– (૧) પૂર્વાંગ (૨) સિદ્ધમનોરમ (૩) મનોહર (૪) યશોભદ્ર (૫) યશોધર (૬) સર્વકામ સમૃદ્ધ (૭) ઈન્દ્રમૂર્ધાભિષિક્ત (૮) સોમનસ (૯) ધનંજય (૧૦) અર્થસિદ્ધ (૧૧) અભિજાત (૧૨) અત્યશન (૧૩) શતંજય (૧૪) અગ્નિવેશ (૧૫) ઉપશમ આ પંદર દિવસના પંદર નામ જાણવા.

**३ ता कहं ते राईओ आहिएति वएज्जा ? ता एगमेगस्स णं पक्खस्स पण्णरस राईओ पण्णत्ताओ, तं जहा– पडिवाराई बिइयाराई** *जाव* **पण्णरसीराई।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– રાત્રિઓ કેટલી છે, તેના નામ કયા છે ? **ઉત્તર**– પ્રત્યેક પક્ષમાં પંદર રાત્રિઓ હોય છે, જેમ કે– પહેલી રાત્રિ, બીજી રાત્રિ ***યાવત્*** પંદરમી રાત્રિ(આ લૌકિક પ્રચલિત નામ છે.)

**४ ता एयासि णं पण्णरसण्हं राईणं पण्णरस णामधेज्जा पण्णत्ता, तं जहा–**

**उत्तमा य सुणक्खत्ता एलावच्चा जसोधरा ।**
**सोमणसा चेव तहा, सिरिसंभूया य बोद्धव्वा ॥१॥**

**विजया य वेजयंति जयंति अपराजिया य इच्छा य ।**
**समाहारा चेव तहा, तेया य तहा य अतितेया ॥२॥**
**देवाणंदा णिरई, रयणीणं णामधेज्जाइं ॥**

**ભાવાર્થ :–** આ પંદર રાત્રિઓના(લોકોત્તરિક) પંદર નામ છે, યથા– (૧) ઉત્તમા (૨) સુનક્ષત્રા (૩) એલાપત્યા (૪) યશોધરા (૫) સોમનસા (૬) શ્રી સંભૂતા ॥૧॥ (૭) વિજયા (૮) વૈજયંતી (૯) જયંતી (૧૦) અપરાજિતા (૧૧) ઈચ્છા (૧૨) સમાહારા (૧૩) તેજા (૧૪) અતિતેજા ॥૨॥ (૧૫) દેવાનંદા. અપરનામ નિરતિ. રાત્રિના આ શાસ્ત્ર વર્ણિત પંદર નામ જાણવા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એક-એક પક્ષના પંદર-પંદર દિવસ અને રાત્રિના નામોનું કથન છે.

**એક પક્ષના દિવસ :–** એક પક્ષમાં પંદર દિવસ હોય છે. સામાન્ય રૂપે દિવસ શબ્દ અહોરાત્ર માટે રૂઢ હોવા છતાં અહીં દિવસ રૂપ કાળ વિશેષનું ગ્રહણ કર્યું છે. **यद्यपि दिवस शब्दोऽहोरात्रेरुढस्तथापि सूर्य प्रकाशवतः कालविशेषस्यात्रग्रहणं, रात्रिविभागप्रश्नसूत्रस्याग्रे विद्यमानत्वात् ।** દિવસ શબ્દ અહોરાત્ર માટે રૂઢ હોવા છતાં રાત્રિનું કથન અલગ સૂત્રથી કર્યું હોવાથી અહીં (અહોરાત્ર અર્થ ન કરતાં) સૂર્ય પ્રકાશ યુક્ત દિવસ અર્થ કર્યો છે.

સૂત્ર કથિત, પક્ષ, દિવસ વગેરેનું કથન કર્મ માસની અપેક્ષાએ સમજવું.

**॥ પ્રાભૃત–૧૦/૧૪ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : પંદરમું પ્રતિપ્રાભૃત

## તિથિનામ

**તિથિઓના નામ :–**

**१ ता कहं ते तिही आहिएति वएज्जा ? तत्थ खलु इमा दुविहा तिही पण्णत्ता, तं जहा– दिवसतिही य राईतिही य।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તિથિઓ કેટલી અને કઈ છે ? **ઉત્તર–** તિથિઓ બે પ્રકારની છે, દિવસ તિથિ અને રાત્રિ તિથિ.

**२ ता कहं ते दिवसतिही आहिएति वएज्जा ? ता एगमेगस्स णं पक्खस्स पण्णरस पण्णरस दिवसतिही पण्णत्ता, तं जहा– णंदे भद्दे जए तुच्छे पुण्णे पक्खस्स पंचमी, पुणरवि– णंदे, भद्दे, जए, तुच्छे, पुण्णे पक्खस्स दसमी, पुणरवि– णंदे, भद्दे, जए, तुच्छे, पुण्णे पक्खस्स पण्णरसी, एवं एए तिगुणा तिहीओ सव्वेसिं दिवसाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** દિવસ તિથિઓ કેટલી છે અને કઈ છે ? **ઉત્તર–** પ્રત્યેક પક્ષમાં પંદર પંદર દિવસ તિથિઓ હોય છે, જેમ કે– (૧) નંદા (૨) ભદ્રા (૩) જયા (૪) તુચ્છા અને (૫) પૂર્ણા. પક્ષની આ પાંચ દિવસ તિથિઓ છે. ફરીથી નંદા (૭) ભદ્રા (૮) જયા (૯) તુચ્છા (૧૦) પૂર્ણા, પક્ષની, આ દસ દિવસ તિથિ છે. ફરીથી (૧૧) નંદા (૧૨) ભદ્રા (૧૩) જયા (૧૪) તુચ્છા અને (૧૫) પૂર્ણા, પક્ષની આ પંદર દિવસ તિથિઓ છે. આ પ્રમાણે પાંચ નામ ત્રિગુણા કરવાથી પંદર તિથિઓ થાય છે.

**३ ता कहं मे राईतिही आहिएति वएज्जा ? ता एगमेगस्स णं पक्खस्स पण्णरस राईतिही पण्णत्ता, तं जहा– उग्गवई, भोगवई, जसवई, सव्वसिद्धा, सुहणामा, पुणरवि–उग्गवई, भोगवई, जसवई, सव्वसिद्धा, सुहणामा, पुणरवि– उग्गवई, भोगवई, जसवई, सव्वसिद्धा, सुहणामा, एए तिगुणा तिहीओ सव्वेसिं राईणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રાત્રિ તિથિઓ કેટલી અને કઈ છે ? **ઉત્તર–** પ્રત્યેક પક્ષમાં પંદર-પંદર રાત્રિ તિથિઓ હોય છે, યથા–

(૧) ઉગ્રવતી (૨) ભોગવતી (૩) યશવતી(યશોમતી) (૪) સર્વસિદ્ધા (૫) શુભનામા; ફરીથી– (૬) ઉગ્રવતી (૭) ભોગવતી (૮) યશવતી (૯) સર્વસિદ્ધા (૧૦) શુભનામા; ફરીથી– (૧૧) ઉગ્રવતી (૧૨) ભોગવતી (૧૩) યશવતી (૧૪) સર્વસિદ્ધા (૧૫) શુભનામા; આ પ્રમાણે પાંચ નામ ત્રિગુણિત કરવાથી સર્વ(પંદર) રાત્રિઓની પંદર તિથિઓ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દિવસ તિથિ અને રાત્રિ તિથિના નામનું કથન છે. દિવસ તિથિ અને રાત્રિ તિથિના પાંચ-પાંચ નામ ત્રણવાર પુનરાવર્તન પામીને ૧૫ નામ થાય છે.

**દિવસ તિથિ અને રાત્રિ તિથિના નામ :–**

| તિથિ | દિવસ તિથિ | રાત્રિ તિથિ |
|---|---|---|
| એકમ, છઠ્ઠ, અગિયારસ | નંદા | ઉગ્રવતી |
| બીજ, સાતમ, બારસ | ભદ્રા | ભોગવતી |
| ત્રીજ, આઠમ, તેરસ | જયા | યશવતી |
| ચોથ, નોમ, ચૌદશ | તુચ્છા | સર્વાસિદ્ધા |
| પાંચમ, દસમ, પંદર(અમાસ, પ્રથમ) | પૂર્ણા | શુભનામા |

**એક પક્ષના દિવસ–રાત્રિ તથા તેના નામાદિ :–**

| ક્રમ | ૧૫ દિવસ | ૧૫ દિવસના નામ | ૧૫ દિવસની તિથિ | ૧૫ રાત્રિ | ૧૫ રાત્રિના નામ | ૧૫ રાત્રિની તિથિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રતિપ્રદા | પૂર્વાંગ | નંદા | એકમ રાત્રિ | ઉત્તમા | ઉગ્રવતી |
| ૨ | દ્વિતીયા | સિદ્ધ મનોરમ | ભદ્રા | દ્વિતીયા રાત્રિ | સુનક્ષત્રા | ભોગવતી |
| ૩ | તૃતીયા | મનોહર | જયા | તૃતીયા રાત્રિ | એલાપત્યા | યશવતી |
| ૪ | ચતુર્થી | યશોભદ્ર | તુચ્છા | ચતુર્થી રાત્રિ | યશોધરા | સર્વસિદ્ધા |
| ૫ | પંચમી | યશોધર | પૂર્ણા | પંચમી રાત્રિ | સોમનસા | શુભનામા |
| ૬ | ષષ્ઠી | સર્વકામ સમૃદ્ધ | નંદા | ષષ્ઠી રાત્રિ | શ્રી સંભૂતા | ઉગ્રવતી |
| ૭ | સપ્તમી | ઈન્દ્ર મૂર્ધાભિષિક્ત | ભદ્રા | સપ્તમી રાત્રિ | વિજયા | ભોગવતી |
| ૮ | અષ્ટમી | સોમનસ | જયા | અષ્ટમી રાત્રિ | વૈજયંતી | યશવતી |
| ૯ | નવમી | ધનંજય | તુચ્છા | નવમી રાત્રિ | જયંતી | સર્વસિદ્ધા |
| ૧૦ | દશમી | અર્થ સિદ્ધ | પૂર્ણા | દશમી રાત્રિ | અપરાજિતા | શુભનામા |
| ૧૧ | એકાદશી | અભિજાત | નંદા | એકાદશી રાત્રિ | ઈચ્છા | ઉગ્રવતી |
| ૧૨ | દ્વાદશી | અત્યશન | ભદ્રા | દ્વાદશી રાત્રિ | સમાહારા | ભોગવતી |
| ૧૩ | ત્રયોદશી | શતંજય | જયા | ત્રયોદશી રાત્રિ | તેજા | યશવતી |
| ૧૪ | ચતુર્દશી | અગ્નિશ | તુચ્છા | ચતુર્દશી રાત્રિ | અતિતેજા | સર્વસિદ્ધા |
| ૧૫ | પંચદશી | ઉપશમ | પૂર્ણા | પંચદશી રાત્રિ | દેવાનંદા કે નિરતિ | શુભનામા |

**અહોરાત્ર(દિવસ) અને તિથિમાં વિશેષતા :– सूर्यचारकृतो दिवसः** અહોરાત્ર(દિવસ)ની ઉત્પત્તિ સૂર્યથી થાય છે. જેટલા કાળમાં સૂર્ય આકાશમાં એક મંડળ ઉપર ચાલે તેટલા કાળને અહોરાત્ર કહેવામાં આવે છે અથવા એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો કાળ અહોરાત્ર કહેવાય છે. સૂર્ય ૩૦ મુહૂર્તમાં એક મંડળ પસાર કરે છે, તેથી એક અહોરાત્ર ૩૦ મુહૂર્ત પ્રમાણ છે.

**चंद्रचारकृता तिथि** । તિથિની ઉત્પત્તિ ચંદ્રથી થાય છે. ચંદ્રની કળાની હાનિ-વૃદ્ધિના આધારે તિથિ નિષ્પન્ન થાય છે. જેટલા કાળમાં ચંદ્રનો $\frac{૪}{૬૨}$ (ચંદ્રના બાસઠ અંશમાંથી ૪-૪ અંશ) આવૃત્ત થાય કે પ્રગટ થાય તેને તિથિ કહેવામાં આવે છે. તિથિ $\frac{૬૧}{૬૨}$ અહોરાત્ર અથવા ૨૯ $\frac{૩૨}{૬૨}$ મુહૂર્ત પ્રમાણ છે.

**ચંદ્ર કળાની હાનિ-વૃદ્ધિનું કારણ :–** ચંદ્રના વિમાનની નીચે ચાર અંગુલના અંતરે ધ્રુવરાહુનું વિમાન પરિભ્રમણ કરે છે. ધ્રુવરાહુનું વિમાન કૃષ્ણ વર્ણનું છે. ચંદ્ર કરતાં ધ્રુવરાહુ(નિત્ય રાહુ)ની ગતિ તીવ્ર છે, ચંદ્ર વિમાનની આડે ધ્રુવરાહુ આવવાથી ચંદ્રનો પ્રકાશ આવરિત થાય છે. સુદ–૧૫ પૂર્ણિમાના ચંદ્રની કળા ધ્રુવરાહુના આવરણથી રહિત હોય છે.

સૂર્યથી નિષ્પન્ન અહોરાત્ર એક હોવા છતાં દિવસ અને રાત્રિના ભેદથી તેના બે પ્રકાર થાય છે તેમ દિવસ-રાત્રિના ભેદથી તિથિ પણ બે પ્રકારની થાય છે.

**॥ પ્રાભૃત–૧૦/૧૫ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : સોળમું પ્રતિપ્રાભૃત

## નક્ષત્રોનાં ગોત્ર

**નક્ષત્રોનાં ગોત્ર :–**

**१ ता कहं ते गोत्ता आहिएति वएज्जा ? ता एएसिणं अट्ठावीसाए णक्खत्ताणं– अभिई णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता मोग्गलायणसगोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નક્ષત્રોનાં ગોત્ર કયા છે ? આ અઠ્યાવીસ નક્ષત્રોમાંથી અભિજિત નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** અભિજિત નક્ષત્રનું ગોત્ર મૌદ્‌ગલાયન છે.

**२ ता सवणे णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता संखायणसगोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શ્રવણ નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** શ્રવણ નક્ષત્રનું ગોત્ર સંખ્યાયન છે.

**३ ता धणिट्ठा णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता अग्गितावसगोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ધનિષ્ઠા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** ધનિષ્ઠા નક્ષત્રનું ગોત્ર અગ્નિતાપસ છે.

**४ ता सतभिसया णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता कण्णलोयणसगोत्ते पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શતભિષક્ નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** શતભિષક્ નક્ષત્રનું ગોત્ર કર્ણલોચન છે.

**५ ता पुव्वापोट्ठवया णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता जोउकण्णियसगोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્વાભાદ્રપદા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** પૂર્વાભાદ્રપદા નક્ષત્રનું ગોત્ર જોતુકર્ણિ છે.

**६ ता उत्तरापोट्ठवया णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता धणंजयसगोत्ते पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** ઉત્તરાભાદ્રાપદા નક્ષત્રનું ગોત્ર ધનંજય છે.

**७ ता रेवई णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता पुस्सायणसगोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રેવતિ નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** રેવતિ નક્ષત્રનું ગોત્ર પુષ્યાયન છે.

**८ ता अस्सिणी णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता अस्सायणसगोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અશ્વિની નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** અશ્વિની નક્ષત્રનું ગોત્ર અશ્વાયન છે.

**९ ता भरणी णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता भग्गवेसगोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભરણી નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** ભરણી નક્ષત્રનું ગોત્ર ભાર્ગવેશ છે.

**१०** **ता कत्तिया णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? अग्गिवेस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્न–** કૃતિકા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** કૃતિકા નક્ષત્રનું ગોત્ર અગ્નિવેશ્ય છે.

**११** **ता रोहिणी णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता गोयमस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રોહિણી નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** રોહિણી નક્ષત્રનું ગોત્ર ગૌતમ છે.

**१२** **ता संठाणा णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता भारद्दायस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મૃગશીર્ષ નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** મૃગશીર્ષ નક્ષત્રનું ગોત્ર ભારદ્વાજ છે.

**१३** **ता अद्दा णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता लोहिच्चायणस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આર્દ્રા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** આર્દ્રા નક્ષત્રનું ગોત્ર લોહિત્યાયન છે.

**१४** **पुणव्वसू णक्खेत्ते किंगोत्ते पण्णत्ते ? ता वासिट्ठस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પુનર્વસુ નક્ષત્રનું કયું ગોત્ર છે ? **ઉત્તર–** પુનર્વસુ નક્ષત્રનું ગોત્ર વાસિષ્ઠ છે.

**१५** **ता पुस्से णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता ओमज्जायणस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પુષ્ય નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** પુષ્ય નક્ષત્રનું ગોત્ર અવમજજાયન(ઉદ્યાયન) છે.

**१६** **ता अस्सेसा णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता मंडव्वायणस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અશ્લેષા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** અશ્લેષા નક્ષત્રનું ગોત્ર માંડવ્યાયન છે.

**१७** **ता मघा णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता पिंगायणस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મઘા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** મઘા નક્ષત્રનું ગોત્ર પિંગાયન છે.

**१८** **ता पुव्वाफग्गुणी णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता गोवल्लायणस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્વાફાલ્ગુની નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** પૂર્વાફાલ્ગુની નક્ષત્રનું ગોત્ર ગોવલ્લાયન છે.

**१९** **ता उत्तराफग्गुणी णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता कासव गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું ગોત્ર કાશ્યપ છે.

**२०** **ता हत्थे णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता कोसिय गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હસ્ત નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** હસ્ત નક્ષત્રનું ગોત્ર કૌશિક છે.

**२१** **ता चित्ता णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता दब्भियायणस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચિત્રા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** ચિત્રા નક્ષત્રનું કયું ગોત્ર દાર્ભાયન છે.

**२२** **ता साई णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता चामरच्छायणस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સ્વાતિ નક્ષત્રનું કયું ગોત્ર છે ? **ઉત્તર–** સ્વાતિ નક્ષત્રનું ગોત્ર ચામરક્ષાયન છે.

**२३** **ता विसाहा णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता सुंगायणस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** વિશાખા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** વિશાખા નક્ષત્રનું ગોત્ર શુંગાયન છે.

**२४** **ता अणुराहा णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता गोलव्वायणस गोत्ते पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અનુરાધા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** અનુરાધા નક્ષત્રનું ગોત્ર ગોલવ્યાયન છે.

**२५** **ता जेट्ठा णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता तिगिच्छायणस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જયેષ્ઠા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** જયેષ્ઠા નક્ષત્રનું ગોત્ર ચિકિત્સાયન છે.

**२६** **ता मूले णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता कच्चायणस गोत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મૂલ નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** મૂલ નક્ષત્રનું ગોત્ર કાત્યાયન છે.

**२७** **ता पुव्वासाढा णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता बज्झियायणणसगोत्ते पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૂર્વાષાઢા નક્ષત્રનું ગોત્ર કયું છે ? **ઉત્તર–** પૂર્વાષાઢા નક્ષત્રનું ગોત્ર બાહ્યાયન છે.

**२८** **ता उत्तरासाढा णक्खत्ते किं गोत्ते पण्णत्ते ? ता वग्घावच्चस गोत्ते पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉત્તરાષાઢા નક્ષત્રનું કયું ગોત્ર છે ? **ઉત્તર–** વ્યાઘ્રાપત્ય ગોત્ર છે.

**॥ પ્રાભૃત–૧૦/૧૬ સંપૂર્ણ ॥**

**દસમા પ્રાભૃતનું સત્તરમું પ્રતિપ્રાભૃત પ્રક્ષિપ્ત પ્રતીત થવાથી મુદ્રિત કરેલ નથી**

# દસમું પ્રાભૃત : અઢારમું પ્રતિપ્રાભૃત

## યુગમાં યોગ સંખ્યા

**એક યુગમાં સૂર્ય–ચંદ્રની નક્ષત્ર યોગ સંખ્યા :–**

**१ ता कहं ते चारा आहिएति वएज्जा ? तत्थ खलु इमा दुविहा चारा पण्णत्ता, तं जहा- आइच्चचारा, चंदचारा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** એક યુગમાં નક્ષત્રની ચાર–ચાલવાની ગતિ કેવા પ્રકારની હોય છે? **ઉત્તર–** નક્ષત્રની ગતિ બે પ્રકારની છે– (૧) સૂર્ય સાથે ગતિ (૨) ચંદ્ર સાથે ગતિ

**२ ता कहं ते चंदचारा आहिएति वएज्जा ? ता पंच संवच्छरिए णं जुगे अभीइ णक्खत्ते सत्तसट्ठिचारे चंदेण सद्धिं जोयं जोएइ, सवणे णं णक्खत्ते सत्तसट्ठिचारे चंदेण सद्धिं जोयं जोएइ । एवं *जाव* उत्तरासाढा णक्खत्ते सत्तसट्ठिचारे चंदेण सद्धिं जोयं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** એક યુગમાં ચંદ્ર સાથે નક્ષત્રની ગતિ કેટલીવાર થાય છે?

**ઉત્તર–** પાંચ સંવત્સરનો એક યુગ છે. એક યુગમાં અભિજિત નક્ષત્ર સડસઠ (૬૭) વાર ચંદ્રની સાથે યોગ કરે છે અર્થાત્ સહ પરિભ્રમણ કરે છે. શ્રવણ નક્ષત્ર સડસઠ (૬૭) વાર ચંદ્રની સાથે યોગ કરે છે. તે જ રીતે ***યાવત્*** ઉત્તરાષાઢા નક્ષત્ર સડસઠ(૬૭) વાર ચંદ્રની સાથે યોગ કરે છે અર્થાત્ અઠ્યાવીસ નક્ષત્રો એક યુગમાં ૬૭ વાર ચંદ્ર સાથે યોગ કરે છે.

**३ ता कहं ते आइच्चचारा आहिएति वएज्जा ? ता पंच संवच्छरिए णं जुगे अभीई णक्खत्ते पंचचारे सूरेण सद्धिं जोयं जोएइ । एवं जाव उत्तरासाढा णक्खत्ते पंचचारे सूरेण सद्धिं जोयं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** એક યુગમાં સૂર્ય સાથે નક્ષત્રની ગતિ કેટલીવાર થાય છે? **ઉત્તર–** પાંચ સંવત્સરનો એક યુગ છે. એક યુગમાં અભિજિત નક્ષત્ર પાંચવાર સૂર્યની સાથે યોગ કરે છે. તે જ રીતે ***યાવત્*** ઉત્તરાષાઢા નક્ષત્ર સૂર્ય સાથે પાંચવાર યોગ કરે છે.

**વિવેચન :–**

એક યુગમાં ૬૭ નક્ષત્ર માસ વ્યતીત થાય છે. એક-એક નક્ષત્ર માસમાં પ્રત્યેક નક્ષત્ર એક-એક વાર ચંદ્ર સાથે યોગ કરે છે, તેથી ૬૭ નક્ષત્ર માસના એક યુગમાં અભિજિત આદિ નક્ષત્રનો ૬૭ વાર યોગ થાય છે.

સૂર્ય સાથે યોગની અપેક્ષાએ નક્ષત્ર મંડળના ભ્રમણની સમાપ્તિ એક સૂર્ય સંવત્સરથી થાય છે, તેથી પ્રત્યેક નક્ષત્રનો વર્ષમાં એક વાર સૂર્ય સાથે યોગ થાય છે. આ રીતે પાંચ વર્ષના એક યુગમાં પાંચ વાર પ્રત્યેક નક્ષત્રનો સૂર્ય સાથે યોગ થાય છે.

॥ પ્રાભૃત–૧૦/૧૮ સંપૂર્ણ ॥

# દસમું પ્રાભૃત : ઓગણીસમું પ્રતિપ્રાભૃત

## મહિનાનાં નામ

**મહિનાનાં નામ :–**

**१** ता कहं ते मासा आहिएति वएज्जा ? ता एगमेगस्स णं संवच्छरस्स बारस मासा पण्णत्ता । तेसिं च दुविहा णामधेज्जा पण्णत्ता, तं जहा– लोइया लोउत्तरिया य । तत्थ लोइया णामा– सावणे, भद्दवए, आसोए, कत्तिए, मग्गसिरे, पोसे, माहे, फग्गुणे, चित्ते, वइसाहे, जेट्ठे, आसाढे ।

लोउत्तरिया णामा–

अभिणंदणे सुपइट्ठे य, विजए पीइवद्धणे ।
सेज्जंसे य सिवे या वि, सिसिरे वि य हेमवं ॥१॥

णवमे वसंतमासे, दसमे कुसुमसंभवे ।
एकादसमे णिदाहो, वणविरोही य बारसे ॥२॥

**ભાવાર્થ :– પ્રશ્ન–** એક સંવત્સરમાં કેટલા મહિના હોય છે ? **ઉત્તર–** પ્રત્યેક સંવત્સરમાં બાર મહિના હોય છે. તેના લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારે નામ છે. લૌકિક નામ આ પ્રમાણે છે– (૧) શ્રાવણ (૨) ભાદરવો (૩) આસો (૪) કારતક (૫) માગસર (૬) પોષ (૭) મહા (૮) ફાગણ (૯) ચૈત્ર (૧૦) વૈશાખ (૧૧) જેઠ અને (૧૨) અષાઢ

લોકોત્તર નામ આ પ્રમાણે છે– (૧) અભિનંદન (૨) સુપ્રતિષ્ઠ (૩) વિજય (૪) પ્રીતિવર્ધન (૫) શ્રેયાંસ (૬) શિવ (૭) શિશિર (૮) હેમંત ॥૧॥ (૯) વસંત (૧૦) કુસુમ સંભવ (૧૧) નિદાઘ અને (૧૨) વનવિરોહ. ॥૨॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મહિનાના નામનું કથન છે.

**એક વરસના મહિના :–** એક વરસમાં ૧૨ મહિના હોય છે. સૂત્રકારે આ ૧૨ મહિનાના નામ લૌકિક અને લોકોત્તરિક, એમ બે રીતે દર્શાવ્યા છે.

**लोइया लोउतरिया णामा :–** કારતક, માગસર, પોષ વગેરે લોકમાં પ્રસિદ્ધ ૧૨ મહિનાના નામ લૌકિક નામ કહેવાય છે. **लोकः प्रवचनबाह्यो जनस्तेषु प्रसिद्धत्वेनं तत्संबंधीनि लौकिकानि ।** જિન પ્રવચનની બહારના લોકોને લોક કહે છે, લોકમાં પ્રસિદ્ધ કારતકાદિ મહિનાઓને લૌકિક માસ કહે છે.

**लोकः तस्मात्सम्यग्ज्ञानादि गुण युक्तत्वेन उत्तराः प्रधानाः लोकोत्तराः जैनास्तेषु**

**प्रसिद्धत्वेन तत्संबंधीनि लोकोत्तराणि ।** લોકમાં સમ્યગ્જ્ઞાનાદિ ગુણથી યુક્ત હોવાના કારણે જે ઉત્તર એટલે પ્રધાન–મુખ્ય હોય તે લોકોત્તર, લોકોત્તર એટલે જૈન દર્શન. જૈનોમાં પ્રસિદ્ધ 'અભિનંદિત' વગેરે ૧૨ મહિનાના નામને લોકોત્તરિક નામ કહે છે.

**મહિનાના લૌકિક–લોકોત્તરિક નામ :–**

| ક્રમ | લૌકિક નામ | લોકોત્તર નામ |
|---|---|---|
| ૧ | શ્રાવણ માસ | અભિનંદન |
| ૨ | ભાદરવો | સુપ્રતિષ્ઠ |
| ૩ | આસો | વિજય |
| ૪ | કારતક | પ્રીતિવર્ધન |
| ૫ | માગસર | શ્રેયાંસ |
| ૬ | પોષ | શિવ |
| ૭ | મહા | શિશિર |
| ૮ | ફાગણ | હેમંત |
| ૯ | ચૈત્ર | વસંત |
| ૧૦ | વૈશાખ | કુસુમ સંભવ |
| ૧૧ | જેઠ | નિદાઘ |
| ૧૨ | અષાઢ | વનવિરોહ |

**॥ પ્રાભૃત–૧૦/૧૯ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : વીસમું પ્રતિપ્રાભૃત

## સંવત્સર પ્રકાર

**સંવત્સરના પ્રકાર :–**

**१ ता कइ णं संवच्छरे आहिएति वएज्जा ? ता पंच संवच्छरा पण्णत्ता, तं जहा– णक्खत्त संवच्छरे, जुग संवच्छरे, पमाण संवच्छरे, लक्खण संवच्छरे, सणिच्छर संवच्छरे ।**

**ભાવાર્થ :–** સંવત્સરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સંવત્સરના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નક્ષત્ર સંવત્સર (૨) યુગ સંવત્સર (૩) પ્રમાણ સંવત્સર (૪) લક્ષણ સંવત્સર (૫) શનૈશ્ચર સંવત્સર.

**નક્ષત્ર સંવત્સર :–**

**२ ता णक्खत्तसंवच्छरे णं कइविहे पण्णत्ते ? ता णक्खत्तसंवच्छरे णं दुवालसविहे पण्णत्ते, तं जहा– सावणे भद्दवए *जाव* आसाढे । जं वा बहस्सई महग्गहे दुवालसहिं संवच्छरेहिं सव्वं णक्खत्तमंडलं समाणेइ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નક્ષત્ર સંવત્સરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** નક્ષત્ર સંવત્સરના બાર પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) શ્રાવણ (૨) ભાદ્રપદ (૩) આસો (૪) કારતક (૫) માગસર (૬) પોષ (૭) મહા (૮) ફાગણ (૯) ચૈત્ર (૧૦) વૈશાખ (૧૧) જેઠ (૧૨) અષાઢ.

બૃહસ્પતિ મહાગ્રહ બાર વર્ષમાં બધા નક્ષત્ર પાર કરે છે, તેથી બાર નક્ષત્ર સંવત્સર થાય છે. તાત્પર્ય એ છે કે બૃહસ્પતિ મહાગ્રહ એક વર્ષમાં શ્રાવણમાસ સંબંધી નક્ષત્રોને પાર કરે છે. બીજા વર્ષમાં ભાદરવા સંબંધી નક્ષત્રોને, આ રીતે બારમા વર્ષમાં અષાઢ સંબંધી નક્ષત્રોને પાર કરે છે, તે કાલવિશેષ પણ નક્ષત્રસંવત્સર કહેવાય છે.

**યુગ સંવત્સર :–**

**३ ता जुगसंवच्छरे णं पंचविहे पण्णत्ते, तं जहा– चंदे, चंदे, अभिवड्ढिए, चंदे, अभिवड्ढिए चेव ।**

**ता पढमस्स णं चंदसंवच्छरस्स चउव्वीसं पव्वा पण्णत्ता । दोच्चस्स णं चंदसंवच्छरस्स चउव्वीसं पव्वा पण्णत्ता, तच्चस्स णं अभिवड्ढिय संवच्छरस्स छव्वीसं पव्वा पण्णत्ता । चउत्थस्स णं चंद संवच्छरस्स चउवीसं पव्वा पण्णत्ता, पंचमस्स णं अभिवड्ढिय संवच्छरस्स छव्वीसं पव्वा पण्णत्ता । एवामेव सपुव्वावरेणं पंचसंवच्छरिए जुगे एगे चउवीसे पव्वसए भवंतीतिमक्खायं ।**

**ભાવાર્થ :–** યુગ સંવત્સરના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) ચંદ્ર સંવત્સર (૨) ચંદ્ર સંવત્સર (૩) અભિવર્ધિત સંવત્સર (૪) ચંદ્ર સંવત્સર (૫) અભિવર્ધિત સંવત્સર.

પ્રથમ ચંદ્ર સંવત્સરના ૨૪ પર્વ એટલે પક્ષ છે, બીજા ચંદ્ર સંવત્સરના ૨૪ પર્વ છે, ત્રીજા અભિવર્ધિત સંવત્સરના ૨૬ પર્વ છે, ચોથા ચંદ્ર સંવત્સરના ૨૪ પર્વ છે અને પાંચમા અભિવર્ધિત સંવત્સરના ૨૬ પર્વ છે. આ પ્રમાણે બધા મળીને પાંચે પ્રકારના યુગ સંવત્સરના કુલ ૧૨૪ પર્વ છે.

**પ્રમાણ સંવત્સર :–**

**૪ ता पमाणसंवच्छरे णं पंचविहे पण्णत्ते, तं जहा– णक्खत्ते, चंदे, उऊ, आइच्चे, अभिवड्ढिए ।**

**ભાવાર્થ :–** પ્રમાણ સંવત્સરના પાંચ પ્રકાર છે– (૧) નક્ષત્ર (૨) ચંદ્ર (૩) ૠતુ (૪) આદિત્ય (૫) અભિવર્ધિત.

**લક્ષણ સંવત્સર :–**

**૫ ता लक्खणसंवच्छरे णं पंचविहे पण्णत्ते तं जहा– णक्खत्ते, चंदे, उऊ, आइच्चे, अभिवड्ढिए । ता णक्खत्त संवच्छरस्स पंचविहं लक्खणं पण्णत्तं, तं जहा–**

**समगं णक्खत्ता जोयं, जोएंति समगं उऊ परिणमंति ।**
**णच्चुण्हं णाइसीए, बहु उदए होइ णक्खत्ते ॥१॥**

**ससि समग पुण्णिमासिं, जोएंति विसमचारि णक्खत्ता ।**
**कडुओ बहुदओ य, तमाहु संवच्छरं चंदं ॥२॥**

**विसमं पवालिणो परिणमंति, अणुऊसु दिंति पुप्फफलं ।**
**वासं ण सम्म वासइ, तमाहु संवच्छरं कम्मं ॥३॥**

**पुढविदगाणं च रसं, पुप्फ फलाणं च देइ आइच्चे ।**
**अप्पेण वि वासेणं, सम्मं णिप्फज्जए सस्सं ॥४॥**

**आइच्चतेयतविया, खणलव दिवसा उऊ परिणमंति ।**
**पूरेइ णिण्ण-थलयाइं, तमाहु अभिवड्ढिय जाण ॥५॥**

**ભાવાર્થ :–** લક્ષણ સંવત્સરના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) નક્ષત્ર (૨) ચંદ્ર (૩) ૠતુ (૪) આદિત્ય અને (૫) અભિવર્ધિત. નક્ષત્ર સંવત્સરના પાંચ લક્ષણ કહ્યા છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ– (૧) નક્ષત્ર લક્ષણ સંવત્સર–** જે સંવત્સરમાં કૃતિકાદિ નક્ષત્રોનો યથા સમયે ચંદ્ર-સૂર્ય સાથે યોગ થતો હોય અર્થાત્ જે માસનું જે મુખ્ય નક્ષત્ર હોય તે સ્વભાવથી પૂર્ણિમાના દિવસે યોગ ધરાવતું હોય; ૠતુઓ સમરૂપે પરિણમિત થતી હોય, વિપરીત થતી ન હોય; અતિ ગરમી, અતિ ઠંડી ન હોય તેમજ વરસાદ સારો વરસતો હોય, આ લક્ષણોથી યુક્ત સંવત્સરને નક્ષત્ર સંવત્સર કહે છે.

**(૨) ચંદ્ર લક્ષણ સંવત્સર–** જે સંવત્સરમાં માસથી વિષમ નામવાળા નક્ષત્ર પૂર્ણિમાના દિવસે ચંદ્ર સાથે યોગ કરતા હોય; ગરમી, ઠંડી, રોગાદિની બહુલતાના કારણે ૠતુ કષ્ટકર હોય; અતિવૃષ્ટિ હોય; આ લક્ષણોથી યુક્ત સંવત્સરને ચંદ્ર સંવત્સર કહે છે.

**(૩) કર્મ-ૠતુ લક્ષણ સંવત્સર–** જે સંવત્સરમાં વિષમકાળે-અકાળે વનસ્પતિ અંકુરિત થાય; કમોસમે વૃક્ષ પર પુષ્પ અને ફળ આવે; યથોચિત વર્ષા ન થાય; આ લક્ષણોથી યુક્ત સંવત્સરને કર્મ-ૠતુ સંવત્સર કહે છે.

**(૪) આદિત્ય લક્ષણ સંવત્સર–** જે સંવત્સરમાં પૃથ્વી, જળ, પુષ્પ, ફળ વગેરેમાં સૂર્ય યથાર્થ રસ પ્રદાન કરે; વરસાદ થોડો હોવા છતાં પર્યાપ્ત માત્રામાં અનાજ નિષ્પન્ન થાય, આ લક્ષણોથી યુક્ત સંવત્સરને આદિત્ય સંવત્સર કહે છે.

**(૫) અભિવર્દ્ધિત લક્ષણ સંવત્સર–** સૂર્યના પ્રચંડ તાપથી ભૂમિ પરિતપ્ત રહે; ૠતુઓનું પરિણમન અત્યલ્પ હોય; નિમ્ન સ્થળો પાણીથી પૂર્ણ રહે, આ લક્ષણોથી યુક્ત સંવત્સરને અભિવર્ધિત સંવત્સર કહે છે.

**શનૈશ્વર સંવત્સર :–**

**६ ता सणिच्छरसंवच्छरे णं अट्ठावीसइविहे पण्णत्ते, तं जहा– अभीई, सवणे *जाव* उत्तरासाढा । जं वा सणिच्छरे महग्गहे तीसाए संवच्छरेहिं सव्वं णक्खत्तमंडलं समाणेइ।**

**ભાવાર્થ :–** શનૈશ્વર સંવત્સરના અઠ્યાવીસ પ્રકારે છે, તે આ પ્રમાણે છે– અભિજિત, શ્રવણ ***યાવત્*** ઉત્તરાષાઢા. શનૈશ્વર મહાગ્રહ ત્રીસ વર્ષોમાં બધા નક્ષત્રોને પાર કરે છે, તે કાલ શનૈશ્વર સંવત્સર કહેવાય છે. અઠ્યાવીસ નક્ષત્રોને પાર કરે તે અપેક્ષાએ તેના ૨૮ પ્રકાર કહ્યા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભિન્ન-ભિન્ન પ્રકારના સંવત્સરો (વર્ષો)નું વર્ણન છે. ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ગ્રહ વગેરેની ગતિની ભિન્નતા અને પ્રદક્ષિણા પૂર્ણ કરવાના કાળની ભિન્નતાના કારણે તે પ્રત્યેકના ભિન્ન-ભિન્ન સંવત્સર નિર્મિત થાય છે.

**સંવત્સર નામ :–**

**(૧) નક્ષત્ર સંવત્સર :– नक्षत्रेषु भव संवत्सरो नक्षत्रः संवत्सरः ।** જે વર્ષ નક્ષત્રથી નિર્મિત થાય તેને નક્ષત્ર વર્ષ કહે છે, ચંદ્ર જેટલા સમયમાં, અભિજિત નક્ષત્રથી શરૂ કરી ઉત્તરાષાઢા પર્યંતના નક્ષત્રોને પાર કરે, તેને નક્ષત્ર માસ કહે છે અથવા ૨૮ નક્ષત્રના ચંદ્ર સાથેના સહપરિભ્રમણથી નિષ્પન્ન માસને નક્ષત્ર માસ કહે છે. ૧૨ નક્ષત્ર માસનું એક નક્ષત્ર સંવત્સર થાય છે.

**(૨) યુગ સંવત્સર :– युगं पंचसंवत्सरात्मकं** પાંચ વરસના સમુદાયને એક યુગ કહે છે. સૂત્રકારે અહીં ચંદ્ર સંવત્સરની પ્રધાનતાએ પાંચ ચંદ્રસંવત્સરના સમૂહને યુગ સંવત્સર કહ્યું છે. તે જ રીતે પાંચ સૂર્ય વર્ષના સમુદાયને સૂર્ય યુગ સંવત્સર કહે છે અને પાંચ નક્ષત્ર વર્ષના સમુદાયને નક્ષત્રયુગ સંવત્સર કહે છે.

**(૩) પ્રમાણ સંવત્સર :– प्रमाण प्रधानत्वादस्य संवत्सरस्य प्रमाणमेवाभिधीयते ।** પ્રમાણ,

પરિમાણની પ્રધાનતાવાળા સંવત્સરને પ્રમાણ સંવત્સર કહે છે. ચંદ્ર સંવત્સર, સૂર્ય સંવત્સર, નક્ષત્ર સંવત્સર વગેરેના અહોરાત્ર પ્રમાણને પ્રમાણ સંવત્સર કહે છે. પ્રમાણ સંવત્સર એટલે નક્ષત્રાદિ સંવત્સરોનું પ્રમાણ. ચંદ્ર યુગ સંવત્સર, સૂર્ય યુગ સંવત્સર, નક્ષત્ર યુગ સંવત્સર, ઋતુ યુગ સંવત્સર. આ સર્વ યુગ સંવત્સરના ૧૮૩૦ દિવસ છે.

**(૪) લક્ષણ સંવત્સર :– लक्षणानां प्रधानतया लक्षण संवत्सराः** । લક્ષણની પ્રધાનતાવાળા સંવત્સરને લક્ષણ સંવત્સર કહે છે. ચંદ્ર સંવત્સર, સૂર્ય સંવત્સર, નક્ષત્ર સંવત્સર વગેરેના લક્ષણને લક્ષણ સંવત્સર કહે છે.

**(૫) શનૈશ્ચર સંવત્સર :–** શનિ મહાગ્રહના ૨૮ નક્ષત્ર કે ૧૨ રાશિને ભોગવવાના કાળને શનૈશ્ચર સંવત્સર કહે છે.

શૈનેશ્ચર મહાગ્રહ ૩૦ સંવત્સરમાં ૨૮ નક્ષત્રોને પાર કરે છે. એક નક્ષત્ર સંવત્સર ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ દિવસનું છે, તેને ૩૦ સંવત્સરથી ગુણતા(૩૨૭ × ૩૦ = ૯૮૧૦, ૫૧ × ૩૦ = ૧૫૩૦ ÷ ૬૭ = ૨૨ $\frac{૫૬}{૬૭}$, ૯૮૧૦ + ૨૨ $\frac{૫૬}{૬૭}$ =) ૯૮૩૨ $\frac{૫૬}{૬૭}$ દિવસનું શૈનેશ્ચર સંવત્સર છે.

**સંવત્સર પ્રકાર :–**

**નક્ષત્ર સંવત્સર પ્રકાર :–** નક્ષત્ર સંવત્સરના ૧૨ પ્રકાર છે. ૨૮ નક્ષત્રમાંથી ધનિષ્ઠા(શ્રવિષ્ઠા), ઉત્તરભાદ્રપદા, અશ્વિની, કૃત્તિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, ઉત્તરાફાલ્ગુની, ચિત્રા, વિશાખા, જ્યેષ્ઠામૂલી, ઉત્તરાષાઢા, આ બાર નક્ષત્રો બાર માસને સમાપ્ત કરે છે. આ બાર માસથી નક્ષત્ર સંવત્સર નિષ્પન્ન થાય છે. શ્રાવણાદિ માસ(મહિના) સંવત્સરના અવયવભૂત છે. અવયવમાં અવયવીનો ઉપચાર કરીને શ્રાવણાદિને સંવત્સર કહ્યા છે અને તેથી જ નક્ષત્ર સંવત્સરના ૧૨ પ્રકાર કહ્યા છે.

**યુગ સંવત્સર પ્રકાર :–** યુગ સંવત્સરના પાંચ પ્રકાર છે. અહીં ચંદ્ર યુગ સંવત્સરનું કથન છે. સૂર્ય યુગ સંવત્સરના પાંચ પ્રકાર સૂર્ય સંવત્સર જ કહેવાય છે. ચંદ્ર સંવત્સર અને નક્ષત્ર સંવત્સરના અહોરાત્ર સૂર્ય સંવત્સર કરતાં ઓછા છે. એક યુગે ચંદ્ર સંવત્સર અને નક્ષત્ર સંવત્સરનો સૂર્ય સંવત્સર સાથે મેળ કરવા ચંદ્ર માસ, નક્ષત્ર માસને વધારવામાં આવે છે, અભિવર્દ્ધિત કરવામાં આવે છે, તેથી તે વધારેલા ચંદ્ર માસ કે નક્ષત્ર માસ અભિવર્ધિત માસ(અધિક માસ) તરીકે ઓળખાય છે. નક્ષત્ર સંવત્સર વ્યવહારમાં પ્રવર્તતું ન હોવાથી તેના અભિવર્દ્ધિત માસનો ઉલ્લેખ નથી. પાંચે સૂર્ય સંવત્સર સમાન છે, તેથી સૂત્રકારે સૂત્રમાં ચંદ્ર યુગ સંવત્સરના જ પ્રકાર બતાવ્યા છે.

ચંદ્ર યુગ સંવત્સરમાં પહેલું ચંદ્ર સંવત્સર છે. યુગના પ્રારંભે શ્રાવણ વદ-૧ થી પૂનમની સમાપ્તિ સુધીના ૨૯ $\frac{૩૨}{૬૨}$ દિવસનો એક ચંદ્ર માસ હોય છે અને ૧૨ ચંદ્ર માસનું એક ચંદ્ર સંવત્સર કહેવાય છે. આ જ પ્રમાણે બીજું, ચોથું ચંદ્ર સંવત્સર જાણવું.

ચંદ્ર સંવત્સર ૧૨ માસનું છે. ચંદ્ર માસ ૨૯ $\frac{૩૨}{૬૨}$ દિવસનો છે. ૨૯ $\frac{૩૨}{૬૨}$ × ૧૨ = ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ દિવસનું ચંદ્ર સંવત્સર છે.

યુગનું ત્રીજું અને પાંચમું ચંદ્ર સંવત્સર અભિવર્ધિત સંવત્સર કહેવાય છે. અભિવર્ધિત યુગ સંવત્સર ૧૩ માસનું હોય છે. પાંચ વર્ષ રૂપ યુગમાં સૂર્ય સંવત્સરની અપેક્ષાએ વિચાર કરતાં, ન્યૂનાધિકતા વિના પાંચ વર્ષ જ હોય છે. સૂર્ય માસ ૩૦ાા (૩૦$\frac{૩૦}{૬૦}$) અહોરાત્ર પ્રમાણ છે અને ચંદ્રમાસ ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર પ્રમાણ છે. સૂર્ય માસ પ્રમાણે ૩૦ માસ પૂર્ણ થાય ત્યારે ચંદ્ર માસ પ્રમાણે ૩૧ ચંદ્ર માસ પૂર્ણ થાય છે. તે એક માસનો જે તફાવત થયો, તે માસને અધિક માસ કહેવામાં આવે છે.

**અધિક માસ ગણના :–** એક સૂર્ય માસના ૩૦ ૩૦/૬૦ અહોરાત્ર છે, તેથી ૩૦ સૂર્ય માસના ૩૦ ૩૧/૬૨ × ૩૦ = ૯૧૫ અહોરાત્રિ થાય છે.

એક ચંદ્રમાસના ૨૯ ૩૨/૬૨ અહોરાત્ર છે, તેથી ૩૦ ચંદ્રમાસના ૨૯ ૩૨/૬૨ × ૩૦ = ૮૮૫ ૩૦/૬૨ અહોરાત્ર છે.

આ રીતે ૩૦ સૂર્ય માસના ૯૧૫ અહોરાત્ર અને ચંદ્ર માસના ૮૮૫ ૩૦/૬૨ અહોરાત્ર થાય છે, તે બંને વચ્ચે (૯૧૫–૮૮૫ ૩૨/૬૨ = ) ૨૯ ૩૨/૬૨ અહોરાત્રનો તફાવત થયો. આ તફાવતની પૂર્તિ કરવા ચંદ્ર સંવત્સરમાં એક માસ અભિવર્ધિત કરાય છે, તેને અધિકમાસ કહે છે.

એક યુગમાં સૂર્ય સંવત્સરના ૩૦ માસ કે ૬૦ પક્ષ વ્યતીત થાય છે ત્યારે એક યુગમાં ચંદ્ર સંવત્સરના ત્રીજા સંવત્સરે(અઢી વરસે) અને પાંચમા સંવત્સરના અંતે એક ચંદ્ર માસ વધારવામાં આવે છે. યુગનો પ્રારંભ શાસ્ત્રોક્ત શ્રાવણ વદ–૧ (ગુજરાતી અષાઢ વદ–૧ થાય છે. ત્યાંથી અઢી વરસ એટલે પોષ વદ–૧ થી પોષ સુદ–૧૫ સુધીનો મહિનો અધિક માસ કહેવાય છે અને યુગનો અંતિમ માસ એટલે શાસ્ત્રોક્ત અષાઢ વદ–૧થી અષાઢ સુદ–૧૫ (ગુજરાતી જેઠ વદના ૧૫ દિવસ અને અષાઢ સુદના ૧૫ દિવસ) અધિક માસ કહેવાય છે. શાસ્ત્રોક્ત રીતે પોષ અને અષાઢ, આ બે મહિના જ અધિક માસ રૂપે આવે છે.

**ચંદ્ર યુગ સંવત્સર :–**

| સંવત્સર | નામ | માસ | માસના દિવસ | સંવત્સરમાં | |
|---|---|---|---|---|---|
| | | | | પર્વ(પક્ષ) | દિન |
| ૧ | ચંદ્ર સંવત્સર | ૧૨ | ૨૯ ૩૨/૬૨ | ૨૪ | ૩૫૪ ૧૨/૬૨ |
| ૨ | ચંદ્ર સંવત્સર | ૧૨ | ૨૯ ૩૨/૬૨ | ૨૪ | ૩૫૪ ૧૨/૬૨ |
| ૩ | અભિવર્ધિત | ૧૩ | ૨૯ ૩૨/૬૨ | ૨૬ | ૩૮૩ ૪૪/૬૨ |
| ૪ | ચંદ્ર સંવત્સર | ૧૨ | ૨૯ ૩૨/૬૨ | ૨૪ | ૩૫૪ ૧૨/૬૨ |
| ૫ | અભિવર્ધિત | ૧૩ | ૨૯ ૩૨/૬૨ | ૨૬ | ૩૮૩ ૪૪/૬૨ |
| કુલ–૫ | – | ૬૨ | – | ૧૨૪ | ૧૮૩૦ |

**પ્રમાણ સંવત્સરના પ્રકાર :–** સૂત્રકારે નક્ષત્ર, ચંદ્ર, ઋતુ(કર્મ), આદિત્ય-સૂર્ય, અભિવર્ધિત, આ પાંચ સંવત્સરના પ્રમાણ દર્શાવ્યા છે. પાંચ સંવત્સરના પ્રમાણને જ અહીં પ્રમાણ સંવત્સરના પાંચ પ્રકાર કહ્યા છે. વર્ષનું પ્રમાણ માસના પ્રમાણને આધીન છે, તેથી અહીં નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય વગેરેના માસ પ્રમાણના આધારે સંવત્સર પ્રમાણ દર્શાવ્યા છે.

**૧૮૩૦ અહોરાત્ર પ્રમાણ યુગસંવત્સર :–** એક યુગમાં સૂર્યના પાંચ દક્ષિણાયન અને પાંચ ઉત્તરાયણ કુલ ૧૦ અયન થાય છે. બંને અયન ૧૮૩-૧૮૩ અહોરાત્રના છે, તેથી ૧૮૩ × ૧૦ = ૧,૮૩૦ અહોરાત્ર એક યુગના થાય છે.

એક યુગમાં સૂર્ય માસ–૬૦, નક્ષત્ર માસ-૬૭, ચંદ્ર માસ-૬૨, ઋતુ માસ-૬૧ છે, તેથી એક એક માસના અહોરાત્ર નિશ્ચિત કરવા ૧,૮૩૦ને ૬૦, ૬૭, ૬૨, ૬૧ થી ભાગતા સૂર્ય માસાદિના અહોરાત્રનું પ્રમાણ આવે છે.

**સૂર્યાદિ સંવત્સરના અહોરાત્ર :–**

| ક્રમ | ૧ યુગના અહોરાત્ર | યુગના માસ | માસના અહોરાત્ર | સંવત્સર માસ પ્રમાણ | સંવત્સર અહોરાત્ર પ્રમાણ |
|---|---|---|---|---|---|
| સૂર્ય સંવત્સર પ્રમાણ | ૧,૮૩૦ | ૬૦ | ૩૦ $\frac{૩૦}{૬૦}$ | ૧૨ | ૩૬૬ |
| નક્ષત્ર સંવત્સર પ્રમાણ | ૧,૮૩૦ | ૬૭ | ૨૭ $\frac{૨૧}{૬૭}$ | ૧૨ | ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ |
| ચંદ્ર સંવત્સર પ્રમાણ | ૧,૮૩૦ | ૬૨ | ૨૯ $\frac{૩૨}{૬૨}$ | ૧૨ | ૩૫૪ $\frac{૧૨}{૬૭}$ |
| ઋતુ સંવત્સર પ્રમાણ | ૧,૮૩૦ | ૬૧ | ૩૦ | ૧૨ | ૩૬૦ |
| અભિવર્ધિત સંવત્સર પ્રમાણ | ૧,૮૩૦ | ૫૭ માસ ૭ દિવસ ૧૧ $\frac{૨૩}{૬૨}$ મુહૂર્ત | ૩૧ $\frac{૧૨૧}{૧૨૪}$ | ૧૨ | ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ |

પાંચ અભિવર્ધિત સંવત્સરના સમુદાયને અભિવર્ધિત યુગ કહેવામાં આવે છે. અભિવર્ધિત સંવત્સરના ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ અહોરાત્ર છે. તેને બાર માસથી ભાગતા ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ ÷ ૧૨ = ૩૧ $\frac{૧૨૧}{૧૨૪}$ અહોરાત્ર(એક માસના) પ્રાપ્ત થાય છે. ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ ×૫(યુગના વર્ષ) = ૧૯૧૮ $\frac{૩૪}{૬૨}$ અહોરાત્ર અથવા ૩૧ $\frac{૧૨૧}{૧૨૪}$ અહોરાત્ર × ૬૦ માસ = ૧૯૧૮ $\frac{૩૪}{૬૨}$ અહોરાત્ર પ્રમાણ એક અભિવર્ધિત યુગ હોય છે.

સૂર્ય યુગના ૧૮૩૦ દિવસ સાથે મેળ કરવા અભિવર્ધિત યુગની માસ સંખ્યા ૬૦ નહીં પણ ૫૭ માસ, ૭ દિવસ ૧૧ $\frac{૨૩}{૬૨}$ મુહૂર્ત ગ્રહણ કરવામાં આવે છે. ૫૭ માસ × ૩૧ $\frac{૧૨૧}{૧૨૪}$ અહોરાત્ર = ૧૮૨૨ અહોરાત્ર અને ૧૮ $\frac{૪૯}{૬૨}$ પ્રાપ્ત થાય છે, તેમાં ૭ અહોરાત્ર અને ૧૧ $\frac{૨૩}{૬૨}$ મુહૂર્ત ઉમેરવાથી ૧૮૩૦ અહોરાત્ર પ્રમાણ અભિવર્ધિત યુગ થાય છે.

આદિત્ય સંવત્સર-આદિ પૂર્વોક્ત પાંચે સંવત્સરમાંથી એક કર્મ સંવત્સર-ઋતુ સંવત્સરનો માસ-ઋતુમાસ ૩૦ અહોરાત્ર પ્રમાણ છે તેના કોઈ અંશ નથી. આ ઋતુ માસ નિરંશ હોવાથી લોક વ્યવહાર પ્રયોજક છે. શેષ સૂર્યાદિ માસ અંશ સહિત હોવાથી લોક વ્યવહાર દુષ્કર બને છે.

| | | | |
|---|---|---|---|
| નિરંશ પ્રમાણ થી | ૬૦ પળ | = | ૧ ઘડી |
| | ૨ ઘડી | = | ૧ મુહૂર્ત |
| | ૩૦ મુહૂર્ત | = | ૧ અહોરાત્ર |
| | ૧૫ અહોરાત્ર | = | ૧ પક્ષ |
| | ૨ પક્ષ | = | ૧ માસ |
| | ૧૨ માસ | = | ૧ સંવત્સર થાય છે. |

**લક્ષણ સંવત્સર પ્રકાર :–** નક્ષત્ર, ચંદ્ર, ઋતુ-કર્મ, આદિત્ય-સૂર્ય, અભિવર્ધિત, આ પાંચ સંવત્સરના લક્ષણ સૂત્રકારે દર્શાવ્યા છે. આ પાંચ સંવત્સરના લક્ષણને જ અહીં પાંચ લક્ષણ સંવત્સર કહ્યા છે.

**॥ પ્રાભૃત–૧૦/૨૦ સંપૂર્ણ ॥**

# દસમું પ્રાભૃત : એકવીસમું પ્રતિપ્રાભૃત

## નક્ષત્ર દ્વાર

**નક્ષત્રોના દ્વાર વિષયક પાંચ પ્રતિપત્તિઓ :–**

**१ ता कहं ते जोइसस्स दारा आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ पंच पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–**

**तत्थेगे एवमाहंसु– ता कत्तियादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु– ता महादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु– ता धणिट्ठादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु– ता अस्सिणीयादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु– ता भरणीयादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જ્યોતિષી(નક્ષત્ર)ના દ્વાર કેવા પ્રકારના છે ? **ઉત્તર–** નક્ષત્રોના દ્વારના વિષયમાં અન્યતીર્થિકોની પાંચ પ્રતિપત્તિઓ કહી છે. તે આ પ્રમાણે છે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે કૃતિકા આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા છે. (૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે મઘા આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા છે. (૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ધનિષ્ઠા આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા છે. (૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે અશ્વિની આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા છે. (૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ભરણી આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા છે.

**२ तत्थ णं जे ते एवमाहंसु– ता कत्तियादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, ते एवमाहंसु, तं जहा– कत्तिया रोहिणी संठाणा अद्दा पुणव्वसू, पुस्सो अस्सेसा ।**

**महादीया णं सत्त णक्खत्ता दाहिणदारिया पण्णत्ता, तं जहा– महा पुव्वाफग्गुणी उत्तराफग्गुणी हत्थो चित्ता साई विसाहा,**

**अणुराधादीया णं सत्त णक्खत्ता पच्छिमदारिया पण्णत्ता, तंजहा– अणुराधा जेट्ठा मूलो पुव्वासाढा उत्तरासाढा अभीई सवणो ।**

**धणिट्ठादीया णं सत्त णक्खत्ता उत्तरदारिया पण्णत्ता, तं जहा– धणिट्ठा सतभिसया पुव्वापोट्ठवया उत्तरापोट्ठवया रेवई अस्सिणी भरणी ।**

**ભાવાર્થ :–** તેમાંથી જે એમ કહે છે કે કૃતિકા આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા છે. તેઓનું કથન છે કે કૃત્તિકાદિ સાત નક્ષત્રો પૂર્વ દ્વારવાળા છે, યથા– (૧) કૃતિકા (૨) રોહિણી (૩) મૃગશીર્ષ (૪) આર્દ્રા (૫) પુનર્વસુ (૬) પુષ્ય (૭) અશ્લેષા,

મઘાદિ સાત નક્ષત્રો દક્ષિણ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) મઘા (૨) પૂર્વફાલ્ગુની (૩) ઉત્તરાફાલ્ગુની (૪) હસ્ત (૫) ચિત્રા (૬) સ્વાતિ અને (૭) વિશાખા.

અનુરાધાદિ સાત નક્ષત્રો પશ્ચિમ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) અનુરાધા (૨) જયેષ્ઠા (૩) મૂલ (૪) પૂર્વાષાઢા (૫) ઉત્તરાષાઢા (૬) અભિજિત અને (૭) શ્રવણ.

ધનિષ્ઠા આદિ સાત નક્ષત્રો ઉત્તરદિશાના દ્વારવાળા છે, યથા– (૧) ધનિષ્ઠા (૨) શતભિષક્ (૩) પૂર્વાભાદ્રપદ (૪) ઉત્તરાભાદ્રપદા (૫) રેવતી (૬) અશ્વિની અને (૭) ભરણી.

**३ तत्थ णं जे ते एवमाहंसु– ता महादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, ते एवमाहंसु, तं जहा– महा पुव्वाफग्गुणी उत्तराफग्गुणी हत्थो चित्ता साई विसाहा ।**

**अणुराधादीया णं सत्त णक्खत्ता दाहिणदारिया पण्णत्ता, तं जहा– अणुराधा जेट्ठा मूले पुव्वासाढा उत्तरासाढा अभिई सवणे ।**

**धणिट्ठादीया णं सत्त णक्खत्ता पच्छिमदारिया पण्णत्ता, तं जहा– धणिट्ठा सतभिसया पुव्वापोट्ठवया उत्तरापोट्ठवया रेवई अस्सिणी भरणी ।**

**कत्तियादीया सत्त णक्खत्ता उत्तरदारिया पण्णत्ता, तं जहा– कत्तिया रोहिणी संठाणा अद्दा पुणव्वसू पुस्सो अस्सेसा ।**

**ભાવાર્થ :–** તેમાંથી જે એમ કહે છે કે– મઘા આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા છે, તેઓનું કથન છે કે મઘાદિ સાત નક્ષત્રો પૂર્વ દ્વારવાળા છે, યથા– (૧) મઘા (૨) પૂર્વાફાલ્ગુની (૩) ઉત્તરાફાલ્ગુની (૪) હસ્ત (૫) ચિત્રા (૬) સ્વાતિ (૭) વિશાખા.

અનુરાધાદિ સાત નક્ષત્રો દક્ષિણ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) અનુરાધા (૨) જયેષ્ઠા (૩) મૂલ (૪) પૂર્વાષાઢા (૫) ઉત્તરાષાઢા (૬) અભિજિત (૭) શ્રવણ.

ધનિષ્ઠા આદિ સાત નક્ષત્રો પશ્ચિમ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) ધનિષ્ઠા (૨) શતભિષક્ (૩) પૂર્વાભાદ્રપદા (૪) ઉત્તરાભાદ્રપદા (૫) રેવતી (૬) અશ્વિની (૭) ભરણી.

કૃતિકા આદિ સાત નક્ષત્રો ઉત્તરદિશાના દ્વારવાળા છે, યથા– (૧) કૃતિકા (૨) રોહિણી (૩) મૃગશીર્ષ (૪) આર્દ્રા (૫) પુનર્વસુ (૬) પુષ્ય (૭) અશ્લેષા.

**૪** **तत्थ णं जे ते एवमाहंसु– ता धणिट्ठादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, ते एवमाहंसु, तं जहा– धणिट्ठा सतभिसया पुव्वापोट्ठवया उत्तरापोट्ठवया रेवई अस्सिणी भरणी ।**

**कत्तियादीया णं सत्त णक्खत्ता दाहिणदारिया पण्णत्ता, तं जहा– कत्तिया रोहिणी संठाणा अद्दा पुणव्वसू पुस्सो अस्सेसा ।**

**महादीया णं सत्त णक्खत्ता पच्छिमदारिया पण्णत्ता, तं जहा– महा पुव्वाफग्गुणी उत्तराफग्गुणी हत्थो चित्ता साई विसाहा ।**

**अणुराधादीया णं सत्त णक्खत्ता उत्तरदारिया पण्णत्ता, तं जहा– अणुराहा जेट्ठा मूलो पुव्वासाढा उत्तरासाढा अभीई सवणो ।**

**ભાવાર્થ :–** તેમાંથી જે આ પ્રમાણે કહે છે કે– ધનિષ્ઠા આદિ સાત નક્ષત્રો પૂર્વદિશાના દ્વારવાળા છે. તે એમ કહે છે કે ધનિષ્ઠાદિ સાત નક્ષત્ર પૂર્વદિશાના દ્વારવાળા છે, યથા– (૧) ધનિષ્ઠા (૨) શતભિષક્ (૩) પૂર્વાભાદ્રપદા (૪) ઉત્તરાભાદ્રપદા (૫) રેવતી (૬) અશ્વિની (૭) ભરણી.

કૃતિકા આદિ સાત નક્ષત્રો દક્ષિણ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) કૃતિકા (૨) રોહિણી (૩) મૃગશીર્ષ (૪) આર્દ્રા (૫) પુનર્વસુ (૬) પુષ્ય (૭) અશ્લેષા.

મઘા આદિ સાત નક્ષત્રો પશ્ચિમ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) મઘા (૨) પૂર્વાફાલ્ગુની (૩) ઉત્તરાફાલ્ગુની (૪) હસ્ત (૫) ચિત્રા (૬) સ્વાતિ (૭) વિશાખા.

અનુરાધા આદિ સાત નક્ષત્રો ઉત્તર દિશાના દ્વારવાળા છે, યથા– (૧) અનુરાધા (૨) જયેષ્ઠા (૩) મૂલ (૪) પૂર્વાષાઢા (૫) ઉત્તરાષાઢા (૬) અભિજિત (૭) શ્રવણ.

**૫** **तत्थ णं जे ते एवमाहंसु– ता अस्सिणीयादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, ते एवमाहंसु, तं जहा– अस्सिणी भरणी कत्तिया रोहिणी संठाणा अद्दा पुणव्वसू ।**

**पुस्सादीया णं सत्त णक्खत्ता दाहिणदारिया पण्णत्ता, तं जहा– पुस्सा अस्सेसा महा पुव्वाफग्गुणी उत्तराफग्गुणी हत्थो चित्ता ।**

**साइयादीया णं सत्त णक्खत्ता पच्छिमदारिया पण्णत्ता, तं जहा– साई विसाहा अणुराहा जेट्ठा मूलो पुव्वासाढा उत्तरासाढा ।**

**अभिईयादिया णं सत्त णक्खत्ता उत्तरदारिया पण्णत्ता, तं जहा– अभिई सवणो धणिट्ठा सतभिसया पुव्वभद्दवया उत्तरभद्दवया रेवई ।**

**ભાવાર્થ :–** તેમાં જે એમ કહે છે કે– અશ્વિની આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા છે, તેઓનું કથન છે કે અશ્વિની આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) અશ્વિની (૨) ભરણી (૩) કૃતિકા (૪) રોહિણી (૫) મૃગશીર્ષ (૬) આર્દ્રા (૭) પુનર્વસુ.

પુષ્યાદિ સાત નક્ષત્રો દક્ષિણ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) પુષ્ય (૨) અશ્લેષા (૩) મઘા (૪) પૂર્વાફાલ્ગુની (૫) ઉત્તરાફાલ્ગુની (૬) પુનર્વસુ (૭) ચિત્રા.

સ્વાતિ આદિ સાત નક્ષત્રો પશ્ચિમ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) સ્વાતિ (૨) વિશાખા (૩) અનુરાધા (૪) જયેષ્ઠા (૫) મૂલ (૬) પૂર્વાષાઢા (૭) ઉત્તરાષાઢા.

અભિજિત આદિ સાત નક્ષત્રો ઉત્તર દિશાના દ્વારવાળા છે, યથા– (૧) અભિજિત (૨) શ્રવણ (૩) ધનિષ્ઠા (૪) શતભિષક્ (૫) પૂર્વાભાદ્રપદા (૬) ઉત્તરાભાદ્રપદા (૭) રેવતી.

**६ तत्थ णं जे ते एवमाहंसु– ता भरणियादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, ते एवमाहंसु, तं जहा– भरणी कत्तिया रोहिणी संठाणा अद्दा पुणव्वसू पुस्सो ।**

**अस्सेसादीया णं सत्त णक्खत्ता दाहिणदारिया पण्णत्ता, तं जहा– अस्सेसा महा पुव्वाफग्गुणी उत्तराफग्गुणी हत्थो चित्ता साई ।**

**विसाहादीया णं सत्त णक्खत्ता पच्छिमदारिया पण्णत्ता, तं जहा– विसाहा अणुराहा जेट्ठा मूलो पुव्वासाढा उत्तरासाढा अभिई ।**

**सवणादीया णं सत्त णक्खत्ता उत्तरदारिया पण्णत्ता, तं जहा– सवणो धणिट्ठा सतभिसया पुव्वापोट्ठवया उत्तरापोट्ठवया रेवई अस्सिणी एगे एगमाहंसु।**

**ભાવાર્થ :–** તેમાં જે એમ કહે છે કે ભરણી આદિ સાત નક્ષત્ર પૂર્વ દિશાના દ્વારવાળા છે, તેઓનું કથન છે કે ભરણી આદિ સાત નક્ષત્ર પૂર્વ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) ભરણી (૨) કૃતિકા (૩) રોહિણી (૪) મૃગશીર્ષ (૫) આર્દ્રા (૬) પુનર્વસુ (૭) પુષ્ય.

અશ્લેષા આદિ સાત નક્ષત્રો દક્ષિણ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) અશ્લેષા (૨) મઘા (૩) પૂર્વા ફાલ્ગુની (૪) ઉત્તરા ફાલ્ગુની (૫) હસ્ત (૬) ચિત્રા (૭) સ્વાતિ.

વિશાખા આદિ સાત નક્ષત્રો પશ્ચિમ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) વિશાખા (૨) અનુરાધા (૩) જયેષ્ઠા (૪) મૂલ (૫) પૂર્વાષાઢા (૬) ઉત્તરાષાઢા (૭) અભિજિત.

શ્રવણાદિ સાત નક્ષત્રો ઉત્તર દિશાના દ્વારવાળા છે, યથા– (૧) શ્રવણ (૨) ધનિષ્ઠા (૩) શતભિષક્ (૪) પૂર્વાભાદ્રપદા (૫) ઉત્તરાભાદ્રપદા (૬) રેવતી (૭) અશ્વિની.

**નક્ષત્ર દ્વાર :–**

**૭ वयं पुण एवं वयामो ता अभिइयादीया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, तं जहा– अभिई सवणो धणिट्ठा सतभिसया पुव्वापोट्ठवया उत्तरापोट्ठवया रेवई ।**

**अस्सिणीयादीया णं सत्त णक्खत्ता दाहिणदारिया पण्णत्ता, तं जहा– अस्सिणी भरणी कत्तिया रोहिणी संठाणा अद्दा पुणव्वसू ।**

**पुस्सादिया णं सत्त णक्खत्ता पच्छिमदारिया पण्णत्ता, तं जहा– पुस्सो अस्सेसा महा पुव्वाफग्गुणी उत्तराफग्गुणी हत्थो चित्ता ।**

**साईयादिया णं णक्खत्ता उत्तरदारिया पण्णत्ता, तं जहा– साई विसाहा अणुराहा जेट्ठा मूले पुव्वासाढा उत्तरासाढा ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે– અભિજિત આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા છે, જેમ કે– (૧) અભિજિત (૨) શ્રવણ (૩) ધનિષ્ઠા (૪) શતભિષક્ (૫) પૂર્વાભાદ્રપદા (૬) ઉત્તરાભાદ્રપદા (૭) રેવતી.

અશ્વિની આદિ સાત નક્ષત્રો દક્ષિણ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) અશ્વિની (૨) ભરણી (૩) કૃતિકા (૪) રોહિણી (૫) મૃગશીર્ષ (૬) આર્દ્રા (૭) પુનર્વસુ.

પુષ્ય આદિ સાત નક્ષત્ર પશ્ચિમ દિશાના દ્વારવાળા છે, યથા– (૧) પુષ્ય (૨) અશ્લેષા (૩) મઘા (૪) પૂર્વાફાલ્ગુની (૫) ઉત્તરાફાલ્ગુની (૬) હસ્ત (૭) ચિત્રા.

સ્વાતિ આદિ સાત નક્ષત્ર ઉત્તર દિશાના દ્વારવાળા છે, જેમ કે– (૧) સ્વાતિ (૨) વિશાખા (૩) અનુરાધા (૪) જયેષ્ઠા (૫) મૂલ (૬) પૂર્વાષાઢા (૭) ઉત્તરાષાઢા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નક્ષત્રના દિશા દ્વારનું કથન છે.

**नक्खत्ता पुव्वदारिया**– પૂર્વ દિશાના દ્વારવાળા નક્ષત્ર. **येषु नक्षत्रेषु पूर्वस्यां दिशि गच्छतः प्रायः शुभमुपजायते तानि पूर्वद्वारकाणि ।** જે નક્ષત્રોમાં પૂર્વ દિશા તરફ જતાં પ્રાયઃ શુભ થાય છે, તે નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા કહેવાય છે. તે જ રીતે જે નક્ષત્રો પ્રાયઃ દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં શુભ ફળ આપે છે. તે ક્રમશઃ દક્ષિણ દ્વાર, પશ્ચિમદ્વાર અને ઉત્તર દ્વારવાળા નક્ષત્ર કહેવાય છે.

**નક્ષત્રોના દિશા દ્વાર :–**

| પૂર્વ દ્વારવાળા નક્ષત્રો | દક્ષિણ દ્વારવાળા નક્ષત્રો | પશ્ચિમ દ્વારવાળા નક્ષત્રો | ઉત્તર દ્વારવાળા નક્ષત્રો |
|---|---|---|---|
| ૧. અભિજિત | ૧. અશ્વિની | ૧. પુષ્ય | ૧. સ્વાતિ |
| ૨. શ્રવણ | ૨. ભરણી | ૨. અશ્લેષા | ૨. વિશાખા |
| ૩. ધનિષ્ઠા | ૩. કૃત્તિકા | ૩. મઘા | ૩. અનુરાધા |
| ૪. શતભિષક્ | ૪. રોહિણી | ૪. પૂર્વાફાલ્ગુની | ૪. જયેષ્ઠા |
| ૫. પૂર્વાભાદ્રપદા | ૫. મૃગશીર્ષ | ૫. ઉત્તરાફાલ્ગુની | ૫. મૂલ |
| ૬. ઉત્તરાભાદ્રપદા | ૬. આર્દ્રા | ૬. હસ્ત | ૬. પૂર્વાષાઢા |
| ૭. રેવતી | ૭. પુનર્વસુ | ૭. ચિત્રા | ૭. ઉત્તરાષાઢા |

શ્રી સમવાયાંગ સૂત્રના સાતમા સમવાયમાં પ્રાયઃ પ્રતોમાં **कत्तियाई सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता** સૂત્રપાઠ જોવા મળે છે. સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રના આ ૧૦/૧૨ પ્રાભૃતના બીજા સૂત્રના આધારે કહી શકાય કે તે અન્યતીર્થિકોની માન્યતા છે.

## ॥ પ્રાભૃત–૧૦/૨૧ સંપૂર્ણ ॥

# દસમું પ્રાભૃત : બાવીસમું પ્રતિપ્રાભૃત

## નક્ષત્ર વિજય–સ્વરૂપ

**નક્ષત્રોનું સ્વરૂપ :–**

**१ ता कहं ते णक्खत्तविजए आहिएति वएज्जा ? ता अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए *जाव* परिक्खेवेणं पण्णत्ते । ता जंबुद्दीवे णं दीवे दो चंदा पभासेंसु वा पभासेंति वा पभासिस्संति वा । दो सूरिया तविंसु वा तवेंति वा तविस्संति वा । छप्पण्णं णक्खत्ता जोयं जोएंसु वा जोएंति वा जोइस्संति वा, तं जहा– दो अभीई दो सवणा दो धणिट्ठा दो सतभिसया दो पुव्वापोट्ठवया दो उत्तरापोट्ठवया दो रेवई दो अस्सिणी दो भरणी दो कत्तिया दो रोहिणी दो संठाणा दो अद्दा दो पुणव्वसू दो पुस्सा दो अस्सेसाओ दो महा दो पुव्वाफग्गुणी दो उत्तराफग्गुणी दो हत्था दो चित्ता दो साई दो विसाहा दो अणुराधा दो जेट्ठा दो मूला दो पुव्वासाढा दो उतरासाढा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નક્ષત્ર વિજય એટલે નક્ષત્રનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** સર્વ દ્વીપ–સમુદ્રોની મધ્યમાં પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે જંબૂદ્વીપમાં બે ચંદ્ર પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે; બે સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે. છપ્પન નક્ષત્ર ચંદ્ર-સૂર્યની સાથે યોગ કરતા હતા, કરે છે અને યોગ કરશે. તે છપ્પન નક્ષત્રો આ પ્રમાણે છે– (૧) બે અભિજિત (૨) બે શ્રવણ (૩) બે ધનિષ્ઠા (૪) બે શતભિષક્ (૫) બે પૂર્વાભાદ્રપદા (૬) બે ઉત્તરાભાદ્રપદા (૭) બે રેવતી (૮) બે અશ્વિની (૯) બે ભરણી (૧૦) બે કૃતિકા (૧૧) બે રોહિણી (૧૨) બે મૃગશીર્ષ (૧૩) બે આર્દ્રા (૧૪) બે પુનર્વસુ (૧૫) બે પુષ્ય (૧૬) બે અશ્લેષા (૧૭) બે મઘા (૧૮) બે પૂર્વાફાલ્ગુની (૧૯) બે ઉત્તરાફાલ્ગુની (૨૦) બે હસ્ત (૨૧) બે ચિત્રા (૨૨) બે સ્વાતિ (૨૩) બે વિશાખા (૨૪) બે અનુરાધા (૨૫) બે જયેષ્ઠા (૨૬) બે મૂલ (૨૭) બે પૂર્વાષાઢા (૨૮) બે ઉત્તરાષાઢા.

**છપ્પન નક્ષત્રોનો ચંદ્ર યોગકાળ :–**

**२ ता एएसि णं छप्पण्णाए णक्खत्ताणं– अत्थि णक्खत्ता जे णं णव मुहुत्ते सत्तावीसं च सत्तट्ठिभागे मुहुत्तस्स चंदेण सद्धिं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं पण्णरस मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं तीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं पणयालीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ।**

**ભાવાર્થ :–** આ છપ્પન નક્ષત્રોમાંથી કેટલાક નક્ષત્રો ચંદ્ર સાથે ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત(નવ પૂર્ણાંક સત્યાવીસ

સડસઠાંસ મુહૂર્ત) સુધી યોગ કરે છે. કેટલાક નક્ષત્રો ચંદ્ર સાથે પંદર મુહૂર્ત સુધી યોગ કરે છે. કેટલાક નક્ષત્રો ચંદ્ર સાથે ત્રીસ મુહૂર્ત સુધી યોગ કરે છે. કેટલાક નક્ષત્રો ચંદ્ર સાથે પીસ્તાલીસ મુહૂર્ત સુધી યોગ કરે છે.

**३ ता एएसिं छप्पण्णाए णक्खत्ताणं कयरे णक्खत्ता जे णं णवमुहुत्ते सत्तावीसं च सत्तट्ठिभागे मुहुत्तस्स चंदेण सद्धिं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं पण्णरसमुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं तीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ? कयरे णक्खत्ता जे णं पणयालीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ?**

**ता एएसि णं छप्पण्णाए णक्खत्ताणं– तत्थ जे ते णक्खत्ता, जे णं णव मुहुत्ते सत्तावीसं च सत्तसट्ठिभागे मुहुत्तस्स चंदेण सद्धिं जोयं जोएंति, ते णं दो अभीई ।**

**तत्थ जे ते णक्खत्ता, जे णं पण्णरसमुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ते णं बारस, तं जहा– दो सतभिसया दो भरणी दो अद्दा दो अस्सेसा दो साई दो जेट्ठा ।**

**तत्थ जे ते णक्खत्ता, जे णं तीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ते णं तीसं, तं जहा– दो सवणा दो धणिट्ठा दो पुव्वाभद्दवया दो रेवई दो अस्सिणी दो कत्तिया दो संठाणा दो पुस्सा दो महा दो पुव्वाफग्गुणी दो हत्था दो चित्ता दो अणुराधा दो मूला दो पुव्वासाढा ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं पणयालीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ते णं बारस, तं जहा– दो उत्तरापोट्ठवया दो रोहिणी दो पुणव्वसू दो उत्तराफग्गुणी, दो विसाहा, दो उत्तरासाढा ।**

**ભાવાર્થ :–** આ છપ્પન નક્ષત્રોમાંથી– (૧) કેટલા અને ક્યા નક્ષત્રો ૯$\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે ?(૨) કેટલા અને ક્યા નક્ષત્રો પંદર મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે ? (૩) કેટલા અને ક્યા નક્ષત્રો ત્રીસ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે ? (૪) કેટલા અને ક્યા નક્ષત્રો પિસ્તાલીસ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે ?

**ઉત્તર–** આ છપ્પન નક્ષત્રોમાંથી **(૧)** બે અભિજિત નક્ષત્ર ૯$\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે.

**(૨)** તે છપ્પન નક્ષત્રોમાંથી **૧.** બે શતભિષક્ **૨.** બે ભરણી **૩.** બે આર્દ્રા **૪.** બે અશ્લેષા **૫.** બે સ્વાતિ **૬.** બે જયેષ્ઠા, આ (૬ × ૨ = ) બાર નક્ષત્રો પંદર મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે.

**(૩)** તે છપ્પન નક્ષત્રોમાંથી **૧.** બે શ્રવણ **૨.** બે ધનિષ્ઠા **૩.** બે પૂર્વાભાદ્રપદા **૪.** બે રેવતી **૫.** બે અશ્વિની **૬.** બે કૃતિકા **૭.** બે મૃગશીર્ષ **૮.** બે પુષ્ય **૯.** બે મઘા **૧૦.** બે પૂર્વાફાલ્ગુની **૧૧.** બે હસ્ત **૧૨.** બે ચિત્રા **૧૩.** બે અનુરાધા **૧૪.** બે મૂલ **૧૫.** બે પૂર્વાષાઢા, આ(૧૫ × ૨ =) ૩૦ નક્ષત્રો ત્રીસ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે.

**(૪)** આ છપ્પન નક્ષત્રોમાંથી **૧.** બે ઉત્તરાભાદ્રપદા **૨.** બે રોહિણી **૩.** બે પુનર્વસુ **૪.** બે

ઉત્તરાફાલ્ગુની **૫.** બે વિશાખા **૬.** બે ઉત્તરાષાઢા, આ (૬ × ૨ =) બાર નક્ષત્રો પિસ્તાલીસ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે.

**છપ્પન નક્ષત્રોનો સૂર્ય યોગકાળ :–**

**૪** **ता एएसिं णं छप्पण्णाए णक्खत्ताणं– अत्थि णक्खत्ता जे णं चत्तारि अहोरत्ते छच्च मुहुत्ते सूरिएण सद्धिं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं छ अहोरत्ते एक्कवीसं च मुहुत्ते सूरिएणं सद्धिं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं तेरस अहोरत्ते बारस य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति । अत्थि णक्खत्ता जे णं वीसं अहोरत्ते तिण्णि य मुहुत्ते सूरेण सद्धिं जोगं जोएंति ।**

**ભાવાર્થ :–** આ છપ્પન નક્ષત્રોમાંથી– કેટલાક નક્ષત્રો ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે. કેટલાક નક્ષત્રો છ અહોરાત્ર અને એકવીસ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે. કેટલાક નક્ષત્રો તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે અને કેટલાક નક્ષત્રો વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે.

**૫** **ता एएसि णं छप्पण्णाए णक्खत्ताणं कयरे णक्खत्ता जे णं तं चेव उच्चारेयव्वं ता एएसिणं छप्पण्णाए णक्खत्ताणं तत्थ जे ते णक्खत्ता जे णं चत्तारि अहोरत्ते छच्च मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति, ते णं दो अभीई ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं छ अहोरत्ते एक्कवीसं च मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ते णं बारस, तं जहा– दो सतभिसया दो भरणी दो अद्दा दो अस्सेसा दो साई दो जेट्ठा ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं तेरस अहोरत्ते बारस य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ते णं तीसं, तं जहा– दो सवणा** *जाव* **दो पुव्वासाढा ।**

**तत्थ जे ते णक्खत्ता जे णं वीसं अहोरत्ते तिण्णि य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ते णं बारस, तं जहा– दो उत्तरापोट्ठवया** *जाव* **दो उत्तरासाढा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આ છપ્પન નક્ષત્રોમાંથી કેટલા અને ક્યા નક્ષત્રો ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે ? આ રીતે પ્રશ્નો પૂછવા અને તેના ઉત્તર આ પ્રમાણે છે–

**(૧)** આ છપ્પન નક્ષત્રોમાંથી બે અભિજિત નક્ષત્ર ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે.

**(૨)** આ છપ્પન નક્ષત્રોમાંથી **૧.** બે શતભિષક્ **૨.** બે ભરણી **૩.** બે આર્દ્રા **૪.** બે અશ્લેષા **૫.** બે સ્વાતિ **૬.** બે જયેષ્ઠા, આ (૬ × ૨ ) = બાર નક્ષત્રો છ અહોરાત્ર અને એકવીસ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે.

**(૩)** આ છપ્પન નક્ષત્રોમાંથી **૧.** બે શ્રવણ **૨.** બે ધનિષ્ઠા **૩.** બે પૂર્વાભાદ્રપદા **૪.** બે રેવતી **૫.** બે અશ્વિની **૬.** બે કૃતિકા **૭.** બે મૃગશીર્ષ **૮.** બે પુષ્ય **૫.** બે મઘા **૧૦.** બે પૂર્વાફાલ્ગુની **૧૧.** બે હસ્ત **૧૨.** બે ચિત્રા **૧૩.** બે અનુરાધા **૧૪.** બે મૂલ અને **૧૫.** બે પૂર્વાષાઢા, આ (૧૫ × ૨) = ૩૦ નક્ષત્રો તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે.

**(૪)** આ છપ્પન નક્ષત્રોમાંથી **૧.** બે ઉત્તરાભાદ્રપદા **૨.** બે રોહિણી **૩.** બે પુનર્વસુ **૪.** બે ઉત્તરા ફાલ્ગુની **૫.** બે વિશાખા **૬.** બે ઉત્તરાષાઢા, આ (૬ × ૨) ૧૨ નક્ષત્રો વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નક્ષત્રોના ચંદ્ર-સૂર્ય સાથેના યોગના મુહૂર્ત પ્રમાણનું કથન છે. પૂર્વે આ જ દસમા પ્રાભૃતના બીજા પ્રતિપ્રાભૃતમાં તેનું વર્ણન છે. ત્યાં એક ચંદ્ર-એક સૂર્યના પરિવાર રૂપ ૨૮ નક્ષત્રોનું કથન છે અને અહીં બે ચંદ્ર અને બે સૂર્યના પરિવાર રૂપ ૫૬ નક્ષત્રોનું કથન છે.

**બે ચંદ્ર, બે સૂર્ય સાથે ૫૬ નક્ષત્રોનો યોગકાળ :–**

| નક્ષત્ર | નક્ષત્ર સંખ્યા | ચંદ્ર સાથે યોગ મુહૂર્ત | સૂર્ય સાથે યોગ | |
|---|---|---|---|---|
| | | | અહોરાત્ર | મુહૂર્ત |
| બે અભિજિત | ૨ | ૯ $\frac{૨૭}{૬૭}$ | ૪ | ૬ |
| બે શતભિષક્, બે ભરણી, બે આર્દ્રા બે અશ્લેષા, બે સ્વાતિ, બે જયેષ્ઠા | ૧૨ | ૧૫ | ૬ | ૨૧ |
| બે શ્રવણ, બે ધનિષ્ઠા, બે પૂર્વાભાદ્રપદા, બે રેવતી, બે અશ્વિની, બે કૃત્તિકા, બે મૃગશીર્ષ, બે પુષ્ય, બે મઘા, બે પૂર્વાફાલ્ગુની, બે હસ્ત, બે ચિત્રા, બે અનુરાધા, બે મૂલ, બે પૂર્વાષાઢા | ૩૦ | ૩૦ | ૧૩ | ૧૨ |
| બે ઉત્તરા ભાદ્રપદા, બે રોહિણી, બે પુનર્વસુ, બે ઉત્તરાફાલ્ગુની, બે વિશાખા, બે ઉત્તરાષાઢા | ૧૨ | ૪૫ | ૨૦ | ૩ |

**નક્ષત્રમંડળનો સીમા વિષ્કંભ :–**

**૬ ता कहं ते सीमाविक्खंभे आहिएति वएज्जा ? ता एएसिणं छप्पण्णाए णक्खत्ताणं– अत्थि णक्खत्ता जेसि णं छ सया तीसा सत्तट्ठिभाग तीसइ भागाणं सीमा विक्खंभो ।**

**अत्थि णक्खत्ता जेसि णं सहस्सं पंचोत्तरं सत्तट्ठिभाग तीसइ भागाणं सीमा विक्खंभो ।**

**अत्थि णक्खत्ता जेसि णं दो सहस्सा दसुत्तरा सत्तट्ठिभाग तीसइ भागाणं सीमा विक्खंभो ।**

**अत्थि णक्खत्ता जेसि णं तिण्णिसहस्सा पण्णरसुत्तरा सत्तट्ठिभाग तीसइ भागाणं सीमा विक्खंभो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નક્ષત્રોનો સીમા વિષ્કંભ અર્થાત્ નક્ષત્રોના યોગ ક્ષેત્રનો વિસ્તાર કેટલો છે ?

**ઉત્તર–** આ છપ્પન નક્ષત્રોમાંથી (૧) કેટલાક નક્ષત્રોનો સીમા વિષ્કંભ(યોગ ક્ષેત્રનો વિસ્તાર) સડસઠીયા અથવા ત્રીસયા ૬૩૦($\frac{૬૩૦}{૬૭ \text{ કે } ૩૦}$)ભાગનો છે.

(૨) કેટલાક નક્ષત્રોનો સીમા વિષ્કંભ(યોગ ક્ષેત્રનો વિસ્તાર) સડસઠીયા અથવા ત્રીસયા એક હજાર પાંચ( $\frac{૧૦૦૫}{૬૭ \text{ કે } ૩૦}$ )ભાગનો છે.

(૩) કેટલાક નક્ષત્રોનો યોગ ક્ષેત્ર વિસ્તાર સડસઠીયા અથવા ત્રીસયા બે હજાર દસ( $\frac{૨૦૧૦}{૬૭ \text{ કે } ૩૦}$ ) ભાગનો છે.

(૪) કેટલાક નક્ષત્રોનો યોગ ક્ષેત્ર વિસ્તાર સડસઠીયા અથવા ત્રીસયા ત્રણ હજાર પંદર $\left(\frac{૩૦૧૫}{૬૭ \text{ કે } ૩૦}\right)$ ભાગનો છે.

**૭ ता एएसिणं छप्पण्णाए णक्खत्ताणं– कयरे णक्खत्ता जेसि णं छ सया तीसा सत्तट्ठिभाग तीसइ भागाणं सीमा विक्खंभो ? कयरे णक्खत्ता जेसि णं सहस्सं पंचोत्तरं सत्तट्ठिभाग तीसइ भागाणं सीमा विक्खंभो ? कयरे णक्खत्ता जेसिणं दो सहस्सा दसुत्तरा सत्तट्ठिभाग तीसइ भागाणं सीमा विक्खंभो ? कयरे णक्खत्ता जेसि णं तिसहस्सं पण्णरसुत्तरा सत्तट्ठिभाग तीसइ भागाणं सीमा विक्खंभो?**

**ता एएसिणं छप्पण्णाए णक्खत्ताणं तत्थ जे ते णक्खत्ता जेसि णं छ सया तीसा सत्तट्ठिभाग तीसइ भागा णं सीमा विक्खंभो, ते णं दो अभिई ।**

**तत्थ जे ते णक्खत्ता जेसि णं सहस्सं पंचुत्तरं सत्तट्ठिभाग तीसइ भागाणं सीमा विक्खंभो ते णं बारस, तं जहा– दो सतभिसया** *जाव* **दो जेट्ठा ।**

**तत्थ जे ते णक्खत्ता जेसि णं दो सहस्सा दसुत्तरा सत्तट्ठिभाग तीसइ भागाणं सीमाविक्खंभो ते णं तीसं, तं जहा– दो सवणा** *जाव* **दो पुव्वासाढा ।**

**तत्थ जे ते णक्खत्ता जेसि णं तिण्णि सहस्सा पण्णरसुत्तरा सत्तट्ठिभाग तीसइ भागाणं सीमाविक्खंभो ते णं बारस, तं जहा– दो उत्तरापोट्ठवया** *जाव* **दो उत्तरासाढा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** (૧) આ છપ્પન નક્ષત્રોમાંથી કેટલા અને ક્યા નક્ષત્રોનો સીમા વિષ્કંભ–યોગ ક્ષેત્રનો વિસ્તાર સડસઠીયા અથવા ત્રીસયા ૬૩૦ ભાગનો છે ? (૨) કેટલા અને ક્યા નક્ષત્રોનો સીમાવિષ્કંભ–યોગ ક્ષેત્રનો વિસ્તાર સડસઠીયા અથવા ત્રીસયા ૧૦૦૫ ભાગનો છે ? (૩) કેટલા અને ક્યા નક્ષત્રોનો સીમા વિષ્કંભ–યોગક્ષેત્રનો વિસ્તાર સડસઠીયા અથવા ત્રીસયા ૨૦૧૦ ભાગનો છે ? અને કેટલા નક્ષત્રોનો સીમા વિષ્કંભ–યોગ ક્ષેત્રનો વિસ્તાર સડસઠીયા અથવા ત્રીસયા ૩૦૧૫ ભાગનો છે ?

**ઉત્તર–** આ છપ્પન નક્ષત્રમાંથી (૧) બે અભિજિત નક્ષત્રોનો સીમા વિષ્કંભ સડસઠીયા અથવા ત્રીસયા ૬૩૦( $\frac{૬૩૦}{૬૭ \text{ કે } ૩૦}$ )ભાગનો છે.

(૨) બે શતભિષક્ ***યાવત્*** બે જયેષ્ઠા(કુલ બાર) નક્ષત્રોનો સીમાવિષ્કંભ સડસઠીયા અથવા ત્રીસયા ૧૦૦૫ ભાગનો( $\frac{૧૦૦૫}{૬૭ \text{ કે } ૩૦}$ )છે.

(૩) બે શ્રવણ ***યાવત્*** બે પૂર્વાષાઢા(કુલ ૩૦) નક્ષત્રોનો સીમા વિષ્કંભ સડસઠીયા અથવા ત્રીસયા ૨૦૧૦(          )ભાગનો છે.

(૪) બે ઉત્તરાભાદ્રપદા ***યાવત્*** બે ઉત્તરાષાઢા(કુલ ૧૨) નક્ષત્રોનો સીમાવિષ્કંભ સડસઠીયા અથવા ત્રીસયા (          )ભાગનો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નક્ષત્રોના ચંદ્રયોગના સીમા વિષ્કંભ વિસ્તારનું નિરૂપણ છે. દસમા પ્રાભૃતના બીજા પ્રતિ પ્રાભૃતમાં કાળની અપેક્ષાએ મુહૂર્તમાં ચંદ્રયોગનું પ્રરૂપણ કર્યુ છે અને અહીં ક્ષેત્રની અપેક્ષાએ ક્ષેત્રના અંશ–ભાગથી ચંદ્રયોગના ક્ષેત્રના સીમા વિષ્કંભનું કથન છે.

**યોગક્ષેત્ર વિષ્કંભ :–** યોગ ક્ષેત્રનો વિસ્તાર. નક્ષત્રો જે ક્ષેત્રમાં ચંદ્ર-સૂર્ય સાથે યોગ વહન કરતાં પરિભ્રમણ કરે છે, તે યોગક્ષેત્ર કહેવાય છે અને તે ક્ષેત્રના વિસ્તારના પરિમાણને યોગક્ષેત્ર વિષ્કંભ કહે છે.

**सव्वेसिं पि णं णक्खत्ताणं सीमाविक्खभेणं सत्तट्ठिं भागं भवइ समंसे पण्णेत्ते ।** શ્રી સમવાયાંગ સૂત્ર, સમવાય–૬૭. દરેક નક્ષત્રોના સીમા વિષ્કંભને ૬૭ ભાગથી વિભાજિત કરવાથી તે સમ અંશવાળા કહેવાય છે.

કોઈ પણ નક્ષત્ર એક અહોરાત્ર એટલે ૩૦ મુહૂર્તમાં યોગનું વહન કરતાં-કરતાં જેટલા ક્ષેત્રમાં પરિભ્રમણ કરે છે, તે યોગ ક્ષેત્રના ૬૭ ભાગ(અંશ) કરવામાં આવે છે.

**નક્ષત્રોના યોગ ક્ષેત્રનો સીમાવિષ્કંભ શોધવાની પદ્ધતિ :–** અભિજિત નક્ષત્ર ચંદ્ર સાથે યોગ કરીને ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્તમાં $\frac{૨૧}{૬૭}$ ભાગ ક્ષેત્રને પાર કરે છે. અહીં કાલની અપેક્ષાએ અને ક્ષેત્રની અપેક્ષાએ એમ બે રીતે ત્રિરાશિ મૂકાય છે. (૧) ક્ષેત્રની અપેક્ષાએ ત્રિરાશિ મૂકતાં– નક્ષત્ર ૩૦ મુહૂર્તમાં ૬૭ ભાગ ચાલે તો ૯$\frac{૨૭}{૬૭}$ મુહૂર્તમાં કેટલા ભાગ ચાલે ? આ ત્રિરાશિમાં $\frac{૬૭}{૧} \times \frac{૯\frac{૨૭}{૬૭}}{૩૦} = \frac{\cancel{૬૭}}{૧} \times \frac{\frac{૬૩૦}{\cancel{૬૭}}}{૩૦} = \frac{૬૩૦}{૩૦}$ ભાગ પ્રાપ્ત થાય છે. (૨) કાલની અપેક્ષાએ ત્રિરાશિ મૂકતાં– નક્ષત્રને ૬૭ ભાગ ચાલવામાં ૩૦ મુહૂર્ત થાય તો ૨૧ ભાગ ચાલવામાં કેટલા મુહૂર્ત થાય ? આ ત્રિરાશિમાં $\frac{૩૦}{૧} \times \frac{૨૧}{૬૭} = \frac{૬૩૦}{૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. આ રીતે અભિજિત નક્ષત્ર $\frac{૬૩૦}{૬૭}$ મુહૂર્તમાં $\frac{૬૩૦}{૩૦}$ભાગ ક્ષેત્રમાં યોગ વહન કરે છે.

પ્રસ્તુતમાં યોગ ક્ષેત્રના સીમા વિષ્કંભના કથનનો પ્રસંગ છે, તેથી ક્ષેત્રની પ્રધાનતા છે, તેમ છતાં કાલ અને ક્ષેત્ર બંને સાપેક્ષ હોવાથી સૂત્રકારે **सत्तट्ठिभाग तीसइ भागाणं सीमाविक्खंभो** સડસઠીયા અને ત્રીસયા બંને ભાગનું કથન કર્યું છે. અભિજિતના $\frac{૬૩૦}{૬૭}$ મુહૂર્તમાં ૬૩૦ ÷ ૬૭ = ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત યોગકાળ પ્રાપ્ત થાય છે અથવા $\frac{૬૩૦}{૩૦}$ભાગમાં (૬૬૦ ÷ ૩૦ = ૨૧ ભાગ પ્રાપ્ત થાય છે.) યોગ કરે છે. આ રીતે આ બંને પરસ્પર સાપેક્ષ છે, તેથી સડસઠીયા અને ત્રીસયા બંને ભાગનું કથન છે, તેમ પ્રસ્તુતમાં સર્વત્ર સમજવું.

એક અભિજિત નક્ષત્રના યોગ ક્ષેત્રનો સીમા વિષ્કંભ સડસઠીયા, ત્રીસયા ૬૩૦ ભાગનો છે, બે

અભિજિત નક્ષત્રોનો ૬૩૦ + ૬૩૦ = ૧,૨૬૦ ભાગનો છે.

**શતભિષકાદિ** નક્ષત્રો ૧૫ મુહૂર્તમાં સડસઠીયા ૩૩$\frac{૧}{૨}$ભાગ ક્ષેત્રને પાર કરે છે. (૧) ક્ષેત્ર અપેક્ષાએ ત્રિરાશિ મૂકતાં– નક્ષત્ર ૩૦ મુહૂર્તમાં ૬૭ ભાગ ચાલે તો ૧૫ મુહૂર્તમાં  કેટલા ચાલે ? આ ત્રિરાશિમાં $\frac{૬૭}{૧}\times\frac{૧૫}{૩૦}=\frac{૧૦૦૫}{૩૦}$ ભાગ પ્રાપ્ત થાય છે. (૨) કાલની અપેક્ષાએ ત્રિરાશિ મૂકતાં– નક્ષત્રને ૬૭ ભાગ ચાલવામાં ૩૦ મુહૂર્ત થાય તો ૩૩$\frac{૧}{૨}$ભાગ ચાલવામાં કેટલા મુહૂર્ત થાય ? આ ત્રિરાશિમાં $\frac{૩૦}{૧}\times\frac{૩૩\frac{૧}{૨}}{૬૭}=\frac{૩૦}{૧}\times\frac{૬૭ \div ૨}{૬૭}=\frac{૧૦૦૫}{૬૭}$ ભાગ ક્ષેત્રમાં યોગવહન કરે છે. આ રીતે સડસઠીયા કે ત્રીસયા ૧૦૦૫ શતભિષકાદિ ૧૨ નક્ષત્રોનો સીમા વિષ્કંભ પ્રાપ્ત થાય છે, તેથી ૧૦૦૫×૧૨ = ૧૨,૦૬૦ (બાર હજાર અને સાઠ) ભાગ પ્રમાણ સીમા વિષ્કંભ છે.

**શ્રવણાદિ** નક્ષત્રો ૩૦ મુહૂર્તમાં સડસઠીયા ૬૭ ભાગ ક્ષેત્રને પાર કરે છે. અહીં ૩૦ મુહૂર્ત અને ૬૭ ભાગ ચાલે છે.

તેમાં ક્ષેત્રની અપેક્ષાએ ૬૭× $\frac{૩૦}{૩૦}$ = $\frac{૨૦૧૦}{૩૦}$ ભાગ ક્ષેત્ર પ્રાપ્ત થાય છે અને કાલની અપેક્ષાએ ૩૦×$\frac{૬૭}{૬૭}$= $\frac{૨૦૧૦}{૬૭}$ મુહુર્ત પ્રાપ્ત થાય છે. શ્રવણાદિ પંદર નક્ષત્રો $\frac{૨૦૧૦}{૩૦}$ મુહૂર્તમાં $\frac{૨૦૧૦}{૬૭}$ ભાગ ક્ષેત્રમાં યોગવહન કરે છે. આ રીતે શ્રવણાદિ ૩૦ નક્ષત્રોના યોગક્ષેત્રનો સીમા વિસ્તાર ૨૦૧૦×૩૦ = ૬૦૩૦૦ (સાઠ હજાર ત્રણસો) ભાગ પ્રમાણ છે.

ઉત્તરાભાદ્રપદાદિ નક્ષત્રો ૪૫ મુહૂર્તમાં સડસઠીયા ૧૦૦$\frac{૧}{૨}$ભાગ ક્ષેત્રને પાર કરે છે. (૧) ક્ષેત્રની અપેક્ષાએ ત્રિરાશિ મૂકતાં– નક્ષત્ર ૩૦ મુહૂર્તમાં ૬૭ ભાગ ચાલે તો ૪૫ મુહૂર્તમાં કેટલા ભાગ ચાલે ? આ ત્રિરાશિમાં $\frac{૬૭}{૧}\times\frac{૪૫}{૩૦}=\frac{૩૦૧૫}{૩૦}$ ભાગ પ્રાપ્ત થાય છે. (૨) કાલની અપેક્ષાએ  ત્રિરાશિ મૂકતાં– નક્ષત્રને ૬૭ ભાગ ચાલવામાં ૩૦ મુહૂર્ત થાય તો $\frac{૧૦૦\frac{૧}{૨}}{૬૭}$ ભાગ ચાલવામાં  કેટલા મુહૂર્ત થાય ? આ ત્રિરાશિમાં $\frac{૩૦}{૧}\times\frac{૧૦૦\frac{૧}{૨}}{૬૭}=\frac{૩૦૧૫}{૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે.

આ રીતે ઉત્તરાભાદ્રપદાદિ છ નક્ષત્રો $\frac{૩૦૧૫}{૬૭}$ મુહૂર્તમાં $\frac{૩૦૧૫}{૩૦}$ ભાગ ક્ષેત્રમાં યોગવહન કરે છે. ઉત્તરાભાદ્રપદાદિ બાર નક્ષત્રોનો સડસઠીયા અને ત્રીસયા ૩૦૧૫ ભાગ પ્રમાણ યોગસીમાનો વિષ્કંભ હોવાથી ૩૦૧૫ × ૧૨ = ૩૬,૧૮૦ ભાગ પ્રમાણ તે વિષ્કંભ પ્રાપ્ત થાય છે.

આ રીતે બે અભિજિત નક્ષત્રોના ૧,૨૬૦ અંશ; બે શતભિષકાદિ ૧૨ નક્ષત્રોના ૧૨,૦૬૦ અંશ; બે શ્રવણાદિ ૩૦ નક્ષત્રોના ૬,૦૩૦ અંશ અને બે ઉત્તરાભાદ્રપદાદિ ૧૨ નક્ષત્રોના ૩૬,૧૮૦ અંશ, કુલ મળીને ૧,૨૬૦ + ૧૨,૦૬૦ + ૬૦,૩૦૦ + ૩૬,૧૮૦ = ૧,૦૯,૮૦૦ અંશ પ્રમાણ સર્વ(છપ્પન) નક્ષત્રનો ચંદ્રયોગનો સીમા વિષ્કંભ પ્રાપ્ત થાય છે.

**પ્રાતઃકાળ–સાયંકાળે યોગ નિષેધ :–**

**૮** **ता एएसि णं छप्पण्णाए णक्खत्ताणं– किं सया पाओ चंदेण सद्धिं जोयं जोएंति ? किं सया सायं चंदेण सद्धिं जोयं जोएंति ? किं सया दुहओ पविट्ठित्ता पविट्ठित्ता चंदेण सद्धिं जोयं जोएंति ?**

**ता एएसि णं छप्पण्णाए णक्खत्ता– णो किं पि तं जं सया पाओ चंदेण सद्धिं जोयं जोएति । णो सया सायं चंदेण सद्धिं जोयं जोएति । णो सया दुहओ पविट्ठित्ता-पविट्ठित्ता चंदेण सद्धिं जोयं जोएति । णण्णत्थ दोहिं अभिईहिं ।**

**ता एएणं दो अभिई पायंचिय-पायंचिय चोत्तालीसं-चोत्तालीसं अमावासं जोएंति, णो चेव णं पुण्णमासिणिं ।**

**ભાવાર્થ :–** (૧) આ છપ્પન નક્ષત્રો શું હંમેશાં પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરે છે ? (૨) શું હંમેશાં સાંય-કાળે સમયે ચંદ્ર સાથે યોગ કરે છે ? (૩) શું હંમેશાં (ઉભય–પ્રાતઃકાળ અને સાંયકાળ) સમયે પ્રવેશ કરીને ચંદ્રની સાથે યોગ કરે છે ?

**ઉત્તર–** (૧) આ છપ્પન નક્ષત્રો હંમેશાં પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરતા નથી, (૨) હંમેશાં સાયંકાળે સમયે ચંદ્ર સાથે યોગ કરતા નથી, (૩) હંમેશાં નક્ષત્ર ઉભય(પ્રાતઃકાળ-સાયંકાળ) સમયે પ્રવેશ કરીને ચંદ્ર સાથે યોગ કરતા નથી. આ કથન બે અભિજિતને છોડીને કરવું અર્થાત્ બે અભિજિત નક્ષત્ર અપવાદરૂપ છે. બે અભિજિત નક્ષત્ર પ્રાતઃકાળે અર્થાત્ સૂર્યોદય સમયે યુગની ચુંમાલીસમી અમાવાસ્યાએ ચંદ્ર સાથે યોગ કરે છે, પરંતુ પૂર્ણિમાએ ચંદ્ર સાથે યોગ કરતા નથી.

**વિવેચન :–**

પૂર્વે દસમા પ્રાભૃતના ચોથા પ્રતિપ્રાભૃતમાં પ્રાતઃકાળે અને સાયંકાળે નક્ષત્રોના ચંદ્ર સાથેના યોગ પ્રારંભનું કથન છે પરંતુ પ્રસ્તુત સૂત્ર તેનો અપવાદ સૂચિત કરે છે.

પૂર્ણિમા કે અમાવાસ્યા રૂપ પર્વતિથિ સિવાયની તિથિઓમાં નક્ષત્રોનો યોગ પ્રારંભ પ્રાતઃકાળે કે સાયંકાલે કે ઉભયકાલે થાય છે પરંતુ પૂર્ણિમા કે અમાવાસ્યાના દિવસે પ્રાતઃકાલે કે સાયંકાલે યોગ પ્રારંભ થતો નથી. અપવાદરૂપે અભિજિત નક્ષત્ર યુગની ૪૪મી અમાવાસ્યાના પ્રાતઃકાળે યોગ પ્રારંભ કરે છે.

બંને અભિજિત નક્ષત્ર યુગની ચુંમાલીસમી-ચુંમાલીસમી અમાવાસ્યામાં પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરે છે અને અભિજિત નક્ષત્રના ૯ $\frac{૩૭}{૬૨}$, $\frac{૪૭}{૬૭}$ મુહૂર્ત યોગકાળ વ્યતીત થાય ત્યારે અમાવાસ્યા સમાપ્ત થાય છે.

**પૂર્ણિમાના ચંદ્રનું યોગ ક્ષેત્ર :–**

**૧ तत्थ खलु इमाओ बावट्ठिं पुण्णिमासी ओ बावट्ठिं अमावासाओ पण्णत्ताओ, ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमं पुण्णिमासिणिं चंदे कंसि देसंसि जोएइ ? ताजंसि णं देसंसि चंदे चरिमं बावट्ठिं पुण्णिमासिणिं जोएइ ताओ पुण्णिमासिणिट्ठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता दुबत्तीसं भागे उवाइणावेत्ता, एत्थ णं से चंदे पढमं पुण्णिमासिणिं जोएइ ।**

**ભાવાર્થ :–** પાંચ વર્ષના એક યુગમાં ૬૨ પૂર્ણિમા અને ૬૨ અમાવાસ્યા છે. **પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની પ્રથમ પૂર્ણિમાનો ચંદ્ર મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં યુગની ૬૨મી(અંતિમ) પૂર્ણિમાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે, ત્યાંથી(તે સ્થાનથી) એક મંડળના ૧૨૪ ભાગ કરવામાં આવે, તો તેમાંથી એકસો ચોવીસ્યા બત્રીસ ($\frac{૩૨}{૧૨૪}$) ભાગ અર્થાત્ એક મંડળના ૧૨૪ ભાગમાંથી

૩૨ ભાગ સુધી પર્યંત પ્રથમ પૂર્ણિમાનો ચંદ્ર યોગ કરે છે.

**૧૦** **ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चं पुण्णिमासिणिं चंदे कंसि देसंसि जोएइ ? ता जंसि णं देसंसि चंदे पढमं पुण्णिमासिणिं जोएइ, ताओ पुण्णिमासिणिट्ठाणाए मंडलं चउव्वीसेणं सएणं छेत्ता दुबत्तीसं भागे उवाइणावेत्ता, एत्थ णं से चंदे दोच्चं पुण्णिमासिणिं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બીજી પૂર્ણિમાનો ચંદ્ર મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં પ્રથમ પૂર્ણિમાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે, તે સ્થાનથી $\frac{૩૨}{૧૨૪}$ ભાગ અર્થાત્ એક મંડળના ૧૨૪ ભાગમાંથી ૩૨ ભાગ અર્થાત્ ૩૩ થી ૬૪ સુધીના ૩૨ ભાગ સુધી બીજી પૂર્ણિમાનો ચંદ્ર યોગ કરે છે.

**૧૧** **ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चं पुण्णिमासिणिं चंदे कंसि देसंसि जोएइ ? जंसि णं देसंसि चंदे दोच्चं पुण्णिमासिणिं जोएइ ताओ पुण्णिमासिणिट्ठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता दुबत्तीसं भागे उवाइणावेत्ता एत्थ णं चंदे तच्चं पुण्णिमासिणिं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની ત્રીજી પૂર્ણિમાનો ચંદ્ર મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં બીજી પૂર્ણિમાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે, તે સ્થાનથી $\frac{૩૨}{૧૨૪}$ ભાગ અર્થાત્ ૬૫ થી ૯૬ સુધીના ૩૨ ભાગ સુધી ત્રીજી પૂર્ણિમાનો ચંદ્ર યોગ કરે છે.

**૧૨** **ता एएसि णं पंचण्हं संवच्छराणं दुवालसमं पुण्णिमासिणिं चंदे कंसि देसंसि जोएइ ? ता जंसि णं देसंसि चंदे तच्चं पुण्णमासिणिं जोएइ ताओ पुण्णिमासिणिट्ठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता दोण्णि अट्ठासीए भागसए उवाइणावेत्ता, एत्थ णं से चंदे दुवालसमं पुण्णिमासिणिं जोएइ ।**

**एवं खलु एएणं उवाएणं ताओ ताओ पुण्णिमासिणिट्ठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता दुबत्तीसं-दुबत्तीसं भागे उवाइणावेत्ता तंसि–तंसि देसंसि तं–तं पुण्णिमासिणिं चंदे जोएइ ।**

**ભાવાર્થ :–** પાંચ વર્ષના યુગની બારમી પૂર્ણિમાનો ચંદ્ર મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના દેશ ભાગમાં ત્રીજી પૂર્ણિમાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે, તે સ્થાનથી એકસો ચોવીસ્યા બસો અઠયાસી( $\frac{૨૮૮}{૧૨૪}$) ભાગમાં બારમી પૂર્ણિમાનો ચંદ્ર યોગ કરે છે.(ત્રીજી પૂર્ણિમાથી બારમી પૂર્ણિમા નવમા ક્રમાંકે છે, તેથી ૯ × ૩૨ = ૨૮૮ ભાગ થાય છે. વાસ્તવમાં પ્રથમની ત્રણ પૂર્ણિમાના ૯૬ ભાગ + ૨૮૮ ભાગ = ૩૮૪ ભાગમાં બારમી પૂર્ણિમાનો ચંદ્ર યોગ કરે છે અથવા ૧૨ પૂર્ણિમા × ૩૨ ભાગ = $\frac{૩૮૪}{૧૨૪}$ ભાગ સુધી બારમી પૂર્ણિમાનો ચંદ્ર યોગ થાય છે.)

આ રીતે, આ ક્રમથી તે-તે પૂર્ણિમાના ચંદ્ર, મંડળના ૧૨૪ ભાગમાંથી ૩૨-૩૨ ભાગમાં યોગ કરે છે.

**૧૩** **ता एएसि णं पंचण्हं संवच्छराणं चरिमं बावट्ठिं पुण्णिमासिणिं चंदे कंसि**

**देसंसि जोएइ ? ता जंबुद्दिवस्स णं दीवस्स पाईण-पडिणाययाए उदीण-दाहिणययाए जीवाए मंडलं चउव्वीसेणं सएणं छेत्ता दाहिणंसि चउब्भागमंडलंसि सत्तावीसं भागे उवाइणावेत्ता अट्ठावीसइ भागे वीसहा छेत्ता अट्ठारसभागे उवाइणावेत्ता तिहिं भागेहिं दोहि य कलाहिं पच्चत्थिमिल्लं चउब्भागमंडलं असंपत्ते, एत्थ णं चंदे चरिमं बावट्ठिं पुण्णिमासिणिं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બાસઠમી(અંતિમ) પૂર્ણિમાનો ચંદ્ર મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** આ જંબૂદ્વીપ નામના દ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાથી ૧૨૪ ભાગવાળા મંડળનું છેદન કરીને મંડળના ચાર વિભાગ કરવાથી પ્રત્યેક વિભાગમાં ૩૧-૩૧ ભાગ પ્રાપ્ત થાય છે. તેમાંથી દક્ષિણ દિશાવર્તી ચોથા ભાગના ૩૧ ભાગમાંથી ૨૭ ભાગ અને અટ્ઠાવીસમા ભાગના વીસ ભાગ કરીને વીસ્યા ૧૮ ભાગ સુધી યોગ કરે છે. એકત્રીસ્યા ત્રણ ભાગ અને વીસ્યા બે ભાગ(કળા) શેષ હોય અર્થાત્ પશ્ચિમી ચોથો ભાગ $\frac{૩}{૩૧}$, $\frac{૨}{૨૦}$ ભાગ દૂર હોય ત્યારે, તે સ્થાનમાં યુગની બાસઠમી–અંતિમ પૂર્ણિમાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે.

### પૂર્ણિમાના સૂર્યનું યોગ ક્ષેત્ર :–

**१४ ता एएसिणं पंचण्हं संवच्छराणं पढमं पुण्णिमासिणिं सूरे कंसि देसंसि जोएइ ? ता जंसि णं देसंसि सूरे चरिमं बावट्ठिं पुण्णिमासिणिं जोएइ, ताओ पुण्णिमासिणिठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता चउणवइं भागे उवाइणावेत्ता एत्थ णं से सूरे पढमं पुण्णिमासिणिं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની પ્રથમ પૂર્ણિમાનો સૂર્ય મંડળના ક્યા અને કેટલા દેશભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં યુગની બાસઠમી પૂર્ણિમાનો સૂર્ય યોગ પૂર્ણ કરે છે, તે દેશ ભાગથી એક મંડળના એકસો ચોવીસ્યા ચોરાણું($\frac{૯૪}{૧૨૪}$) ભાગ સુધી પ્રથમ પૂર્ણિમાનો સૂર્ય યોગ કરે છે.

**१५ ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चं पुण्णिमासिणिं सूरे कंसि देसंसि जोएइ ? ता जंसि णं देसंसि सूरे पढमं पुण्णिमासिणिं जोएइ, ताओ पुण्णिमासिणिठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता दो चउणवइ भागे उवाइणावेत्ता, एत्थ णं से सूरे दोच्चं पुण्णिमासिणिं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બીજી પૂર્ણિમાનો સૂર્ય મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં યુગની પ્રથમ પૂર્ણિમાનો સૂર્ય યોગ પૂર્ણ કરે છે, તે દેશ ભાગથી $\frac{૯૪}{૧૨૪}$ ભાગ અર્થાત્ ૯૫ થી ૧૮૮ સુધીના ૯૪ ભાગ સુધી બીજી પૂર્ણિમાનો સૂર્ય યોગ કરે છે.

**१६ ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चं पुण्णिमासिणिं सूरे कंसि देसंसि जोएइ ? ता जंसि णं देसंसि सूरे दोच्चं पुण्णिमासिणिं जोएइ, ताओ पुण्णिमासिणिठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता चउणवइभागे उवाइणावेत्ता, एत्थ णं से सुरे तच्चं पुण्णिमासिणिं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની ત્રીજી પૂર્ણિમાનો સૂર્ય મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં યુગની બીજી પૂર્ણિમાનો સૂર્ય યોગ પૂર્ણ કરે છે, તે દેશ ભાગથી $\frac{૯૪}{૧૨૪}$ ભાગ અર્થાત્ ૧૮૯ થી ૨૮૨ સુધીના ૯૪ ભાગ સુધી ત્રીજી પૂર્ણિમાનો સૂર્ય યોગ કરે છે.

**१७ ता एएसिणं पचण्हं संवच्छराणं दुवालसं पुण्णिमासिणिं सूरे कंसि देसंसि जोएइ ? ता जंसि णं देसंसि सूरे तच्चं पुण्णिमासिणिं जोएइ, ताओ पुण्णिमासिणिठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता अट्ठछत्ताले भागसए उवाइणावेत्ता, एत्थ णं से सुरे दुवालसमं पुण्णिमासिणिं जोएइ ।**

**एवं खलु एएणं उवाएणं ताओ-ताओ पुण्णिमासिणिठाणाओ मंडलं चउव्वीसे णं सएणं छेत्ता चउणवइं-चउणवइं भागे उवाइणावेत्ता, तंसि-तंसि णं देसंसि तं पुण्णिमासि ण सूरे जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બારમી પૂર્ણિમાનો સૂર્ય મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં યુગની ત્રીજી પૂર્ણિમાનો સૂર્ય યોગ પૂર્ણ કરે છે, તે દેશ ભાગથી એક સો ચોવીસ્યા આઠસો છેતાલીસ ($\frac{૮૪૬}{૧૨૪}$) ભાગમાં બારમી પૂર્ણિમાનો સૂર્ય યોગ કરે છે(ત્રીજી પૂર્ણિમાથી બારમી પૂર્ણિમા નવમા ક્રમાંકે છે, તેથી ૯ × ૯૪ = ૮૪૬ ભાગ થાય છે. વાસ્તવમાં પ્રથમની ત્રણ પૂર્ણિમાના૨૮૨ ભાગ + ૮૪૬ ભાગ = ૧૧૨૮ ભાગ પર્યંત બારમી પૂર્ણિમાનો સૂર્ય યોગ કરે છે અથવા ૧૨ પૂર્ણિમા × ૯૪ ભાગ = $\frac{૧૧૨૮}{૧૨૪}$ ભાગ સુધી બારમી પૂર્ણિમાનો સૂર્ય યોગ કરે છે.)

આ રીતે, આ ક્રમથી તે-તે પૂર્ણિમાના સૂર્ય મંડળના ૧૨૪ ભાગમાંથી ૯૪-૯૪ ભાગમાં યોગ કરે છે.

**१८ ता एएसि णं पंचण्हं संवच्छराणं चरिमं बावट्ठिं पुण्णिमासिणिं सूरे कंसि देसंसि जोएइ ? ता जंबुद्दीवस्स णं दीवस्स पाईण-पडिणाययाए उदीण-दाहिणाययाए जीवाए मंडलं चउव्वीसेणं सएणं छेत्ता पुरत्थिमिल्लंसि चउब्भागमंडलंसि सत्तावीसं भागे उवाइणावेत्ता अट्ठावीसइभागं वीसहा छेत्ता अट्ठारसभागे उवाइणावेत्ता तिहिं भागेहिं दोहि य कलाहिं दाहिणिल्लं चउब्भागमंडलं असंपत्ते, एत्थ णं सूरे चरिमं बावट्ठिं पुण्णिमासिणिं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બાસઠમી પૂર્ણિમાનો સૂર્ય મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** આ જંબૂદ્વીપ નામના દ્વીપની પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાથી ૧૨૪ ભાગવાળા મંડળનું છેદન કરીને, મંડળના ચાર વિભાગ કરવાથી પ્રત્યેક વિભાગમાં ૩૧-૩૧ ભાગ પ્રાપ્ત થાય છે. તેમાંથી પૂર્વ દિશાવર્તી ચોથા ભાગના ૩૧ ભાગમાંથી ૨૭ ભાગ અને ૨૮મા ભાગના ૨૦ ભાગ કરીને વીસ્યા અઢાર ($\frac{૧૮}{૨૦}$) ભાગ સુધી યોગ કરે છે. વીસ્યા બે ભાગ ($\frac{૨}{૨૦}$) અને એકત્રીસ્યા ત્રણ ($\frac{૩}{૩૧}$) ભાગ શેષ રહે છે અર્થાત્ દક્ષિણી ચોથો વિભાગ $\frac{૩}{૩૧}$, $\frac{૨}{૨૦}$ ભાગ દૂર હોય ત્યારે તે દેશ ભાગમાં યુગની બાસઠમી પૂર્ણિમાનો સૂર્ય યોગ પૂર્ણ કરે છે.

**અમાવાસ્યાના ચંદ્રનું યોગક્ષેત્ર :-**

**१९** **ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमं अमावासं चंदे कंसि देसंसि जोएइ ? ता जंसि णं देसंसि चंदे चरिम बावट्ठिं अमावासं जोएइ ताओ अमावासट्ठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता बत्तीसं भागे उवाइणावेत्ता, एत्थ णं से चंदे पढमं अमावासं जोएइ ।**

**एवं जेणेव अभिलावेणं चंदस्स पुण्णिमासिणीओ भणियाओ तेणेव अभिलावेणं अमावासाओ वि भाणियव्वाओ, तं जहा– बिइया तइया दुवालसमी।**

**एवं खलु एएणं उवाएणं ताओ-ताओ अमावासाठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता बत्तीसं-बत्तीसं भागे उवाइणावेत्ता तंसि तंसि देसंसि तं-तं अमावासं चंदेण जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની પ્રથમ અમાવાસ્યા(અમાસ)નો ચંદ્ર મંડળના કયા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં યુગની ૬૨મી(અંતિમ) અમાવાસ્યાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે, તે દેશ ભાગથી એકસો ચોવીસ્યા બત્રીસ($\frac{૩૨}{૧૨૪}$) ભાગ સુધી પ્રથમ અમાવસ્યાનો ચંદ્ર યોગ કરે છે.

જેમ પૂર્ણિમાના ચંદ્રનું કથન કર્યું છે તેમ અમાવાસ્યાનું કથન કરવું, જેમ કે– બીજી, ત્રીજી, બારમી અમાવાસ્યા.

આ રીતે, આ ક્રમથી તે-તે અમાવાસ્યાના ચંદ્ર મંડળના ૧૨૪ વિભાગમાંથી ૩૨-૩૨ ભાગમાં યોગ કરે છે.

**२०** **ता एएसि णं पंचण्हं संवच्छराणं चरिमं बावट्ठिं अमावासं चंदे कंसि देसंसि जोएइ ? ता जंसि णं देसंसि चंदे चरिमं बावट्ठिं पुण्णिमासिणिं जोएइ, ताओ पुण्णिमासिणिठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता सोलस भागे ओसक्कावइत्ता, एत्थ णं से चंदे चरिमं बावट्ठिं अमावासं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બાસઠમી અમાવાસ્યાનો ચંદ્ર ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં યુગની અંતિમ–બાસઠમી પૂર્ણિમાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે, તે દેશ ભાગથી એક મંડળના ૧૨૪ ભાગમાંથી ૧૬ ભાગ પાછળના લેવા અર્થાત્ બાસઠમી પૂર્ણિમાનો ચંદ્ર દક્ષિણ દિશાવર્તી ચોથા ભાગના $\frac{૨૭}{૩૧}$ , $\frac{૧૬}{૨૦}$ ભાગે યોગ પૂર્ણ કરે છે. ત્યાંથી ૧૬ ભાગ પાછળના લેવા માટે એક ત્રીસ્યા સત્યાવીસ ભાગમાંથી એકત્રીસ્યા સોળ ભાગ બાદ કરતાં $\frac{૨૭}{૩૧}$ – $\frac{૧૬}{૩૧}$ = $\frac{૧૧}{૩૧}$ તથા $\frac{૧૬}{૨૦}$ ભાગે બાસઠમી અમાવસ્યાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે અને તે દેશ ભાગથી ૩૨ ભાગ સુધી યુગની પ્રથમ અમાવાસ્યાનો ચંદ્ર યોગ કરે છે.

**અમાવાસ્યાના સૂર્યનું યોગક્ષેત્ર :-**

**२१** **ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमं अमावासं सूरे कंसि देसंसि जोएइ ?**

**ता जंसि णं देसंसि सूरे चरिमं बावट्ठिं अमावासं जोएइ ताओ अमावाससंठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता चउणउइभागे उवाइणावेत्ता, एत्थ णं से सूरे पढमं अमावासं जोएइ ।**

**एवं जेणेव अभिलावेणं सूरस्स पुण्णिमासिणीओ भणियाओ तेणेव अभिलावेणं अमावासाओ वि भणियव्वाओ, तं जहा–बिइया तइया दुवालसमी।**

**एवं खलु एएणं उवाएणं ताओ-ताओ अमावासट्ठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता चउणउइं-चउणउइं भागे उवाइणावेत्ता तंसि-तंसि देसंसि तं-तं अमावासं सूरे जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની પ્રથમ અમાવાસ્યાનો સૂર્ય મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં યુગની બાસઠમી અમાવાસ્યાનો સૂર્ય યોગ પૂર્ણ કરે છે, તે દેશ ભાગથી $\frac{૯૪}{૧૨૪}$ ભાગ સુધી પ્રથમ અમાવાસ્યાનો સૂર્ય યોગ કરે છે.

જે અભિલાપ(પાઠ)થી પૂર્ણિમાના સૂર્યનું કથન છે, તે જ રીતે(તે પાઠથી) અમાવાસ્યાના સૂર્યનું કથન કરવું, જેમ કે બીજી, ત્રીજી, બારમી અમાવાસ્યા.

આ રીતે, આ ક્રમથી તે-તે અમાવાસ્યાના સૂર્ય મંડળના ૧૨૪ ભાગમાંથી ૯૪-૯૪ ભાગમાં યોગ કરે છે.

**૨૨ ता एएसि णं पंचण्हं संवच्छराणं चरिमे बावट्ठि अमावासं सूरे कंसि देसंसि जोएइ ? ता जंसि णं देसंसि सूरे चरिमं बावट्ठिं पुण्णमासिणिं जोएइ ताओ पुण्णिमासिणिठाणाओ मंडलं चउव्वीसेणं सएणं छेत्ता सत्तालीसं भागे ओसक्कावइत्ता, एत्थ णं से सूरे चरिमं बावट्ठिं अमावासं जोएइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની અંતિમ બાસઠમી અમાવાસ્યાનો સૂર્ય ક્યા અને કેટલા દેશ ભાગમાં યોગ કરે છે ? **ઉત્તર–** જે મંડળના જે દેશ ભાગમાં યુગની અંતિમ–બાસઠમી પૂર્ણિમાનો સૂર્ય યોગ પૂર્ણ કરે છે, તે દેશ ભાગથી એક મંડળના ૧૨૪ ભાગમાંથી ૧૬ ભાગ પાછળના લેવા અર્થાત્ બાસઠમી પૂર્ણિમાનો ચંદ્ર પૂર્વ દિશાવર્તી ચોથા ભાગના $\frac{૨૭}{૩૧}$ , $\frac{૧૯}{૨૦}$ ભાગે યોગ પૂર્ણ કરે છે, ત્યાંથી ૧૬ ભાગ પાછળના લેવા માટે એકત્રીસ્યા ૨૭ ભાગમાંથી એકત્રીસ્યા ૧૬ ભાગનો છેદ(બાદ) કરતાં $\frac{૨૭}{૩૧} - \frac{૧૬}{૩૧} = \frac{૧૧}{૩૧}$ તથા $\frac{૧૯}{૨૦}$ ભાગે બાસઠમી અમાવસ્યાનો સૂર્ય યોગ પૂર્ણ કરે છે અને તે દેશ ભાગથી ૯૪ ભાગ સુધી યુગની પ્રથમ અમાવાસ્યાનો સૂર્ય યોગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૂર્ણિમા અને અમાવાસ્યાના ચંદ્ર–સૂર્ય મંડળના ક્યા અને કેટલા દેશ ભાગમાં નક્ષત્ર સાથે યોગ કરે છે, તેનું વર્ણન છે.

**પૂર્ણિમા અને અમાવાસ્યાના ચંદ્રનું યોગક્ષેત્ર :–** પૂર્ણિમા અને અમાવાસ્યાના ચંદ્રમંડળગત ૧૨૪ ભાગમાંથી ૩૨-૩૨ ભાગમાં ચંદ્ર નક્ષત્ર સાથે યોગ કરે છે. પૂર્વની પૂર્ણિમા અથવા અમાસનો ચંદ્ર જે દેશ

ભાગ(સ્થાન)માં યોગ પૂર્ણ કરે, ત્યાંથી પછીની પૂર્ણિમા કે અમાસનો ચંદ્ર યોગનો પ્રારંભ કરી ૩૨ ભાગ પર્યંત યોગમાં રહે છે.

પ્રથમ પૂર્ણિમા ૧ થી ૩૨ ભાગમાં, બીજી પૂર્ણિમા ત્યાંથી આગળ બત્રીસ ભાગ અર્થાત્ ૩૩ થી ૬૪ ભાગમાં ત્રીજી પૂર્ણિમા ૬૫ થી ૯૬ ભાગના વિસ્તારમાં યોગ કરે છે. તે જ રીતે બારમી પૂર્ણિમા ૩૨ × ૧૨ = ૩૮૪ અર્થાત્ ૩૫૨ થી ૩૮૪ ભાગના વિસ્તારમાં યોગ કરે છે.

એક મંડળના એકસો ચોવીસ ભાગની કલ્પના કરી છે, તેથી ૩૮૪ ભાગના ક્ષેત્ર વિસ્તારમાં ૩૮૪ ÷ ૧૨૪ =( $૩\frac{૧૨}{૧૨૪}$ ) અર્થાત્ ત્રણ મંડળ અને એકસો ચોવીસ્યા બાર ભાગના વિસ્તારમાં યોગ કરે છે.

આ રીતે પાંચ વર્ષના એક યુગની ૬૨ પૂર્ણિમાના યોગક્ષેત્રનો વિસ્તાર જાણવો જોઈએ.

**અંતિમ બાસઠમી પૂર્ણિમાના ચંદ્રની યોગ સમાપ્તિ :–** ૧૨૪ ભાગવાળા અંતિમ મંડળના ચાર વિભાગની કલ્પના કરતાં તેના પૂર્વી, પશ્ચિમી, ઉત્તરી, દક્ષિણી ચારે વિભાગમાં ૩૧-૩૧ ભાગ પ્રાપ્ત થાય છે. દક્ષિણ દિશાવર્તી ચોથા ભાગના ૩૧ ભાગમાંથી ૨૭ ભાગ અને ૨૮મા ભાગના ૨૦ વિભાગ કરી, તેમાંના ૧૮મા ($\frac{૨૭}{૩૧}$ , $\frac{૧૮}{૨૦}$) ભાગે અંતિમ પૂર્ણિમાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે અને તે દેશ ભાગથી જ અર્થાત્ એકત્રીસ ભાગમાંથી શેષ રહેલા $\frac{૩}{૩૧}$ , $\frac{૨}{૨૦}$ ભાગથી યુગની પ્રથમ પૂર્ણિમાના ચંદ્રના યોગનો પ્રારંભ થાય છે.

**અંતિમ બાસઠમી અમાવાસ્યાના ચંદ્રની યોગ સમાપ્તિ :–** બાસઠમી પૂર્ણિમાનો યોગ જે દેશ ભાગમાં સમાપ્ત થાય તેના ૧૬ ભાગ પાછળ અમાવાસ્યાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે. પૂર્ણિમાનો ચંદ્ર દક્ષિણ દિશાવર્તી $\frac{૨૭}{૩૧}$, $\frac{૧૮}{૨૦}$ ભાગે યોગ પૂર્ણ કરે છે. તેથી એકત્રીસ્યા સત્યાવીસ ભાગમાંથી એકત્રીસ્યા સોળ ભાગ બાદ કરતા $\frac{૨૭}{૩૧} - \frac{૧૬}{૩૧} = \frac{૧૧}{૩૧}$ તથા $\frac{૧૮}{૨૦}$ ભાગે અમાવસ્યાનો ચંદ્ર યોગ પૂર્ણ કરે છે અને નવા યુગની પ્રથમ અમાસનો ચંદ્ર દક્ષિણી વિભાગમાં એકત્રીસ ભાગમાંથી શેષ રહેલા $\frac{૨૦}{૩૧}$ , $\frac{૨}{૨૦}$ ભાગથી યોગનો પ્રારંભ કરે છે.

**પૂર્ણિમા અને અમાવાસ્યાના સૂર્યનો યોગ :–** પૂર્ણિમા અને અમાવસ્યાના સૂર્ય મંડળગત ૧૨૪ ભાગમાંથી ૯૪–૯૪ ભાગમાં નક્ષત્ર સાથે યોગ કરે છે.

**બાસઠમી પૂર્ણિમાના સૂર્યની યોગ સમાપ્તિ :–** બાસઠમી પૂર્ણિમાના મંડળના ચાર વિભાગની કલ્પના કરી, પૂર્વ દિશાવર્તી ૩૧ ભાગમાંથી ૨૭ ભાગ અને ૨૮મા ભાગના પુનઃ ૨૦ ભાગ કરી, તેના ૧૮મા ( $\frac{૨૭}{૩૧}$ , $\frac{૧૮}{૨૦}$) ભાગે સૂર્ય યોગ સમાપ્ત કરે છે અને નવા યુગની પ્રથમ પૂર્ણિમાનો સૂર્ય પૂર્વી ચતુર્થ વિભાગના એકત્રીસ ભાગમાંથી શેષ રહેલા $\frac{૩}{૩૧}$ , $\frac{૨}{૨૦}$ ભાગથી યોગનો પ્રારંભ કરે છે.

**બાસઠમી અમાવાસ્યાના સૂર્યની યોગ સમાપ્તિ :–** બાસઠમી પૂર્ણિમાનો સૂર્ય જે દેશ ભાગમાં યોગ સમાપ્તિ કરે છે તેના ૧૬ ભાગ પાછળ અંતિમ અમાસનો સૂર્ય યોગ સમાપ્તિ કરે છે અર્થાત્ પૂર્વી ચતુર્થ વિભાગમાં $\frac{૧૧}{૩૧}$ , $\frac{૧૮}{૨૦}$ ભાગે અમાવસ્યાનો સૂર્ય યોગ પૂર્ણ કરે છે અને નવા યુગની પ્રથમ અમાવસ્યાનો સૂર્ય $\frac{૨૦}{૩૧}$ , $\frac{૨}{૨૦}$ ભાગથી યોગનો પ્રારંભ કરે છે.

**दोण्णि अट्ठासीए भागसए, अट्ठ छत्ताले भागसए**– ૨૮૮ ભાગ, ૮૪૬ ભાગ. સૂત્રકારે ત્રણ પૂર્ણિમાના ચંદ્ર–સૂર્યના યોગના દેશ ભાગનું કથન કર્યા પછી બારમી પૂર્ણિમાનું કથન કર્યું છે. પ્રત્યેક પૂર્ણિમાનો ચંદ્ર $\frac{૩૨}{૧૨૪}$ ભાગમાં અને સૂર્ય $\frac{૯૪}{૧૨૪}$ ભાગમાં યોગ કરે છે. ત્રીજી પૂર્ણિમાથી બારમી પૂર્ણિમા નવમા ક્રમાંકે છે, તે અપેક્ષાએ સૂત્રકારે ચંદ્રના દેશ ભાગ માટે ૩૨×૯ = ૨૮૮ ભાગ અને સૂર્યના દેશભાગ માટે ૯૪ × ૪ = ૮૪૬ ભાગનું કથન કર્યું છે, પરંતુ વાસ્તવમાં પ્રથમથી બારમી પૂર્ણિમાના ચંદ્ર યોગ ક્ષેત્રના ૩૨ × ૧૨ = ૩૮૪ ભાગ થાય છે અને સૂર્ય યોગ ક્ષેત્રના ૯૪ × ૧૨ = ૧,૧૨૮ ભાગ થાય છે.

યુગની પ્રત્યેક પૂર્ણિમા અને અમાસનો ચંદ્ર એકસો ચોવીસ્યા બત્રીસ-બત્રીસ($\frac{૩૨}{૧૨૪}$) ભાગમાં યોગ કરે છે અને ૩૨-૩૨ ભાગમાં યોગ કરતાં-કરતાં એકસો ચોવીસ-એકસો ચોવીસ ભાગે એક-એક મંડળ પૂર્ણ થાય છે. આ ગણનાનુસાર એક યુગની ૬૨ પૂર્ણિમા અને ૬૨ અમાસના ચંદ્ર ૧૬-૧૬ મંડળ પૂર્ણ કરે છે. જેમકે બારમી પૂર્ણિમા–અમાસનો ચંદ્ર(૧૨ × ૩૨ = ૩૮૪ ÷ ૧૨૪ =) ૩ $\frac{૧૨}{૧૨૪}$ ભાગે એટલે ત્રણ મંડળ પૂર્ણ કરીને શેષ બાર ભાગ ચોથા મંડળ ઉપર પૂર્ણ કરે છે. તે જ રીતે બાસઠમી પૂર્ણિમા-અમાસનો ચંદ્ર ૬૨ × ૩૨ = ૧૯૮૪ ÷ ૧૨૪ = ૧૬ મંડળ પૂર્ણ કરે છે.

આ રીતે યુગની પ્રત્યેક પૂર્ણિમા કે અમાસનો સૂર્ય એક મંડળના એકસો ચોવીસ્યા ચોરાણુ($\frac{૯૪}{૧૨૪}$) ભાગમાં યોગ કરે છે. બારમી પૂર્ણિમા કે અમાસનો સૂર્ય(૯૪ × ૧૨ = ૧૧૨૮ ÷ ૧૨૪ =) ૯ $\frac{૧૨}{૧૨૪}$ ભાગે એટલે નવ મંડળ પૂર્ણ કરીને શેષ બાર ભાગ દસમા મંડળ ઉપર પૂર્ણ કરે છે. યુગની અંતિમ બાસઠમી પૂર્ણિમા-અમાસનો સૂર્ય( ૬૨ × ૯૪ = ૫૮૨૮ ÷ ૧૨૪ =) ૪૭ મંડળ પૂર્ણ કરે છે.

**મંડળના દેશ ભાગમાં પૂર્ણિમા–અમાસના ચંદ્ર–સૂર્યનો યોગ :–**

| યુગની પૂર્ણિમા અથવા અમાસ | મંડળગત ૧૨૪ ભાગના દેશભાગે ચંદ્રયોગ–ધ્રુવાંક ૩૨ | | ચંદ્ર યોગના મંડળગત કુલ ભાગ | મંડળગત ૧૨૪ ભાગના દેશ ભાગે સૂર્ય યોગ–ધ્રુવાંક ૯૪ | | સૂર્યયોગના મંડળગત કુલ ભાગ |
|---|---|---|---|---|---|---|
| | પૂર્ણ થતું મંડળ | એકસો ચોવીસ્યા ભાગ | | પૂર્ણ થતું મંડળ | એકસો ચોવીસ્યા ભાગ | |
| પ્રથમ | – | પ્રથમ મંડળ ઉપર ૩૨ | ૩૨ | – | પ્રથમ મંડળ ઉપર ૯૪ | ૯૪ |
| બીજી | – | પ્રથમ મંડળ ઉપર ૬૪ | (૩૨+૩૨=૬૪) | ૧ | બીજા મંડળ ઉપર ૬૪ | (૯૪+૯૪=) ૧૮૮ |
| બારમી | ૩ | ચોથા મંડળ ઉપર ૧૨ | ૧૨×૩૨=૩૮૪ | ૯ | દસમા મંડળ ઉપર ૧૨ | ૧૨×૯૪= ૧૧૨૮ |
| ચોવીસમી | ૬ | સાતમા મંડળ ઉપર ૨૪ | ૨૪×૩૨=૭૬૮ | ૧૮ | ઓગણીસમા મંડળ ઉપર ૨૪ | ૨૪ × ૯૪ = ૨૨૫૬ |
| સાડત્રીસમી | ૯ | દસમા મંડળ ઉપર ૬૮ | ૩૭ × ૩૨ = ૧૧૮૪ | ૨૮ | પચીસમા મંડળ ઉપર ૬ | ૩૭ × ૯૪ ૩૪૭૮ |
| ઓગણપચાસમી | ૧૨ | તેરમા મંડળ ઉપર ૮૦ | ૪૯ × ૩૨ = ૧૫૬૮ | ૩૭ | આડત્રીસમા મંડળ ઉપર ૧૮ | ૪૯ × ૯૪ = ૪૬૦૬ |
| બાસઠમી | ૧૬ | – | ૬૨ × ૩૨ = ૧૯૮૪ | ૪૭ | – | ૬૨ × ૯૪ ૫૮૨૮ |

| યુગની પૂર્ણિમા અથવા અમાસ | મંડળગત ૧૨૪ ભાગના દેશભાગે ચંદ્રયોગ–ધ્રુવાંક ૩૨ | | ચંદ્ર યોગના મંડળગત કુલ ભાગ | મંડળગત ૧૨૪ ભાગના દેશ ભાગે સૂર્ય યોગ–ધ્રુવાંક ૯૪ | | સૂર્યયોગના મંડળગત કુલ ભાગ |
|---|---|---|---|---|---|---|
| | પૂર્ણ થતું મંડળ | એકસો ચોવીસ્યા ભાગ | | પૂર્ણ થતું મંડળ | એકસો ચોવીસ્યા ભાગ | |
| બાસઠમી પૂર્ણિમાના યોગની સમાપ્તિ | | ચંદ્ર યોગ સમાપ્તિ– દક્ષિણ દિશવાર્તી ચોથા ભાગના $\frac{૨૭}{૩૧}$, $\frac{૧૮}{૨૦}$ભાગે | | | સૂર્ય યોગ સમાપ્તિ– પૂર્વ દિશાવર્તી ચોથા ભાગના $\frac{૨૭}{૩૧}$, $\frac{૧૮}{૨૦}$ ભાગે | |
| બાસઠમી અમાસના યોગની સમાપ્તિ | | ચંદ્ર યોગ સમાપ્તિ– દક્ષિણ દિશાવર્તી ચોથા ભાગના $\frac{૧૧}{૩૧}$, $\frac{૧૮}{૨૦}$ ભાગે | | | સૂર્ય યોગ સમાપ્તિ– પૂર્વ દિશાવર્તી ચોથા ભાગના $\frac{૧૧}{૩૧}$, $\frac{૧૮}{૨૦}$ ભાગે | |

**પૂર્ણિમા–અમાવાસ્યાના ચંદ્ર–સૂર્યનો નક્ષત્ર યોગ :–**

**૨૩ ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमं पुण्णिमासिणिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता धणिट्ठाहिं, धणिट्ठाणं तिण्णि मुहुत्ता एगूणवीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता पण्णट्ठिं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पुव्वाफग्गुणीहिं, पुव्वाफग्गुणीणं अट्ठावीसं मुहुत्ता अट्ठतीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता बत्तीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની પ્રથમ પૂર્ણિમાનો ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** યુગની પ્રથમ પૂર્ણિમાનો ચંદ્ર ધનિષ્ઠા નક્ષત્ર સાથે યોગ કરે છે.

ધનિષ્ઠા નક્ષત્ર સાથેના ચંદ્ર યોગના ત્રણ મુહૂર્ત અને બાસઠીયા ઓગણીસ ભાગ તથા સડસઠીયા પાંસઠ ચૂર્ણિકાભાગ(૩ $\frac{૧૯}{૬૨}$, $\frac{૬૫}{૬૭}$) મુહૂર્ત શેષ હોય ત્યારે પૂર્ણિમા પૂર્ણ થાય છે અર્થાત્ પ્રથમ માસ પૂર્ણ થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય(પ્રથમ પૂર્ણિમાનો સૂર્ય) પૂર્વાફાલ્ગુની નક્ષત્ર સાથે યોગ કરે છે. પૂર્વાફાલ્ગુની નક્ષત્રના સૂર્ય યોગના અઠ્યાવીસ મુહૂર્ત અને બાસઠીયા આડત્રીસ ભાગ તથા સડસઠીયા બત્રીસ ચૂર્ણિકા ભાગ ૨૮ $\frac{૩૮}{૬૨}$, $\frac{૩૨}{૬૭}$ મુહૂર્ત શેષ હોય ત્યારે પૂર્ણિમા પૂર્ણ થાય છે અર્થાત્ પ્રથમ માસ પૂર્ણ થાય છે.

**૨૪ ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चं पुण्णिमासिणिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं पोट्ठवयाहिं, उत्तराणं पोट्ठवयाणं सत्तावीसं मुहुत्ता चोद्दस य**

**बावट्ठिभागे मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता बावट्ठिं चुण्णिया भागासेसा।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ?**

**ता उत्तराहिं फग्गुणीहिं, उत्तराणंफग्गुणीणं सत्त मुहुत्ता तेत्तीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता एक्कतीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બીજી પૂર્ણિમાનો ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** યુગની બીજી પૂર્ણિમાનો ચંદ્ર ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર સાથે યોગ કરે છે. ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના ચંદ્ર યોગના સત્યાવીસ મુહૂર્ત અને બાસઠીયા ચૌદ ભાગ તથા સડસઠીયા બાસઠ ચૂર્ણિકા ભાગ (૨૭ $\frac{૧૪}{૬૨}$ ,$\frac{૬૨}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય, ત્યારે બીજી પૂર્ણિમા પૂર્ણ થાય છે.

**પ્રશ્ન–** તે સમયે(બીજા માસની પૂર્ણિમાનો) સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે યોગ કરે છે અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના સૂર્ય યોગના સાત મુહૂર્ત અને બાસઠીયા તેત્રીસ ભાગ તથા સડસઠીયા એકત્રીસ ચૂર્ણિકા ભાગ(૭ $\frac{૩૩}{૬૨}$ , $\frac{૩૧}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય બીજી ત્યારે પૂર્ણિમા પૂર્ણ થાય છે.

**૨૫ ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चं पुण्णिमासिणिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता अस्सिणीहिं, अस्सिणीणं एक्कवीसं मुहुत्ता णव य बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता तेवट्ठिं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता चित्ताहिं, चित्ताणं एक्को मुहुत्तो अट्ठावीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता तीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની ત્રીજી પૂર્ણિમાનો ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** ત્રીજી પૂર્ણિમાનો ચંદ્ર અશ્વિની નક્ષત્ર સાથે યોગ કરે છે. અશ્વિની નક્ષત્રના ચંદ્રયોગના એકવીસ મુહૂર્ત અને બાસઠીયા નવ ભાગ તથા સડસઠીયા ત્રેસઠ ચૂર્ણિકા ભાગ (૨૧ $\frac{૯}{૬૨}$ , $\frac{૬૩}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે ત્રીજી પૂર્ણિમા પૂર્ણ થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય ચિત્રા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ચિત્રા નક્ષત્ર સાથેના સૂર્ય યોગના એક મુહૂર્ત બાસઠીયા અઠ્યાવીસ ભાગ તથા સડસઠીયા ત્રીસ ચૂર્ણિકાભાગ(૧ $\frac{૨૮}{૬૨}$ , $\frac{૩૦}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે ત્રીજી પૂર્ણિમા(ત્રીજો માસ) પૂર્ણ થાય છે.

**૨૬ ता एएसि णं, पंचण्हं संवच्छराणं दुवालसमं पुण्णिमासिणिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं छवीसं मुहुत्ता छवीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता चउप्पण्णं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पुणव्वसुणा, पुणव्वसुस्स**

**सोलस मुहुत्ता अट्ठ य बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता वीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બારમી પૂર્ણિમાનો ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** યુગની બારમી પૂર્ણિમાનો ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગ કરે છે. ઉત્તરાષાઢા નક્ષત્ર સાથેના ચંદ્ર યોગના છવ્વીસ મુહૂર્ત અને બાસઠીયા છવ્વીસ ભાગ તથા સડસઠીયા ચોપન ચૂર્ણિકા ભાગ(૨૬ $\frac{૨૬}{૬૨}$ , $\frac{૫૪}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે બારમી પૂર્ણિમા પૂર્ણ થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય(બારમી પૂર્ણિમાનો સૂર્ય) ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પુનર્વસુ નક્ષત્ર સાથે યોગ કરે છે. પુનર્વસુ નક્ષત્ર સાથેના સૂર્ય યોગના સોળ મુહૂર્ત અને બાસઠીયા આઠ ભાગ તથા સડસઠીયા વીસ ચૂર્ણિકા ભાગ (૧૬ $\frac{૮}{૬૨}$ , $\frac{૨૦}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે બારમી પૂર્ણિમા(બારમો માસ) પૂર્ણ થાય છે.

**૨૭ ता एएसि णं पंचण्हं संवच्छराणं चरिमं बावट्ठिं पुण्णिमासिणिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं चरम समए ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पुस्सेणं, पुस्सस्स एगूणवीसं मुहुत्ता तेयालीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता तेतीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બાસઠમી પૂર્ણિમાનો ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** બાસઠમી પૂર્ણિમાનો ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગ કરે છે. ઉત્તરાષાઢા નક્ષત્ર સાથેના ચંદ્ર યોગના ચરમ–અંતિમ સમયે યુગની બાસઠમી અંતિમ પૂર્ણિમા પૂર્ણ થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય(બાસઠમી પૂર્ણિમાનો સૂર્ય) કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** બાસઠમી પૂર્ણિમાનો સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે યોગ કરે છે. પુષ્ય નક્ષત્ર સાથેના સૂર્ય યોગના ઓગણીસ મુહૂર્ત અને બાસઠીયા તેતાલીસ ભાગ તથા સડસઠીયા તેત્રીસ ચૂર્ણિકા ભાગ(૧૯ $\frac{૪૩}{૬૨}$ , $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે પૂર્ણિમા પૂર્ણ થાય છે અર્થાત્ બાસઠમો માસ પૂર્ણ થાય છે.

**૨૮ ता एएसि णं पंचण्ह संवच्छराणं पढमं अमावासं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता अस्सेसाहिं, अस्सेसाणं एक्के मुहुत्ते चत्तालीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता बावट्ठिं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता अस्सेसाहिं चेव अस्सेसाणं एक्को मुहुत्तो चत्तालीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिघा छेत्ता बावट्ठिं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની પ્રથમ અમાવાસ્યાનો ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** યુગની પ્રથમ અમાવાસ્યાનો ચંદ્ર અશ્લેષા નક્ષત્ર સાથે યોગ કરે છે. અશ્લેષા નક્ષત્ર સાથેના ચંદ્ર યોગના

એક મુહૂર્ત અને બાસઠીયા ચાલીસ ભાગ તથા સડસઠીયા બાસઠ ચૂર્ણિકા ભાગ ૧ $\frac{૪૦}{૬૨}$ , $\frac{૬૨}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે પ્રથમ અમાવાસ્યા પૂર્ણ થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય(પ્રથમ અમાવાસ્યાનો સૂર્ય) ક્યા નક્ષત્ર સાથે યોગ કરે ? **ઉત્તર–** પ્રથમ અમવાસ્યાનો સૂર્ય પણ અશ્લેષા નક્ષત્ર સાથે યોગ કરે છે. અશ્લેક્ષા નક્ષત્રના સૂર્ય યોગના ૧ $\frac{૪૦}{૬૨}$ , $\frac{૬૨}{૬૭}$ મુહૂર્ત શેષ હોય ત્યારે અમાવાસ્યા પૂર્ણ થાય છે.

**૨૯** **ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चं अमावासं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिंफग्गुणीहिं, उत्तराणंफग्गुणीणं चत्तालीसं मुहुत्ता पणतीसं बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिघा छेत्ता पण्णट्ठिं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं चेव फग्गुणीहिं उत्तराफग्गुणीणं जहेव चंदस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બીજી અમાવસ્યાનો ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** બીજી અમાવાસ્યાનો ચંદ્ર ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે યોગ કરે છે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના ચંદ્ર યોગના ચાલીસ મુહૂર્ત અને બાસઠીયા પાંત્રીસ ભાગ તથા સડસઠીયા પાંસઠ ચૂર્ણિકા ભાગ(૪૦ $\frac{૩૫}{૬૨}$ , $\frac{૬૫}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે બીજી અમાવાસ્યા પૂર્ણ થાય છે. **પ્રશ્ન–** તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પણ ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે યોગ કરે છે. ચંદ્રયોગ માટે જેમ કહ્યું છે, તેમ સૂર્ય યોગ માટે કહેવું, કારણ કે અમાસના દિવસે ચંદ્ર અને સૂર્ય એક સાથે રહે છે, તેથી બંનેના નક્ષત્ર યોગ એક સમાન છે.

**૩૦** **ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चं अमावासं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता हत्थेणं, हत्थस्स चत्तारि मुहुत्ता तीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता बावट्ठिं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता हत्थेणं चेव, हत्थस्स जहा चंदस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની ત્રીજી અમાવાસ્યાનો ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** ત્રીજી અમાવાસ્યાનો ચંદ્ર હસ્ત નક્ષત્ર સાથે યોગ કરે છે. હસ્ત નક્ષત્ર સાથેના ચંદ્રયોગના ચાર મુહૂર્ત અને બાસઠીયા ત્રીસ ભાગ તથા સડસઠીયા બાસઠ ચૂર્ણિકા ભાગ (૪$\frac{૩૦}{૬૨}$ , $\frac{૬૨}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે ત્રીજી અમાવસ્યા પૂર્ણ થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** ત્રીજી અમાવાસ્યાનો સૂર્ય પણ હસ્ત નક્ષત્ર સાથે યોગ કરે છે. તે નક્ષત્રના ચંદ્ર સાથેના યોગના કથન પ્રમાણે જ અહીં કથન કરવું.

**૩૧** **ता एएसि णं पंचण्हं संवच्छराणं दुवालसमं अमावासं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता अद्दाहिं, अद्दाणं चत्तारि मुहुत्ता दस य बावट्ठि भागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता चउप्पण्णं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता अद्दाहिं चेव, अद्दाणं जहा चंदस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની બારમી અમાવાસ્યાનો ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** બારમી અમાવાસ્યાનો ચંદ્ર આર્દ્રા નક્ષત્ર સાથે યોગ કરે છે. આર્દ્રાનક્ષત્રના ચંદ્ર યોગના ચાર મુહૂર્ત અને બાસઠીયા દસ ભાગ તથા સડસઠીયા ચોપન ચૂર્ણિકા ભાગ(૪ $\frac{૧૦}{૬૨}$, $\frac{૫૪}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે બારમી અમાવાસ્યા પૂર્ણ થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પણ આર્દ્રા નક્ષત્ર સાથે યોગ કરે છે. આર્દ્રા નક્ષત્રના ચંદ્રયોગ પ્રમાણે અહીં કથન કરવું.

**૩૨ ता एएसि णं पंचण्हं संवच्छराणं चरिमं बावट्ठिं अमावासं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता पुणव्वसुणा, पुणव्वसुस्स बावीसं मुहुत्ता बायालीसं च बासट्ठिभागा मुहुत्तस्स सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पुणव्वसुणा चेव, पुणव्वसुस्स जहा चंदस्स ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની અંતિમ બાસઠમી અમાવાસ્યાનો ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** અંતિમ અમાવાસ્યાનો ચંદ્ર પુનર્વસુ નક્ષત્ર સાથે યોગ કરે છે. પુનર્વસુ નક્ષત્ર સાથેના ચંદ્ર યોગના બાવીસ મુહૂર્ત અને બાસઠીયા બેતાલીસ ભાગ(૨૨ $\frac{૪૨}{૬૨}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે અમાવસ્યા પૂર્ણ થાય છે. **પ્રશ્ન–** તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પણ પુનર્વસુ નક્ષત્ર સાથે યોગ કરે છે. પુનર્વસુ નક્ષત્રના ચંદ્ર યોગ પ્રમાણે જ અહીં કથન કરવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૂર્ણિમા અને અમાવાસ્યાના ચંદ્ર તથા સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે અને ક્યા નક્ષત્રના યોગમાં પૂર્ણિમા, અમાવાસ્યા પૂર્ણ થાય છે, તેનું કથન છે.

**પૂર્ણિમાની સમાપ્તિ સમયના ચંદ્ર-સૂર્ય સાથેનો નક્ષત્ર યોગ :–**

| યુગની પૂર્ણિમા | ચંદ્ર સાથે યોગ કરતું નક્ષત્ર | શેષ મુહૂર્તે પૂર્ણિમા પૂર્ણ | સૂર્ય સાથે યોગનું કરતું નક્ષત્ર | શેષ મુહૂર્તે પૂર્ણિમા પૂર્ણ |
|---|---|---|---|---|
| પહેલી પૂનમ | ધનિષ્ઠા | ૩ $\frac{૧૯}{૬૨}$, $\frac{૬૫}{૬૭}$ | પૂર્વાફાલ્ગુની | ૨૮ $\frac{૩૮}{૬૨}$, $\frac{૩૨}{૬૭}$ |
| બીજી પૂનમ | ઉત્તરાભાદ્રપદા | ૨૭ $\frac{૧૪}{૬૨}$, $\frac{૬૨}{૬૭}$ | ઉત્તરા ફાલ્ગુની | ૭ $\frac{૩૩}{૬૨}$, $\frac{૩૧}{૬૭}$ |
| ત્રીજી પૂનમ | અશ્વિની | ૨૧ $\frac{૯}{૬૨}$, $\frac{૬૩}{૬૭}$ | ચિત્રા | ૧ $\frac{૨૮}{૬૨}$, $\frac{૩૦}{૬૭}$ |
| બારમી પૂનમ | ઉત્તરાષાઢા | ૨૯ $\frac{૨૬}{૬૨}$, $\frac{૫૪}{૬૭}$ | પુનર્વસુ | ૧૬ $\frac{૮}{૬૨}$, $\frac{૨૦}{૬૭}$ |
| બાસઠમી પૂનમ | ઉત્તરાષાઢા | છેલ્લો સમય | પુષ્ય | ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ |

**અમાવાસ્યાની સમાપ્તિ સમયે ચંદ્ર-સૂર્ય સાથેનો શેષ નક્ષત્ર યોગ :–**

| યુગની અમાવાસ્યા | ચંદ્ર-સૂર્ય સાથે યોગ કરતા નક્ષત્ર | પૂર્ણિમા-અમાસ સમાપ્તિએ શેષ રહેતા યોગનું મુહૂર્ત પ્રમાણ |
|---|---|---|
| પહેલી | અશ્લેષા | ૧ $\frac{૪૦}{૬૨}$, $\frac{૬૨}{૬૭}$ |
| બીજી | ઉત્તરા ફાલ્ગુની | ૪૦ $\frac{૩૫}{૬૨}$, $\frac{૬૫}{૬૭}$ |
| ત્રીજી | હસ્ત | ૪ $\frac{૩૦}{૬૨}$, $\frac{૬૨}{૬૭}$ |
| બારમી | આર્દ્રા | ૪ $\frac{૧૦}{૬૨}$, $\frac{૫૪}{૬૭}$ |
| બાસઠમી | પુનર્વસુ | ૨૨ $\frac{૪૨}{૬૨}$ |
| ચંદ્ર અમાવાસ્યાના દિવસે સૂર્યની સાથે જ રહે છે. તેથી બન્નેનો નક્ષત્ર યોગ એક સમાન જ હોય છે. | | |

**સદૃશ–વિસદૃશ નક્ષત્ર સાથે ચંદ્રયોગ :–**

**३३** **ता जेणं अज्ज णक्खत्तेणं चंदे जोयं जोएइ जंसि देसंसि, से णं इमाइं अट्ठ एगूणवीसाइं मुहुत्तसयाइं चउवीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता छावट्ठिं चुण्णियाभागे उवाइणावेत्ता पुणरवि से चंदे अण्णेणं सरिसएणं चेव णक्खत्तेणं जोयं जोएइ अण्णंसि देसंसि ।**

**ભાવાર્થ :–** જે ચંદ્ર જે નક્ષત્ર સાથે જે દેશ ભાગમાં આજે(વિવક્ષિત દિવસે) યોગ કરે છે, તે જ ચંદ્ર આઠસો ઓગણીસ મુહૂર્ત અને બાસઠીયા ચોવીસ ભાગ તથા સડસઠીયા છાસઠ ચૂર્ણિકા ભાગ(૮૧૯ $\frac{૨૪}{૬૨}$, $\frac{૬૬}{૬૭}$ મુહૂર્ત) પછી પુનઃ સમાન નામવાળા અન્ય નક્ષત્ર સાથે અન્ય દેશ ભાગમાં યોગ કરે છે.

**३४** **ता जेणं अज्ज णक्खत्तेणं चंदे जोयं जोएइ जंसि देसंसि, से णं इमाइं सोलस अट्ठतीसं मुहुत्तसयाइं अउणापण्णं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता पण्णट्ठिं चुण्णिया भागे उवाइणावेत्ता पुणरवि से णं चंदे तेणं चेव णक्खत्तेणं जोयं जोएइ अण्णंसि देसंसि ।**

**ભાવાર્થ :–** જે ચંદ્ર જે નક્ષત્ર સાથે જે દેશ ભાગમાં આજે(વિવક્ષિત દિવસે) યોગ કરે છે, તે જ ચંદ્ર સોળસો આડત્રીસ મુહૂર્ત અને બાસઠીયા ઓગણપચાસ ભાગ તથા સડસઠીયા પાંસઠ ચૂર્ણિકા ભાગ (૧૬૩૮ $\frac{૪૯}{૬૨}$, $\frac{૬૫}{૬૭}$ મુહૂર્ત) પછી પુનઃ તે જ નક્ષત્ર સાથે અન્ય દેશભાગમાં યોગ કરે છે.

**३५** **ता जेणं अज्ज णक्खत्तेणं चंदे जोयं जोएइ जंसि देसंसि, से णं इमाइं चउपण्ण मुहुत्तसहस्साइं णव य मुहुत्तसयाइं उवाइणावेत्ता पुणरवि से चंदे अण्णेणं तारिसएणं णक्खत्तेणं जोयं जोएइ तंसि देसंसि ।**

**ભાવાર્થ :–** જે ચંદ્ર જે નક્ષત્ર સાથે જે દેશ ભાગમાં આજે(વિવક્ષિત દિવસે) યોગ કરે છે, તે જ ચંદ્ર ચોપન હજાર નવસો(૫૪૯૦૦) મુહૂર્ત પછી પુનઃ તે જ નામવાળા અન્ય નક્ષત્ર સાથે, તે જ દેશ ભાગમાં યોગ કરે છે.

**३६ ता जेणं अज्ज णक्खत्तेणं चंदे जोयं जोएइ जंसि देसंसि, से णं इमाइं एगं मुहुयसहस्सं अट्ठाणउइं च मुहुत्तसयाइं उवाइणावेत्ता पुणरवि से चंदे तेणं चेव णक्खत्तेणं जोयं जोएइ तंसि देसंसि ।**

**ભાવાર્થ :–** જે ચંદ્ર જે નક્ષત્ર સાથે જે દેશ ભાગમાં આજે(વિવક્ષિત દિવસે) યોગ કરે છે, તે જ ચંદ્ર એક લાખ, નવહજાર, આઠસો(૧,૦૯, ૮૦૦) મુહૂર્ત પછી પુનઃ તે નક્ષત્ર સાથે તે જ દેશ ભાગમાં યોગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્રે પૂર્વ કરેલા નક્ષત્ર યોગ પછી તે જ નક્ષત્ર કે તત્સદશ નામવાળા અન્ય નક્ષત્ર સાથે પુનઃ થતાં નક્ષત્રયોગના કાળમાન(અંતર)નું વર્ણન છે.

જંબૂદ્વીપમાં બે ચંદ્ર છે અને ૫૬ નક્ષત્રો છે. એક-એક ચંદ્ર સામસામી દિશામાં રહીને પરિભ્રમણ કરે છે. તે જ રીતે ૨૮-૨૮ નક્ષત્રો સામસામી દિશામાં રહીને પરિભ્રમણ કરેછે. ચંદ્રની અને નક્ષત્રની ગતિ ભિન્ન-ભિન્ન છે. નક્ષત્ર તીવ્રગતિવાળા છે, ચંદ્ર મંદ ગતિવાળો છે. આ ગતિની ભિન્નતાના કારણે ચંદ્ર ક્યારેક એક નક્ષત્ર મંડળના નક્ષત્ર સાથે યોગ કરે છે, તો ક્યારેક અન્ય નક્ષત્ર મંડળના(સામી દિશાના) સમાન નામવાળા અન્ય નક્ષત્ર સાથે યોગ કરે છે. તે જ વિવક્ષિત ચંદ્રનો તે જ વિવક્ષિત નક્ષત્ર, તેની સમાન નામ-વાળા અન્ય નક્ષત્ર, તે જ વિવક્ષિત દેશ ભાગ(ક્ષેત્ર) અને અન્ય દેશભાગ(ક્ષેત્ર)ના યોગથી ચાર વિકલ્પ સર્જાય છે.

(૧) તે જ ચંદ્રનો તત્સદશ નામવાળા અન્ય નક્ષત્ર સાથે અન્ય દેશભાગમાં યોગ,

(૨) તે જ ચંદ્રનો તે જ નક્ષત્ર સાથે અન્ય દેશભાગમાં યોગ,

(૩) તે જ ચંદ્રનો તત્સદશ નામવાળા અન્ય નક્ષત્ર સાથે તે જ દેશ ભાગમાં યોગ અને

(૪) તે જ ચંદ્રનો તે જ નક્ષત્ર સાથે તે જ દેશ ભાગમાં યોગ.

યુગના પ્રારંભે અભિજિત નક્ષત્ર યોગ કરે છે અને ત્યાર પછી ક્રમશઃ યોગ કરતા ૮૧૯$\frac{૨૭}{૬૭}$ મુહૂર્તમાં અર્થાત્ પ્રથમ નક્ષત્ર માસમાં ૨૮ નક્ષત્રો યોગ પૂર્ણ કરે છે. આ જ વિવક્ષિત ચંદ્ર બીજા નક્ષત્ર માસના પ્રારંભમાં તત્સદશ નામવાળા અન્ય નક્ષત્ર અર્થાત્ બીજા અભિજિત નક્ષત્રાદિ સાથે અન્ય દેશભાગમાં યોગ કરે છે અને ત્રીજા નક્ષત્ર માસમાં તે જ વિવક્ષિત(પ્રથમ માસવાળા) અભિજિતાદિ નક્ષત્ર સાથે અન્ય ભાગમાં યોગ કરે છે.

આ રીતે પ્રથમ વરસના બીજાથી બારમા માસમાં અન્ય દેશભાગમાં યોગ થાય છે અને તેમાં બીજા, ચોથા, છઠ્ઠા વગેરે સમસંખ્યક માસમાં તત્સદશ અન્ય નક્ષત્ર સાથે યોગ થાય છે અને ત્રીજા, પાંચમા, સાતમા વગેરે વિષમ સંખ્યક માસમાં તે જ નક્ષત્ર સાથે યોગ થાય છે. નૂતન યુગના પ્રારંભે તે જ દેશ ભાગ પ્રાપ્ત થાય છે અને ત્યારે સમસંખ્યાક માસ હોય તો તત્સદશ અન્ય નક્ષત્ર યોગ થાય અને નૂતન યુગના પ્રારંભે વિષમ સંખ્યક માસ હોય તો તે જ નક્ષત્ર અને તે જ દેશભાગમાં યોગ થાય છે.

**(૧) તત્સદશ નામવાળા અન્ય નક્ષત્ર સાથે અન્ય દેશભાગમાં યોગ :–**

નક્ષત્ર માસ ૮૧૯$\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત પ્રમાણ છે. પ્રસ્તુત સૂત્રોમાં બાસઠીયા સઠસઠીયા ભાગથી કથન છે,

તેથી $\frac{૨૭}{૬૭}$ભાગના બાસઠીયા ભાગ કરવા ૨૭ × ૬૨ = ૧૬૭૪ ÷ ૬૭ = બાસઠીયા ૨૪ ભાગ અને સઠસઠીયા ૬૬ ભાગ પ્રાપ્ત થાય છે. આ રીતે ૮૧૯ $\frac{૨૭}{૬૭}$મુહૂર્ત અને ૮૧૯ $\frac{૨૪}{૬૨}$ , $\frac{૬૬}{૬૭}$ મુહૂર્ત બંને સમાન છે. આ રીતે નક્ષત્ર માસ ૮૧૯ $\frac{૨૪}{૬૨}$ , $\frac{૬૬}{૬૭}$ મુહૂર્ત પ્રમાણ છે. પ્રથમ નક્ષત્ર માસ વ્યતીત થયા પછી બીજા નક્ષત્ર માસમાં તે જ ચંદ્ર તત્સદશ નામવાળા નક્ષત્ર સાથે અર્થાત્ બીજા અભિજિતાદિ નક્ષત્ર સાથે અન્ય દેશ ભાગમાં યોગ કરે છે. આ જ રીતે ચોથા, છટ્ઠા, આઠમા વગેરે સમસંખ્યક નક્ષત્ર માસમાં તે જ નામવાળા બીજા નક્ષત્ર સાથે યોગ થાય છે.

### (૨) તે જ નક્ષત્ર સાથે અન્ય દેશભાગમાં :–

પ્રથમ માસના ૮૧૯ $\frac{૨૪}{૬૨}$ , $\frac{૬૬}{૬૭}$ મુહૂર્ત + બીજા માસના ૮૧૯ $\frac{૨૪}{૬૨}$ , $\frac{૬૬}{૬૭}$ મુહૂર્ત= ૧,૬૩૮ $\frac{૪૯}{૬૨}$ , $\frac{૬૫}{૬૭}$ મુહૂર્ત વ્યતીત થયા પછી અર્થાત્ ત્રીજા માસમાં તે જ ચંદ્ર તે જ નક્ષત્ર સાથે અન્ય દેશભાગમાં યોગ કરે છે. અર્થાત્ પ્રથમ માસમાં જે અભિજિત નક્ષત્ર સાથે યોગ થયો હતો, તે જ અભિજિત નક્ષત્ર સાથે યોગ થાય છે પરંતુ તેનું ક્ષેત્ર બદલાય જાય છે. આ જ રીતે પાંચમા, સાતમા નવમા આદિ વિષમ સંખ્યક નક્ષત્ર માસમાં તે જ નક્ષત્ર સાથે અન્ય દેશભાગમાં યોગ થાય છે.

### (૩) તત્સદશ અન્ય નક્ષત્ર સાથે તે જ દેશભાગમાં યોગ :–

૮૧૯ $\frac{૨૪}{૬૨}$, $\frac{૬૬}{૬૭}$ × ૬૭ = ૫૪,૯૦૦ મુહૂર્ત વ્યતીત થયા પછી અર્થાત્ એક યુગના ૬૭ માસ વ્યતીત થયા પછી(બીજા યુગનો પ્રથમ માસ) ૬૮મા સમસંખ્યક માસમાં આ યોગ સર્જાય છે. એક યુગ વ્યતીત થયા પછી ચંદ્ર તે જ દેશભાગને પ્રાપ્ત થાય છે. પરંતુ ત્યારે તત્સદશ નામવાળા અન્ય નક્ષત્ર સાથે યોગ થાય છે.

### (૪) તે જ નક્ષત્ર તે જ દેશભાગમાં યોગ :–

૮૧૯ $\frac{૨૪}{૬૨}$ , $\frac{૬૬}{૬૭}$ × ૧૩૪ = ૧,૦૯,૮૦૦ મુહૂર્ત વ્યતીત થયા પછી અર્થાત્ બે યુગના(૬૭ + ૬૭ =) ૧૩૪ માસ વ્યતીત થયા પછી ત્રીજા યુગના પ્રથમ માસમાં એટલે ૧૩૫મા વિષમ સંખ્યક માસમાં તે જ ચંદ્ર, તે જ દેશભાગમાં, તે જ અભિજિતાદિ નક્ષત્ર સાથે યોગ કરે છે.

**સદશ કે વિવક્ષિત નક્ષત્રનો ચંદ્ર યોગ :–**

| યોગ | સમય | મુહૂર્ત પછી યોગ | અહોરાત્ર પછી યોગ |
|---|---|---|---|
| વર્તમાને વિવક્ષિત યોગ | યુગના પ્રથમ માસમાં ૨૮ નક્ષત્ર યોગ | – | – |
| તત્સદશ અન્ય નક્ષત્ર, અન્ય દેશ ભાગ | બીજા માસમાં ૨૮ નક્ષત્ર યોગ(ચોથા, છટ્ઠા, આઠમા આદિ સમસંખ્યક માસમાં) | ૮૧૯ $\frac{૨૪}{૬૨}$ , $\frac{૬૬}{૬૭}$ | ૨૭ $\frac{૨૧}{૬૭}$ |
| વિવક્ષિત તે જ નક્ષત્ર અન્ય દેશ ભાગ | ત્રીજા માસમાં ૨૮ નક્ષત્ર યોગ (પાંચમા, સાતમા, નવમા આદિ વિષય સંખ્યક માસમાં) | ૧૬૩૮ $\frac{૪૯}{૬૨}$ , $\frac{૬૫}{૬૭}$ | ૫૪ $\frac{૪૨}{૬૭}$ |

| યોગ | સમય | મુહૂર્ત પછી યોગ | અહોરાત્ર પછી યોગ |
|---|---|---|---|
| તત્સદશ અન્ય નક્ષત્ર, વિવક્ષિત દેશ ભાગ | બીજા યુગના (પ્રથમ અડસઠમા) ત્રીજા(સિતેરમા) વગેરે સમસંખ્યક માસમાં | ૫૪૯૦૦ | ૧,૮૩૦ |
| વિવક્ષિત નક્ષત્ર, વિવક્ષિત દેશ ભાગ | ત્રીજા યુગના પ્રથમ(૧૩૫મા) બીજા (૧૩૭માં) માસમાં ૨૮ નક્ષત્ર યોગ | ૧,૦૯,૮૦૦ | ૩,૬૬૦ |

**નક્ષત્ર માસ પ્રમાણ :–** પ્રસ્તુતમાં નક્ષત્રમાસ ૮૧૯ $\frac{૨૪}{૬૨}$ , $\frac{૬૬}{૬૭}$ મુહૂર્ત પ્રમાણ કહ્યો છે. પ્રથમ પ્રાભૃતમાં ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત પ્રમાણ અને દસમા પ્રાભૃતના ચોથા પ્રતિપ્રાભૃતમાં ૮૧૯ $\frac{૨૪}{૬૧}$ , $\frac{૩૯}{૬૭}$ મુહૂર્ત પ્રમાણ કહ્યો છે. તેમાં વિવક્ષાભેદ માત્ર છે, તાત્ત્વિક તફાવત નથી.

૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત પ્રમાણ નક્ષત્ર માસમાં સડસઠીયા ૨૭ ભાગ છે. તેના બાસઠીયા ભાગ કરવા ૨૭ × ૬૨ = ૧૬૭૪ ÷ ૬૭ = ૨૪ $\frac{૬૬}{૬૭}$ પ્રાપ્ત થાય, તે ૨૪ બાસઠીયા ભાગ છે માટે ૮૧૯ $\frac{૨૪}{૬૨}$ , $\frac{૬૬}{૬૭}$ મુહૂર્ત પ્રમાણ નક્ષત્ર માસ પ્રાપ્ત થાય છે. ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ના એકસઠીયા ભાગ કરવા હોય તો ૨૭ × ૬૧ = ૧૬૪૭ ÷ ૬૭ = ૨૪ $\frac{૩૯}{૬૭}$ પ્રાપ્ત થાય તેમાં ૨૪ બાસઠીયા ભાગ છે માટે ૮૧૯ $\frac{૨૪}{૬૧}$, $\frac{૩૯}{૬૭}$ મુહૂર્ત પ્રમાણ નક્ષત્ર માસ પ્રાપ્ત થાય છે.

**સદશ કે વિસદશ નક્ષત્ર સાથે સૂર્યનો યોગ :–**

**૩૭ ता जेणं अज्ज णक्खत्तेणं सूरे जोयं जोएइ जंसि देसंसि, से णं इमाइं तिण्णि छावट्ठाइं राइंदियसयाइं उवाइणावेत्ता पुणरवि से सूरे अण्णेणं तारिसएणं चेव णक्खत्तेणं जोगं जोएइ तं देसंसि ।**

**ભાવાર્થ :–** જે સૂર્ય જે નક્ષત્ર સાથે જે દેશ ભાગમાં આજે(વિવક્ષિત દિવસે) યોગ કરે છે, તે જ સૂર્ય ૩૬૬ રાત્રિ-દિવસ(અહોરાત્ર) પછી પુનઃ તે જ નામવાળા અન્ય નક્ષત્ર સાથે તે જ દેશમાં યોગ કરે છે.

**૩૮ ता जेणं अज्ज णक्खत्तेणं सूरे जोयं जोएइ जंसि देसंसि, से णं इमाइं सत्त दुतीसं राइंदियसयाइं उवाइणावेत्ता पुणरवि से सूरे तेणं चेव णक्खत्तेणं जोयं जोएइ तंसि देसंसि ।**

**ભાવાર્થ :–** જે સૂર્ય જે નક્ષત્ર સાથે જે દેશમાં આજે(વિવક્ષિત દિવસે) યોગ કરે છે, તે જ સૂર્ય ૭૩૨ રાત્રિ-દિવસ(અહોરાત્ર) પછી પુનઃ તે જ નક્ષત્ર સાથે તે જ દેશ ભાગમાં યોગ કરે છે.

**૩૯ ता जेणं अज्ज णक्खत्तेणं सूरे जोयं जोएइ जंसि देसंसि, से णं इमाइं अट्ठारस तीसाइं राइंदियसयाइं उवाइणावेत्ता पुणरवि से सूरे अण्णेणं तारिसएणं चेव णक्खत्तेणं जोयं जोएइ, तंसि देसंसि ।**

**ભાવાર્થ :–** જે સૂર્ય જે નક્ષત્ર સાથે જે દેશ ભાગમાં આજે(વિવક્ષિત દિવસે) યોગ કરે છે, તે જ સૂર્ય ૧૮૩૦

રાત્રિ-દિવસ પછી પુનઃ તે નક્ષત્રની સમાન નામવાળા અન્ય નક્ષત્ર સાથે તે જ દેશ ભાગમાં યોગ કરે છે.

**૪૦ ता जेणं अज्ज णक्खत्तेणं सूरे जोयं जोएइ जंसि देसंसि, से णं इमाइं छत्तीसं सट्ठाइं राइंदियसयाइं उवाइणावेत्ता पुणरवि से सूरे तेणं चेव णक्खत्तेणं जोयं जोएइ तंसि देसंसि ।**

**ભાવાર્થ :–** જે સૂર્ય જે નક્ષત્ર સાથે જે દેશ ભાગમાં આજે(વિવક્ષિત દિવસે) યોગ કરે છે, તે જ સૂર્ય ૩૬૬૦ રાત્રિ-દિવસ પછી પુનઃ તે જ નક્ષત્ર સાથે તે જ દેશભાગમાં યોગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂર્યના પૂર્વે કરેલા નક્ષત્ર યોગ પછી તે જ નક્ષત્ર કે કે તત્સદશ અન્ય નક્ષત્ર સાથે પુનઃ થતા યોગના કાળમાન(અંતર)નું વર્ણન છે.

જંબૂદ્વીપમાં બે સૂર્ય અને છપ્પન નક્ષત્રો સામસામી દિશામાં રહીને પરિભ્રમણ કરે છે. સૂર્ય કરતાં નક્ષત્રની ગતિ તીવ્ર છે, તેથી સૂર્ય ક્યારેક તે જ નક્ષત્ર સાથે યોગ કરે તો ક્યારેક તત્સદશ નામવાળા અન્ય નક્ષત્ર સાથે યોગ કરે છે.

યુગના પ્રારંભ સમયે પુષ્ય નક્ષત્રનો સૂર્ય સાથે યોગ ચાલુ હોય છે. સૂર્ય ક્રમશઃ ૨૮ નક્ષત્રો સાથે ૩૬૬ અહોરાત્રમાં યોગ પૂર્ણ કરે છે. ચંદ્ર કરતાં સૂર્યની ગતિ તીવ્ર છે, તેથી જે નક્ષત્ર ચંદ્ર સાથે કેટલાક મુહૂર્ત પર્યંત જ યોગ કરે છે, તે જ નક્ષત્ર સૂર્ય સાથે કેટલાક અહોરાત્ર પર્યંત યોગ કરે છે અર્થાત્ નક્ષત્રોના ચંદ્રયોગકાળ કરતાં નક્ષત્રનો સૂર્ય યોગકાળ લાંબો છે અને તેથી ૨૮ નક્ષત્રોનો ચંદ્રયોગકાળ ૨૭ $\frac{૨૧}{૬૭}$ અહોરાત્ર છે જ્યારે સૂર્યયોગકાળ ૩૬૬ અહોરાત્ર છે.

એક વરસ પૂર્ણ થતાં સૂર્ય તે જ દેશભાગને પ્રાપ્ત થાય છે તેથી અહીં માત્ર બે જ વિકલ્પ થાય છે.

(૧) તે જ સૂર્યનો તત્સદશ અન્ય નક્ષત્ર સાથે તે જ દેશભાગમાં યોગ

(૨) તે જ સૂર્યનો તે જ નક્ષત્ર સાથે તે જ દેશ ભાગમાં યોગ

સૂર્ય પ્રત્યેક વર્ષે તે જ દેશભાગને પ્રાપ્ત થાય છે ત્યારે બીજા, ચોથા, છઠ્ઠા વગેરે સમસંખ્યક વર્ષે તેનો તત્સદશ અન્ય નક્ષત્ર સાથે યોગ થાય છે અને ત્રીજા, પાંચમા, સાતમા વગેરે વિષમ સંખ્યક વર્ષે તેનો તે જ નક્ષત્રો સાથે યોગ થાય છે.

**(૧) તત્સદશ અન્ય નક્ષત્ર સાથે તે જ દેશભાગમાં યોગ :–** ૩૬૬ અહોરાત્ર વ્યતીત થાય ત્યારે બીજા વર્ષે સૂર્યની તત્સદશ નામવાળા અન્ય નક્ષત્ર સાથે અર્થાત્ બીજા પુષ્પાદિ નક્ષત્ર સાથે આ યોગ થાય છે, અથવા ૩૬૬ × ૫ = ૧૮૩૦ અહોરાત્ર વ્યતીત થાય અર્થાત્ ૫ વર્ષનો એક યુગ પૂર્ણ થાય ત્યારે સમસંખ્યક છઠ્ઠા વર્ષ આ યોગ થાય છે.

**(૨) તે જ નક્ષત્રનો તે જ દેશભાગમાં યોગ :–** ૩૬૬ + ૩૬૬ = ૭૩૨ અહોરાત્ર વ્યતીત થાય અર્થાત્ ત્રીજા વર્ષે સૂર્યનો તે જ નક્ષત્ર સાથે તે જ દેશ ભાગમાં યોગ સર્જાય છે.

અથવા ૩૬૬ × ૧૦ = ૩૬૬૦ અહોરાત્ર વ્યતીત થાય અર્થાત્ પાંચ–પાંચ વર્ષના બે યુગ પૂર્ણ થાય ત્યારે વિષમ સંખ્યક અગિયારમા વરસે આ યોગ થાય છે.

**સદશ કે વિવક્ષિત નક્ષત્ર સાથે સૂર્ય યોગ :–**

| યોગ | સમય | અહોરાત્ર પછી યોગ |
|---|---|---|
| વર્તમાન વિવક્ષિત યોગ | યુગના પ્રથમ વર્ષે ૨૮ નક્ષત્ર યોગ | – |
| સદશ નામવાળા અન્ય નક્ષત્ર, વિવક્ષિત દેશ ભાગ | યુગના બીજા વર્ષે (બીજા, ચોથા આદિ સમસંખ્યક વર્ષે) | ૩૬૬ |
| સદશ નામવાળા અન્ય નક્ષત્ર, વિવક્ષિત દેશભાગ | બીજા યુગના પ્રથમ(છટ્ઠા) વર્ષે | ૧૮૩૦ |
| વિવક્ષિત નક્ષત્ર, વિવક્ષિત દેશભાગ | યુગના ત્રીજા વર્ષે (ત્રીજા, પાંચમા આદિ વિષય સંખ્યક) | ૭૩૨ |
| વિવક્ષિત નક્ષત્ર, વિવક્ષિત દેશભાગ | ત્રીજા યુગના પ્રથમ(અગિયારમા) વર્ષે | ૩૬૬૦ |

**બે–બે ચંદ્ર, સૂર્ય, નક્ષત્રોની ગતિ આદિ :–**

**૪૧ ता जया णं इमे चंदे गइसमावण्णए भवइ, तया णं इयरेऽवि चंदे गइसमावण्णए भवइ । जया णं इयरे चंदे गइसमावण्णए भवइ, तया णं इमेऽवि चंदे गइसमावण्णए भवइ ।**

**ભાવાર્થ :–** જ્યારે આ(એક) ચંદ્ર ગતિ કરે છે ત્યારે અન્ય ચંદ્ર પણ ગતિ કરે છે. જ્યારે અન્ય ચંદ્ર ગતિ કરે છે ત્યારે આ ચંદ્ર પણ ગતિ કરે છે.

**૪૨ ता जया णं इमे सूरिए गइसमावण्णए भवइ, तया णं इयरेऽवि सूरिए गइसमावण्णए भवइ । ता जया णं इयरे सूरिए गइसमावण्णए भवइ, तया णं इमेऽवि सूरिए गइसमावण्णए भवइ । एवं गहे वि, णक्खत्ते वि ।**

**ભાવાર્થ :–** જ્યારે આ(એક) સૂર્ય ગતિ કરે છે ત્યારે અન્ય સૂર્ય પણ ગતિ કરે છે. જ્યારે અન્ય સૂર્ય ગતિ કરે છે ત્યારે આ સૂર્ય પણ ગતિ કરે છે. આ પ્રમાણે ગ્રહ અને નક્ષત્ર પણ ગતિ યુક્ત હોય છે.

**૪૩ ता जया णं इमे चंदे जुत्ते जोएणं भवइ, तया णं इयरेवि चंदे जुत्ते जोए णं भवइ । ता जया णं इयरे चंदे जुत्ते जोए णं भवइ, तया णं इमेऽवि चंदे जुत्ते जोए णं भवइ । एवं सूरेऽवि गहेऽवि णक्खत्तेऽवि ।**

**ભાવાર્થ :–** જ્યારે આ ચંદ્ર યોગ કરે છે ત્યારે અન્ય ચંદ્ર પણ યોગ કરે છે. જ્યારે અન્ય ચંદ્ર યોગયુક્ત હોતો નથી, ત્યારે આ ચંદ્ર પણ યોગ યુક્ત હોતો નથી. આ રીતે સૂર્ય, ગ્રહ અને નક્ષત્ર પણ યોગ યુક્ત હોય છે.

**૪૪ सया वि चंदा जुत्ता जोएहिं, सया वि सूरा जुत्ता जोएहिं, सया वि गहा जुत्ता जोएहिं, सया वि णक्खत्ता जुत्ता जोएहिं ।**

**ભાવાર્થ :–** હંમેશાં ચંદ્ર યોગ યુક્ત હોય છે, હંમેશાં સૂર્ય યોગ યુક્ત હોય છે, હંમેશાં ગ્રહ યોગ યુક્ત હોય છે અને હંમેશાં નક્ષત્ર યોગ યુક્ત હોય છે.

**૪૫ दुहओऽवि णं चंदा जुत्ता जोएहिं, दुहओऽवि णं सूरा जुत्ता जोएहिं, दुहओऽवि णं गहा जुत्ता जोएहिं, दुहओऽवि णं णक्खत्ता जुत्ता जोएहिं ।**

**मंडलं सयसहस्सेणं अट्ठाणउईए सएहिं छेत्ता इच्चेस णक्खत्ते खेत्तपरिभागे, णक्खत्तविजए पाहुडे, त्ति बेमि ।**

**ભાવાર્થ :–** બંને(ગ્રહ, નક્ષત્ર) ચંદ્ર સાથે યોગ કરે છે. બંને(ગ્રહ, નક્ષત્ર) સૂર્ય સાથે યોગ કરે છે. બંને(ચંદ્ર-સૂર્ય) ગ્રહ સાથે યોગ કરે છે. બંને(ચંદ્ર-સૂર્ય) નક્ષત્ર સાથે યોગ કરે છે.

આ છપ્પન નક્ષત્ર મંડળના ૧,૦૯,૮૦૦(એક લાખ નવ હજાર આઠસો) ક્ષેત્ર પરિભાગ (અંશ) જાણવા. આ નક્ષત્ર વિજય નામનો પ્રતિપ્રાભૃત છે. તેમ ભગવાને કહ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં બે ચંદ્ર, બે સૂર્ય અને તેના પરિવાર રૂપ નક્ષત્રો આદિની ગતિ, યોગ વગેરેની સમાનતાનું કથન છે. જંબૂદ્વીપમાં સામ-સામી દિશામાં એક-એક ચંદ્ર, સૂર્ય અને તેના પરિવાર રૂપ ૨૮-૨૮ નક્ષત્રો, ૮૮ ગ્રહો વગેરે સામસામી દિશામાં રહીને પરિભ્રમણ કરતાં હોવા છતાં તેઓની ગતિ, યોગ વગેરે એકદમ સમાન છે. તે સૂત્રથી સ્પષ્ટ છે.

**॥ પ્રાભૃત–૧૦/૨૨ સંપૂર્ણ ॥**

**॥ દસમું પ્રાભૃત સંપૂર્ણ ॥**

# અગિયારમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત અગિયારમા પ્રાભૃતમાં પરસ્પર સંબંધિત યુગના સંવત્સરોના આદિ અને અંત સમયનું (**किं ते संवच्छरेणाई ? १/१/३**) તથા સંવત્સરના પ્રારંભ અંત સમયના ચંદ્ર-સૂર્યના નક્ષત્ર યોગનું કથન છે.

યુગના પ્રથમ સંવત્સરના અંતિમ સમય પછી એક પણ સમયના વ્યવધાન વિના બીજા સંવત્સરનો પ્રારંભ થાય છે અને બીજા સંવત્સરના અંતિમ સમય પછી તુરંતના સમયે ત્રીજા સંવત્સરના પ્રારંભ થાય છે. આ રીતે યુગના અંતિમ સંવત્સરના સમયાંતરે બીજાયુગના પ્રથમ સંવત્સરનો પ્રારંભ થાય છે. પૂર્વના પ્રથમ સંવત્સરના અંતિમ સમય પછીના સંવત્સરનો પ્રથમ સમય પશ્ચાત્કૃત **अणंतर पच्छाकडे** સમય કહેવાય છે અને બીજા સંવત્સરના પ્રથમ સમયની પૂર્વના પ્રથમ સંવત્સરનો પ્રથમ સમય **अणंतरपुरक्खडे** કહેવાય છે.

યુગના પ્રથમ વર્ષના પ્રારંભ સમયે ચંદ્ર સાથે અભિજિત નક્ષત્ર યોગ પ્રારંભ કરે છે અને વર્ષના અંતે ઉત્તરાષાઢા નક્ષત્રનો યોગ ચાલુ હોય છે, તે જ ઉત્તરષાઢા નક્ષત્રનો યોગ બીજા વરસના પ્રારંભ સમયે હોય છે. યુગના અંતિમ સંવત્સરના અંત સમયે ૨૮મું નક્ષત્ર ઉત્તરાષાઢા યોગ પૂર્ણ કરે છે, તેથી નવા યુગના પ્રારંભે પુનઃ અભિજિત નક્ષત્રનો યોગ થાય છે.

નવા યુગના પ્રથમ વરસના પ્રારંભે સૂર્યનો પુષ્ય નક્ષત્ર સાથે યોગ ચાલુ હોય છે અને પ્રથમ વર્ષના અંતમાં પુનર્વસુ નક્ષત્ર યોગમાં હોય છે, તેનો યોગ ચાલુ હોય ત્યાં જ પ્રથમ વર્ષ પૂર્ણ થઈ જતાં બીજા વર્ષના પ્રારંભમાં સૂર્યનો તે જ પુનર્વસુ નક્ષત્ર સાથે યોગ હોય છે. યુગના અંતિમ વર્ષના અંતમાં પુષ્ય નક્ષત્ર યોગમાં હોય છે અને તે જ પુષ્ય નક્ષત્ર નવા યુગના પ્રથમ વર્ષના પ્રારંભે યોગમાં હોય છે.

ચંદ્ર સંવત્સર યુગના પાંચ વર્ષના નામ– ચંદ્ર સંવત્સર, ચંદ્ર સંવત્સર, અભિવર્ધિત સંવત્સર, ચંદ્ર સંવત્સર અને અભિવર્ધિત સંવત્સર છે. પ્રસ્તુતમાં આ જ ચંદ્ર સંવત્સર યુગ વિવક્ષિત છે.

❖❖❖❖❖

# અગિયારમું પ્રાભૃત

## સંવત્સર આદિ

**ચંદ્ર સંવત્સરનો પ્રારંભ–અંત :–**

**૧ ता कहं ते संवच्छराणाई आहिएति वएज्जा ? तत्थ खलु इमे पंच संवच्छरा पण्णत्ता, तं जहा– चंदे चंदे अभिवड्ढिए चंदे अभिवड्ढिए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સંવત્સરની આદિ–પ્રારંભ ક્યાંથી થાય છે ? **ઉત્તર–** ચંદ્ર સંવત્સરના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) ચંદ્ર સંવત્સર, (૨) ચંદ્ર સંવત્સર, (૩) અભિવર્ધિત સંવત્સર, (૪) ચંદ્ર સંવત્સર અને (૫) અભિવર્ધિત સંવત્સર.

**૨ ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमस्स चंदस्स संवच्छरस्स के आई आहिएति वएज्जा ? ता जे णं पंचमस्स अभिवड्ढियसंवच्छरस्स पज्जवसाणे, से णं पढमस्स चंदस्स संवच्छरस आई अणंतरपुरक्खडे समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આ પાંચ સંવત્સરમાંથી પ્રથમ ચંદ્ર સંવત્સરની આદિ–પ્રારંભ ક્યાંથી થાય છે ? **ઉત્તર–** ગત યુગના પાંચમા અભિવર્ધિત સંવત્સરના અંતિમ સમયથી અનંતર પુરસ્કૃત(આગલા) સમયથી પ્રથમ ચંદ્ર સંવત્સરનો પ્રારંભ થાય છે.

**૩ ता से णं किं पज्जवसिए आहिएति वएज्जा ? ता जे णं दोच्चस्स चंदसंवच्छरस्स आई, से णं पढमस्स चंदसंवच्छरस्स पज्जवसाणे अणंतरपच्छाकडे समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પ્રથમ ચંદ્ર સંવત્સરનો અંત ક્યાં થાય છે ? **ઉત્તર–** બીજા ચંદ્ર સંવત્સરના પ્રારંભના સમયથી અનંતર પશ્ચાત્કૃત(પાછલા) સમયે પ્રથમ ચંદ્ર સંવત્સરનો અંત થાય છે.

**૪ तं समयं च णं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं छदुवीसं मुहुत्ता छदुवीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता चउप्पणं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** તે સમયે(પ્રથમ ચંદ્ર સંવત્સરના અંત સમયે) ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે? **ઉત્તર–** તે સમયે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગમાં હોય છે. ઉત્તરાષાઢા નક્ષત્રના છવ્વીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા છવ્વીસ ભાગ તથા સડસઠીયા ચોપ્પન ચૂર્ણિકા ભાગ (૨૬ $\frac{૨૬}{૬૨}$ , $\frac{૫૪}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે પ્રથમ ચંદ્ર સંવત્સરનો અંત થાય છે.

**૫ तं समयं च णं सूरे केणं णक्खतेणं जोइए ? ता पुणव्वसुणा, पुणव्वसुस्स**

**सोलस मुहुत्ता अट्ठ य बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता वीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** તે સમયે(પ્રથમ સંવત્સરના અંત સમયે) સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પુનર્વસુ નક્ષત્ર સાથે યોગમાં હોય છે. પુનર્વસુ નક્ષત્રના સોળ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા આઠ ભાગ તથા સડસઠીયા વીસ ભાગ(૧૬ $\frac{૮}{૬૨}$ , $\frac{૨૦}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે પ્રથમ સંવત્સરનો અંત થાય છે.

**६ ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चस्स चंदसंवच्छरस्स के आई आहिएति वएज्जा ? ता जे णं पढमस्स चंदसंवच्छरस्स पज्जवसाणे, से णं दोच्चस्स चंदसंवच्छरस्स आई अणंतरपुरक्खडे समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આ પાંચ સંવત્સરમાંથી બીજા ચંદ્ર સંવત્સરનો પ્રારંભ ક્યાંથી થાય છે ? **ઉત્તર–** પ્રથમ સંવત્સરના અંતિમ સમયથી અનંતર પુરસ્કૃત(આગલા) સમયથી બીજા સંવત્સરનો પ્રારંભ થાય છે.

**७ ता से णं किं पज्जवसिए आहिएति वएज्जा ? ता जे णं तच्चस्स अभिवड्ढिय- संवच्छरस्स आई, से णं दोच्चस्स संवच्छरस्स पज्जवसाणे अणंतरपच्छाकडे समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** બીજા ચંદ્ર સંવત્સરનો અંત ક્યારે થાય છે ? **ઉત્તર–** યુગના ત્રીજા અભિવર્ધિત સંવત્સરના પ્રારંભના સમયથી અનંતર પશ્ચાત્કૃત(પાછલા) સમયે બીજા ચંદ્ર સંવત્સરનો અંત થાય છે.

**८ तं समयं च णं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता पुव्वाहिं आसाढाहिं, पुव्वाणं आसाढाणं सत्त मुहुत्ता तेवण्णं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता इगतालीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** બીજા ચંદ્ર સંવત્સરના અંત સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર પૂર્વાષાઢા નક્ષત્ર સાથે યોગમાં હોય છે. પૂર્વાષાઢા નક્ષત્રના સાત મુહૂર્ત અને બાસઠીયા ત્રેપન ભાગ તથા સડસઠીયા એકતાલીસ ચૂર્ણિકા ભાગ(૭ $\frac{૫૩}{૬૨}$ , $\frac{૪૧}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે બીજા ચંદ્ર સંવત્સરનો અંત થાય છે.

**९ तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पुणव्वसुणा, पुणव्वसुस्स णं बायालीसं मुहुत्ता पणतीसं च बासट्ठिभागा मुहुत्तस्स बावाट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता सत्त चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** તે સમયે અર્થાત્ બીજા ચંદ્ર સંવત્સરના અંત સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પુનર્વસુ નક્ષત્ર સાથે યોગમાં હોય છે. પુનર્વસુ નક્ષત્રના બેતાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા પાંત્રીસ ભાગ તથા સડસઠીયા સાત ચૂર્ણિકા ભાગ(૪૨ $\frac{૩૫}{૬૨}$ , $\frac{૭}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે બીજા સંવત્સરનો અંત થાય છે.

**१० ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चस्स अभिवड्ढियसंवच्छरस्स के आदी आहिएति वएज्जा ? ता जे णं दोच्चस्स चंदसंवच्छरस्स पज्जवसाणे, से णं तच्चस्स अभिवड्ढिय संवच्छरस्स आई अणंतरपुरक्खडे समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આ પાંચ સંવત્સરમાંથી ત્રીજા અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભ ક્યારે થાય છે ? **ઉત્તર–** બીજા ચંદ્ર સંવત્સરના અંતિમ સમયથી અનંતર પુરસ્કૃત(આગલા) સમયથી ત્રીજા અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભ થાય છે.

**११ ता से णं किं पज्जवसिए आहिएति वएज्जा ? ता जे णं चउत्थस्स चंदसंवच्छरस्स आई, से णं तच्चस्स अभिवड्ढियसंवच्छरस्स पज्जवसाणे अणंतर-पच्छाकडे समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ત્રીજા અભિવર્ધિત સંવત્સરનો અંત ક્યારે થાય છે ? **ઉત્તર–** ચોથા ચંદ્ર સંવત્સરના પ્રારંભના સમયથી અનંતર પશ્ચાત્ કૃત(પાછલા) સમયે ત્રીજા અભિવર્ધિત સંવત્સરનો અંત થાય છે.

**१२ तं समयं च णं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं तेरस मुहुत्ता तेरस य बावट्ठिभागा महुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता सत्तावीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ત્રીજા અભિવર્ધિત સંવત્સરના અંત સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગમાં હોય છે. ઉત્તરાષાઢા નક્ષત્રના તેર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા તેર ભાગ તથા સડસઠીયા સત્ત્યાવીસ ચૂર્ણિકા ભાગ(૧૩ $\frac{૧૩}{૬૨}$ , $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે ત્રીજા સંવત્સરનો અંત થાય છે.

**१३ तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पुणव्वसुणा, पुणव्वसुस्स दो मुहुत्ता छप्पण्णं बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं सत्तट्ठिधा छेत्ता सट्ठी चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ત્રીજા અભિવર્ધિત સંવત્સરના અંત સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પુનર્વસુ નક્ષત્ર સાથે યોગમાં હોય છે. પુનર્વસુ નક્ષત્રના બે મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા છપ્પન ભાગ તથા સડસઠીયા સાઠ ચૂર્ણિકા ભાગ(૨ $\frac{૫૬}{૬૨}$ , $\frac{૬૦}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે ત્રીજા સંવત્સરનો અંત થાય છે.

**१४ ता एएसि णं पंचण्हं संवच्छराणं चउत्थस्स चंदसंवच्छरस्स के आदी आहिए त्ति वएज्जा ? ता जे णं तच्चस्स अभिवड्ढियसंवच्छरस्स पज्जवसाणे, से णं चउत्थस्स चंदसंवच्छरस्स आई अणंतरपुरक्खडे समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આ પાંચ સંવત્સરમાંથી ચોથા ચંદ્ર સંવત્સરનો પ્રારંભ ક્યારે થાય છે ? **ઉત્તર–**

ત્રીજા અભિવર્ધિત સંવત્સરના અંતિમ સમયથી અનંતર પુરસ્કૃત(આગલા) સમયથી ચોથા ચંદ્ર સંવત્સરનો પ્રારંભ થાય છે.

**१५ ता से णं किं पज्जवसिए आहिएति वएज्जा ? ता जे णं चरिमस्स (पंचमस्स) अभिवड्डियसंवच्छरस्स आई, से णं चउत्थस्स चंदसंवच्छरस्स पज्जवसाणे अणंतरपच्छाकडे समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચોથા ચંદ્ર સંવત્સરનો અંત ક્યારે થાય છે? **ઉત્તર–** યુગના ચરમ પાંચમા અભિવર્ધિત સંવત્સરના પ્રારંભના સમયથી અનંતર પશ્ચાત્ કૃત(પાછલા) સમયે ચોથા ચંદ્ર સંવત્સરનો અંત થાય છે.

**१६ तं समयं च णं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं चत्तालीसं मुहुत्ता चत्तालीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता चउसट्ठी चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચોથા ચંદ્ર સંવત્સરના અંત સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગમાં હોય છે. ઉત્તરાષાઢા નક્ષત્રના ચાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા ચાલીસ ભાગ તથા સડસઠીયા ચોસઠ ચૂર્ણિકા ભાગ(૪૦ $\frac{૪૦}{૬૨}$ ,$\frac{૬૪}{૬૭}$મુહૂર્ત) શેષ હોય ત્યારે ચોથા ચંદ્ર સંવત્સરનો અંત થાય છે.

**१७ तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पुणव्वसुणा, पुणव्वसुस्स अउणतीसं मुहुत्ता एक्कवीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता सीतालीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચોથા ચંદ્ર સંવત્સરના અંત સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** બે સમયે સૂર્ય પુનર્વસુ નક્ષત્ર સાથે યોગમાં હોય છે. પુનર્વસુ નક્ષત્રના ઓગણત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા એકવીસભાગ તથા સડસઠીયા સુડતાલીસ ચૂર્ણિકા ભાગ(૨૯ $\frac{૨૧}{૬૨}$ , $\frac{૪૭}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે ચોથા ચંદ્ર સંવત્સરનો અંત થાય છે.

**१८ ता एएसि णं पंचण्हं संवच्छराणं पंचमस्स अभिवड्डियसंवरच्छरस्स के आई आहिएति वएज्जा ? ता जे णं चउत्थस्स चंदसंवच्छरस्स पज्जवसाणे, से णं पंचमस्स अभिवड्डियसंवच्छरस्स आई अणंतरपुरक्खडे समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આ પાંચ સંવત્સરમાંથી પાંચમા અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભ ક્યારે થાય છે ? **ઉત્તર–** ચોથા ચંદ્ર સંવત્સરના અંતિમ સમયથી અનંતર પુરસ્કૃત(આગલા) સમયથી પાંચમા અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભ થાય છે.

**१९ ता से णं किं पज्जवसिए आहिएति वएज्जा ? ता जे णं पढमस्स चंदसंवच्छरस्स आई, से णं पंचमस्स अभिवड्डियसंवच्छरस्स पज्जवसाणे अणंतर पच्छाकडे समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચમા અભિવર્ધિત સંવત્સરનો અંત ક્યારે થાય છે ? **ઉત્તર–** (બીજા યુગના) પ્રથમ ચંદ્ર સંવત્સરના પ્રારંભના સમયથી અનંતર પશ્ચાત્ કૃત(પાછલા) સમયે પાંચમા અભિવર્ધિત સંવત્સરનો અંત થાય છે.

**२० तं समयं च णं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं चरिम समए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચમા અભિવર્ધિત સંવત્સરના અંત સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગમાં હોય છે. ઉત્તરાષાઢા નક્ષત્રના ચરમ સમયે અર્થાત્ તેનો યોગ પૂર્ણ થાય ત્યારે પાંચમા અભિવર્ધિત સંવત્સરનો અંત થાય છે.

**२१ तं समयं च णं सूरे केणं णक्खतेणं जोएइ ? ता पुस्सेणं, पुसस्स णं एगूणवीसं(एक्कवीसं) मुहुत्ता तेतालीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता तेतीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચમા અભિવર્ધિત સંવત્સરના અંત સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે યોગમાં હોય છે. પુષ્ય નક્ષત્રના ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા તેતાલીસ ભાગ તથા સડસઠીયા તેત્રીસ ચૂર્ણિકા ભાગ(૧૯ $\frac{૪૩}{૬૨}$ , $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે પાંચમા અભિવર્ધિત સંવત્સરનો અંત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એક યુગના પાંચ વર્ષના પ્રારંભ અને અંત સમયનું તથા વર્ષના પ્રારંભ અને અંત સમયના ચંદ્ર તથા સૂર્યના નક્ષત્ર યોગનું કથન છે. એક વર્ષના અંત અને બીજા વર્ષનો પ્રારંભ એક સમયાંતરે હોય છે. પૂર્વના વર્ષનો અંત પૂર્વ સમયમાં થાય છે અને પછી અવ્યવહિત અન્ય સમયાં પછીના બીજા વર્ષનો પ્રારંભ થાય છે. વર્ષના અંત સમયે જે નક્ષત્ર યોગમાં હોય તે જ નક્ષત્ર યોગ પછીના વર્ષના પ્રારંભ સમયે હોય છે. યુગના અંતિમ પાંચમા વર્ષના અંતમાં ચંદ્રનો ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગ પૂર્ણ થાય છે અને પાંચમા વરસનો અંત થાય છે, તેથી યુગના પ્રથમ વરસના પ્રથમ દિવસે અભિજિત નક્ષત્ર સાથે ચંદ્ર યોગનો પ્રારંભ કરે છે અને પાંચમા વર્ષના અંતમાં સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને વર્ષ પૂર્ણ થાય છે, તેથી યુગના પ્રથમ વર્ષના  પ્રારંભમાં સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે જ યોગમાં હોય છે.

**पुसस्स णं एगूणवीसं** :– યુગના પાંચમા સંવત્સરના અંત સમયે સૂર્યના પુષ્ય નક્ષત્ર સાથેના યોગકાળ ના ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત શેષ હોય છે.

પ્રાયઃ પ્રતોમાં અહીં **एक्कवीसं मुहुत्ता...**(૨૧ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ )સૂત્રપાઠ જોવા મળે છે. યુગનો અંતિમ દિવસ એટલે બાસઠમી પૂર્ણિમા. પ્રાભૃત ૧૦/૨૨/૨૭માં યુગની બાસઠમી પૂર્ણિમાના સૂર્યયોગના કથનમાં ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ મુહૂર્તનું તથા પ્રાભૃત ૧૨/૧૬માં યુગની પ્રથમ આવૃત્તિ(અયન)ના પ્રારંભ સમયે સૂર્ય પુષ્યયોગના ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ મુહૂર્તના શેષ યોગકાળે યોગ પ્રારંભ કરવાનું વિધાન છે. આ બંને સૂત્રમાં **एगूणवीसं** હોવાથી પ્રસ્તુતમાં **एक्कवीसं** ના સ્થાને **एगूणवीसं** પાઠ સ્વીકારેલ છે.

**વર્ષના પ્રારંભ અને અંત સમયે ચંદ્ર-સૂર્યનો નક્ષત્ર યોગ :–**

| વર્ષ | પ્રારંભથી ચંદ્રયોગ કાળ | | | | અંત સમયે ચંદ્ર યોગ કાળનો અવશિષ્ટ કાળ | | | | પ્રારંભથી સૂર્ય યોગકાળ | | | | અંત સમયે સૂર્ય યોગ કાળનો અવશિષ્ટ કાળ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | નક્ષત્ર | મુહૂર્ત | ૬૨ યા ભાગ | ૬૭ યા ભાગ | નક્ષત્ર | મુહૂર્ત | ૬૨ યા ભાગ | ૬૭ યા ભાગ | નક્ષત્ર | મુહૂર્ત | ૬૨ યા ભાગ | ૬૭ યા ભાગ | નક્ષત્ર | મુહૂર્ત | ૬૨ યા ભાગ | ૬૭ યા ભાગ |
| ૧. ચંદ્ર સંવત્સર | અભિજિત | ૯ | ૨૪ | ૬૬ | ઉત્તરાષાઢા | ૨૬ | ૨૬ | ૫૪ | પુષ્ય | ૨૧ | ૪૩ | ૩૩ | પુનર્વસુ | ૧૬ | ૮ | ૨૦ |
| ૨. ચંદ્રસંવત્સર | ઉત્તરાષાઢા | ૨૬ | ૨૬ | ૫૪ | પૂર્વાષાઢા | ૭ | ૫૩ | ૪૧ | પુનર્વસુ | ૧૬ | ૮ | ૨૦ | પુનર્વસુ | ૪૨ | ૩૫ | ૭ |
| ૩. અભિવર્ધિત સંવત્સર | પૂર્વાષાઢા | ૭ | ૫૩ | ૪૧ | ઉત્તરાષાઢા | ૧૩ | ૧૩ | ૨૭ | પુનર્વસુ | ૪૨ | ૩૫ | ૭ | પુનર્વસુ | ૨ | ૫૬ | ૬૦ |
| ૪. ચંદ્ર સંવત્સર | ઉત્તરાષાઢા | ૧૩ | ૧૩ | ૨૭ | ઉત્તરાષાઢા | ૪૦ | ૪૦ | ૬૪ | પુનર્વસુ | ૨ | ૫૬ | ૬૦ | પુનર્વસુ | ૨૯ | ૨૧ | ૪૭ |
| ૫. અભિવર્ધિત સંવત્સર | ઉત્તરાષાઢા | ૪૦ | ૪૦ | ૬૪ | ઉત્તરાષાઢા | યોગનો ચરમ સમય (યોગ સમાપ્તિ) | | | પુનર્વસુ | ૨૯ | ૨૧ | ૪૭ | પુષ્ય | ૧૯ | ૪૩ | ૩૩ |

## ॥ અગિયારમું પ્રાભૃત સંપૂર્ણ ॥

# બારમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત બારમા પ્રાભૃતમાં સંવત્સરના પાંચ પ્રકાર (**कइ संवच्छराइय** ? ૧/૧/૩) તથા તેના મુહૂર્ત અહોરાત્રના પ્રમાણ આદિનું વર્ણન છે.

**(૧) નક્ષત્ર સંવત્સર :–** જેટલા સમયમાં ૨૮ નક્ષત્રો ચંદ્ર સાથે યોગ પૂર્ણ કરે છે, તેને નક્ષત્ર માસ કહે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ નક્ષત્ર માસ | = | ૧ નક્ષત્ર સંવત્સર | ૨૭ $\frac{૨૧}{૬૭}$ અહોરાત્ર | = | ૧ નક્ષત્ર માસ |
| ૫ નક્ષત્ર સંવત્સર | = | ૧ નક્ષત્ર યુગ | ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ અહોરાત્ર | = | ૧ નક્ષત્ર સંવત્સર |
| ૬૭ નક્ષત્ર માસ | = | ૧ નક્ષત્ર યુગ | ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત | = | ૧ નક્ષત્ર માસ |
| ૧૮૩૦ અહોરાત્ર | = | ૧ નક્ષત્ર યુગ | ૯,૮૩૨ $\frac{૫૬}{૬૭}$ મુહૂર્ત | = | ૧ નક્ષત્ર સંવત્સર |

**(૨) ચંદ્ર સંવત્સર :–** જેટલા સમયમાં એકમથી પૂર્ણિમા સુધીની તિથિઓને ચંદ્ર પૂર્ણ કરે છે, તેને ચંદ્ર માસ કહે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ ચંદ્ર માસ | = | ૧ ચંદ્ર સંવત્સર | ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર | = | ૧ ચંદ્ર માસ |
| ૫ ચંદ્ર સંવત્સર | = | ૧ ચંદ્ર યુગ | ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ અહોરાત્ર | = | ૧ ચંદ્ર સંવત્સર |
| ૬૨ ચંદ્ર માસ | = | ૧ ચંદ્ર યુગ | ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત | = | ૧ ચંદ્ર માસ |
| ૧૮૩૦ અહોરાત્ર | = | ૧ ચંદ્ર યુગ | ૧૦,૬૨૫ $\frac{૫૦}{૬૨}$ મુહૂર્ત | = | ૧ ચંદ્ર સંવત્સર |

**(૩) ઋતુ સંવત્સર :–** જેટલા સમયમાં વર્ષા, હેમંત(શીત) અને ગ્રીષ્માદિ ત્રણ ઋતુઓ વ્યતીત થાય છે, તેને ઋતુ સંવત્સર કહે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ ઋતુ માસ | = | ૧ ઋતુ સંવત્સર | ૩૦ અહોરાત્ર | = | ૧ ઋતુ માસ |
| ૫ ઋતુ સંવત્સર | = | ૧ ઋતુ યુગ | ૩૬૦ અહોરાત્ર | = | ૧ ઋતુસંવત્સર |
| ૬૧ ઋતુ માસ | = | ૧ ઋતુ યુગ | ૯૦૦ મુહૂર્ત | = | ૧ ઋતુ માસ |
| ૧૮૩૦ અહોરાત્ર | = | ૧ ઋતુ યુગ | ૧૦,૮૦૦ મુહૂર્ત | = | ૧ ઋતુ સંવત્સર |

**(૪) સૂર્ય સંવત્સર :–** જેટલા સમયમાં સૂર્ય ૧૮૩ મંડળવાળા બે અયનનો પૂર્ણ કરે છે, તેને સૂર્ય સંવત્સર કહે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ સૂર્ય માસ | = | ૧ સૂર્ય સંવત્સર | ૩૦ $\frac{૧}{૨}$ અહોરાત્ર | = | ૧ સૂર્ય માસ |
| ૫ સૂર્ય સંવત્સર | = | ૧ સૂર્ય યુગ | ૩૬૬ અહોરાત્ર | = | ૧ સૂર્ય સંવત્સર |
| ૬૦ સૂર્ય માસ | = | ૧ સૂર્ય યુગ | ૯૧૫ મુહૂર્ત | = | ૧ સૂર્ય માસ |
| ૧૮૩૦ અહોરાત્ર | = | ૧ સૂર્ય યુગ | ૧૦,૯૮૦ મુહૂર્ત | = | ૧ સૂર્ય સંવત્સર |

**(૫) અભિવર્ધિત સંવત્સર :–** ૧૩ ચંદ્ર માસવાળા વર્ષને અભિવર્ધિત સંવત્સર કહે છે. ચંદ્ર યુગમાં ત્રીજું સંવત્સર અને પાંચમું સંવત્સર અભિવર્ધિત સંવત્સર હોય છે. તેવા પાંચ અભિવર્ધિત સંવત્સરના સમુદાયને અભિવર્ધિત યુગ કહે છે.

| | |
|---|---|
| ૧૨ અભિવર્ધિત માસ = ૧ અભિવર્ધિત સંવત્સર | ૩૧ અહોરાત્ર ૨૯ $\frac{૧૭}{૬૨}$ મુહૂર્ત = ૧ અભિવર્ધિત માસ |
| ૫ અભિવર્ધિત સંવત્સર = ૧ અભિવર્ધિત યુગ | ૩૮૩ અહોરાત્ર, ૨૧ $\frac{૧૮}{૬૨}$ મુહૂર્ત = ૧ અભિવર્ધિત સંવત્સર |
| ૫૭ માસ ૭ અહોરાત્ર ૧૧ $\frac{૨૩}{૬૨}$ = ૧ અભિવર્ધિત યુગ | ૯૫૯$\frac{૧૭}{૬૨}$ મુહૂર્ત = ૧ અભિવર્ધિત માસ |
| ૧૮૩૦ અહોરાત્ર = ૧ અભિવર્ધિત યુગ | ૧૧,૫૧૧$\frac{૧૮}{૬૨}$મુહૂર્ત = ૧ અભિવર્ધિત સંવત્સર |

પાંચ ચંદ્ર સંવત્સર, પાંચ સૂર્ય સંવત્સર વગેરે પાંચ–પાંચ સંવત્સરના સમૂહને યુગ કહે છે. પ્રસ્તુતમાં સૂત્રકારે ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ઋતુ અને અભિવર્ધિત, આ પાંચ પ્રકારના સંવત્સરના સમૂહને નોયુગ(અપૂર્ણયુગ) કહેલ છે.

| | |
|---|---|
| ૧૭૯૧ અહોરાત્ર ૧૯$\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત = ૧ નોયુગ | ૧,૮૩૦ અહોરાત્ર = ૧ યુગ |
| ૫૩,૭૪૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત = ૧ નોયુગ | ૫૪,૯૦૦ મુહૂર્ત = ૧ યુગ |

નક્ષત્રોની પરિભ્રમણ ગતિ તીવ્ર છે, તેના કરતાં સૂર્યની પરિભ્રમણ ગતિ મંદ છે અને તેના કરતાં ચંદ્રની પરિભ્રમણ ગતિ મંદ છે તેથી એક સાથે પ્રારંભ થયેલા નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય વગેરે સંવત્સરોની સમાપ્તિ સાથે ન થતાં ભિન્ન-ભિન્ન સમયે થાય છે, તેમ છતાં કેટલાક સંવત્સરો વ્યતીત થયા પછી તેઓની સાથે સમાપ્તિ સંભવિત બને છે. સાથે પ્રારંભ થયેલા ચંદ્ર–સૂર્ય સંવત્સરમાં ૩૦ સૂર્ય સંવત્સર અને ૩૧ ચંદ્ર સંવત્સર પછી સહસમાપ્તિ થાય છે તથા સૂર્ય, ઋતુ, નક્ષત્ર, ચંદ્રના દ્વિસંયોગી સંવત્સરો, ત્રિસંયોગી અને ચતુઃસંયોગી સંવત્સરોમાં સૂર્યના ૬૦, ચંદ્રના ૬૨, નક્ષત્રના ૬૭ અને ઋતુના ૬૧ સંવત્સરો વ્યતીત થયા પછી તેની સહસમાપ્તિ થાય છે અને અભિવર્ધિત સંવત્સર સાથે ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ઋતુના દ્વિસંયોગી ત્રિસંયોગી ચતુઃસંયોગી અને પંચસંયોગી સંવત્સરોની સહસમાપ્તિ સૂર્યના ૭૮૦, ચંદ્રના ૮૦૬, ઋતુના ૭૯૩, નક્ષત્રના ૮૭૧ અને અભિવર્ધિતના ૭૪૪ સંવત્સર વ્યતીત થયા પછી સહસમાપ્તિ થાય છે.

એક વરસમાં ૬ ક્ષયતિથિ હોય છે. વર્ષા, હેમંત, ગ્રીષ્મ, આ ત્રણ ઋતુમાં ચાર-ચાર માસ હોય છે. લૌકિક ઋતુના ત્રીજા અને સાતમા પર્વમાં એક-એક અવમરાત્ર ક્ષયતિથિ હોય છે. એક વરસમાં છ વૃદ્ધિતિથિ હોય છે.

ચંદ્ર અને સૂર્ય મેરુને પ્રદક્ષિણા ફરતાં-ફરતાં ૫૧૦ યોજન ક્ષેત્રમાં ગમનાગમન કરે છે, તેને અયન કહે છે. વારંવાર થતા આ અયનને આવૃત્તિ(આઉટ્ટિ) કહે છે. સૂર્ય એક વરસમાં દક્ષિણાયન–ઉત્તરાયણ, આ બે અયન કરે છે અને પાંચ વરસના યુગમાં ૧૦ અયન કરે છે. ચંદ્ર એક યુગમાં ૧૩૪ અયન કરે છે.

સૂર્યના એક યુગના ૧૦ અયનમાં પાંચ દક્ષિણાયનનો પ્રારંભ વર્ષાઋતુમાં અને શ્રાવણ માસમાં થાય છે તથા પાંચ ઉત્તરાયણનો પ્રારંભ હેમંત ઋતુમાં અને મહા માસમાં થાય છે. પ્રસ્તુતમાં તે અયન (આવૃત્તિ) સમયના ચંદ્રયોગ અને સૂર્ય યોગનું કથન છે.

❖❖❖❖❖

# બારમું પ્રાભૃત

## સંવત્સર : અહોરાત્ર–મુહૂર્ત

**સંવત્સરના પાંચ પ્રકાર :–**

**૧ ता कइ णं संवच्छरा आहिएति वएज्जा ? तत्थ खलु इमे पंच संवच्छरा पण्णत्ता, तं जहा– णक्खत्ते चंदे उऊ आइच्चे अभिवड्ढिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સંવત્સર કેટલા છે ? **ઉત્તર–** સંવત્સર પાંચ છે, જેમ કે– (૧) નક્ષત્ર સંવત્સર (૨) ચંદ્ર સંવત્સર (૩) ઋતુ સંવત્સર (૪) આદિત્ય સંવત્સર અને (૫) અભિવર્ધિત સંવત્સર.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ પ્રકારના સંવત્સરનો નામોલ્લેખ છે.

**(૧) નક્ષત્ર સંવત્સર :–** જેટલા સમયમાં ચંદ્ર ૨૮ નક્ષત્રોને ભોગવે છે(યોગ કરે છે), તેટલા કાળને નક્ષત્ર માસ કહે છે અને ૧૨ નક્ષત્ર માસને નક્ષત્ર સંવત્સર કહે છે.

**(૨) ચંદ્ર સંવત્સર :–** જેટલા સમયમાં ચંદ્ર એકમથી પૂર્ણિમા પર્યંતની ૩૦ તિથિઓને ભોગવે છે, તેટલા કાળને ચંદ્રમાસ કહે છે અને ૧૨ ચંદ્ર માસને ચંદ્ર સંવત્સર કહે છે.

**(૩) ઋતુ સંવત્સર :–** જેમાં ઋતુની મુખ્યતા હોય તે ઋતુ સંવત્સર અર્થાત્ જેટલા કાળમાં સૂર્ય-ચંદ્ર વર્ષા, હેમંત, ગ્રીષ્માદિ ત્રણ ઋતુને ભોગવે છે, તેને ઋતુ સંવત્સર કહે છે.

**(૪) સૂર્ય સંવત્સર :–** જેટલા સમયમાં સૂર્ય ૧૮૩ મંડળ રૂપ ક્ષેત્રને બે વાર ભોગવે છે, તેટલા કાળને સૂર્ય સંવત્સર કહે છે.

**(૫) અભિવર્ધિત સંવત્સર :–** એક ચંદ્રમાસ અધિક હોય અર્થાત્ ૧૩ ચંદ્રમાસવાળા વર્ષને અભિવર્ધિત સંવત્સર કહે છે.

**નક્ષત્ર માસ : નક્ષત્ર સંવત્સરાદિના અહોરાત્ર : મુહૂર્ત સંખ્યા :–**

**૨ ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमस्स णक्खत्त-संवच्छरस्स णक्खत्त-मासे तीसइ मुहुत्तेणं अहोरत्तेणं गणिज्जमाणे केवइए राइंदियग्गेणं आहिएति वएज्जा ? ता सत्तावीसं राइंदियाइं एक्कवीसं च सत्तट्ठिभागा राइंदियस्स राइंदियग्गेणं आहिए ति वएज्जा ।**

**ता से णं केवइए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता अट्ठसए एगूणवीसे मुहुत्ताणं सत्तावीसं च सत्तट्ठिभागे मुहुत्तस्स मुहुत्तग्गेणं आहिएति वएज्जा । ता एस णं अद्धा दुवालसक्खुत्तकडा णक्खत्ते संवच्छरे ।**

**ता से णं केवइए राइंदियग्गेणं आहिएति वएज्जा ? ता तिण्णि सत्तावीसे राइंदियसयं एक्कावण्णं च सत्तट्ठिभागे राइंदियस्स राइंदियग्गेणं आहिएति वएज्जा ।**

**ता से णं केवइए मुहुत्तग्गे णं आहिएति वएज्जा ? ता णव मुहुत्तसहस्साइं अट्ठ य बत्तीसे मुहुत्तसए छप्पण्णं च सत्तट्ठिभागे मुहुत्तस्स मुहुत्तग्गेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આ પાંચ પ્રકારના સંવત્સરમાંથી પ્રથમ નક્ષત્ર સંવત્સરના નક્ષત્ર માસમાં ૩૦ મુહૂર્તના એક અહોરાત્રના હિસાબે કેટલા અહોરાત્ર થાય છે અર્થાત્ કેટલા અહોરાત્રનો એક નક્ષત્ર માસ છે ? **ઉત્તર–** એક નક્ષત્ર માસના સત્ત્યાવીસ પૂર્ણાંક એકવીસ સડસઠાંશ(૨૭ $\frac{२१}{६७}$) અહોરાત્ર છે.

**પ્રશ્ન–** એક નક્ષત્ર માસના કેટલા મુહૂર્ત છે ? **ઉત્તર–** એક નક્ષત્ર માસમાં આઠસો ઓગણીસ પૂર્ણાંક સત્ત્યાવીસ સડસઠાંશ(૮૧૯ $\frac{२७}{६७}$) મુહૂર્ત હોય છે. આ કાળને બારગણો કરતાં એક નક્ષત્ર સંવત્સર થાય છે.

**પ્રશ્ન–** તેમાં અર્થાત્ બાર નક્ષત્ર માસવાળા એક નક્ષત્ર સંવત્સરના કેટલા અહોરાત્ર છે ? **ઉત્તર–** એક નક્ષત્ર સંવત્સરના ૩૨૭ $\frac{५१}{६७}$ અહોરાત્ર છે.

**પ્રશ્ન–** એક નક્ષત્ર સંવત્સરમાં કેટલા મુહૂર્ત છે ? **ઉત્તર–** એક નક્ષત્ર સંવત્સરના નવ હજાર આઠસો બત્રીસ પૂર્ણાંક છપ્પન સડસઠાંશ(૯,૮૩૨ $\frac{५६}{६७}$) મુહૂર્ત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નક્ષત્ર માસ અને નક્ષત્ર સંવત્સરના અહોરાત્ર, દિવસ તથા તેના મુહૂર્તની ગણના બતાવવામાં આવી છે. એક યુગમાં ૧૮૩૦ અહોરાત્ર છે અને પાંચ વર્ષના એક યુગમાં ૬૭ નક્ષત્ર માસ છે. તેથી ૬૭ માસે ૧૮૩૦ અહોરાત્ર થાય તો ૧ માસમાં કેટલાક અહોરાત્ર થાય ? આ રીતે ત્રિરાશિ મૂકતા ૧૮૩૦ અહોરાત્ર ÷ ૬૭ માસ = ૨૭ $\frac{२१}{६७}$ અહોરાત્ર એક નક્ષત્ર માસમાં પ્રાપ્ત થાય છે. ૩૦ મુહૂર્તનો એક અહોરાત્ર છે, તેથી નક્ષત્ર માસના મુહૂર્ત કાઢવા તેના અહોરાત્રને ૩૦ થી ગુણતા ૨૭ $\frac{२१}{६७}$ × ૩૦માં ૨૭ × ૬૭ = ૧૮૦૯ + ૨૧ = $\frac{૧૮૩૦}{૬૭} \times \frac{૩૦}{૬૧} = \frac{૫૪,૯૦૦}{૬૭}$ તેના પૂર્ણાંક કાઢવા ૫૪,૯૦૦ ÷ ૬૭ = ૮૧૯ $\frac{२७}{६७}$ મુહૂર્ત નક્ષત્ર માસના પ્રાપ્ત થાય છે.

એક નક્ષત્ર વર્ષના અહોરાત્ર શોધવા માટે એક નક્ષત્ર માસના અહોરાત્ર ૨૭ $\frac{२१}{६७}$ સાથે વર્ષના બાર માસથી ગુણતા ૨૭ $\frac{२१}{६७}$ × ૧૨માં ૨૭×૬૭ = ૧૮૦૯ + ૨૧ = $\frac{૧૮૩૦}{६७} \times \frac{૧૨}{૧} = \frac{૨૧,૯૬૦}{६७}$ (૨૧,૯૬૦ ÷ ૬૭) = ૩૨૭ $\frac{५१}{६७}$ અહોરાત્ર એક નક્ષત્ર વર્ષમાં હોય છે અને તેના મુહૂર્ત બનાવવા ૩૨૭ $\frac{५१}{६७}$ × ૩૦ (૩૨૭ × ૩૦) = ૯૮૧૦ પ્રાપ્ત થાય છે અને ૫૧ × ૩૦ = ૧૫૩૦ ÷ ૬૭ = ૨૨ $\frac{५६}{६७}$ , ૯૮૧૦ + ૨૨ $\frac{५६}{६७}$ = ૯,૮૩૨ $\frac{५६}{६७}$ મુહૂર્ત એક નક્ષત્ર સંવત્સરના પ્રાપ્ત થાય છે.

**ચંદ્ર માસ : સંવત્સરાદિના અહોરાત્ર : મુહૂર્ત સંખ્યા :–**

**३** **ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चस्स चंदसंवच्छरस्स चंदे मासे**

**तीसइमुहुत्तेणं अहोरत्तेणं गणिज्जमाणे केवइए राइंदियग्गेणं आहिएति वएज्जा? ता एगूणतीसं राइंदियाइं बत्तीसं बावट्ठिभागा राइंदियस्स राइंदियग्गेणं आहिएति वएज्जा ।**

**ता से णं केवइए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता अट्ठपंचासए मुहुत्ते त्तीसं बावट्ठिभागे मुहुत्तग्गेणं आहिएति वएज्जा । ता एस णं अद्धा दुवालसखुत्तकडा चंदे संवच्छरे ।**

**ता से णं केवइए राइंदियग्गेणं आहिएति वएज्जा ? ता तिण्णिचउप्पण्णे राइंदियसए दुवालस य बावट्ठिभागा राइंदियग्गेणं आहिएति वएज्जा ।**

**ता से णं केवइए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता दसमुहुत्तसहस्साइं छच्च पणवीसे मुहुत्तसए पण्णासं च बावट्ठिभागे मुहुत्तग्गेणं णं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આ પાંચ પ્રકારના સંવત્સરમાંથી બીજા ચંદ્ર સંવત્સરના ચંદ્ર માસમાં ૩૦ મુહૂર્તના એક અહોરાત્રના હિસાબે કેટલા અહોરાત્ર હોય છે ? **ઉત્તર–** એક ચંદ્ર માસમાં ઓગણત્રીસ પૂર્ણાંક બત્રીસ બાસઠાંશ(૨૯ $\frac{૩૨}{૬૨}$) અહોરાત્ર હોય છે.

**પ્રશ્ન–** એક ચંદ્ર માસમાં કેટલા મુહૂર્ત હોય છે ? **ઉત્તર–** એક ચંદ્ર માસમાં આઠસો પંચાસી પૂર્ણાંક ત્રીસ બાસઠાંશ(૮૮૫ $\frac{૩૦}{૬૨}$) મુહૂર્ત હોય છે. આ કાળને બાર ગણો કરતાં એક ચંદ્ર સવંત્સર થાય છે.

**પ્રશ્ન–** આ બાર ચંદ્ર માસવાળા ચંદ્ર સંવત્સરમાં કેટલા અહોરાત્ર હોય છે ? **ઉત્તર–** એક ચંદ્ર સંવત્સરમાં ત્રણસો ચોપન પૂર્ણાંક બાર બાસઠાંશ(૩૫૪ $\frac{૧૨}{૬૨}$) અહોરાત્ર હોય છે.

**પ્રશ્ન–** એક ચંદ્ર સંવત્સરમાં કેટલા મુહૂર્ત હોય છે ? **ઉત્તર–** એક ચંદ્ર સંવત્સરમાં દસ હજાર છસો પચીસ પૂર્ણાંક પચાસ બાસઠાંશ(૧૦, ૬૨૫ $\frac{૫૦}{૬૨}$) મુહૂર્ત હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચંદ્ર સંવત્સરના તથા ચંદ્ર માસના અહોરાત્ર તથા મુહૂર્તનું કથન છે. એક યુગના ૧૮૩૦ અહોરાત્ર(રાત્રિ-દિવસ) હોય છે. એક યુગમાં બાસઠ ચંદ્ર માસ છે, તેથી એક ચંદ્ર માસમાં(૧૮૩૦ ÷ ૬૨ =) ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર થાય છે અને એક અહોરાત્રના ૩૦ મુહૂર્ત હોવાથી ૨૯ $\frac{૩૨}{૬૨}$ × ૩૦માં ૨૯ × ૩૦ = ૮૭૦ અને ૩૨ × ૩૦ = ૯૬૦ ÷ ૬૨ = ૧૫ $\frac{૩૦}{૬૨}$ , ૮૭૦ + ૧૫ $\frac{૩૦}{૬૨}$ = ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત એક ચંદ્ર માસના થાય છે.

એક ચંદ્ર સંવત્સરમાં ૧૨ માસ છે અને એક ચંદ્ર માસમાં ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર છે, તેથી એક ચંદ્ર સંવત્સરમાં ૨૯ $\frac{૩૨}{૬૨}$ × ૧૨માં ૨૯ × ૧૨ = ૩૪૮, ૩૨ × ૧૨ = ૩૮૪ ÷ ૬૨ = ૬ $\frac{૧૨}{૬૨}$, ૩૪૮ + ૬ $\frac{૧૨}{૬૨}$ = ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ અહોરાત્ર હોય છે.

તેના મુહૂર્ત કરતાં ૩૫૪ $\frac{૧૨}{૬૨}$× ૩૦માં ૩૫૪ × ૩૦ = ૧૦૬૨૦, ૧૨ × ૩૦ = ૩૬૦ ÷ ૬૨ =

૫ $\frac{૫૦}{૬૨}$ , ૧૦,૬૨૦ + ૫ $\frac{૫૦}{૬૨}$ = ૧૦, ૬૨૫ $\frac{૫૦}{૬૨}$ (દસ હજાર છસો પચ્ચીસ પૂર્ણાંક પચાસ બાસઠાંસ) મુહૂર્ત એક ચંદ્ર વર્ષમાં પ્રાપ્ત થાય છે.

**ઋતુ માસ : સંવત્સરાદિના અહોરાત્ર : મુહૂર્ત સંખ્યા :–**

**૪** **ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चस्स उऊसंवच्छरस्स उऊमासे तीसइ मुहुत्तेणं अहोरत्तेणं गणिज्जमाणे केवइए राइंदियग्गेणं आहिएति वएज्जा ? ता तीसं राइंदियाणं राइंदियग्गे णं आहिएति वएज्जा ।**

**ता से णं केवइए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता णव मुहुत्तसयाइं मुहुत्तग्गेणं आहिएति वएज्जा । ता एस णं अद्धा दुवालसखुत्तकडा उऊ संवच्छरे।**

**ता से णं केवइए राइंदियग्गे णं आहिएति वएज्जा ? ता तिण्णि सट्ठे राइंदियसए राइंदियग्गेणं आहिएति वएज्जा ।**

**ता से णं केवइए मुहुत्तग्गेणं आहिए त्ति वएज्जा ? ता दस मुहुत्तसहस्साइं अट्ठ य मुहुत्तसयाइं मुहुत्तग्गेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આ પાંચ પ્રકારના સંવત્સરમાંથી ત્રીજા ઋતુ સંવત્સરના ઋતુ માસમાં ૩૦ મુહૂર્તના એક અહોરાત્રના હિસાબે કેટલા અહોરાત્ર થાય છે ? **ઉત્તર–** એક ઋતુ માસમાં ૩૦ અહોરાત્ર થાય છે.

**પ્રશ્ન–** એક ઋતુમાસમાં કેટલા મુહૂર્ત હોય છે ? **ઉત્તર–** એક ઋતુ માસમાં ૯૦૦ મુહૂર્ત હોય છે. આ કાળને બાર ગુણા કરતાં એક ઋતુ સંવત્સર થાય છે.

**પ્રશ્ન–** આ બાર ઋતુમાસવાળા એક ઋતુ સંવત્સરમાં કેટલા અહોરાત્ર હોય છે ? **ઉત્તર–** એક ઋતુ સંવત્સરમાં ૩૬૦ અહોરાત્ર હોય છે.

**પ્રશ્ન–** એક ઋતુ સંવત્સરમાં કેટલા મુહૂર્ત હોય છે ? **ઉત્તર–** એક ઋતુ સંવત્સરમાં દસ હજાર આઠસો(૧૦, ૮૦૦) મુહૂર્ત હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઋતુસંવત્સર તથા ઋતુમાસના અહોરાત્ર અને મુહૂર્તનું કથન છે.

એક યુગમાં ૬૧ ઋતુમાસ છે અને એક યુગમાં ૧૮૩૦ અહોરાત્ર છે, તેથી એક ઋતુ માસમાં(૧૮૩૦ ÷ ૬૧ = ૩૦ અહોરાત્ર પ્રાપ્ત થાય છે. તેના મુહૂર્ત કરવા ૩૦ થી ગુણતા ૩૦ × ૩૦ = ૯૦૦ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. એક ઋતુ સંવત્સરના ૧૨ માસના ઋતુમાસના અહોરાત્ર સાથે ગુણતાં ૩૦ અહોરાત્ર × ૧૨ = ૩૬૦ અહોરાત્ર પ્રાપ્ત થાય છે અને ૩૬૦ × ૩૦ મુહૂર્ત = દસ હજાર આઠસો ૧૦,૮૦૦ મુહૂર્ત એક ઋતુ સંવત્સરમાં હોય છે.

**આદિત્ય માસ : સંવત્સરાદિના અહોરાત્ર : મુહૂર્ત સંખ્યા :–**

**૫** **ता एएसि णं पंचण्हं संवच्छराणं चउत्थस्स आइच्चसंवच्छरस्स आइच्चे मासे तीसइमुहुत्तेणं अहोरत्तेणं गणिज्जमाणे केवइए राइंदियग्गेणं आहिएति**

वएज्जा ? ता तीसं राइंदियाइं अवड्ढभागं च राइंदियस्स राइंदियग्गेणं आहिएति वएज्जा ।

ता से णं केवइए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता णव पण्णरस मुहुत्तसए मुहुत्तग्गेणं आहिएति वएज्जा । ता एस णं अद्धा दुवालसखुत्तकडा आइच्चे संवच्छरे ।

ता से णं केवइए राइंदियग्गेणं आहिएति वएज्जा ? ता तिण्णि छावट्ठे राइंदियसए राइंदियग्गेणं आहिएति वएज्जा ।

ता से णं केवइए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता दस मुहुत्तस्स सहस्साइं णव असीए मुहुत्तसए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ।

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આ પાંચ પ્રકારના સંવત્સરમાંથી ચોથા આદિત્ય–સૂર્ય સંવત્સરના સૂર્ય માસમાં ૩૦ મુહૂર્તના એક અહોરાત્રના હિસાબે કેટલા અહોરાત્ર થાય છે ? **ઉત્તર–** એક સૂર્ય માસમાં ૩૦ ૧/૨ અહોરાત્ર થાય છે.

**પ્રશ્ન–** એક સૂર્ય માસમાં કેટલા મુહૂર્ત હોય છે ? **ઉત્તર–** એક સૂર્ય માસમાં ૯૧૫ મુહૂર્ત હોય છે. આ કાળને બાર ગુણાં કરતાં એક આદિત્ય સંવત્સર થાય છે.

**પ્રશ્ન–** આ બાર સૂર્ય માસવાળા એક સૂર્ય સંવત્સરમાં કેટલા અહોરાત્ર હોય છે ? **ઉત્તર–** એક સૂર્ય સંવત્સરમાં ૩૬૬ અહોરાત્ર હોય છે.

**પ્રશ્ન–** એક સૂર્ય સંવત્સરમાં કેટલા મુહૂર્ત હોય છે ? **ઉત્તર–** એક સૂર્ય સંવત્સરમાં દસ હજાર નવસો એંસી ૧૦,૯૮૦ મુહૂર્ત હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સૂર્ય વર્ષ અને સૂર્ય માસના અહોરાત્ર તથા મુહૂર્તનું કથન છે.

એક યુગના ૧૮૩૦ અહોરાત્ર અને એક યુગમાં ૬૦ સૂર્ય માસ છે, તેથી એક સૂર્ય માસમાં ૧૮૩૦ ÷ ૬૦ = ૩૦ ૧/૨ અહોરાત્ર પ્રાપ્ત થાય છે અને એક અહોરાત્રના ૩૦ મુહૂર્ત છે, તેથી માસના અહોરાત્ર ૩૦ ૧/૨ ને ૩૦ થી ગુણતા ૩૦ ૧/૨ × ૩૦ = ૯૧૫ મુહૂર્ત એક સૂર્ય માસના પ્રાપ્ત થાય છે.

એક સૂર્ય સંવત્સરના ૧૨ માસથી એક સૂર્ય માસના અહોરાત્રને ગુણતા ૩૦ ૧/૨ × ૧૨ = ૩૬૬ અહોરાત્ર એક સૂર્ય સંવત્સરના પ્રાપ્ત થાય છે અને તેના મુહૂર્ત કરવા ૩૦ થી ગુણતા ૩૬૬ × ૩૦ = ૧૦,૯૮૦ મુહૂર્ત એક સૂર્ય સંવત્સરના પ્રાપ્ત થાય છે.

**અભિવર્ધિત માસ : સંવત્સરાદિના અહોરાત્ર : મુહૂર્ત સંખ્યા :–**

**૬** ता एएसि णं पंचण्हं संवच्छराणं पंचमस्स अभिवड्ढियसंवच्छरस्स अभिवड्ढिए मासे तीसइ मुहुत्तेणं अहोरत्तेणं गणिज्जमाणे केवइए राइंदियग्गेणं आहिएति वएज्जा ? ता एक्कतीसं राइंदियाइं एगूणतीसं च मुहुत्ता सत्तरस बावट्ठिभागे

**मुहुत्तस्स राइंदियग्गे णं आहिएति वएज्जा ।**

**ता से णं केवइए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता णव एगूणसट्ठे मुहुत्तसए सत्तरस बावट्ठिभागे मुहुत्तस्स मुहुत्तग्गेणं आहिएति वएज्जा । ता एस णं अद्धा दुवालसखुत्तकडा अभिवड्ढियसंवच्छरे ।**

**ता से णं केवइए राइंदियग्गे णं आहिएति वएज्जा ? ता तिण्णि तेसीए राइंदियसए एक्कवीसं च मुहुत्ता अट्ठारस बावट्ठिभागे मुहुत्तस्स राइंदियग्गेणं आहिएति वएज्जा ।**

**ता से णं केवइए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता एक्कारस मुहुत्तसहस्साइं पंच य एक्कारस मुहुत्तसए अट्ठारस बावट्ठिभागे मुहुत्तस्स मुहुत्तग्गेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આ પાંચ પ્રકારના સંવત્સરમાંથી પાંચમા અભિવર્ધિત સંવત્સરના અભિવર્ધિત માસમાં ૩૦ મુહૂર્તના એક અહોરાત્રના હિસાબે કેટલા અહોરાત્ર થાય છે ? **ઉત્તર–** એક અભિવર્ધિત માસમાં ૩૧ રાત્રિ–દિવસ(અહોરાત્ર) અને ૨૯ $\frac{૧૭}{૬૨}$ મુહૂર્ત હોય છે.

**પ્રશ્ન–** એક અભિવર્ધિત માસમાં કેટલા મુહૂર્ત હોય છે ? **ઉત્તર–** એક અભિવર્ધિત માસમાં નવસો ઓગણસાંઠ પૂર્ણાંક સત્તર બાસઠાંશ(૯૫૯ $\frac{૧૭}{૬૨}$) મુહૂર્ત હોય છે. આ કાળને બાર ગુણો કરતાં એક અભિવર્ધિત સંવત્સર થાય છે.

**પ્રશ્ન–** આ બાર માસવાળા એક અભિવર્ધિત સંવત્સરમાં કેટલા અહોરાત્ર હોય છે ? **ઉત્તર–** એક અભિવર્ધિત સંવત્સરમાં ૩૮૩ અહોરાત્ર અને ૨૧ $\frac{૧૮}{૬૨}$ મુહૂર્ત હોય છે.

**પ્રશ્ન–** એક અભિવર્ધિત સંવત્સરમાં કેટલા મુહૂર્ત હોય છે ? **ઉત્તર–** એક અભિવર્ધિત સંવત્સરમાં અગિયાર હજાર પાંચસો અગિયાર પૂર્ણાંક અઢાર બાસઠાંશ મુહૂર્ત(૧૧૫૧૧ $\frac{૧૮}{૬૨}$) હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અભિવર્ધિત માસ અને અભિવર્ધિત સંવત્સરના અહોરાત્ર તથા મુહૂર્ત પ્રમાણનું કથન છે.

એક અધિક ચંદ્ર માસવાળા વરસને જ અભિવર્ધિત સંવત્સર કહે છે, તેથી તેમાં ૧૩ ચંદ્ર માસ હોય છે. એક ચંદ્રમાસ ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્રનો છે, તેને ૧૩ થી ગુણતા ૨૯ $\frac{૩૨}{૬૨}$ × ૧૩ તેમાં ૨૯ × ૧૩ = ૩૭૭, ૩૨ × ૧૩ = ૪૧૬ ÷ ૬૨ = ૬ $\frac{૪૪}{૬૨}$, ૩૭૭ + ૬ $\frac{૪૪}{૬૨}$ = ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ અહોરાત્ર અભિવર્ધિત સંવત્સરના થાય છે.

સૂત્રકારે એક અભિવર્ધિત સંવત્સરના ૩૮૩ અહોરાત્ર અને ૨૧ $\frac{૧૮}{૬૨}$ મુહૂર્ત કહ્યા છે.

૩૮૩ $\frac{૪૪}{૬૨}$ અહોરાત્રમાં $\frac{૪૪}{૬૨}$ ના મુહૂર્ત કરવા ૩૦ થી ગુણતા $\frac{૪૪}{૬૨}$ × ૩૦ = $\frac{૧૩૨૦}{૬૨}$ = ૨૧ $\frac{૧૮}{૬૨}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. આ રીતે ૩૮૩$\frac{૪૪}{૬૨}$ અહોરાત્ર અથવા ૩૮૩ અહોરાત્ર અને ૨૧ $\frac{૧૮}{૬૨}$ મુહૂર્ત બંને રાશિ એક સમાન છે.

હવે બાર અંશવાળા અભિવર્ધિત સંવત્સરમાં ૧૨ માસ હોય છે અર્થાત્ અભિવર્ધિત સંવત્સરના

૧૨ માસ કરવા હોય તો પ્રત્યેક માસમાંથી ૧૨–૧૨ અંશ બાદ કરતા ૧૨ માસનું અભિવર્ધિત સંવત્સર થાય છે, તેથી ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ ÷ ૧૨ તેમાં ૩૮૩ ÷ ૧૨ = ૩૧ $\frac{૧૧}{૧૨}$ અહોરાત્ર થાય છે. તેમાં $\frac{૧૧}{૧૨}$ ના બાસઠીયા ભાગ કરવા $\frac{૧૧}{૧૨}$ × ૬૨ = $\frac{૬૮૨ + ૪૪}{૧૨ \times ૬૨}$ = $\frac{૭૨૬}{૧૨ \times ૬૨}$ ના મુહૂર્ત કરવા ૩૦ થી ગુણતાં માં પહેલાં ૭૨૬ અને ૧૨નો ૨ થી છેદ કરીને ૧૨ના સ્થાને પ્રાપ્ત ૬ થી ૩૦નો છેદ કરવાથી $\frac{૩૬૩ \times ૫}{૬૨}$ = $\frac{૧૮૧૫}{૬૨}$ અને ૧૮૧૫ ÷ ૬૨ = ૨૯ $\frac{૧૭}{૬૨}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે અર્થાત્ એક અભિવર્ધિત માસ ૩૧ અહોરાત્ર અને ૨૯ $\frac{૧૭}{૬૨}$ મુહૂર્ત પ્રમાણ છે.

અભિવર્ધિત માસના મુહૂર્ત શોધવા અભિવર્ધિત માસને ૩૦ થી ગુણતા(૩૧ અહોરાત્ર ૨૯ $\frac{૧૭}{૬૨}$ મુહૂર્ત × ૩૦ તેમાં ૩૧ × ૩૦ = ૯૩૦ + ૨૯$\frac{૧૭}{૬૨}$ = ) ૯૫૯ $\frac{૧૭}{૬૨}$ મુહૂર્ત એક અભિવર્ધિત માસના પ્રાપ્ત થાય છે અને બાર અંશવાળા એક અભિવર્ધિત સંવત્સરના મુહૂર્ત શોધવા તેને ૧૨ થી ગુણતા [૯૫૯ $\frac{૧૭}{૬૨}$ × ૧૨, તેમાં ૯૫૯ × ૧૨ = ૧૧,૫૦૮ અને $\frac{૧૭}{૬૨}$ × ૧૨ = $\frac{૨૦૪}{૬૨}$ અને ૨૦૪ ÷ ૬૨ = ૩ $\frac{૧૮}{૬૨}$ , ૧૧,૫૦૮ + ૩ $\frac{૧૮}{૬૨}$ =] ૧૧,૫૧૧ $\frac{૧૮}{૬૨}$ મુહૂર્ત એક અભિવર્ધિત સંવત્સરના થાય છે.

**પાંચ સંવત્સરના અહોરાત્ર અને મુહૂર્ત :–**

| સંવત્સર | માસના અહોરાત્ર | વર્ષના અહોરાત્ર | માસના મુહૂર્ત | વર્ષના મુહૂર્ત |
|---|---|---|---|---|
| નક્ષત્ર | ૨૭ $\frac{૨૧}{૬૭}$ | ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ | ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ | ૯,૮૩૨ $\frac{૫૬}{૬૭}$ |
| ચંદ્ર | ૨૯ $\frac{૩૨}{૬૨}$ | ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ | ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ | ૧૦,૬૨૫ $\frac{૫૦}{૬૨}$ |
| ઋતુ | ૩૦ | ૩૬૦ | ૯૦૦ | ૧૦,૮૦૦ |
| સૂર્ય | ૩૦ $\frac{૧}{૨}$ | ૩૬૬ | ૯૧૫ | ૧૦,૯૮૦ |
| અભિવર્ધિત | ૩૧ અહોરાત્ર ૨૯ $\frac{૧૭}{૬૨}$ મુહૂર્ત | ૩૮૩ અહોરાત્ર અને ૨૧ $\frac{૧૮}{૬૨}$ મુહૂર્ત | ૯૫૯ $\frac{૧૭}{૬૨}$ | ૧૧,૫૧૧ $\frac{૧૮}{૬૨}$ |

**નોયુગ તથા યુગના અહોરાત્ર : મુહૂર્ત સંખ્યા :–**

**૭ ता केवइयं ते णोजुगे राइंदियग्गेणं आहिएति वएज्जा ? ता सत्तरस एकाणउए राइंदियसए एगूणवीसं च मुहुत्त सत्तावण्णे बावट्ठिभागे मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता पणपण्णं चुण्णिया भागे राइंदियग्गेणं आहिएति वएज्जा ।**

**ता से णं केवइए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता तेपण्णमुहुत्तसहस्साइं सत्त य अउणापण्णे मुहुत्तसए सत्तावण्णं बावट्ठिभागे मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता पणपण्णं चुण्णिया भागा मुहुत्तग्गेणं आहिएति वएज्जा ।**

**ता केवइए णं ते जुगपत्ते राइंदियग्गेणं आहिएति वएज्जा ? ता अट्ठतीसं राइंदियाइं दस य मुहुत्ता चत्तारि य बावट्ठिभागे मुहुत्तस्स, बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता दुवालस चुण्णिया भागे राइंदियग्गेणं आहिएति वएज्जा ।**

**ता से णं केवइए मुहुत्तग्गे णं आहिएति वएज्जा ? ता एक्कारस पण्णासे मुहुत्तसए चत्तारि य बावट्ठिभागे मुहुत्तस्स, बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता दुवालस चुण्णिया भागा मुहुत्तग्गेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** નોયુગ(ઉપરોક્ત પાંચે સંવત્સરને સાથે ગણીને અપૂર્ણ યુગ)ના કેટલા અહોરાત્ર છે ? **ઉત્તર–** પૂર્વોક્ત પાંચે સંવત્સરવાળા નોયુગના એક હજાર સાતસો એકાણું અહોરાત્ર, ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા સત્તાવન ભાગ તથા સડસઠીયા પંચાવન ચૂર્ણિકા ભાગ (૧૭૯૧ અહોરાત્ર અને ૧૯ $\frac{૫૭}{૬૨}$ , $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત) હોય છે.

**પ્રશ્ન–** તે નોયુગના કેટલા મુહૂર્ત હોય છે ? **ઉત્તર–** તે નોયુગના ત્રેપન હજાર સાતસો ઓગણ પચાસ પૂર્ણાંક સત્તાવન બાસઠાંશ તથા પંચાવન સડસઠાંશ મુહૂર્ત(૫૩૭૪૯ $\frac{૫૭}{૬૨}$ , $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત) હોય છે.

**પ્રશ્ન–** તે નોયુગમાં કેટલા અહોરાત્ર ઉમેરવાથી પરિપૂર્ણ યુગની પ્રાપ્તિ થાય છે ? **ઉત્તર–** તે નોયુગમાં આડત્રીસ અહોરાત્ર, દસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા ચાર ભાગ તથા સડસઠીયા બાર ચૂર્ણિકા ભાગ(૩૮ અહોરાત્ર અને ૧૦ $\frac{૪}{૬૨}$ , $\frac{૧૨}{૬૭}$ મુહૂર્ત) ઉમેરવાથી પરિપૂર્ણ યુગની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન–** તે નોયુગમાં કેટલા મુહૂર્ત ઉમેરવાથી પરિપૂર્ણ યુગની પ્રાપ્તિ થાય છે ? **ઉત્તર–** તે નોયુગમાં એક હજાર એકસો પચાસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા ચાર ભાગ તથા સડસઠીયા બાર ચૂર્ણિકા ભાગ(૧૧૫૦ $\frac{૪}{૬૨}$ , $\frac{૧૨}{૬૭}$ મુહૂર્ત) ઉમેરવાથી પરિપૂર્ણ યુગની પ્રાપ્તિ થાય છે.

**૮** **ता केवइयं जुगे राइंदियग्गे णं आहिएति वएज्जा ? ता अट्ठारस तीसे राइंदियसए राइंदियग्गे णं आहिएति वएज्जा,**

**ता से णं केवइए मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता चउप्पण्णं मुहुत्तसहस्साइं णव य मुहुत्तसयाइं मुहुत्तग्गेणं आहिएति वएज्जा ।**

**ता से णं केवइए बावट्ठिभागं मुहुत्तग्गेणं आहिएति वएज्जा ? ता चउत्तीसं सयसहस्साइं अट्ठतीसं च बाट्ठिभागमुहुत्तसए बावट्ठिभागं मुहुत्तग्गेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક યુગના કેટલા અહોરાત્ર છે ? **ઉત્તર–** એક યુગના અઢારસો ત્રીસ(૧,૮૩૦) અહોરાત્ર છે.

**પ્રશ્ન–** એક યુગમાં કેટલા મુહૂર્ત હોય છે ? **ઉત્તર–** એક યુગમાં ચોપન હજાર નવસો(૫૪,૯૦૦ મુહૂર્ત) હોય છે.

**પ્રશ્ન–** એક યુગમાં મુહૂર્તના બાસઠીયા ભાગ કેટલા હોય છે ? **ઉત્તર–** એક યુગમાં મુહૂર્તમાં ૩૪,૦૩,૮૦૦(ચોત્રીસ લાખ, ત્રણ હજાર આઠસો) બાસઠીયા ભાગ હોય છે.

**વિવેચન :–**

પાંચ વરસનો એક યુગ કહેવાય છે. પાંચ સૂર્ય સંવત્સરનો એક સૂર્ય યુગ કહેવાય છે, પાંચ ચંદ્ર

સંવત્સરનો એક ચંદ્ર યુગ કહેવાય છે. પ્રસ્તુતમાં નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય અને અભિવર્ધિત સંવત્સર, આ પાંચે સંવત્સરના સમૂહને નોયુગ કહ્યો છે અને તે નોયુગના અહોરાત્ર તથા મુહૂર્તનું વિધાન છે. આ પાંચે સંવત્સરના અહોરાત્રનો મેળ કરવાથી ૧૭૯૧ અહોરાત્ર અને ૧૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત થાય છે.

**પાંચ સંવત્સરના મેળથી નોયુગના અહોરાત્રાદિ :–**

| સંવત્સર | અહોરાત્ર | | | | | મુહૂર્ત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અહોરાત્ર | | બાસઠીયા ભાગ | | સડસઠીયા ભાગ | મુહૂર્ત | | બાસઠીયા ભાગ | | સડસઠીયા ભાગ |
| નક્ષત્ર | ૩૨૭ | : | ૦૦ | : | ૫૧ | ૯૮૩૨ | : | ૦૦ | : | ૫૬ |
| ચંદ્ર | ૩૫૪ | : | ૧૨ | : | ૦૦ | ૧૦૬૨૫ | : | ૫૦ | : | ૦૦ |
| ઋતુ | ૩૬૦ | : | ૦૦ | : | ૦૦ | ૧૦૮૦૦ | : | ૦૦ | : | ૦૦ |
| સૂર્ય | ૩૬૬ | : | ૦૦ | : | ૦૦ | ૧૦૯૮૦ | : | ૦૦ | : | ૦૦ |
| અભિવર્ધિત | ૩૮૩ | : | ૪૪ | : | ૦૦ | ૧૧,૫૧૧ | : | ૧૮ | : | ૦૦ |
| નોયુગ પ્રમાણ | ૧૭૯૦ | : | ૫૬ | : | ૫૧ | ૫૩૭૪૮ | : | ૬૮ | : | ૫૬ |

૧૭૯૦ $\frac{૫૬}{૬૧}$, $\frac{૫૧}{૬૭}$ અહોરાત્ર = ૧૭૯૧ અહોરાત્ર ૧૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત થાય છે.

૫૩૭૪૮ $\frac{૬૮}{૬૨}$, $\frac{૫૬}{૬૭}$ મુહૂર્ત = ૫૩૭૪૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત થાય છે.

હવે $\frac{૫૧}{૬૭}$ અને $\frac{૫૬}{૬૭}$ ના મુહૂર્ત કરવા, તેને ૩૦ ગુણતા(૫૧ × ૩૦ = ૧૫૩૦ ÷ ૬૭ =) ૨૨ $\frac{૫૬}{૬૭}$ પ્રાપ્ત થયા, તેમાં ૨૨ મુહૂર્ત છે અને $\frac{૫૬}{૬૭}$ ના બાસઠીયા અંશ કરવા બાસઠથી ગુણતા $\frac{૫૬}{૬૭}$ × ૬૨ = $\frac{૩૪૭૨}{૬૭}$, ૩૪૭૨ ÷ ૬૭ = ૫૧ $\frac{૫૫}{૬૭}$ માં ૫૧ બાસઠીયા ભાગ થયા અને શેષ ૫૫ સડસઠીયા ભાગ વધ્યા.

આ રીતે $\frac{૫૧}{૬૭}$ અહોરાત્રના ૨૨ $\frac{૫૧}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત થયા છે. $\frac{૫૬}{૬૧}$ ભાગના મુહૂર્ત કરવા તેને ૩૦ થી ગુણતા( $\frac{૫૬}{૬૧}$ × ૩૦ = $\frac{૧૬૮૦}{૬૧}$, ૧૬૮૦ ÷ ૬૨ =) ૨૭ $\frac{૬}{૬૧}$ માં ૨૭ મુહૂર્ત અને ૬ એકસઠીયા ભાગ થાય છે.

આ રીતે $\frac{૫૬}{૬૧}$ અહોરાત્રના ૨૭ $\frac{૬}{૬૨}$ મુહૂર્ત થાય છે. પૂર્વના ૨૨ $\frac{૫૧}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ +૨૭ $\frac{૬}{૬૨}$= ૪૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. ૩૦ મુહૂર્તનો એક અહોરાત્ર છે, તેથી ૪૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ ના ૧ અહોરાત્ર, ૧૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. ૧૭૯૦ અહોરાત્રમાં તેને ઉમેરતાં સૂત્ર કથિત નોયુગના ૧૭૯૧ અહોરાત્ર અને ૧૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત સંખ્યા થાય છે.

પૂર્વોક્ત યુગના મુહૂર્ત શોધવા માટે સંવત્સરના મુહૂર્તનો સરવાળો ૫૩૭૪૮(ત્રેપન હજાર સાતસો અડતાલીસ) $\frac{૬૮}{૬૨}$, $\frac{૫૬}{૬૭}$ થાય છે તેમાં $\frac{૫૬}{૬૭}$ ના બાસઠીયા ભાગ કરતા ૫૬ × ૬૨ ÷ ૬૭ = ૫૧ $\frac{૫૫}{૬૭}$ થાય છે. તે ૫૧ને $\frac{૬૮}{૬૨}$માં ઉમેરતા ૬૮ + ૫૧ = ૧૧૯ ÷ ૬૨ = ૧ $\frac{૫૭}{૬૨}$ થાય, તેમાં એક મુહૂર્તને ઉમેરતા(૫૩૭૪૮ + ૧ =) ૫૩,૭૪૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત પૂર્વોક્ત નોયુગની મુહૂર્ત સંખ્યા પ્રાપ્ત થાય છે.

**णो जुगे :–** નોયુગ. **किञ्चिदूनं युगमित्यर्थः नोयुगं ।** –વૃત્તિ. કાંઈક ન્યૂન, અપૂર્ણ અહોરાત્રિ–વાળા યુગને નોયુગ કહે છે. પરિપૂર્ણ યુગ ૧૮૩૦ અહોરાત્ર પ્રમાણ છે અને તે જ વાસ્તવિક યુગ છે. અહીં

નક્ષત્રાદિ પાંચ સંવત્સરના કુલ અહોરાત્ર દર્શાવવા માટે સૂત્રકારે તે પાંચ સંવત્સર માટે 'નોયુગ' શબ્દનો પ્રયોગ કર્યો છે.

**जुगपत्ते–** યુગ પ્રાપ્ત. નોયુગમાં કેટલા અહોરાત્ર ઉમેરવાથી તે યુગને પ્રાપ્ત થાય છે ? સૂત્રકારે આ સૂત્રમાં યુગપ્રાપ્ત શબ્દનો પ્રયોગ કર્યો છે. નોયુગ અને યુગપ્રાપ્ત આ બંને શબ્દ પ્રયોગ જ નોયુગ અને યુગની ભિન્નતાને સ્પષ્ટ કરે છે. ક્રમશઃ વ્યતીત થતાં પાંચ સૂર્ય સંવત્સર, પાંચ ચંદ્ર સંવત્સરાદિથી નિષ્પન્ન યુગ પરિપૂર્ણ યુગ કહેવાય છે. યુગ શબ્દ પાંચ સૂર્ય સંવત્સર કે પાંચ ચંદ્ર સંવત્સર, પાંચ નક્ષત્ર સંવત્સર વગેરેનો જ સૂચક છે. અહીં નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, સૂર્ય, અભિવર્ધિત આ પાંચે સંવત્સરના કુલ અહોરાત્રનું પ્રમાણ સૂચિત કરવા જ સૂત્રકારે નોયુગ શબ્દનો પ્રયોગ કર્યો છે.

**૧૮૩૦ અહોરાત્ર પ્રમાણ યુગસંવત્સર :–** એક યુગમાં સૂર્યના પાંચ દક્ષિણાયન અને પાંચ ઉત્તરાયણ કુલ ૧૦ અયન થાય છે. બંને અયન ૧૮૩-૧૮૩ અહોરાત્રના છે, તેથી ૧૮૩ × ૧૦ = ૧,૮૩૦ અહોરાત્ર એક યુગના થાય છે.

એક યુગમાં સૂર્ય માસ ૬૦, નક્ષત્ર માસ-૬૭, ચંદ્ર માસ-૬૨, ઋતુ માસ-૬૧ છે, તેથી એક એક માસના અહોરાત્ર નિશ્ચિત કરવા ૧,૮૩૦ને ૬૦, ૬૭, ૬૨, ૬૧ થી ભાગતા સૂર્ય માસાદિના અહોરાત્રનું પ્રમાણ આવે છે.

નોયુગમાં પ્રક્ષિપ્ત કરવાના અહોરાત્ર શોધવા એક યુગના પરિપૂર્ણ ૧૮૩૦ અહોરાત્રમાંથી નોયુગના અહોરાત્રની રાશિ બાદ કરવાથી(૧૮૩૦ – ૧૭૯૧ અહોરાત્ર, ૧૯ $\frac{૫૭}{૬૨}$ , $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત =) ૩૮ અહોરાત્ર અને ૧૦ $\frac{૪}{૬૨}$ , $\frac{૧૨}{૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય, તે નોયુગમાં ઉમેરવાથી પરિપૂર્ણ યુગના ૧૮૩૦ અહોરાત્ર થાય છે. તે જ રીતે નોયુગના ૫૩૭૪૯ $\frac{૫૭}{૬૨}$ , $\frac{૫૫}{૬૭}$ મુહૂર્તમાં ૧૧૫૦ $\frac{૪}{૬૨}$, $\frac{૧૨}{૬૭}$ મુહૂર્ત ઉમેરવાથી પૂર્ણ યુગના ૫૪૯૦૦ મુહૂર્ત થાય છે.

**યુગ મુહૂર્તના બાસઠીયા ભાગ :–** એક મુહૂર્તના બાસઠ ભાગ કરવામાં આવે તો તેવા એક યુગના બાસઠીયા ભાગ ૩૪૦૩૮૦૦(ચોત્રીસ લાખ ત્રણ હજાર આઠસો) થાય છે. એક યુગના મુહૂર્તને બાસઠથી ગુણતા(૫૪૯૦૦ × ૬૨ =) ૩૪૦૩૮૦૦ બાસઠીયા ભાગ પ્રાપ્ત થાય છે.

### પાંચ સંવત્સરોનો સહપ્રારંભ તથા સહસમાપ્તિ :–

**૧ ता कया णं एए आइच्च-चंद संवच्छरा समादीया समपज्जवसिया आहिएति वएज्जा ? ता सट्ठिं एए आइच्चमासा, बावट्ठिं एए य चंदमासा एस णं अद्धा छक्खुत्तकडा दुवालसभइता तीसं एए आइच्चसंवच्छरा, एक्कतीसं एए चंदसंवच्छरा। तया णं एए आइच्च-चंद-संवच्छरा समादीया समपज्जवसिया आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય સંવત્સર અને ચંદ્ર સંવત્સરનો કેટલા સમયે સાથે પ્રારંભ અને સાથે અંત થાય છે ?
**ઉત્તર–** ૬૦ સૂર્ય માસ અને ૬૨ ચંદ્ર માસનો એક યુગ હોય છે.

આ સમયને અર્થાત્ બંને યુગના માસને છ ગુણા કરીને અર્થાત્ ૬ થી ગુણીને પછી ૧૨ થી ભાગવાથી પ્રાપ્ત સંખ્યા જેટલા સંવત્સરે સહસમાપ્તિ થાય છે. યથા– યુગના સૂર્યમાસ ૬૦ × ૬ = ૩૬૦ ÷ ૧૨ =

૩૦ સૂર્ય સંવત્સર અને ૬૨ × ૬ = ૩૭૨ ÷ ૧૨ = ૩૧ ચંદ્ર સંવત્સર વ્યતીત થાય ત્યારે સૂર્ય સંવત્સર તથા ચંદ્ર સંવત્સર, આ બંને સંવત્સરોનો સાથે પ્રારંભ થાય છે અને સાથે અંત થાય છે.

**१० ता कया णं एए आइच्च-उऊ-चंद-णक्खत्ता संवच्छरा समादीया समपज्जवसिया आहिएति वएज्जा ? ता सट्ठिं एए आइच्चा मासा, एगट्ठिं एए उऊमासा, बावट्ठिं एए चंदमासा, सत्तट्ठिं एए णक्खत्तमासा ।**

**एस णं अद्धा दुवालसक्खुत्तकडा दुवालसभइता सट्ठिं एए आइच्चा संवच्छरा, एगट्ठिं एए उऊ संवच्छरा, बावट्ठिं एए चंदा संवच्छरा, सत्तट्ठिं एए णक्खत्ता संवच्छरा । तया णं एए आइच्च-उऊ-चंद-णक्खत्ता संवच्छरा समादीया समपज्जवसिया आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય, ઋતુ, ચંદ્ર અને નક્ષત્ર, આ ચારે સંવત્સરનો કેટલા સમય પછી સાથે પ્રારંભ અને સાથે અંત થાય છે ? **ઉત્તર–** ૬૦ સૂર્ય માસ, ૬૧ ઋતુ માસ, ૬૨ ચંદ્ર માસ અને ૬૭ નક્ષત્ર માસનો એક યુગ હોય છે.

આ સમયને અર્થાત્ ચારે પ્રકારના યુગના માસને ક્રમશઃ ૧૨ થી ગુણીને પછી ૧૨ થી ભાગવાથી પ્રાપ્ત સંખ્યા પ્રમાણ સંવત્સરે અર્થાત્ ૬૦ × ૧૨ = ૭૨૦ ÷ ૧૨ = ૬૦ સૂર્ય સંવત્સર, ૬૧ × ૧૨ = ૭૩૨ ÷ ૧૨ = ૬૧ ઋતુ સંવત્સર ૬૨ × ૧૨ = ૭૪૪ ÷ ૧૨ = ૬૨ ચંદ્ર સંવત્સર અને ૬૭ × ૧૨ = ૮૦૪ ÷ ૧૨ = ૬૭ નક્ષત્ર સંવત્સર વ્યતીત થાય, ત્યાર પછી સૂર્ય સંવત્સર, ઋતુ સંવત્સર, ચંદ્ર સંવત્સર તથા નક્ષત્ર સંવત્સર, આ ચાર સંવત્સરોનો સાથે પ્રારંભ અને સાથે અંત થાય છે.

**११ ता कया णं एए अभिवड्ढिय-आइच्च-उडु-चंद-णक्खत्ता संवच्छरा समादीया समपज्जवसिया आहिएति वएज्जा ? ता सत्तावण्णं मासा सत्त य अहोरत्ता एक्कारस य मुहुत्ता तेवीसं बावट्ठिभागा मुहुत्तस्स एए अभिवड्ढिया मासा, सट्ठिं एए आइच्चा मासा, एगट्ठिं एए उऊमासा, बावट्ठिं एए चंदमासा सत्तट्ठिं एए णक्खत्ता मासा ।**

**एस णं अद्धा छप्पण्णसयक्खुत्तकडा दुवालसभइता सत्त सया चोयाला एए णं अभिवड्ढिया संवच्छरा, सत्तसया असीया एए णं आइच्चा संवच्छरा, सत्तसया तेणउया एए णं उऊ संवच्छरा, अट्ठसया छलुत्तरा एए णं चंदा संवच्छरा, अट्ठसया एकसत्तरा एए णं णक्खत्ता संवच्छरा । तया णं एए अभिवड्ढिया-आइच्च-उऊ-चंद-णक्खत्ता संवच्छरा समादीया समपज्जवसिया आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અભિવર્ધિત, સૂર્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર, આ પાંચે સંવત્સરોનો કેટલા સમયે સાથે પ્રારંભ અને સાથે અંત થાય છે ? **ઉત્તર–** એક યુગમાં ૫૭ અભિવર્ધિત માસ, ૭ અહોરાત્ર અને ૧૧ $\frac{23}{62}$ મુહૂર્ત હોય છે. તે જ રીતે એક યુગમાં ૬૦ સૂર્ય માસ, ૬૧ ઋતુ માસ, ૬૨ ચંદ્ર માસ અને ૬૭ નક્ષત્ર માસ હોય છે.

આ સમયને અર્થાત્ ચારે પ્રકારના યુગના માસને ૧૫૬થી ગુણીને પછી ૧૨ થી ભાગતા ૭૪૪ અભિવર્ધિત સંવત્સર, ૬૦×૧૫૬ = ૯૩૬૦ ÷ ૧૨ = ૭૮૦ સૂર્ય સંવત્સર, ૬૧×૧૫૬ = ૯૫૧૬ ÷ ૧૨ = ૭૯૩ ઋતુ સંવત્સર, ૬૨×૧૫૬ = ૯૬૭૨ ÷ ૧૨ = ૮૦૬ ચંદ્ર સંવત્સર અને ૬૭×૧૫૬ = ૧૦૪૫૨ ÷ ૧૨ = ૮૭૧ નક્ષત્ર સંવત્સર પ્રાપ્ત થાય છે. આટલા સંવત્સર પછી અભિવર્ધિત, સૂર્ય, ઋતુ, ચંદ્ર અને નક્ષત્ર, આ પાંચે ય સંવત્સરનો સાથે પ્રારંભ અને અંત થાય છે.

**ચંદ્ર સંવત્સરના અહોરાત્રનું ભિન્ન-ભિન્ન રીતે કથન :–**

**१२ ता णयट्ठयाए णं चंदे संवच्छरे तिण्णि चउप्पण्णे राइंदियसए दुवालस य बावट्ठिभागे राइंदियस्स आहिएति वएज्जा ।**

**ता अहातच्चे णं चंदे संवच्छरे तिण्णि चउप्पण्णे राइंदियसए पंच य मुहुत्ते पण्णासं च बावट्ठि भागे मुहुत्तस्स, आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** એક નયથી કહીએ તો એક ચંદ્ર સંવત્સર ત્રણસો ચોપન પૂર્ણાંક બાર બાસઠાંશ (૩૫૪ $\frac{૧૨}{૬૨}$) અહોરાત્ર પ્રમાણ છે.

તે જ ચંદ્ર સંવત્સર પ્રમાણને યથાતથ્ય રૂપે કહીએ તો એક ચંદ્ર સંવત્સર ૩૫૪ અહોરાત્ર ૫ $\frac{૫૦}{૬૨}$ મુહૂર્ત પ્રમાણ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાથે પ્રારંભ થયેલા ચંદ્ર સંવત્સર, સૂર્ય સંવત્સર વગેરે પાંચે સંવત્સરોની સહ સમાપ્તિના(સાથે સમાપ્ત થવાના) અંતરનું વર્ણન છે.

ચંદ્ર, સૂર્ય, નક્ષત્રાદિની પરિભ્રમણની ગતિ ભિન્ન-ભિન્ન છે, તેથી પાંચે પ્રકારના સંવત્સરના અહોરાત્રની સંખ્યા ભિન્ન-ભિન્ન છે, તેથી સાથે પ્રારંભ થયેલા તે સંવત્સરોની પૂર્ણાહૂતિ સાથે થતી નથી, પરંતુ કેટલાક સંવત્સરો વ્યતીત થયા પછી તે સંવત્સરો સાથે સમાપ્ત થાય છે. જેમ કોઈ ત્રણ વ્યક્તિ એક સાથે વર્તુળાકાર માર્ગ ઉપર કોઈ એક નિશ્ચિત સ્થાનેથી દોડનો પ્રારંભ કરે, તેમાં પહેલી વ્યક્તિ એક કલાકે વર્તુળ પૂર્ણ કરે છે, બીજી વ્યક્તિ બે કલાકે અને ત્રીજી વ્યક્તિ ત્રણ કલાકે વર્તુળ પૂર્ણ કરે છે. પહેલા કલાકે પહેલી વ્યક્તિ એકલી જ પ્રારંભ સ્થાને પહોંચી વર્તુળ પૂર્ણ કરે છે અને પુનઃ વર્તુળ ઉપર દોડનો પ્રારંભ કરે છે. બીજા કલાકે પહેલી વ્યક્તિ બીજીવાર વર્તુળ પૂર્ણ કરે છે, ત્યારે બીજી વ્યક્તિ પ્રથમ વર્તુળ તેની સાથે પૂર્ણ કરે છે. ત્રીજા કલાકે પહેલી વ્યક્તિ ત્રીજું વર્તુળ અને ત્રીજી વ્યક્તિ પહેલું વર્તુળ સાથે સમાપ્ત કરે છે. પાંચમા કલાકે પહેલી વ્યક્તિ વર્તુળ સમાપ્તિ સમયે એકલી હોય છે અને છટ્ઠા કલાકે પહેલી વ્યક્તિ છટ્ઠું વર્તુળ, બીજી વ્યક્તિ ત્રીજું વર્તુળ અને ત્રીજી વ્યક્તિ બીજું વર્તુળ સાથે પૂર્ણ કરે છે. આ રીતે દર બે કલાકે પહેલી અને બીજી, દર ત્રણ કલાકે પહેલી અને ત્રીજી, દર છ કલાકે ત્રણે વ્યક્તિ વર્તુળ સમાપ્તિમાં સાથે હોય છે. તે જ રીતે સાથે પ્રારંભ થયેલા સૂર્ય, ચંદ્ર, નક્ષત્રાદિ સંવત્સરો દર સંવત્સરે સાથે સમાપ્ત થતાં નથી પણ ભિન્ન-ભિન્ન કાળે સમાપ્ત થાય છે. સાથે સમાપ્ત થતાં સંવત્સરોનું અંતર સૂત્રકારે ત્રણ રીતે બતાવ્યું છે– (૧) સૂર્ય અને ચંદ્ર આ બે સંવત્સરોની સહ સમાપ્તિ. (૨) સૂર્ય, ઋતુ, ચંદ્ર અને નક્ષત્ર, આ ચાર સંવત્સરોની સહ સમાપ્તિ. (૩) અભિવર્ધિત, સૂર્ય, ઋતુ, ચંદ્ર અને નક્ષત્ર, આ પાંચ સંવત્સરોની સહ સમાપ્તિ.

**(૧) સૂર્ય સંવત્સર અને ચંદ્ર સંવત્સરની સહસમાપ્તિ :–** સાથે પ્રારંભ થયેલા સૂર્ય સંવત્સર અને ચંદ્ર

સંવત્સરની સહ સમાપ્તિ ૩૦ સૂર્ય સંવત્સર અને ૩૧ ચંદ્ર સંવત્સર વ્યતીત થાય ત્યારે થાય છે.

**સંવત્સર સહ સમાપ્તિ ગણના વિધિ :–** એક યુગના સૂર્ય માસને ચંદ્ર અને માસને છ થી ગુણીને પછી બારથી ભાગતા જે સંખ્યા આવે તેટલા સંવત્સર પછી બંને સાથે સમાપ્ત થાય છે. યથા– એક યુગમાં સૂર્ય માસ ૬૦ છે તેથી ૬૦ × ૬ = ૩૬૦ ÷ ૧૨ = ૩૦ સૂર્ય સંવત્સર થાય છે તેને એક સૂર્ય સંવત્સરના ૩૬૬ દિવસને ૩૦ સંવત્સરથી ગુણતા(૩૬૬ × ૩૦ =) ૧૦,૯૮૦ દિવસ થાય છે. તે જ રીતે એક યુગમાં ચંદ્ર માસ ૬૨ × ૬ = ૩૭૨ ÷ ૧૨ = ૩૧ સંવત્સર પ્રાપ્ત થાય છે તેને એક ચંદ્ર સંવત્સરના ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ અહોરાત્ર સાથે ગુણતા ૩૫૪ × ૩૧ = ૧૦,૯૭૪ અને $\frac{૧૨}{૬૨}$ × ૩૧ = $\frac{૩૭૨}{૬૨}$ માં ૩૭૨ ÷ ૬૨ = ૬,૧૦,૯૭૪ + ૬ =) ૧૦,૯૮૦ અહોરાત્ર થાય છે.

આ રીતે ૩૦ સૂર્ય સંવત્સરના અને ૩૧ ચંદ્ર સંવત્સરના એક સમાન ૧૦,૯૮૦ અહોરાત્ર થાય છે, તેથી સાથે પ્રારંભ થયેલા સૂર્યનું ત્રીસમું સંવત્સર અને ચંદ્રનું એકત્રીસમું સંવત્સર સાથે સમાપ્ત થાય છે. સૂર્યના ૩૦ સંવત્સર અર્થાત્ ૬ યુગ પૂર્ણ થાય ત્યારે ચંદ્રના ૩૧ સંવત્સર પૂર્ણ થાય છે.

**(૨) સૂર્ય, ઋતુ, ચંદ્ર અને નક્ષત્ર સંવત્સરની સહસમાપ્તિ :–** સાથે પ્રારંભ થયેલા આ ચારે ય સંવત્સરની સહ સમાપ્તિ ૬૦ સૂર્ય સંવત્સર, ૬૧ ઋતુ સંવત્સર, ૬૨ ચંદ્ર સંવત્સર અને ૬૭ નક્ષત્ર સંવત્સર વ્યતીત થાય ત્યાર પછી થાય છે.

**ગણના વિધિ–** એક યુગમાં પ્રાપ્ત આ ચારે ય સંવત્સરના માસને બારથી ગુણીને, બારથી ભાગતા જે સંખ્યા આવે તેટલા સંવત્સર પછી તે ચારે ય સંવત્સર સાથે સમાપ્ત થાય છે.

એક યુગના ૬૦ સૂર્ય માસ × ૧૨ = ૭૨૦ ÷ ૧૨ = ૬૦ સંવત્સર અને તેમાં એક સૂર્ય સંવત્સરના અહોરાત્ર ૩૬૬ × ૬૦ સંવત્સર = ૨૧,૯૬૦ અહોરાત્ર થાય છે.

એક યુગમાં ૬૨ ચંદ્ર માસ × ૧૨ = ૭૪૪ ÷ ૧૨ = ૬૨ સંવત્સર પ્રાપ્ત થયા. એક ચંદ્ર સંવત્સરના ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ અહોરાત્રને ૬૨ સંવત્સરથી ગુણતા ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ × ૬૨ માં ૩૫૪×૬૨ = ૨૧,૯૪૮ અને $\frac{૧૨}{૬૨}$ × ૬૨ = ૧૨ પ્રાપ્ત થાય છે. ૨૧૯૪૮ + ૧૨ = ૨૧,૯૬૦ અહોરાત્ર થાય છે.

એક યુગના ૬૧ ઋતુ માસ × ૧૨ = ૭૩૨ ÷ ૧૨ = ૬૧ સંવત્સર થયા અને એક ઋતુ સંવત્સરમાં ૩૬૦ અહોરાત્ર છે, તેથી ૩૬૦ × ૬૧ સંવત્સર = ૨૧,૯૬૦ અહોરાત્ર થાય છે.

એક યુગના ૬૭ નક્ષત્ર માસ × ૧૨ = ૮૦૪ ÷ ૧૨ = ૬૭ સંવત્સર થયા. એક નક્ષત્ર સંવત્સરના ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ અહોરાત્રને ૬૭ થી ગુણતા ૩૨૭ × ૬૭ = ૨૧,૯૦૯ અને $\frac{૫૧}{૬૭}$ માં ૫૧ × ૬૭ ÷ ૬૭ = ૫૧ પ્રાપ્ત થાય છે, ૨૧૯૦૯ + ૫૧ = ૨૧,૯૬૦ અહોરાત્ર થાય છે.

આ રીતે ૬૦ સૂર્ય સંવત્સર, ૬૨ ચંદ્ર સંવત્સર, ૬૧ ઋતુ સંવત્સર તથા ૬૭ નક્ષત્ર સંવત્સર, આ ચારે સંવત્સરના એક સમાન ૨૧, ૯૬૦ અહોરાત્ર વ્યતીત થાય ત્યારે આ સૂર્ય, ચંદ્ર, ઋતુ અને નક્ષત્ર સંવત્સરો સહ સમાપ્તિ પામે છે.

**(૩) અભિવર્ધિત, સૂર્ય, ઋતુ, ચંદ્ર અને નક્ષત્ર આ પાંચે ય સંવત્સરોની સહ સમાપ્તિ :–** સાથે પ્રારંભ થયેલા આ પાંચ સંવત્સરોની સહસમાપ્તિ શોધવા તેના યુગ માસને ૧૫૬થી ગુણીને ૧૨થી ભાગતા જે સંખ્યા આવે તેટલા સંવત્સર પછી તે પાંચે ય સંવત્સર સાથે પૂર્ણ થાય છે.

એક યુગના અભિવર્ધિત ૫૭ માસ ૭ અહોરાત્ર અને ૧૧ $\frac{૨૩}{૬૨}$ મુહૂર્તને ૧૫૬થી ગુણતા (૫૭ માસ, ૭ અહોરાત્ર, ૧૧ $\frac{૨૩}{૬૨}$ મુહૂર્ત × ૧૫૬ ÷ ૧૨, ૫૭ માસ × ૧૫૬ = ૮૮૯૨ ÷ ૧૨ = ૭૪૧, ૭ અહોરાત્ર × ૧૫૬ =

૧૦૯૨ ÷ ૧૨ = ૯૧ અહોરાત્ર, ૧૧ $\frac{૨૩}{૬૨}$ =( $\frac{૭૦૫}{૬૨}$ )× ૧૫૬ = $\frac{૧૦૯૯૮૦}{૬૨}$ ÷ ૧૨ = $\frac{૯૧૬૫}{૬૨}$ માં (૯૧૬૫ ÷ ૬૨) = ૧૪૭ મુહૂર્તના લગભગ ૪ અહોરાત્ર થાય તે ૯૧ અહોરાત્રમાં ઉમેરતા ૯૧+૪ = ૯૫ અહોરાત્રના લગભગ ૩ અભિવર્ધિત માસ થાય, તે ૭૪૧માં ઉમેરતા ૭૪૧ + ૩ = ૭૪૪ સંવત્સરને એક અભિવર્ધિત સંવત્સરના ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ અહોરાત્રથી ગુણતા(૭૪૪ × ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ =) ૨,૮૫,૪૮૦ અહોરાત્ર પ્રાપ્ત થાય છે.

એક યુગના ૬૦ સૂર્ય માસને ૧૫૬થી ગુણીને ૧૨થી ભાગતા ૬૦ × ૧૫૬ = ૯૩૬૦ ÷ ૧૨ = ૭૮૦ સંવત્સર એક સૂર્ય સંવત્સરના ૩૬૬ અહોરાત્રથી ગુણતા(૭૮૦ × ૩૬૬) = ૨,૮૫,૪૮૦ અહોરાત્ર પ્રાપ્ત થાય છે.

એક યુગના ૬૧ ઋતુ માસને ૧૫૬થી ગુણીને ૧૨ વડે ભાગતા(૬૧ × ૧૫૬ = ૯૫૧૬ ÷ ૧૨ = ૭૯૩ સંવત્સરને એક ઋતુ સંવત્સરના અહોરાત્રથી ગુણતા (૭૯૩ × ૩૬૦) = ૨,૮૫,૪૮૦ અહોરાત્ર પ્રાપ્ત થાય છે.

એક યુગના ૬૨ ચંદ્ર માસને ૧૫૬થી ગુણી ૧૨ વડે ભાગતા ૬૨ × ૧૫૬ = ૯૬૭૨ ÷ ૧૨ = ૮૦૬ સંવત્સરને ચંદ્ર સંવત્સરના અહોરાત્રથી ગુણતા(૮૦૬×૩૫૪ $\frac{૧૨}{૬૨}$ = ૨,૮૫,૪૮૦ અહોરાત્ર પ્રાપ્ત થાય છે.

એક યુગના ૬૭ નક્ષત્ર માસને ૧૫૬થી ગુણીને ૧૨થી ભાગતા(૬૭ × ૧૫૬ = ૧૦૪૫૨ ÷ ૧૨ =) ૮૭૧ સંવત્સર અને ૮૭૧ × ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ એક નક્ષત્ર સંવત્સરના અહોરાત્ર = ૨,૮૫,૪૮૦ અહોરાત્ર પ્રાપ્ત થાય છે.

આ રીતે ૭૪૪ અભિવર્ધિત સંવત્સર, ૭૮૦ સૂર્ય સંવત્સર, ૭૯૩ ઋતુ સંવત્સર, ૮૦૬ ચંદ્ર સંવત્સર, ૮૭૧ નક્ષત્ર સંવત્સરના ૨,૮૫,૪૮૦ અહોરાત્ર વ્યતીત થાય ત્યારે આ પાંચે ય સંવત્સરની સહ સમાપ્તિ થાય છે.

આ રીતે બે–બે સંવત્સરની સહસમાપ્તિના ૧૦ વિકલ્પ થાય છે– (૧) સૂર્ય-ચંદ્ર (૨) સૂર્ય-ઋતુ (૩) સૂર્ય-નક્ષત્ર (૪) સૂર્ય-અભિવર્ધિત (૫) ચંદ્ર-ઋતુ (૬) ચંદ્ર-નક્ષત્ર (૭) ચંદ્ર-અભિવર્ધિત (૮) ઋતુ-નક્ષત્ર (૯) ઋતુ-અભિવર્ધિત અને (૧૦) નક્ષત્ર-અભિવર્ધિત.

ત્રણ–ત્રણ સંવત્સરની સહ સમાપ્તિના દસ વિકલ્પ, ચાર-ચાર સંવત્સરની સહ સમાપ્તિના પાંચ વિકલ્પ અને પાંચે ય સંવત્સરની સહ સમાપ્તિનો એક વિકલ્પ, કુલ ૧૦ + ૧૦ + ૫ + ૧ = ૨૬ વિકલ્પ થાય છે.

તે સર્વ વિકલ્પ કોષ્ટકમાં દર્શાવેલ છે.

**સંવત્સરની સહસમાપ્તિ વરસ અને અહોરાત્ર પછી :–**

| સંયોગી સંવત્સર | સૂર્ય સંવત્સર પછી સહસમાપ્તિ | ચંદ્ર સંવત્સર પછી સહસમાપ્તિ | ઋતુ સંવત્સર પછી સહસમાપ્તિ | નક્ષત્ર સંવત્સર પછી સહસમાપ્તિ | અભિવર્ધિત સંવત્સર પછી સહસમાપ્તિ | તે સંવત્સરના કુલ અહોરાત્ર પછી સહસમાપ્તિ |
|---|---|---|---|---|---|---|
| ૧. સૂર્ય-ચંદ્ર સંવત્સર | ૩૦ | ૩૧ | – | – | – | ૧૦,૯૮૦ |
| ૨. સૂર્ય-ઋતુ સંવત્સર | ૬૦ | – | ૬૧ | – | – | ૨૧,૯૬૦ |
| ૩. સૂર્ય-નક્ષત્ર સંવત્સર | ૬૦ | – | – | ૬૭ | – | ૨૧,૯૬૦ |
| ૪. સૂર્ય-અભિવર્ધિત | ૭૮૦ | – | – | – | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૫. ચંદ્ર-ઋતુ સંવત્સર | – | ૬૨ | ૬૧ | – | – | ૨૧,૯૬૦ |

| સંયોગી સંવત્સર | સૂર્ય સંવત્સર પછી સહસમાપ્તિ | ચંદ્ર સંવત્સર પછી સહસમાપ્તિ | ઋતુ સંવત્સર પછી સહસમાપ્તિ | નક્ષત્ર સંવત્સર પછી સહસમાપ્તિ | અભિવર્ધિત સંવત્સર પછી સહસમાપ્તિ | તે સંવત્સરના કુલ અહોરાત્ર પછી સહસમાપ્તિ |
|---|---|---|---|---|---|---|
| ૬. ચંદ્ર-નક્ષત્ર સંવત્સર | – | ૬૨ | – | ૬૭ | – | ૨૧,૯૬૦ |
| ૭. ચંદ્ર-અભિવર્ધિત | – | ૮૦૬ | – | – | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૮. ઋતુ-નક્ષત્ર સંવત્સર | – | – | ૬૧ | ૬૭ | – | ૨૧,૯૬૦ |
| ૯. ઋતુ-અભિવર્ધિત | – | – | ૭૯૩ | – | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૧૦. નક્ષત્ર-અભિવર્ધિત | – | – | – | ૮૭૧ | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૧૧. સૂર્ય-ચંદ્ર-ઋતુ | ૬૦ | ૬૨ | ૬૧ | – | – | ૨૧,૯૬૦ |
| ૧૨. સૂર્ય, ચંદ્ર-નક્ષત્ર | ૬૦ | ૬૨ | – | ૬૭ | – | ૨૧,૯૬૦ |
| ૧૩.સૂર્ય-ચંદ્ર-અભિવર્ધિત | ૭૮૦ | ૮૦૬ | – | – | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૧૪. સૂર્ય-ઋતુ-નક્ષત્ર | ૬૦ | – | ૬૧ | ૬૭ | – | ૨૧,૯૬૦ |
| ૧૫. સૂર્ય-ઋતુ-અભિવર્ધિત | ૭૮૦ | – | ૭૯૩ | – | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૧૬. સૂર્ય-નક્ષત્ર-અભિવર્ધિત | ૭૮૦ | – | – | ૮૭૧ | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૧૭. ચંદ્ર, ઋતુ, નક્ષત્ર | – | ૬૨ | ૬૧ | ૬૭ | – | ૨૧,૯૬૦ |
| ૧૮. ચંદ્ર-ઋત-અભિવર્ધિત | – | ૮૦૬ | ૭૯૩ | – | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૧૯. ચંદ્ર-નક્ષત્ર-અભિવર્ધિત | – | ૮૦૬ | – | ૮૭૧ | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૨૦. ઋતુ-નક્ષત્ર-અભિવર્ધિત | – | – | ૭૯૩ | ૮૭૧ | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૨૧. સૂર્ય-ચંદ્ર-ઋતુ-નક્ષત્ર | ૬૦ | ૬૨ | ૬૧ | ૬૭ | – | ૨૧,૯૬૦ |
| ૨૨. સૂર્ય-ચંદ્ર-ઋતુ-અભિવર્ધિત સંવત્સર | ૭૮૦ | ૮૦૬ | ૭૯૩ | – | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૨૩. સૂર્ય-ચંદ્ર-નક્ષત્ર-અભિવર્ધિત | ૭૮૦ | ૮૦૬ | – | ૮૭૧ | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |

| સંયોગી સંવત્સર | સૂર્ય સંવત્સર પછી સહસમાપ્તિ | ચંદ્ર સંવત્સર પછી સહસમાપ્તિ | ઋતુ સંવત્સર પછી સહસમાપ્તિ | નક્ષત્ર સંવત્સર પછી સહસમાપ્તિ | અભિવર્ધિત સંવત્સર પછી સહસમાપ્તિ | તે સંવત્સરના કુલ અહોરાત્ર પછી સહસમાપ્તિ |
|---|---|---|---|---|---|---|
| ૨૪. સૂર્ય-ઋતુ-નક્ષત્ર-અભિવર્ધિત | ૭૮૦ | – | ૭૯૩ | ૮૭૧ | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૨૫. ચંદ્ર-ઋતુ-નક્ષત્ર-અભિવર્ધિત | – | ૮૦૬ | ૭૯૩ | ૮૭૧ | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |
| ૨૬. સૂર્ય-ચંદ્ર-નક્ષત્ર-ઋતુ અભિવર્ધિત | ૭૮૦ | ૮૦૬ | ૭૯૩ | ૮૭૧ | ૭૪૪ | ૨,૮૫,૪૮૦ |

**ચંદ્ર સંવત્સરના અહોરાત્ર કહેવાની બે પદ્ધતિ :–** ભિન્ન-ભિન્ન પ્રકારની કથન પદ્ધતિને નય કહેવામાં આવે છે. ચંદ્ર સંવત્સર ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ અહોરાત્ર પ્રમાણ છે. ૩૫૪ અહોરાત્ર સંપૂર્ણ અને ૩૫૫માં અહોરાત્રના બાસઠ ભાગ કરવામાં આવે, તો તેવા બાર ભાગે ચંદ્ર સંવત્સર પૂર્ણ થાય. તે બાર ભાગના મુહૂર્ત બનાવીને પણ કથન કરી શકાય. એક અહોરાત્રમાં ૩૦ મુહૂર્ત છે અને એક અહોરાત્રના બાસઠ ભાગ કરવામાં આવે છે, તેથી ૬૨ ભાગમાં ૩૦ મુહૂર્ત, તો ૧૨ ભાગમાં કેટલા મુહૂર્ત ? તેવી ત્રિરાશિ મૂકતા ૧૨ × ૩૦ = ૩૬૦ ÷ ૬૨ = ૫ $\frac{૫૦}{૬૨}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે.

૩૫૪ $\frac{૧૨}{૬૨}$ અહોરાત્ર અથવા ૩૫૪ અહોરાત્ર અને ૫ $\frac{૫૦}{૬૨}$ મુહૂર્ત, આ બંને પ્રકારના કથનમાં કથન માત્રની ભિન્નતા છે, તાત્ત્વિક ભિન્નતા નથી.

**ઋતુઓના નામ અને કાલપ્રમાણ :–**

**१३ तत्थ खलु इमे छ उऊ पण्णत्ता, तं जहा– पाउसे रिसारत्ते सरदे हेमंते वसंते गिम्हे । ता सव्वे वि णं एए चंद-उऊ दुवे दुवे मासा तिचउप्पण्णसएणं तिचउप्पण्णसए णं आयाणेणं गणिज्जमाणा साइरेगाइं एगूणसट्ठिं–एगूणसट्ठिं राइंदियाइं राइंदियग्गेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** ઋતુઓ છ છે, જેમ કે– (૧) પ્રાવૃષ ઋતુ (૨) વર્ષા ઋતુ (૩) શરદ ઋતુ (૪) હેમંત ઋતુ (૫) વસંત ઋતુ (૬) ગ્રીષ્મ ઋતુ આ બધી ચંદ્ર ઋતુઓ બે માસની હોય છે અને સંવત્સરના ૩૫૪-૩૫૪ અહોરાત્રના હિસાબે કંઈક વધારે ઓગણસાઠ-ઓગણસાઠ અહોરાત્રની હોય છે.

**અવમ રાત્રિ અને અતિ રાત્રિઓની સંખ્યા :–**

**१४ तत्थ खलु इमे छ ओमरत्ता पण्णत्ता, तं जहा– तइएपव्वे सत्तमे-पव्वे एक्कारसमे-पव्वे पण्णरसमे-पव्वे एगूणवीसइमे-पव्वे तेवीसइमे-पव्वे ।**

**ભાવાર્થ :–** એક વર્ષમાં અવમ રાત્રિઓ–ક્ષય તિથિઓ છ હોય છે, જેમ કે– (૧) ત્રીજા પર્વમાં (૨)

સાતમા પર્વમાં (૩) અગિયારમા પર્વમાં (૪) પંદરમા પર્વમાં (૫) ઓગણીસમા પર્વમાં (૬) ત્રેવીસમા પર્વમા.

**૧૫ तत्थ खलु इमे छ अइरत्ता पण्णत्ता, तं जहा– चउत्थे-पव्वे-अट्ठमे पव्वे बारसमे-पव्वे सोलसमे-पव्वे वीसइमे-पव्वे चउवीसइमे-पव्वे ।**

**छच्चेव य अइरत्ता, आइच्चाओ हवंति माणाहिं ।**
**छच्चेव ओमरत्ता, चंदाहिं हवंति माणाहिं ॥ १ ॥**

**ભાવાર્થ :–** એક વર્ષમાં અતિરાત્રિઓ–વૃદ્ધિ તિથિઓ છ હોય છે, જેમ કે– (૧) ચોથા પર્વમાં (૨) આઠમા પર્વમાં (૩) બારમા પર્વમાં (૪) સોળમા પર્વમાં (૫) વીસમા પર્વમાં (૬) ચોવીસમા પર્વમાં.

**ગાથાર્થ :–** છ અતિરાત્રિઓ આદિત્યમાસમાં હોય છે અને છ અવમરાત્રિઓ ચંદ્રમાસમાં હોય છે. ॥ ૧ ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છ ઋતુઓ, અવમરાત્રિ અને અતિરાત્રિનું વર્ણન છે.

ઋતુઓ ચંદ્ર અને સૂર્યના આશ્રયે પ્રવર્તે છે. પ્રત્યેક ચંદ્ર સંવત્સર અને સૂર્ય સંવત્સરમાં છ-છ ઋતુઓ હોય છે. ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્રનો એક ચંદ્રમાસ છે, તેવા બે ચંદ્રમાસ એટલે ૫૯ $\frac{૨}{૬૨}$ અહોરાત્રની એક ચંદ્ર ઋતુ હોય છે તથા ૩૦ $\frac{૧}{૨}$ (સાડીત્રીસ) અહોરાત્રનો એક સૂર્ય માસ અને તેવા બે સૂર્ય માસ એટલે ૬૧ અહોરાત્રની એક સૂર્ય ઋતુ હોય છે.

યુગના પ્રારંભ સમયે પ્રાવૃષ ઋતુ અને તેનો શ્રાવણ માસ હોય છે. તેથી છ ઋતુઓમાં પ્રાવૃષ ઋતુ પ્રથમ ગણવામાં આવે છે અને ત્યારપછી ક્રમશઃ વર્ષા, શરદ, હેમંત, વસંત અને છઠ્ઠી ગ્રીષ્મ ઋતુ છે. એક ઋતુમાં બે-બે માસ સમાવિષ્ટ થાય છે, યથા– (૧) પ્રાવૃષ ઋતુમાં અષાઢ અને શ્રાવણ (૨) વર્ષા ઋતુમાં ભાદરવો અને આસો (૩) શરદ ઋતુમાં કારતક અને માગસર (૪) હેમંત ઋતુમાં પોષ અને મહા (૫) વસંત ઋતુમાં ફાગણ અને ચૈત્ર (૬) ગ્રીષ્મ ઋતુમાં વૈશાખ અને જેઠ.

લૌકિક વ્યવહારમાં વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત અને ગ્રીષ્મ, આ છ ઋતુ મનાય છે અને વર્ષાનો પ્રારંભ શ્રાવણ માસથી થાય છે.

**ओमरत्ता :–** અવમરાત્ર, ક્ષય પામતી અર્થાત્ ઘટતી તિથિને અવમરાત્ર કહે છે. અવમ એટલે હીન, ક્ષય પામતી રાત્રિ,

**चंद उऊ मासाणं अंसा जे विसेसंमि ।**
**ते ओमरत्ताभागा भवंति मासस्स नायव्वा ॥१॥**

**बावट्ठीभागमेगं दिवसे संजायइ ओमरत्तस्स ।**
**बावट्ठिए दिवसेहिं ओमरतं तओ हवइ ॥१२॥**

ચંદ્રમાસ અને ઋતુમાસ–કર્મમાસનો વિશ્લેષ કરતા(અંતર શોધતા) કર્મમાસના શેષ રહેતા અંશો અવમ અંશ કહેવાય છે. ॥ ૧ ॥ પ્રત્યેક અહોરાત્રમાં બાસઠીયો એક ભાગ($\frac{૧}{૬૨}$અહોરાત્ર) અવમ અંશ અને ૬૨મી અહોરાત્રિ અવમરાત્ર(ક્ષયતિથિ) થાય છે. ॥ ૨ ॥ તેનું તાત્પર્ય એ છે કે એક કર્મમાસનું પ્રમાણ ૩૦

અહોરાત્ર છે અને ચંદ્રમાસનું પ્રમાણ ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર છે. તેનો ૩૦–૨૯ $\frac{૩૨}{૬૨}$= $\frac{૩૦}{૬૨}$ (આ રીતે વિશ્લેષ–અંતર શોધવા માટે બાદ બાકી કરવામાં આવે તો) બાસઠીયા ત્રીસ અંશ અવમ અંશ રૂપે પ્રાપ્ત થાય છે. ૩૦ અહોરાત્રે $\frac{૩૦}{૬૨}$ ભાગ અવમરાત્રના હોય તો, એક અહોરાત્રે કેટલા ? આ રીતે ત્રિરાશિ મૂકતા પ્રત્યેક અહોરાત્રે $\frac{૧}{૬૨}$ ભાગ અવમરાત્રના પ્રાપ્ત થાય છે.

એક અહોરાત્રના બાસઠ ભાગ(અંશ) કરવામાં આવે, તો તેના ૬૧ ભાગમાં પ્રથમ તિથિ સમાપ્ત થાય છે. ચંદ્રમાસમાં પ્રત્યેક તિથિ $\frac{૬૧}{૬૨}$ અહોરાત્રના પ્રમાણવાળી છે. પ્રથમ અહોરાત્રના ૬૧મા ભાગે પ્રથમ તિથિ સમાપ્ત થઈ અને છેલ્લો જે $\frac{૧}{૬૨}$ ભાગ બાકી રહ્યો, તે અંશ બીજી તિથિનો ગણાય છે. બીજી તિથિનો બાસઠીયો એક અંશ પ્રથમ અહોરાત્રમાં વ્યતીત થયો તેથી બીજા અહોરાત્રમાં બીજી તિથિના ૬૦ અંશ રહ્યા.

બીજા અહોરાત્રમાં બાસઠીયા બે અંશ શેષ હોય ત્યારે બીજી તિથિ પૂર્ણ થઈ જાય છે અને શેષ બે અંશ ત્રીજી તિથિના ગણાય છે. આ રીતે ત્રીજા અહોરાત્રમાં અંતિમ ત્રણ અંશ ચોથી તિથિના, ચોથા અહોરાત્રમાં અંતિમ ચાર અંશ પાંચમી તિથિના, પાંચમા અહોરાત્રમાં અંતિમ પાંચ અંશ છટ્ઠી તિથિના ગણાય છે. આ રીતે ઉત્તરોત્તર એક-એક અહોરાત્રમાં પૂર્વની તિથિના એક-એક અંશ હાનિ પામે છે અને પછીની તિથિમાં એક-એક અંશ વૃદ્ધિ પામે છે.

આ પ્રમાણે ગણના કરતા ૩૦મા અહોરાત્રે બાસઠીયા બત્રીસ($\frac{૩૨}{૬૨}$) અંશ ૩૦મી તિથિના અને બાસઠીયા ત્રીસ અંશ એકત્રીસમી તિથિ(બીજા માસની એકમ)ના ગણાય છે. સાઠમા અહોરાત્રે સાઠમી તિથિના બે અંશ અને એકસઠમી તિથિના સાઠ અંશ ભોગવાય છે.

એકસઠમા અહોરાત્રે એકસઠમી તિથિનો છેલ્લો એક અંશ જ ભોગવાય છે અને બાસઠમી તિથિના ૬૧ અંશ ભોગવાય છે એટલે બાસઠમી આખીતિથિ એકસઠમા અહોરાત્રમાં એટલે એકમમાં સમાઈ જાય છે. એકસઠમા અહોરાત્રમાં(૬૧મી અને ૬૨મી) બે તિથિ પૂર્ણ થાય છે તેથી બાસઠમા અહોરાત્રના સૂર્યોદય સમયે ત્રેસઠમીતિથિ શરૂ થાય છે. આમ થવાથી બાસઠમી બીજ તિથિ સૂર્યોદયને પામી નહીં, તેથી લોકમાં તે પતિત– ક્ષયતિથિ(અવમરાત્ર) કહેવાય છે.

યુગનો પ્રારંભ શ્રાવણવદ એકમથી થાય છે. ત્યાંથી એકસઠમી તિથિ અર્થાત્ આસોવદ એકમમાં બાસઠમી તિથિ એટલે આસોવદ બીજ સમાય જાય છે, તેથી બીજ અવમરાત્ર(ક્ષયતિથિ) કહેવાય છે અને તે બીજ એકમમાં સમાય છે તે સૂચિત કરવા તે એકમને પાતતિથિ કહે છે. પાતતિથિમાં અવમતિથિ સમાય છે. સંક્ષેપમાં જે તિથિનો ક્ષય થાય, તે અવમતિથિ–ક્ષયતિથિ છે અને જે તિથિમાં ક્ષય પામે, તે પાતતિથિ કહેવાય છે. યુગના પ્રારંભ પછી પ્રથમ અવમરાત્ર આસો વદમાં આવે છે.

**तइए पव्वे... :–** ત્રીજા પર્વમાં. અમાસ અને પૂર્ણિમાને પર્વ કહે છે, ઉપલક્ષણથી અહીં પંદર દિવસના પક્ષને જ પર્વ કહ્યો છે. પ્રત્યેક ઋતુના ત્રીજા, સાતમા પર્વમાં અર્થાત્ ત્રીજા, સાતમા પક્ષમાં અવમરાત્ર પ્રાપ્ત થાય છે.

**तइए पव्वे :–** ત્રીજા પર્વના એકસઠમા અહોરાત્રમાં ૬૨મી તિથિ સમાય છે, માટે ૬૨મી તિથિ અવમરાત્ર કહેવાય છે, તેથી ૩૦ અહોરાત્રનો એક માસ અને એક માસના બે પક્ષના હિસાબે ચાર-ચાર પક્ષ પછી અવમરાત્ર આવે.

અહીં જે ત્રીજા પર્વમાં અવમરાત્રિ આવે છે, તેમ કહ્યું છે તે લૌકિક ઋતુની અપેક્ષાએ કહ્યું છે.

**तइयम्मि ओमरत्तं कायव्वं सत्तमंमि पव्वंमि ।**
**वासहिमगिम्हकाले चउम्मासे विधीयंते ॥१॥** –વૃત્તિ.

વર્ષા, હિમ, ગ્રીષ્મ ઋતુના ચાર માસના ત્રીજા અને સાતમા પર્વમાં અવમરાત્રિ આવે છે. ॥૧॥

લોક વ્યવહારમાં વર્ષા(ચોમાસુ) અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો; હિમ(શિયાળો) કારતક, માગસર, પોષ અને મહા; ગ્રીષ્મ(ઉનાળો) ફાગણ, ચૈત્ર, વૈશાખ, અને જેઠ, આ ત્રણ ઋતુ પ્રવર્તે છે. લોક વ્યવહારમાં વર્ષા, શરદ, હેમંત, શિશિર વસંત, અને ગ્રીષ્મ, આ છ ઋતુ પણ પ્રવર્તે છે.

**લૌકિક ઋતુ પ્રમાણે ત્રીજા–સાતમા પર્વમાં અવમરાત્ર :–**

| વર્ષાઋતુ | ઋતુનું ઉર્જું-૭મું આદિ પર્વ | ક્રમશઃ વર્ષના પર્વ | અવમ રાત્રિ | શીતઋતુ | ઋતુનું ઉર્જું–૭મું પર્વ | ક્રમશઃ વર્ષના પર્વ | અવમ રાત્રિ | ગ્રીષ્મ ઋતુ | ઋતુનું ઉર્જું–૭મું પર્વ | ક્રમશઃ વર્ષના પર્વ | અવમ રાત્રિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અષાઢ વદ | પેલું | ૧ | – | કારતક વદ | પેલું | ૯ | – | ફાગણ વદ | પેલું | ૧૭ | – |
| અષાઢ સુદ | બીજું | ૨ | | કારતક સુદ | બીજું | ૧૦ | – | ફાગણ સુદ | બીજું | ૧૮ | – |
| શ્રાવણ વદ | ઉર્જું પર્વ | ૩ | ✓ | માગસર વદ | ઉર્જું પર્વ | ૧૧ | ✓ | ચૈત્ર વદ | ઉર્જું પર્વ | ૧૯ | ✓ |
| શ્રાવણ સુદ | ચોથું | ૪ | – | માગસર સુદ | ચોથું | ૧૨ | – | ચૈત્ર સુદ | ચોથું | ૨૦ | – |
| ભાદરવા વદ | પાંચમું | ૫ | – | પોષ વદ | પાંચમું | ૧૩ | – | વૈશાખ વદ | પાંચમું | ૨૧ | – |
| ભાદરવા સુદ | છઠ્ઠું | ૬ | – | પોષ સુદ | છઠ્ઠું | ૧૪ | – | વૈશાખ સુદ | છઠ્ઠું | ૨૨ | – |
| આસો વદ | ૭મું પર્વ | ૭ | ✓ | મહા વદ | ૭મું પર્વ | ૧૫ | ✓ | જેઠ વદ | ૭મું પર્વ | ૨૩ | ✓ |
| આસો સુદ | આઠમું પર્વ | ૮ | – | મહા સુદ | ૮મું પર્વ | ૧૬ | – | જેઠ સુદ | ૮મું પર્વ | ૨૪ | – |

**પાંચ વર્ષના એક યુગની અવમ રાત્રિઓ :–**

| વર્ષ | માસ | પક્ષ | ક્ષયતિથિ જે તિથિમાં સમાય છે તે પાતતિથિ | અવમરાત્ર ક્ષયતિથિ |
|---|---|---|---|---|
| | આસો | | એકમ | બીજ |
| પ્રથમ | માગસર | કૃ | ત્રીજ | ચોથ |
| ચંદ્ર | મહા | ષ્ણ | પાંચમ | છઠ્ઠ |
| સંવત્સર | ચૈત્ર | પ | સાતમ | આઠમ |
| | જેઠ | ક્ષ | નોમ | દશમ |
| | શ્રાવણ | | અગિયારસ | બારસ |

| વર્ષ | માસ | પક્ષ | ક્ષયતિથિ જે તિથિમાં સમાય છે તે પાતતિથિ | અવમરાત્ર ક્ષયતિથિ |
|---|---|---|---|---|
| | આસો | કૃ | તેરસ | ચૌદસ |
| બીજું | માગસર | ષ્ણ | અમાસ | એકમ |
| ચંદ્ર | મહા | | બીજ | ત્રીજ |
| સંવત્સર | ચૈત્ર | શુ | ચોથ | પાંચમ |
| | જેઠ | ક્લ | છઠ | સાતમ |
| | શ્રાવણ | | આઠમ | નોમ |
| | આસો | શુ | દશમ | અગિયારસ |
| ત્રીજું | માગસર | ક્લ | બારસ | તેરસ |
| અભિવર્ધિત | બીજો પોષ | | ચૌદશ | પૂનમ |
| ચંદ્ર | ચૈત્ર | કૃ | એકમ | બીજ |
| સંવત્સર | જેઠ | ષ્ણ | ત્રીજ | ચોથ |
| | શ્રાવણ | | પાંચમ | છઠ્ઠ |
| | આસો | | સાતમ | આઠમ |
| ચોથું | માગસર | કૃ | નોમ | દસમ |
| ચંદ્ર | મહા | ષ્ણ | અગિયારસ | બારસ |
| સંવત્સર | ચૈત્ર | પ | તેરસ | ચૌદશ |
| | જેઠ | ક્ષ | અમાસ | એકમ |
| | શ્રાવણ | શુક્લ | બીજ | ત્રીજ |
| | આસો | | ચોથ | પાંચમ |
| પાંચમું | માગસર | શુ | છઠ | સાતમ |
| અભિવર્ધિત | મહા | ક્લ | આઠમ | નોમ |
| ચંદ્ર | ચૈત્ર | પ | દસમ | અગિયારસ |
| સંવત્સર | જેઠ | ક્ષ | બારસ | તેરસ |
| | બીજો અષાઢ | | ચૌદશ | પૂનમ |

**अइरत्ता :–** અતિરાત્ર, વધતી તિથિ, અધિક દિવસ. ચોથા, આઠમા વગેરે પક્ષમાં એક-એક તિથિ વૃદ્ધિ

પામે છે. સૂર્ય સંવત્સરમાં અતિરાત્ર આવે છે. સૂર્ય માસ ૩૦ $\frac{૧}{૨}$ અહોરાત્રનો છે અને ઋતુમાસ–કર્મમાસ ૩૦ અહોરાત્રનો છે, તેથી એક માસે અર્ધ અહોરાત્ર વધે છે અને બે માસે એક અહોરાત્ર વધે છે, તેને અતિરાત્ર કહેવામાં આવે છે.

સૂર્યઋતુ અષાઢ માસથી શરૂ થાય છે માટે અષાઢ માસથી પ્રારંભ કરી ચોથા, આઠમા વગેરે પર્વમાં અતિરાત્રિ આવે છે. ચોથા પર્વ–શ્રાવણ સુદમાં પ્રથમ અતિરાત્રિ, આઠમા પર્વ–આસો સુદમાં બીજી અતિરાત્રિ બારમા પર્વ–માગસર સુદમાં ત્રીજી અતિરાત્રિ, સોળમા પર્વમાં મહા સુદમાં ચોથી અતિરાત્રિ, વીસમા પર્વ–ચૈત્ર સુદમાં પાંચમી અતિરાત્રિ અને ચોવીસમા પર્વ–જેઠ સુદમાં છઠ્ઠી અતિરાત્રિ આવે છે.

**યુગની આવૃત્તિ(અયન)ના પ્રારંભાદિ સમયે યોગાદિ :–**

**૧૬ तत्थ खलु इमाओ पंच-वासिकीओ पंच-हेमंतीओ आउट्टीओ पण्णत्ताओ ।**

**ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमं वासिकिं आउट्टिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता अभीइणा, अभीइस्स पढमसमए ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पूसेणं, पूसस्स एगूणवीसं मुहुत्ता तेतालीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता तेत्तीसं चुण्णिया भागा सेसा ।**

**ભાવાર્થ :–** તેમાં(પાંચ વર્ષના એક યુગમાં) સૂર્યની દક્ષિણાયનના પ્રારંભવાળી વસંતકાલીન પાંચ, ઉત્તરાયણના પ્રારંભવાળી હેમંતકાલીન પાંચ આવૃત્તિ થાય છે એટલે એક યુગના પાંચ સંવત્સરના પાંચે દક્ષિણાયનનો પ્રારંભ વર્ષાઋતુના શ્રાવણ માસમાં થાય છે અને પાંચે ઉત્તરાયણનો પ્રારંભ હેમંતઋતુના મહા માસમાં થાય છે.

**પ્રશ્ન–** પાંચ સંવત્સરના એક યુગની વર્ષાકાલીન પ્રથમ આવૃત્તિના(દક્ષિણાયનના) પ્રારંભ સમયે ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર અભિજિત નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ અભિજિત નક્ષત્રના યોગકાળના પ્રથમ સમયથી થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે યોગમાં હોય છે, તે યોગ પુષ્ય નક્ષત્રના યોગકાળના ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા તેતાલીસ ભાગ તથા સડસઠીયા તેત્રીસ ચૂર્ણિકા ભાગ(૧૯ $\frac{૪૩}{૬૨}$ , $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારથી થાય છે.

**૧૭ ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चं वासिकिं आउट्टिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता संठाणाहिं, संठाणाणं एक्कारस मुहुत्ते एगूणतालीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता तेपण्णं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पूसेणं, पूसस्स णं तं चेव, जं पढमाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની વર્ષાકાલીન બીજી આવૃત્તિના(બીજા દક્ષિણાયનના) પ્રારંભ સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર મૃગશીર્ષ નક્ષત્ર સાથે યોગમાં હોય

છે અને તે યોગ મૃગશીર્ષ નક્ષત્રના યોગકાળના અગિયાર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા ઓગણચાલીસ ભાગ તથા સડસઠીયા ત્રેપન ચૂર્ણિકા ભાગ(૧૧ $\frac{૩૯}{૬૨}$, $\frac{૫૩}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ પ્રથમ આવૃત્તિ પ્રમાણે હોય છે.

**૧૮ ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चं वासिकिं आउट्टिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता विसाहाहिं, विसाहाणं तेरस मुहुत्ता चउप्पण्णं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता चत्तालीसं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पूसेणं, पूसस्स णं तं चेव जं पढमाए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની વર્ષાકાલીન ત્રીજી આવૃત્તિના(ત્રીજા દક્ષિણાયનના) પ્રારંભ સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર વિશાખા નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ વિશાખા નક્ષત્રના યોગકાળના તેર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા ચોપન ભાગ તથા સડસઠીયા ચાલીસ ચૂર્ણિકા ભાગ(૧૩ $\frac{૫૪}{૬૨}$, $\frac{૪૦}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ પ્રથમ આવૃત્તિ પ્રમાણે હોય છે.

**૧૯ ता एएसि णं पंचण्हं संवच्छराणं च चउत्थिं वासिकिं आउट्टिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता रेवईहिं, रेवईणं पणवीसं मुहुत्ता बत्तीसं च बावट्ठिभागा मुहुत्तस्स, बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता छव्वीसं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पूसे णं, पूसस्स णं तं चेव, जं पढमाए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની વર્ષાકાલીન ચોથી આવૃત્તિના(ચોથા દક્ષિણાયાનના) પ્રારંભ સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર રેવતી નક્ષત્ર સાથે યોગમાં હોય છે, તે યોગ રેવતી નક્ષત્રના યોગકાળના પચીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા બત્રીસ ભાગ તથા સડસઠીયા છવ્વીસ ચૂર્ણિકા ભાગ(૨૫ $\frac{૩૨}{૬૨}$, $\frac{૨૬}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ પ્રથમ આવૃત્તિ પ્રમાણે જાણવો.

**૨૦ ता एएसि णं पंचण्हं संवच्छराणं च पंचमं वासिकिं आउट्टिं चंदे केणं णक्खत्ते णं जोएइ ? ता पुव्वाहिं फग्गुणीहिं, पुव्वाफग्गुणीणं बारसमुहुत्ता सत्तालीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता तेरस चुण्णिया भागा सेसा।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता पूसेणं, पूसस्स तं णं चेव, जं पढमाए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની વર્ષાકાલીન પાંચમી આવૃત્તિના(પાંચમા દક્ષિણાયનના) પ્રારંભ સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે. **ઉત્તર–** તે સમયે ચંદ્ર પૂર્વાફાલ્ગુની નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ પૂર્વાફાલ્ગુની નક્ષત્રના યોગકાળના બાર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા સુડતાલીસ ભાગ તથા સડસઠીયા તેર ચૂર્ણિકા ભાગ(૧૨ $\frac{૪૭}{૬૨}$ , $\frac{૧૩}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ પ્રથમ આવૃત્તિ પ્રમાણે જ હોય છે.

**૨૧ ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमं हेमंति आउट्टिं चंदे केण णक्खत्तेणं जोएइ ? ता हत्थेण, हत्थस्स णं पंचमुहुत्ता पण्णासं च बावट्ठिभाग मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेता सट्ठिं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं उत्तराणं आसाढाणं चरिमसमए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની હેમંતઋતુ કાલીન પ્રથમ આવૃત્તિ(પ્રથમ ઉત્તરાયણ)ના પ્રારંભ સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર હસ્ત નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ હસ્ત નક્ષત્રના યોગ કાળના પાંચ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા પચાસ ભાગ તથા સડસઠીયા સાઠ ચૂર્ણિકા ભાગ(૫ $\frac{૫૦}{૬૨}$ , $\frac{૬૦}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ ઉત્તરાષાઢા નક્ષત્રના યોગ કાળના ચરમ સમયમાં થાય છે.

**૨૨ ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चं हेमंतिं आउट्टिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता सतभिसयाहिं , सतभिसयाणं दुण्णि मुहुत्ता अट्ठावीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेता छत्तालीसं च चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं चरिमसमए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની હેમંત ઋતુકાલીન બીજી આવૃત્તિના(બીજા ઉત્તરાયણના) પ્રારંભ સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર શતભિષક્ નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ શતભિષક્ નક્ષત્રના યોગ કાળના બે મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા અઠ્યાવીસ ભાગ તથા સડસઠીયા છેતાલીસ ચૂર્ણિકા ભાગ(૨ $\frac{૨૮}{૬૨}$ , $\frac{૪૬}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ ઉત્તરાષાઢા નક્ષત્રના યોગ કાળના ચરમ સમયમાં થાય છે.

**૨૩ ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चं हेमंति आउट्टिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता पूसेणं, पुसस्स एगूणवीसं मुहुत्ता तेतालीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता तेत्तीसं च चुण्णिया भागा सेसा ।**

**तं समयं य णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं चरिमसमए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની હેમંત ઋતુકાલીન ત્રીજી આવૃત્તિના(ત્રીજા ઉત્તરાયણના) પ્રારંભ સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર પુષ્ય નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ પુષ્ય નક્ષત્રના યોગ કાળના ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા તેતાલીસ ભાગ તથા સડસઠીયા તેત્રીસ ચૂર્ણિકા ભાગ(૧૯ $\frac{૪૩}{૬૨}$ , $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ ઉત્તરાષાઢા નક્ષત્રના યોગકાળના ચરમ સમયમાં થાય છે.

**૨૪ ता एएसि णं पंचण्हं संवच्छराणं चउत्थि हेमंतिं आउट्टिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता मूलेणं, मूलस्स छ मुहुत्ता अट्ठावण्णं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता वीसं चुण्णिया भागा सेसा ।**

**तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं चरिमसमए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની હેમંતઋતુકાલીન ચોથી આવૃત્તિના(ચોથા ઉત્તરાયણના) પ્રારંભ સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર મૂળ નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ મૂળ નક્ષત્રના યોગકાળના છ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા અઠાવન ભાગ તથા સડસઠીયા વીસ ચૂર્ણિકા ભાગ(૬ $\frac{૫૮}{૬૨}$ , $\frac{૨૦}{૬૭}$ મુહૂર્ત) શેષ હોય ત્યારે થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ ઉત્તરાષાઢા નક્ષત્રના યોગકાળના ચરમ સમયમાં થાય છે.

**૨૫ ता एएसि णं पंचण्हं संवच्छराणं पंचमं हेमंतिं आउट्टिं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता कत्तियाहिं, कत्तियाणं अट्ठारस मुहुत्ता छत्तीसं च बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता छ चुण्णिया भागा सेसा ।**

**तं समयं च सूरे केणं णक्खत्तेणं जोएइ ? ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं चरिमसमए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચ વર્ષના યુગની હેમંત ઋતુકાલીન પાંચમી આવૃત્તિના(પાંચમા ઉત્તરાયણના) પ્રારંભ સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચંદ્ર કૃત્તિકા નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ કૃત્તિકા નક્ષત્રના યોગકાળના અઢાર મુહૂર્ત અને બાસઠીયા છત્રીસ તથા સડસઠીયા છ ચૂર્ણિકા ભાગ(૧૮ $\frac{૩૬}{૬૨}$ , $\frac{૬}{૬૭}$) મુહૂર્ત શેષ હોય ત્યારે થાય છે.

**પ્રશ્ન–** તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે સૂર્ય ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગમાં હોય છે અને તે યોગ ઉત્તરાષાઢા નક્ષત્રના યોગકાળના અંતિમ સમયમાં હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂર્ય અયનના પ્રારંભ સમયની ઋતુ, ચંદ્ર યોગ તથા સૂર્ય યોગનું વર્ણન છે.

**आउट्टिं–** આવૃત્તિ. વારંવાર થતું ગમનાગમન. **आवृत्तयो नाम भूयो भूयो दक्षिणोत्तरगमनरूपाः ।** સૂર્ય–ચંદ્રના વારંવારના દક્ષિણ અને ઉત્તર તરફના ગમનાગમનને આવૃત્તિ કહેવામાં આવે છે. સૂર્ય અને ચંદ્રના સર્વાભ્યંતર મંડળથી સર્વબાહ્ય મંડળ તરફના ગમનને દક્ષિણાયન અને સર્વબાહ્ય મંડળથી સર્વાભ્યંતર મંડળ તરફના ગમનને ઉત્તરાયણ કહે છે અને આ બંને અયન જ આવૃત્તિ રૂપ છે.

**सुरस्स य अयणसमा आउट्टीओ जुगंमि दस होंति ।**
**चंदस्स य आउट्टी सयं च चोत्तीसयं चेव ॥**

એક યુગમાં સૂર્યની અયનરૂપ દસ આવૃત્તિ થાય છે અને ચંદ્રની ૧૩૪ આવૃત્તિ થાય છે. એક વરસમાં સૂર્યના ૧૮૩ અહોરાત્ર પ્રમાણવાળા બે અયન(આવૃત્તિ) થાય છે અને એક યુગના પાંચ વરસમાં ૧૮૩ × ૧૦ = ૧૮૩૦ અહોરાત્રમાં ૫ × ૨ = ૧૦ અયન થાય છે.

એક નક્ષત્ર માસમાં ચંદ્રની બે આવૃત્તિ(અયન) થાય છે અને એક નક્ષત્ર સંવત્સરમાં ચંદ્રના ૨૪ અયન થાય છે એક યુગમાં ૬૭ નક્ષત્ર માસ છે, તેથી એક યુગમાં ચંદ્રના ૬૭ × ૨ = ૧૩૪ આવૃત્તિ(અયન) થાય છે.

યુગના પ્રથમ વર્ષે સૂર્યની દક્ષિણાયનવાળી પ્રથમ આવૃત્તિ થાય છે અને ઉત્તરાયણવાળી બીજી આવૃત્તિ થાય છે. પુનઃ યુગના બીજા વર્ષે દક્ષિણાયનવાળી ત્રીજી અને ઉત્તરાયણવાળી ચોથી આવૃત્તિ થાય છે. આ રીતે પેલી, ત્રીજી, પાંચમી, સાતમી તથા નવમી, આ પાંચ આવૃત્તિ દક્ષિણાયનના પ્રારંભવાળી અને બીજી, ચોથી, છટ્ઠી, આઠમી તથા દસમી, આ પાંચ આવૃત્તિ ઉત્તરાયણના પ્રારંભવાળી હોય છે. પ્રસ્તુત સૂત્રમાં માત્ર દક્ષિણાયનના પ્રારંભવાળી પાંચ આવૃત્તિમાં સૂત્રકારે તેને જ ક્રમશઃ વર્ષાકાલીન પ્રથમ, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી આવૃત્તિ કહી છે અને ઉત્તરાયણના પ્રારંભવાળી પાંચ આવૃત્તિને સૂત્રકારે હેમંત ઋતુકાલીન પ્રથમ, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી આવૃત્તિ કહી છે.

દક્ષિણાયનવાળી પ્રથમ આવૃત્તિનો પ્રારંભ વર્ષાકાલીન શ્રાવણ વદ–૧, બીજી આવૃત્તિનો પ્રારંભ શ્રાવણ વદ–૧૩, ત્રીજી આવૃત્તિનો પ્રારંભ શ્રાવણ–સુદ–૧૦, ચોથી આવૃત્તિનો પ્રારંભ શ્રાવણ વદ–૭ અને પાંચમી આવૃત્તિનો પ્રારંભ શ્રાવણ સુદ–૪થી થાય છે.

**આવૃત્તિની પ્રારંભતિથિ શોધવાની ગણિત પદ્ધતિ :–** જે આવૃત્તિના પ્રારંભની તિથિ જાણવી હોય તે આવૃત્તિની સંખ્યામાંથી એક બાદ કરતાં જે સંખ્યા વધે, તેનો ૧૮૩ સાથે ગુણાકાર કરવો અને જે સંખ્યા વડે ગુણાકાર કર્યો હતો તે સંખ્યાને ત્રણ ગુણી કરી, તેમાં ૧ ઉમેરીને તે સંખ્યા એકસો ત્ર્યાંસીના ગુણન રાશિમાં ઉમેરીને તેનો ૧૫થી ભાગકાર કરવો. ભાગકાર કરતાં ભાગમાં જે સંખ્યા આવે તેટલા પર્વ પછી ઇચ્છિત આવૃત્તિ થાય છે અને તે ભાગમાં આવેલી સંખ્યા એકી સંખ્યા હોય તો શુક્લપક્ષ અને બેકી સંખ્યા હોય તો કૃષ્ણપક્ષ સમજવો. જે સંખ્યા શેષમાં રહે તે તિથિએ ઇચ્છિત આવૃત્તિ થાય છે, તેમ જાણવું. ઉદાહરણ રૂપે જોઈએ–

**યુગની પ્રથમ આવૃત્તિની તિથિ :–** પ્રથમ આવૃત્તિ છે માટે ૧ સંખ્યા ગ્રહણ કરી, તેમાંથી એકને બાદ કરતાં ૧–૧ = ૦ શૂન્ય આવશે.(શેષ કોઈ સંખ્યા રહેતી નથી તેથી પૂર્વના યુગની છેલ્લી દશમી આવૃત્તિની

સંખ્યા ગ્રહણ કરવી.) તે ૧૦ સંખ્યા વડે ૧૮૩ સાથે ગુણાકાર કરતાં(૧૮૩ × ૧૦ =) ૧૮૩૦ આવ્યા. હવે ૧૦ વડે ગુણાકાર કર્યો હતો તેથી તે ૧૦ને ત્રણ ગુણા કરી ૧ ઉમેરતા(૧૦ × ૩ + ૧ =) ૩૧ પ્રાપ્ત થાય તેને ૧૮૩ની ગુણનરાશિ ૧૮૩૦માં ઉમેરતા(૧૮૩૦ + ૩૧ =) ૧૮૬૧ ÷ ૧૫ = ૧૨૪ $\frac{૧}{૧૫}$ આવે છે. તેમાં ૧૨૪ સંખ્યા પર્વ સૂચક છે કે પૂર્વ યુગના ૧૨૪ પર્વ વ્યતીત થયા પછી અર્થાત્ નવા યુગના પ્રથમ પર્વમાં અને ૧૨૪ સંખ્યા સમસંખ્યક હોવાથી કૃષ્ણપક્ષનું ગ્રહણ થાય છે તથા $\frac{૧}{૧૫}$ માં શેષ વધેલી એક સંખ્યા એકમ તિથિ સૂચક છે, આ રીતે નવા યુગના પ્રથમ માસ(શ્રાવણ માસ)ની કૃષ્ણપક્ષની પ્રતિપદા–એકમના દિવસે પ્રથમ આવૃત્તિનો પ્રારંભ થાય છે, તેમ સમજવું. દક્ષિણાયનવાળી પાંચે આવૃત્તિનો પ્રારંભ શ્રાવણ મહિનામાં થાય છે.

**યુગની ત્રીજી(દક્ષિણાયનવાળી બીજી) આવૃત્તિની તિથિ :–** યુગની ત્રીજી આવૃત્તિ હોવાથી ૩ સંખ્યા ગ્રહણ કરી તેમાંથી ૧ બાદ કરતાં(૩–૧ =) ૨ સંખ્યા વધે છે, તે ૨ વડે ૧૮૩ને ગુણતા ૧૮૩ × ૨ = ૩૬૬, હવે ૨ને ૩ ગુણા કરી ૧ ઉમેરતા(૨ × ૩ = ૬ + ૧ =) ૭ પ્રાપ્ત થાય, તેને ૩૬૬માં ઉમેરતા ૩૬૬ + ૭ = ૩૭૩ ÷ ૧૫ = ૨૪ $\frac{૧૩}{૧૫}$ પ્રાપ્ત થાય છે, તેથી ૨૪ પક્ષ અર્થાત્ ૧૨ માસ વ્યતીત થયા પછી અર્થાત્ બીજા વરસના પ્રારંભે, શેષ તેર હોવાથી તેરસ ગ્રહણ થતાં શ્રાવણ વદ–૧૩ના બીજી આવૃત્તિ શરૂ થાય છે.

આ રીતે તિથિ કાઢતા પૂર્વોક્ત પાંચે આવૃત્તિની તિથિઓ પ્રાપ્ત થાય છે. આ જ ગણિત પ્રક્રિયા દ્વારા હેમંત ઋતુ કાલીન (ઉત્તરાયણની) પાંચ આવૃત્તિનો પ્રારંભ મહાવદ–૭, મહાસુદ–૪, મહાવદ–૧, મહાવદ–૧૩, મહાસુદ–૧૦થી થાય છે.

**આવૃત્તિના પ્રારંભ સમયે ચંદ્ર–સૂર્ય યોગ :–** યુગની પ્રથમ આવૃત્તિના પ્રારંભ સમયે ચંદ્ર અભિજિત નક્ષત્ર સાથે યોગ કરે છે. એક યુગમાં ચંદ્રના નક્ષત્ર પર્યાય ૬૭ થાય છે અર્થાત્ એક યુગમાં ચંદ્ર ૨૮ નક્ષત્રોને ૬૭ વાર ભોગવે છે. એક યુગમાં સૂર્યના નક્ષત્ર પર્યાય ૫ થાય છે અર્થાત્ એક યુગમાં સૂર્ય ૨૮ નક્ષત્રોને પાંચવાર ભોગવે છે. સૂર્યયુગની સમાપ્તિ સમયે ઉત્તરાષાઢા નક્ષત્રનો ચંદ્ર સાથેનો યોગ પૂર્ણ થાય છે, તેથી નૂતન યુગના પ્રારંભ સમયે અભિજિત નક્ષત્ર સાથેના યોગનો પ્રારંભ થાય છે અર્થાત્ તે સમયે અભિજિત નક્ષત્ર સાથેના યોગકાળનો પ્રથમ સમય હોય છે.

પૂર્વના યુગની સમાપ્તિ સમયે સૂર્યનો પુષ્ય નક્ષત્ર સાથેનો યોગ ચાલુ જ હોય છે. પુષ્ય નક્ષત્રનો સૂર્ય યોગકાળ ૪૦૨ મુહૂર્ત એટલે ૧૩ અહોરાત્ર અને ૧૨ મુહૂર્તનો છે. તેમાંથી ૧૩૮ મુહૂર્ત(૪ અહોરાત્ર અને ૧૮ મુહૂર્ત) વ્યતીત થાય અને ૨૬૪ મુહૂર્ત(૮ અહોરાત્ર અને ૨૪ મુહૂર્ત) શેષ હોય ત્યારે નવા યુગની પ્રથમ આવૃત્તિનો પ્રારંભ થાય છે.

પ્રસ્તુત સૂત્રમાં આવૃત્તિના પ્રારંભ કાળે સૂર્યના પુષ્ય નક્ષત્ર સાથેના યોગના ૧૯ $\frac{૪૩}{૬૨}$ , $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત શેષ કહ્યા છે, તે સૂર્ય સાથે ચંદ્ર નક્ષત્રના યોગની અપેક્ષાએ કહ્યા છે.

સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે આવૃત્તિના પ્રારંભ સમયથી ૨૬૪ મુહૂર્ત પર્યંત યોગમાં રહે છે. ચંદ્ર પુષ્ય નક્ષત્ર સાથે ૩૦ મુહૂર્ત પર્યંત યોગમાં રહે છે. તે બંનેને ગુણતા(૨૬૪ × ૩૦ =) ૭૯૨૦ મુહૂર્ત પ્રાપ્ત થાય છે, સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે ૪૦૨ મુહૂર્ત પર્યંત યોગમાં રહે છે, તે રાશિથી ભાગતા(૭૯૨૦ ÷ ૪૦૨ = ૧૯ $\frac{૨૮૨}{૪૦૨}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે, તેમાંથી $\frac{૨૮૨}{૪૦૨}$ ના બાસઠીયા ભાગ કરવા તેને બાસઠથી ગુણતા ($\frac{૨૮૨}{૪૦૨}$ × ૬૨ = $\frac{૧૭૪૮૪}{૪૦૨}$ =) ૪૩ $\frac{૧૯૮}{૪૦૨}$બાસઠીયા ભાગ પ્રાપ્ત થાય છે, તેમાંથી $\frac{૧૯૮}{૪૦૨}$ના સડસઠીયા ભાગ કરવા તેને સડસઠથી ગુણતા($\frac{૧૯૮}{૪૦૨}$ × ૬૭ $\frac{૧૩૨૬૬}{૪૦૨}$) = ૩૩ સડસઠીયા ભાગ પ્રાપ્ત થાય છે. આ રીતે ૧૯ $\frac{૪૩}{૬૨}$ , $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે.

આ રીતે સૂર્યના પુષ્ય નક્ષત્રના યોગ સમયે ચંદ્રના પુષ્ય નક્ષત્ર યોગના ૧૦ $\frac{૧૯}{૬૨}$ , $\frac{૩૪}{૬૭}$ મુહૂર્ત વ્યતીત થયા હોય છે અને ૧૯ $\frac{૪૩}{૬૨}$ , $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત શેષ હોય છે. વર્ષાકાલીન દક્ષિણાયનવાળી પાંચે આવૃત્તિમાં પુષ્ય નક્ષત્રનો આ પ્રમાણે જ યોગ હોય છે.

વર્ષાકાલીન દક્ષિણાયનવાળી બીજી(યુગની ત્રીજી) આવૃત્તિના પ્રારંભ સમયે ચંદ્રનો મૃગશીર્ષ નક્ષત્ર સાથે યોગ ચાલુ જ હોય છે. મૃગશીર્ષ નક્ષત્ર ચંદ્ર સાથે ૩૦ મુહૂર્ત પર્યંત યોગમાં રહે છે. તેમાંથી ૧૮ $\frac{૧૨}{૬૨}$ , $\frac{૧૪}{૬૭}$ મુહૂર્તનો યોગ કાળ પૂર્ણ થાય અને ૧૧ $\frac{૪૩}{૬૨}$, $\frac{૫૩}{૬૭}$ મુહૂર્ત શેષ હોય ત્યારે યુગની બીજી આવૃત્તિનો પ્રારંભ થાય છે. આ રીતે બધી જ આવૃત્તિના ચંદ્ર યોગકાળ માટે સમજવું.

## સૂર્યની દસ આવૃત્તિ(અયન)ના પ્રારંભ સમયના તિથિ, યોગાદિ :–

| આવૃત્તિ | | આવૃત્તિના પ્રારંભ સમયે શેષ ચંદ્રયોગ કાળે | | | | આવૃત્તિના પ્રારંભ સમયે શેષ સૂર્યયોગ કાળ | | | | સૂર્ય યોગના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યુગની આવૃત્તિ | ઋતુ તિથિ | નક્ષત્ર | મુહૂર્ત | | | નક્ષત્ર | ચંદ્ર નક્ષત્ર | | | |
| | | | મુહૂર્ત ભાગ | બાસઠીયા ભાગ | સડસઠીયા ભાગ | | મુહૂર્ત ભાગ | બાસઠીયા ભાગ | સડસઠીયા ભાગ | |
| ૧ | વર્ષા શ્રાવણ વદ–૧ | અભિજિત | ૯ | ૧૪ | ૬૬ પ્રથમ સમયથી | પુષ્ય | ૧૯ | ૪૩ | ૩૩ | ૨૬૪ |
| ૨ | હેમંત મહાવદ–૭ | હસ્ત | ૫ | ૫૦ | ૬૦ | ઉત્તરાષાઢા ચરમ સમય<br>અભિજિત | ૯ | ૨૪ | ૬૬ | ૧૨૬ |
| ૩ | વર્ષા શ્રાવણ વદ–૧૩ | મૃગશીર્ષ | ૧૧ | ૩૯ | ૫૩ | પુષ્ય | ૧૯ | ૪૩ | ૩૩ | ૨૬૪ |
| ૪ | હેમંત મહા સુદ–૪ | શતભિષક્ | ૨ | ૨૮ | ૪૬ | ઉત્તરાષાઢા અંતિમ સમય<br>અભિજિત | ૯ | ૨૪ | ૬૬ | ૧૨૬ |
| ૫ | વર્ષા શ્રાવણ સુદ–૧૦ | વિશાખા | ૧૩ | ૫૪ | ૪૦ | પુષ્ય | ૧૯ | ૪૩ | ૩૩ | ૨૬૪ |
| ૬ | હેમંત મહા વદ–૧ | પુષ્ય | ૧૯ | ૪૩ | ૩૩ | ઉત્તરાષાઢા અંતિમ સમય<br>અભિજિત | ૯ | ૨૪ | ૬૬ | ૧૨૬ |
| ૭ | વર્ષા શ્રાવણ વદ–૭ | રેવતી | ૨૫ | ૩૨ | ૨૬ | પુષ્ય | ૧૯ | ૪૩ | ૩૩ | ૨૬૪ |
| ૮ | હેમંત મહા વદ–૧૩ | મૂળ | ૬ | ૫૮ | ૨૦ | ઉત્તરાષાઢા અંતિમ સમય<br>અભિજિત | ૯ | ૨૪ | ૬૬ | ૧૨૬ |
| ૯ | વર્ષા શ્રાવણ સુદ–૪ | પૂર્વાફાલ્ગુની | ૧૨ | ૪૭ | ૧૩ | પુષ્ય | ૧૯ | ૪૩ | ૩૩ | ૨૬૪ |
| ૧૦ | હેમંત મહા સુદ–૧૦ | કૃત્તિકા | ૧૮ | ૩૬ | ૬ | ઉત્તરાષાઢા અંતિમ સમય<br>અભિજિત | ૧૯ | ૪૩ | ૬૬ | ૧૨૬ |

**દસ પ્રકારના યોગ :–**

**२६ तत्थ खलु इमे दसविहे जोए पण्णत्ते, तं जहा– वसभाणू जोए, वेणुयाणु जोए, मंचे जोए, मंचाइमंचे जोए, छत्ते जोए, छत्ताइछत्ते जोए जअणद्धे जोए, घणसंमद्दे जोए, पीणिए जोए, मंडूकप्पुत्ते जोए ।**

**ભાવાર્થ :–** દસ પ્રકારના યોગ છે. તેના નામ આ પ્રમાણે છે– (૧) વૃષભાનુયોગ. (૨) વેણુકાનુયોગ. (૩) મંચયોગ (૪) મંચાતિમંચયોગ. (૫) છત્રયોગ. (૬) છત્રાતિછત્રયોગ. (૭) યુગનદ્ધયોગ. (૮) ધનસંમર્દયોગ. (૯) પ્રીણિતયોગ. (૧૦) મંડુકપ્લુતયોગ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દસ પ્રકારના યોગોનો નામોલ્લેખ છે. નભોમંડળમાં ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રના પરિભ્રમણના વર્તુળાકાર માર્ગ–મંડળ છે. તેમાં ચંદ્રના મંડળ મધ્યમા છે, નક્ષત્રના મંડળ તેની ઉપર-નીચે છે અને સૂર્યના મંડળ તેની નીચે છે. પોત-પોતાના મંડળ ઉપર પરિભ્રમણ કરતા આ ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર અને ગ્રહના સાથે ચાલવા રૂપે યોગના સમયે તેમનો દેખાવ વિવિધ પ્રકારના આકારવાળો દેખાય છે. આ દેખાતા આકારના આધારે તે યોગના વિવિધ નામો પ્રસિદ્ધ થયા છે, યથા– (૧) **વૃષભાનુયોગ–** જે યોગમાં ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર વગેરે વૃષભના આકારે ગોઠવાયેલા હોય તે યોગ. (૨) **વેણુકાનુયોગ–** જે યોગનો આકાર વાંસળી–વેણુ જેવો દેખાતો હોય તે યોગ. (૩) **મંચયોગ–** જે યોગનો આકાર મંચ જેવો હોય તે યોગ. (૪) **મંચાતિમંચયોગ–** જે યોગનો આકાર મંચ ઉપર ગોઠવેલા મંચ જેવો દેખાતો હોય તે યોગ. (૫) **છત્રયોગ–** જે યોગનો આકાર છત્ર જેવો દેખાતો હોય તે યોગ. (૬) **છત્રાતિછત્રયોગ–** જે યોગનો આકાર છત્ર ઉપર ગોઠવેલા છત્ર જેવો દેખાતો હોય તે યોગ. (૭) **યુગનદ્ધયોગ–** જે યોગનો આકાર યુગ–ધુંસર જેવો દેખાતો હોય તે યોગ. (૮) **ધનસંમર્દયોગ–** જે યોગમાં ચંદ્ર, સૂર્ય નક્ષત્રોની વચ્ચે કે ગ્રહોની વચ્ચે આવી જાય તેવો યોગ. (૯) **પ્રીણિતયોગ–** જેમાં ચંદ્ર, સૂર્ય એક બાજુથી એક ગ્રહ અને નક્ષત્ર સાથે યોગ કરે, પછી તે ગ્રહ અને નક્ષત્ર બીજા ચંદ્ર, સૂર્ય સાથે યોગ કરે તેવો યોગ. (૧૦) **મંડૂકપ્લુતયોગ–** મંડૂક–દેડકાની જેવી ગતિ- વાળો યોગ. આ યોગ ગ્રહ સાથે જ સંભવે છે, કારણ કે ચંદ્ર, સૂર્ય, નક્ષત્રની ગતિ નિયત છે. એક ગ્રહની ગતિ જ અનિયત છે.

**છત્રાતિછત્રયોગનું સ્થાન :–**

**२७ ता एएसिं णं पंचण्हं संवच्छराण छत्ताइच्छत्तं जोयं चंदे कंसि देसंसि जोएइ ?**

**ता जंबुद्दीवस्स दीवस्स, पाईण-पडिणाययाए, उदीण-दाहिणाययाए जीवाए मंडलं चउव्वीसेणं सएणं छित्ता दाहिण-पुरत्थिमिल्लंसि चउभागमंडलंसि सत्तावीसं भागे उवाइणावेत्ता अट्ठावीसइभागं वीसधा छेत्ता अट्ठारसभागे उवाइणावेत्ता तिहिं भागेहिं दोहिं कलाहिं दाहिण-पुरत्थिमिल्लं चउब्भागमंडलं असंपत्ते, एत्थ णं से चंदे छत्ताइच्छत्तं जोयं जोइए ।**

**तं जहा– उप्पिं चंदे, मज्झे णक्खत्ते, हेट्ठा आइच्चे । तं समयं च णं चंदे केणं णक्खत्तेणं जोएइ ? ता चित्ताहिं चित्ताणं चरमसमए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પાંચ વર્ષના યુગમાં ચંદ્ર મંડળના કયા દેશભાગમાં છત્રાતિછત્ર યોગ થાય છે ? **ઉત્તર–** આ જંબૂદ્વીપ નામના દ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી અને ઉત્તર-દક્ષિણ લાંબી જીવાથી ૧૨૪ ભાગ-વાળા મંડળનો છેદ કરવાથી ૩૧-૩૧ વિભાગવાળા ૪ વિભાગ થાય છે. તે ચાર વિભાગમાંથી દક્ષિણ-પૂર્વ અગ્નિકોણીય વિભાગના ૩૧ ભાગમાંથી $૨૭\frac{૧૮}{૨૦}$ ભાગ વ્યતીત કર્યા પછી અને આ અગ્નિકોણીય ચોથા વિભાગના $૨\frac{૨}{૨૦}$ કળા બાકી હોય ત્યારે આ છત્રાતિછત્ર યોગ સર્જાય છે.


આ યોગ સમયે ઉપર ચંદ્ર, મધ્યમાં નક્ષત્ર અને નીચે સૂર્ય હોય છે.

**પ્રશ્ન–** તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગમાં હોય છે ? **ઉત્તર–** તે સમયે ચિત્રા નક્ષત્રના યોગકાળનો ચરમ સમય હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પૂર્વ કથિત દસ યોગમાંથી છઠ્ઠા છત્રાતિછત્ર યોગના સ્થાનનું કથન છે. નવ યોગો એક યુગમાં અનિયત અનેક દેશમાં થાય છે. જ્યારે આ યોગ પ્રતિનિયત દેશમાં જ થતો હોવાથી સૂત્રકારે તેનું વર્ણન કર્યું છે.

**છત્રાતિછત્ર યોગ :–** આ યોગમાં ઉપર ચંદ્ર, મધ્યમાં ચિત્રા નક્ષત્ર અને નીચે સૂર્ય હોય છે. ચિત્રા નક્ષત્ર ચોથા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. આ સૂત્રથી સિદ્ધ થાય છે કે નક્ષત્રનું ચોથું મંડળ ચંદ્ર મંડળની નીચે છે.




## ॥ બારમું પ્રાભૃત સંપૂર્ણ ॥

# તેરમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત પ્રાભૃતમાં એક ચંદ્રમાસમાં ચંદ્રની હાનિ–ચંદ્રકળાને ઢંકાવાના તથા વૃદ્ધિ–પ્રગટ થવાના કાળનું(**कहं चंदमसो वुड्ढो १/१/३**) નું વર્ણન છે.

ચંદ્ર વિમાનથી ચાર અંગુલ નીચે પરિભ્રમણ કરતા રાહુ ગ્રહના વિમાનથી ચંદ્રવિમાન પ્રતિદિન $\frac{૧}{૧૬}$ ભાગ કે $\frac{૪}{૬૨}$ ભાગ આવરિત થાય છે. અર્ધ ચંદ્રમાસની પંદર તિથિ અને તેના ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત પર્યંત ચંદ્ર આવરિત થાય છે. પંદરમી તિથિના અંતિમ સમયમાં ચંદ્ર સંપૂર્ણપણે અર્થાત્ $\frac{૧૫}{૧૬}$ ભાગ કે $\frac{૬૦}{૬૨}$ ભાગ આવરિત થઈ જાય છે. પંદરમી તિથિના ચંદ્રની સંપૂર્ણ આવરિત અવસ્થાવાળી તિથિને અમાવાસ્યા કહે છે. ૧૬મી તિથિથી ત્રીસમી તિથિ પર્યંતની પંદરતિથિ અને તેના ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્તમાં ક્રમશઃ ચંદ્રના $\frac{૧}{૧૬}$ કે $\frac{૪}{૬૨}$ ભાગ પ્રગટ થતાં–થતાં ત્રીસમી તિથિના અંતિમ સમયે ચંદ્ર સંપૂર્ણપણે અનાવરિત થઈ જાય છે. ત્રીસમી તિથિના ચંદ્રની સંપૂર્ણ અનાવરિત અવસ્થાવાળી તિથિને પૂર્ણિમા કહે છે.

એક ચંદ્ર માસમાં આવતી આ અમાવાસ્યા અને પૂર્ણિમા તિથિ પર્વતિથિ કહેવાય છે. એક ચંદ્ર સંવત્સરમાં ૨૪ અને ૬૨ માસના એક યુગમાં ૧૨૪ પર્વ તિથિઓ આવે છે.

સૂર્યની જેમ ચંદ્ર પણ ૫૧૦ યોજન પ્રમાણ ક્ષેત્રમાં ગમનાગમન કરે છે. ચંદ્રના સર્વાભ્યંતર મંડળથી સર્વ બાહ્યમંડળ તરફના ગમનને ચંદ્રનું દક્ષિણાયન અને સર્વબાહ્ય મંડળથી સર્વાભ્યંતર મંડળ તરફના આગમનને ઉત્તરાયણ કહે છે. ૫૧૦ યોજન વિસ્તારમાં ચંદ્રના ૧૫ મંડળ છે. યુગના પ્રારંભ સમયે ચંદ્રના ઉત્તરાયણનો પ્રારંભ થાય છે. સામસામી દિશામાં રહીને બે ચંદ્ર પરિભ્રમણ કરે છે. તેમાં એક ચંદ્રના સાત અર્ધ મંડળ દક્ષિણમાં અને ૬ $\frac{૧૩}{૬૭}$ અર્ધમંડળ ઉત્તરમાં થાય છે અને તે જ સમયે બીજા ચંદ્રના સાત અર્ધ મંડળ ઉત્તરમાં અને ૬ $\frac{૧૩}{૬૭}$ અર્ધમંડળ દક્ષિણમાં થાય છે.

ઉત્તરાયણમાં બંને ચંદ્રના માર્ગ સ્વતંત્ર હોય છે. દક્ષિણાયનમાં ચંદ્ર સાત અર્ધમંડળના $\frac{૫૪}{૬૭}$ ભાગ પ્રમાણ પરચલિત અને $\frac{૧૩}{૬૭}$ ભાગ પ્રમાણ સ્વચલિત મંડળ ઉપર ચાલે છે તથા સર્વબાહ્ય–સર્વાભ્યંતર આ બે અર્ધ મંડળના $\frac{૧૩}{૬૭}$ ભાગ પ્રમાણ અચલિત મંડળ ઉપર ચાલે છે. ચંદ્રના બે અયન એક નક્ષત્ર માસ અર્થાત્ ૨૭ $\frac{૨૧}{૬૭}$ અહોરાત્રમાં પૂર્ણ થાય છે. ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર પ્રમાણ ચંદ્ર માસમાં ચંદ્ર ત્રીજા અયનના બે અર્ધમંડળ અને $\frac{૪}{૬૭}$ , $\frac{૧૮}{૩૧}$ ભાગ મંડળ ઉપર વધુ ચાલે છે.

❖❖❖❖❖

# તેરમું પ્રાભૃત

## ચંદ્ર માસમાં ચંદ્રની વૃદ્ધિ–અપવૃદ્ધિ

**ચંદ્રની વૃદ્ધિ–હાનિ :–**

**१ ता कहं ते चंदमसो वड्ढोऽवड्ढी आहिएति वएज्जा ? ता अट्ठ पंचासीए मुहुत्तसए तीसं च बावट्ठिभागे मुहुत्तस्स, ता दोसिणापक्खाओ अंधगारपक्खं अयमाणे चंदे चत्तारि बायालसए छत्तालीसं च बावट्ठिभागे मुहुत्तस्स जाइं चंदे रज्जइ, तं जहा– पढमाए पढमं भागं बिइयाए बिइयं भागं *जाव* पण्णरसीए पण्णरसमं भागं । चरमिसमए चंदे रत्ते भवइ, अवसेसे समए चंदे रत्ते य विरत्ते य भवइ ।**

**इयण्णं अमावासा, एत्थ णं पढमे पव्वे अमावासा ता अंधगारपक्खो ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્ર માસમાં ચંદ્ર કેટલા કાળ સુધી વૃદ્ધિ–અપવૃદ્ધિ(ક્ષય, હાનિ)ને પામે છે ? **ઉત્તર–** પ્રત્યેક ચંદ્ર માસમાં ચંદ્ર આઠસો પંચાશી મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા ત્રીસ ભાગ(૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત) પર્યંત વૃદ્ધિ–અપવૃદ્ધિને પામે છે.

શુક્લ પક્ષથી કૃષ્ણ પક્ષમાં ગમન કરતો ચંદ્ર(ચંદ્ર વિમાન રાહુ વિમાનથી) ચારસો બેતાલીસ પૂર્ણાંક છેતાલીસ બાસઠાંશ(૪૪૨ $\frac{૪૬}{૬૨}$) મુહૂર્ત પર્યંત આવરિત થાય છે અર્થાત્ કૃષ્ણ પક્ષમાં ચંદ્ર ક્ષયને પામે છે. પ્રથમ તિથિ–એકમના ચંદ્રનો પહેલો એક ભાગ આવરિત થાય છે, બીજી તિથિના બીજો ભાગ ***યાવત્*** પંદરમી તિથિના ચંદ્રનો પંદરમો ભાગ આવરિત થાય છે. પંદરમી તિથિના ચરમ(અંતિમ) સમયે ચંદ્ર સંપૂર્ણ રીતે આવરિત હોય છે. પંદરમી તિથિના અંતિમ સમયને છોડીને કૃષ્ણ પક્ષના શેષ સમયોમાં ચંદ્રના કેટલાક અંશો આવરિત અને કેટલાક અંશો અનાવરિત હોય છે.

આ અંધકાર(કૃષ્ણ) પક્ષની આમાવાસ્યા નામની પંદરમી તિથિ છે અને તે યુગનું અમાવાસ્યા નામનું પ્રથમ પર્વ છે.

**२ ता णं दोसिणापक्खं अयमाणे चंदे चत्तारि बायालसए छत्तालीसं च बावट्ठिभागा मुहुत्तस्स जाइं चंदे विरज्जइ, तं जहा– पढमाए पढमं भागं बिइयाए बिइयं भागं जाव पण्णरसीए पण्णरसम भागं । चरिमेसमए चंदे विरत्ते भवइ, अवसेससमए रत्ते य विरत्ते य भवइ ।**

**इयण्णं पुण्णिमासिणी, एत्थ णं दोच्चे पव्वे पुण्णिमासिणी ता दोसिणा पक्खो ।**

**ભાવાર્થ :–** જ્યોત્સના(શુક્લ) પક્ષમાં ગમન કરતો ચંદ્ર(ચંદ્ર વિમાન રાહુ વિમાનથી) ચારસો બેતાલીસ પૂર્ણાંક છેતાલીશ બાસઠાંશ(૪૪૨ $\frac{૪૬}{૬૨}$) મુહૂર્ત પર્યંત અનાવરિત થાય છે અર્થાત્ શુક્લ પક્ષમાં ચંદ્ર વૃદ્ધિને પામે છે. પ્રથમ તિથિ–એકમના ચંદ્રનો પહેલો એક ભાગ અનાવરિત(ખુલ્લો) થાય છે, બીજના

બીજો ભાગ ***યાવત્*** પંદરમી તિથિના ચંદ્રનો પંદરમો ભાગ અનાવરિત(ખુલ્લો) થાય છે. પંદરમી તિથિના સમયે ચંદ્ર સંપૂર્ણ રીતે અનાવરિત હોય છે. પંદરમી તિથિના અંતિમ સમયને છોડીને શુક્લ પક્ષના શેષ સમયોમાં ચંદ્રના કેટલાક અંશો આવરિત અને કેટલાક અંશો અનાવરિત હોય છે.

આ જ્યોત્સના પક્ષની(શુક્લ પક્ષ) પૂર્ણિમા નામની પંદરમી તિથિ છે અને તે યુગનું પૂર્ણિમા નામનું બીજું પર્વ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચંદ્રની વૃદ્ધિ અને ક્ષયનું કથન છે. એક ચંદ્રમાસ ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્રનો છે. તેના મુહૂર્ત કરવા, એક અહોરાત્રના ૩૦ મુહૂર્તના હિસાબે ૩૦ થી ગુણતા(૨૯ × ૩૦ = ૮૭૦ અને $\frac{૩૨}{૬૨}$ × ૩૦ = $\frac{૯૬૦}{૬૨}$ , ૯૬૦ ÷ ૬૨ = ૧૫ $\frac{૩૦}{૬૨}$ , ૮૭૦ + ૧૫ $\frac{૩૦}{૬૨}$ = ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત એક ચંદ્ર માસના થાય છે. એક ચંદ્રમાસમાં બે પક્ષ છે– (૧) **दोसिणा**– જ્યોત્સના અર્થાત્ શુક્લ પક્ષ(સુદ) અને (૨) અંધકાર પક્ષ અર્થાત્ કૃષ્ણપક્ષ(વદ). એક-એક પક્ષના(૮૮૫ $\frac{૩૦}{૬૨}$ ÷ ૨ =) ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત હોય છે. કૃષ્ણપક્ષમાં ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત સુધી ચંદ્રની હાનિ થાય છે અને શુક્લ પક્ષમાં ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત સુધી ચંદ્રની વૃદ્ધિ થાય છે.

અમાસના દિવસે ચંદ્ર એક સમય પૂર્ણ આચ્છાદિત અને પૂર્ણિમાના દિવસે એક સમય પૂર્ણ પ્રગટ રહે છે, શેષ સર્વ સમયમાં અંશતઃ આચ્છાદિત અને અંશતઃ પ્રગટ રહે છે.

**ચંદ્રની હાનિ–વૃદ્ધિનું કારણ :–** વાસ્તવિક રૂપે ચંદ્રમા કોઈ પ્રકારની વૃદ્ધિ-હાનિ થતી નથી, પરંતુ ચંદ્રના રાહુગ્રહ સાથેના યોગથી ચંદ્રમાં હાનિ-વૃદ્ધિ થતી હોય, તેવું દેખાય છે.


રાહુ નામનો ગ્રહ સદા ચંદ્ર સાથે યોગમાં રહે છે. રાહુના બે પ્રકાર છે પર્વરાહુ અને નિત્યરાહુ તેમાંથી નિત્ય રાહુનું કૃષ્ણ વર્ણનું વિમાન ચંદ્ર વિમાનથી ચાર અંગુલ નીચે રહીને સદા પરિભ્રમણ કરે છે. બંનેની ગતિમાં થોડી ભિન્નતા હોવાથી રાહુનું વિમાન ચંદ્ર વિમાનને આવરિત કરતું-કરતું આગળ વધે છે અને પછી આગળ વધતાં-વધતાં અનાવરિત કરે છે, તેથી ચંદ્રમાં હાનિ-વૃદ્ધિ જણાય છે.

રાહુ વિમાનના ૧૫ ભાગની કલ્પના કરીએ, તો પ્રતિદિન તેનો એક-એક ભાગ ચંદ્ર વિમાનના એક-એક ભાગને આવરિત કરે છે અને ત્યારે ચંદ્ર ક્ષય પામતો દેખાય છે, પોતાના ૧૫ ભાગથી ચંદ્રના ૧૫ ભાગ આવરિત કર્યા પછી પુનઃ એક-એક ભાગને અનાવરિત પ્રગટ કરે છે.

**रत्ते भवइ :–** પંદરમી તિથિના અંતિમ સમયે ચંદ્ર રાહુથી રંગાયેલ હોય છે અર્થાત્ સંપૂર્ણપણે આવરિત હોય છે. રાહુ વિમાનના ૧૫ ભાગની કલ્પના કરીએ, એક-એક તિથિના રાહુ વિમાનનો એક-એક ભાગ ચંદ્ર વિમાનના એક-એક ભાગને આવરિત કરે છે અને પંદરમી તિથિના પંદર ભાગ આવરિત થાય છે અને ચંદ્ર વિમાનના ૬૨ ભાગની કલ્પના કરીએ, તો પ્રતિદિન ચાર-ચાર ભાગ આવરિત થાય, ૧૫ મી તિથિના(૧૫ × ૪ = ) ૬૦ ભાગ આવરિત થાય છે. જગત સ્વભાવથી ચંદ્ર વિમાનના બાસઠીયા બે ભાગ સદા અનાવરિત જ રહે છે. ચંદ્ર સંપૂર્ણપણે આવરિત થાય છે, તે કથન આવરિત થતાં ૧૫ ભાગ કે ૬૦ ભાગની અપેક્ષાએ જ છે.

ચંદ્રના ચાર ભાગ પ્રમાણ અંશને રાહુ જેટલા કાળમાં આવરિત કરે અથવા પ્રગટ કરે, તેને તિથિ કહે છે. રાહુ $\frac{૬૧}{૬૨}$ અહોરાત્રમાં ચંદ્રના ચાર ભાગને આવરિત કરે છે, તેથી પ્રત્યેક તિથિ $\frac{૬૧}{૬૨}$ અહોરાત્રની અથવા ૨૯ $\frac{૩૨}{૬૨}$ મુહૂર્તની હોય છે.

**ધ્રુવ રાહુથી આવરિત ચંદ્ર વિમાન અમાસના દિવસો :–**




**એક યુગની પૂર્ણિમા અને અમાવાસ્યાની સંખ્યાદિ :–**

**३** **तत्थ खलु इमाओ बावट्ठिं पुण्णिमासिणीओ बावट्ठिं अमावासाओ । पण्णत्ताओ । बावट्ठिं एए कसिणा रागा, बावट्ठिं एए कसिणा विरागा । एए चउव्वीसे पव्वसए एए चउव्वीसे कसिण-राग-विरागसए, जावइयाणं पंचण्हं संवच्छराणं समया एगेणं चउव्वीसेणं समयसएणुणगा एवइया परित्ता असंखेज्जा देस-राग-विराग सया भवंतीतिमक्खाया ।**

**ભાવાર્થ :–** પાંચ વર્ષના યુગમાં બાસઠ પૂર્ણિમા અને બાસઠ અમાવાસ્યાઓ હોય છે. તે બાસઠ અમાવાસ્યાઓ સંપૂર્ણપણે રાહુથી રંગાયેલ અર્થાત્ રાહુ વિમાનથી આવરિત હોય છે અને બાસઠ પૂર્ણિમાઓ સંપૂર્ણપણે અનાવરિત હોય છે. એક યુગમાં ૬૨ અમાવાસ્યા અને ૬૨ પૂર્ણિમા મળીને(૬૨ + ૬૨ =) ૧૨૪ પર્વ હોય છે.

આ ૧૨૪ પર્વ સંપૂર્ણ આવરિત કે સંપૂર્ણ અનાવરિત હોય છે. ૧૨૪ સમય ન્યૂન પાંચ સંવત્સરના જેટલા પરિત અસંખ્યાત સમયો છે, તે એક દેશમાં આવરિત અને એક દેશમાં અનાવરિત હોય છે.

**४** **ता अमावासाओ णं पुण्णिमासिणी चत्तारि बायाले मुहुत्तसए छत्तालीसं बावट्ठिभागे मुहुत्तस्स आहिएति वएज्जा । ता पुण्णिमासिणीओ णं अमावासा चत्तारि बायाले मुहुत्तसए छत्तालीसं च बावट्ठिभागे मुहुत्तस्स आहिएति वएज्जा ।**

**ता अमावासाओ णं अमावासा अट्ठपंचासीए मुहुत्तसए तीसं च बावट्ठिभागे मुहुत्तस्स आहिएति वएज्जा । ता पुण्णिमासिणीओ णं पुण्णिमासिणी अट्ठ पंचासीए मुहुत्तसए तीसं च बावट्ठिभागे मुहुत्तस्स आहिएति वएज्जा । एस णं एवइए चंदे मासे, एस णं एवइए सगले जुगे ।**

**ભાવાર્થ :–** અમાસથી પૂર્ણિમા સુધીના ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત અને પૂર્ણિમાથી અમાસ સુધીના પણ ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત છે. એક અમાસથી બીજી અમાસ સુધીના ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત થાય છે અને એક પૂર્ણિમાથી બીજી પૂર્ણિમા સુધીના પણ ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત થાય છે. આ પ્રમાણવાળો ચંદ્રમાસ છે અને આ(૬૨) ચંદ્રમાસ પ્રમાણ- વાળો પૂર્ણ યુગ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં એક યુગની પૂર્ણિમા–અમાવાસ્યાદિનું વર્ણન છે.

**चउव्वीसे पव्वसए–** એક યુગમાં ૧૨૪ પર્વ છે. ચંદ્ર યુગમાં (૧) ચંદ્ર સંવત્સર (૨) ચંદ્ર સંવત્સર (૩) અભિવર્ધિત સંવત્સર (૪) ચંદ્ર સંવત્સર અને (૫) અભિવર્ધિત સંવત્સર, આ પાંચ સંવત્સર હોય છે. ચંદ્ર સંવત્સરમાં ૧૨ માસ છે, તેથી ૧૨ × ૩ = ૩૬ માસ અને અભિવર્ધિત સંવત્સરમાં તેર માસ હોય છે. તેથી ૧૩ × ૨ = ૨૬ માસ. આ રીતે એક યુગમાં (૩૬ + ૨૬ =) ૬૨ ચંદ્રમાસ હોય છે. પ્રત્યેક માસમાં એક અમાવાસ્યા અને એક પૂર્ણિમા હોય છે, તેથી એક યુગમાં ૬૨ અમાવાસ્યા અને ૬૨ પૂર્ણિમા હોય છે. પૂર્ણિમા અને અમાવાસ્યા, બંને પર્વ કહેવાય છે, તેથી એક યુગમાં(૬૨ + ૬૨ =) ૧૨૪ પર્વ હોય છે.

આ પૂર્ણિમા અને અમાવાસ્યાના અંતિમ એક સમયમાં ચંદ્ર સંપૂર્ણતયા રાહુ વિમાનથી આવરિત કે અનાવરિત હોય છે, તેથી એક યુગના ૧૨૪ પર્વના એક-એક એમ કુલ ૧૨૪ સમયમાં ચંદ્ર સંપૂર્ણપણે આવરિત કે અનાવરિત હોય છે અને ૧૨૪ સમય ન્યૂન યુગના અસંખ્યાત સમયોમાં ચંદ્ર એક દેશમાં આવરિત અને એક દેશમાં અનાવરિત હોય છે.

અમાસથી પૂર્ણિમા કે પૂર્ણિમાથી અમાસ સુધીનો અર્ધ ચંદ્રમાસ ૪૪૨$\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત પ્રમાણ છે અને અમાસથી અમાસ કે પૂર્ણિમાથી પૂર્ણિમા, સુધીનો પૂર્ણ ચંદ્રમાસ ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત પ્રમાણ છે. એક ચંદ્ર માસમાં બે પર્વ હોય છે અને એક ચંદ્રયુગમાં એકસો ચોવીસ પર્વ હોય છે.

**અર્ધમાસમાં ચંદ્રની મંડળગતિ :–**

**५** **ता चंदेण अद्धमासेणं चंदे कइ मंडलाइं चरइ ? ता चउद्दस चउब्भागमंडलाइं चरइ, एगं च चउवीससयभागं मंडलस्स ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્ર અર્ધ ચંદ્રમાસમાં કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** અર્ધ ચંદ્ર માસમાં ચંદ્ર સવા ચૌદ ૧૪$\frac{૩૧}{૧૨૪}$ મંડળ અને એકસો ચોવીસ્યા એક મંડળ ભાગ( $\frac{૧}{૧૨૪}$ મંડળ) ઉપર એટલે ૧૪$\frac{૩૨}{૧૨૪}$ અથવા ૧૪ $\frac{૧૬}{૬૨}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**૬** **ता आइच्चेणं अद्धमासेणं चंदे कइ मंडलाइं चरइ ? ता सोलस मंडलाइं चरइ । सोलसमंडलचारी तया अवराइं खलु दुवे अट्ठकाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता पविट्ठित्ता चारं चरइ ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્ર અર્ધસૂર્યમાસમાં કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** ચંદ્ર અર્ધ સૂર્યમાસમાં સૂર્ય મંડળના સોળમા મંડળ ઉપર અર્થાત્ પંદર મંડળ પૂર્ણ કરી સોળમાં મંડળ ઉપર (અને ચંદ્ર મંડળના ૧૪ $\frac{૮૮}{૧૨૦}$ મંડળ ઉપર) પરિભ્રમણ કરે છે. ચંદ્ર જ્યારે સોળમા સૂર્ય મંડળચારી બનીને પરિભ્રમણ કરતો હોય(અથવા ૧૪ $\frac{૮૮}{૧૨૦}$ ચંદ્ર મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય) ત્યારે ચંદ્ર બે અષ્ટક(૨ $\frac{૮}{૧૨૪}$) ભાગના અસામાન્ય(અચલિત) માર્ગ ઉપર સ્વયં પ્રવેશ કરી-કરીને પરિભ્રમણ કરે છે.

**૭** **कयराइं खलु ताइं दुवे अट्ठगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता पविट्ठित्ता चारं चरइ ? इमाइं खलु ते दुवे अट्ठगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ, तं जहा– णिक्खममाणे चेव अमावासंतेणं, पविसमाणे चेव पुण्णिमासिंतेणं । एयाइं खलु दुवे अट्ठगाइं जाइं चंदे केणई असामण्णगाइं सयमेव पविट्ठित्ता पविट्ठित्ता चारं चरइ ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** કોઈ પણ દ્વારા અચલિત બે અષ્ટક કયા છે કે જેના ઉપર ચંદ્ર સ્વયં પ્રવેશ કરી–કરીને પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** કોઈ દ્વારા અચલિત(ચાલ્યા ન હોય) તેવા આ બે અષ્ટક ઉપર ચંદ્ર સ્વયં પ્રવેશ કરી–કરીને પરિભ્રમણ કરે છે, યથા– (૧) સર્વાભ્યંતર મંડળથી બહાર નીકળતો ચંદ્ર અમાવાસ્યાના અંતિમ મંડળગત $\frac{૮}{૧૨૪}$ અચલિત મંડળ ઉપર સ્વયં પ્રવેશ કરી-કરીને ચાલે અને (૨) સર્વબાહ્ય મંડળથી અંદર પ્રવેશતો ચંદ્ર પૂર્ણિમાના અંતિમ મંડળગત $\frac{૮}{૧૨૪}$ અચલિત મંડળ ઉપર સ્વયં પ્રવેશ કરી-કરીને ચાલે છે.

આ રીતે અમાવાસ્યા અને પૂર્ણિમાના અંતિમ બે અષ્ટક( $\frac{૮}{૧૨૪}$) ભાગના અચલિત(અસામાન્ય) માર્ગ ઉપર ચંદ્ર સ્વયં પ્રવેશ કરી-કરીને પરિભ્રમણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અર્ધ ચંદ્રમાસ અને અર્ધ સૂર્યમાસમાં પરિભ્રમણ કરતા ચંદ્રની મંડળ સંખ્યાનું અને પૂર્વે અચલિત મંડળનું કથન છે.

**અર્ધ ચંદ્રમાસમાં પરિભ્રમણ કરતાં ચંદ્ર મંડળોની સંખ્યા :–** એક ચંદ્રમાસ ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર પ્રમાણ છે અને અર્ધ ચંદ્રમાસ(૨૯ $\frac{૩૨}{૬૨}$ ÷ ૨ =) ૧૪ $\frac{૪૭}{૬૨}$ અહોરાત્ર પ્રમાણ છે. અર્ધ ચંદ્રમાસમાં ચંદ્ર ૧૪$\frac{૩૨}{૧૨૪}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. એક ચંદ્ર મંડળના ૧૨૪ ભાગ કરીને પછી તે મંડળના ચાર વિભાગ કરવામાં આવે તો ચોથા એક વિભાગમાં ૩૧ ભાગ આવે છે. ચંદ્ર અર્ધ ચંદ્રમાસમાં સવા ચૌદ મંડળ અર્થાત્ ૧૪ મંડળનું પરિભ્રમણ પૂર્ણ કરી પંદરમા મંડળના ૧૨૪ વિભાગવાળો ચતુર્થ ભાગ અર્થાત્ $\frac{૩૧}{૧૨૪}$ ભાગ અને બીજા ચોથા વિભાગનો ૧ ભાગ એટલે કુલ $\frac{૩૧}{૧૨૪} + \frac{૧}{૧૨૪} = \frac{૩૨}{૧૨૪}$ ભાગ ઉપર પરિભ્રમણ કરે છે.

અન્ય રીતે જોઈએ તો એક યુગમાં ચંદ્ર ૧૭૬૮ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે અને એક યુગમાં ૬૨ ચંદ્રમાસ અને ૧૨૪ અર્ધ ચંદ્રમાસ હોય છે, તેથી ૧૭૬૮ ÷ ૧૨૪ = ૧૪ $\frac{૩૨}{૧૨૪}$ મંડળ પ્રાપ્ત થાય છે, $\frac{૩૨}{૧૨૪}$ ના બાસઠીયા ભાગ કરવામાં આવે તો $\frac{૧૬}{૬૨}$ થાય છે. આ રીતે અર્ધમાસમાં ચંદ્ર ૧૪ $\frac{૧૬}{૬૨}$ મંડળ ચાલે છે.

પ્રસ્તુતમાં અર્ધ ચંદ્ર માસમાં ચંદ્ર ૧૪ $\frac{૧૬}{૬૨}$ મંડળ પાર કરે છે, તેવું વિધાન છે અને પંદરમા પ્રાભૃતમાં એક ચંદ્ર માસમાં ચંદ્ર ૧૪ $\frac{૧૬}{૬૨}$ મંડળ પાર કરે છે, તે પ્રકારનું વિધાન છે. તેમાં એક ચંદ્ર અર્ધ ચંદ્ર માસમાં ૧૪ $\frac{૧૬}{૬૨}$ અર્ધ મંડળ પાર કરે છે અને બંને ચંદ્ર સાથે મળીને અર્ધ ચંદ્રમાસમાં ૧૪ $\frac{૧૬}{૬૨}$ પૂર્ણ મંડળને પાર કરે છે. એક ચંદ્ર માસમાં ચંદ્ર ૧૪ $\frac{૧૬}{૬૨}$ પૂર્ણ મંડળને પાર કરે છે, તેમ સમજવું.

**અર્ધ સૂર્યમાસમાં ચંદ્ર મંડળોની સંખ્યા :–** એક સૂર્યમાસ ૩૦ $\frac{૩૦}{૬૦}$ એટલે કે સાડા ત્રીસ અહોરાત્રનો છે અને અર્ધ સૂર્યમાસ ૧૫ $\frac{૧}{૪}$ અહોરાત્રનો છે. એક યુગમાં સૂર્ય અર્ધમાસ ૧૨૦ હોય છે અને એક યુગમાં ચંદ્ર ૧૭૬૮ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે, તેથી ૧૭૬૮ ÷ ૧૨૦ = ૧૪ $\frac{૮૮}{૧૨૦}$ મંડળ પ્રાપ્ત થાય છે. પ્રસ્તુતમાં જે **सोलस मंडलाइं**– ૧૬ મંડળ કહ્યા છે, તેમાં સૂર્ય અર્ધ સૂર્યમાસમાં સોળમા સૂર્ય મંડળ ઉપર પરિભ્રમણ કરે છે, તેમ સમજવું, કારણ કે એક યુગમાં ૧૮૩૦ સૂર્ય મંડળ છે અને ૧૨૦ અર્ધમાસ છે. ૧૮૩૦ ÷ ૧૨૦ = ૧૫ $\frac{૧}{૪}$ મંડળ પ્રાપ્ત થાય છે. અર્ધ સૂર્યમાસમાં સૂર્ય સોળમા મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, ત્યારે ચંદ્ર ૧૪ $\frac{૮૮}{૧૨૦}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે, તેમ અર્થ સમજવો જોઈએ.

**दुवे अट्ठगाइं... असामण्णगाइं**– બે અષ્ટક અસામાન્ય–અનાચીર્ણ માર્ગ છે. પ્રત્યેક અમાવાસ્યા અને પૂર્ણિમાના અંતિમ મંડળના એકસો ચોવીસ્યા આઠ( $\frac{૮}{૧૨૪}$ ) ભાગ, પૂર્વે અન્ય ચંદ્ર દ્વારા અનાચીર્ણ–અચલિત (પૂર્વે નહીં ચાલેલા) માર્ગ ઉપર ચંદ્ર ચાલે છે. પ્રસ્તુત સૂત્રમાં $\frac{૮}{૧૨૪}$ ભાગ માટે અષ્ટક(**अट्ठगाई**) શબ્દનો પ્રયોગ થયો છે. તે બંને $\frac{૮}{૧૨૪}$ ભાગ અંતિમ મંડળના જાણવા.

**પ્રથમ ચંદ્ર અયન :–**

**૮ ता पढमायणगए चंदे दाहिणाए भागाए पविसमाणे सत्त अद्धमंडलाइं जाइं चंदे दाहिणाए भागाए पविसमाणे चारं चरइ ।**

**कयराइं खलु ताइं सत्त अद्धमंडलाइं जाइं चंदे दाहिणाए भागाए पविसमाणे चारं चरइ ? इमाइं खलु ताइं सत्त अद्धमंडलाइं जाइं चंदे दाहिणाए भागाए पविसमाणे चारं चरइ, तं जहा– बिइए अद्धमंडले, चउत्थे-अद्धमंडले, छट्ठे-अद्धमंडले अट्ठमे-अद्धमंडले दसमे-अद्धमंडले बारसमे-अद्धमंडले, चउदसमे-अद्धमंडले । एयाइं खलु ताइं सत्त अद्धमंडलाइं जाइं चंदे दाहिणाए भागाए पविसमाणे चारं चरइ ।**

**ભાવાર્થ :–** પ્રથમ અયનમાં દક્ષિણ ભાગ તરફ અંદર પ્રવેશ કરીને(ઈશાનથી નૈઋત્યકોણ તરફ ગતિ કરતો) ચંદ્ર સાત અર્ધ મંડળોને દક્ષિણ દિશામાં પાર કરે છે.

**પ્રશ્ન–** દક્ષિણ ભાગ તરફ અંદર પ્રવેશ કરતો(ઉત્તરાયણનો) ચંદ્ર કયા સાત અર્ધ મંડળોને દક્ષિણ દિશામાં પાર કરે છે ? **ઉત્તર–** દક્ષિણ ભાગ તરફ અંદર પ્રવેશ કરતો ચંદ્ર નિમ્નોક્ત સાત અર્ધ મંડળોને દક્ષિણ દિશામાં પાર કરે છે, યથા– (૧) બીજું અર્ધમંડળ (૨) ચોથું અર્ધમંડળ (૩) છટ્ઠું અર્ધમંડળ (૪) આઠમું અર્ધમંડળ (૫) દસમું અર્ધમંડળ (૬) બારમું અર્ધમંડળ (૭) ચૌદમું અર્ધમંડળ. દક્ષિણ ભાગ તરફ પ્રવેશ કરતો ચંદ્ર આ સાત અર્ધ મંડળોને દક્ષિણ દિશામાં પાર કરે છે.

**૯ सा पढमायणगए चंदे उत्तराए भागाए पविसमाणे छ अद्धमंडलाइं तेरस य**

**सत्तट्ठिभागाइं अद्धमंडलस्स जाइं चंदे उत्तराए भागाए पविसमाणे चारं चरइ ।**

**कयराइं खलु ताइं छ अद्धमंडलाइं तेरस य सत्तट्ठिभागाइं अद्धमंडलस्स जाइं चंदे उत्तराए भागाए पविसमाणे चारं चरइ ? इमाइं खलु ताइं छ अद्धमंडलाइं तेरस य सत्तट्ठिभागाइं अद्धमंडलस्स जाइं चंदे उत्तराए भागाए पविसमाणे चारं चरइ, तं जहा– तईए अद्धमंडले पंचमे अद्धमंडले सत्तमे अद्धमंडले नवमे अद्धमंडले एक्कारसमे अद्धमंडले, तेरसमे अद्धमंडले पण्णरसस्समंडलस्स तेरस सत्तट्ठिभागाइं।**

**एयाइं खलु ताइं छ अद्धमंडलाइं तेरस य सत्तट्ठिभागाइं अद्धमंडलस्स जाइं चंदे उत्तराए भागाए पविसमाणे चारं चरइ । एयावया च पढमे चंदायणे समत्ते भवइ ।**

**ભાવાર્થ :–** પ્રથમ અયનમાં ઉત્તર ભાગ તરફ અંદર પ્રવેશીને(નૈઋત્ય કોણથી ઈશાન કોણ તરફ ગતિ કરતો) ચંદ્ર ૬ $\frac{૧૩}{૬૭}$ અર્ધ મંડળોને ઉત્તર દિશામાં પાર કરે છે.

**પ્રશ્ન–** ઉત્તર ભાગ તરફ અંદર પ્રવેશ કરતો ઉત્તરાયણનો ચંદ્ર કયા ૬ $\frac{૧૩}{૬૭}$ અર્ધ મંડળને ઉત્તર દિશામાં પાર કરે છે ? **ઉત્તર–** ઉત્તર ભાગ અંદર પ્રવેશ કરતો ચંદ્ર નિમ્નોક્ત ૬ $\frac{૧૩}{૬૭}$ મંડળને ઉત્તર દિશામાં પાર કરે છે, યથા– ત્રીજું અર્ધમંડળ, પાંચમું અર્ધમંડળ, સાતમું અર્ધમંડળ, નવમું અર્ધમંડળ, અગિયારમું અર્ધમંડળ, તેરમું અર્ધમંડળ અને પંદરમા અર્ધમંડળનો $\frac{૧૩}{૬૭}$ ભાગ.

આ રીતે ઉત્તર ભાગ તરફ પ્રવેશ કરીને ચંદ્ર આ ૬ $\frac{૧૩}{૬૭}$ અર્ધમંડળને ઉત્તર દિશામાં પાર કરે છે. આ રીતે ચંદ્રનું પ્રથમ અયન પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્રના પ્રથમ અયનના મંડળ તથા દિશા આદિનું વર્ણન છે. જંબૂદ્વીપમાં બે ચંદ્રના ૧૫ મંડળ છે. મેરુ પર્વતથી ચુંમાલીસ હજાર આઠસો વીસ (૪૪૮૨૦) યોજન દૂર અને જગતીથી એકસો એંસી (૧૮૦) યોજન અંદર પહેલું સર્વાભ્યંતર મંડળ છે. લવણ સમુદ્રમાં જંબૂદ્વીપની જગતીથી ત્રણસો ત્રીસ (૩૩૦) યોજન દૂર ચંદ્રનું અંતિમ(પંદરમું) સર્વબાહ્ય મંડળ છે. બંને ચંદ્ર સામસામી દિશામાં રહીને એક સાથે, એક સરખી ગતિએ પરિભ્રમણ કરે છે. બંને ચંદ્ર મળીને એક મંડળને ૨ $\frac{૩૧}{૪૪૨}$ અહોરાત્રમાં પૂર્ણ કરે છે. અર્ધ નક્ષત્ર માસ અર્થાત્ ૧૩ $\frac{૪૪}{૬૭}$ અહોરાત્રમાં ચંદ્ર ૧૩ $\frac{૧૩}{૬૭}$ અર્ધમંડળને પાર કરી એક અયન પૂર્ણ કરે છે. પ્રથમ અને અંતિમ મંડળ ઉપર ચંદ્ર એક-એક વાર જ ગમન કરે છે.

**चंदायणे :–** ચંદ્રાયણ. ચંદ્ર અયન. એક યુગમાં ચંદ્રના ૧૩૪ અયન થાય છે. ચંદ્રના સર્વબાહ્ય મંડળથી સર્વાભ્યંતર મંડળ તરફના ઉત્તરગામી ગમનને ચંદ્રનું ઉત્તરાયણ કહે છે અને ચંદ્રના સર્વાભ્યંતર મંડળથી સર્વબાહ્ય મંડળ તરફના દક્ષિણગામી ગમનને ચંદ્રનું દક્ષિણાયન કહે છે. ચંદ્ર એક નક્ષત્ર માસમાં બે અયન પૂર્ણ કરે છે.

ચંદ્ર યુગની સમાપ્તિ સર્વબાહ્ય અંતિમ મંડળ ઉપર પૂર્ણિમાના દિવસે કરે છે તથા નવા યુગના પ્રથમ અયનનો પ્રારંભ ઉત્તરાયણથી(સર્વબાહ્ય મંડળથી અંદર પ્રવેશતા ચંદ્રથી) થાય છે.

નવા અયનના પ્રારંભ સમયે એક ચંદ્ર નૈઋત્યથી પરિભ્રમણ શરૂ કરી ઈશાન કોણમાં પહોંચે છે અને તે જ સમયે બીજો ચંદ્ર ઈશાન કોણથી પ્રારંભ કરી નૈઋત્ય કોણ તરફ પહોંચે છે. ઈશાન કોણથી પ્રારંભ કરી નૈઋત્ય કોણ તરફ અર્થાત્ દક્ષિણ વિભાગથી ગમન કરતાં ચંદ્રના બેકી સંખ્યાવાળા ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૪, આ સાત અર્ધ મંડળ દક્ષિણમાં થાય છે અને એકી સંખ્યાવાળા, ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩ અને ૧૫માં મંડળના $\frac{૧૩}{૬૭}$ ભાગ અર્થાત્ ૬$\frac{૧૩}{૬૭}$ અર્ધ મંડળ ઉત્તરમાં થાય, અયન પૂર્ણ થાય છે.

તે જ સમયે બીજો ચંદ્ર તરફ નૈઋત્ય કોણથી પરિભ્રમણનો પ્રારંભ કરી ઈશાન કોણ તરફ અર્થાત્ ઉત્તર વિભાગ ગમન કરતાં ચંદ્રના બેકી સંખ્યાવાળા સાત અર્ધ મંડળ ઉત્તર દિશામાં થાય છે અને એકી સંખ્યાવાળા ૬ $\frac{૧૩}{૬૭}$ અર્ધ મંડળ દક્ષિણ દિશામાં થાય છે.

**અર્ધ નક્ષત્ર માસ–અર્ધ ચંદ્ર માસની ભિન્નતા :–**

**૧૦ ता णक्खत्ते अद्धमासे णो चंदे अद्धमासे, चंदे अद्धमासे णो णक्खत्ते अद्धमासे ।**

**ભાવાર્થ :–** અર્ધ નક્ષત્રમાસ અર્ધ ચંદ્રમાસ નથી અને અર્ધ ચંદ્રમાસ અર્ધ નક્ષત્રમાસ નથી.

**૧૧ ता णक्खत्ताओ अद्धमासाओ ते चंदे चंदेणं अद्धमासेणं किमधियं चरइ ? ता एगं अद्धमंडलं चरइ चत्तारि य सत्तट्ठिभागाइं अद्धमंडलस्स सत्तट्ठिभागं एगतीसाए छेत्ता णव भागाइं ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** અર્ધ નક્ષત્રમાસ કરતા ચંદ્ર અર્ધ ચંદ્રમાસમાં કેટલું અધિક પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** અર્ધ નક્ષત્ર માસ કરતા અર્ધ ચંદ્રમાસમાં ચંદ્ર એક અર્ધમંડળ, ચાર સડસઠીયા ભાગ અને નવ એકત્રીસયા ભાગ(૧ $\frac{૪}{૬૭}$ , $\frac{૯}{૩૧}$ મંડળ) ઉપર અધિક પરિભ્રમણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે ચંદ્રમાસ અને નક્ષત્ર માસની ભિન્નતા પ્રગટ કરી છે.

જેટલા સમયમાં ચંદ્ર ૨૮ નક્ષત્ર સાથે યોગપૂર્ણ કરે, તેટલા સમય(કાળ)ને નક્ષત્ર માસ કહે છે. ચંદ્ર ૨૭ $\frac{૨૧}{૬૭}$ અહોરાત્રમાં ૨૮ નક્ષત્ર સાથે યોગ પૂર્ણ કરે છે, તેથી નક્ષત્ર માસ ૨૭ $\frac{૨૧}{૬૭}$ અહોરાત્રનો છે અને અર્ધ નક્ષત્રમાસ ૧૩ $\frac{૪૪}{૬૭}$ અહોરાત્રનો છે.

જેટલા સમયમાં ચંદ્ર ક્રમશઃ રાહુ ગ્રહથી આવરિત થાય અને અનાવરિત થાય તેટલા સમય (કાળ)ને ચંદ્ર માસ કહે છે. ૨૯ $\frac{૩૨}{૬૨}$ મુહૂર્તે ચંદ્રની એક કળા આવરિત થાય છે અથવા પ્રગટ થાય છે, તેથી એક તિથિ ૨૯ $\frac{૩૨}{૬૨}$ મુહૂર્તની છે, કૃષ્ણપક્ષની ૧૫ તિથિમાં ચંદ્રની ૧૫ કળા આવરિત થાય છે અને શુક્લ પક્ષની ૧૫ તિથિમાં ચંદ્રની ૧૫ કળા અનાવરિત છે, તેથી ૩૦ તિથિ અર્થાત્ ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્રનો એક ચંદ્રમાસ અને ૧૪ $\frac{૪૭}{૬૨}$ અહોરાત્રનો અર્ધ ચંદ્રમાસ છે. આ રીતે અર્ધ નક્ષત્રમાસ અને અર્ધ ચંદ્રમાસ ભિન્ન-ભિન્ન છે.

અર્ધ નક્ષત્રમાસમાં અર્થાત્ ૧૩ $\frac{૪૪}{૬૭}$ અહોરાત્રે ચંદ્ર ૧૩ $\frac{૧૩}{૬૭}$ મંડળ ઉપર પરિભ્રમણ કરી અયન પૂર્ણ કરે છે. અર્ધ નક્ષત્રમાસે ચંદ્ર એક અયન પૂર્ણ કરે છે, અર્ધ ચંદ્રમાસે નહીં.

**અર્ધ નક્ષત્રમાસ કરતા અર્ધ ચંદ્રમાસમાં ચંદ્રનું અધિક પરિભ્રમણ :–** અર્ધ નક્ષત્રમાસ કરતાં અર્ધ

ચંદ્રમાસ મોટો હોવાથી અર્ધ નક્ષત્રમાસ કરતાં અર્ધ ચંદ્રમાસમાં ચંદ્ર ૧ $\frac{૪}{૬૭}$, $\frac{૯}{૩૧}$ મંડળ ઉપર અધિક પરિભ્રમણ કરે છે. અર્ધ ચંદ્રમાસમાં ચંદ્ર ૧૪ $\frac{૧૬}{૬૨}$ ($\frac{૮}{૩૧}$) ચંદ્ર મંડળ પાર કરે છે અને અર્ધ નક્ષત્ર માસમાં ચંદ્ર ૧૩ $\frac{૧૩}{૬૭}$ ચંદ્ર મંડળ પાર કરે છે. ચંદ્ર મંડળમાંથી નક્ષત્ર મંડળ બાદ કરતાં બંને વચ્ચેનો તફાવત પ્રાપ્ત થાય છે. યથા–

૧૪$\frac{૮}{૩૧}$ – ૧૩ $\frac{૧૩}{૬૭}$ માં ૧૪–૧૩ = ૧; $\frac{૮}{૩૧}$ – $\frac{૧૩}{૬૭}$ નો સમછેદ કરતા $\frac{૮ \times ૬૭ - ૧૩ \times ૩૧}{૩૧ \times ૬૭} = \frac{૫૩૬ - ૪૦૩}{૨૦૭૭} = \frac{૧૩૩}{૨૦૭૭}$

હવે ૧૩૩ના સડસઠીયા ભાગ કરવા ૧૩૩ને સડસઠથી ગુણતાં $\frac{૧૧૩ \times ૬૭}{૨૦૦૭} = \frac{૮૯૧૧}{૨૦૭૭}$ તેના પૂર્ણાંક કાઢતાં $\frac{૬૦૩}{૨૦૭૭}$ સડસઠીયા ભાગ આવ્યા તેમાં પૂર્ણાંક ચાર સડસઠીયા ભાગ છે અને અપૂર્ણાંક $\frac{૬૦૩}{૨૦૭૭}$ છેદ્ય–છેદક બંનેને ૬૭થી ભાગતા ૬૦૩ ÷ ૬૭ = ૯ અને ૨૦૭૭ ÷ ૬૭ = ૩૧, આ રીતે $\frac{૪}{૬૭}$, $\frac{૯}{૩૧}$ થાય છે. આ રીતે અર્ધ ચંદ્ર માસમાં ચંદ્ર નક્ષત્ર માસ કરતા ૧ અર્ધ મંડળ અને બીજા અર્ધ મંડળના $\frac{૪}{૬૭}$, $\frac{૯}{૩૧}$ ભાગ વધુ ચાલે છે.

**ચંદ્રના ચીર્ણ–અચીર્ણ મંડળ ભાગ :–**

**૧૨ ता दोच्चायणगए चंदे पुरत्थिमाए भागाए णिक्खममाणे सत्त चउप्पणाइं जाइं चंदे परस्स चिण्णं पडिचरइ, सत्त तेरसगाइं जाइं चंदे अप्पणो चिण्णं पडिचरइ ।**

**ता दोच्चायणगए चंदे पच्चत्थिमाए भागाए णिक्खममाणे छ चउप्पण्णाइं जाइं चंदे परस्स चिण्णं पडिचरइ, छ तेरसगाइं जाइं चंदे अप्पणो चिण्णं पडिचरइ,**

**अवरगाइं खलु दुवे तेरसगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता पविट्ठित्ता चारं चरइ ।**

**ભાવાર્થ :–** યુગના બીજા અયન(દક્ષિણાયન)માં, પૂર્વ વિભાગ તરફ બહાર નીકળતો ચંદ્ર સાત અર્ધ મંડળના ચોપન સડસઠાંશ( $\frac{૫૪}{૬૭}$ ) ભાગ પ્રમાણ પરચલિત(અન્ય ચંદ્રના ચાલેલા) મંડળ ઉપર ચાલે છે અને તે સાત અર્ધ મંડળના તેર સડસઠાંશ ($\frac{૧૩}{૬૭}$) ભાગ પ્રમાણ સ્વચલિત(પોતાના ચાલેલા) મંડળ ઉપર ચાલે છે.

બીજા અયન(દક્ષિણાયન)માં, પશ્ચિમ વિભાગ તરફ બહાર નીકળતો ચંદ્ર છ અર્ધ મંડળના ચોપન સડસઠાંશ($\frac{૫૪}{૬૭}$) ભાગ પરચલિત(અન્ય ચંદ્રના ચાલેલા) મંડળ ઉપર ચાલે છે અને તે છ અર્ધ મંડળના તેર સડસઠાંશ( $\frac{૧૩}{૬૭}$ ) ભાગ પ્રમાણ સ્વચલિત(પોતાના ચાલેલા) મંડળ ઉપર ચાલે છે.

અન્ય સર્વબાહ્ય અને સર્વાભ્યંતર બે અર્ધ મંડળના તેર સડસઠાંશ ($\frac{૧૩}{૬૭}$) ભાગ અચલિત મંડળ ઉપર ચાલે છે.

**૧૩ कयराइं खलु ताइं दुवे तेरसगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता पविट्ठित्ता चारं चरइ ? इमाइं खलु ताइं दुवे तेरसगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चार चरइ, तं जहा– सव्वब्भंतरे चेव मंडले सव्वबाहिरे चेव मंडले ।**

**एयाणि खलु ताणि दुवे तेरसगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव**

**पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ । एयावया दोच्चे चंदायणे समत्ते भवइ ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** અન્ય બે અર્ધ મંડળના $\frac{૧૩}{૬૭}$ મંડળ ઉપર પ્રવેશીને ચંદ્ર અસામાન્ય(અચલિત) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે, તે મંડળ ભાગ કયા છે ? **ઉત્તર–** અન્ય બે અર્ધ મંડળના $\frac{૧૩}{૬૭}$ ભાગ ઉપર સ્વયં પ્રવેશીને ચંદ્ર અચલિત મંડળ ઉપર પરિભ્રમણ કરે છે, તે બે મંડળ આ પ્રમાણે છે– (૧) સર્વાભ્યંતર મંડળના $\frac{૧૩}{૬૭}$ ભાગ અને (૨) સર્વબાહ્ય મંડળના $\frac{૧૩}{૬૭}$ ભાગ. આ રીતે ચંદ્રનું બીજું અયન પૂર્ણ થાય છે.

**१४ ता णक्खत्ते मासे णो चंदे मासे, चंदे मासे णो णक्खत्ते मासे ।**

**ता णक्खत्ताओ मासाओ चंदे चंदेणं मासेणं किमधियं चरइ ? ता दो अद्धमंडलाइं चरइ अट्ठ य सत्तट्ठिभागाइं अद्धमंडलस्स सत्तट्ठिभागं च एक्कतीसधा छेत्ता अट्ठारस भागाइं ।**

**ભાવાર્થ :–** નક્ષત્ર માસ ચંદ્રમાસ નથી, ચંદ્રમાસ નક્ષત્ર માસ નથી.

**પ્રશ્ન–** નક્ષત્ર માસ કરતા ચંદ્રમાસમાં ચંદ્ર કેટલા મંડળ ઉપર અધિક ચાલે છે ? **ઉત્તર–** નક્ષત્ર માસ કરતા ચંદ્ર માસમાં ચંદ્ર બે અર્ધ મંડળ અને ત્રીજા અર્ધમંડળના આઠ સડસઠીયા ($\frac{૮}{૬૭}$) ભાગ તથા અઢાર એકત્રીસયા $\frac{૧૮}{૩૧}$ ભાગ (૨$\frac{૮}{૬૭}$ , $\frac{૧૮}{૩૧}$ ભાગ) અધિક ચાલે છે.

**१५ ता तच्चायणगए चंदे पच्चत्थिमाए भागाए पविसमाणे बाहिराणंतरस्स पच्चत्थिमिल्लस्स अद्धमंडलस्स ईयालीसं सत्तट्ठिभागाइं जाइं चंदे अप्पणो परस्स य चिण्णं पडिचरइ, तेरस सत्तट्ठिभागाइं जाइं चंदे परस्स चिण्णं पडिचरइ । तेरस सत्तट्ठिभागाइं जाइं चंदे अप्पणो परस्स य चिण्णं पडिचरइ । एयावया व बाहिराणंतरे पच्चत्थिमिल्ले अद्धमंडले समत्ते भवइ ।**

**ભાવાર્થ :–** યુગના ત્રીજા અયન(ઉત્તરાયણ)માં, પશ્ચિમ વિભાગ તરફ અંદર પ્રવેશતો ચંદ્ર પશ્ચિમવર્તી સર્વ બાહ્યાનંતર(બાહ્યબીજા) અર્ધ મંડળના સ્વ–પર ચલિત એકતાલીસયા સડસઠાંશ ($\frac{૪૧}{૬૭}$) ભાગ ઉપર ચાલે છે, સ્વ–પર ચલિત તેર સડસઠાંશ ( $\frac{૧૩}{૬૭}$) ભાગ ઉપર અને સ્વ–પર ચલિત $\frac{૧૩}{૬૭}$ ભાગ ઉપર ચાલે છે, આ રીતે પશ્ચિમ દિશાવર્તી બાહ્યાનંતર(બાહ્ય બીજું અર્થાત્ ચૌદમું) અર્ધ મંડળ સમાપ્ત થાય છે.

**१६ ता तच्चायणगए चंदे पुरत्थिमाए भागाए पविसमाणे बाहिर-तच्चस्स पुरत्थिमिल्लस्स अद्धमंडलस्स ईयालीसं सत्तट्ठिभागाइं जाइं चंदे अप्पणो परस्स य चिण्णं पडिचरइ, तेरस सत्तट्ठिभागाइं जाइं चंदे परस्स चिण्णं पडिचरइ, तेरस सत्तट्ठिभागाइं जाइं चंदे अप्पणो परस्स य चिण्णं पडिचरइ । एयावया बाहिरतच्चे पुरत्थिमिल्ले अद्धमंडले समत्ते भवइ ।**

**ભાવાર્થ :–** ત્રીજા અયન(ઉત્તરાયણ)માં, પૂર્વ વિભાગથી અંદર પ્રવેશતો ચંદ્ર પૂર્વ દિશાવર્તી બાહ્ય ત્રીજા અર્ધ મંડળના સ્વ-પર ચલિત એકતાલીસ સડસઠાંસ($\frac{૪૧}{૬૭}$) ભાગ ઉપર ચાલે છે, પરચલિત તેર સડસઠાંસ ભાગ ઉપર અને સ્વ-પર ચલિત તેર સડસઠાંસ($\frac{૧૩}{૬૭}$) ભાગ ઉપર ચાલે છે. આ રીતે પૂર્વ દિશાવર્તી બાહ્ય ત્રીજું અર્ધ મંડળ સમાપ્ત થાય છે.

**૧૭** **ता तच्चायणगए चंदे पच्चत्थिमाए भागाए पविसमाणे बाहिरचउत्थस्स पच्चत्थिमिल्लस्स अद्धमंडलस्स अट्ठ सत्तट्ठिभागाइं सत्तट्ठिभागं च एक्कतीसधा छेत्ता अट्ठारस भागाइं जाइं चंदे अप्पणो परस्स य चिण्णं पडिचरइ । एयावया बाहिरचउत्थ पच्चत्थिमिल्ले अद्धमंडले समत्ते भवइ ।**

**ભાવાર્થ :–** ત્રીજા અયન(ઉત્તરાયણ)માં, પશ્ચિમ વિભાગ તરફ અંદર પ્રવેશતો ચંદ્ર પશ્ચિમ દિશાવર્તી બાહ્ય ચોથા અર્ધ મંડળના સ્વ–પર ચલિત $\frac{૮}{૬૭}$, $\frac{૧૮}{૩૧}$ ભાગ ઉપર ચાલીને બાહ્ય ચોથા મંડળને સમાપ્ત કરે છે અર્થાત્ ચોથા મંડળના $\frac{૮}{૬૭}$, $\frac{૧૮}{૩૧}$ ભાગ ચાલે ત્યારે ચંદ્ર માસ પૂર્ણ થાય છે.

**૧૮** **एवं खलु चंदेणं मासेणं चंदे तेरस चउप्पण्णगाइं दुवे तेरसगाइं जाइं चंदे परस्स चिण्णं पडिचरइ, तेरस तेरसगाइं जाइं चंदे अप्पणो चिण्णं पडिचरइ, दुवे ईयालीसगाइं दुवे तेरसगाइं अट्ठ सत्तट्ठिभागाइं सत्तट्ठिभागं च एक्कतीसधा छेत्ता अट्ठारसभागाइं जाइं चंदे अप्पणो परस्स य चिण्णं पडिचरइ । अवराइं खलु दुवे तेरसगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता–पविट्ठित्ता चारं चरइ।**

**इच्चेसा चंदमासो अभिगमण-णिक्खमण-वुड्ढि-णिव्वुड्ढि-अणवट्ठिय-संठाण-संठिई-विउव्वणड्ढिपत्ते रूवी चंदे देवे चंदे देवे आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** આ રીતે ચંદ્ર એક ચંદ્ર માસમાં **પરચલિત** $\frac{૫૪}{૬૭}$ મંડળ ભાગ ઉપર તેર વાર ચાલે છે અને $\frac{૧૩}{૬૭}$ ભાગ ઉપર બે વાર ચાલે છે. સ્વચલિત $\frac{૧૩}{૬૭}$ મંડળ ભાગ ઉપર તેર વાર ચાલે છે. **સ્વ–પર ચલિત** $\frac{૪૧}{૬૭}$ મંડળ ભાગ ઉપર બે વાર, $\frac{૧૩}{૬૭}$ મંડળ ભાગ ઉપર બે વાર તથા $\frac{૮}{૬૭}$, $\frac{૧૮}{૩૧}$ મંડળ ભાગ ઉપર એક વાર ચાલે છે. અન્ય **અચલિત** $\frac{૧૩}{૬૭}$ મંડળ ભાગ ઉપર પ્રવેશીને બે વાર ચાલે છે.

ચંદ્ર માસ, અભિગમન–અંદર આગમન, નિષ્ક્રમણ–બહાર નીકળવું, વૃદ્ધિ–હાનિ, અનવસ્થિત સંસ્થાન આદિ રૂપ ચંદ્રની સંસ્થિતિ–વ્યવસ્થાથી યુક્ત અને વૈક્રિય ઋદ્ધિને પ્રાપ્ત, ચંદ્ર વિમાનમાં સ્થિત આ ચંદ્ર દેવ છે, આ ચંદ્ર દેવ છે, તેમ કહેવાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્ર અયન સંસ્થિતિ અને ચંદ્રના ચલિત–અચલિત મંડળનું કથન છે.

ચંદ્રનું બીજું અયન દક્ષિણાયન છે, તેમાં ચંદ્ર સર્વાભ્યંતર મંડળથી બહાર નીકળે છે. ઉત્તરાયણની સમાપ્તિ અંતિમ મંડળના $\frac{૧૩}{૬૭}$ ભાગ ઉપર થાય છે અને ત્યાંથી દક્ષિણાયનનો પ્રારંભ થાય છે. ચંદ્ર તે મંડળના શેષ(૬૭–૧૩ =) ૫૪ ભાગ અને બીજા મંડળના ૧૩ ભાગ ઉપર પરિભ્રમણ કરી પ્રથમ મંડળ પૂર્ણ કરે છે. આ રીતે પ્રત્યેક મંડળના અર્થાત્ એક ચંદ્ર ઉત્તર દિશાના સાત અર્ધ મંડળના અને દક્ષિણ દિશાના છ અર્ધ મંડળના અને તે જ સમયે બીજો ચંદ્ર દક્ષિણ દિશાના સાત અને ઉત્તર દિશાના છ અર્ધ મંડળના, આ રીતે કુલ ૧૩ મંડળના $\frac{૫૪}{૬૭}$ ભાગ અન્ય ચંદ્રના ચલિત માર્ગ ઉપર અને $\frac{૧૩}{૬૭}$ ભાગ સ્વચલિત માર્ગ ઉપર તથા શેષ બે મંડળના(સર્વાભ્યંતર અને સર્વબાહ્ય મંડળના) $\frac{૧૩}{૬૭}$ ભાગ, અચલિત માર્ગ ઉપર ચાલે છે.

આ બીજા અયન, દક્ષિણાયનની સમાપ્તિ અંતિમ મંડળના $\frac{૨૬}{૬૭}$ ભાગ ઉપર થાય છે અને ત્યાંથી નવા ત્રીજા અયન ઉત્તરાયણનો પ્રારંભ થાય છે. ચંદ્ર તે મંડળના શેષ ૬૭–૨૬ = ૪૧ સડસઠીયા ભાગ સ્વ–પર ચલિત માર્ગ ઉપર ચાલે છે અને બીજા મંડળના શેષ $\frac{૨૬}{૬૭}$ ભાગમાંથી $\frac{૧૩}{૬૭}$ ભાગ પરચલિત અને $\frac{૧૩}{૬૭}$ ભાગ સ્વ–પર ચલિત મંડળ ઉપર ચાલીને પ્રથમ મંડળ પૂર્ણ કરે છે. તે જ રીતે બીજા મંડળમાં પણ $\frac{૪૧}{૬૭}$ ભાગ સ્વ–પર ચલિત, $\frac{૧૩}{૬૭}$ ભાગ પરચલિત અને $\frac{૧૩}{૬૭}$ ભાગ સ્વચલિત મંડળ ઉપર ચાલે છે અને ત્રીજા અયનના ત્રીજા મંડળના $\frac{૮}{૬૭}$ , $\frac{૧૮}{૩૧}$ ભાગ સ્વ–પર ચલિત માર્ગ ઉપર ચાલે છે, ત્યારે ચંદ્રમાસ પૂર્ણ થાય છે.

આ રીતે એક ચંદ્રમાસમાં ચંદ્રના બે અયન અને ત્રીજા અયનના બે મંડળ તથા ત્રીજા મંડળના $\frac{૮}{૬૭}$ , $\frac{૧૮}{૩૧}$ ભાગ પૂર્ણ કરે છે. તેમાં યુગના પ્રથમ અયનમાં બંને ચંદ્રના માર્ગ સ્વતંત્ર ભિન્ન-ભિન્ન હોય છે. મંડળના જે ભાગ ઉપર બીજો ચંદ્ર પ્રથમ અયનમાં ચાલેલો હોય, તે મંડળ બીજા અયનમાં પ્રથમ ચંદ્ર માટે પરચલિત મંડળ કહેવાય છે, મંડળના જે ભાગ ઉપર પૂર્વ અયનમાં તે જ ચંદ્ર ચાલેલો હોય તે સ્વચલિત મંડળ કહેવાય છે અને મંડળના જે ભાગ ઉપર પૂર્વ અયનમાં બંને ચંદ્ર ચાલેલા, તે મંડળ સ્વ–પર ચલિત મંડળ કહેવાય છે અને પૂર્વ અયનમાં બંને ચંદ્ર ચાલેલા ન હોય તેવા મંડળ ભાગ અચલિત કહેવાય છે. પ્રથમ અયનમાં સર્વ મંડળ અચલિત જ હોય છે, તેથી તેને વર્જિને સૂત્રકારે ચંદ્ર માસના બીજા અયન ત્રીજા અયનના ત્રણ મંડળની સ્વ, પર સ્વ–પર, ચલિત મંડળ ભાગની સંખ્યાનું કથન સૂત્રમાં કર્યું છે.

**ચંદ્રમાસમાં ચંદ્ર અયનના સ્વ–પર ચલિતાદિ મંડળ :–**

| અયન | સ્વ ચલિત મંડળ ભાગ | પર ચલિત મંડળ ભાગ | સ્વ–પર ચલિત મંડળ ભાગ | અચલિત મંડળ ભાગ |
|---|---|---|---|---|
| પ્રથમ અયન | – | – | – | ૧૩ $\frac{૧૩}{૬૭}$ મંડળ ઉપર એકવાર ચાલે. |
| બીજું અયન | $\frac{૧૩}{૬૭}$ મંડળ ભાગ ઉપર ૧૩ વાર ચાલે | $\frac{૫૪}{૬૭}$ મંડળ ભાગ ઉપર ૧૩ વાર ચાલે | – | $\frac{૧૩}{૬૭}$ ભાગ મંડળ ૨ વાર ચાલે |
| ત્રીજું અયન | – | $\frac{૧૩}{૬૭}$ મંડળ ભાગ ઉપર ૧ વાર ચાલે | $\frac{૪૧}{૬૭}$ મંડળ ભાગ ઉપર ૧ વાર ચાલે | – |
| ૧લું મંડળ | | | $\frac{૧૩}{૬૭}$ મંડળ ભાગ ઉપર ૧ વાર ચાલે | |
| બીજું મંડળ | – | $\frac{૧૩}{૬૭}$ મંડળ ભાગ ઉપર ૧ વાર ચાલે | $\frac{૪૧}{૬૭}$ મંડળ ભાગ ઉપર ૧ વાર ચાલે $\frac{૧૩}{૬૭}$ મંડળ ભાગ ૧ વાર ચાલે | – |
| ત્રીજું મંડળ | – | – | $\frac{૮}{૬૭}$, $\frac{૧૮}{૩૧}$ મંડળ ભાગ ઉપર ૧ વાર ચાલે | – |

| અયન | સ્વ ચલિત<br>મંડળ ભાગ | પર ચલિત<br>મંડળ ભાગ | સ્વ–પર ચલિત<br>મંડળ ભાગ | અચલિત<br>મંડળ ભાગ |
|---|---|---|---|---|
| બીજા–ત્રીજા<br>અયનમાં<br>સ્વચલિતાદિ મંડળ<br>ભાગની કુલ સંખ્યા | $\frac{૧૩}{૬૭}$ ભાગ<br>૧૩ વાર ચાલે | $\frac{૫૪}{૬૭}$ ભાગ<br>૧૩ વાર ચાલે<br>$\frac{૧૩}{૬૭}$ ભાગ<br>૨ વાર ચાલે | $\frac{૪૧}{૬૭}$ મંડળ ભાગ ઉપર<br>૨ વાર ચાલે<br>$\frac{૧૩}{૬૭}$ મંડળ ભાગ ઉપર<br>– ૨ વાર ચાલે<br>$\frac{૮}{૬૭}$, $\frac{૧૮}{૩૧}$ ભાગ<br>૧ વાર ચાલે | $\frac{૧૩}{૬૭}$ ૨ વાર ચાલે |

એક નક્ષત્ર માસમાં બે ચંદ્ર અયન પૂર્ણ થાય છે. નક્ષત્ર માસ કરતા ચંદ્ર માસમાં ચંદ્ર બે અર્ધમંડળ અને $\frac{૮}{૬૭}$ , $\frac{૧૮}{૩૧}$ ભાગ અધિક ચાલે છે, તેથી ત્રીજા અયનના ત્રીજા અર્ધ મંડળના $\frac{૮}{૬૭}$ , $\frac{૧૮}{૩૧}$ ભાગે ચંદ્ર પરિભ્રમણ કરતા પહોંચે ત્યારે ચંદ્ર માસ પૂર્ણ થાય છે.

**સંઠિઈ–** સંસ્થિતિ–સ્થિતિ. ચંદ્ર ઉત્તરાયણમાં લવણ સમુદ્ર ઉપરના અંતિમ મંડળથી મેરુ પર્વત તરફના પ્રથમ મંડળ તરફ અંદર આવે અને દક્ષિણાયનમાં સર્વાભ્યંતર મંડળથી બહાર નીકળે, રાહુગ્રહના આવરણના કારણે ચંદ્ર બિંબની ક્ષય–વૃદ્ધિ દેખાય, તેનો આકાર(સંસ્થાન) બદલાતો રહે, આવી ચંદ્રની સ્થિતિ(સંસ્થિતિ) છે. મનુષ્યની દષ્ટિમાં જે દેખાય છે તે ચંદ્ર વિમાન છે. તેમાં વૈક્રિયાદિ ઋદ્ધિ સંપન્ન ચંદ્ર દેવ રહે છે.

## ।। તેરમું પ્રાભૃત સંપૂર્ણ ।।

# ચૌદમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત ચૌદમા પ્રાભૃતમાં ચંદ્ર પ્રકાશની બહુલતા અને પ્રકાશના અભાવમાં અંધકારની બહુલતા (**कया ते दोसिणा बहू ? १/१/३**)ના સમયનો નિર્દેશ છે.

કૃષ્ણ પક્ષમાં કે અંધકાર પક્ષમાં અંધકારની બહુલતા હોય છે અને શુક્લપક્ષ કે જ્યોત્સના(**दोसिण**) પક્ષમાં ચંદ્ર પ્રકાશની બહુલતા હોય છે. કૃષ્ણપક્ષમાં ૧૫ તિથિઓ છે અને તેના ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્તમાં ચંદ્ર વિમાન રાહુગ્રહના વિમાનથી ક્રમશઃ આવરિત થાય છે અને તેથી કૃષ્ણપક્ષમાં અંધકાર વધે છે. શુક્લપક્ષમાં પણ ૧૫ તિથિઓ છે અને તેના ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્તમાં ચંદ્ર વિમાન રાહુગ્રહના વિમાનથી ક્રમશઃ અનાવરિત થાય છે, તેથી શુક્લ પક્ષમાં ચંદ્રપ્રકાશ વધે છે.

શુક્લ પક્ષમાં પ્રકાશની બહુલતા હોય છે અને કૃષ્ણપક્ષમાં અંધકારની બહુલતા હોય છે. આ કથન પૂર્ણિમા અને અમાસની અપેક્ષાએ છે. શુક્લપક્ષની ચૌદશના ચંદ્ર જેટલો અવિરત હોય તેટલો જ કૃષ્ણ પક્ષની એકમના હોય છે. સુદ–તેરસ અને વદ–બીજ, સુદ–તેરસ અને વદ–બીજ, સુદ– બારસ–વદ અને ત્રીજના ચંદ્રની આવિરત–અનાવરિત અવસ્થા સમાન હોય છે. એક માત્ર અમાસના દિવસે ચંદ્ર સંપૂર્ણ આવિરત અને પૂનમના દિવસે સંપૂર્ણ અનાવરિત હોય છે, તેથી અમાસના દિવસે અંધકારની બહુલતા અને પૂર્ણિમાના પ્રકાશની બહુલતા હોય છે, તેમ કહેવાય છે.

❖❖❖❖❖

# ચૌદમું પ્રાભૃત

## ચંદ્ર પ્રકાશની બહુલતા

**ચંદ્ર પ્રકાશની અધિકતા–ન્યૂનતા :–**

**१** **ता कया ते दोसिणा बहू आहिएति वएज्जा ? ता दोसिणापक्खत्ते णं दोसिणा बहू आहिएति वएज्जा ।**

**ता कहं ते दोसिणापक्खे दोसिणा बहू आहिएति वएज्जा ? ता अंधकारपक्खाओ णं दोसिणा पक्खदोसिणा बहू आहिएति वएज्जा ।**

**ता कहं ते अंधकारपक्खाओ णं दोसिणापक्खे दोसिणा बहू आहिएति वएज्जा ? ता अंधकारपक्खाओ णं दोसिणापक्खं अयमाणे चंदे चत्तारि बायाले मुहुत्तसए छत्तालीसं च बावट्ठिभागे मुहुत्तस्स जाइं चंदे विरज्जइ, तं जहा– पढमाए पढमं भागं बिइयाए बिइयं भागं जाव पण्णरसीए पण्णरसमं भागं । एवं खलु अंधकारपक्खाओ णं दोसिणापक्खे दोसिणा बहू आहिएति वएज्जा।**

**ता केवइया णं दोसिणापक्खे दोसिणा बहू आहिएति वएज्जा ? ता परित्ता असंखेज्जा भागा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્રનો પ્રકાશ ક્યારે વધારે હોય છે ? **ઉત્તર–** જ્યોત્સના પક્ષ અર્થાત્ શુક્લ પક્ષ(સુદ)માં ચંદ્રનો પ્રકાશ વધારે હોય છે.

**પ્રશ્ન–** ચંદ્રનો પ્રકાશ શુક્લ પક્ષમાં કોના કરતા વધારે હોય છે ? **ઉત્તર–** અંધકાર પક્ષ અર્થાત્ કૃષ્ણ પક્ષ(વદ) કરતા શુક્લ પક્ષમાં ચંદ્રનો પ્રકાશ વધુ હોય છે.

**પ્રશ્ન–** કૃષ્ણ પક્ષ કરતા શુક્લ પક્ષમાં ચંદ્રનો પ્રકાશ વધારે શા માટે હોય છે ? **ઉત્તર–** કૃષ્ણ પક્ષમાંથી શુક્લ પક્ષમાં પ્રવેશતા ચંદ્રની કળાઓ(અંશો) ચારસો બેતાલીસ પૂર્ણાંક છેતાલીસ બાસઠાંશ (૪૪૨ $\frac{૪૬}{૬૨}$) મુહૂર્ત પર્યંત અનાવૃત(પ્રગટ, ખુલ્લી) થતી જાય છે, યથા– પ્રથમ પ્રતિપદા(એકમ)ના દિવસે પંદરમો એક ભાગ અથવા $\frac{૪}{૬૨}$ ભાગ, બીજના બીજો ભાગ અથવા $\frac{૮}{૬૨}$ ભાગ ***યાવત્*** પંદરમા(પૂર્ણિમાના) દિવસે પંદર ભાગ અથવા $\frac{૬૦}{૬૨}$ ભાગ અનાવૃત(પ્રગટ) થાય છે, તેથી કૃષ્ણપક્ષ કરતા શુક્લ પક્ષમાં ચંદ્રનો પ્રકાશ વધારે હોય છે.

**પ્રશ્ન–** શુક્લ પક્ષમાં ચંદ્રનો પ્રકાશ કેટલો વધારે હોય છે ? **ઉત્તર–** શુક્લ પક્ષમાં પરિમિત અસંખ્યાત ભાગ વધારે પ્રકાશ હોય છે.

**२** **ता कया ते अंधकारे बहू आहिएति वएज्जा ? ता अंधकारपक्खे णं अंधकारे बहू आहिएति वएज्जा ।**

**ता कहं ते अंधकारपक्खे अंधकारे बहू आहिएति वएज्जा ? ता दोसिणापक्खाओ अंधकारपक्खे अंधकारे बहू आहिएति वएज्जा ?**

**ता कहं ते दोसिणापक्खाओ अंधकारपक्खे अंधकारे बहू आहिएति वएज्जा ? ता दोसिणापक्खाओ णं अंधकारपक्खं अयमाणे चंदे चत्तारि बायाले मुहुत्तसये छयालीसं च बावट्ठिभागे मुहुत्तस्स जाइं चंदे रज्जति, तं जहा- पढमाए पढमं भागं बितियाए बिइयं भागं** *जाव* **पण्णरसीए पण्णरसमं भागं ।एवं खलु दोसिणापक्खाओ णं अंधकारपक्खे अंधकारे बहू आहिएति वएज्जा।**

**ता केवइए णं अंधकारपक्खे अंधकारे बहू आहिएति वएज्जा ? परित्ता असंखेज्जा भागा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** અંધકાર ક્યારે વધારે હોય છે ? **ઉત્તર–** અંધકારપક્ષ અર્થાત્ કૃષ્ણ પક્ષ(વદ)માં અંધકાર વધારે હોય છે.

**પ્રશ્ન–** કૃષ્ણ પક્ષમાં અંધકાર કોના કરતા વધારે હોય છે ? **ઉત્તર–** શુક્લ પક્ષ કરતા કૃષ્ણ પક્ષમાં અંધકાર વધારે હોય છે.

**પ્રશ્ન–** શુક્લ પક્ષ કરતા કૃષ્ણ પક્ષમાં અંધકાર શા માટે વધારે હોય છે ? **ઉત્તર–** શુક્લ પક્ષમાંથી કૃષ્ણ પક્ષમાં પ્રવેશતા ચંદ્રની કળાઓ(અંશો) ચારસો બેતાલીસ પૂર્ણાંક છેતાલીસ બાસઠાંશ(૪૪૨ $\frac{૪૬}{૬૨}$ ) મુહૂર્ત પર્યંત ક્રમશઃ આવરિત થતી જાય– ઢંકાતી જાય છે, યથા– પ્રથમ(એકમ)ના દિવસે એક ભાગ અથવા $\frac{૪}{૬૨}$ ભાગ, બીજના દિવસે બીજો ભાગ (અથવા $\frac{૮}{૬૨}$ ભાગ) ***યાવત્*** પંદરમા(અમાસના) દિવસે પંદરમો ભાગ (અથવા $\frac{૬૦}{૬૨}$ ભાગ) આવરિત(ઢંકાય) થઈ જાય છે, તેથી શુક્લ પક્ષ કરતાં કૃષ્ણ પક્ષમાં અંધકાર વધારે હોય છે.

**પ્રશ્ન–** કૃષ્ણ પક્ષમાં અંધકાર કેટલો વધારે હોય છે ? **ઉત્તર–** કૃષ્ણ પક્ષમાં પરિમિત અસંખ્યાત ભાગ વધારે અંધકાર હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શુક્લ પક્ષમાં પ્રકાશની અને કૃષ્ણ પક્ષમાં અંધકારની અધિકતાનું કારણ દર્શાવવામાં આવ્યું છે. ચંદ્ર માસ ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર પ્રમાણ છે. એક ચંદ્ર માસમાં બે પક્ષ છે– કૃષ્ણ પક્ષ અને શુક્લ પક્ષ, તેના મુહૂર્ત ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ થાય છે.


**पढमाए पढमं भागं..... :–** એકમના દિવસે એક ભાગ આવરિત થાય છે અથવા અનાવરિત થાય છે. ચંદ્ર વિમાનના સોળ ભાગ અથવા બાસઠ ભાગ અને રાહુ વિમાનના પંદર ભાગની કલ્પના કરવામાં આવે, તો કૃષ્ણ પક્ષની પ્રથમ એકમ તિથિએ રાહુવિમાનનો એક ભાગ ચંદ્ર વિમાનના સોળીયા એક ભાગને અથવા બાસઠીયા ચાર ($\frac{૪}{૬૨}$) ભાગને આવરિત કરે છે. બીજના દિવસે રાહુ વિમાનના બે ભાગ ચંદ્ર વિમાનના સોળીયા બે ભાગને અથવા બાસઠીયા આઠ ($\frac{૮}{૬૨}$) ભાગને આવરિત કરે છે. આ રીતે ક્રમશઃ રાહુ વિમાનનો એક-એક ભાગ ચંદ્ર વિમાનના સોળીયા એક-એક ભાગ અથવા બાસઠીયા ચાર-ચાર ભાગને આવરિત કરતાં-કરતાં અમાસના દિવસે સંપૂર્ણ રાહુ વિમાન ચંદ્ર વિમાનના સોળીયા પંદર ભાગ અથવા બાસઠીયા સાઠ ($\frac{૬૦}{૬૨}$) ભાગને આવરિત કરે છે. ચંદ્ર વિમાનનો સોળમો ભાગ અથવા બાસઠીયા બે

ભાગ કદાપિ આવરિત થતા નથી, તે સદાકાળ ખુલ્લા રહે છે.

શુક્લપક્ષની એકમના રાહુ વિમાનનો પ્રથમ એક ભાગ ચંદ્ર વિમાનના સોળીયા એક ભાગને અથવા બાસઠીયા ચાર ભાગને અનાવરિત કરે છે, પ્રત્યેક તિથિના ચાર-ચાર બાસઠીયા ભાગ અનાવરિત થતાં-થતાં પૂર્ણિમાના દિવસે આખેઆખું ચંદ્ર વિમાન અનાવરિત થઈ જાય છે.

રાહુ વિમાન ચંદ્ર વિમાનને આવરિત કરે તે પ્રતિપદાદિ તિથિઓ કૃષ્ણ પક્ષ, વદ કે અંધકાર પક્ષ કહેવાય છે અને રાહુ વિમાન ચંદ્ર વિમાનને અનાવરિત(ખુલ્લું) કરે, તે શુક્લ પક્ષ, સુદ કે જ્યોત્સનાપક્ષ કહેવાય છે.

શુક્લ પક્ષની એકમ તિથિના પ્રથમ ક્ષણથી આરંભી ૪૪૨ ૪૬/૬૨ મુહૂર્તના દરેક મુહૂર્તમાં ક્રમશઃ ધીરે-ધીરે ચંદ્ર પ્રગટ(પ્રકાશિત) થાય છે અને કૃષ્ણ પક્ષમાં એકમ તિથિના પ્રથમ ક્ષણથી આરંભી ૪૪૨ ૪૬/૬૨ મુહૂર્તના દરેક મુહૂર્તમાં ક્રમશઃ ધીરે-ધીરે ચંદ્ર આવરિત થાય છે અર્થાત્ અદશ્ય થતો જાય છે. સુદ–એકમના ચંદ્રની જે સ્થિતિ હોય છે તેવી જ સ્થિતિ વદ–૧૪ના હોય છે. સુદ–બીજના ચંદ્રની જે સ્થિતિ હોય છે તેવી જ સ્થિતિ વદ–૧૩ના હોય છે. આ રીતે જેટલા પ્રમાણમાં શુક્લ પક્ષમાં પ્રકાશ થાય છે, તેટલા જ પ્રમાણમાં કૃષ્ણ પક્ષમાં પણ પ્રકાશ હોય છે, પરંતુ પ્રદેશ ભેદથી ચંદ્રના દશ્ય–અદશ્યપણામાં ભિન્નતા જણાય છે, તેથી કૃષ્ણ પક્ષ કરતાં શુક્લ પક્ષમાં વધારે પ્રકાશ છે, તેમ કહેવાય છે.




## ।। ચૌદમું પ્રાભૃત સંપૂર્ણ ।।

# પંદરમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત પંદરમા પ્રાભૃતમાં ચંદ્રાદિ જ્યોતિષ્ક વિમાનોની શીઘ્ર(તેજ) મંદ ગતિ (**के सिग्धगई वुत्ते १/१/३**)નું તથા તેઓની મુહૂર્ત ગતિ અને ભિન્નતાના કારણે સર્જાતા એક મુહૂર્ત, એક અહોરાત્ર, એક માસમાં પરિભ્રમિત મંડળોની સંખ્યાના તફાવતનો નિર્દેશ છે.

જ્યોતિષ્ક વિમાનોમાં સૌથી મંદગતિ ચંદ્રની છે. તેના કરતાં ક્રમશઃ સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ શીઘ્ર–શીઘ્રતર ગતિગામી છે. તેઓની ગતિની તરતમતાના કારણે તેઓની મુહૂર્ત ગતિ ભિન્ન-ભિન્ન છે. છપ્પન નક્ષત્રોના યોગક્ષેત્રરૂપ મંડળ પરિધિના ૧,૦૯,૮૦૦ અંશ(ભાગ) કરવામાં આવે તો ચંદ્ર એક મુહૂર્તમાં ૧૭૬૮ મંડળ ભાગ, સૂર્ય ૧૮૩૦ મંડળ ભાગ અને નક્ષત્રો ૧૮૩૫ મંડળ ભાગ ઉપર પરિભ્રમણ કરે છે. પ્રત્યેક મુહૂર્તે ચંદ્ર કરતાં સૂર્ય ૬૨ ભાગ અને નક્ષત્રો ૬૭ ભાગ વધુ ચાલે છે.

પોત-પોતાના મંડળ ઉપર પરિભ્રમણ કરતા ચંદ્રનું સૂર્ય, ગ્રહ, નક્ષત્રો જેટલા સમયમાં જે ક્ષેત્રમાં પરસ્પર સહપરિભ્રમણ કરે છે, તે યોગ(ભોગ) કહેવાય છે. ચંદ્ર અને સૂર્ય સાથે ક્રમશઃ એકપછી એક નક્ષત્ર, ગ્રહ યોગ કરે છે. એક નક્ષત્ર પોતાના યોગકાળ પર્યંત યોગ કરીને યોગ સમાપ્ત કરે ત્યારે બીજું નક્ષત્ર યોગમાં આવે છે. તેનું વિસ્તૃત વર્ણન પ્રાભૃત ૧૦/૨ માં છે. તે જ રીતે એક ગ્રહનો યોગ સમાપ્ત થતાં બીજો ગ્રહ યોગ પ્રારંભ કરે છે.

ગતિની ભિન્નતાના કારણે ચંદ્ર, સૂર્ય, નક્ષત્રાદિની મંડળ સંખ્યામાં ભિન્નતા થાય છે.

એક નક્ષત્ર માસમાં ચંદ્ર $૧૩\frac{૧૩}{૬૭}$ મંડળ, સૂર્ય $૧૩\frac{૪૪}{૬૭}$ મંડળ, નક્ષત્ર $૧૩\frac{૪૬॥}{૬૭}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

એક ચંદ્ર માસમાં ચંદ્ર $૧૪\frac{૩૨}{૧૨૪}$($૧૪\frac{૧૬}{૬૨}$)મંડળ, સૂર્ય $૧૪\frac{૯૪}{૧૨૪}$ ($૧૪\frac{૪૭}{૬૨}$) મંડળ અને નક્ષત્ર $૧૪\frac{૯૯}{૧૨૪}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

એક ઋતુ માસમાં ચંદ્ર $૧૪\frac{૩૦}{૬૧}$ મંડળ, સૂર્ય ૧૫ મંડળ અને નક્ષત્ર $૧૫\frac{૫}{૧૨૨}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

એક સૂર્ય માસમાં ચંદ્ર $૧૪\frac{૧૧}{૧૫}$ મંડળ, સૂર્ય $૧૫\frac{૧}{૪}$ મંડળ અને નક્ષત્ર $૧૫\frac{૩૫}{૧૨૦}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

એક અભિવર્ધિત માસમાં ચંદ્ર $૧૫\frac{૮૩}{૧૮૬}$ મંડળ, સૂર્ય $૧૫\frac{૨૪૫}{૨૪૮}$ મંડળ અને નક્ષત્ર $૧૬\frac{૪૭}{૧૪૮૮}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

એક અહોરાત્રમાં ચંદ્ર $\frac{૩૧}{૯૧૫}$ ભાગ ન્યૂન એક અર્ધમંડળને, સૂર્ય એક અર્ધ મંડળને અને નક્ષત્ર $\frac{૨}{૭૩૨}$ ભાગ અધિક એક અર્ધમંડળ($૧\frac{૨}{૭૩૨}$અર્ધમંડળ)ને પાર કરે છે.

એક પરિપૂર્ણ મંડળને ચંદ્ર $૨\frac{૩૧}{૪૦૨}$અહોરાત્રમાં, સૂર્ય ૨ અહોરાત્રમાં અને નક્ષત્ર $૧\frac{૩૬૫}{૩૬૭}$ અહોરાત્રમાં પાર કરે છે.

એક યુગમાં ચંદ્ર ૮૮૪ મંડળ, સૂર્ય ૯૧૫ મંડળ અને નક્ષત્ર ૯૧૭॥ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

❖❖❖❖❖

# પંદરમું પ્રાભૃત

## જ્યોતિષ્ક વિમાનોની ગતિ

**ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓની ગતિ :–**

**१ ता कहं ते सिग्धगई आहिएति वएज्जा ? ता एएसि णं चंदिम-सूरिय-गहगण-णक्खत्त-ताराख्वाणं चंदेहिंतो सूरा सिग्धगई, सूरेहिंतो गहा सिग्धगई, गहेहिंतो णक्खत्ता सिग्धगई, णक्खत्तेहिंतो तारा सिग्धगई । सव्वप्पगई चंदा, सव्वसिग्धगई तारा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓમાં સર્વથી શીઘ્રગતિવાળું કોણ છે ? **ઉત્તર–** ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓમાં ચંદ્ર કરતા સૂર્ય શીઘ્રગતિવાળા છે. સૂર્ય કરતા ગ્રહ શીઘ્રગતિવાળા છે, ગ્રહ કરતા નક્ષત્ર શીઘ્રગતિવાળા છે અને નક્ષત્ર કરતા તારાઓ શીઘ્રગતિવાળા છે. ચંદ્ર સર્વથી અલ્પ ગતિવાળા છે અને તારાઓ સર્વથી શીઘ્રગતિવાળા છે.

**ચંદ્ર, સૂર્ય, નક્ષત્રની અંશાત્મક મુહૂર્ત ગતિ :–**

**२ ता एगमेगेणं मुहुत्तेणं चंदे केवइयाइं भागसयाइं गच्छइ ? ता जं-जं-मंडलं उवसंकमित्ता चारं चरइ तस्स-तस्स मंडलपरिक्खेवस्स सत्तरस अडसट्ठिं भागसए गच्छइ, मंडलं सयसहस्सेणं अट्ठाणउइए सएहिं छेत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચંદ્ર પ્રતિ મુહૂર્તમાં મંડલ-પરિધિના કેટલા ભાગ ઉપર ગમન કરે છે ?

**ઉત્તર–** ચંદ્ર જે-જે મંડળ ઉપર પરિભ્રમણ કરતો હોય, તે-તે મંડલની પરિધિના $\frac{૧૭૬૮}{૧,૦૯,૮૦૦}$ ભાગ ઉપર એક મુહૂર્તમાં ગમન કરે છે અર્થાત્ ચંદ્ર એક મંડલના એક લાખ, અટ્ઠાણું સો ભાગમાંથી સત્તરસો અડસઠ ભાગને એક મુહૂર્તમાં પાર કરે છે.

**३ ता एगमेगेणं मुहुत्तेणं सूरिए केवइयाइं भागसयाइं गच्छइ ? ता जं-जं मंडलं उवसंकमित्ता चारं चरइ तस्स-तस्स मंडल-परिक्खेवस्स अट्ठारस तीसे भागसए गच्छइ, मंडलं सयसहस्सेणं अट्ठाणउइए सएहिं छेत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્ય પ્રતિમુહૂર્તે મંડલ પરિધિના કેટલા ભાગ ઉપર ગમન કરે છે ? **ઉત્તર–** સૂર્ય જે જે મંડલ ઉપર પરિભ્રમણ કરતો હોય, તે-તે મંડલની પરિધિના $\frac{૧૮૩૦}{૧,૦૯,૮૦૦}$ ભાગ ઉપર એક મુહૂર્તમાં ગમન કરે છે અર્થાત્ સૂર્ય એક મુહૂર્તમાં એક મંડલના એક લાખ અટ્ઠાણું સો ભાગમાંથી અઢાર સો ત્રીસ ભાગને પાર કરે છે.

**૪** **ता एगमेगेणं मुहुत्तेणं णक्खत्ते केवइयाइं भागसयाइं गच्छइ ? ता जं-जं मंडलं उवसंकमित्ता चारं चरइ तस्स-तस्स मंडलपरिक्खेवस्स अट्ठारस पणईसे भागसए गच्छइ, मंडलं सयसहस्सेणं अट्ठाउणउईए सएहिं छेत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નક્ષત્ર પ્રતિમુહૂર્તમાં મંડલ-પરિધિના કેટલા ભાગ ઉપર ગમન કરે છે? **ઉત્તર–** નક્ષત્ર જે જે મંડલ ઉપર પરિભ્રમણ કરતો હોય છે, તે-તે મંડલની પરિધિના $\frac{૧૮૩૫}{૧૦૯૮૦૦}$ ભાગ ઉપર પ્રતિ મુહૂર્તમાં ગમન કરે છે અર્થાત્ એક મંડલના એક લાખ અઠ્ઠાણુ સો ભાગમાંથી નક્ષત્ર એક મુહૂર્તમાં અઢ ારસો પાંત્રીસ ભાગને પાર કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રોની અંશ(ભાગ) રૂપે મુહૂર્તગતિનું કથન છે. નક્ષત્રના ચંદ્ર-સૂર્યના યોગ ક્ષેત્રના આધારે મંડળ પરિધિની અંશરૂપે ગણના કરી મુહૂર્તગતિ પ્રગટ કરી છે. છપ્પન નક્ષત્રો પોત–પોતાના યોગકાળ દરમ્યાન જે જે ક્ષેત્રમાં યોગ કરે છે, તે સર્વ યોગ ક્ષેત્રનો ક્ષેત્ર વિસ્તાર ૧,૦૯,૮૦૦ અંશાત્મક છે. તે અંશભાગ રૂપ સીમા વિષ્કંભમાંથી એક મુહૂર્તમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર કેટલું ગમન કરે છે ? તે સૂત્રકારે સમજાવ્યું છે.

**અંશરૂપે નક્ષત્ર મંડળનો સીમા વિસ્તાર :–** એક અહોરાત્રના ૬૭ ભાગની કલ્પના કરીએ તો સમ ક્ષેત્રી નક્ષત્રના ૬૭ ભાગ, અર્ધ ક્ષેત્રી નક્ષત્રના સાડાતેત્રીસ (૩૩ાા) ભાગ અને સાર્ધ ક્ષેત્રી નક્ષત્રના સાડા સો (૧૦૦ાા) ભાગ થાય. સમ ક્ષેત્રી વગેરે નક્ષત્રોના અંશ–ભાગ શોધવા ૬૭થી ગુણતા–

સમ ક્ષેત્રી નક્ષત્ર ૧૫ × ૬૭ અંશ = ૧,૦૦૫ અંશ.

અર્ધ ક્ષેત્રી નક્ષત્ર ૬ × ૬૭ અંશ = ૪૦૨ અંશ

સાર્ધ(દોઢ) ક્ષેત્રી નક્ષત્ર ૬ × ૬૭ અંશ = ૪૦૨ અંશ અને અભિજિત નક્ષત્રના ૨૧ અંશ છે. આ સર્વનો સરવાળો કરતાં ૧,૦૦૫ + ૪૦૨ + ૪૦૨ + ૨૧ = ૧,૮૩૦ અંશ પ્રાપ્ત થાય છે. આ રીતે ૨૮ નક્ષત્રના ૧,૮૩૦ અને ૫૬ નક્ષત્રના ૧૮૩૦ + ૧૮૩૦ = ૩,૬૬૦ અંશ થયા. પ્રત્યેક નક્ષત્ર એક મુહૂર્તમાં આટલા અંશો ચાલે છે તેથી એક અહોરાત્રના ૩૦ મુહૂર્તથી ગુણતા ૩,૬૬૦ × ૩૦ = ૧,૦૯,૮૦૦ અંક(ભાગ) પ્રાપ્ત થયા.

એક મંડળના ૧,૦૯,૮૦૦ અંશમાંથી ચંદ્ર એક મુહૂર્તમાં ૧,૭૬૮ અંશ, સૂર્ય ૧,૮૩૦ અંશ, અને નક્ષત્ર ૧,૮૩૫ અંશ ચાલે છે.

**ચંદ્રની અંશાત્મક મુહૂર્ત ગતિ :–** એક યુગમાં પ્રત્યેક(બે) ચંદ્ર ૮૮૪–૮૮૪ અર્ધ મંડળ અર્થાત્ ૮૮૪ × ૨ = ૧૭૬૮ અર્ધ મંડળ ચાલે છે. એક યુગના ૧૮૩૦ અહોરાત્ર છે. ચંદ્રો ૧૭૬૮ અર્ધ મંડળ ૧૮૩૦ અહોરાત્રમાં પાર કરે છે, તો ૨ અર્ધ મંડળ(એક પરિપૂર્ણ મંડળ)ને ચાલવામાં કેટલો સમય લાગે ? આ

રીતે ત્રિરાશિ મૂકતા $\frac{૧૮૩૦}{૧} \times \frac{૨}{૧૭૬૮} = \frac{૩૬૦૦}{૧૭૬૮}$ તેના પૂર્ણાંક કાઢતાં $૨\frac{૧૨૪}{૧૭૬૮}$ અહોરાત્રમાં ચંદ્ર એક મંડળ ચાલે છે. તેના મુહૂર્ત કરવા તેને ૩૦ થી ગુણતાં $૨\frac{૧૨૪}{૧૭૬૮}$ × ૩૦ તેમાં ૨ × ૩૦ = ૬૦ મુહૂર્ત અને $\frac{૧૨૪}{૧૭૬૮} \times \frac{૩૦}{૧} = \frac{૩૭૨૦}{૧૭૬૮}$ (૩૭૨૦÷૧૭૬૮ = $૨\frac{૧૮૪}{૧૭૬૮}$ મુહૂર્ત નો ૮ થી છેદ ઉડાડતા $\frac{૨૩}{૨૨૧}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. ૬૦ + $૨\frac{૨૩}{૨૨૧} = ૬૨\frac{૨૩}{૨૨૧}$ મુહૂર્તે ચંદ્ર બે અર્ધ મંડળ(એક પરિપૂર્ણ મંડળ) ચાલે છે. હવે બાસઠ મુહૂર્તના બસો એકવીસયા મુહૂર્તાંશ કરવા ૬૨ × ૨૨૧ = ૧૩૭૦૨ થાય અને તેમાં પૂર્વના ૨૩ ઉમેરતા(૧૩૭૦૨ + ૨૩) = ૧૩૭૨૫ (બસો એકવીસયા તેર હજાર સાતસો પચ્ચીસ) અંશ પ્રાપ્ત થયા છે.

ચંદ્ર ૧૩,૭૨૫ મુહૂર્તાંશમાં ૧,૦૯,૮૦૦ યોજનાંશવાળું મંડળ પૂર્ણ કરે છે, તો ૨૨૧ મુહૂર્તાંશમાં કેટલું ચાલે ? આ પ્રમાણે ત્રિરાશિ મૂકતા $\frac{૧૦૯૮૦૦}{૧} \times \frac{૨૨૧}{૧૩૭૨૫}$ = ૨,૪૫,૬૫,૮૦૦ ÷ ૧૩,૭૨૫ = ૧,૭૬૮ અંશરૂપ ચંદ્ર મુહૂર્ત ગતિ પ્રાપ્ત થાય છે.

**સૂર્યની અંશાત્મક મુહૂર્ત ગતિ :–** એક યુગમાં પ્રત્યેક(બે) સૂર્ય ૯૧૫-૯૧૫ મંડળ અર્થાત્ ૯૧૫ × ૨ = ૧૮૩૦ અર્ધ મંડળ ચાલે છે. એક યુગના ૧૮૩૦ અહોરાત્ર છે. સૂર્ય ૧૮૩૦ અર્ધ મંડળ, ૧૮૩૦ અહોરાત્રમાં પાર કરે છે, તો બે અર્ધ(એક પ્રતિપૂર્ણ) મંડળ ચાલવામાં સૂર્યને કેટલો સમય લાગે ? આ રીતે ત્રિરાશિ મૂકતા $\frac{૧૮૩૦}{૧} \times \frac{૨}{૧૮૩૦}$ તેનો છેદ ઉડાડતા બે અહોરાત્ર પ્રાપ્ત થાય છે. બે અહોરાત્રમાં અર્થાત્ ૬૦ મુહૂર્તમાં એક સૂર્ય પૂર્ણ મંડળ(બે અર્ધ મંડળ) ઉપર ચાલે છે. ૬૦ મુહૂર્તે ૧,૦૯,૮૦૦ અંશવાળું મંડળ ચાલે છે, તો એક મુહૂર્તમાં કેટલું ચાલે ? આ પ્રમાણે ત્રિરાશિ મૂકતાં ૧,૦૯,૮૦૦ ÷ ૬૦ = ૧૮૩૦ અંશ રૂપ સૂર્યની મુહૂર્ત ગતિ પ્રાપ્ત થાય છે.

**નક્ષત્રની અંશાત્મક મુહૂર્ત ગતિ :–** એક યુગમાં(૨૮-૨૮) નક્ષત્રો ૯૧૭ા–૯૧૭ા મંડળ અર્થાત્ ૯૧૭ા × ૨ = ૧૮૩૫ અર્ધમંડળ ચાલે છે. ૧૮૩૫ અર્ધમંડળને નક્ષત્રો ૧૮૩૦ અહોરાત્રમાં પાર કરે છે, તો ૨ અર્ધમંડળને કેટલા સમયમાં પાર કરે ? આ રીતે ત્રિરાશિ મૂકતા $\frac{૧૮૩૦}{૧} \times \frac{૨}{૧૮૩૫} = \frac{૩૬૬૦}{૧૮૩૫}$ = ૧ અહોરાત્ર અને $\frac{૧૮૨૫}{૧૮૩૫}$ શેષ રહે છે. તેના મુહૂર્ત કરવા ૩૦ થી ગુણતા $\frac{૧૮૨૫}{૧૮૩૫} \times ૩૦ = \frac{૫૪૭૫૦}{૧૮૩૫} = ૨૯\frac{૧૫૩૫}{૧૮૩૫}$ નો ૫ થી છેદ ઉડાડ તા $૨૯\frac{૩૦૭}{૩૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે.

આ રીતે ૧ અહોરાત્ર, ૨૯ મુહૂર્ત અને $\frac{૩૦૭}{૩૬૭}$ મુહૂર્તાંશમાં નક્ષત્રો ૨ અર્ધમંડળ(૧ પરિપૂર્ણ મંડળ)ને પાર કરે છે. ૧ અહોરાત્ર અને ૨૯ મુહૂર્તના ત્રણસો સડસઠીયા ભાગ કરવા તેને ૩૬૭ થી ગુણતા (એક અહોરાત્રના ૩૦ મુહૂર્ત + ૨૯ મુહૂર્ત = ૫૯ × ૩૬૭ =) ૨૧,૬૫૩ + ૩૦૭ = ૨૧૯૬૦ મુહૂર્તાંશમાં નક્ષત્રો એક મંડળને પાર કરે છે. ૨૧,૯૬૦ મુહૂર્તાંશે ૧,૦૯,૮૦૦ અંશાત્મક મંડળ ચાલે તો ૩૬૭ મુહૂર્તાંશમાં કેટલું ચાલે ? આ પ્રમાણે ત્રિરાશિ મૂકતા $\frac{૧૦૯૮૦૦}{૧} \times \frac{૩૬૭}{૨૧૯૬૦}$ (આ ત્રિરાશિમાં ૧,૦૯,૮૦૦ × ૩૬૭ = ૪,૦૨,૯૬,૬૦૦ ÷ ૨૧,૯૬૦ = ૧,૮૩૫ અંશરૂપ નક્ષત્રની મુહૂર્ત ગતિ પ્રાપ્ત થાય છે.

**ચંદ્ર, સૂર્ય, નક્ષત્રની અંશાત્મક મુહૂર્ત ગતિ :–**

| જ્યોતિષ્ક દેવ | એક મંડળના ૧,૦૯,૮૦૦ અંશ માંથી એક મુહૂર્તમાં પાર કરવામાં આવતા અંશ | એક યુગમાં મંડળ ઉપર ચાલે | એક યુગમાં અર્ધમંડળ ઉપર ચાલે | એક મંડળ(અર્ધ બે મંડળ) પાર કરવાનો સમય | | |
|---|---|---|---|---|---|---|
| | | | | અહોરાત્ર | મુહૂર્ત | મુહૂર્તાંશ |
| ચંદ્ર | ૧૭૬૮ | ૮૮૪ | ૧૭૬૮ | ૨ : | ૨ : | $\frac{૨૩}{૨૨૧}$ |
| સૂર્ય | ૧૮૩૦ | ૯૧૫ | ૧૮૩૦ | ૨ : | ૦ : | ૦ |
| નક્ષત્ર | ૧૮૩૫ | ૯૧૭॥ | ૧૮૩૫ | ૧ : | ૨૯ : | $\frac{૩૦૭}{૩૬૭}$ |

**ચંદ્ર–સૂર્ય અને નક્ષત્રોની ગતિ ભિન્નતા :–**

**૫ ता जया णं चंदं गइसमावण्णं सूरे गइसमावण्णे भवइ, से णं गइमायाए केवइयं विसेसेइ ? बावट्ठिभागे विसेसेइ ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક મુહૂર્તમાં ચંદ્ર ગતિ સંપન્ન કરે અને સૂર્ય ગતિ સંપન્ન કરે, તે બંનેમાં શું વિશેષતા છે અર્થાત્ ચંદ્ર કરતા સૂર્યની ગતિ કેટલી વધુ છે ? **ઉત્તર–** પ્રત્યેક મુહૂર્તે ચંદ્ર કરતા સૂર્ય બાસઠ ભાગ વધુ ચાલે છે.

**૬ ता जया णं चंदं गइसमावण्णं णक्खत्ते गइसमावण्णे भवइ, से णं गइमायाए केवइयं विसेसेइ ? ता सत्तट्ठिं भागे विसेसेइ ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક મુહૂર્તમાં ચંદ્ર ગતિ સંપન્ન કરે અને નક્ષત્ર ગતિ સંપન્ન કરે, તે બંનેમાં શું વિશેષતા છે ? **ઉત્તર–** પ્રત્યેક મુહૂર્તે ચંદ્ર કરતા નક્ષત્ર સડસઠ ભાગ વધુ ચાલે છે.

**૭ ता जया णं सूरं गइसमावण्णं णक्खत्ते गइसमावण्णे भवइ, से णं गइमायाए केवइयं विसेसेइ ? ता पंच भागे विसेसेइ ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક મુહૂર્તમાં સૂર્ય ગતિ સંપન્ન કરે અને નક્ષત્ર ગતિ સંપન્ન કરે, તે બંનેમાં શું વિશેષતા છે ? **ઉત્તર–** પ્રત્યેક મુહૂર્તે સૂર્ય કરતા નક્ષત્ર પાંચ ભાગ વધુ ચાલે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, તે ત્રણેની ગતિની તરતમતાના પ્રમાણનું કથન છે. ત્રણેની મુહૂર્ત ગતિનું અંતર જ પરસ્પરની ગતિની વિશેષતા કહેવાય છે. ચંદ્ર એક મુહૂર્તમાં $\frac{૧૭૬૮}{૧,૦૯,૮૦૦}$ ભાગ ચાલે છે અને સૂર્ય $\frac{૧૮૩૦}{૧,૦૯,૮૦૦}$ ભાગ ચાલે છે. તેથી ૧૮૩૦ – ૧૭૬૮ = ૬૨ ભાગ થાય. આ રીતે ચંદ્ર કરતા સૂર્ય પ્રત્યેક મુહૂર્તે ૬૨ ભાગ વધુ ચાલે છે. તે જ રીતે ચંદ્ર કરતા નક્ષત્ર ૧૮૩૫–૧૭૬૮ = ૬૭ ભાગ અને સૂર્ય કરતા નક્ષત્ર ૧૮૩૫–૧૮૩૦ = ૫ ભાગ વધુ ચાલે છે.

**ચંદ્ર–સૂર્યનો નક્ષત્ર તથા ગ્રહ સાથે યોગકાળ :–**

**८ ता जया णं चंदं गइसमावण्णं अभिई णक्खत्ते णं गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ समासाएत्ता णव मुहुत्ते सत्तावीसं च सत्तट्ठिभागे मुहुत्तस्स चंदेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता विप्पजहइ विगयजोई यावि भवइ ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પરિભ્રમણ કરતા(ગતિમાન) ચંદ્ર સાથે ગતિમાન અભિજિત નક્ષત્ર પૂર્વ દિશાથી યોગ કરે છે. તે નવ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠીયા સત્યાવીસ ભાગ (૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત)સુધી યોગ કરીને પછી યોગ પરિવર્તિત કરીને અર્થાત્ અન્ય(શ્રવણ) નક્ષત્રને યોગ અર્પિત કરીને યોગ પૂર્ણ કરી વિગત યોગવાળું(યોગ રહિત) થાય છે.

**९ ता जया णं चंदं गइसमावण्णं सवणे णक्खत्ते गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ, समासाएत्ता तीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टिता, विप्पजहइ विगयजोई यावि भवइ।**

**एवं एएणं अभिलावेण णेयव्वं, पण्णरसमुहुत्ताइं, तीसइमुहुत्ताइं पणयालीसमुहुत्ताइं । भाणियव्वाइं** *जाव* **उत्तरासाढा ।**

**ભાવાર્થ :–** પરિભ્રમણ કરતા(ગતિમાન) ચંદ્ર સાથે ગતિમાન શ્રવણ નક્ષત્ર પૂર્વ દિશાથી યોગ કરે છે. તે ૩૦ મુહૂર્ત સુધી યોગ કરીને પછી યોગ પરિવર્તિત કરીને(અન્ય નક્ષત્રને યોગ અર્પિત કરીને) યોગ પૂર્ણ કરી વિગત યોગવાળું થાય છે.

આ રીતે આ જ અભિલાપ(પાઠ) દ્વારા ઉત્તરાષાઢા નક્ષત્ર સુધીના નક્ષત્રોના યોગનું કથન કરવું અને તેમાં પંદર મુહૂર્ત, ત્રીસ મુહૂર્ત અથવા પીસ્તાલીસ મુહૂર્ત, જેનો જેટલો યોગકાળ હોય ત્યાં સુધી યોગ કરે છે, તે પ્રમાણે કહેવું.

**१० ता जया णं चंदं गइसमावण्णं गहे गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ, समासाएत्ता चंदेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता जोयं विप्पजहइ, विगयजोयं यावि भवइ ।**

**ભાવાર્થ :–** પરિભ્રમણ કરતા(ગતિમાન) ચંદ્ર સાથે ગતિમાન ગ્રહ પૂર્વ દિશાથી યોગ કરે છે, યોગ કરીને(સાથે પરિભ્રમણ કરીને) પછી યોગ પરિવર્તન કરીને એટલે અન્ય ગ્રહને યોગ અર્પિત કરીને, યોગ તે ગ્રહ વિગત યોગવાળો થાય છે.

**११ ता जया णं सूरं गइसमावण्णं अभीइ णक्खत्ते गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ, समासाएत्ता चत्तारि अहोरत्ते छच्च मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएइ, जोयं जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता जोयं विप्पजहइ, विगयजोई यावि भवइ,**

**एवं छ अहोरत्ता एक्कवीसं मुहुत्ता य, तेरस अहोरत्ता बारस मुहुत्ता य, वीसं अहोरत्ता तिण्णि मुहुत्ता य सव्वे भाणियव्वा *जाव* ता जया णं सूरं गइसमावण्णं उत्तरासाढा णक्खत्ते गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ, समासाएत्ता वीसं अहोरत्ते तिण्ण य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता जोयं विप्पजहइ, विगयजोई यावि भवइ ।**

**ભાવાર્થ :–** પરિભ્રમણ કરતા(ગતિમાન) સૂર્ય સાથે ગતિમાન અભિજિત નક્ષત્ર પૂર્વ દિશાથી યોગ કરે છે. તે ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગમાં રહીને પછી યોગ પરિવર્તિત કરીને અર્થાત્ અન્ય(શ્રવણ) નક્ષત્રને યોગ અર્પિત કરીને યોગ પૂર્ણ કરી વિગત યોગવાળું થાય છે.

આ જ રીતે ૬ અહોરાત્ર અને ૨૧ મુહૂર્ત, ૧૩ અહોરાત્ર અને ૧૨ મુહૂર્ત, ૨૦ અહોરાત્ર અને ૩ મુહૂર્ત સુધી સર્વ નક્ષત્ર(જેનો જેટલો યોગકાળ હોય, તે પ્રમાણે) યોગ કરે છે, તેમ કહેવું યાવત્ પરિભ્રમણ કરતા(ગતિમાન) સૂર્ય સાથે ગતિમાન ઉત્તરાષાઢા નક્ષત્ર પૂર્વ દિશાથી યોગ કરે છે, યોગ કરીને તે ૨૦ અહોરાત્ર અને ૩ મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગમાં રહીને યોગ પરિવર્તિત કરીને, અન્ય(અભિજિત) નક્ષત્રને યોગ અર્પિત કરીને યોગ પૂર્ણ કરીને તે નક્ષત્ર વિગત યોગવાળું થાય છે.

**१२ ता जया णं सूरं गइसमावण्णं गहे गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ, समासाएत्ता सूरेण सद्धिं जोयं जोएइ, जोएत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता जोयं विप्पजहइ विगयजोई यावि भवइ ।**

**ભાવાર્થ :–** પરિભ્રમણ કરતા(ગતિમાન) સૂર્ય સાથે ગતિમાન ગ્રહ પૂર્વ દિશાથી યોગ કરે છે. પૂર્વ દિશાથી યોગ કરીને તે સૂર્ય સાથે યોગમાં રહે છે અને ત્યાર પછી યોગ પરિવર્તિત કરીને યોગ પૂર્ણ કરીને તે ગ્રહ વિગત યોગવાળો(યોગ રહિત) થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્રનો ૨૮ નક્ષત્ર તથા ગ્રહ સાથેના યોગ તથા સૂર્યના ૨૮ નક્ષત્ર તથા ગ્રહ સાથેના યોગકાળાદિનું વર્ણન છે. ૧૦મા પ્રાભૃતના બીજા પ્રતિપ્રાભૃતમાં તેનું વિસ્તૃત વર્ણન છે.

**પાંચ પ્રકારના માસમાં ચંદ્ર આદિની મંડળ પરિભ્રમણ સંખ્યા :–**

**१३ ता णक्खत्तेणं मासेणं चंदे कइ मंडलाइं चरइ ? ता तेरस मंडलाइं चरइ तेरस य सत्तट्ठिभागे मंडलस्स ।**

**ता णक्खत्तेणं मासेणं सूरे कइ मंडलाइं चरइ ? ता तेरस मंडलाइं चरइ चोत्तालीसं च सत्तट्ठिभागे मंडलस्स ।**

**ता णक्खत्तेणं मासेणं णक्खत्ते कइ मंडलाइं चरइ ? ता तेरस मंडलाइं चरइ अद्धसेयालीसं च सत्तट्ठिभागे मंडलस्स ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક નક્ષત્ર માસમાં ચંદ્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક નક્ષત્ર માસમાં ચંદ્ર ૧૩ $\frac{૧૩}{૬૭}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક નક્ષત્ર માસમાં સૂર્ય કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક નક્ષત્ર માસમાં સૂર્ય ૧૩ $\frac{૪૪}{૬૭}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક નક્ષત્ર માસમાં નક્ષત્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક નક્ષત્ર માસમાં નક્ષત્ર ૧૩ $\frac{૪૬॥}{૬૭}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**१४ ता चंदेणं मासेणं चंदे कइ मंडलाइं चरइ ? ता चोद्दस्स चउभागाइं मंडलाइं चरइ एगं च चउवीससयं भागं मंडलस्स ।**

**ता चंदेणं मासेणं सूरे कइ मंडलाइं चरइ ? ता पण्णरस चउभागूणाइं मंडलाइं चरइ एगं च चउवीससयभागं मंडलस्स ।**

**ता चंदेण मासेणं णक्खत्ते कइ मंडलाइं चरइ ? ता पण्णरस चउभागूणाइं मंडलाइं चरइ छच्च चउवीससयभागे मंडलस्स ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક ચંદ્ર માસમાં ચંદ્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક ચંદ્ર માસમાં ચંદ્ર સવા ચૌદ મંડળ અર્થાત્ ૧૪ મંડળ અને ૧૨૪ ભાગવાળા પંદરમા મંડળનો ચોથો ભાગ(૩૧ ભાગ) અને એક સો ચોવીસ્યો ૧ ભાગ (૩૧ + ૧ = ૩૨ ભાગ) અર્થાત્ ૧૪ $\frac{૩૨}{૧૨૪}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક ચંદ્રમાસમાં સૂર્ય કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે. **ઉત્તર–** એક ચંદ્રમાસમાં સૂર્ય ૧૨૪ ભાગવાળા મંડળનો ચોથો ભાગ ન્યૂન પંદર મંડળ અર્થાત્ પોણાપંદર(૧૪ $\frac{૯૩}{૧૨૪}$) મંડળ અને એકસો ચોવીસ્યો એક ભાગ(૯૩ + ૧ = ૯૪ ભાગ) એટલે ૧૪ $\frac{૯૪}{૧૨૪}$ મંડળ ભાગ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક ચંદ્ર માસમાં નક્ષત્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક ચંદ્ર માસમાં નક્ષત્ર પોણા પંદર(૧૪ $\frac{૯૩}{૧૨૪}$ મંડળ અને એકસો ચોવીસ્યા છ ભાગ(૯૩ + ૬ = ૯૯ ભાગ) અર્થાત્ ૧૪ $\frac{૯૯}{૧૨૪}$ મંડળ ભાગ ઉપર પરિભ્રમણ કરે છે.

**१५ ता उऊणा मासेणं चंदे कइ मंडलाइं चरइ ? ता चोद्दस मंडलाइं चरइ तीसं च एगट्ठिभागे मंडलस्स ।**

**ता उऊणा मासेणं सूरे कइ मंडलाइं चरइ ? ता पण्णरस मंडलाइं चरइ ।**

**ता उऊणा मासेणं णक्खत्ते कइ मंडलाइं चरइ ? ता पण्णरस मंडलाइं चरइ पंच य बावीस सयभागे मंडलस्स ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક ઋતુમાસમાં ચંદ્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક ઋતુ માસમાં ચંદ્ર ૧૪ $\frac{૩૦}{૬૧}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક ઋતુમાસમાં સૂર્ય કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક ઋતુમાસમાં સૂર્ય ૧૫ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક ઋતુ માસમાં નક્ષત્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક ઋતુ માસમાં નક્ષત્ર ૧૫ $\frac{૫}{૧૨૨}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**૧૬** **ता आइच्चेणं मासेणं चंदे कइ मंडलाइं चरइ ? ता चोद्दस्स मंडलाइं चरइ एक्कारस य पण्णरसभागे मंडलस्स ।**

**ता आइच्चेणं मासेणं सूरे कइ मंडलाइं चरइ ? ता पण्णरस चउभागाहिगाइं मंडलाइं चरइ ।**

**ता आइच्चेणं मासेणं णक्खत्ते कइ मंडलाइं चरइ ? ता पण्णरस (चउभागाहिगाइं) मंडलाइं चरइ पंचतीसं च वीससयभागे मंडलस्स ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક સૂર્ય માસમાં ચંદ્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક સૂર્ય માસમાં ચંદ્ર ૧૪ $\frac{૧૧}{૧૫}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક સૂર્ય માસમાં સૂર્ય કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક સૂર્ય માસમાં સૂર્ય સવા પંદર(૧૫ $\frac{૧}{૪}$) મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક સૂર્ય માસમાં નક્ષત્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક સૂર્ય માસમાં નક્ષત્ર પંદર મંડળ અને એકસોવીસ્યા પાંત્રીસ ભાગ(૧૫ $\frac{૩૫}{૧૨૦}$મંડળ) ઉપર પરિભ્રમણ કરે છે.

**૧૭** **ता अभिवड्ढिएणं मासेणं चंदे कइ मंडलाइं चरइ ? ता पण्णरस मंडलाइं चरइ तेसीइ छलसीयसयभागे मंडलस्स ।**

**ता अभिवड्ढिएणं मासेणं सूरे कइ मंडलाइं चरइ ? ता सोलस मंडलाइं चरइ तिहिं भागेहिं ऊणगाइं दोहिं अडयालेहिं सएहि मंडलं छित्ता ।**

**ता अभिवड्ढिएणं मासेणं णक्खत्ते कइ मंडलाइं चरइ ? ता सोलस मंडलाइं चरइ सीयालीसएहिं भागेहिं अहियाहिं चोद्दसहिं अट्ठासीएहिं मंडलं छेत्ता ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક અભિવર્ધિત માસમાં ચંદ્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક અભિવર્ધિત માસમાં ચંદ્ર ૧૫ $\frac{૮૩}{૧૮૬}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક અભિવર્ધિત માસમાં સૂર્ય કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક અભિવર્ધિત માસમાં સૂર્ય ૨૪૮ ભાગવાળા મંડળના ત્રણ ભાગ ન્યૂન સોળ મંડળ અર્થાત્ ૧૫ $\frac{૨૪૫}{૨૪૮}$ મંડળ ભાગ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક અભિવર્ધિત માસમાં નક્ષત્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક અભિવર્ધિત માસમાં નક્ષત્ર ૧૬ મંડળ અને સત્તરમા મંડળના ૧૪૮૮ ભાગ કરીને ૪૭ ભાગ એટલે ૧૬ $\frac{૪૭}{૧૪૮૮}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્રમાસ, સૂર્યમાસ, નક્ષત્ર માસ, ૠતુમાસ અને અભિવર્ધિત માસ, આ પાંચ પ્રકારના માસમાં ચંદ્ર, સૂર્ય તથા નક્ષત્ર કેટલા મંડળને પાર કરે છે ? તે સંખ્યાનું કથન છે.

**નક્ષત્ર માસમાં મંડળ સંખ્યા–** નક્ષત્ર માસ ૨૭ $\frac{૨૧}{૬૭}$ અહોરાત્ર પ્રમાણ છે એક યુગમાં ૬૭ નક્ષત્ર માસ હોય છે.

(૧) એક યુગમાં એક ચંદ્રના ૮૮૪ પૂર્ણ મંડળ છે, તેને યુગના ૬૭ નક્ષત્ર માસથી ભાગતા ૮૮૪ ÷ ૬૭ = ૧૩ $\frac{૧૩}{૬૭}$ મંડળને ચંદ્ર એક નક્ષત્ર માસમાં પાર કરે છે.

(૨) એક યુગમાં એક સૂર્યના ૯૧૫ પૂર્ણ મંડળ છે, તેને યુગના ૬૭ નક્ષત્ર માસથી ભાગતા ૯૧૫ ÷ ૬૭ = ૧૩ $\frac{૪૪}{૬૭}$ મંડળ સૂર્ય નક્ષત્ર માસમાં પાર કરે છે.

(૩) એક યુગમાં એક નક્ષત્રના ૯૧૭ $\frac{૧}{૨}$ પૂર્ણ મંડળ છે, તેને યુગના ૬૭ નક્ષત્ર માસથી ભાગતા ૯૧૭ $\frac{૧}{૨}$ ÷ ૬૭ = ૧૩$\frac{૪૬॥}{૬૭}$ મંડળ નક્ષત્ર એક નક્ષત્ર માસમાં પાર કરે છે.

**ચંદ્ર માસમાં મંડળ સંખ્યા :–** એક ચંદ્ર માસ ૨૯$\frac{૩૨}{૬૨}$અહોરાત્ર પ્રમાણ છે. એક યુગમાં ૬૨ ચંદ્ર માસ હોય છે.

(૧) એક યુગમાં ૧૨૪ પર્વ છે, (એક ચંદ્ર માસમાં બે પર્વ છે.) તેથી ૮૮૪ મંડળને ૨ થી ગુણતા(૮૮૪ × ૨ =) ૧૭૬૮ ÷ ૧૨૪ = ૧૪ $\frac{૩૨}{૧૨૪}$ મંડળને (બેથી છેદ ઉડાડતા ૧૪ $\frac{૧૬}{૬૨}$ પ્રાપ્ત થાય છે) ચંદ્ર એક ચંદ્રમાસમાં પાર કરે છે અથવા યુગના ૮૮૪ મંડળને યુગના ૬૨ ચંદ્રમાસથી ભાગતા ૮૮૪ ÷ ૬૨ = ૧૪ $\frac{૧૬}{૬૨}$ મંડળને એક ચંદ્ર માસમાં પાર કરે છે.

(૨) એક યુગના સૂર્ય મંડળ ૯૧૫ છે. તેને યુગના ચંદ્ર માસ ૬૨ થી ભાગતા ૯૧૫ ÷ ૬૨ = ૧૪ $\frac{૪૭}{૬૨}$ મંડળ ને ચંદ્ર એક ચંદ્ર માસમાં પાર કરે સૂર્ય એક ચંદ્ર માસમાં પાર કરે છે અથવા ૯૧૫ × ૨ = ૧૮૩૦ને યુગના ૧૨૪ પર્વથી ભાગતા ૧૮૩૦ ÷ ૧૨૪ = ૧૪$\frac{૯૪}{૧૨૪}$ મંડળને(બે છેદ ઉડાડતા ૧૪ $\frac{૪૭}{૬૨}$પ્રાપ્ત થાય છે.) સૂર્ય એક ચંદ્ર માસમાં પાર કરે છે.

(૩) એક યુગના નક્ષત્ર મંડળ ૯૧૭ $\frac{૧}{૨}$ × ૨ = ૧૮૩૫ ÷ ૧૨૪ યુગના પર્વ = ૧૪ $\frac{૯૯}{૧૨૪}$ મંડળને નક્ષત્ર એક ચંદ્ર માસમાં પાર કરે છે અથવા યુગના ૯૧૭ $\frac{૧}{૨}$ નક્ષત્ર મંડળને યુગના ૬૨ ચંદ્રમાસથી ભાગતા ૯૧૭ $\frac{૧}{૨}$ ÷ ૬૨ એટલે $\frac{૧૮૩૫}{૨}\times\frac{૧}{૬૨}=\frac{૧૮૩૫}{૧૨૪}$ માં ૧૮૩૫÷૧૨૪ = ૧૪$\frac{૯૯}{૧૨૪}$ મંડળને નક્ષત્ર એક ચંદ્રમાસમાં પાર કરે છે.

**સૂર્ય માસમાં મંડળ સંખ્યા :–** એક સૂર્ય માસ ૩૦ $\frac{૩૦}{૬૦}$ અહોરાત્ર પ્રમાણ છે. એક યુગમાં ૬૦ સૂર્ય માસ હોય છે.

(૧) એક યુગમાં ચંદ્રના ૮૮૪ મંડળ છે, તેને યુગના ૬૦ સૂર્ય માસથી ભાગતા ૮૮૪ ÷ ૬૦ = ૧૪ $\frac{૪૪}{૬૦}$ નો ૪ થી છેદ ઉડાડતા ૧૪ $\frac{૧૧}{૧૫}$ મંડળને ચંદ્ર એક સૂર્ય માસમાં પાર કરે છે.

(૨) યુગના સૂર્ય મંડળ ૯૧૫ને સૂર્ય માસ ૬૦ થી ભાગતા ૯૧૫ ÷ ૬૦ = ૧૫ $\frac{૧૫}{૬૦}$ નો ૧૫ થી છેદ ઉડાડતા ૧૫ $\frac{૧}{૪}$ મંડળને સૂર્ય એક સૂર્ય માસમાં પાર કરે છે.

(૩) એક યુગના નક્ષત્ર મંડળ ૯૧૭ $\frac{૧}{૨}$ છે. તેને ૬૦ સૂર્ય માસથી ભાગતા ૯૧૫÷૬૨=૧૪ $\frac{૪૪}{૬૦}$ ના પૂર્ણાંક કાઢતાં ૧૫ $\frac{૩૫}{૧૨૦}$ નો પાંચથી છેદ ઉડાડતા ૧૫ $\frac{૭}{૨૪}$ મંડળને નક્ષત્ર એક સૂર્ય માસમાં પાર કરે છે.

પ્રાયઃ પ્રતોમાં સૂત્ર–૧૬માં **ता पण्णरस चउभागाहिगाई...** સૂત્ર પાઠ જોવા મળે છે. પરંતુ ઉપરોક્ત ગણિત અનુસાર ૧૫ પૂર્ણાંક $\frac{૩૫}{૧૨૦}$ મંડળ ભાગ પ્રાપ્ત થાય છે. ૧૫ $\frac{૧}{૪}$ , $\frac{૩૫}{૧૨૦}$ પ્રાપ્ત થતાં નથી. તેથી પ્રસ્તુત પાઠને કૌંસમાં રાખ્યો છે.

**ૠતુ માસમાં મંડળ સંખ્યા–** ૠતુમાસ ૩૦ અહોરાત્ર પ્રમાણ છે અને યુગમાં ૬૧ ૠતુમાસ હોય છે.

(૧) યુગના ચંદ્ર મંડળ ૮૮૪ ÷ યુગના ૬૧ ૠતુ માસ = ૧૪ $\frac{૩૦}{૬૧}$મંડળને ચંદ્ર એક ૠતુ માસમાં પાર કરે છે.

(૨) યુગના સૂર્ય મંડળ ૯૧૫ ÷ યુગના ૬૧ ઋતુમાસ = ૧૫ મંડળને સૂર્ય એક ઋતુ માસમાં પાર કરે છે.

(૩) યુગના નક્ષત્ર મંડળ ૯૧૭ $\frac{૧}{૨}$ ÷ ૬૧ યુગના ૬૧ ઋતુમાસ = $\frac{૧૮૩૫}{૨} \times \frac{૧}{૬૧} = \frac{૧૮૩૫}{૧૨૨}$ = ના પૂર્ણાંક કાઢતાં ૧૫$\frac{૫}{૧૨૨}$ મંડળને નક્ષત્ર એક ઋતુમાસમાં પાર કરે છે.

**અભિવર્ધિત માસમાં મંડળ સંખ્યા–** અભિવર્ધિત માસ ૩૧ અહોરાત્ર, અને ૨૯$\frac{૧૭}{૬૨}$ મુહૂર્ત પ્રમાણ છે. એક યુગમાં ૫૭ માસ, ૭ દિવસ અને ૧૧ $\frac{૨૩}{૬૨}$ **અભિવર્ધિત માસ** છે. એક યુગની આ ૫૭ માસ ૭ અહોરાત્રાદિ વિષમ સંખ્યા છે. ૧૫૬મા યુગે સમસંખ્યક માસ પ્રાપ્ત થાય છે, તેથી તેને સમ કરવા ૧૫૬થી ગુણાકાર કરવામાં આવે છે.(૧૫૬ યુગથી ગણના કરવામાં આવે છે.) ૫૭ માસ × ૧૫૬ = ૮૮૯૨ માસ; ૭ અહોરાત્ર × ૧૫૬ = ૧૦૯૨ અહોરાત્ર, તેના માસ કરવા ૩૦થી ભાગ દેતા ૧૦૯૨ ÷ ૩૦ = ૩૬ $\frac{૧૨}{૩૦}$ માંથી પૂર્ણાંકને ઉમેરતા ૮૮૯૨ + ૩૬ = ૮૯૨૮ માસ પ્રાપ્ત થયાં. યુગના ચંદ્ર મંડળ ૮૮૪ × ૧૫૬ = ૧,૩૭,૯૦૪ મંડળ પ્રાપ્ત થયા. આ રીતે ૧૫૬ યુગમાં ૮૯૨૮ અભિવર્ધિત માસ વ્યતીત થાય છે અને તેમાં ચંદ્ર ૧,૩૭,૯૦૪ ચંદ્રમંડળ પાર કરે છે, તો એક અભિવર્ધિત માસમાં કેટલા ચંદ્ર મંડળ પાર કરે ? તેવી ત્રિરાશિ મૂકતાં– ૧,૩૭,૯૦૪ મંડળ ÷ ૮૯૨૮ માસ = ૧૫ $\frac{૩૯૮૪}{૮૯૨૮}$ અહીં ૪૮ થી છેદ ઉડાડતા પ્રાપ્ત ૧૫ $\frac{૮૩}{૧૮૬}$ મંડળને ચંદ્ર એક અભિવર્ધિત માસમાં પાર કરે છે.

(૨) એક યુગના અભિવર્ધિત માસ માટે પૂર્વવત્ ૧૫૬ ગુણિત રાશિ ૮૯૨૮ માસ ગ્રહણ કરીને, ૯૧૫ સૂર્ય મંડળને ૧૫૬ થી ગુણતા ૯૧૫ × ૧૫૬ = ૧,૪૨,૭૪૦ સૂર્ય મંડળ ÷ ૮૯૨૮ અભિવર્ધિત માસ = ૧૫$\frac{૮૮૨૦}{૮૯૨૮}$નો ૩૬ થી છેદ ઉડાડતા પ્રાપ્ત ૧૫ $\frac{૨૪૫}{૨૪૮}$ મંડળને સૂર્ય એક અભિવર્ધિત માસમાં પાર કરે છે.

(૩) નક્ષત્ર મંડળ ૯૧૭ $\frac{૧}{૨}$ × ૧૫૬માં $\frac{૧૮૩૫}{૨} \times \frac{૧૫૬}{૧} = \frac{૨૮૬૨૬૦}{૨}$ = ૧૪૩૧૩૦ મંડળ ÷ ૮૯૨૮ અભિવર્ધિત માસ = ૧૬ $\frac{૨૮૨}{૮૯૨૮}$ નો ૬ થી છેદ ઉડાડતા $\frac{૪૭}{૧૪૮૮}$ પ્રાપ્ત થાય છે. આ રીતે પ્રાપ્ત ૧૬ $\frac{૪૭}{૧૪૮૮}$ મંડળને નક્ષત્ર એક અભિવર્ધિત માસમાં પાર કરે છે.

**નક્ષત્રાદિ માસમાં ચંદ્રાદિની ગતિ, મંડળ સંખ્યાદિ :–**

| મંડળ પર પરિભ્રમણાદિ | ચંદ્ર | સૂર્ય | નક્ષત્ર |
|---|---|---|---|
| નક્ષત્ર માસમાં મંડળ ઉપર પરિભ્રમણ સંખ્યા | ૧૩ $\frac{૧૩}{૬૭}$ | ૧૩ $\frac{૪૪}{૬૭}$ | ૧૩ $\frac{૪૬ ॥}{૬૭}$ |
| ચંદ્ર માસમાં મંડળ ઉપર પરિભ્રમણ સંખ્યા | ૧૪ $\frac{૩૨}{૧૨૪}$ | ૧૪ $\frac{૪૭}{૬૨}$ | ૧૪ $\frac{૯૯}{૧૨૪}$ |
| ઋતુ માસમાં મંડળ ઉપર પરિભ્રમણ સંખ્યા | ૧૪ $\frac{૩૦}{૬૧}$ | ૧૫ | ૧૫ $\frac{૫}{૧૨૨}$ |
| સૂર્ય માસમાં મંડળ ઉપર પરિભ્રમણ સંખ્યા | ૧૪ $\frac{૧૧}{૧૫}$ | ૧૫ $\frac{૧}{૪}$ | ૧૫, $\frac{૩૫}{૧૨૦}$ |
| અભિવર્ધિત માસમાં મંડળ ઉપર પરિભ્રમણ સંખ્યા | ૧૫ $\frac{૮૩}{૧૮૬}$ | ૧૫ $\frac{૨૪૫}{૨૪૮}$ | ૧૬ $\frac{૪૭}{૧૪૮૮}$ |
| પ્રત્યેક અહોરાત્રે પાર થતાં મંડળ | $\frac{૩૧}{૯૧૫}$ ન્યૂન ૧ અર્ધમંડળ | $\frac{૧}{૨}$ મંડળ | $\frac{૨}{૭૩૨}$ અધિક ૧ અર્ધમંડળ |
| એક યુગમાં પાર થતાં મંડળ | ૮૮૪ | ૯૧૫ | ૯૧૭ ॥ |
| એક મંડળ પાર કરવાનો કાળ | ૨ $\frac{૩૧}{૪૪૨}$ અહોરાત્ર | ૨ અહોરાત્ર | ૧ $\frac{૩૬૫}{૩૬૭}$ અહોરાત્ર |

યુગના નક્ષત્ર માસ, ચંદ્રમાસ, સૂર્ય માસ, ઋતુમાસમાં ચંદ્ર, સૂર્ય, નક્ષત્રની મંડળ સંખ્યાના કોષ્ટક માટે જુઓ પરિશિષ્ટ–૭.

**એક અહોરાત્રમાં પાર કરાતા ચંદ્રાદિ મંડળો :–**

**૧૮ ता एगमेगेणं अहोरत्तेणं चंदे कइ मंडलाइं चरइ ? ता एगं अद्धमंडलं चरइ एक्कतीसेहिं भागेहिं ऊणं णवहिं पण्णरसेहिं सएहिं अद्धमंडलं छेत्ता ।**

**ता एगमेगेणं अहोरत्तेणं सूरे कइ मंडलाइं चरइ ? ता एगं अद्धमंडलं चरइ ।**

**ता एगमेगेणं अहोरत्तेणं णक्खत्ते कइ मंडलाइं चरइ ? ता एगं अद्धमंडलं चरइ दोहिं भागेहिं अहियं सत्तहिं बत्तीसेहिं सएहिं अद्धमंडलं छेत्ता ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક અહોરાત્રમાં ચંદ્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક અહોરાત્રમાં ચંદ્ર એક અર્ધ મંડળના ૯૧૫ ભાગ કરીને, તેવા ૩૧ ભાગ ન્યૂન એક અર્ધ મંડળ અર્થાત્ $\frac{૩૧}{૯૧૫}$ ન્યૂન ૧ અર્ધ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક અહોરાત્રમાં સૂર્ય કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક અહોરાત્રમાં સૂર્ય એક અર્ધ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક અહોરાત્રમાં નક્ષત્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક અહોરાત્રમાં નક્ષત્રએક અર્ધ મંડળના ૭૩૨ ભાગ કરીને, તેવા ૨ ભાગ અધિક ૧ અર્ધ મંડળ અર્થાત્ ૧ $\frac{૨}{૭૩૨}$ અર્ધ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રત્યેક અહોરાત્રમાં ચંદ્ર, સૂર્ય, નક્ષત્રની પરિભ્રમણ ગતિનું કથન છે.

(૧) ચંદ્ર એક યુગના ૧૮૩૦ અહોરાત્રમાં ૧૭૬૮ અર્ધ મંડળને પાર કરે છે, તો એક અહોરાત્રમાં કેટલા અર્ધમંડળ પાર કરે ? આ પ્રમાણે ત્રિરાશિ મૂકતા $\frac{૧૭૬૮}{૧૮૩૦}$ નો બે થી છેદ ઉડાડતા $\frac{૮૮૪}{૯૧૫}$ પ્રાપ્ત થાય છે, તેમાં ભાજ્ય સંખ્યા ન્યૂન અને ભાજક સંખ્યા અધિક હોવાથી તેને રૂપાંતરિત કરતાં ૯૧૫ ÷ ૮૮૪ = ૧ $\frac{૩૧}{૯૧૫}$ આવે, તેમાં $\frac{૩૧}{૯૧૫}$ ન્યૂન એક અર્ધમંડળ ઉપર એક અહોરાત્રમાં ચંદ્ર પરિભ્રમણ કરે છે, તેમ સમજવું.

(૨) સૂર્ય યુગના ૧૮૩૦ અહોરાત્રમાં ૧૮૩૦ અર્ધ મંડળને પાર કરે છે, તેથી એક અહોરાત્રમાં ૧૮૩૦÷૧૮૩૦ = ૧ એટલે એક અર્ધમંડળ ઉપર એક અહોરાત્રમાં સૂર્ય પરિભ્રમણ કરે છે.

(૩) એક યુગના ૧૮૩૦ અહોરાત્રમાં નક્ષત્ર ૧૮૩૫ અર્ધમંડળને પાર કરે છે, તો એક અહોરાત્રમાં કેટલા અર્ધ મંડળને પાર કરે ? આ રીતે ત્રિરાશિ મૂકતાં– $\frac{૧૮૩૫}{૧} \times \frac{૧}{૧૮૩૦} = \frac{૧૮૩૫}{૧૮૩૦}$ (૧૮૩૫ ÷ ૧૮૩૦) = ૧ $\frac{૫}{૧૮૩૦}$ નો ૫થી છેદ ઉડાડતા ૧ $\frac{૧}{૩૬૬}$ અર્ધમંડળ પ્રાપ્ત થાય છે. સૂત્રકારે ૧$\frac{૨}{૭૩૨}$ અર્ધમંડળ કહ્યા છે. $\frac{૧}{૩૬૬}$ અને $\frac{૨}{૭૩૨}$ સમાન રાશી જ છે. ૧ $\frac{૫}{૧૮૩૦}$ ને $\frac{૨}{૨}$ થી ગુણવામાં આવે છે.( $\frac{૨}{૨}$ સમાન રાશી હોવાથી છેદ ઉડાડતા શેષ કાંઈ વધે નહીં તેવી રાશી છે.) આ રીતે ૧ $\frac{૫}{૧૮૩૦} \times \frac{૨}{૨} = \frac{૧૦}{૩૬૬૦}$ નો પાંચથી છેદ ઉડાડતા $\frac{૨}{૭૩૨}$ અહોરાત્ર પ્રાપ્ત થાય છે. આ રીતે નક્ષત્ર એક અહોરાત્રમાં ૧$\frac{૧}{૩૬૬}$ અથવા ૧$\frac{૨}{૭૩૨}$ અર્ધમંડળને પાર કરે છે.

### ચંદ્રાદિ મંડળને પાર કરવામાં વ્યતીત થતાં અહોરાત્ર :–

**१९** **ता एगमेगं मंडलं चंदे कइहिं अहोरत्तेहिं चरइ ? ता दोहिं अहोरत्तेहिं चरइ एक्कतीसेहिं भागेहिं अहिएहिं चउहिं बेयालेहिं सएहिं राइंदिएहिं छेत्ता ।**

**ता एगमेगं मंडलं सूरे कइहिं अहोरत्तेहिं चरइ ? ता दोहिं अहोरत्तेहिं चरइ।**

**ता एगमेगं मंडलं णक्खत्ते कइहिं अहोरत्तेहिं चरइ ? ता दोहिं अहोरत्तेहिं चरइ, दोहिं भागेहिं ऊणेहिं तिहिं सत्तसट्ठेहिं सएहिं राइंदिएहिं छेत्ता ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્ર કેટલા અહોરાત્રમાં એક-એક મંડળને પાર કરે છે ? **ઉત્તર–** એક અહોરાત્રના ૪૪૨ ભાગ કરીને, તેના ૩૧ ભાગ અર્થાત્ ચારસો બેતાલીસ્યા એકત્રીસ ભાગ અધિક ૨ અહોરાત્ર અર્થાત્ ૨ $\frac{૩૧}{૪૪૨}$ અહોરાત્રે ચંદ્ર એક-એક મંડળને પૂર્ણ કરે છે.

**પ્રશ્ન–** સૂર્ય કેટલા અહોરાત્રમાં એક-એક મંડળને પાર કરે છે ? **ઉત્તર–** સૂર્ય બે અહોરાત્રે એક-એક મંડળને પૂર્ણ કરે છે.

**પ્રશ્ન–** નક્ષત્ર કેટલા અહોરાત્રમાં એક-એક મંડળને પાર કરે છે ? **ઉત્તર–** એક મંડળના ૩૬૭ ભાગ કરીને, તેના બે ભાગ અર્થાત્ ત્રણસો સડસઠીયા બે ભાગ ન્યૂન ૨ અહોરાત્રે (૧ $\frac{૩૬૫}{૩૬૭}$ અહોરાત્રે) નક્ષત્ર એક-એક મંડળને પૂર્ણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચંદ્ર, સૂર્ય, નક્ષત્રને પોત-પોતાના એક-એક મંડળ પૂર્ણ કરવામાં વ્યતીત થતાં અહોરાત્રનું નિરૂપણ છે.

(૧) એક યુગના ૮૮૪ ચંદ્ર મંડળને ચંદ્ર ૧૮૩૦ અહોરાત્રમાં પૂર્ણ કરે છે, તેથી ૧૮૩૦ ÷ ૮૮૪ = ૨ $\frac{૬૨}{૮૮૪}$ નો ૨ થી છેદ ઉડાડતા પ્રાપ્ત ૨ $\frac{૩૧}{૪૪૨}$ અહોરાત્રે ચંદ્ર એક-એક મંડળને પાર કરે છે.

(૨) એક યુગના ૯૧૫ સૂર્ય મંડળને સૂર્ય ૧૮૩૦ અહોરાત્રમાં પૂર્ણ કરે છે, તેથી ૧૮૩૦ ÷ ૯૧૫ = ૨ અહોરાત્રે સૂર્ય એક-એક મંડળને પાર કરે છે.

(૩) એક યુગના ૯૧૭ $\frac{૧}{૨}$ અર્ધ નક્ષત્ર મંડળને નક્ષત્ર ૧૮૩૦ અહોરાત્રમાં પૂર્ણ કરે છે, તેથી ૧૮૩૦ ÷ ૯૧૭ $\frac{૧}{૨}$ $\frac{૩૬૬૦}{૧૮૩૫}$ (૩૬૬૦ ÷ ૧૮૩૫) = ૧ $\frac{૧૮૨૫}{૧૮૩૫}$ નો ૫ થી છેદ ઉડાડતા ૧ $\frac{૩૬૫}{૩૬૭}$ અહોરાત્રે નક્ષત્ર એક-એક મંડળને પાર કરે છે.

### પ્રત્યેક યુગમાં ચંદ્રાદિની મંડળ સંખ્યા :–

**२०** **ता जुगेणं चंदे कइ मंडलाइं चरइ ? ता अट्ठ चुलसीए मंडलसए चरइ ।**

**ता जुगेणं सूरे कइ मंडलाइं चरइ ? ता णव पण्णरसमंडलसए चरइ ।**

**ता जुगेणं णक्खत्ते कइ मंडलाइं चरइ ? ता अट्ठारस पणतीसे दुभागमंडलसए चरइ ।**

**इच्चेसा मुहुत्तगई रिक्खातिमास-राइंदिय-जुगमंडल-पविभत्ती सिग्घगई वत्थू आहिएति वएज्जा त्ति बेमि ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** એક યુગમાં ચંદ્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક યુગમાં એક ચંદ્ર ૮૮૪ પરિપૂર્ણ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક યુગમાં સૂર્ય કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક યુગમાં એક સૂર્ય ૯૧૫ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**પ્રશ્ન–** એક યુગમાં નક્ષત્ર કેટલા મંડળ ઉપર પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** એક યુગમાં નક્ષત્ર $\frac{૧૮૩૫}{૨}$ (૯૧૭॥ મંડળ) ઉપર પરિભ્રમણ કરે છે.

આ રીતે અહીં(આ પંદરમા પ્રાભૃતમાં) ચંદ્રાદિની મુહૂર્ત ગતિ, નક્ષત્ર માસ વગેરે પાંચ પ્રકારના માસમાં અહોરાત્ર પ્રમાણ, યુગની મંડળ સંખ્યાની પ્રરૂપણા તથા ચંદ્રાદિમાં શીઘ્ર મંદ ગતિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ વર્ષના એક યુગમાં ચંદ્ર, સૂર્ય, નક્ષત્રની મંડળ સંખ્યાનું નિરૂપણ છે.

(૧) એક યુગના ૧૮૩૦ અહોરાત્ર અને(૧૮૩૦ × ૩૦ મુહૂર્ત) ૫૪૯૦૦ મુહૂર્ત છે. ચંદ્ર એક મુહૂર્તમાં $\frac{૧૭૬૮}{૧૦૯૮૦૦}$ મંડળના ભાગ ઉપર ચાલે, તો યુગના ૫૪,૯૦૦ મુહૂર્તમાં કેટલા મંડળ ચાલે ? આ રીતે ત્રિરાશી મૂકતાં– ૫૪૯૦૦ મુહૂર્ત × ૧૭૬૮ મંડળ ભાગ = $\frac{૯૭૦૬૩૨૦૦}{૧૦૯૮૦૦}$ ૮૮૪ મંડળ એક યુગમાં થાય છે.

ચંદ્ર એક યુગમાં ૮૮૪ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

(૨) સૂર્ય એક મુહૂર્તમાં $\frac{૧૮૩૦}{૧,૦૯,૮૦૦}$ મંડળ ભાગ ઉપર ચાલે તો યુગના ૫૪,૯૦૦ મુહૂર્તમાં કેટલા મંડળ ચાલે ? આ રીતે ત્રિરાશિ મૂકતાં યુગના મુહૂર્ત ૫૪,૯૦૦ × $\frac{૧૮૩૦}{૧,૦૯,૮૦૦}$ = $\frac{૧૦૦૪૬૭૦૦૦}{૧૦૯૮૦૦}$ = ૯૧૫ સૂર્ય મંડળ એક યુગમાં થાય છે.

સૂર્ય એક યુગમાં ૯૧૫ ઉપર પરિભ્રમણ કરે છે.

(૩) નક્ષત્ર એક મુહૂર્તમાં$\frac{૧,૮૩૫}{૧,૦૯,૮૦૦}$ મંડળ ભાગ ઉપર ચાલે તો યુગના ૫૪,૯૦૦ મુહૂર્તમાં કેટલા મંડળ ચાલે ? આ રીતે ત્રિરાશિ મૂકતા– યુગના મુહૂર્ત ૫૪૯૦૦ × ૧૮૩૫ = $\frac{૧૦૦૭૪૧૫૦૦}{૧૦૯૮૦૦}$ = ૯૧૭ $\frac{૧}{૨}$ મંડળ ઉપર નક્ષત્ર એક યુગમાં ચાલે છે.

નક્ષત્ર એક યુગમાં ૯૧૭ $\frac{૧}{૨}$ મંડળ ઉપર પરિભ્રમણ કરે છે.

**॥ પંદરમું પ્રાભૃત સંપૂર્ણ ॥**

# સોળમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત સોળમા પ્રાભૃતમાં પ્રકાશ, આતપ અને અંધકારના લક્ષણનું (**कहं दोसिण–लक्खणं** ? –૧/૧/૩) પ્રતિપાદન છે.

ચંદ્ર અને સૂર્ય બંનેના વિમાનો પ્રકાશમય છે. તેમ છતાં બંનેના પ્રકાશમાં તરતમતા છે. ચંદ્ર વિમાનના પૃથ્વીકાય જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે, તેથી ચંદ્રનો પ્રકાશ શીત અને સૌમ્ય છે, તેને માટે સૂત્રકારે જ્યોત્સ્ના શબ્દનો પ્રયોગ કર્યો છે. સૂર્ય વિમાનના પૃથ્વીકાયના જીવોને આતપ નામ કર્મનો ઉદય હોય છે, તેથી સૂર્યનો પ્રકાશ ઉષ્ણ છે. સૂત્રકારે ઉષ્ણ પ્રકાશ માટે 'આતપ' શબ્દનો પ્રયોગ કર્યો છે અને ચંદ્ર તથા સર્ય બંનેના પ્રકાશનો અભાવ છાયા–અંધકારરૂપ છે.

આ રીતે શીત પ્રકાશ રૂપ જ્યોત્સ્ના ચંદ્રનું લક્ષણ છે, ઉષ્ણ પ્રકાશરૂપ આતપ સૂર્યનું લક્ષણ છે અને પ્રકાશાભાવ રૂપ અંધકાર છાયાનું લક્ષણ છે.

પ્રકાશ અને અંધકાર બંને પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે.

❖❖❖❖❖

# સોળમું પ્રાભૃત

## પ્રકાશાદિ લક્ષણ

**પ્રકાશ તથા અંધકાર આદિના લક્ષણ :–**

**१ ता कहं ते दोसिणालक्खणे आहिएति वएज्जा ? ता चंदलेस्साइ य दोसिणाइ य । दोसिणाइ य चंदलेस्साइ य के अट्ठे किं लक्खणे ? ता एगट्ठे एगलक्खणे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જ્યોત્સના–પ્રકાશનું લક્ષણ શું છે ? **ઉત્તર–** ચંદ્રની લેશ્યાને જ જ્યોત્સના–પ્રકાશ કહે છે. **પ્રશ્ન–** જ્યોત્સના અને ચંદ્રલેશ્યાનો શું અર્થ છે અને શું લક્ષણ છે ? **ઉત્તર–** બંનેનો અર્થ એક જ છે અને લક્ષણ પણ એક જ છે.

**२ ता कहं ते आतवलक्खणे आहिएति वएज्जा ? ता सूरलेस्साइ य आयवेइ य । ता सूरलेस्साइ य आयवेइ य के अट्ठे किं लक्खणे ? ता एगट्ठे एगलक्खणे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આતપનું શું લક્ષણ છે ? **ઉત્તર–** સૂર્યની લેશ્યા(સૂર્યપ્રકાશ)ને આતપ કહે છે. **પ્રશ્ન–** સૂર્યની લેશ્યા અને આતપનો શું અર્થ છે અને શું લક્ષણ છે ? **ઉત્તર–** આ બંન્નેનો અર્થ એક છે અને લક્ષણ પણ એક જ છે.

**३ ता कहं ते छायालक्खणे आहिएति वएज्जा ? ता छायाइ य अंधकारेइ य। ता छायाइ य अंधकारेइ य के अट्ठे किं लक्खणे ? ता एगट्ठे एगलक्खणे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** છાયાનું શું લક્ષણ છે ? **ઉત્તર–** છાયા જ અંધકાર રૂપ છે. **પ્રશ્ન–** છાયા અને અંધકારનો શું અર્થ છે અને શું લક્ષણ છે ? **ઉત્તર–** બંનેનો અર્થ એક છે અને લક્ષણ પણ એક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રકાશ, અંધકાર અને છાયાના લક્ષણનું કથન છે. ચંદ્રનું લક્ષણ પ્રકાશ છે. જ્યોત્સ્ના, પ્રકાશ, ચંદ્ર લેશ્યા વગેરે શબ્દો એકાર્થક છે.

સૂર્યનું લક્ષણ પ્રકાશ અને તાપ છે. તાપ, આતપ, સૂર્ય લેશ્યા વગેરે શબ્દો સમાનાર્થક છે.

છાયાનું લક્ષણ અંધકાર છે. ચંદ્ર અને સૂર્યના પ્રકાશનો અભાવ છાયા અથવા અંધકાર કહેવાય છે, જ્યાં પ્રકાશ આવરિત થાય ત્યાં અંધકાર ફેલાય છે.

પ્રકાશ, અંધકાર, તાપ, છાયા વગેરે પુદ્‌ગલ દ્રવ્યના વિવિધ પર્યાયો છે.

**॥ સોળમું પ્રાભૃત સંપૂર્ણ ॥**

# સત્તરમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત સત્તરમા પ્રાભૃતમાં ચંદ્રદેવ અને સૂર્યદેવના ચ્યવન–ઉપપાત(**चयणोववाय** –૧/૧/૩)નું કથન છે.

ચંદ્ર અને સૂર્ય જ્યોતિષી દેવોના ઈન્દ્ર છે. તેના વિમાનો અઢીદ્વીપમાં સતત પરિભ્રમણ કરી રહ્યા છે. તે વિમાનો રત્નમય, પ્રકાશમય પૃથ્વીકાયરૂપ છે. તેમાં પૃથ્વીકાયના જીવો પોતાના આયુષ્ય પ્રમાણે જન્મ-મરણ કર્યા કરે છે અને પુદ્‌ગલોમાં પણ ચય–ઉપચય થયા જ કરે છે. તેમ છતાં ચંદ્ર-સૂર્યના વિમાનો ત્રિકાલ શાશ્વત છે. સંક્ષેપમાં તે વિમાનો દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શાશ્વત અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અશાશ્વત છે. તે જ રીતે ચંદ્રદેવ અને સૂર્યદેવ પણ જ્યોતિષીદેવ જાતિની અપેક્ષાએ શાશ્વત છે અર્થાત્ હંમેશાં ચંદ્રદેવ અને સૂર્યદેવ હોય છે. તેનો અભાવ થતો નથી, પરંતુ એક દેવનું આયુષ્ય પૂર્ણ થતાં તેનું ચ્યવન થાય અને ત્યાં બીજો કોઈ જીવ ચંદ્ર દેવ કે સૂર્યદેવ રૂપે જન્મ ધારણ કરે છે. આ રીતે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ તે અશાશ્વત છે.

❖❖❖❖❖

# સત્તરમું પ્રાભૃત

## ચ્યવન-ઉપપાત

**ચંદ્ર, સૂર્યના ચ્યવન અને ઉપપાત વિષયક ૨૫ પ્રતિપતિઓ :-**

**१** **ता कहं ते चवणोववाया आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ पणवीसं पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–**

**तत्थ एगे एवमाहंसु– ता अणुसमयमेव चंदिम-सूरिया अण्णे चयंति अण्णे उववज्जंति, एगे एवमाहंसु ।**

**एगे पुण एवमाहंसु– ता अणुमुहुत्तमेव चंदिम-सूरिया अण्णे चयंति अण्णे उववज्जंति । एवं जहेव हेट्ठा तहेव** *जाव* **एगे पुण एवमाहंसु– ता अणुओसप्पिणी उस्सप्पिणीमेव चंदिम-सूरिया अण्णे चयंति अण्णे उववज्जंति, एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચંદ્ર અને સૂર્યનું ચ્યવન(મરણ) અને ઉપપાત કેવી રીતે થાય છે ? **ઉત્તર–** ચંદ્ર અને સૂર્યના ચ્યવન–ઉપપાત વિષયક ૨૫ પ્રતિપત્તિઓ કહી છે, યથા–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રતિ સમયે અન્ય ચંદ્ર-સૂર્ય ચ્યવન પામે છે અને અન્ય ચંદ્ર-સૂર્ય ઉત્પન્ન થાય છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રતિ મુહૂર્તે અન્ય ચંદ્ર-સૂર્ય ચ્યવન પામે છે અને અન્ય ચંદ્ર-સૂર્ય ઉત્પન્ન થાય છે. (૩ થી ૨૪) આ રીતે પૂર્વે છટ્ઠા પ્રાભૃતમાં કહ્યું છે તેમ(અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, સો વર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, પૂર્વ, સો પૂર્વ, હજાર પૂર્વ, લાખ પૂર્વ, પલ્યોપમ, સો પલ્યોપમ, હજાર પલ્યોપમ, લાખ પલ્યોપમ, સાગરોપમ, સો સાગરોપમ, હજાર સાગરોપમ, લાખ સાગરોપમ કહેવું) ***યાવત્*** (૨૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે પ્રત્યેક અવસર્પિણી ઉત્સપર્પિણી કાલે અન્ય ચંદ્ર-સૂર્ય ચ્યવન પામે છે અને અન્ય ચંદ્ર-સૂર્ય ઉત્પન્ન થાય છે.

**ચંદ્રાદિ દેવના ઉત્પાદ–ચ્યવન :-**

**२** **वयं पुण एवं वयामो– ता चंदिम-सूरियाणं देवा महिड्ढिया महाजुईया महाबला महाजसा महासोक्खा महाणुभावा वरवत्थधरा वरमल्लधरा वरगंधधरा वराभरणधरा अव्वोच्छित्तिणयट्ठयाए काले अण्णे चयंति अण्णे उववज्जंति चवणोववाया आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભગવાન એમ કહે છે કે મહાઋદ્ધિવાળા, મહાદ્યુતિવાળા, મહાબળવાળા, મહાયશસ્વી, મહાસુખસંપન્ન, મહાપ્રભાવશાળી, શ્રેષ્ઠ વસ્ત્ર, ઉત્તમ માળાઓ, શ્રેષ્ઠ સુગંધ અને શ્રેષ્ઠ

આભૂષણોને ધારણ કરનારા તે ચંદ્ર દેવ અને સૂર્ય દેવ અવ્યવચ્છિન્ન નય પ્રમાણે અર્થાત્ દ્રવ્યથી આયુષ્યનો ક્ષય થાય ત્યારે અન્ય(પૂર્વોત્પન્ન) ચ્યવિત થાય છે અને અન્ય ઉત્પન્ન થાય છે.આ રીતે ચંદ્ર દેવ-સૂર્ય દેવનું ચ્યવન અને ઉપપાત કહ્યો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચંદ્ર અને સૂર્યના ચ્યવન(મરણ)–ઉપપાત(જન્મ) વિષયક વર્ણન છે. ચંદ્ર અને સૂર્ય દેવની સ્થિતિ સાધિક એક પલ્યોપમની છે. આયુષ્ય પૂર્ણ થતાં તે દેવ ત્યાંથી ચ્યવી અન્યત્ર જન્મ ધારણ કરે છે અને અન્ય કોઈ જીવ ત્યાં ચંદ્ર-સૂર્ય દેવ રૂપે ઉત્પન્ન થાય છે. આ રીતે ચંદ્ર-સૂર્ય અનાદિ–અનંતકાથી તે જ રૂપે રહે છે.

ચંદ્ર-સૂર્ય દેવ જે વિમાનમાં રહે છે, તે વિમાનો પૃથ્વીકાયમય છે. તે પૃથ્વીકાયના જીવો પણ પોતાના આયુષ્યાનુસાર જન્મ-મૃત્યુ કરતા રહે છે. નવા ઉત્પન્ન થતાં પૃથ્વીકાયના જીવો તે જ વિમાનના આકારને ધારણ કરે છે, તેથી તે જ્યોતિષ્ક વિમાનો તે જ આકારે શાશ્વત રહે છે.

**।। સત્તરમું પ્રાભૃત સંપૂર્ણ ।।**

# અઢારમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત અઢારમા પ્રાભૃતમાં ચંદ્ર-સૂર્ય વગેરે જ્યોતિષ્ક દેવવિમાનોની ભૂમિથી ઊંચાઈ(**उच्चते** – ૧/૧/૩)નું તથા જ્યોતિષ્ક વિમાનોની લંબાઈ-પહોળાઈ, પરિધિ, જ્યોતિષ્ક દેવોની ૠદ્ધિ, સ્થિતિ આદિનું વર્ણન છે.

જંબૂદ્વીપ જે ભૂમિભાગ ઉપર મેરુપર્વત સ્થિત છે, તે સમભૂમિભાગથી ૭૯૦ યોજનની ઊંચાઈથી ૯૦૦ યોજનની ઊંચાઈ સુધીના ૧૧૦ યોજનના આકાશ ક્ષેત્રમાં યથાસ્થાને નક્ષત્રો, ગ્રહો અને તારાઓના મંડળો છે. સમભૂમિભાગથી ૮૦૦ યોજનની ઊંચાઈએ સૂર્ય અને ૮૮૦ યોજનની ઊંચાઈએ ચંદ્ર મંડળ છે.

જ્યોતિષ્ક દેવોમાં ચંદ્ર-સૂર્ય ઈન્દ્રરૂપ છે. મધ્ય લોકમાં અસંખ્યાત ચંદ્ર અને અસંખ્યાત સૂર્ય છે. એક-એક ચંદ્ર-સૂર્યના પરિવાર રૂપે ૨૮ નક્ષત્રો, ૮૮ ગ્રહો અને ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી તારાઓ છે. અઢીદ્વીપના જ્યોતિષ્ક દેવ વિમાનો નિરંતર મેરુપર્વતને કેન્દ્રમાં રાખી પરિભ્રમણ કરે છે. અઢીદ્વીપની બહારના ચંદ્રાદિ દેવ વિમાનો સ્થિર છે.

સૂર્ય-ચંદ્ર, ગ્રહ, નક્ષત્રના પ્રથમ મંડળ મેરુપર્વતથી ૪૪,૮૨૦ યોજન દૂર છે. તારાઓનું પ્રથમ મંડળ મેરુપર્વતથી ૧૧૨૧ યોજન દૂર છે. અંતિમ તારાઓ મધ્ય લોકના લોકાંતથી ૧૧૧૧ યોજન દૂર છે.

મેરુપર્વતને પ્રદક્ષિણા કરતા જ્યોતિષ્ક વિમાનોમાં તારા વિમાનોની ગતિ સૌથી વધુ છે. ત્યાર પછી ક્રમશઃ નક્ષત્ર, ગ્રહ, સૂર્ય અને ચંદ્રની ગતિ મંદ છે. ૠદ્ધિમાં સૌથી વધુ ૠદ્ધિ સંપન્ન ચંદ્ર દેવ છે અને ત્યાર પછી ક્રમશઃ સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા અલ્પૠદ્ધિવાળા છે, તેમ છતાં પૂર્વભવમાં તપ,નિયમ, બ્રહ્મચર્યાદિનું આચરણ કરનાર તારા દેવો ચંદ્ર તુલ્ય અથવા ચંદ્ર કરતા કંઈક જ ન્યૂન ૠદ્ધિને પ્રાપ્ત થાય છે.

સર્વ જ્યોતિષ્ક દેવોના વિમાન અર્ધકોઠાના આકારવાળા સ્ફટિકમય હોય છે. ચંદ્રવિમાનની લંબાઈ–પહોળાઈ $\frac{૫૬}{૬૧}$ યોજન, સૂર્ય વિમાનની $\frac{૪૮}{૬૧}$ યોજન, ગ્રહવિમાનની $\frac{૩૦ાા}{૬૧}$ યોજન, નક્ષત્ર વિમાનની $\frac{૧૫ા}{૬૧}$ યોજન અને તારા વિમાનની સાધિક $\frac{૭ાા}{૬૧}$ યોજન છે.

સિંહ રૂપધારી, ગજરૂપધારી, વૃષભ રૂપધારી અને અશ્વરૂપધારી ૪૦૦૦-૪૦૦૦ આભિયોગિક(નોકર) દેવો, કુલ ૧૬૦૦૦ દેવો ક્રમશઃ પૂર્વાદિ ચાર દિશામાં રહીને ચંદ્ર વિમાનને ચલાવે છે. તે જ રીતે સૂર્યવિમાનનું ૧૬૦૦૦ દેવો, ગ્રહ વિમાનનું ૮૦૦૦ દેવો, નક્ષત્ર વિમાનનું ૪૦૦૦ દેવો અને તારા વિમાનનું ૨૦૦૦ દેવો વહન કરે છે.

બે તારાઓ વચ્ચે વ્યાઘાતિક અંતર જઘન્ય ૨૬૬ યોજન છે અને ઉત્કૃષ્ટ ૧૨,૨૪૨ યોજન છે. તારાઓનું નિર્વ્યાઘાતિક અંતર જઘન્ય ૫૦૦ યોજન અને ઉત્કૃષ્ટ બે ગાઉ છે.

ચંદ્રેન્દ્ર–સૂર્યેન્દ્ર ચાર-ચાર અગ્રમહિષીઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો, ૩ પરિષહ, ૭ સેના, ૭ સેનાધિપતિનું સ્વામીત્વ ધરાવે છે.

જ્યોતિષ્ક દેવોની સ્થિતિ જઘન્ય $\frac{૧}{૮}$ પલ્યોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક ૧ પલ્યોપમની છે. સૌથી વધારે સ્થિતિ ચંદ્રની છે અને સૌથી અલ્પસ્થિતિ તારાઓની છે. ❖❖❖❖❖

# અઢારમું પ્રાભૃત

## જ્યોતિષી વિમાનોની ભૂમિથી ઊંચાઈ

**ચંદ્ર–સૂર્યની ઊંચાઈના વિષયમાં ૨૫ પ્રતિપતિઓ :–**

**१** ता कहं ते उच्चत्ते आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ पणवीसं पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा– तत्थेगे एवमाहंसु– ता एगं जोयणसहस्सं सूरे उड्ढं उच्चत्तेणं, दिवड्ढं चंदे, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता दो जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अड्ढाइज्जाइं चंदे, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता तिण्णि जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धट्ठाइं चंदे, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता चत्तारि जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धपंचमाइं चंदे, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता पंच जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धछट्ठाइं चंदे, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता छ जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धसत्तमाइं चंदे, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता सत्तजोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धट्ठमाइं चंदे, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता अट्ठ जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धणवमाइं चंदे, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता णवजोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धदसमाइं चंदे, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता दसजोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धएक्कारस चंदे, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता एक्कारस जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धबारस चंदे, एगे एवमाहंसु ।

**एए णं अभिलावेणं णेयव्वं– बारस सूरे– अद्धतेरस चंदे, तेरस सूरे अद्धचोद्दस चंदे, चोद्दस सूरे– अद्धपण्णरस चंदे, पण्णरस सूरे– अद्धसोलस चंदे, सोलस सूरे– अद्धसत्तरस चंदे, सत्तरस सूरे– अद्धअट्ठारस चंदे, अट्ठारस सूरे– अद्धएकोणवीसं चंदे, एकोणवीसं सूरे– अद्धवीसं चंदे, वीसं सूरे– अद्धएक्कवीसं चंदे, एक्कवीसं सूरे– अद्धबावीसं चंदे, बावीसं सूरे– अद्धतेवीसं चंदे, तेवीसं सूरे– अद्ध चउवीसं चंदे, चउवीसं सूरे– अद्धपणवीसं चंदे,**

**एगे पुण एवमाहंसु– ता पणवीस जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धछव्वीसं चंदे, एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચંદ્ર-સૂર્ય સમતલ ભૂમિથી કેટલી ઊંચાઈએ છે ? **ઉત્તર–** ચંદ્ર-સૂર્યની ભૂમિ ભાગની ઊંચાઈના સંબંધમાં પચ્ચીસ પ્રતિપતિઓ છે, જેમ કે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય એક હજાર યોજન અને ચંદ્ર દોઢ હજાર યોજનની ઊંચાઈએ છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય બે હજાર યોજન અને ચંદ્ર અઢી હજાર યોજનની ઊંચાઈએ છે.

(૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય ત્રણ હજાર યોજન અને ચંદ્ર સાડા ત્રણ હજાર યોજનની ઊંચાઈએ છે.

(૪) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય ચાર હજાર યોજન અને ચંદ્ર સાડા ચાર હજાર યોજનની ઊંચાઈએ છે.

(૫) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય પાંચ હજાર યોજન અને ચંદ્ર સાડા પાંચ હજાર યોજનની ઊંચાઈએ છે.

(૬) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય છ હજાર યોજન અને ચંદ્ર સાડા છ હજાર યોજનની ઊંચાઈએ છે.

(૭) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય સાત હજાર યોજન અને ચંદ્ર સાડા સાત હજાર યોજનની ઊંચાઈએ છે.

(૮) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય આઠ હજાર યોજન અને ચંદ્ર સાડા આઠ હજાર યોજનની ઊંચાઈએ છે.

(૯) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય નવહજાર યોજન અને ચંદ્ર સાડા નવ હજાર યોજનની ઊંચાઈએ છે.

(૧૦) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય દસ હજાર યોજન અને ચંદ્ર સાડા દસ હજાર યોજનની ઊંચાઈએ છે.

(૧૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સૂર્ય અગિયાર હજાર યોજન અને ચંદ્ર સાડા અગિયાર હજાર યોજનની ઊંચાઈએ છે.

આ રીતે, આ અભિલાપ(પાઠ) અનુસાર પચ્ચીસમી પ્રતિપતિ સુધી કહેવું– (૧૨) સૂર્ય બાર હજાર યોજન અને ચંદ્ર સાડાબાર હજાર યોજન (૧૩) સૂર્ય તેર યોજન અને ચંદ્ર સાડાતેર હજાર યોજન, (૧૪) સૂર્ય ચૌદ હજાર યોજન અને ચંદ્ર સાડાચૌદ હજાર યોજન, (૧૫) સૂર્ય પંદર હજાર યોજન અને ચંદ્ર સાડા પંદર હજાર યોજન, (૧૬) સૂર્ય સોળ હજાર યોજન અને ચંદ્ર સાડાસોળ હજાર યોજન, (૧૭) સૂર્ય સત્તર હજાર યોજન અને ચંદ્ર સાડાસત્તર હજાર યોજન, (૧૮) સૂર્ય અઢાર હજાર યોજન અને ચંદ્ર સાડા અઢાર હજાર યોજન, (૧૯) સૂર્ય ઓગણીસ હજાર યોજન અને ચંદ્ર સાડાઓગણીસ હજાર યોજન, (૨૦) સૂર્ય વીસ હજાર યોજન અને ચંદ્ર સાડાવીસ હજાર યોજન, (૨૧) સૂર્ય એકવીસ હજાર યોજન અને ચંદ્ર સાડા એકવીસ હજાર યોજન, (૨૨) સૂર્ય બાવીસ હજાર યોજન અને ચંદ્ર સાડાબાવીસ હજાર યોજન, (૨૩) સૂર્ય ત્રેવીસ હજાર યોજન અને ચંદ્ર સાડાત્રેવીસ હજાર યોજન, (૨૪) સૂર્ય ચોવીસ હજાર યોજન

અને ચંદ્ર સાડાચોવીસ હજાર યોજનની ઊંચાઈએ છે. (૨૫) કેટલાક અન્ય તીર્થિકો કહે છે કે સૂર્ય પચ્ચીસ હજાર યોજન અને ચંદ્ર સાડાપચ્ચીસ હજાર યોજનની ઊંચાઈએ છે.

**સમતલ ભૂમિની ચંદ્રાદિની ઊંચાઈ :–**

**૨ वयं पुण एवं वयामो– ता इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ सत्तणउइ जोयणसए उड्ढं उप्पइत्ता हेट्ठिल्ले ताराविमाणे चारं चरइ, अट्ठ जोयणसए उड्ढं उप्पइत्ता सूरविमाणे चारं चरइ, अट्ठ असीए जोयणसए उड्ढं उप्पइत्ता चंदविमाणे चारं चरइ, णव जोयणसयाइं उड्ढं उप्पइत्ता उवरिल्ले ताराविमाणे चारं तरइ ।**

**हेट्ठिल्लाओ तारा विमाणाओ दस जोयणाइं उड्ढं उप्पइत्ता सूरविमाणे चारं चरइ, णउइं जोयणाइं उड्ढं उप्पइत्ता चंदविमाणे चारं चरइ, दसोत्तरं जोयणसयं उड्ढं उप्पइत्ता उवरिल्ले तारारुवे चारं चरइ, ता सूरविमाणाओ असीइं जोयणाइं उड्ढं उप्पइत्ता चंद विमाणे चारं चरइ, जोयण सयं उड्ढं उप्पइत्ता उवरिल्ले तारारुवे चारं चरइ, ता चंदविमाणाओ णं वीसं जोयणाइं उड्ढं उप्पइत्ता उवरिल्ले तारारूवे चारं चरइ ।**

**एवमेव सपुव्वावरेणं दसुत्तरंजोयणसय बाहल्ले तिरियमसंखेज्जे जोइसविसए जोइसंचारं चरइ आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** ભગવાન આ પ્રમાણે કહે છે કે આ રત્નપ્રભા પૃથ્વીના સમતલ ભૂમિભાગથી અર્થાત્ આપણી આ પૃથ્વીના મેરુ પર્વત સમીપના સમભૂમિ ભાગથી ૭૯૦ યોજન ઊંચાઈએ નીચે રહેનારા તારાઓના વિમાનો પરિભ્રમણ કરે છે, સમ પૃથ્વીથી ૮૦૦ યોજનની ઊંચાઈએ સૂર્ય વિમાન પરિભ્રમણ કરે છે, ૮૮૦ યોજનની ઊંચાઈએ ચંદ્ર વિમાન પરિભ્રમણ કરે છે, ૯૦૦ યોજનની ઊંચાઈએ ઉપર રહેનારા તારાઓના વિમાન પરિભ્રમણ કરે છે.

(સમપૃથ્વીથી ૭૯૦ યોજનની ઊંચાઈએ) નીચે રહેનારા તારાઓના વિમાનથી ૧૦ યોજન ઊંચે સૂર્ય વિમાન, ૯૦ યોજન ઊંચે ચંદ્ર વિમાન, એકસો દસ(૧૧૦) યોજન ઊંચે ઉપર રહેનારા તારા વિમાનો પરિભ્રમણ કરે છે. સૂર્ય વિમાનથી ૮૦ યોજન ઉપર ચંદ્ર વિમાન અને ૧૦૦ યોજન ઊંચે ઉપર રહેનારા તારા વિમાનો પરિભ્રમણ કરે છે. ચંદ્ર વિમાનથી ૨૦ યોજન ઊંચે ઉપર રહેનારા તારાવિમાનો પરિભ્રમણ કરે છે.

આ રીતે ઊંચે ૭૯૦ થી ૯૦૦ યોજન સુધી એટલે કુલ મળીને(પૂર્વા પરના મેળથી) એકસો દસ યોજનમાં અને તીરછું અસંખ્યાત યોજનના ક્ષેત્રમાં જ્યોતિષ્ક દેવો વિચરે છે.

**વિવેચન :–**


પ્રસ્તુત સૂત્રમાં જ્યોતિષ્ક દેવોના ક્ષેત્રનું કથન છે. આપણી આ પૃથ્વીના સમભૂમિ ભાગથી ૭૯૦ યોજન ઊંચાઈથી શરૂ કરી ૯૦૦ યોજન સુધીનું ૧૧૦ યોજનનું ક્ષેત્ર તથા તીરછું અસંખ્યાત યોજનની પહોળાઈવાળું ક્ષેત્ર જ્યોતિષ્ક ક્ષેત્ર કહેવાય છે. તેમાં અઢીદ્વીપ ક્ષેત્રના ચંદ્રાદિ વિમાનો મેરુને ફરતા

પરિભ્રમણ કરે છે અને અઢીદ્વીપની બહારના ચંદ્રાદિ વિમાનો સ્થિર છે.

**रयणप्पभाए पुढवीए बहुरमणिज्जाओ भूमिभागाओ**– સમ પૃથ્વી, રત્નપ્રભા પૃથ્વીનો સમતલ ભૂમિભાગ. રત્નપ્રભા પૃથ્વીનો પિંડ એક લાખ અને એંસી હજાર યોજનનો છે. તેના ઉપરી તલ ભાગની મધ્યમાં અર્થાત્ આ જંબૂદ્વીપની મધ્યમાં મેરુપર્વત છે. આ મેરુપર્વત જમીનમાં ૧૦૦૦ યોજન ઊંડો છે અને બહાર ૯૯૦૦૦ યોજન ઊંચો છે. જે ભૂમિભાગથી મેરુ બહાર દેખાય છે, તે મેરુનો કંદ ભાગ કહેવાય છે અને ત્યાં રત્નપ્રભા પૃથ્વીનો પિંડ પૂરો થાય છે. ત્યાં મેરુપર્વતની પહોળાઈ ૧૦,૦૦૦ યોજન છે. મેરુના આ કંદનો મધ્યભાગ સમતલપૃથ્વી કહેવાય છે.

**जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स बहुमज्झ देसभाए इमीसे रयणप्पभाए पुढवीए उवरिमहेट्ठिल्लेसु खुड्डगपयरेसु एत्थणं तिरियलोगस्स मज्झे अट्ठपएसिए रुयए पण्णत्ते, जओ णं इमाओ दस दिसाओ हवंति ।** –શ્રી ભગવતી સૂત્ર. જંબૂદ્વીપ નામના દ્વીપના મેરુપર્વતના મધ્ય ભાગમાં અર્થાત્ મેરુપર્વતની ૧૦૦૦૦ યોજનની પહોળાઈ છે, તેના મધ્ય ભાગમાં રત્નપ્રભા પૃથ્વીના ઉપર-નીચેના બે ક્ષુલ્લક પ્રતર છે. અહીં જ તિર્યક્ લોકનો મધ્યભાગ છે અને તેમાં આઠ રૂચક પ્રદેશ કહ્યા છે ત્યાંથી દશ દિશાઓનો પ્રારંભ થાય છે. આ સ્થાન જ સમતલ ભૂમિભાગ કહેવાય છે.


**સમતલ ભૂમિભાગ :–**




વર્તમાન ભૂગોળ આદિમાં પર્વતની ઊંચાઈ, નદી વગેરેની ઊંડાઈનું માપ દરિયાઈ સપાટી (Sea leval)થી માપવામાં આવે છે, તેમ જૈન ભૂગોળ–ખગોળમાં ઊર્ધ્વ લોકાદિ લોક વિભાગો, સૂર્ય–ચંદ્રાદિની ઊંચાઈ, અધોગ્રામ–સમુદ્રોની ઊંડાઈ વગેરેના માપ સમપૃથ્વીથી માપવામાં આવે છે.

મધ્યલોકના જંબૂદ્વીપ વગેરે દ્વીપોની ભૂમિ જ રત્નપ્રભા (પ્રથમ) નરકની પૃથ્વીનું ઉપરી તલ છે અને જંબૂદ્વીપની મધ્યમાં મેરુપર્વતના ઘેરાવાના મધ્ય ભાગને સમપૃથ્વી કહે છે. આ સમપૃથ્વીથી ૭૯૦ યોજન ઊંચે વિમાનો છે.

**સમપૃથ્વી અને જ્યોતિષ્ક ચક્ર વચ્ચેનું અંતર :–** સમ પૃથ્વીથી ૭૯૦ યોજનની ઊંચાઈએ જ્યોતિષ્ક ચક્ર પરિભ્રમણ કરે છે. સૂત્રકારે સૂત્રમાં ચંદ્ર, સૂર્ય અને નીચે રહેલા તારા મંડળનું સમપૃથ્વીથી અંતર દર્શાવ્યું છે. ગ્રહ, નક્ષત્ર, તારા મંડળોના કરોડો તારાઓનું નિશ્ચિત અંતર દર્શાવ્યું નથી. સમપૃથ્વીથી ૮૦૦ યોજને સૂર્ય મંડળ અને ૮૮૦ યોજને ચંદ્ર મંડળ છે. શેષ નક્ષત્રો, ગ્રહો, તારાઓના મંડળો સમપૃથ્વીથી ૭૯૦ થી ૯૦૦ યોજન સુધી અર્થાત્ ૧૧૦ યોજનના ક્ષેત્રમાં ઉપર-નીચે ગમે ત્યાં હોય છે. કેટલાક ગ્રહો નક્ષત્રો તથા તારાઓના મંડળનું સમપૃથ્વીથી અંતર ગ્રંથોમાં જોવા મળે છે, તે આ પ્રમાણે છે–




**જ્યોતિષ્ક ચક્રની સમપૃથ્વીથી ઊંચાઈ :–**

| જ્યોતિષ્ક દેવ | સમપૃથ્વીથી ઊંચાઈ | જ્યોતિષ્ક વિમાનથી | ઊંચાઈ |
|---|---|---|---|
| તારામંડળ | ૭૯૦ યોજન | – | – |
| સૂર્ય | ૮૦૦ યોજન | તારામંડળથી | ૧૦ યોજન ઊંચે |
| ચંદ્ર | ૮૮૦ યોજન | સૂર્યથી | ૮૦ યોજન ઊંચે |
| કેટલાક નક્ષત્ર મંડળ | ૮૮૪ યોજન | ચંદ્રથી | ૪ યોજન ઊંચે |
| ગ્રહમંડળમાં બુધાદિ ગ્રહો | ૮૮૮ યોજન | નક્ષત્રથી | ૪ યોજન ઊંચે |

| જ્યોતિષ્ક દેવ | સમપૃથ્વીથી ઊંચાઈ | જ્યોતિષ્ક વિમાનથી | ઊંચાઈ |
|---|---|---|---|
| શુક્રાદિ ગ્રહો | ૮૯૧ યોજન | બુધ ગ્રહથી | ૩ યોજન ઊંચે |
| બૃહસ્પતિ આદિ ગ્રહો | ૮૯૪ યોજન | શુક્ર ગ્રહથી | ૩ યોજન ઊંચે |
| મંગલાદિ ગ્રહો | ૮૯૭ યોજન | બૃહસ્પતિ ગ્રહથી | ૩ યોજન ઊંચે |
| શનિ આદિ ગ્રહો | ૯૦૦ યોજન | મંગલ ગ્રહથી | ૩ યોજન ઊંચે |

**તારાઓની અલ્પ–તુલ્ય ઋદ્ધિનું કારણ :–**

**૩ ता अत्थि णं चंदिम–सूरियाणं देवाणं हिट्ठंपि तारारूवा अणुंपि तुल्ला वि? समंपि तारारूवा अणुंपि तुल्ला वि ? उप्पिंपि तारारूवा अणुंपि, तुल्ला वि? ता अत्थि ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–(૧)** શું ચંદ્ર-સૂર્ય વિમાનની નીચેના ક્ષેત્રમાં સ્થિત તારા વિમાનોના દેવો ચંદ્ર-સૂર્ય દેવ કરતા અલ્પ ઋદ્ધિવાળા હોય છે અથવા સમાન ઋદ્ધિવાળા હોય છે ? **(૨)** શું ચંદ્ર-સૂર્ય વિમાનની સમશ્રેણીએ સ્થિત તારા વિમાનોના દેવો ચંદ્ર-સૂર્ય દેવો કરતા અલ્પ ઋદ્ધિવાળા હોય છે અથવા સમાન ઋદ્ધિવાળા હોય છે ? **(૩)** શું ચંદ્ર-સૂર્ય વિમાનની ઉપરના ક્ષેત્રમાં સ્થિત તારા વિમાનોના દેવો ચંદ્ર-સૂર્ય દેવ કરતાં અલ્પઋદ્ધિ- વાળા હોય છે અથવા સમાન ઋદ્ધિવાળા હોય છે ? **ઉત્તર–** હા, તેમ હોય છે.

**૪ ता कहं ते चंदिम-सूरियाणं देवाणं हिट्ठंपि तारारूवा अणुंपि तुल्ला वि ? समंपि तारारूवा अणुंपि तुल्ला वि ? उप्पिंपि तारारूवा अणुंपि तुल्ला वि ?**

**ता जहा-जहा णं तेसि णं देवाणं तव-णियम-बंभचेराइं उस्सियाइं भवंति तहा-तहा णं तेसिं देवाणं एवं भवंति, तं जहा– अणुत्ते वा तुल्लत्ते वा ।**

**ता एवं खलु चंदिम-सूरियाणं देवाणं हिट्ठंपि तारारूवा अणंपि तुल्ला वि, समंपि तारारूवा अणुंपि तुल्ला वि, उप्पिंपि तारारूवा अणुंपि तुल्ला वि।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** (૧) ચંદ્ર-સૂર્ય વિમાનની નીચેના ક્ષેત્રમાં સ્થિત તારા વિમાનના દેવો ચંદ્રાદિ દેવો કરતા શા માટે અલ્પ ઋદ્ધિવાળા અથવા સમાન ઋદ્ધિવાળા હોય છે ? (૨) ચંદ્ર-સૂર્ય વિમાનની સમશ્રેણીમાં સ્થિત તારા વિમાનના દેવો ચંદ્રાદિ દેવો કરતા શા માટે અલ્પઋદ્ધિવાળા અથવા સમાન ઋદ્ધિવાળા હોય છે? (૩) ચંદ્ર-સૂર્ય વિમાનની ઉપરના ક્ષેત્રમાં સ્થિત તારા વિમાનના દેવો ચંદ્રાદિ દેવો કરતા શા માટે અલ્પઋદ્ધિ- વાળા અથવા સમાન ઋદ્ધિવાળા હોય છે ?

**ઉત્તર–** જે દેવોએ પૂર્વ ભવમાં કનિષ્ઠ કે શ્રેષ્ઠ રૂપે તપ, નિયમ, બ્રહ્મચર્યાદિનું પાલન કર્યું હોય તે દેવો ચંદ્રાદિ દેવો કરતા કંઈક અલ્પ કે તુલ્ય ઋદ્ધિવાળા હોય છે અને જે દેવોએ પૂર્વ ભવમાં તપ, નિયમ, બ્રહ્મચર્યાદિનું પાલન કર્યું ન હોય તે દેવો ચંદ્રાદિ કરતા કંઈક અલ્પ કે તુલ્ય ઋદ્ધિવાળા હોતા નથી અર્થાત્ તે નગણ્ય ઋદ્ધિવાળા બહુ સામાન્ય દેવ થાય છે.

આ રીતે ચંદ્ર-સૂર્ય વિમાનના દેવ કરતા નીચેના ક્ષેત્રમાં સ્થિત સમશ્રેણીએ સ્થિત અને ઉપરના ક્ષેત્રમાં સ્થિત તારાદેવો અલ્પ કે સમાન ઋદ્ધિવાળા હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં તારા દેવોની ચંદ્ર-સૂર્ય દેવ કરતા અલ્પ ઋદ્ધિ અને સમઋદ્ધિના કારણનું નિરૂપણ છે.

જ્યોતિષી દેવોમાં ચંદ્ર અને સૂર્ય ઈન્દ્ર સ્થાને છે. તારારૂપ દેવો ચંદ્ર દેવના પરિવાર રૂપે ઓળખાય છે. જેમ લોકમાં પૂર્વ સંચિત પુણ્યના કારણે કેટલીક વ્યક્તિઓ રાજા ન હોવા છતાં રાજા તુલ્ય વૈભવવાળા કે રાજાથી કંઈક ન્યૂન વૈભવવાળા હોય છે, તેમ કેટલાક તારારૂપ દેવો ચંદ્રાદિ જેવી ઋદ્ધિવાળા હોય છે અને કેટલાક તેનાથી કંઈક ન્યૂન ઋદ્ધિવાળા હોય છે. જ્યારે અન્ય કેટલાક તારારૂપ દેવો સામાન્ય મનુષ્યની જેમ અત્યલ્પ ઋદ્ધિવાળા હોય છે.

તારા દેવોની ચંદ્ર કરતા અલ્પ કે તુલ્ય ઋદ્ધિનું કારણ જણાવતા સૂત્રકાર કહે છે કે પૂર્વભવમાં જેણે તપ, નિયમ, બ્રહ્મચર્યાદિનું શ્રેષ્ઠ આચરણ કર્યું હોય તે દેવો ચંદ્રાદિ જેવી કે તેનાથી કંઈક ન્યૂન ઋદ્ધિને પ્રાપ્ત થાય છે અને જેણે તપ, નિયમાદિનું આચરણ ન કર્યું હોય તે ચંદ્રાદિની સરખામણીમાં આવતાં જ નથી. તેઓ કંઈક અલ્પ ઋદ્ધિવાળા કે સમઋદ્ધિવાળા હોતા જ નથી, પરંતુ તે ચંદ્ર-સૂર્યની અપેક્ષાએ અત્યંત અલ્પ, નગણ્ય ઋદ્ધિવાળા હોય છે, તેમ સમજવું જોઈએ.

**ચંદ્ર–સૂર્ય પરિવાર :–**

**૫ ता एगमेगस्स णं चंदस्स देवस्स केवइया गहा परिवारो पण्णत्तो ? केवइया णक्खत्ता परिवारो पण्णत्तो ? केवइया तारा परिवारो पण्णत्तो ? ता एगमेगस्स णं चंदस्स देवस्स अट्ठासीइं गहा परिवारो पण्णत्तो, अट्ठावीसं णक्खत्ता परिवारो पण्णत्तो, छावट्ठिं सहस्साइं णव चेव सयाइं पंचुत्तराइं तारागणकोडिकोडीणं परिवारो पण्णत्तो ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પ્રત્યેક ચંદ્રદેવોને કેટલા ગ્રહ દેવોનો પરિવાર છે ? કેટલા નક્ષત્રોનો પરિવાર છે ? અને કેટલા તારાઓનો પરિવાર છે ? **ઉત્તર–** પ્રત્યેક ચંદ્રદેવોને(૮૮) અઠયાસી ગ્રહોનો પરિવાર છે, અઠયાવીસ (૨૮) નક્ષત્રોનો પરિવાર છે અને છાસઠ હજાર નવસો પંચોતેર(૬૬૯૭૫) ક્રોડાક્રોડી તારાઓનો પરિવાર છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચંદ્રના પરિવારરૂપ ગ્રહ, નક્ષત્ર અને તારાઓની સંખ્યાનું કથન છે. પ્રસ્તુતમાં અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રના સાતમા વક્ષસ્કારના ૧૮૧મા સૂત્રમાં ૨૮ નક્ષત્રો, ૮૮ ગ્રહો અને ૬૬,૭૯૫ તારાઓને ચંદ્રનો પરિવાર કહ્યો છે. સૂર્યનો પણ તે જ પરિવાર છે. ચંદ્રની જેમ સૂર્યના અલગ પરિવારનું ક્યાંય વિધાન નથી. શ્રી જીવાજીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના જ્યોતિષી દેવાધિકારમાં ગ્રહો, નક્ષત્રો, તારાઓનું અને શ્રી સમવાયાંગ સૂત્રના અઠયાસીમા સમવાયમાં ૮૮ ગ્રહોનું ચંદ્ર-સૂર્ય બંનેના સંયુક્ત પરિવારરૂપે કથન છે. ચંદ્ર-સૂર્ય બંને ઈન્દ્ર છે અને બંનેનો પરિવાર નક્ષત્રાદિ છે, તેમ છતાં ચંદ્ર મહર્દ્ધિક છે, મહાઋદ્ધિવાન છે. નક્ષત્ર, ગ્રહ, તારાઓ ઉપર સ્વામીપણાની આજ્ઞા ચંદ્રની હોય છે. ઈન્દ્ર બંને છે, બંનેનો પરિવાર સમાન છે, પરંતુ પરિવારનું સ્વામીત્વ અને મહર્દ્ધિકપણું ચંદ્રનું હોય છે.

જેમ એક ક્ષેત્રમાં બે રાજા હોય તો બંનેનો રાજ્ય સુખનો ભોગવટો સમાન હોય, રાજા બંને કહેવાય

પરંતુ તે બંનેમાં જે ૠદ્ધિવંત અને પુણ્યશાળી હોય તેની આણ પ્રજા ઉપર વર્તે છે, જેમ બળદેવ અને વાસુદેવની ત્રિખંડરૂપ રાજ્ય ૠદ્ધિ સમાન હોય છે, પરંતુ ત્રિખંડ ઉપર સ્વામીત્વ વાસુદેવનું હોય છે, તેમ નક્ષત્રાદિ ઉપર ચંદ્રનું અધિપતિપણું હોવાથી પ્રસ્તુતમાં નક્ષત્રાદિને ચંદ્રના પરિવાર રૂપે કહ્યા છે.

**જ્યોતિષ્ક વિમાનોનું મેરુ આદિથી અંતર :–**

**૬ ता मंदरस्स णं पव्वयस्स केवइयं अबाहाए जोइसे चारं चरइ ? ता एक्कारस एक्कवीसे जोयणसए अबाहाए जोइसे चारं चरइ ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** તારા રૂપ જ્યોતિષી દેવ વિમાનો મેરુ પર્વતથી કેટલા યોજન દૂર રહીને પરિભ્રમણ કરે છે ? **ઉત્તર–** તારારૂપ જ્યોતિષી દેવ વિમાનો મેરુ પર્વતથી ૧,૧૨૧ યોજન દૂર રહીને પરિભ્રમણ કરે છે.

**૭ ता लोअंताओ णं केवइयं अबाहाए जोइसे पण्णत्ते ? ता एक्कारस एक्कारे जोयणसए अबाहाए जोइसे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જ્યોતિષી દેવોના વિમાનો લોકાંતથી કેટલા દૂર સ્થિત છે ? **ઉત્તર–** જ્યોતિષી દેવોના વિમાનો લોકાંતથી ૧,૧૧૧ યોજન દૂર સ્થિત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જ્યોતિષ્ક દેવોના વિમાન અને મેરુપર્વત તથા લોકાંત વચ્ચેના અંતરનું કથન છે.

**તારા વિમાન અને મેરુ વચ્ચેનું અંતર :–** મેરુપર્વતથી ૧,૧૨૧ યોજન દૂર રહી જ્યોતિષી વિમાનો મેરુને પ્રદક્ષિણા કરે છે. અહીં સૂત્રમાં **जोइसं** શબ્દથી તારા વિમાનનું ગ્રહણ કરવામાં આવે છે કારણ કે ચંદ્ર, સૂર્ય, ગ્રહ અને નક્ષત્ર મેરુથી ૪૪,૮૨૦ યોજન દૂર રહી ભ્રમણ કરે છે, તેથી અહીં જે ૧,૧૨૧ યોજનનું અંતર કહ્યું છે, તે તારા વિમાનોની અપેક્ષાએ છે, તેમ સમજવું.

મેરુથી જ્યોતિષ મંડળના અંતરનું કથન જંબૂદ્વીપના જ્યોતિષી વિમાનોની અપેક્ષાએ છે, તેમ સમજવું જોઈએ. લવણાદિના જ્યોતિષી વિમાનો મેરુથી વધુ દૂરવર્તી છે.

**લોકાંતથી જ્યોતિષ મંડલનું અંતર :–** જ્યોતિષી વિમાનોની અંતિમ પંક્તિથી લોકાંત ૧,૧૧૧ યોજન દૂર સ્થિત છે. અઢીદ્વીપની બહાર જ્યોતિષી વિમાનો સ્થિર છે. તેથી જ સૂત્રકારે આ કથનમાં(સૂત્ર સાતમાં) चारं चरइ શબ્દનો પ્રયોગ કર્યો નથી.

**નક્ષત્રોનું અભ્યંતરાદિ સંચરણ :–**

**૮ ता जंबुद्दीवे णं दीवे कयरे णक्खत्ते सव्वब्भंतरिल्लं चारं चरइ ? कयरे णक्खत्ते सव्वबाहिरिल्लं चारं चरइ ? कयरे णक्खत्ते सव्वुपरिल्लं चारं चरइ ? कयरे णक्खत्ते सव्वहेट्ठिल्लं चारं चरइ ? ताअभिई णक्खत्ते सव्वब्भंतरिल्लं चारं चरइ, मूले णक्खत्ते सव्वबाहिरिल्लं चारं चरइ, साई णक्खत्ते सव्वुरिल्लं चारं चरइ, भरणी णक्खत्ते सव्वहेट्ठिल्लं चारं चरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ૨૮ નક્ષત્રમાંથી કયા નક્ષત્ર સર્વથી અંદર(મેરુ તરફ)

રહીને પરિભ્રમણ કરે છે ? કયા નક્ષત્ર સર્વથી બહાર(સમુદ્ર તરફ) રહીને પરિભ્રમણ કરે છે ? કયા નક્ષત્ર સૌથી ઉપર રહીને અને કયા નક્ષત્ર સૌથી નીચે રહીને ભ્રમણ કરે છે ? **ઉત્તર–** અભિજિત નક્ષત્ર સૌથી અંદર(મેરુથી નજીક) ભ્રમણ કરે છે; મૂલ નક્ષત્ર સૌથી બહાર(સમુદ્ર તરફ) રહીને, ભ્રમણ કરે છે; સ્વાતિ નક્ષત્ર સૌથી ઉપર અને ભરણી નક્ષત્ર સૌથી નીચે રહીને પરિભ્રમણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચાર નક્ષત્રના સ્થાનનું વર્ણન છે. ૨૮ નક્ષત્રો આઠ મંડળ ઉપર રહીને પરિભ્રમણ કરે છે. પ્રથમ મંડળ સર્વાભ્યંતર મંડળમાં અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષક્, પૂર્વાભાદ્રપદા, ઉત્તરા ભાદ્રપદા, રેવતી, અશ્વિની ભરણી, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની અને રેવતી, આ બાર નક્ષત્રો છે. બીજા મંડળ ઉપર પુનર્વસુ અને મઘા નક્ષત્ર છે, ત્રીજા મંડળ ઉપર કૃત્તિકા, ચોથા મંડળ ઉપર ચિત્રા અને રોહિણી, પાંચમા મંડળ ઉપર વિશાખા; છઠ્ઠા મંડળ ઉપર અનુરાધા, સાતમા મંડળ ઉપર જ્યેષ્ઠા અને આઠમા(સર્વ બાહ્ય) મંડળ ઉપર આર્દ્રા, મૃગશીર્ષ, પુષ્ય, અશ્લેષા, મૂળ, હસ્ત, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢ , આ આઠ નક્ષત્રો હોય છે.

આભ્યંતર મંડળ ઉપર ૧૨ નક્ષત્રો છે તેમાંથી અભિજિત નક્ષત્રનું વિમાન મેરુ તરફ થોડું અંદર છે. અર્થાત્ સ્વમંડળની સીમાને છોડીને જંબૂદ્વીપ(મેરુ) તરફ રહેતું અંદર ચાલે છે. મૂલ નક્ષત્ર સ્વમંડળની સીમાને છોડી અન્ય નક્ષત્રોથી બહાર ચાલે છે અર્થાત્ સર્વ બાહ્ય મંડળના આઠ નક્ષત્રોમાં મૂળ નક્ષત્રનું મંડળ લવણ સમુદ્ર તરફ થોડું વધારે બહાર છે. સ્વાતિ નક્ષત્ર સ્વમંડળના નક્ષત્રોના સપાટીથી થોડું ઊંચાઈમાં સર્વથી ઉપર ચાલે છે. ભરણી નક્ષત્ર સ્વમંડળ સ્થાનમાં અન્ય નક્ષત્રોની સપાટીથી થોડું નીચે ચાલે છે.

**જ્યોતિષ્ક વિમાનોનો આકાર :–**

**૧ ता चंदविमाणे णं किंसंठिए पण्णत्ते ? ता अद्धकविट्ठग-संठाणसंठिए सव्वफालियामए अब्भुगयमूसियपहसिए विविह-मणि-रयण-भत्तिचित्ते, वाउद्धुय-विजय-वेजयंतीपडागा छत्ताइछत्तकलिए, तुंगे गगणतलमणुलिहंतसिहरे, जालंतररयण-पंजरुम्मीलियव्व मणिकणगथूभियागे, वियसिय-सयपत्त-पुंडरीय-तिलयरयणद्धचंदचित्ते, अंतो बहि च सण्हे, तवणिज्जबालुगापत्थडे सुहफासे सस्सिरीयरूवे पासाईए दरिसणिज्जे अभिरूवे पडिरूवे ।**

**एवं सूरविमाणे, गहविमाणे, णक्खत्तविमाणे ताराविमाणे ।**


**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્ર વિમાનનો આકાર કેવો છે ? **ઉત્તર–** ચંદ્ર વિમાન અર્ધ કોઠાના ફળના આકાર- વાળું, સંપૂર્ણપણે સ્ફટિક રત્નમય, સર્વ દિશામાં વ્યાપ્ત પોતાની પ્રભાથી જાણે હસતું હોય, તેવું લાગે છે. તે વિમાનની દિવાલ ઉપર વિવિધ પ્રકારના મણિઓ અને રત્નો ખીચોખીચ જડેલા છે; છત્રાતિછત્ર (ઉપરા ઉપર સ્થિત છત્રો ઉપર) વિજય–વૈજયંતી પતાકાઓ પવનથી લહેરાતી રહે છે; તેના મણિ– કનકમય ઊંચા શિખરો જાણે આકાશને અડે છે; તેની ભીંતોમાં વચ્ચે-વચ્ચે રત્નના જાળિયાઓ છે, તે જાળિયાગત રત્નો જાણે પાંજરામાંથી (કબાટમાંથી) હમણાં જ બહાર કાઢ્યા હોય તેવા શોભે છે; તેની ભીંતો ઉપર વિકસિત શતપત્રોવાળા પુંડરીક કમળો, તિલક અને અર્ધ ચંદ્રકો કોતરેલા છે; તેની અંદર-બહાર

મુલાયમ, સોનેરી રેતી પથરાયેલી રહે છે, તે વિમાન સુંદર, સુખદ સ્પર્શવાળું, શોભાયુક્ત, પ્રાસાદીય, દર્શનીય, રમણીય અને ઘાટીલું છે.

સૂર્ય વિમાન, ગ્રહ વિમાન, નક્ષત્ર વિમાન અને તારા વિમાનના આકાર ચંદ્ર વિમાન જેવા જ છે.

**વિવેચન :–**

**જ્યોતિષ્ક વિમાન સંસ્થાન**



પ્રસ્તુત સૂત્રમાં ચંદ્રાદિ જ્યોતિષ્ક વિમાનના સંસ્થાન–આકારનું તથા વિમાનના સ્વરૂપનું વર્ણન છે.

સર્વ જ્યોતિષ્ક દેવોના વિમાનો અર્ધ કોઠા કે અર્ધ બિજોરાના આકારે છે. આ જ્યોતિષ્ક વિમાનોની અર્ધ કોઠાના આકારવાળી પીઠ ઉપર જ્યોતિષ્ક દેવોના પ્રાસાદો-મહેલો ચઢતા-ઉતરતા ક્રમથી એવી રીતે ગોઠવાયેલા છે કે તેના શિખરના ભાગો લગભગ ગોળાકાર બની જાય છે અને તેથી જ ઉદય-અસ્ત સમયે તે વિમાનો ગોળાકાર રૂપે જ દેખાય છે. મધ્યાહ્ન સમયે તો મસ્તક ઉપર હોવાથી તેનું ગોળાકાર તળીયું દેખાય છે. આ રીતે અર્ધ ગોળાકાર હોવા છતાં અર્ધ ભાગના પ્રાસાદોની રચનાના કારણે તે ગોળાકાર રૂપે જ દેખાય છે.

**જ્યોતિષ્ક વિમાનોની લંબાઈ–પહોળાઈ :–**

**૧૦ ता चंदविमाणे णं केवइयं आयाम-विक्खंभेण, केवइयं परिक्खेवेणं, केवइयं बाहल्लेणं पण्णत्ते ? ता छप्पण्णं एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभेण, तं तिगुणं सविसेसं परिक्खेवेणं, अट्ठावीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं पण्णत्ते।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્ર વિમાનની લંબાઈ-પહોળાઈ કેટલી છે ? પરિધિ કેટલી છે ? બાહલ્ય(જાડાઈ) કેટલી છે ? **ઉત્તર–** ચંદ્ર વિમાનની લંબાઈ-પહોળાઈ(વ્યાસ) એક યોજનના એકસઠીયા છપ્પન ભાગ ( $\frac{૫૬}{૬૧}$ યોજન)ની છે. તેની પરિધિ તેના વ્યાસથી(લંબાઈ–પહોળાઈથી) સાધિક ત્રણગણી (સાધિક ૨$\frac{૪૬}{૬૧}$ યોજન)ની છે અને તેની જાડાઈ એક યોજનના એકસઠીયા અઠ્યાવીસ ભાગ( $\frac{૨૮}{૬૧}$ યોજન)ની છે.

**૧૧ ता सूरविमाणे णं केवइयं आयाम-विक्खंभेणं ? केवइयं परिक्खेवेणं ? केवइयं बाहल्लेणं पण्णत्ते ? ता अडयालीसं एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभेणं, तं तिगुणं सविसेसं परिक्खेवेणं, चउव्वीसं एगट्ठिभागे जोयणस्सणं बाहल्लेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્યવિમાનની લંબાઈ-પહોળાઈ કેટલી છે ? પરિધિ કેટલી છે ? જાડાઈ કેટલી છે? **ઉત્તર–** સૂર્યવિમાનની લંબાઈ-પહોળાઈ એક યોજનના એકસઠીયા અડતાલીસભાગ ($\frac{૪૮}{૬૧}$ યોજન)ની છે. તેની પરિધિ સાધિક ત્રણ ગણી (સાધિક ૨ $\frac{૨૨}{૬૧}$ યોજન) અને તેની જાડાઈ એક યોજનના એકસઠભાગોમાંથી ચોવીસભાગ($\frac{૨૪}{૬૧}$ યોજનની) છે.

**૧૨ ता गहविमाणे णं केवइयं आयाम-विक्खंभेणं ? केवइयं परिक्खेवेणं ?**

**केवइयं बाहल्लेणं पण्णत्ते ? ता अद्धजोयणं आयाम-विक्खंभेणं । तं तिगुणं सविसेसं परिक्खेवेणं, कोसं बाहल्लेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ગ્રહવિમાનની લંબાઈ-પહોળાઈ કેટલી છે ? પરિધિ કેટલી છે ? જાડાઈ કેટલી છે ? **ઉત્તર–** ગ્રહ વિમાનની લંબાઈ-પહોળાઈ અર્ધા યોજન($\frac{૩૦॥}{૬૧}$) યોજનની છે. તેની પરિધિ સાધિક ત્રણગણી અર્થાત્ સાધિક દોઢ યોજન છે અને તેની જાડાઈ એક ગાઉની છે.

**१३ ता णक्खत्तविमाणे णं केवइयं आयाम-विक्खंभेणं ? केवइयं परिक्खेवेणं? केवइयं बाहल्लेणं पण्णत्ते ? ता कोसं आयाम-विक्खंभेणं, तं तिगुणं सविसेसं परिक्खेवेणं, अद्धकोसं बाहल्लेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** નક્ષત્ર વિમાનની લંબાઈ-પહોળાઈ કેટલી છે ? પરિધિ કેટલી છે ? અને તેની જાડાઈ કેટલી છે ? **ઉત્તર–** નક્ષત્ર વિમાનની લંબાઈ-પહોળાઈ એક ગાઉ છે, સાધિક ત્રણ ગુણી(૩ ગાઉ) તેની પરિધિ છે અને તેની જાડાઈ અર્ધાગાઉની છે.

**१४ ता ताराविमाणे णं केवइयं आयाम-विक्खंभेणं ? केवइयं परिक्खेवेणं ? केवइयं बाहल्लेणं पण्णत्ते ? ता अद्धकोसं आयाम-विक्खंभेणं, तं तिगुणं सविसेसं परिक्खेवेणं, पंचधणुसयाइं बाहल्लेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** તારા વિમાનોની લંબાઈ-પહોળાઈ કેટલી છે ? તેની પરિધિ કેટલી છે ? અને તેની જાડાઈ કેટલી છે ? **ઉત્તર–** તારા વિમાનોની લંબાઈ-પહોળાઈ અર્ધા ગાઉની છે, સાધિક ત્રણ ગુણી અર્થાત્ સાધિક દોઢ ગાઉની તેની પરિધિ છે અને તેની જાડાઈ પાંચસો ધનુષની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્રાદિ વિમાનોની લંબાઈ-પહોળાઈ(વ્યાસ), પરિધિ અને ઊંચાઈ(ઊંડાઈ) આદિનું વર્ણન છે. આ ચંદ્રાદિ વિમાનનું જે માપ દર્શાવ્યું છે, તે જ માપ ચંદ્રમંડલ(માર્ગ)નું પણ હોય છે. પ્રસ્તુતમાં चंदविमाणे, सूर विमाणे શબ્દપ્રયોગ છે. શ્રી સમવાયાંગ સૂત્રના એકસઠમા સમવાયમાં चंदमंडले णं एगसट्ठी विभागविभाइए समंसे पण्णत्ते । ચંદ્રમંડળ એક યોજનના એકસઠીયા સમસંખ્યક છપ્પન ભાગ પ્રમાણ છે. આ રીતે ચંદ્ર વિમાન અને ચંદ્ર મંડળ(માર્ગ) એક સમાન છે.

**જ્યોતિષ્ક વિમાનોની લંબાઈ-પહોળાઈ આદિ :–**

| જ્યોતિષ્ક વિમાન | લંબાઈ–પહોળાઈ | પરિધિ | જાડાઈ |
|---|---|---|---|
| ચંદ્ર | $\frac{૫૬}{૬૧}$ યોજન | સાધિક ૨$\frac{૪૬}{૬૧}$ યોજન | $\frac{૨૮}{૬૧}$ યોજન |
| સૂર્ય | $\frac{૪૮}{૬૧}$ યોજન | સાધિક ૨$\frac{૨૨}{૬૧}$ યોજન | $\frac{૨૪}{૬૧}$ યોજન |
| ગ્રહ | ૨ ગાઉ | સાધિક દોઢ યોજન | એક ગાઉ |
| નક્ષત્ર | એક ગાઉ | સાધિક ત્રણ ગાઉ | અર્ધો ગાઉ |
| તારા | અર્ધો ગાઉ | સાધિક દોઢ ગાઉ | ૫૦૦ ધનુષ ($\frac{૧}{૪}$ ગાઉ) |

**જ્યોતિષ્ક વિમાનોના વાહક દેવો :–**

**१५ ता चंदविमाणे णं कइ देवसाहस्सीओ परिवहंति ? ता सोलस देवसाहस्सीओ परिवहंति, तं जहा– पुरत्थिमेणं सीहरूवधारीणं चत्तारि देवसाहस्सीओ परिवहंति, दाहिणेणं गयरूवधारीणं चत्तारि देवसाहस्सीओ परिवहंति, पच्चत्थिमेणं वसहरूवधारीणं चत्तारि देवसाहस्सीओ परिवहंति, उत्तरेणं तुरगरूवधारीणं चत्तारि देवसाहस्सीओ परिवहंति । एवं सूरविमाणं पि ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** કેટલા હજાર દેવો ચંદ્ર વિમાનનું પરિવહન(ઉપાડીને પરિભ્રમણ) કરે છે ? **ઉત્તર–** સોળ હજાર દેવો ચંદ્ર વિમાનનું પરિવહન કરે છે, જેમ કે– (૧) સિંહરૂપધારી ચાર હજાર દેવો પૂર્વ દિશાથી પરિવહન કરે છે, (૨) હાથીરૂપધારી ચાર હજાર દેવો દક્ષિણ દિશાથી પરિવહન કરે છે, (૩) વૃષભરૂપધારી ચાર હજાર દેવો પશ્ચિમ દિશાથી પરિવહન કરે છે. (૪) અશ્વરૂપધારી ચાર હજાર દેવો ઉત્તર દિશાથી પરિવહન કરે છે. આ પ્રમાણે અર્થાત્ ચંદ્ર વિમાનની જેમ જ સૂર્ય વિમાનનું પણ સોળ હજાર દેવો પરિવહન કરે છે.

**१६ ता गहविमाणे णं कइ देवसाहस्सीओ परिवहंति ? ता अट्ठ देवसाहस्सीओ परिवहंति, तं जहा– पुरत्थिमेणं सिंहरूवधारीणं देवाणं दो देवसाहस्सीओ परिवहंति, एवं *जाव* उत्तरेणं तुरगरूवधारीणं देवाणं दो देवसाहस्सीओ परिवहंति ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** કેટલા હજાર દેવો ગ્રહ વિમાનનું પરિવહન કરે છે ? **ઉત્તર–** આઠ હજાર દેવો ગ્રહ વિમાનનું પરિવહન કરે છે, જેમ કે– સિંહરૂપધારી બે હજાર દેવો પૂર્વ દિશાથી પરિવહન કરે છે, એ પ્રમાણે ***યાવત્*** અશ્વરૂપધારી બે હજાર દેવો ઉત્તરદિશાથી પરિવહન કરે છે.

**१७ ता णक्खत्तविमाणे णं कइ देवसाहस्सीओ परिवहंति ? ता चत्तारि देवसाहस्सीओ परिवहंति, तं जहा– पुरत्थिमेणं सीहरूवधारीणं देवाणं एक्का देवसाहस्सीओ परिवहंति, एवं *जाव* उत्तरेणं तुरगरूवधारीणं देवाणं एक्का देवसाहस्सीओ परिवहंति ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** કેટલા હજાર દેવો નક્ષત્ર વિમાનનું પરિવહન કરે છે ? **ઉત્તર–** ચાર હજાર દેવો નક્ષત્ર વિમાનનું પરિવહન કરે છે, જેમ કે– સિંહરૂપધારી એક હજાર દેવો પૂર્વ દિશાથી પરિવહન કરે છે, એ જ પ્રમાણે ***યાવત્*** અશ્વરૂપધારી એક હજાર દેવો ઉત્તર દિશાથી પરિવહન કરે છે.

**१८ ता ताराविमाणे णं कइ देवसाहस्सीओ परिवहंति ? ता दो देवसाहस्सीओ परिवहंति, तं जहा– पुरत्थिमेणं सीहरूवधारीणं देवाणं पंचदेवसया परिवहंति, एवं *जाव* उत्तरेणं तुरगरूवधारीणं देवाणं पंचदेवसया परिवहंति ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** કેટલા હજાર દેવો તારા વિમાનનું પરિવહન કરે છે ? **ઉત્તર–** બે હજાર દેવો તારા વિમાનનું પરિવહન કરે છે, જેમ કે– પૂર્વદિશાથી સિંહરૂપધારી પાંચસો દેવો પરિવહન કરે છે, તે જ

રીતે ***યાવત્*** અશ્વરૂપધારી પાંચસો દેવો ઉત્તર દિશાથી પરિવહન કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જ્યોતિષ્ક વિમાનના વાહક દેવોનું વર્ણન છે.

ચંદ્ર આદિ જ્યોતિષી દેવો શક્તિસંપન્ન હોય છે. તેઓ અન્યના આલંબન વિના જ પોતાના વિમાનોનું વહન કરી શકે છે. તેઓને વિમાન વાહક દેવોની જરૂર નથી પરંતુ તેઓના આભિયોગિક–સેવક દેવો તથા પ્રકારના નામ કર્મના ઉદયે આભિયોગિક-દાસપણું પ્રાપ્ત કરે છે.

તે દેવો પોતાના સ્વામી દેવોનો મહિમા લોક સમક્ષ પ્રગટ કરવા તેના વિમાનોની નીચે રહીને તેનું વહન કરે છે. મહર્દ્ધિક દેવોના સેવક-નોકર થવામાં તે દેવો ગૌરવ અનુભવે છે. તેઓ સિંહ, વૃષભ, ગજ અને અશ્વના રૂપ ધારણ કરી, વિમાનની ચારે દિશામાં રહીને વિમાનનું વહન કરે છે.

**જ્યોતિષ્ક વિમાનના વાહક દેવો :–**

| ક્રમ | દેવ વિમાન | વાહક દેવ સંખ્યા | પૂર્વ દિશાવર્તી સિંહરૂપ ધારી દેવ | દક્ષિણ દિશાવર્તી ગજરૂપ ધારી દેવ | પશ્ચિમ દિશાવર્તી વૃષભરૂપ ધારી દેવ | ઉત્તર દિશાવર્તી અશ્વ રૂપ ધારી દેવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ચંદ્ર વિમાન | ૧૬,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ |
| ૨ | સૂર્ય વિમાન | ૧૬,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ |
| ૩ | ગ્રહ વિમાન | ૮,૦૦૦ | ૨,૦૦૦ | ૨,૦૦૦ | ૨,૦૦૦ | ૨,૦૦૦ |
| ૪ | નક્ષત્ર વિમાન | ૪,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ |
| ૫ | તારા વિમાન | ૨,૦૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |

**જ્યોતિષ્ક દેવોની ગતિ :–**

**१९ ता एएसि णं चंदिम-सूरिय-गहगण-णक्खत्ता-तारारूवाणं कयरे कयरेहिंतो सिग्घगई वा मंदगई वा ? ता चंदेहिंतो सूरा सिग्घगई, सूरेहिंतो गहा सिग्घगई, गहेहिंतो णक्खत्ता सिग्घगई, णक्खत्तेहिंतो तारा सिग्घगई । सव्वप्पगई चंदा, सव्वसिग्घगई तारा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓમાં કોણ કોનાથી શીઘ્ર ગતિ અથવા મંદગતિ- વાળા છે ? **ઉત્તર–** ચંદ્રો કરતા સૂર્યો શીઘ્ર ગતિવાળા છે, સૂર્યો કરતા ગ્રહો શીઘ્ર ગતિવાળા છે, ગ્રહો કરતા નક્ષત્રો શીઘ્રગતિવાળા છે, નક્ષત્રો કરતા તારાઓ શીઘ્ર ગતિવાળા છે. ચંદ્રો સર્વથી અલ્પ ગતિવાળા છે અને તારાઓ સર્વથી શીઘ્રગતિવાળા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જ્યોતિષ્ક વિમાનોની શીઘ્ર–મંદ ગતિનું તુલનાત્મક કથન છે.

બધા જ્યોતિષ્ક દેવોમાં ચંદ્ર વિમાન સહુથી મોટું છે. તેના કરતાં અનુક્રમે સૂર્યાદિ વિમાનો ક્રમશઃ નાના-નાના હોય છે. લોકમાં પણ એવું દેખાય છે કે ભારે સ્થૂલ શરીરવાળાની ગતિ પ્રાયઃ અલ્પ હોય છે. ચંદ્ર કરતા સૂર્ય, સૂર્ય કરતા ગ્રહ, ગ્રહ કરતા નક્ષત્ર અને નક્ષત્ર કરતા તારાઓ શીઘ્રગામી હોય છે.

**જ્યોતિષી દેવોની ઋદ્ધિ :–**

**૨૦ ता एएसि णं चंदिम-सूरिय-गहगण-णक्खत्ता-तारारूवाणं कयरे कयरेहिंतो अप्पड्डिया वा महिड्डिया वा ? ता ताराहिंतो णक्खत्ता महिड्डिया णक्खत्तेहिंतो गहा महिड्डिया, गहेहिंतो सूरा महिड्डिया, सूरेहिंतो चंदा महिड्डिया । सव्वप्पिड्डिया तारा, सव्वमहिड्डिया चंदा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા દેવોમાં કોણ કોનાથી અલ્પર્દ્ધિક અથવા મહર્દ્ધિક છે? **ઉત્તર–** તારા દેવો કરતા નક્ષત્ર દેવો મહર્ધિક છે, નક્ષત્ર દેવો કરતા ગ્રહ દેવો મહર્ધિક છે, ગ્રહ દેવો કરતા સૂર્ય દેવો મહર્ધિક છે, સૂર્ય દેવો કરતા ચંદ્રો મહર્ધિક છે. તારા દેવો સર્વથી અલ્પ ઋદ્ધિવાળા છે અને ચંદ્ર દેવો સર્વથી અધિક ઋદ્ધિવાળા છે.

**તારાઓ વચ્ચેનું અંતર :–**

**૨૧ ता जंबुद्दीवे णं दीवे तारारूवस्स तारारूवस्स य एस णं केवइए अबाहाए अंतरे पण्णत्ते ? दुविहे अंतरे पण्णत्ते, तं जहा– वाघाइमे य णिव्वाघाइमे य ।**

**तत्थ णं जे से वाघाइमे, से णं जहण्णेणं दोण्णि छावट्ठे जोयणसए, उक्कोसेणं बारस जोयण सहस्साइं दोण्णि बायाले जोयणसए तारारूवस्स य तारारूवस्स य अबाहाए अंतरे पण्णत्ते ।**

**तत्थ णं जे से णिव्वाघाइमे से णं जहण्णेणं पंच धणुसयाइं उक्कोसेणं अद्धजोयणं तारारूवस्स य तारारूवस्स य अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં એક તારા અને બીજા તારા વચ્ચે કેટલું અંતર હોય છે? **ઉત્તર–** તારાઓ અંતરના બે પ્રકારના છે, જેમ કે– (૧) વ્યાઘાતિક અંતર– વચ્ચમાં પર્વત આદિનું વ્યવધાન હોય તેવું અંતર અને (૨) નિર્વ્યાઘાતિક અંતર– વચ્ચમાં કોઈ જાતનું વ્યવધાન ન હોય તેવું અંતર.


એક તારાથી બીજા તારા વચ્ચે વ્યાઘાતિક અંતર જઘન્ય બસો છાસઠ (૨૬૬) યોજન અને ઉત્કૃષ્ટ બાર હજાર બસો બેતાલીસ(૧૨,૨૪૨) યોજન છે.

એક તારાથી બીજા તારાનું નિર્વ્યાઘાતિક– સ્વાભાવિક અંતર જઘન્ય પાંચસો ધનુષ અને ઉત્કૃષ્ટ અર્ધો યોજન અર્થાત્ ૨ ગાઉનું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તારાઓ વચ્ચેના અંતરનું વર્ણન છે.

**તારાઓ વચ્ચેનું અંતર**




**તારાઓ વચ્ચેનું નિર્વ્યાઘાતિક અંતર :–** એક તારાથી બીજા તારાની વચ્ચે પર્વતાદિનું વ્યવધાન ન હોય, તો તે અંતર નિર્વ્યાઘાતિક અંતર કહેવાય છે. તે અંતર જઘન્ય ૫૦૦ ધનુષ્ય અને ઉત્કૃષ્ટ ૨ ગાઉનું હોય છે.

**તારાઓ વચ્ચેનું વ્યાઘાતિક અંતર :–** સમપૃથ્વીથી ૭૯૦ યોજન ઊંચે તારામંડળ મેરુને પરિભ્રમણ કરે છે. જંબૂદ્વીપના નિષધ પર્વત અને નીલવાન પર્વત ૪૦૦ યોજન ઊંચા છે અને તેના કૂટ ૫૦૦-૫૦૦ યોજન ઊંચા છે. આ રીતે આ પર્વતોની કુલ ઊંચાઈ ૯૦૦ યોજનની થાય છે, તેથી તારાઓના વિમાનોની વચ્ચે તે પર્વત આવે છે અને તે અંતર વ્યાઘાતિક કહેવાય છે.

નિષધ પર્વત અને નીલવાન પર્વતના કૂટથી બંને બાજુ ૮-૮ યોજન દૂર તારાવિમાન હોય છે. આ કૂટો ઉપરના ભાગમાં ૨૫૦ યોજન પહોળા છે. તેથી ૨૫૦ + ૮ + ૮ = ૨૬૬ યોજનનું જઘન્ય વ્યાઘાતિક અંતર તારાઓ વચ્ચે જાણવું.

જંબૂદ્વીપની મધ્યમાં મેરુપર્વત સ્થિત છે. તે ૯૯,૦૦૦ યોજન ઊંચો છે. ૭૯૦ યોજન ઊંચે તારા મંડળ પરિભ્રમણ કરે છે. સામસામી દિશામાં રહેલા તારાઓની વચ્ચે મેરુપર્વતનું વ્યવધાન આવે છે. ૭૯૦ યોજનની ઊંચાઈએ મેરુ પર્વતના વ્યાસમાં, લંબાઈ પહોળાઈમાં ખાસ ફેર થતો નથી. તેથી ૭૯૦ યોજનની ઊંચાઈએ મેરુ ૧૦,૦૦૦ યોજનની પહોળાઈ ધરાવે છે. તારાઓ મેરુ પર્વતથી ૧,૧૨૧ યોજન દૂર રહી ભ્રમણ કરે છે. તેથી મેરુપર્વતથી એક દિશામાં ૧,૧૨૧ યોજન દૂર તારામંડળ ભ્રમણ કરે છે. તેવી જ રીતે સામી દિશામાં પણ ૧૧૨૧ યોજન દૂર તારામંડળ ભ્રમણ કરે છે અને વચ્ચે મેરુ પર્વતની પહોળાઈ છે, તેથી ૧,૧૨૧ + ૧૦,૦૦૦ + ૧,૧૨૧ = ૧૨,૨૪૨ યોજનનું ઉત્કૃષ્ટ વ્યાઘાતિક અંતર જાણવું.

**જ્યોતિષી દેવોની અગ્રમહિષીઓ તથા ભોગ મર્યાદા :–**

**૨૨ ता चंदस्स णं जोइसिंदस्स जोइसरण्णो कइ अग्गमहिसीओ पण्णत्ताओ ? ता चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा– चंदप्पभा, दोसिणाभा,**

**अच्चिमाली, पभंकरा । तत्थ णं एगमेगाए देवीए चत्तारि–चत्तारि देवीसाहस्सी–परिवारो पण्णत्तो । पभू णं ताओ एगमेगा देवी अण्णाइं चत्तारि–चत्तारि देवीसहस्साइं परिवारं विउव्वित्तए । एवामेव सपुव्वावरेणं सोलसदेवीसहस्सा पण्णत्ता । से त्तं तुडिए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રની કેટલી અગ્રમહિષીઓ છે ? **ઉત્તર–** ચંદ્રેન્દ્રને ચાર અગ્રમહિષીઓ–મુખ્ય દેવીઓ છે, જેમ કે– (૧) ચંદ્રપ્રભા (૨) જ્યોત્સનાભા (૩) અર્ચિમાલી (૪) પ્રભંકરા. તેમાં દરેક અગ્રમહિષીઓને ચાર-ચાર હજાર દેવીઓનો પરિવાર હોય છે. તે પ્રત્યેક દેવીઓ અન્ય ચાર-ચાર હજાર દેવીઓનો પરિવાર વિકુર્વિત કરવામાં સમર્થ છે. આ પ્રમાણે કુલ મળીને સોળ હજાર દેવીઓ(૪ અગ્રમહિષીઓ અને તે ચારેયનો ચાર-ચાર હજાર દેવીઓનો પરિવાર ૪ × ૪૦૦૦ = ૧૬૦૦૦ દેવીઓ) કહી છે. આ ચંદ્રદેવનું અંતઃપુર છે.

**૨૩ ता पभू णं चंदे जोइसिंदे जोइसराया चंदवडिंसए विमाणे सभाए सुहम्माए तुडिएणं सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए ? णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર દેવ ચંદ્રાવતંસક વિમાનની સુધર્મસભામાં પોતાના અંતઃપુરની અગ્રમહિષીઓની સાથે દિવ્ય ભોગ ભોગવતા શું વિચરી શકે છે ? **ઉત્તર–** તે પ્રમાણે શક્ય નથી અર્થાત્ જ્યોતિષેન્દ્ર ચંદ્ર દેવ સુધર્મા સભામાં પોતાના અંતઃપુર સાથે દિવ્ય ભોગ ભોગવી શકતા નથી.

**૨૪ ता कहं ते णो पभू चंदे जोइसिंदे जोइसराया चंदवडिंसए विमाणे सभाए सुहम्माए तुडिएणं सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए ? ता चंदस्स णं जोइसिंदस्स जोइसरण्णो चंदवडिंसए विमाणे सभाए सुहम्माए माणवएसु चेइयखंभेसु वइरामएसु गोलवट्टसमुग्गएसु बहवे जिणसकहाओ संणिक्खित्ताओ चिट्ठंति, ताओ णं चंदस्स जोइसिंदस्स जोइसरण्णो अण्णेसिं च बहूणं जोइसियाणं देवाणं य देवीण य अच्चणिज्जाओ** *जाव* **पज्जुवासणिज्जाओ। एवं खलु णो पभू चंदे जोइसिंदे जोइसराया चंदवडिंसए विमाणे सभाए सुहम्माए तुडिएणं सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए ।**

**पभू णं चंदे जोइसिंदे जोइसराया चंदवडिंसए विमाणे सभाए सुहम्माए चंदंसि सीहासणंसि चउहिं सामाणियसाहस्सीहिं, चउहिं अग्गमहिसीहिं सपरिवाराहिं तिहिं परिसाहिं, सत्तहिं अणिएहिं, सत्तहिं अणियाहिवईहिं, सोलसहिं आयरक्खदेव साहस्सीहिं अण्णेहि य बहूहिं जोइसिएहिं देवेहिं देवीहि य सद्धिं संपरिवुडे, महयाहयणट्ट-गीय-वाइय-तंती-तल-ताल-तुडिय- घण-मुइंग-पडुप्पवाइय-रवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए, केवलं परियारणिड्ढीए, णो चेव णं मेहुणवत्तियाए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** શા માટે જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર દેવ ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભામાં

પોતાના અંતઃપુરની અગ્રમહિષીઓ સાથે દિવ્ય ભોગ ભોગવી શકતા નથી ? **ઉત્તર–** જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર દેવના ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભામાં માણવક નામના ચૈત્ય સ્તંભ ઉપર વજ્રમય ગોળ ડબ્બામાં અનેક જિન દાઢાઓ રાખેલી હોય છે. જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર અને અન્ય જ્યોતિષ દેવ-દેવીઓ માટે તે અર્ચનીય **યાવત્** પર્યુપાસનીય છે, તેથી જ્યોતિષેન્દ્ર, જ્યોતિષરાજ ચંદ્ર દેવ ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભામાં અગ્રમહિષીઓની સાથે દિવ્ય ભોગ-ભોગવતા નથી.

ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભામાં ચંદ્રસિંહાસન પર સ્થિત ચંદ્ર દેવ પોતાના ચાર હજાર સામાનિક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પરિષદ, સાત સેનાઓ, સાત સેનાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો તથા અનેક જ્યોતિષી દેવ–દેવીઓ સાથે નાટ્ય, ગીત, વીણા વગેરે વાદ્યના તલ–તાલ અને ત્રુટિત, ઘન, મૃદંગના ધ્વનિઓ દ્વારા દિવ્ય ભોગ-ભોગવવામાં સમર્થ થઈ શકે છે, પરંતુ મૈથુનરૂપ ભોગ ભોગવી શકતા નથી.

**૨૫ ता सूरस्स णं जोइसिंदस्स जोइसरण्णो कइ अग्गमहिसीओ पण्णत्ताओ ? ता चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा– सूरप्पभा, आतवा, अच्चिमाली, पभंकरा, सेसं जहा चंदस्स, णवरं सूरवडेंसए विमाणे** *जाव* **णो चेव णं मेहुण– वत्तियाए ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ સૂર્ય દેવની કેટલી અગ્રમહિષીઓ છે ? **ઉત્તર–** સૂર્યેન્દ્રને ચાર અગ્રમહિષીઓ છે, જેમ કે– (૧) સૂરપ્રભા (૨) આતપા (૩) અર્ચિમાલી (૪) પ્રભંકરા. શેષ સર્વ વર્ણન ચંદ્રની સમાન છે. વિશેષતા એ છે કે અહીં સૂર્યાવતંસક વિમાન કહેવું ***યાવત્*** મૈથુન સેવન કરી શકતા નથી.

**જ્યોતિષ્ક દેવોની સ્થિતિ :–**

**૨૬ ता जोइसिया णं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं अट्ठभागपलिओवमं, उक्कोसेणं पलिओवमं वाससयसहस्समब्भहियं । ता जोइसिणीणं देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं अट्ठभागपलिओवमं, उक्कोसेणं अद्धपलिओवमं पण्णासाए वाससहस्सेहिं अब्भहियं ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** જ્યોતિષ્ક દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** જઘન્ય પલ્યોપમના આઠમા ભાગની, ઉત્કૃષ્ટ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની છે.

**પ્રશ્ન–** જ્યોતિષ્ક દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** જઘન્ય પલ્યોપમના આઠમા ભાગની, ઉત્કૃષ્ટ પચાસ હજાર વર્ષ અધિક અર્ધ પલ્યોપમની છે.

**૨૭ ता चंदविमाणे णं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं चउब्भागपलिओवमं, उक्कोसेणं पलिओवमं वाससयसहस्सब्भहियं । ता चंदविमाणे णं देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं चउब्भाग– पलिओवमं, उक्कोसेणं अद्धपलिओवमं पण्णासाए वाससहस्सेहिं अब्भहियं ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્ર વિમાનવાસી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** ચંદ્ર વિમાનવાસી દેવોની

જઘન્ય પરિસ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની, ઉત્કૃષ્ટ સ્થિતિ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની છે. **પ્રશ્ન–** ચંદ્ર વિમાન વાસી દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** ચંદ્ર વિમાનવાસી દેવીઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની, ઉત્કૃષ્ટ સ્થિતિ પચાસ હજાર વર્ષ અધિક અર્ધ પલ્યોપમની છે.

**૨૮ ता सूरविमाणे णं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं चउब्भागपलिओवमं, उक्कोसेणं पलिओवमं वाससहस्सब्भहियं । ता सूरविमाणे णं देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं चउब्भागपलिओवमं, उक्कोसेणं अद्ध पलिओवमं पंचहिं वाससएहिं अब्भहियं।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સૂર્ય વિમાનવાસી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** સૂર્ય વિમાનવાસી દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની, ઉત્કૃષ્ટ સ્થિતિ હજાર વર્ષ અધિક એક પલ્યોપમની છે.

**પ્રશ્ન–** સૂર્ય વિમાનવાસી દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** સૂર્ય વિમાનવાસી દેવીઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની, ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચસો વર્ષ અધિક અર્ધ પલ્યોપમની છે.

**૨૯ ता गहविमाणे णं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं चउब्भागपलिओवमं, उक्कोसेणं पलिओवमं । ता गहविमाणे णं देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं चउब्भागपलिओवमं, उक्कोसेणं अद्धपलिओवमं।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ગ્રહ વિમાનવાસી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** ગ્રહ વિમાનવાસી દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની, ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની છે.

**પ્રશ્ન–** ગ્રહ વિમાનવાસી દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** ગ્રહ વિમાનવાસી દેવીઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની, ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધપલ્યોપમની છે.

**૩૦ ता णक्खत्तविमाणे णं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं चउब्भागपलिओवमं, उक्कोसेणं अद्धपलिओवमं । ता णक्खत्तविमाणे णं देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं चअट्ठभागपलिओवमं, उक्कोसेणं उब्भागपलिओवमं ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** નક્ષત્ર વિમાનવાસી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** નક્ષત્ર વિમાનવાસી દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની, ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધ પલ્યોપમની છે.

**પ્રશ્ન–** નક્ષત્ર વિમાનવાસી દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** નક્ષત્ર વિમાનવાસી દેવીઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમના આઠમા ભાગની, ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની છે.

**૩૧ ता ताराविमाणे णं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं अट्ठभागपलिओवमं, उक्कोसेणं चउब्भागपलिओवमं । ता ताराविमाणे णं देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? ता जहण्णेणं अट्ठभागपलिओवमं, उक्कोसेणं साइरेगअट्ठभागपलिओवमं ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** તારા વિમાનવાસી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** તારા વિમાનવાસી દેવોની સ્થિતિ જઘન્ય સ્થિતિ પલ્યોપમના આઠમા ભાગની, ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના ચોથા ભાગની છે. **પ્રશ્ન–** તારા વિમાન વાસી દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** જઘન્ય પલ્યોપમના આઠમા ભાગની અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક પલ્યોપમના આઠમા ભાગની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જ્યોતિષ્ક દેવ તથા દેવીઓની સ્થિતિનું વર્ણન છે. દેવ કરતા દેવીઓની સ્થિતિ અલ્પ હોય છે.

**જ્યોતિષ્ક દેવ–દેવીઓની સ્થિતિ :–**

| જઘન્ય | ચંદ્ર વિમાન | | સૂર્ય વિમાન | | ગ્રહ વિમાન | | નક્ષત્ર વિમાન | | તારા વિમાન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | દેવ | દેવી | દેવ | દેવી | દેવ | દેવી | દેવ | દેવી | દેવ | દેવી |
| જઘન્ય (ઓછામાં ઓછી) સ્થિતિ | $\frac{૧}{૪}$ પલ્ય. | $\frac{૧}{૪}$ પલ્ય. | $\frac{૧}{૪}$ પલ્ય. | $\frac{૧}{૪}$ પલ્ય. | $\frac{૧}{૪}$ પલ્ય. | $\frac{૧}{૪}$ પલ્ય. | $\frac{૧}{૪}$ પલ્ય. | $\frac{૧}{૮}$ પલ્ય. | $\frac{૧}{૮}$ પલ્ય. | $\frac{૧}{૮}$ પલ્ય. |
| ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) સ્થિતિ | ૧ લાખ વર્ષ અધિક ૧ પલ્ય. | ૫૦,–૦૦૦ વર્ષ સાધિક $\frac{૧}{૨}$ પલ્ય. | ૧,૦૦૦ વર્ષ અધિક ૧ પલ્ય. | ૫૦૦ વર્ષ અધિક $\frac{૧}{૨}$ પલ્ય. | ૧ પલ્ય. | $\frac{૧}{૨}$ પલ્ય. | $\frac{૧}{૨}$ પલ્ય. | $\frac{૧}{૪}$ પલ્ય. | $\frac{૧}{૪}$ પલ્ય. | સાધિક $\frac{૧}{૮}$ પલ્ય. |

**નક્ષત્ર દેવી સ્થિતિ :–** પ્રસ્તુતમાં નક્ષત્ર દેવીઓની જઘન્ય સ્થિતિ $\frac{૧}{૮}$ પલ્યોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ $\frac{૧}{૪}$ પલ્યોપમની કહી છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના ચોથા પદમાં અને શ્રી જીવાજીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના જ્યોતિષી દેવાધિકારમાં નક્ષત્ર દેવીની જઘન્ય સ્થિતિ $\frac{૧}{૪}$ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ સાતિરેક $\frac{૧}{૪}$ પલ્યોપમની કહી છે.

**જ્યોતિષ્ક દેવોનું અલ્પબહુત્વ :–**

**૩૨** **ता एएसि णं चंदिम-सूरिय-गह णक्खत-तारारुवाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? ता चंदा य सूरा य एए णं दोवि तुल्ला सव्वत्थोवा, णक्खता संखिज्जगुणा गहा संखिज्जगुणा, तारा संखिज्जगुणा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** ચંદ્ર અને સૂર્ય સમાન છે અને સર્વથી અલ્પ છે, તેની અપેક્ષાએ નક્ષત્ર સંખ્યાત ગુણા(૨૮ ગુણા) અધિક છે, નક્ષત્રોની અપેક્ષાએ ગ્રહો સંખ્યાતગુણા છે. ગ્રહોની અપેક્ષાએ તારા સંખ્યાતગુણા અધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જ્યોતિષ્ક દેવોના અલ્પબહુત્વનું વર્ણન છે. ચંદ્ર અને સૂર્યની સંખ્યા સમાન છે. પ્રત્યેક દ્વીપ અને પ્રત્યેક સમુદ્રમાં તેઓ સમસંખ્યક હોય છે અને પાંચે જ્યોતિષ્ક દેવોમાં તેઓ અલ્પ સંખ્યક છે.

પ્રત્યેક ચંદ્ર અને સૂર્યના પરિવારમાં ૨૮-૨૮ નક્ષત્ર હોય છે તેથી તે સંખ્યાત ગુણ અધિક છે. પ્રત્યેક ચંદ્ર-સૂર્ય પરિવારમાં ગ્રહો ૮૮-૮૮ હોય છે તેથી તે પણ સંખ્યાત ગુણા વધુ છે. ગ્રહો નક્ષત્ર કરતાં સાધિક ત્રણ ગુણા વધુ છે અને ચંદ્ર-સૂર્ય કરતાં ૮૮ ગુણા વધુ છે. પ્રત્યેક ચંદ્ર-સૂર્ય પરિવારમાં તારાઓ ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી હોય છે તેથી સંખ્યાત ગુણા અધિક કહ્યા છે.

**॥ અઢારમું પ્રાભૃત સંપૂર્ણ ॥**

# ઓગણીસમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત ઓગણીસમા પ્રાભૃતમાં છે. મધ્યલોકના અસંખ્ય દ્વીપ-સમુદ્રોનો આયામ વિષ્કંભ, પરિધિ તથા તેમાં જ્યોતિષ્ક વિમાનોની સંખ્યા(**सूरिया कइ आहिया-१/१/३**)નું પ્રતિપાદન છે.

**અઢીદ્વીપ :–** મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. તેમાં મધ્યમાં જંબૂદ્વીપ છે. તેને ફરતે ક્રમશઃ લવણ સમુદ્ર, ધાતકીખંડ દ્વીપ, કાલોદધિ સમુદ્ર, પુષ્કરદ્વીપ છે.

પુષ્કરદ્વીપની મધ્યમાં ગોળાકારે માનુષોત્તર પર્વત સંસ્થિત છે. આ રીતે જંબૂદ્વીપ, ધાતકીખંડ દ્વીપ, આ બે દ્વીપ અને અર્ધપુષ્કરદ્વીપ એટલે અઢીદ્વીપ અને લવણ સમુદ્ર તથા કાલોદધિ સમુદ્ર, આ બે સમુદ્ર પર્યંતના અઢીદ્વીપ ક્ષેત્રને મનુષ્યક્ષેત્ર અથવા સમયક્ષેત્ર કહે છે.

**અઢીદ્વીપમાં જ્યોતિષ્ક વિમાન :–** જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે, જંબૂદ્વીપમાં બે ચંદ્ર-સૂર્યના પરિવાર રૂપ ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ અને ૧,૩૩,૯૫૦ ક્રોડાક્રોડી તારા વિમાનો છે. લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર-ચાર સૂર્ય, ધાતકી ખંડદ્વીપમાં બાર ચંદ્ર-બાર સૂર્ય, કાલોદધિ સમુદ્રમાં બેતાલીસ ચંદ્ર–બેતાલીસ સૂર્ય, અર્ધપુષ્કરદ્વીપમાં બોતેર ચંદ્ર-બોતેર સૂર્ય છે. આ રીતે મનુષ્યક્ષેત્રમાં કુલ ૧૩૨ ચંદ્ર, ૧૩૨ સૂર્ય અને તેના પરિવાર રૂપે ૧૧,૬૧૬ ગ્રહો ૩,૬૯૬ નક્ષત્રો અને ૮૮,૪૦,૭૦૦ ક્રોડાક્રોડી તારા વિમાનો છે. બે ચંદ્ર, બે સૂર્ય, ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહનું એક પિટક કહેવાય છે. જંબૂદ્વીપમાં ૧ પિટક છે. લવણ સમુદ્રમાં બે પિટક છે. અઢીદ્વીપમાં કુલ ૬૬ પિટક છે. પિટક રૂપે અઢીદ્વીપમાં ચંદ્રાદિની સંખ્યા દર્શાવવાની એક વિશિષ્ટ કથન પદ્ધતિ છે. અઢીદ્વીપમાં તે જ્યોતિષ્ક વિમાનો નિરંતર જંબૂદ્વીપના મેરુપર્વતને કેન્દ્રમાં રાખીને પરિભ્રમણ કરી રહ્યા છે. અઢીદ્વીપમાં સૂર્યના પરિભ્રમણથી દિવસ-રાત થાય છે અને તેના પ્રકાશક્ષેત્રમાં ન્યૂનાધિકતા થતી રહે છે. ચંદ્રના પરિભ્રમણથી એકમ, બીજ આદિ તિથિઓ તથા કૃષ્ણપક્ષ-શુક્લપક્ષ થાય છે.

ગતિશીલ ચંદ્ર-સૂર્યના તાપક્ષેત્રનું સંસ્થાન કંદબપુષ્પ જેવું છે. સૂર્યનું પ્રકાશક્ષેત્ર મેરુ પર્વતની સમીપે સાંકડું અને લવણ સમુદ્ર સમીપે પહોળું હોય છે.

**અઢીદ્વીપની બહારના દ્વીપ સમુદ્રોમાં જ્યોતિષ્ક વિમાનો :–** બાહ્ય પુષ્કરદ્વીપ, પુષ્કર સમુદ્ર આદિ અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે. તેમાં ચૌદમા કુલ કુંડલાવરાવભાસ દ્વીપ-કુંડલાવરાવભાસ સમુદ્ર સુધીના દ્વીપ-સમુદ્રો સંખ્યાત યોજન વિસ્તૃત છે અને તેમાં સંખ્યાત ચંદ્ર-સૂર્ય આદિ છે. પંદરમા રુચક દ્વીપથી અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંતના સમુદ્રો અસંખ્યાત યોજન વિસ્તૃત છે અને તેમાં અસંખ્યાત ચંદ્ર-સૂર્ય આદિ છે.

તે વિમાનો ગતિશીલ નથી, કાયમ માટે પોતાના સ્થાને સ્થિત રહે છે. તેથી અઢીદ્વીપની બહાર રાત-દિવસ, આદિ કોઈપણ પ્રકારનું પરિવર્તન થતું નથી. ત્યાં વર્તુળાકારે એક ચંદ્ર, એક સૂર્ય, તે રીતે સૂર્ય ચંદ્રાંતરિત અને ચંદ્ર સૂર્યાંતરિત છે. બે સૂર્ય વચ્ચે એક ચંદ્ર હોય છે અને બે ચંદ્ર વચ્ચે એક સૂર્ય હોય છે. સૂર્ય અને ચંદ્ર વચ્ચે ૫૦,૦૦૦ યોજનનું અંતર હોય છે અને બે સૂર્ય વચ્ચે કે બે ચંદ્ર વચ્ચે એક લાખ યોજનનું અંતર છે.

ચંદ્ર-સૂર્ય પોતપોતાના સ્થાને સ્થિત હોવાથી ચંદ્ર-સૂર્યનો પ્રકાશ પરસ્પર મિશ્રિત થાય છે, તેથી સૂર્યનો પ્રકાશ અત્યંત ઉષ્ણ કે અત્યંત ચંદ્રનો પ્રકાશ શીત હોતો નથી. ત્યાંનું વાતાવરણ હંમેશાં મંદપ્રકાશ યુક્તહોય છે. ત્યાંનાં જ્યોતિષ્ક વિમાનના પ્રકાશક્ષેત્રનું સંસ્થાન ઈંટ જેવું લંબચોરસ આકારનું હોય છે.

આ રીતે અઢીદ્વીપમાં ગતિશીલ અને અઢીદ્વીપની બહાર સ્થિતિશીલ જ્યોતિષ્ક વિમાનો છે.

❖❖❖❖❖

# ઓગણીસમું પ્રાભૃત

## જ્યોતિષ્ક વિમાન સંખ્યા

**જ્યોતિષી દેવોની સંખ્યા સંબંધી ૧૨ પ્રતિપતિઓ :–**

**१** ता कइ णं चंदिम-सूरिया सव्वलोयं ओभासंति उज्जोएंति तवेंति पभासेंति आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ दुवालस पडिवत्तीओ पण्णत्ताओ, तंजहा–

तत्थेगे एवमाहंसु– ता एगे चंदे एगे सूरे सव्वलोयं ओभासइ उज्जोएइ तवेइ पभासइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता तिण्णि चंदा तिण्णि सूरा सव्वलोयं ओभासंति *जाव* पभासेंति, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता आउड्ढिं चंदा आउड्ढिं सूरा सव्वलोयं ओभासंति *जाव* पभासेंति, एगे एवमाहंसु ।

एएणं अभिलावेणं णेयव्वं– सत्त चंदा-सत्त सूरा, दस चंदा-दस सूरा, बारस चंदा-बारस सूरा, बायालीसं चंदा-बायालीसं सूरा, बावत्तरीं चंदा-बावत्तरी सूरा, बायालीसं चंदसयं-बायालीसं सूरसयं, बावत्तरं चंदसय-बावत्तरं सूरसयं, बायालीसं चंदसहस्स-बायालीसं सूरसहस्सं, बावत्तरं चंदसहस्सं-बावत्तरं सूरसहस्सं सव्वलोयं ओभासंति उज्जोएंति तवेंति पभासेंति, एगे एवमाहंसु ।

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** કેટલા ચંદ્ર, સૂર્ય આખા(મનુષ્ય) લોકને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે ? **ઉત્તર–** મનુષ્ય ક્ષેત્રના જ્યોતિષ્ક વિમાનોની સંખ્યાના વિષયમાં અન્યતીર્થિકોની બાર પ્રતિપત્તિઓ છે.

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે એક ચંદ્ર અને એક સૂર્ય આખા લોકને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. (૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ત્રણ ચંદ્ર અને ત્રણ સૂર્ય આખા લોકને અવભાસિત કરે છે ***યાવત્*** પ્રકાશિત કરે છે. (૩) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે સાડા ત્રણ ચંદ્ર અને સાડા ત્રણ સૂર્ય આખા લોકને અવભાસિત કરે છે ***યાવત્*** પ્રકાશિત કરે છે.

આ પ્રકારના અભિલાપથી જાણવું જોઈએ કે આખા લોકને (૪) સાત ચંદ્ર અને સાત સૂર્ય, (૫) દસ ચંદ્ર અને દસ સૂર્ય (૬) બાર ચંદ્ર અને બાર સૂર્ય, (૭) બેતાલીસ ચંદ્ર અને બેતાલીસ સૂર્ય, (૮) બોતેર ચંદ્ર અને બોતેર સૂર્ય, (૯) એકસો બેતાલીસ ચંદ્ર અને એકસો બેતાલીસ સૂર્ય, (૧૦) એકસો બોતેર ચંદ્ર અને એકસો બોતેર સૂર્ય, (૧૧) બેતાલીસ હજાર ચંદ્ર અને બેતાલીસ હજાર સૂર્ય, (૧૨) બોતેર હજાર ચંદ્ર અને બોતેર હજાર સૂર્ય અવભાસિત કરે છે ***યાવત્*** પ્રકાશિત કરે છે.

**જંબૂદ્વીપમાં જ્યોતિષ્ક દેવો :–**

**૨** **वयं पुण एवं वयामो ता अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं** *जाव* **परिक्खेवेणं पण्णत्ते ।**

**ता जंबुद्दीवे दीवे– दो चंदा पभासेंसु वा पभासेंति वा पभासिस्संति वा दो सूरिया तविंसु वा तवेंति वा तविस्संति वा, छप्पण्णं णक्खत्ता जोयं जोएंसु वा जोएंति वा जोइस्संति वा, छावत्तरिं गहसयं चारं चरिंसु वा चरंति वा चरिस्संति वा, एगं सयसहस्सं तेत्तीसं च सहस्सा णव सया पण्णासा तारागणकोडिकोडीणं सोभं सोभेंसु वा सोभंति वा सोभिस्संति वा ।**

**दो चंदा दो सूरा, णक्खत्ता खलु हवंति छप्पण्णा ।**
**छावत्तरं गहसयं, जंबुद्दीवे विचारी णं ॥१॥**

**एगं च सयसहस्सं तेत्तीसं खलु भवे सहस्साइं ।**
**णव य सया पण्णासा, तारागणकोडिकोडीणं ॥२॥**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ભગવાન એમ કહે છે કે– સર્વ દ્વીપ–સમુદ્રની મધ્યમાં પરિધિથી યુક્ત જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે જંબૂદ્વીપમાં– બે ચંદ્ર પ્રકાશ કરતા હતા, કરે છે અને કરશે. બે સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે. ૫૬ નક્ષત્રો યોગ કરતા હતા, કરે છે અને કરશે. ૧૭૬ ગ્રહો પરિભ્રમણ કરતા હતા, કરે છે અને કરશે. એક લાખ, તેત્રીસ હજાર, નવસો પચાસ(૧,૩૩,૯૫૦) ક્રોડાક્રોડી તારાઓ શોભતા હતાં, શોભે છે અને શોભશે.

**ગાથાર્થ :–** બે ચંદ્ર, બે સૂર્ય, છપ્પન નક્ષત્ર, એક સો છોતેર ગ્રહ, ૧,૩૩,૯૫૦ ક્રોડાક્રોડી તારાઓ જંબૂદ્વીપમાં વિચરણ(પરિભ્રમણ) કરે છે. ॥૧–૨॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જંબૂદ્વીપમાં પરિભ્રમણ કરતા જ્યોતિષ્ક વિમાનોનું નિરૂપણ છે. ચંદ્ર અને સૂર્ય બંને ઈન્દ્રરૂપ છે. પ્રત્યેક ચંદ્રેન્દ્ર અને સૂર્યેન્દ્રના પરિવારમાં ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી તારાઓ હોય છે.

**चंदापभासिंसु :–** ચંદ્રની પ્રભા એટલે પ્રકાશ. ચંદ્રના પ્રકાશને ઉદ્યોત કહે છે. ચંદ્ર વિમાનના પૃથ્વીકાયિક જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે તેથી તેઓ શીત સ્પર્શ અને પ્રકાશિત શરીરવાળા હોય છે. જંબૂદ્વીપમાં બે ચંદ્ર હોય છે, તે બંને ચંદ્ર સામસામી દિશાઓને પ્રકાશિત કરે છે.

**सूरिया तवइंसु :–** સૂર્યનો તાપ એટલે આતાપ, સૂર્ય વિમાનના પૃથ્વીકાયિક જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે તેથી તેઓ ઉષ્ણ સ્પર્શ અને પ્રકાશિત શરીરવાળા હોય છે. જંબૂદ્વીપમાં બે સૂર્ય સામસામી દિશામાં પ્રકાશ કરે છે.

**णक्खत्ता जोगं :–** પોત-પોતાના મંડળ ઉપર પરિભ્રમણ કરતાં નક્ષત્રો જેટલો સમય ચંદ્ર અને સૂર્ય સાથે રહે, સાથે પરિભ્રમણ કરે, તેને યોગ કહે છે.

**महग्गहा चारं चरिंसु :–** મહાગ્રહ ચાલ ચાલે છે. ચાલ એટલે મંડળ ક્ષેત્ર પર પરિભ્રમણ કરવું. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર બધા પોત-પોતાના મંડળ પર પરિભ્રમણ કરે છે, પણ અહીં ગ્રહની ગતિ માટે 'ચાર' શબ્દનો પ્રયોગ કર્યો છે.

**तारागण :–** એક-એક ચંદ્રના પરિવારમાં ૬૬,૯૭૫ કોટાકોટિ તારાગણ હોય છે, તેથી બે ચંદ્રના કુલ મળી ૧,૩૩,૯૫૦ કોટાકોટિ તારાગણ છે.

પ્રાયઃપ્રતોમાં બીજા સૂત્રમાં ता अयण्णं....जाव परिक्खेवेणं पण्णत्ते સૂત્રપાઠ પછી ता जंबूद्दीव दीवे केवइया चंदा पभासिंसु पभासिंति वा पभासिस्संति वा ? केवइया सूरिया तविंसु वा तवेंति वा तविस्संति वा ? केवइया णक्खत्ता जोयं जोइंसु वा जोएंति वा जोइस्संतिवा ? केवइया गहा चारं चरिंसुवा चरंति वा चरिस्संति वा ? केवइया तारागणकोडिकोडीओ सोभं सोभेंसु वा सोभेंति वा सोभिस्संति वा ? આ પ્રશ્નાત્મક સૂત્ર પાઠ જોવા મળે છે. વ્યાખ્યાકારે સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રની વૃત્તિમાં આ સૂત્રની વ્યાખ્યા કરી નથી. પ્રસ્તુત આગમની રચના શૈલી પ્રમાણે આ પ્રશ્નાત્મક સૂત્ર પાઠ અહીં ઉપયુક્ત જણાતો નથી. અન્યતીર્થીકોના મત પ્રદર્શન પછી वयं पुण एवं वयामो કહ્યા પછી સ્વમતનું નિરૂપણ હોય છે પ્રશ્નોત્તર હોતા નથી. પૂર્વના પ્રાભૃતમાં સ્વમત પ્રતિપાદન સમયે પ્રશ્નાત્મક સૂત્ર નથી. તેથી પ્રસ્તુતમાં આ સૂત્રપાઠ ગ્રહણ કર્યો નથી.

**લવણ સમુદ્રમાં જ્યોતિષ્ક દેવો :–**

**३ ता जंबुद्दीवं दीवं लवणे णामं समुद्दे वट्टे वलयाकारसंठाणसंठिए सव्वओ समंता संपरिक्खित्ता णं चिट्ठइ ।**

**ता लवणे णं समुद्दे किं समचक्कवालसंठिए विसमचक्कवालसंठिए ? ता लवणसमुद्दे समचक्कवालसंठिए, णो विसमचक्कवालसंठिए ।**

**ता लवणसमुद्दे केवइयं चक्कवालविक्खंभेणं केवइयं परिक्खेवेणं आहिए ति वएज्जा ? ता दो जोयण सयसहस्साइं चक्कवाल विक्खभेणं, पण्णरस जोयण सयसहस्साइं एक्कासीइं च सहस्साइं सयं च एगूणचालीसं किंचि विसेसूणं परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** લવણ સમુદ્ર જંબૂદ્વીપ નામના દ્વીપને ચારે બાજુથી ઘેરીને રહેલો છે. તેનો આકાર વલયાકાર ચૂડી જેવો ગોળ છે.

**પ્રશ્ન–** તે લવણ સમુદ્ર સમચક્રવાલ સંસ્થાનથી સંસ્થિત છે કે વિષમ ચક્રવાલ સંસ્થાનથી સંસ્થિત છે ? **ઉત્તર–** તે લવણ સમુદ્ર સમચક્રવાલ સંસ્થાનથી સંસ્થિત છે, વિષમ ચક્રવાલ સંસ્થાનથી સંસ્થિત નથી.

**પ્રશ્ન–** તે લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ કેટલો છે અને પરિધિ કેટલી છે ? **ઉત્તર–** લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજનનો છે. તેની પરિધિ કિંચિંત્ ન્યૂન પંદરલાખ એકયાસી હજાર, એકસો ઓગણચાલીસ(૧૫,૮૧,૧૩૯) યોજનની છે.

**૪** **ता लवणसमुद्दे केवइया चंदा पभासेंसु एवं पुच्छा** *जाव* **केवइया तारागण कोडिकोडीओ सोभिंसु वा सोभेंति वा सोभिस्संति वा ? ता लवणे णं समुद्दे चत्तारि चंदा पभासेंसु वा पभासेंति वा पभासिस्संति वा, चत्तारि सूरिया तविंसु वा तविंति वा तविस्संति वा, बारस णक्खत्तसयं जोयं जोएंसु वा जोएंति वा जोइस्संति वा, तिण्णि बावण्णा महग्गहसया चारं चरिंसु वा चरंति वा, चरिस्संति वा । दो सयसहस्सा सत्तट्ठिं च सहस्सा णव य सया तारागणकोडिकोडीणं सोभं सोभेंसु वा सोभंति वा, सोभिस्संति वा ।**

**पण्णरस सयसहस्सा, एक्कासीयं सयं च ऊतालं ।**
**किंचि विसेसेणूणो, लवणोदहिणो परिक्खेवो ॥१॥**

**चत्तारि चेव चंदा, चत्तारि य सूरिया लवणतोए ।**
**बारस णक्खत्तसयं, गहाण तिण्णेव बावण्णा ॥२॥**

**दोच्चेव सयसहस्सा, सत्तट्ठिं खलु भवे सहस्साइं ।**
**णव य सया लवणजले, तारागणकोडिकोडीणं ॥३॥**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** લવણ સમુદ્રમાં કેટલા ચંદ્ર પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે ? વગેરે પ્રશ્નો કરવા ***યાવત્*** કેટલા ક્રોડાક્રોડી તારાગણ, શોભતા હતા, શોભે છે અને શોભશે ? **ઉત્તર–** લવણ સમુદ્રમાં– ચાર ચંદ્ર પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે; ચાર સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે, એકસો બાર નક્ષત્ર યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે; ત્રણસો બાવન ગ્રહો પરિભ્રમણ કરતા હતા, કરે છે અને કરશે; બે લાખ સડસઠ હજાર નવસો(૨,૬૭,૯૦૦) ક્રોડાક્રોડી તારાગણ શોભતા હતા, શોભે છે અને શોભશે.

**ગાથાર્થ :–** પંદરલાખ, એકયાસી હજાર, એક સો ઓગણચાલીસ (૧૫, ૮૧, ૧૩૯) યોજનથી કંઈક ઓછી લવણોદધિની પરિધિ છે. ॥૧॥ લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર, ચાર સૂર્ય, ૧૧૨ નક્ષત્ર, ૩૫૨ ગ્રહ અને ૨,૬૭,૯૦૦ ક્રોડાક્રોડી તારાગણ છે. ॥૨–૩॥

**ધાતકી ખંડ દ્વીપમાં જ્યોતિષ્ક દેવો :–**

**૫** **ता लवणसमुद्दं धायईसंडे णामं दीवे वट्टे वलयाकारसंठाणसंठिए तहेव** *जाव* **समचक्कवालसंठिए, णो विसमचक्कवालसंठिए ।**

**धायईसंडे णं दीवे केवइयं चक्कवालविक्खंभेणं केवइयं परिक्खेवेणं आहिएति वएज्जा ? ता चत्तारि जोयणसयसहस्साइं चक्कवालविक्खंभेणं ईयालीसं जोयणसयसहस्साइं दस य सहस्साइं णव एगट्ठे जोयणसए किंचि विसेसूणे परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** ગોળ વલયાકાર સંસ્થાનથી સંસ્થિત ધાતકીખંડ નામનો દ્વીપ લવણ સમુદ્રને ચારે બાજુથી

ઘેરીને રહ્યો છે ***યાવત્*** ધાતકીખંડ નામનો દ્વીપ સમચક્રવાલ(સમગોળાકાર) સંસ્થાનથી સંસ્થિત છે, વિષમચક્રવાલ સંસ્થાનથી સંસ્થિત નથી.

**પ્રશ્ન–** ધાતકીખંડ દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ કેટલો છે અને તેની પરિધિ કેટલી છે ? **ઉત્તર–** તેનો ચક્રવાલ વિષ્કંભ ચાર લાખ યોજન અને તેની પરિધિ કંઈક ન્યૂન એકતાલીસ લાખ દસ હજાર નવસો એકસઠ(૪૧,૧૦,૯૬૧) યોજનની છે.

**६** **धायईसंडे णं दीवे केवइया चंदा पभासेंसु वा पुच्छा तहेव । ता धायईसंडे दीवे बारस चंदा पभासेंसु वा पभासेंति वा पभासिस्संति वा, बारस सूरिया तवेंसु वा तवेंति वा तविसिस्संति वा, तिण्णि छत्तीसा णक्खत्तसया जोयं जोएंसु वा जोएंति वा जोइस्संति वा, एगं छप्पण्ण महग्गहसहस्सं चारं चरिंसु वा चरिंति वा चरिस्संति वा, अट्ठेव सयसहस्सा तिण्णि सहस्साइं सत्त य सयाइं तारागणकोडिकोडीणं सोभं सोभेंसु वा सोभेंति वा सोभिस्संति वा।**

**धायइसंड परिरओ, ईयाल दसुत्तरा सयसहस्सा ।**
**णव सया य एगट्ठा, किंचि विसेसेण परिहीणा ॥१॥**

**चउवीसं ससि–रविणो, णक्खत्तसया य तिण्णि छत्तीसा ।**
**एगं च गहसहस्सं, छप्पणं धायईसंडे ॥२॥**

**अट्ठेव सयसहस्सा, तिण्णि सहस्साइं सत्त य सयाइं ।**
**धायइसंडे दीवे, तारागण कोडिकोडीणं ॥३॥**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ધાતકીખંડ દ્વીપમાં– (૧) કેટલા ચંદ્ર પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે, પ્રકાશ કરશે? વગેરે સર્વ પ્રશ્ન કરવા. **ઉત્તર–** ધાતકીખંડદ્વીપમાં બાર ચંદ્ર પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે. બાર સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે, ત્રણસો છત્રીસ (૩૩૬) નક્ષત્ર યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે. એક હજાર છપ્પન મહાગ્રહ(૧,૦૫૬) પરિભ્રમણ કરતા હતા, કરે છે અને કરશે, આઠ લાખ, ત્રણ હજાર, સાતસો(૮,૦૩,૭૦૦) ક્રોડાક્રોડી તારાઓ શોભતા હતા, શોભે છે અને શોભશે.

**ગાથાર્થ :–** ધાતકીખંડની એકતાલીસ લાખ દસ હજાર નવસો એકસઠ (૪૧, ૧૦, ૯૬૧) યોજનથી કંઈક ન્યૂન પરિધિ છે. ॥૧॥ ધાતકીખંડ દ્વીપમાં ૨૪ ચંદ્ર-સૂર્ય અર્થાત્ ૧૨ ચંદ્ર– ૧૨ સૂર્ય, ૩૩૬ નક્ષત્ર, ૧,૦૫૬ ગ્રહ, ૮,૦૩,૭૦૦ તારાગણ છે ॥૨–૩॥

**કાલોદધિ સમુદ્રમાં જ્યોતિષ્ક વિમાનોની સંખ્યા :–**

**७** **ता धायईसंडं णं दीवं कालोए णामं समुद्दे वट्टे वलयाकारसंठाणसंठिए** *जाव* **समचक्कवालसंठिए, णो विसमचक्कवालसंठिए ।**

**ता कालोए णं समुद्दे केवइयं चक्कवालविक्खंभेणं केवइयं परिक्खेवेणं आहिएति वएज्जा ? ता कालोए णं समुद्दे अट्ठ जोयणसयसहस्साइं**

**चक्कवालविक्खंभेणं पण्णत्ते, एक्काणउइं जोयणसयसहस्साइं सत्तरिं च सहस्साइं छच्च पंचुत्तरे जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** ગોળ અને વલયાકાર સંસ્થાનથી સંસ્થિત કાલોદધિ સમુદ્ર ધાતકીખંડદ્વીપને ચારે બાજુથી ઘેરીને રહ્યો છે ***યાવત્*** સમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે, વિષમ ગોળાકાર સંસ્થાનથી સંસ્થિત નથી.

**પ્રશ્ન**– કાલોદધિ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ કેટલો છે અને પરિધિ કેટલી છે ? **ઉત્તર**– કાલોદધિ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ આઠ લાખ યોજન છે અને તેની પરિધિ સાધિક એકાણુ લાખ, સત્તર હજાર, છસો પાંચ(૯૧,૧૭,૬૦૫) યોજનની છે.

**८ ता कालोए णं समुद्दे केवइया चंदा पभासेंसु वा पुच्छा । ता कालोए णं समुद्दे बायालीसं चंदा पभासेंसु वा पभासेंति वा पभासिस्संति वा, बायालीसं सूरिया तवेंसु वा तवेंति वा तविस्संति वा, एक्कारस छावत्तरा णक्खत्तसया जोयं जोइंसु वा जोएंति वा जोइस्संति वा, तिण्णि सहस्सा छच्च छण्णउया महग्गहसया चारं चरिंसु वा चरेंति वा चरिस्संति वा, अट्ठावीसं सयसहस्साइं बारस सहस्साइं णव य सयाइं पण्णासा तारागणकोडिकोडीओ सोभं सोभेंसु वा सोभंति वा सोभिस्संति वा ।**

**एक्काणउई सतराइं, सहस्साइं परिरओ तस्स ।**
**अहियाइं छच्च पंचुत्तराइं, कालोदधि वरस्स ॥१॥**

**बायालीसं चंदा, बायालीसं च दिणकरादित्ता ।**
**कालोदहिंमि एए, चरंति संबद्धलेसागा ॥२॥**

**णक्खत्तसहस्सं, एगमेव छावत्तरं च सयमण्णं ।**
**छच्चसया छण्णउया, महग्गहा तिण्णि य सहस्सा ॥३॥**

**अट्ठावीसं सयसहस्सा बारस य सहस्साइं ।**
**णवयसया पण्णासा, तारागण कोडिकोडीणं ॥४॥**

**ભાવાર્થ :–** **પ્રશ્ન**– કાલોદધિ સમુદ્રમાં કેટલા ચંદ્ર પ્રકાશ કરતા હતા, વગેરે સર્વ પ્રશ્ન કરવા. **ઉત્તર**– કાલોદધિ સમુદ્રમાં બેતાલીસ ચંદ્ર પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે, બેતાલીસ સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે; એક હજાર એકસો છોંતેર(૧,૧૭૬) નક્ષત્ર યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે; ત્રણ હજાર છસો છન્નુ(૩,૬૯૬) મહાગ્રહ પરિભ્રમણ કરતા હતા, કરે છે અને કરશે; અઠ્યાવીસ લાખ બાર હજાર નવસો પચાસ(૨૮,૧૨,૯૫૦) ક્રોડાક્રોડી તારાગણ શોભતા હતા, શોભે છે અને શોભશે.

**ગાથાર્થ :–** કાલોદધિ સમુદ્રની પરિધિ સાધિક ૯૧,૧૭,૬૦૫ યોજન છે. ॥૧॥ કાલોદધિ સમુદ્રમાં બેતાલીસ ચંદ્ર, બેતાલીસ સૂર્ય, એક હજાર એકસો છોંતેર(૧,૧૭૬) નક્ષત્ર, ત્રણ હજાર છસો છન્નુ(૩૬૯૬) મહાગ્રહ અને ૨૮,૧૨,૯૫૦ ક્રોડાક્રોડી તારાગણ છે. ॥૨–૩–૪॥ [પ્રાયઃ પ્રતોમાં ચોથી ગાથામાં **अट्ठवीसं कालोदहिमिं बारस य सहस्साइ** આ રીતે સૂત્રપાઠ જોવા મળે છે. તેમાં લાખ સૂચક શબ્દપ્રયોગ નથી.

સૂત્ર–૪, ગાથા–૩; સૂત્ર–૬, ગાથા–૩ને સૂત્ર–૧૦, ગાથા–૪ને અનુસરીને અહીં **सयसहस्साइं** સૂત્રપાઠ સ્વીકાર્યો છે.

**પુષ્કરવરદ્વીપમાં જ્યોતિષ્ક વિમાનો :–**

**૯ ता कालोयं णं समुद्दं पुक्खरवरे णामं दीवे वट्टे वलयाकारसंठाणसंठिए सव्वओ समंता संपरिक्खित्ताणं चिट्ठइ । ता पुक्खरे णं दीवे किं समचक्कवाल-संठिए विसमचक्कवालसंठिए ? ता पुक्खरवरे णं दीवे समचक्कवालसंठिए णो विसमचक्कवालसंठिए ।**

**ता पुक्खरवरे णं दीवे केवइयं समचक्कवालविक्खंभेणं केवइयं परिक्खेवेणं? ता सोलस जोयणसयसहस्साइं चक्कवालविक्खंभेणं, एगा जोयणकोडी बाणउइं च सयसहस्साइं अउणापण्णं च सहस्साइं अट्ठचउणउए जोयणसए परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** ગોળ અને વલયાકાર સંસ્થાનથી સ્થિત પુષ્કરવરદ્વીપ કાલોદધિ સમુદ્રને ચારે તરફથી ઘેરીને રહ્યો છે. **પ્રશ્ન–** પુષ્કરવરદ્વીપ શું સમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે કે વિષમ ગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે ? **ઉત્તર–** પુષ્કરવરદ્વીપ સમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે, વિષમ ગોળાકાર સંસ્થાનથી સંસ્થિત નથી.

**પ્રશ્ન–** પુષ્કરવરદ્વીપનો ચક્રવાલ વિષ્કંભ કેટલો છે અને પરિધિ કેટલી છે ? **ઉત્તર–** પુષ્કરવરદ્વીપનો ચક્રવાલ વિષ્કંભ સોળ લાખ યોજનનો છે અને તેની પરિધિ એક કરોડ, બાણુ લાખ, ઓગણપચાસ હજાર, આઠસો ચોરાણુ (૧,૯૨,૪૯,૮૯૪) યોજનની છે.

**૧૦ ता पुक्खरवरे णं दीवे केवइया चंदा पभासेंसु वा पुच्छा तहेव । ता पुक्खरवरे णं दीवे चोयालं चंदसयं पभासेंसु वा पभासेंति वा पभासिस्संति वा, चोयालं सूरियाणं सयं तविंसु वा तवेंति वा तविस्संति वा, चत्तारि सहस्साइं बत्तीसं च णक्खत्ता जोयं जोएंसु वा जोएंति वा जोइस्संति वा। बारस सहस्साइं छच्च बावत्तरा महग्गहसया चारं चरिंसु वा चरंति वा चरिस्संति वा, छण्णउइ सयसहस्साइं चोयालीसं सहस्साइं चत्तारि य सयाइं तारागणकोडिकोडीणं सोभं सोभिंसु वा सोभेंति वा सोभिस्संति वा ।**

**कोडी बाणउई खलु, अउणाणउइं भवे सहस्साइं ।**
**अट्ठसया चउणउया, परिरओ पोक्खरवरस्स ॥१॥**

**चोत्तालं चंदसयं, चत्तालं चेव सूरियाण सयं ।**
**पोक्खरवरदीवम्मि, चरंति एए पभासंता ॥२॥**

**चत्तारि सहस्साइं, बत्तीसं चेव हुंति णक्खत्ता ।**
**छच्च सया बावत्तर, महग्गहा बारह सहस्सा ॥३॥**

**छण्णउइ सयसहस्सा, चोत्तालीसं खलु भवे सहस्साइं ।**
**चत्तारि य सया खलु, तारागण कोडिकोडी णं ॥४॥**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પુષ્કરવર દ્વીપમાં કેટલા ચંદ્ર પ્રકાશ કરતા હતા, વગેરે સર્વ પ્રશ્ન કરવા. **ઉત્તર–** પુષ્કરવર દ્વીપમાં એક સો ચુંમાલીસ ચંદ્રો પ્રકાશ હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે; એકસો ચુમ્માલીસ સૂર્યો તપતા હતા, તપે છે અને તપશે; ચાર હજાર બત્રીસ નક્ષત્ર(૪,૦૩૨) યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે; બાર હજાર છસો બોતેર(૧૨,૬૭૨) મહાગ્રહો પરિભ્રમણ કરતા હતા, કરે છે અને કરશે; છન્નુલાખ ચુંમાલીસ હજાર ચારસો(૯૬,૪૪,૪૦૦) ક્રોડાક્રોડી તારાગણ શોભતા હતા, શોભે છે અને શોભશે.

**ગાથાર્થ :–** પુષ્કરવરદ્વીપની પરિધિ ૧,૯૨,૪૯,૮૯૪ યોજન છે. (**बाणउई** પછી ગાથા ગત **सया सहस्साइं** નો અન્વય કરવામાં આવ્યો છે) ॥૧॥ ૧૪૪ ચંદ્રો અને ૧૪૪ સૂર્યો પુષ્કરવરદ્વીપને પ્રકાશિત કરે છે. ૪,૦૩૨ (ચાર હજાર બત્રીસ) નક્ષત્રો અને ૧૨,૬૭૨(બાર હજાર, છસો બોતેર) મહાગ્રહો ભ્રમણ કરે છે. ૯૬,૪૪,૪૦૦ ક્રોડાક્રોડી તારાગણ પુષ્કરવરદ્વીપમાં શોભતા હતા, શોભે છે અને શોભશે.

**માનુષોત્તર પર્વત :–**

**૧૧ ता पुक्खरवरस्स णं दीवस्स बहुमज्झदेसभाए माणुसुत्तरे णामं पव्वए पण्णत्ते, वट्टे वलयाकारसंठाणसंठिए जे णं पुक्खरवरं दीवं दुहा विभयमाणे-विभयमाणे चिट्ठइ, तं जहा- अब्भिंतरपुक्खरद्धं च बाहिरपुक्खरद्धं च ।**

**ભાવાર્થ :–** પુષ્કરવરદ્વીપના બરાબર મધ્યભાગમાં માનુષોત્તર નામનો પર્વત છે. તે ગોળ અને વલયાકાર સંસ્થાનથી સંસ્થિત છે. તે પર્વત પુષ્કરવરદ્વીપને બે ભાગોમાં વિભાજિત કરે છે– (૧) આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપ અને (૨) બાહ્ય પુષ્કરાર્ધ દ્વીપ.

**૧૨ ता अभिब्तरपुक्खरद्धे णं किं समचक्कवालसंठिए ? विसमचक्कवाल-संठिए? ता समचक्कवालसंठिए णो विसमचक्कवालसंठिए ।**

**ता अब्भिंतर पुक्खरद्धे णं केवइयं चक्कवालविक्खंभेणं केवइयं परिक्खेवेणं आहिएति वएज्जा ? ता अट्ठ जोयणसयसहस्साइं चक्कवालविक्खंभे णं, एक्का जोयणकोडी बायालीसं च सयसहस्साइं तीसं च सहस्साइं दो अउणापण्णे जोयणसए परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આભ્યંતર પુષ્કરાર્ધદ્વીપ શું સમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે કે વિષમ ગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે ? **ઉત્તર–** તે સમ ગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે, વિષમ ગોળાકાર સંસ્થાનથી સંસ્થિત નથી.

**પ્રશ્ન–** આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ કેટલો છે અને તેની પરિધિ કેટલી છે ? **ઉત્તર–** આભ્યંતર પુષ્કર દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ આઠ લાખ યોજનનો છે અને તેની પરિધિ એક કરોડ, બેતાલીસ લાખ, ત્રીસ હજાર, બસો ઓગણપચાસ(૧,૪૨,૩૦,૨૪૯) યોજનની છે.

**૧૩ ता अब्भित्तरपुक्खरद्धे णं केवइया चंदा पभासेंसु वा पभासिंति वा**

**पभासिस्संति वा पुच्छा ? ता बावत्तरिं चंदा पभासिंसु वा पभासेंति वा पभासिस्संति वा, बावत्तरिं सूरिया तवेंसु वा तवेंति वा तविस्संति वा, दोण्णि सोला णक्खत्तसहस्सा जोयं जोएंसु वा जोएंति वा जोइस्संति वा, छ महग्गहसहस्सा तिण्णि सए य छत्तीसा चारं चरेंसु वा चरंति वा चरिस्संति वा, अडयालीसं सयसहस्सा बावीसं च सहस्सा दोण्णि य सया तारागणकोडिकोडिणं सोभं सोभिंसु वा सोभंति वा सोभिस्संति वा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપમાં કેટલા ચંદ્ર પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશે ? વગેરે પ્રશ્ન કરવા. **ઉત્તર–** આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપમાં બોતેર ચંદ્રો પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે; બોતેર સૂર્યો તપતા હતા, તપે છે અને તપશે; બે હજાર, સોળ(૨,૦૧૬) નક્ષત્રો યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે; છ હજાર ત્રણસો છત્રીસ(૬,૩૩૬) મહાગ્રહો પરિભ્રમણ કરતા હતા, કરે છે અને કરશે; અડતાલીસ લાખ બાવીસ હજાર બસો(૪૮,૨૨,૨૦૦) ક્રોડાક્રોડી તારાગણ શોભતા હતા, શોભે છે અને શોભશે.

**સમયક્ષેત્રમાં જ્યોતિષ્ક દેવો :–**

**१४ ता समयक्खेत्ते णं केवइयं आयाम-विक्खंभेणं केवइयं परिक्खेवेणं आहिएति वएज्जा ? ता पणयालीसं जोयणसयसहस्साइं आयाम-विक्खंभेणं, एगा जोयणकोडी बायालीसं च सयसहस्साइं तीसं सहस्साइं दोण्णि य अउणापण्णे जोयणसए परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સમયક્ષેત્રની લંબાઈ-પહોળાઈ કેટલી છે અને તેની પરિધિ કેટલી છે ? **ઉત્તર–** તેની લંબાઈ પહોળાઈ પિસ્તાલીસ લાખ યોજનની છે અને તેની પરિધિ એક કરોડ, બેતાલીસ લાખ, ત્રીસ હજાર, બસો ઓગણપચાસ(૧,૪૨,૩૦,૨૪૯) યોજનની છે.

**१५ ता समयक्खेत्ते णं केवइया चंदा पभासेंसु वा पुच्छा तहेव । ता बत्तीसं चंदसयं पभासेंसु वा पभासेंति वा पभासिस्संति वा, ता बत्तीसं सूरियाणं सयं तवेंसु वा तवेंति वा तविस्संति वा, तिण्णि सहस्सा छच्च छण्णउया णक्खत्तसया जोयं जोएंसु वा जोएंति वा जोइस्संति वा, एक्कारस सहस्सा छच्च सोलस महग्गहसया चारं चरिंसु वा चरंति वा चरिस्संति वा, अट्ठासीइं सयसहस्साइं चत्तालीसं च सहस्सा सत्त य सया तारागण कोडिकोडीणं सोभं सोभेंसु वा सोभंति वा सोभिससंति वा ।**

**अट्ठेव सयसहस्सा, अब्भिंतरपुक्खरस्स विक्खंभो ।**
**पणयाल सयसहस्सा, समयखेत्तस्स विक्खंभो ॥१॥**

**कोडी बायालीसं, तीसं सहस्सा दुसया य अउणपण्णासा ।**
**समयखेत्तस्स परिरओ, एमेव य पुक्खरद्धस्स ॥२॥**

बावत्तरिं च चंदा, बावत्तरिमेव दिणकरा दित्ता ।
पुक्खरवरदीवड्ढे, चरंति एए पभासेंता ॥३॥

तिण्णि सया छत्तीसा, छच्च सहस्सा महग्गहाणं तु ।
णक्खत्ताणं तु भवे, सोलाइं दुवे सहस्साइं ॥४॥

अडयालसयसहस्सा, बावीसं खलु भवे सहस्साइं ।
दो य सय पुक्खरद्धे, तारागणकोडिकोडीणं ॥५॥

बत्तीसं चंदसयं, बत्तीसं चेव सूरियाण सयं ।
सयलं माणुसलोयं, चरंति एए पभासेंता ॥६॥

एक्कारस य सहस्सा, छप्पिय सोला महग्गहाणं तु ।
छच्च सया छण्णउया, णक्खत्ता तिण्णि य सहस्सा ॥७॥

अट्ठासीइ चत्ताइं, सय सहस्साइं मणुयलोगंमि ।
सत्त य सया अणूणा, तारागणकोडिकोडीणं ॥८॥

एसो तारापिंडो, सव्वसमासेण मणुयलोयंमि ।
बहिया पुण ताराओ, जिणेहिं भणिया असंखेज्जा ॥९॥

एवइयं तारग्गं, जं भणियं माणुसंमि लोगंमि ।
चारं कलंबुया–पुप्फसंठियं जोइसं चरइ ॥१०॥

रवि ससि गह णक्खत्ता, एवइया आहिया मणुयलोए ।
जेसिं णामागोत्तं, ण पागया पण्णवेहिंति ॥११॥

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** સમયક્ષેત્રમાં– કેટલા ચંદ્ર પ્રકાશ કરતા હતા ? વગેરે પ્રશ્નો કરવા. **ઉત્તર–** સમયક્ષેત્રમાં એકસો બત્રીસ(૧૩૨) ચંદ્રો પ્રકાશ હતા, પ્રકાશ છે અને પ્રકાશ કરશે; એકસો બત્રીસ સૂર્યો તપતા હતા, તપે છે અને તપશે; ત્રણ હજાર, છસો છન્નુ(૩,૬૯૬) નક્ષત્રો યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે; અગીયાર હજાર છસો સોળ(૧૧,૬૧૬) મહાગ્રહ પરિભ્રમણ કરતા હતા, કરે છે અને કરશે; અઠયાસી લાખ ચાલીસ હજાર સાતસો(૮૮,૪૦,૭૦૦) ક્રોડાક્રોડી તારાગણ શોભતા હતા, શોભે છે અને શોભશે.

**ગાથાર્થ :–** આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ આઠ લાખ યોજન છે. સમય ક્ષેત્રનો વિષ્કંભ પીસ્તાલીસ લાખ યોજન છે. ॥૧॥

સમયક્ષેત્રની પરિધિ એક ક્રોડ, બેતાળીસ લાખ, ત્રીસ હજાર, બસો ઓગણપચાસ (૧,૪૨,૩૦,૨૪૯) યોજન છે. અર્ધ પુષ્કરદ્વીપની પરિધિ પણ તેટલી જ છે.(અહીં **बायालीसं** પછી ગાથાગત **सयासहस्सा** નો અન્વય કરવામાં આવ્યો છે.) ॥૨॥

પરિભ્રમણ કરતા બોતેર ચંદ્ર અને બોતેર સૂર્ય અર્ધ પુષ્કર દ્વીપને પ્રકાશિત કરે છે. ॥૩॥

પુષ્કરાર્ધ દ્વીપમાં છ હજાર ત્રણસો છત્રીસ (૬, ૩૩૬) મહાગ્રહો તથા બે હજાર સોળ (૨,૦૧૬) નક્ષત્રો અને અડતાલીસ લાખ બાવીસ હજાર બસો (૪૮,૨૨,૨૦૦) ક્રોડાક્રોડી તારાઓ છે. **॥૪–૫॥**

પરિભ્રમણ કરતાં ૧૩૨ ચંદ્રો અને ૧૩૨ સૂર્યો સંપૂર્ણ મનુષ્ય ક્ષેત્રને પ્રકાશિત કરે છે. **॥૬॥**

અગિયાર હજાર, છસો સોળ (૧૧,૬૧૬) મહાગ્રહો અને ત્રણ હજાર, છસો છન્નુ (૩,૬૯૬) નક્ષત્રો ચંદ્ર-સૂર્યની સાથે યોગ કરે છે. **॥૭॥**

ન્યૂનાધિકતા વિના અઠ્યાસી લાખ, ચાલીસ હજાર, સાતસો (૮૮,૪૦,૭૦૦) ક્રોડાક્રોડી તારાઓ મનુષ્ય ક્ષેત્રમાં શોભતા હતા, શોભે છે અને શોભશે. **॥૮॥**

આ પ્રમાણે મનુષ્ય ક્ષેત્રમાં તારાઓનો સમૂહ પૂર્વોક્ત સંખ્યા પ્રમાણે કહ્યો છે. મનુષ્ય ક્ષેત્રની બહાર તારાઓના સમૂહની સંખ્યા જિનેશ્વરોએ અસંખ્યાત કહી છે. (અસંખ્યાત દ્વીપ સમુદ્ર હોવાથી દરેક દ્વીપમાં યથાયોગ્ય સંખ્યાત-અસંખ્યાત તારાગણ છે.) **॥૯॥**

મનુષ્ય લોકમાં જે તારાગણોનું પ્રમાણ કહ્યું છે તે સર્વ જ્યોતિષદેવોના વિમાન રૂપ છે. તેના ચાર ક્ષેત્રનું એટલે પ્રકાશ ક્ષેત્રનું સંસ્થાન કદંબ પુષ્પ સમાન છે. (તે મૂળમાં મેરુ પર્વતની તરફ સાંકડું અને બહાર જગતી તરફ પહોળું છે તથા તે પ્રકાશ પણ તેની સાથે જ ગતિશીલ છે.) **॥૧૦॥**

સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાગણનું પ્રમાણ મનુષ્યલોકમાં જે કહ્યું છે, તે તથા તેના નામ-ગોત્ર આદિ સ્વરૂપ સામાન્ય વ્યક્તિ ક્યારેય કહી શકે નહીં, તેથી તેને સર્વજ્ઞ કથિત માની તેના પર શ્રદ્ધા કરવી જોઈએ. **॥૧૧॥**

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સમયક્ષેત્ર–મનુષ્યક્ષેત્રના જ્યોતિષ્ક વિમાનોનું કથન છે.

જંબૂદ્વીપ, લવણ સમુદ્ર, ધાતકીખંડ દ્વીપ, કાલોદધિ સમુદ્ર અને આભ્યંતર પુષ્કર દ્વીપ, આ રીતે અઢીદ્વીપ અને બે સમુદ્ર પ્રમાણ ક્ષેત્રને અઢીદ્વીપ ક્ષેત્ર કહે છે. ત્યાં સૂર્ય-ચંદ્ર આદિ જ્યોતિષ્ક વિમાનો નિરંતર ગતિશીલ છે. તેનાથી ત્યાં રાત-દિવસ રૂપ સમયની ગણના થાય છે, તેથી તેને **સમયક્ષેત્ર** અને તેટલા ક્ષેત્રમાં જ મનુષ્યોનો નિવાસ હોવાથી તેને મનુષ્યક્ષેત્ર કહે છે.

જંબૂદ્વીપ આદિ પૂર્વોક્તક્ષેત્રમાં જ્યોતિષ્ક વિમાનોની સંખ્યાના નિરૂપણ પછી સૂત્રકારે સમુચ્ચય સમયક્ષેત્રના જ્યોતિષ્ક વિમાનોની સંખ્યાનું કથન કર્યું છે.

જંબૂદ્વીપમાં બે ચંદ્ર-સૂર્ય, લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર-સૂર્ય, ધાતકીખંડદ્વીપમાં બાર ચંદ્ર-સૂર્ય, કાલોદધિ સમુદ્રમાં બેતાલીશ ચંદ્ર-સૂર્ય અને અર્ધ પુષ્કરદ્વીપમાં બોતેર ચંદ્ર-સૂર્ય પોત-પોતાના પરિવાર સહિત પરિભ્રમણ કરી રહ્યા છે. આ રીતે અઢીદ્વીપમાં ૨ + ૪ + ૧૨ + ૪૨ + ૭૨ = ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય અને તેના પરિવાર રૂપ ૧૧,૬૧૬ ગ્રહો, ૩,૬૯૬ નક્ષત્રો, ૮૪,૪૦,૭૦૦ ક્રોડક્રોડી તારા વિમાનો પરિભ્રમણ કરે છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**અઢીદ્વીપમાં જ્યોતિષ્ક દેવોની વિશેષતા :–**

**१६** छावट्ठिं पिडगाइं, चंदाइच्चाण मणुयलोगंमि ।
दो चंदा दो सूरा, य हुंति एक्केक्कए पिडए ॥१॥

**ગાથાર્થ–** બે ચંદ્ર અને બે સૂર્યોનો એક પિટક(ગોળાકાર પેટી) થાય છે. આ પ્રકારના ચંદ્ર અને સૂર્યના પિટક મનુષ્યલોકમાં ૬૬-૬૬ છે. તેમાંથી બે-બે ચંદ્ર-સૂર્યનું ૧ પિટક જંબૂદ્વીપમાં, ૨ પિટક લવણ સમુદ્રમાં, ૬ પિટક ધાતકીખંડદ્વીપમાં, ૨૧ પિટક કાલોદધિ સમુદ્રમાં, ૩૬ પિટક આભ્યંતર પુષ્કરવરદ્વીપમાં, તેમ સર્વ મળીને ૧+૨+૬+૨૧+૩૬=૬૬ પિટક છે. ॥૧॥

**छावट्ठि पिडगाइं, महाग्गहाणं मणुयलोगंमि ।**
**छावत्तरं गहसयं, होइ एक्केक्कए पिडए ॥२॥**

**ગાથાર્થ–** મનુષ્યલોકમાં મહાગ્રહોના ૬૬ પિટક છે, તેમાંથી એક એક પિટકમાં ૧૭૬-૧૭૬ મહાગ્રહો છે. ॥૨॥

**छावट्ठिं पिडगाइं, णक्खत्ताणं तु मणुयलोयंमि ।**
**छप्पण्णं णक्खत्ता, हुंति एक्केक्कए पिडए ॥३॥**

**ગાથાર્થ–** મનુષ્ય લોકમાં નક્ષત્રોના ૬૬ પિટક છે, તેમાંથી એક-એક પિટકમાં છપ્પન-છપ્પન નક્ષત્રો છે. ॥૩॥

**चत्तारि य पंतीओ, चंदाइच्चाण मणुयलोयंमि ।**
**छावट्ठिं छावट्ठिं च, हवइ एक्केक्किया पंती ॥४॥**

**ગાથાર્થ–** મનુષ્ય લોકમાં ચંદ્ર-સૂર્યની ચાર પંક્તિઓ છે, તેમાં બે પંક્તિ ચંદ્રની અને બે પંક્તિ સૂર્યની છે. તે દરેક પંક્તિઓમાં ૬૬-૬૬ ચંદ્ર અને સૂર્ય છે. ॥૪॥

**छप्पण्णं पंतीओ, णक्खत्ताणं तु मणुयलोयंमि ।**
**छावट्ठिं छावट्ठिं हवइ एक्केक्किया पंती ॥५॥**

**ગાથાર્થ–** આ મનુષ્ય લોકમાં(બે ચંદ્ર અને બે સૂર્યના પરિવારરૂપ ૨૮×૨=૫૬) નક્ષત્રોની ૫૬ પંક્તિઓ છે. દરેક પંક્તિમાં અભિજિત આદિ એક-એક પ્રકારના ૬૬-૬૬ નક્ષત્ર છે. ॥૫॥

**छावत्तरं गहाणं, पंतिसयं हवंति मणुयलोयंमि ।**
**छावट्ठिं छावट्ठिं, च हवइ एक्केक्किया पंती ॥६॥**

**ગાથાર્થ–** આ મનુષ્ય લોકમાં બે ચંદ્ર-સૂર્યના પરિવારરૂપ ૮૮×૨=૧૭૬ ગ્રહોની ૧૭૬ પંક્તિઓ છે. પ્રત્યેક પંક્તિમાં એક-એક પ્રકારના ૬૬-૬૬ ગ્રહો છે.॥૬॥

**ते मेरुमणुचरंता, पदाहिणावत्त मंडला सव्वे ।**
**अणवट्ठिय जोगेहिं, चंदा सूरा गहगणा य ॥७॥**

**ગાથાર્થ–** આ ચંદ્ર સૂર્યાદિ સંપૂર્ણ જ્યોતિષ મંડળ જંબૂદ્વીપના મેરુ પર્વતને પ્રદક્ષિણા કરે છે. ચંદ્ર-સૂર્ય આદિ પ્રદક્ષિણા કરતાં હોય, ત્યારે ચંદ્રાદિની દક્ષિણમાં અર્થાત્ જમણી તરફ જ મેરુ પર્વત રહે છે, તેથી તે પ્રદક્ષિણાવર્ત મંડલ કહેવાય છે. (મનુષ્યલોકવર્તી બધા ચંદ્ર સૂર્યાદિ પ્રદક્ષિણાવર્ત મંડલ ગતિથી પરિભ્રમણ કરે છે) ચંદ્ર, સૂર્ય અને ગ્રહો (એક મંડલથી અન્ય મંડલ ઉપર પરિભ્રમણ કરતાં હોવાથી) તેનો નક્ષત્રો સાથે અનવસ્થિત યોગ હોય છે. ॥૭॥

णक्खत्त–तारागाणं, अवट्ठिया, मंडला मुणेयव्वा ।
तेऽवि य पदाहिणावत्तमेव मेरुं अणुचरंति ॥८॥

**ગાથાર્થ–** નક્ષત્ર અને તારાઓના અવસ્થિત મંડળ હોય છે. તે પણ પ્રદક્ષિણાવર્ત મંડળ ગતિથી જ મેરુ પર્વતને ફરતાં પરિભ્રમણ કરે છે. ॥૮॥

रयणिकर-दिणकराणं, उड्ढं च अहेव संकमो णत्थि ।
मंडलसंकमणं पुण, सब्भंतर-बाहिरं तिरिए ॥९॥

**ગાથાર્થ–** ચંદ્ર અને સૂર્યનું ઉપર અને નીચે સંક્રમણ થતું નથી. તેનું પરિભ્રમણ તીરછી દિશામાં સર્વ આભ્યંતર મંડલથી સર્વ બાહ્ય મંડલ સુધી અને સર્વ બાહ્ય મંડલથી સર્વ આભ્યંતર મંડલ સુધી થતું રહે છે. ॥૯॥

रयणिकर-दिणकराणं, णक्खत्ताणं महग्गहाणं च ।
चार विसेसेण भवे, सुह-दुक्खविही मणुस्साणं ॥१०॥

**ગાથાર્થ–** ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર અને મહાગ્રહોના ભ્રમણ સંયોગે(પરસ્પર થતાં સંયોગોથી) મનુષ્યોના સુખ-દુઃખનું વિધાન(જ્ઞાન) થાય છે. ॥૧૦॥

तेसिं पविसंताणं तावक्खेत्तं तु वड्ढइ णिययं ।
तेणेव कमेण पुणो, परिहायइ णिक्खमंताणं ॥११॥

**ગાથાર્થ–** સર્વ બાહ્ય મંડલથી આભ્યંતર મંડલમાં પ્રવેશ કરતાં સૂર્ય અને ચંદ્રનું પ્રકાશ ક્ષેત્ર પ્રતિદિન ક્રમથી વધતું જાય છે અને સર્વ આભ્યંતર મંડલથી બહાર નીકળતા સૂર્ય અને ચંદ્રનું પ્રકાશ ક્ષેત્ર પ્રતિદિન તે જ ક્રમથી ઘટતું જાય છે. ॥૧૧॥

तेसिं कलंबुयापुप्फसंठिया, हुंति तावक्खेत्तपहा ।
अंतो य संकुडा बाहिं, वित्थडा चंद-सूराणं ॥१२॥

**ગાથાર્થ–** તે ચંદ્ર, સૂર્યના પ્રકાશક્ષેત્રનું સંસ્થાન કદંબ પુષ્પના આકાર જેવું છે. તે અંદરની(મેરુની દિશા) તરફ સાંકડું છે અને બહારની(લવણ સમુદ્રની દિશા) તરફ વિસ્તૃત છે. ॥૧૨॥

केणं वड्ढइ चंदो, परिहाणी केण हुंति चंदस्स ।
कालो वा जोण्हो वा, केणऽणुभावेण चंदस्स ॥१३॥

किण्हं राहुविमाणं, णिच्चं चंदेण होइ अविरहियं ।
चउरंगुलमप्पत्तं, हिट्ठा चंदस्स तं चरइ ॥१४॥

बावट्ठिं-बावट्ठिं, दिवसे-दिवसे तु सुक्कपक्खस्स ।
जं परिवड्ढइ चंदो, खवेइ तं चेव कालेणं ॥१५॥

पण्णरसइभागेण य, चंदं पण्णरसमेव तं वरइ ।
पण्णरसइ भागेण य, पुणोऽवि तं चेव वक्कमइ ॥१६॥

**एवं वड्ढइ चंदो, परिहाणी एव होइ चंदस्स ।**
**कालो वा जोण्हो वा, एवऽणुभावेण चंदस्स ॥१७॥**

**ગાથાર્થ–** ચંદ્ર શુક્લપક્ષમાં કેમ વધે છે અને કૃષ્ણપક્ષમાં કેમ ઘટે છે ? કયા કારણથી કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ થાય છે ? ॥૧૩॥

કાળા રંગનું રાહુનું વિમાન હંમેશાં ચંદ્ર વિમાનની નીચે ચાર અંગુલ દૂર રહી ચંદ્ર વિમાનની સાથે ચાલે છે. આ પ્રમાણે ચાલતા તે રાહુ વિમાનની ચાલ વિશેષ(હીનાધિક ગતિ)ના કારણે શુક્લપક્ષમાં ધીરે ધીરે ચંદ્રને પ્રગટ કરે છે અને કૃષ્ણપક્ષમાં તેને ધીરે ધીરે ઢાંકી દે છે. ॥૧૪॥

શુક્લપક્ષમાં ચંદ્રનો પ્રકાશ દરરોજ ચંદ્ર વિમાનના બાસઠ–બાસઠ ભાગ પ્રમાણ અર્થાત્ બાસઠીયા ચાર-ચાર ભાગ વધે છે અને કૃષ્ણપક્ષમાં તે જ પ્રમાણે ક્રમશઃ ઘટે છે. ॥૧૫॥

કૃષ્ણપક્ષમાં રાહુનું વિમાન ચંદ્ર વિમાનના (૧૫) પંદરમા ભાગને પોતાના પંદરમા ભાગથી ઢાંકે છે અને શુક્લપક્ષમાં તે પંદરમા ભાગને મુક્ત કરે છે. ॥૧૬॥

આ પ્રમાણે ચંદ્રની (વૃદ્ધિ અને હાનિ) વધ અને ઘટના આધારે કૃષ્ણપક્ષ અને શુકલપક્ષ થાય છે. ॥૧૭॥

**अंतोमणुस्सखेत्ते, हवंति चारोवगा उ उववण्णा ।**
**पंचविहा जोइसिया, चंदा सूरा गहगणा य ॥१८॥**

**ગાથાર્થ–** મનુષ્ય ક્ષેત્રની અંદર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તેમજ તારા, આ પાંચ પ્રકારના જ્યોતિષી દેવોના વિમાનો ભ્રમણશીલ છે. ॥૧૮॥

**तेण परं जे सेसा, चंदाइच्च-गह-तार-णक्खत्ता ।**
**णत्थि गई णवि चारो, अवट्ठिया ते मुणेयव्वा ॥१९॥**

**ગાથાર્થ–** અઢીદ્વીપની બહાર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાગણ છે, તે ગતિ રહિત છે અને તેનું પ્રકાશ ક્ષેત્રપણ અવસ્થિત(સ્થિત) છે. ॥૧૯॥

**एवं जंबुद्दीवे दुगुणा, लवणे चउग्गुणा हुंति ।**
**लावणगा य तिगुणिया, ससि–सूरा धायईसंडे ॥२०॥**

**दो चंदा इह दीवे, चत्तारि य सायरे लवणतोए ।**
**धायइसंडे दीवे, बारस चंदा य सूरा य ॥२१॥**

**ગાથાર્થ–** આ રીતે એક ચંદ્ર અને એક સૂર્યથી દ્વિગુણિત(બમણા) અર્થાત્ બે ચંદ્ર અને બે સૂર્ય જંબૂદ્વીપમાં છે. એક ચંદ્ર અને એક સૂર્યની અપેક્ષાએ ચાર ગુણા અર્થાત્ ચાર ચંદ્ર અને ચાર સૂર્ય લવણ સમુદ્રમાં છે અને લવણ સમુદ્ર કરતા ત્રણ ગુણા(૪ × ૩ =) ૧૨ ચંદ્ર અને ૧૨ સૂર્ય ધાતકી ખંડદ્વીપમાં છે.॥૨૧॥

**धायइसंडप्पभिइ, उद्दिट्ठा तिगुणिया भवे चंदा ।**
**आइल्ल–चंद सहिया, अणंतराणंतरे खेत्ते ॥२२॥**

**ગાથાર્થ–** ધાતકીખંડદ્વીપ પછીના આગળના સમુદ્ર અને દ્વીપોમાં અર્થાત્ મનુષ્ય ક્ષેત્ર સુધીમાં ચંદ્ર અને

સૂર્યોનું પ્રમાણ, તે પહેલાના નિકટવર્તી દ્વીપ અથવા સમુદ્રના પ્રમાણથી ત્રણ ગુણા કરીને તેમાં જંબૂદ્વીપ સુધીના પાછળના બધા ચંદ્રો અને સૂર્યો ઉમેરવાથી પ્રાપ્ત થાય છે. (જેમ કે– ધાતકીખંડમાં ૧૨ ચંદ્ર અને ૧૨ સૂર્ય છે. કાલોદધિ સમુદ્રમાં તેનાથી ત્રણ ગુણા અર્થાત્ ૧૨×૩ = ૩૬ તથા પૂર્વના જંબૂદ્વીપના બે અને લવણ સમુદ્રના ચાર કુલ છ ઉમેરવાથી ૩૬+૬=૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય કાલોદધિ સમુદ્રમાં પ્રાપ્ત થાય છે. તેને ત્રણ ગણા કરવાથી એટલે ૪૨×૩ = ૧૨૬ એકસો છવ્વીસ થાય. તેમાં પહેલાના એટલે કે જંબૂદ્વીપના ૨, લવણ સમુદ્રના ૪, ધાતકીખંડદ્વીપના ૧૨, એમ કુલ ૧૨+૪+૨ = ૧૮ અઢાર ઉમેરવાથી ૧૨૬+૧૮ = ૧૪૪ ચંદ્ર–સૂર્ય પુષ્કરવરદ્વીપમાં હોય છે.


**रिक्खग्गह-ताराग्गं, दीव-समुद्दे जहिच्छसी णाउं ।**
**तस्स ससीहिं तिग्गुणियं, रिक्ख-ग्गह-तारगग्गं तु ॥२३॥**

**ગાથાર્થ–** જે દ્વીપો અને સમુદ્રોમાં નક્ષત્ર, ગ્રહ તેમજ તારાઓનું પ્રમાણ જાણવાની ઈચ્છા હોય, તે દ્વીપો અને સમુદ્રોના ચંદ્ર સૂર્યોની સંખ્યા સાથે નક્ષત્રાદિની સંખ્યાનો ગુણાકાર કરવો જોઈએ. (જેમ કે– લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર છે અને એક-એક ચંદ્રના પરિવારમાં ૨૮ નક્ષત્ર છે, તેથી ૨૮×૪ = ૧૧૨ નક્ષત્રો લવણસમુદ્રમાં હોય છે. તે જ રીતે એક ચંદ્રના પરિવારમાં ૮૮ ગ્રહ છે, તેથી ૮૮×૪ = ૩૫૨ ગ્રહ લવણ સમુદ્રમાં હોય છે. ૬૬,૯૭૫(છાસઠ હજાર, નવસો પંચોતેર) ક્રોડાક્રોડી તારાગણ એક ચંદ્રના પરિવારમાં છે, તેથી ૬૬,૯૭૫×૪ = ૨,૬૭,૯૦૦(બે લાખ, સડસઠ હજાર, નવસો) ક્રોડાક્રોડી તારાગણ લવણ સમુદ્રમાં છે. ॥૨૩॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે મનુષ્ય ક્ષેત્રના જ્યોતિષી વિમાનો, તેની સંખ્યા, ગતિવિધિ આદિ વિષયોનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

**અઢીદ્વીપમાં જ્યોતિષી દેવોની સંખ્યા :–** અઢીદ્વીપમાં ૧૩૨ ચંદ્રો અને ૧૩૨ સૂર્યો પોતાના પરિવારના ગ્રહ, નક્ષત્ર અને તારાઓ સહિત પરિભ્રમણ કરી રહ્યા છે. ૧૩૨ સૂર્યોમાંથી ૬૬ સૂર્યો એક દિશામાં અને તેની સામી દિશામાં બીજા ૬૬ સૂર્યો હોય છે. દાખલા તરીકે ૬૬ સૂર્ય પૂર્વ વિભાગમાં અને ૬૬ સૂર્ય પશ્ચિમ વિભાગમાં હોય, તે સમયે ૬૬ ચંદ્ર ઉત્તર વિભાગમાં અને ૬૬ ચંદ્ર દક્ષિણ વિભાગમાં હોય છે.



**છાવટ્ઠી પિડગાઇં :–** પિટક એટલે વર્તુલાકાર સમૂહ. બે ચંદ્રો, બે સૂર્યો, ૫૬ નક્ષત્રો, ૧૭૬ ગ્રહોનું એક પિટક કહેવાય છે. અઢીદ્વીપમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓના ૬૬-૬૬ પિટક છે અર્થાત્ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓના પિટકોની સંખ્યા ૬૬ છે.


**અઢીદ્વીપમાં ચંદ્ર પિટકાદિ :–**

| ક્ષેત્ર | પિટકની સંખ્યા | પિટકમાં ચંદ્ર | પિટકમાં સૂર્ય | પિટકમાં નક્ષત્ર | પિટકમાં ગ્રહ | પિટકમાં તારા |
|---|---|---|---|---|---|---|
| જંબૂદ્વીપ | ૧ | ૧×૨ = ૨ | ૧×૨ = ૨ | ૧×૫૬ = ૫૬ | ૧×૧૭૬ = ૧૭૬ | ૧×૧,૩૩,૯૫૦ = ૧,૩૩,૯૫૦ ક્રોડાક્રોડી |
| લવણ સમુદ્ર | ૨ | ૨×૨ = ૪ | ૨×૨ = ૪ | ૨×૫૬ = ૧૧૨ | ૨×૧૭૬ = ૩૫૨ | ૨×૧,૩૩,૯૫૦ = ૨,૬૭,૯૦૦ ક્રોડાક્રોડી |
| ધાતકીખંડદ્વીપ | ૬ | ૬×૨ = ૧૨ | ૬×૨ = ૧૨ | ૬×૫૬ = ૩૩૬ | ૬×૧૭૬ = ૧,૦૫૬ | ૬×૧,૩૩,૯૫૦ = ૮,૦૩,૭૦૦ ક્રોડાક્રોડી |
| કાલોદધિ સમુદ્ર | ૨૧ | ૨૧×૨ = ૪૨ | ૨૧×૨ = ૪૨ | ૨૧×૫૬ = ૧,૧૭૬ | ૨૧×૧૭૬=૩,૬૯૬ | ૨૧×૧,૩૩,૯૫૦ = ૨૮,૧૨,૯૫૦ ક્રોડાક્રોડી |
| અર્ધપુષ્કર દ્વીપ | ૩૬ | ૩૬×૨ = ૭૨ | ૩૬×૨ = ૭૨ | ૩૬×૫૬ = ૨૦૧૬ | ૩૬×૧૭૬=૬,૩૩૬ | ૩૬×૧,૩૩,૯૫૦× = ૪૮,૨૨,૨૦૦ ક્રોડાક્રોડી |
| અઢીદ્વીપ | ૬૬ | ૬૬×૨ =૧૩૨ | ૬૬×૨ ૧૩૨ | ૬૬×૫૬=૩,૬૯૬ | ૬૬×૧૭૬ = ૧૧,૬૧૬ | ૬૬×૧,૩૩,૯૫૦ ૮૮,૪૦,૭૦૦ ક્રોડાક્રોડી |

★ બે સૂર્ય અને બે ચંદ્રનો એક પિટક હોય છે. તે દરેક પિટકમાં બંને સૂર્ય–ચંદ્રના પરિવારના ૫૬ નક્ષત્ર અને ૧૭૬ ગ્રહ તથા ૧૩૩૯૫૦ ક્રોડાક્રોડી તારાઓ હોય છે.

**चत्तारि पंतीओ चंदाइच्चाणं :–** ચંદ્ર-સૂર્યની ચાર પંક્તિ છે. તેમાં બે પંક્તિ ચંદ્રની અને બે પંક્તિ સૂર્યની હોય છે. અઢીદ્વીપમાં ચંદ્ર અને સૂર્ય પંક્તિબદ્ધ રૂપે જ રહે છે, પંક્તિબદ્ધ રૂપે જ પરિભ્રમણ કરે છે– (૧) અઢીદ્વીપના પૂર્વ-વિભાગમાં ૬૬ સૂર્યની એક પંક્તિ હોય ત્યારે (૨) પશ્ચિમ વિભાગમાં ૬૬ સૂર્યની બીજી પંક્તિ હોય છે. પૂર્વ અને પશ્ચિમ વિભાગમાં સૂર્ય હોય ત્યારે પૂનમના દિવસે (૩-૪) ઉત્તર અને દક્ષિણ વિભાગમાં ૬૬-૬૬ ચંદ્ર પંક્તિ બદ્ધ હોય છે. તે સર્વ ચંદ્ર અને સૂર્ય પંક્તિબદ્ધ રહીને જ મેરુ પર્વતને કેન્દ્રમાં રાખીને પરિભ્રમણ કરે છે. અમાસના દિવસે એક-એક ચંદ્ર અને એક-એક સૂર્યની એમ બે-બે પંક્તિ ઉપર-નીચે એક સીધમાં થઈ જાય છે.

**પૂનમ તથા અમાસના સૂર્ય–ચંદ્ર સ્થાન**



આ રીતે અઢીદ્વીપમાં સૂર્ય પંક્તિ અને ચંદ્ર પંક્તિ પરિભ્રમણમાં ક્યારેક સાથે અને ક્યારેક આગળ પાછળ થઈ જાય છે. તેમ છતાં પોત-પોતાની ૬૬-૬૬ની ચારે પંક્તિ કાયમ રહે છે.

**छप्पण्ण पंतीओ णक्खत्ताणं :–** નક્ષત્રોની ૫૬ પંક્તિઓ છે, યથા– જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં ૨૮ નક્ષત્રો છે, ઉત્તરાર્દ્ધમાં ૨૮ નક્ષત્રો છે, આ રીતે બે સૂર્ય-ચંદ્રના પરિવારરૂપ ૫૬ નક્ષત્રોની ૫૬ પંક્તિ હોય છે. તે એક-એક પંક્તિમાં અભિજિત આદિ દરેક નક્ષત્રો ૬૬-૬૬ની સંખ્યામાં હોય છે. પ્રત્યેક પંક્તિનો પ્રારંભ જંબૂદ્વીપથી થાય છે અને તેનો અંત અર્ધ પુષ્કર દ્વીપમાં થાય છે. ત્યાં સુધી એક દિશામાં ૬૬ ચંદ્ર સૂર્ય હોય છે, તેમ દરેક નક્ષત્ર પણ ૬૬-૬૬ હોય છે.

આ રીતે જંબૂદ્વીપના બે ચંદ્ર-સૂર્યના પરિવાર રૂપ ૫૬ નક્ષત્રો હોવાથી નક્ષત્રોની ૫૬ પંક્તિઓ છે અને અઢીદ્વીપના દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધમાં ૬૬-૬૬ ચંદ્ર-સૂર્યો હોવાથી એક-એક પંક્તિમાં ૬૬-૬૬ ચંદ્ર-સૂર્યોની જેમ નક્ષત્રો પણ ૬૬-૬૬ હોય છે.

**छावत्तरं गहाणं पंतिसयं :–** ગ્રહોની ૧૭૬ પંક્તિઓ છે. એક ચંદ્ર-સૂર્યના પરિવાર રૂપ ૮૮ ગ્રહો છે. જંબૂદ્વીપના બે ચંદ્ર-સૂર્યના પરિવાર રૂપ ૧૭૬ ગ્રહો હોવાથી ગ્રહોની ૧૭૬ પંક્તિઓ છે અને અઢીદ્વીપના દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધમાં ૬૬-૬૬ ચંદ્રોની સમાન જ એક-એક પંક્તિમાં ૬૬-૬૬ તે જ નામવાળા ગ્રહો હોય છે. ગ્રહોનું પરિભ્રમણ એક મંડલથી બીજા મંડલ પર થાય છે અને તે ચંદ્ર-સૂર્યની જેમ પંક્તિબદ્ધ પરિભ્રમણ કરે છે.

**पयाहिणावत्तमंडला :–** પ્રદક્ષિણાવર્તમંડલ. અઢીદ્વીપ ક્ષેત્રનું સંપૂર્ણ જ્યોતિષ મંડલ મેરુ પર્વતને કેન્દ્રમાં રાખીને પરિભ્રમણ કરે છે. તેના પરિભ્રમણની દિશા હંમેશાં એક સમાન હોય છે. સૂત્રમાં તેની દિશાને લક્ષમાં રાખીને તેના માટે **पयाहिणावत्तमंडल–** પ્રદક્ષિણાવર્ત મંડલ શબ્દનો પ્રયોગ છે. **प्रकर्षेण सर्वासु दिक्षु विदिक्षु च परिभ्रमतां चन्द्रादीनां दक्षिण एव मेरुर्भवति यस्मिन्नावर्ते– मण्डलपरिभ्रमणरुपे स प्रदक्षिणः आवर्तो येषां मण्डलानां तानि प्रदक्षिणावर्त्तानि।**

સર્વ દિશાઓ અને વિદિશાઓમાં પરિભ્રમણ કરતા ચંદ્ર-સૂર્યની દક્ષિણમાં અર્થાત્ જમણી બાજુએ જ મેરુપર્વત રહે છે. આ પ્રકારના પરિભ્રમણને પ્રદક્ષિણાવર્તમંડલ પરિભ્રમણ કહે છે. વ્યવહારમાં પણ જમણી તરફથી આવર્તનનો પ્રારંભ થાય તેને પ્રદક્ષિણા કહે છે. સૂર્યાદિના પરિભ્રમણનો પ્રારંભ જમણી તરફથી થાય છે. આ પ્રકારના જ્યોતિષ મંડલના પરિભ્રમણને પ્રદક્ષિણાવર્તમંડલ કહે છે.

ચંદ્ર, સૂર્ય અને ગ્રહો પરિભ્રમણ કરતાં કરતાં એક મંડલથી બીજા મંડલ પર જાય છે અર્થાત્ તેના મંડલ અનવસ્થિત છે. જ્યારે નક્ષત્ર અને તારા પોતાના એક જ મંડલ પર રહીને સતત પરિભ્રમણ કરે છે, તેથી તેના મંડલ અવસ્થિત છે.

**उड्ढे व अहे व संकमो णत्थि :–** અઢીદ્વીપના ચંદ્ર-સૂર્ય આદિ સતત પરિભ્રમણ કરે છે, પરંતુ તેઓનું ઉપર કે નીચેની તરફ સંક્રમણ થતું નથી. સમપૃથ્વીથી ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધીની ઊંચાઈમાં જ્યોતિષ મંડલ છે. તેમાં ચંદ્ર-સૂર્ય આદિ જે જે ઊંચાઈએ છે, તે ઊંચાઈ હંમેશાં એક સમાન રહે છે.

**चारविसेसेण भवे सुहदुक्खविही :–** જ્યોતિષી દેવોની ગતિ વિશેષથી મનુષ્યોના સુખ દુઃખનું જ્ઞાન થાય છે. અહીં **विही** શબ્દ જ્ઞાન અર્થમાં છે. ગતિશીલ ગ્રહ અને નક્ષત્રોના ચંદ્ર અને સૂર્ય સાથેના વિશેષ પ્રકારના સંયોગથી કેટલાક શુભ કે અશુભ યોગ નિષ્પન્ન થાય છે. જ્યોતિષ શાસ્ત્રના અધ્યયન કે


અનુભવના આધારે તેની ગણના કરીને વ્યક્તિના જન્મ સમયના નક્ષત્ર આદિના આધારે તેની શુભાશુભ ભૂત-ભાવિ ઘટનાઓ જાણી શકાય છે.


કર્મોના ઉદય, ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ નિમિત્ત બને છે અર્થાત્ શુભ કર્મોના વિપાકમાં શુભ દ્રવ્ય–ક્ષેત્રાદિ સામગ્રી કારણભૂત બને છે અને અશુભ કર્મોના ફળમાં અશુભ દ્રવ્ય ક્ષેત્ર આદિ સામગ્રી કારણભૂત બને છે. વ્યક્તિના જન્મ સમયે નક્ષત્રાદિનો ચંદ્ર સાથે અનુકૂળ સંયોગ હોય, તો તે પ્રાયઃ શુભ કર્મો, તથાપ્રકારની વિપાક સામગ્રી મેળવીને ઉદયમાં આવે છે અને તેના કારણે વ્યક્તિને શરીરની નીરોગીતા, ધર્મ વૃદ્ધિ, વેર ઉપશમન, પ્રિય સંયોગ, કાર્યસિદ્ધિ વગેરે સુખદાયી ફળ મળે છે. વ્યક્તિના જન્મ સમયે નક્ષત્રાદિનો ચંદ્ર સાથે પ્રતિકૂળ સંયોગ હોય, તો તે પ્રાયઃ અશુભ કર્મો, તથાપ્રકારની વિપાક સામગ્રી મેળવીને ઉદયમાં આવે છે, તેથી લોકો પોતાના વિશિષ્ટ કાર્યનો પ્રારંભ શુભ તિથિ, શ્રેષ્ઠ નક્ષત્ર આદિમાં કરે છે.

**तावक्खेत्तं तु वड्डए णियमा :–** સૂર્ય બાહ્ય મંડલથી આભ્યંતર મંડલ તરફ ગતિ કરે ત્યારે તેનું તાપક્ષેત્ર વધતું જાય છે અને આભ્યંતર મંડલથી બાહ્ય મંડલ તરફ ગતિ કરે ત્યારે તેનું તાપક્ષેત્ર ક્રમશઃ ઘટતું જાય છે.

સૂર્ય આભ્યંતર મંડલ તરફ ગતિ કરે છે ત્યારે તે મેરુ પર્વતની નજીક આવતો જાય છે અને તેનું તાપક્ષેત્ર ક્રમશઃ વધતુ જાય છે. જ્યારે તે સર્વાભ્યંતર મંડલ પર હોય, ત્યારે ઉત્તરાયણના અંતિમ દિવસે જંબૂદ્વીપના છ દસાંશ($\frac{૬}{૧૦}$)ભાગને પ્રકાશિત કરે છે અને તે બાહ્ય મંડલ તરફ ગતિ કરે, ત્યારે મેરુ પર્વતથી દૂર થતો જાય છે અને તેનું તાપક્ષેત્ર ક્રમશઃ ઘટતું જાય છે. જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલ પર હોય, ત્યારે દક્ષિણાયનના અંતિમ દિવસે જંબૂદ્વીપના ચાર દસાંશ ($\frac{૪}{૧૦}$) ભાગને મંદ રૂપે પ્રકાશિત કરે છે. આ રીતે સૂર્યની ગતિ અનુસાર તાપક્ષેત્રમાં વધઘટ થાય છે.

**તાપ અંધકાર ક્ષેત્રનો આકાર :–**



**कलंबुयापुप्फसंठिया :–** ચંદ્ર-સૂર્યના તાપક્ષેત્રનું સંસ્થાન કદંબ પુષ્પ જેવું છે. જેમ બેટરીનો પ્રકાશ બેટરીની સમીપે સાંકડો અને દૂર જતાં વિસ્તારવાળો થતો જાય છે તેમ સૂર્યનો પ્રકાશ મેરુ પર્વતની સમીપે સાંકડો અને બહારની બાજુ–લવણ સમુદ્ર સમીપે પહોળો હોય છે.

**શુક્લપક્ષ–કૃષ્ણપક્ષ :–** રાહુ નામના મહાગ્રહના બે પ્રકાર છે. પર્વ રાહુ અને ધ્રુવ રાહુ અથવા નિત્ય રાહુ. પર્વ રાહુ ક્યારેક પોતાના વિમાનથી ચંદ્ર વિમાનને અથવા સૂર્યવિમાનને ઢાંકીને ચાલે છે. તેને કારણે ચંદ્ર ગ્રહણ અને સૂર્યગ્રહણ થાય છે.

ધ્રુવ રાહુનું વિમાન હંમેશાં ચંદ્રવિમાનથી ચાર અંગુલ નીચે રહીને જ ગતિ કરે છે. ધ્રુવરાહુ (નિત્યરાહુ)નું વિમાન કાળા વર્ણનું છે. તેનો કાળો વર્ણ હોવાથી ચંદ્ર વિમાનનો પ્રકાશ આવરિત થાય છે. સૂત્રમાં તેને આવરિત થવાનું ચોક્કસ પ્રમાણ દર્શાવ્યું છે. ચંદ્ર વિમાનના ૬૨ ભાગ કરવામાં આવે, તો બાસઠીયા બે ભાગ સદાને માટે અનાવરિત હોય છે. શેષ ૬૦ ભાગને ૧૫ થી ભાગતા ચાર ભાગ થાય છે. પ્રતિદિન ચંદ્રના ચાર ભાગને અથવા રાહુ વિમાનના પંદર વિભાગ કરીએ તો પ્રતિદિન રાહુનું વિમાન ચંદ્ર વિમાનના એક ભાગને આવરિત કરે છે– ઢાંકે છે. આ રીતે ચાર-ચાર બાસઠયા ભાગ અથવા એક-એક પંદરમા ભાગને ઢાંકતા નિત્ય રાહુ દ્વારા પંદર દિવસે ચંદ્ર વિમાન સંપૂર્ણ રીતે ઢંકાઈ જાય છે અને ત્યાર પછી ક્રમશઃ પ્રતિદિન ચાર-ચાર બાસઠીયા ભાગ અથવા એક-એક પંદરમો ભાગ ખુલ્લો થતાં પંદર દિવસે ચંદ્ર વિમાન સંપૂર્ણ રીતે પ્રગટ થઈ જાય છે.

આ રીતે જ્યારે ચંદ્ર વિમાન ક્રમશઃ ઢંકાતુ હોય, ત્યારે અંધકારની બહુલતા થતી જાય, તે પંદર દિવસ કૃષ્ણપક્ષ કહેવાય છે અને ક્રમશઃ ચંદ્રનો એક-એક પંદરમો ભાગ એટલે એક એક કળા ખુલતી જાય, ત્યારે પ્રકાશની બહુલતા થતી જાય છે અને તે પંદર દિવસો શુક્લપક્ષ કહેવાય છે.

**बावट्ठिं बावट्ठिं दिवसे...** (ગાથા–૧૫) અહીં પ્રતિદિન ૬૨ ભાગ વધવાનું કથન છે, અહીં બાસઠથી બાસઠીયા ચાર ભાગ ગ્રહણ કરવામાં આવે છે. **अवयवे समुदायोपचारात्**– વૃત્તિ. બાસઠીયા ચાર ભાગમાં ચાર અવયવ છે. તેમાં સમુદાય રૂપ ૬૨નો ઉપચાર કરીને સૂત્રકારે પ્રતિદિન બાસઠ ભાગ વધે છે, તેમ કહ્યું છે. વાસ્તવમાં $\frac{૪}{૧૬}$ ભાગની વૃદ્ધિ–હાનિ થયા છે.

**અઢીદ્વીપના બહારના જ્યોતિષ્ક દેવો :–**

**૧૭** **बहिया उ माणुसणगस्स, चंद–सूराणऽवट्ठिया जोआ ।**
**चंदा अभिईजुत्ता, सूरा पुण हुंति पुस्सेहिं ॥२४॥**

**ગાથાર્થ–** માનુષોત્તર પર્વતની બહાર અર્થાત્ અઢીદ્વીપની બહાર ચંદ્ર–સૂર્યનો પ્રકાશ અવસ્થિત રહે છે. તેમાં ચંદ્ર હંમેશાં અભિજિત નક્ષત્ર સાથે અને સૂર્ય પુષ્ય નક્ષત્ર સાથે યોગમાં રહે છે.॥૨૪॥

**चंदाओ सूरस्स य, सूरा चंदस्स अंतरं होइ ।**
**पण्णाससहस्साइं, तु जोयणाणं अणूणाइं ॥२५॥**

**ગાથાર્થ–** મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્રથી સૂર્યનું અને સૂર્યથી ચંદ્રનું પરસ્પર અંતર પચાસ-પચાસ હજાર(૫૦,૦૦૦) યોજનનું છે. ॥૨૫॥

**सूरस्स य सूरस्स य, ससिणो ससिणो य अंतरं होई ।**
**बाहिं तु माणुसणगस्स, जोयणाणं सयसहस्सं ॥२६॥**

**ગાથાર્થ–** માનુષોત્તર પર્વતની બહાર સૂર્યથી સૂર્યનું અને ચંદ્રથી ચંદ્રનું અંતર એક લાખ(૧,૦૦,૦૦૦) યોજનનું છે. ॥૨૬॥

**सूरंतरिया चंदा, चंदंतरिया य दिणयरा दित्ता ।**
**चित्तंतरलेसागा, सुहलेसा मंदलेसा य ॥२७॥**

**ગાથાર્થ–** મનુષ્ય ક્ષેત્રની બહાર વર્તુલાકારે એક પિટકમાં ક્રમશઃ સૂર્ય પછી ચંદ્ર અને ચંદ્ર પછી સૂર્ય પચાસ- પચાસ હજાર(૫૦,૦૦૦) યોજનના આંતરે પોત-પોતાના તેજ પુંજથી પ્રકાશિત થાય છે. તેની પ્રકાશરૂપ લેશ્યા મિશ્રિત હોય છે. સામાન્ય રીતે ચંદ્રનો પ્રકાશ શીતલ છે અને સૂર્યનો પ્રકાશ ઉષ્ણ છે પરંતુ અહીં સૂર્ય ચંદ્રનો પ્રકાશ એક બીજામાં મિશ્રિત થતો હોવાથી મનુષ્ય લોકની જેમ અતિ શીતળ અથવા અત્યંત ગરમ હોતો નથી પરંતુ સુખરૂપ હોય છે.॥૨૭॥

**अट्ठासीइं च गहा, अट्ठावीसं च हुंति णक्खत्ता ।**
**एगससी परिवारो, एत्तो ताराण वोच्छामि ॥२८॥**

**ગાથાર્થ–** એક ચંદ્રના પરિવારમાં ૮૮ ગ્રહ અને ૨૮ નક્ષત્ર હોય છે. તારાઓની સંખ્યા આગળની ગાથાઓમાં છે. ॥૨૮॥

**छावट्ठि सहस्साइं, णव चेव सयाइं पंचसयराइं ।**
**एगससी परिवारो, तारागण कोडिकोडीणं ॥२९॥**

**ગાથાર્થ–** એક ચંદ્રના પરિવારમાં ૬૬,૯૭૫(છાસઠ હજાર, નવસો પંચોતેર) ક્રોડાક્રોડી તારાઓ છે.॥૨૯॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં અઢીદ્વીપની બહારના જ્યોતિષમંડળ વિષયક કથન છે. અઢીદ્વીપની બહાર અસંખ્ય દ્વીપ-સમુદ્રો હોવાથી તેમાં અસંખ્ય ચંદ્ર-સૂર્ય પોતાના ગ્રહ-નક્ષત્ર અને તારાના પરિવાર સહિત સ્થિત છે, સ્થિર છે. સૂર્યની ગતિના અભાવથી ત્યાં રાત્રિ કે દિવસ થતાં નથી સદાને માટે એક સમાન કાલ હોય છે.

માનુષોત્તર પર્વતની બહારના દ્વીપ સમુદ્રોમાં સૂર્ય ચંદ્રાંતરિત છે અને ચન્દ્ર સૂર્યાંતરિત છે અર્થાત્ બે સૂર્ય વચ્ચે એક ચંદ્ર હોય છે, તે જ રીતે બે ચન્દ્ર વચ્ચે એક સૂર્ય હોય છે. સંક્ષેપમાં એક ચંદ્ર, એક સૂર્ય ફરી એક ચંદ્ર અને એક સૂર્ય તે રીતે ક્રમશઃ ગોઠવાયેલા સ્થિત છે. ત્યાં એક ચંદ્ર અને સૂર્ય વચ્ચે ૫૦,૦૦૦ યોજનનું અંતર હોય છે અને સૂર્ય-સૂર્ય અથવા ચંદ્ર-ચંદ્ર વચ્ચે એક લાખ યોજનનું અંતર હોય છે.

ચંદ્ર-સૂર્ય પ્રત્યેકનો પ્રકાશ એક લાખ યોજન વિસ્તારવાળો છે. ચંદ્ર-સૂર્ય વચ્ચેનું અંતર ૫૦,૦૦૦ યોજન છે, તેથી ચંદ્ર અને સૂર્ય બંનેનો પ્રકાશ મિશ્રિત છે. આ જ્યોતિષ્ક દેવોના વિમાનોનું પ્રકાશ ક્ષેત્ર પાકી ઈંટ જેવા લંબચોરસ આકારવાળું છે. તે તાપક્ષેત્રની લંબાઈ અનેક લાખ યોજનની અને પહોળાઈ ૧ લાખ યોજનની છે.

**अवट्ठिया जोगा :–** અઢીદ્વીપની બહાર ચંદ્ર-સૂર્ય ગતિશીલ નથી, તેથી તે અવસ્થિત યોગવાળા છે. ચંદ્ર કે સૂર્યનો જે નક્ષત્ર સાથે યોગ હોય તે યોગ હંમેશાં રહે છે. ત્યાં ચંદ્રને અભિજિત નક્ષત્ર સાથે અને સૂર્યને પુષ્ય નક્ષત્ર સાથે યોગ હોય છે.

**જ્યોતિષ્ક દેવ ઊર્ધ્વોપપન્નકાદિ : ઈન્દ્ર વિરહાદિ :–**

**१८ ता अंतो मणुस्सखेत्ते जे चंदिम–सूरिया गहगण–णक्खत्त–तारारूवा ते णं देवा किं उड्ढोववण्णगा कप्पोववण्णगा विमाणोववण्णगा चारोववण्णगा चारट्ठिइया गइरइया गइसमावण्णगा ?**

**ता ते णं देवा णो उड्ढोववण्णगा णो कप्पोववण्णगा विमाणोववण्णगा चारोववण्णगा णो चारट्ठिइया गइरइया गइसमावण्णगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માનુષોત્તર પર્વતના અંતર્વર્તી એટલે અઢીદ્વીપગત ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારા રૂપ જ્યોતિષ્ક દેવો શું (૧) ઊર્ધ્વોપપન્નક–ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલા કહેવાય છે ? (૨) તેઓ શું કલ્પોપપન્નક– સૌધર્માદિ ૧૨ દેવલોકમાં ઉત્પન્ન થયેલા કહેવાય છે ? (૩) તેઓ શું વિમાનોપપન્નક– જ્યોતિષ્ક દેવો સંબંધિત વિમાનોમાં ઉત્પન્ન થયેલા કહેવાય છે ? (૪) તેઓ શું ચારોપપન્નક-મંડલાકાર ગતિથી પરિભ્રમણ કરનારા જ્યોતિષ્ક દેવો કહેવાય છે ? (૫) તેઓ શું ચાર સ્થિતિક–મંડલાકાર ગતિથી પરિભ્રમણના અભાવવાળા જ્યોતિષ્ક દેવો કહેવાય છે ? (૬) તેઓ શું ગતિરતિક ગતિમાં પ્રીતિવાળા કહેવાય છે કે (૭) ગતિ સમાપન્નક– નિરંતર ગતિ કરનારા કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! માનુષોત્તર પર્વતના અંતર્વર્તી અઢીદ્વીપગત ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા રૂપ જ્યોતિષ્ક દેવો ઊર્ધ્વોપપન્નક નથી, કલ્પોપન્નક નથી, વિમાનોત્પન્નક છે, ચારોપપન્નક છે, ચાર સ્થિતિક નથી, ગતિરતિક છે, ગતિ સમાપન્નક છે.

**१९ उड्ढीमुह कलंबुयापुप्फसंठाणसंठिएहिं जोयणसाहस्सिएहिं तावक्खेत्तेहिं साहस्सियाहिं बाहिराहिं य वेउव्वियाहिं परिसाहिं महयाहयणट्ट-गीय-वाइय-तंती तल-ताल-तुडिय-घण-मुइंग-पडुप्पवाइयरवेणं महया उक्किट्ठ सीहणाद-बोलकलकलरवेणं अच्छं पव्वयरायं पयाहिणावत्तमंडलचारं मेरु अणुपरियट्टंति ।**

**ભાવાર્થ :–** આ જ્યોતિષ્ક દેવો ઊર્ધ્વમુખી કદંબ પુષ્પના આકારે સ્થિત હજારો યોજનના તાપ ક્ષેત્રને પ્રકાશિત કરતા; અનેક હજારો વૈક્રિય રૂપ ધારણ કરનારી બાહ્ય પરિષદથી (નાટકાદિ કરનારા નોકર જેવા દેવોના સમૂહથી) પરિવૃત્ત થઈ નાટક, ગીત સાથે તંતી, તલ તાલ, ત્રુટિત, ઘન, મૃદંગાદિ વાજિંત્રના મધુર ધ્વનિ વગેરે દ્વારા દિવ્ય ભોગોને ભોગવતા; મોટા, ઉત્કૃષ્ટ સિંહનાદ કરતા; કલરવ કરતાં, નિર્મળ– ઉજ્જવળ એવા પર્વતરાજ-મેરુની પ્રદક્ષિણાવર્ત મંડલગતિએ (મેરુ પર્વત જમણીબાજુ જ રહે તેવી વર્તુળાકાર ગતિએ) પ્રદક્ષિણા કરતા રહે છે.

**२० ता तेसिं णं देवाणं जाहे इंदे चयइ से कयमियाणिं पकरेंति ? ता चत्तारि पंच सामाणियादेवा तं ठाणं उवसंपज्जित्ताणं विहरंति** *जाव* **अण्णे तत्थ इंदे उववण्णे भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જ્યારે તે જ્યોતિષ્કદેવોના ઈન્દ્ર મરણપામે ત્યારે ઈન્દ્રવિરહકાળમાં તે દેવો શું કરે છે? અર્થાત્ કેવી રીતે કામ ચલાવે છે? **ઉત્તર–** જ્યાં સુધી બીજા ઈન્દ્ર ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી ચાર-પાંચ સામાનિકદેવો મળીને ઈન્દ્રસ્થાનનું પરિપાલન, કાર્ય સંચાલન કરે છે.

**૨૧ ता इंदठाणे णं केवइएणं कालेणं विरहियं पण्णत्ते ? ता जहण्णेणं इक्कं समयं उक्कोसेणं छम्मासे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નવા ઈન્દ્રની ઉત્પત્તિ વિના ઈન્દ્રનું સ્થાન કેટલો સમય ખાલી રહે છે? **ઉત્તર–** તે સ્થાન ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે છ મહિના સુધી ઈન્દ્રોત્પત્તિ વિના રહે છે.

**૨૨ ता बहिया णं माणुस्सखेत्तस्स जे चंदिम-सूरिय–गहगण-णक्खत्त-तारारूवा ते णं देवा किं उड्ढोववण्णगा कप्पोववण्णगा विमाणोववण्णगा चारोववण्णगा चारट्ठिइया गइरईया गइसमावण्णगा ?**

**ता ते णं देवा णो उड्ढोववण्णगा णो कप्पोववण्णगा विमाणोववण्णगा णो चारोववण्णगा चारट्ठिइया णो गइरइया णो गइसमावण्णगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મનુષ્ય ક્ષેત્રની બહારના ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારા રૂપ જ્યોતિષ્ક દેવો શું (૧) ઊર્ધ્વોપપન્નક–ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલા કહેવાય છે ? (૨) તેઓ શું કલ્પોપપન્નક– સૌધર્માદિ ૧૨ દેવલોકમાં ઉત્પન્ન થયેલા કહેવાય છે ? (૩) તેઓ શું વિમાનોપપન્નક– જ્યોતિષ્ક દેવો સંબંધિત વિમાનોમાં ઉત્પન્ન થયેલા કહેવાય છે ? (૪) તેઓ શું ચારોપપન્નક-મંડલાકાર ગતિથી પરિભ્રમણ કરનારા જ્યોતિષ્ક દેવો કહેવાય છે ? (૫) તેઓ શું ચાર સ્થિતિક–મંડલાકાર ગતિથી પરિભ્રમણના અભાવવાળા જ્યોતિષ્ક દેવો કહેવાય છે ? (૬) તેઓ શું ગતિરતિક ગતિમાં પ્રીતિવાળા કહેવાય છે કે (૭) ગતિ સમાપન્નક– નિરંતર ગતિ કરનારા કહેવાય છે ?

**ઉત્તર–** અઢીદ્વીપની બહારના ચંદ્રાદિ જ્યોતિષ્ક દેવો ઊર્ધ્વોપપન્નક નથી, કલ્પોપન્નક નથી, વિમાનોત્પન્નક છે, ચારોપપન્નક નથી, ચાર સ્થિતિક છે, ગતિરતિક નથી, ગતિસમાપન્નક નથી.

**૨૩ पक्किट्टग-संठाणसंठिएहिं जोयणसयसाहस्सिएहिं तावक्खेत्तेहिं सयसाहस्सियाहिं बाहिराहिं वेउव्वियाहिं परिसाहिं महयाहय-णट्ट-गीय-वाइय** *जाव* **दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ, सुहलेसा मंदलेसा मंदायवलेसा चित्तंतरलेसा अण्णोऽण्ण समोगाढाहिं लेसाहिं कूडा इव ठाणठिया ते पएसे सव्वओ समंता ओभासंति उज्जोवेंति तवेंति पभासेंति ।**

**ભાવાર્થ :–** પાકી ઈંટના આકારવાળા લાખો યોજન વિસ્તીર્ણ તાપક્ષેત્ર યુક્ત, અનેક પ્રકારના વિકુર્વિત રૂપ ધારણ કરવામાં સમર્થ, લાખો બાહ્ય પરિષદના દેવો સાથે તે જ્યોતિષ્કદેવ નાટ્ય ગીત વગેરે દિવ્ય ભોગ ભોગવવામાં અનુરત, સુખદાયી તેજ યુક્ત, મંદ તેજ યુક્ત, મંદ તાપ અને તેજ યુક્ત, આ રીતે મિશ્રિત લેશ્યા-તાપ યુક્ત છે. ત્યાં ચંદ્ર-સૂર્યનો પ્રકાશ પરસ્પરાવગાઢ છે. તે પર્વતના શિખરોની જેમ પોતપોતાના સ્થાનમાં સ્થિત, બધી બાજુથી પોતાની નજીક રહેલા પ્રદેશોને પ્રકાશિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, પ્રભાસિત કરે છે.

**૨૪** **ता तेसिं णं देवाणं जाहे इंदे चयइ से कहमियाणिं पकरेंति ? ता चत्तारि पंच सामाणियदेवा ते ठाणं उवसंपजित्ताणं विहरंति जाव तत्थ इंदे उववण्णे भवइ ।**

**ता इंदठाणे णं केवइएणं कालेणं विरहियं पण्णत्ते ? ता जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं छम्मासे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જ્યારે માનુષોત્તર પર્વતના બહિર્વર્તી આ જ્યોતિષ્કદેવોના ઈન્દ્ર ચ્યવી (મૃત્યુ પામી) જાય ત્યારે તેઓ કેવી રીતે કામ કરે છે ? **ઉત્તર–** જ્યાં સુધી નવા ઈન્દ્ર ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી ચાર-પાંચ સામાનિકદેવો મળીને તે ઈન્દ્રસ્થાનનું પરિપાલન કરે છે, ત્યાંનું કાર્યસંચાલન કરે છે.

**પ્રશ્ન–** તે ઈન્દ્રસ્થાન કેટલા સમય સુધી ઈન્દ્રોત્પત્તિથી વિરહિત રહે છે ? **ઉત્તર–** તે ઈન્દ્ર સ્થાન ઓછોમાં ઓછા એક સમય અને વધારેમાં વધારે છ મહિના સુધી ઈન્દ્ર વિનાનું રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જ્યોતિષ્ક દેવોમાં ઊર્ધ્વોપપન્નકાદિ સાત પ્રશ્નોનું કથન છે.

**જ્યોતિષ્ક દેવો ઊર્ધ્વોપપન્નકાદિ :–**

| | ઊર્ધ્વોપપન્નક ૯ ગ્રૈવેયક, અનુત્તરવાસી | કલ્પોપન્નક ૧૨ દેવલોક | વિમાનોપપન્નક જ્યોતિષ્ક દેવો | ચારોપપન્નક ચાર = ગતિ કરનારા | ચાર સ્થિતિક ચાર = ગતિના અભાવવાળા | ગતિરતિક ગતિની– પ્રીતિવાળા | ગતિ સમાપન્નક– નિરંતર ગતિ કરનાર |
|---|---|---|---|---|---|---|---|
| અઢીદ્વીપગત જ્યોતિષ્ક દેવો | નથી | નથી | છે | છે | નથી | છે | છે |
| અઢીદ્વીપ બહારના જ્યોતિષ્ક દેવો | નથી | નથી | છે | નથી | છે | નથી | નથી |

પૂર્વે સત્યાવીસમી ગાથામાં અઢીદ્વીપની બહારના ચંદ્ર–સૂર્યના પ્રકાશ માટે **सुहलेसा, मंदलेसा, चिंततरलेसा** આ ત્રણ વિશેષણ આપ્યા છે પ્રસ્તુત સૂત્ર–૨૨માં તે ચાર ઉપરાંત **मंदाताव लेसा, अण्णाऽण्ण समोगाढाहिं लेसा** અને **कूडा इव ठाणठिया** આ ત્રણ વિશેષ સહિત છ વિશેષણ આપ્યા છે.

(૧) **सुहलेसा– सुखलेश्याः, एतच्च विशेषणं चंद्रान् प्रति, तेन ते नातिशीत तेजसः मनुष्यलोके इव शीतकालादौ न एकान्ततः शीतरश्मय** । આ વિશેષણ ચંદ્રપ્રકાશ માટે છે, મનુષ્યલોક-અઢીદ્વીપમાં ચંદ્રનો પ્રકાશ શીતકાળમાં એકાંત શીત હોય છે, તેવો અતિશીત હોતો નથી.

(૨) **मंदलेसा–मन्दलेश्या, एतच्च सूर्यान्प्रति, तेन ते नात्युष्ण तेजसः मनुष्यलोके इव निदाघ समये न एकान्तत उष्णरश्मयः** । આ વિશેષણ સૂર્ય પ્રકાશ માટે છે, મનુષ્ય લોકમાં સૂર્ય પ્રકાશ ગરમીના સમયમાં એકાંતે ઉષ્ણ હોય છે, તેવો અતિ ઉષ્ણ પ્રકાશ હોતો નથી.

(૩) **मंदातव लेसा– मंदातपलेश्या–मंदा–नात्युष्णस्वभावा आतपरुपालेश्या रश्मिसंघातो।** લેશ્યા–કિરણ સમૂહ અતિ ઉષ્ણ હોતા નથી, મંદ તાપરૂપ હોય છે.

(૪) **चितंतर लेसा–** ચિત્રવિચિત્ર પ્રકાશ **चित्रमन्तरं लेश्या, भावार्थश्वास्य चित्रमन्तरं सूर्याणां चन्द्रान्तरित्वात् चित्रलेश्या चन्द्रमसां शीतरश्मित्वात् सूर्याणामुष्णरश्मित्वात् ।** સૂર્ય ચંદ્રથી, ચંદ્ર સૂર્યથી અંતરિત હોવાથી, ચંદ્રનો શીત પ્રકાશ અને સૂર્યનો ઉષ્ણ પ્રકાશ આ બંને પ્રકાશ મિશ્રિત થવાથી તે પ્રકાશને ચિત્ર-વિચિત્ર પ્રકાશ કહ્યો છે.

(૫) **अण्णोण्णसमोगाढाहिं लेसाहिं– अन्योन्यसमावगाढाभि–परस्परं संश्लिष्टाभिलेश्याभिः।** બંનેનો પ્રકાશ પરસ્પર મળેલો હોવાથી અન્યોન્યાવગાઢ પ્રકાશ હોય છે.

(૬) **कूडाविव ठाणठिया–कूटानीव–पर्वतोपरिव्यवस्थितशिखराणीव स्थानस्थिताः–सदैवैकत्र स्थाने स्थिताः ।** કૂટ–પર્વતની ઉપર રહેલા શિખરની જેમ એક જ સ્થાનમાં આ પ્રકાશ અને ચંદ્ર-સૂર્ય સ્થિત રહે છે.

**પુષ્કર સમુદ્રાદિમાં સંખ્યાત–અસંખ્યાત ચંદ્રાદિ :–**

**૨૫ ता पुक्खरवरं णं दीवं पुक्खरोदे णामं समुद्दे वट्टे वलयाकारसंठाण–संठिए सव्वओ समंत्ता संपरिक्खित्ता णं चिट्ठइ । ता पुक्खरोदे णं समुद्दे किं समचक्कवालसंठिए विसमचक्कवालसंठिए ? ता समचक्कवालसंठिए णो विसमचक्कवालसंठिए ।**

**ता पुक्खरोदे णं समुद्दे केवइयं चक्कवालविक्खंभेणं ? केवइयं परिक्खेवेणं आहिएति वएज्जा ? ता संखेज्जाइं जोयणसहस्साइं आयाम–विक्खंभेणं, संखेज्जाइं जोयणसहस्साइं परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**भावार्थ :–** ગોળ અને વલયાકાર સંસ્થાનથી સંસ્થિત પુષ્કરોદ નામનો સમુદ્ર તે પુષ્કરવરદ્વીપને ચારે તરફથી ઘેરીને રહ્યો છે. **પ્રશ્ન–** પુષ્કરોદ સમુદ્ર સમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે કે વિષમ ગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે ? **ઉત્તર–** સમગોળકાર સંસ્થાનથી સંસ્થિત છે, પરંતુ વિષમ ગોળકાર સંસ્થાનથી સંસ્થિત નથી.

**પ્રશ્ન–** પુષ્કરોદ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ કેટલો છે અને તેની પરિધિ કેટલી છે ? **ઉત્તર–** તેનો ચક્રવાલ વિષ્કંભ સંખ્યાત હજાર યોજનનો છે અને સંખ્યાત હજાર યોજનની તેની પરિધિ છે.

**૨૬ ता पुक्खरोदे णं समुद्दे केवइया चंदा पभासेंसु वा पुच्छा तहेव । ता पुक्खरोदे णं समुद्दे संखेज्जा चंदा पभासेंसु वा** *जाव* **संखेज्जाओ तारागण-कोडिकोडीओ सोभं सोभेंसु वा सोभेंति वा सोभिस्संति वा ।**

**एवं एएणं अभिलावेणं– वरुणवरे दीवे वरूणोदे समुद्दे, खीरवरे दीवे खीरोदे समुद्दे, घयवरे दीवे घयोदे समुद्दे, खोयवरे दीवे खोयोदे समुद्दे, णंदीस्सरवरे दीवे णंदीस्सरवरे समुद्दे, अरूणे दीवे अरूणोदे समुद्दे, अरूणवरे दीवे अरूणवरोदे**

**समुद्दे, अरूणवरोभासे दीवे अरूणवरभासोदे समुद्दे, कुंडले दीवे कुंडलोदे समुद्दे, कुंडलवरे दीवे, कुंडलवरोदे समुद्दे, कुंडलवरोभासे दीवे कुंडलवरभासेदे समुद्दे। सव्वेसिं विक्खंभे-परिक्खेवो जोइसाइं च पुक्खरोदसागरसरिसाइं ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** પુષ્કરોદ સમુદ્રમાં કેટલા ચંદ્ર પ્રકાશ કરતા હતા ? વગેરે પ્રશ્ન પૂછવા. **ઉત્તર–** પુષ્કરોદ સમુદ્રમાં સંખ્યાત ચંદ્ર પ્રકાશ કરતા હતા ***યાવત્*** સંખ્યાત ક્રોડાક્રોડી તારાગણ શોભતા હતા, શોભે છે અને શોભશે.

આ પ્રકારના અભિલાપ(પાઠ) વરુણવર દ્વીપ, વરુણોદ સમુદ્ર; ક્ષીરવર દ્વીપ, ક્ષીરોદ સમુદ્ર; ઘૃતવર દ્વીપ ઘૃતોદ સમુદ્ર; ક્ષોતવર દ્વીપ, ક્ષોતોદ સમુદ્ર; નંદીશ્વર દ્વીપ નંદીશ્વર સમુદ્ર; અરૂણ દ્વીપ અરૂણોદ સમુદ્ર; અરૂણવર દ્વીપ, અરૂણવરોદ સમુદ્ર; અરૂણવરાભાસ દ્વીપ, અરૂણવરાભાસોદ સમુદ્ર; કુંડલદ્વીપ કુંડલોદ સમુદ્ર; કુંડલવર દ્વીપ, કુંડલવરોદ સમુદ્ર; કુંડલવરાભાસ દ્વીપ કુંડલવરાભાસોદ સમુદ્ર, આ બધા દ્વીપ-સમુદ્રનો આયામ, વિષ્કંભ, પરિધિ તથા જ્યોતિષ્ક દેવ પુષ્કરોદ સમુદ્રની સમાન છે અર્થાત્ વિષ્કંભાદિ સંખ્યાત હજાર યોજન છે અને જ્યોતિષ્ક દેવો પણ સંખ્યાત હજાર છે.

**૨૭ ता कुंडलवरभासण्णं समुद्दं रूयए दीवे वट्टे वलयाकारसंठाणसंठिए सव्वओ समंता संपरिक्खित्ताणं चिट्ठइ । ता रूयए णं दीवे किं समचक्कवालसंठिए विसमचक्कवालसंठिए ? ता रूयण णं दीवे समचक्कवालसंठिए, णो विसम-चक्कवालसंठिए ।**

**ता रूयए णं दीवे केवइयं चक्कवालविक्खंभेणं केवइयं परिक्खेवेणं आहिएति ? ता असंखेज्जाइं जोयणसहस्साइं चक्कवालविक्खंभेणं, असंखेज्जाइं जोयणसहस्साइं परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** ગોળ અને વલયાકાર સંસ્થાનથી સંસ્થિત રુચકદ્વીપ કુંડલવરભાસોદ સમુદ્રને ચારે તરફથી ઘેરીને રહ્યો છે. **પ્રશ્ન–** રુચકદ્વીપ સમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે કે વિષમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે ? **ઉત્તર–** રુચકદ્વીપ સમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે, વિષમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત નથી.

**પ્રશ્ન–** રુચકદ્વીપનો ચક્રવાલ–વિષ્કંભ કેટલો છે અને પરિધિ કેટલી છે ? **ઉત્તર–** રુચકદ્વીપનો ચક્રવાલ વિષ્કંભ અસંખ્ય હજાર યોજનનો છે અને અસંખ્ય હજાર યોજનની પરિધિ છે.

**૨૮ ता रूयए णं दीवे केवइया चंदा पभासेंसु वा पुच्छा तहेव । ता रूयए णं दीवे असंखेज्जा चंदा पभासेंसु वा** *जाव* **असंखेज्जाओ तारागण कोडिकोडीओ सोभं सोभेंसु वा सोभेंति वा सोभिस्संति वा ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** રુચકદ્વીપમાં કેટલા ચંદ્ર પ્રકાશ કરતા હતા વગેરે પ્રશ્ન કરવા **ઉત્તર–** રુચકદ્વીપમાં અસંખ્યાત ચંદ્રો પ્રકાશ કરતા હતા ***યાવત્*** અસંખ્યાત ક્રોડાક્રોડી તારાગણ શોભતા હતા, શોભે છે અને શોભશે.

**૨૯ एवं रूयए समुद्दे । रूयगवरे दीवे रूयगवरोदे समुद्दे । रूयगवरोभासे दीवे, रूयगवरभासे समुद्दे ।**

**एवं तिपडोयारा णेयव्वा** *जाव* **सूरे दीवे–सूरोदे समुद्दे, सुरवरे दीवे–सूरवरोदे समुद्दे, सूरवरोभासे दीवे सूरवरभासोदे समुद्दे ।**

**सव्वेसिं विक्खंभ-परिक्खेवो जोइसाइं रूयगवरदीवसरिसाइं ।**

**ભાવાર્થ :–** આ જ પ્રકારે રુચક સમુદ્ર, રુચકવરદ્વીપ, રુચકવરોદ સમુદ્ર, રુચકવરાવભાસ દ્વીપ રુચકવરાભાસોદ સમુદ્ર.

આ રીતે ત્રિપ્રત્યાવતાર–દ્વીપ-સમુદ્રનું નામ હોય તે એક, તે નામને 'વર' લગાડીને નામ બને તે બીજું અને મૂળનામને 'વરાભાસ' શબ્દ લગાડી બનતું ત્રીજું નામ, આમ ત્રણ-ત્રણ નામવાળા દ્વીપ સમુદ્ર જાણવા. જેમ કે સૂરદ્વીપ–સૂરોદ સમુદ્ર, સૂરવર દ્વીપ–સૂરવરોદ સમુદ્ર, સૂરવરાવભાસ દ્વીપ–સુરવરાભાસોદ સમુદ્ર આ સર્વ દ્વીપ-સમુદ્રના આયામ–વિષ્કંભ, પરિધિ, જ્યોતિષ્ક દેવ આદિની સર્વ વક્તવ્યતા રુચકદ્વીપની સમાન છે.

**૩૦ ता सूरवरोभासोदं णं समुद्दं देवे णामं दीवे वट्टे वलायाकारसंठाणसंठिए सव्वओ समंता संपरिक्खित्ताणं चिट्ठइ । ता देवे णं दीवे किं समचक्कवालसंठिए, विसमचक्कवालसंठिए ? ता समचक्कवालसंठिए णो विसमचक्कवालसंठिए ।**

**ता देवे णं दीवे केवइयं चक्कवालविक्खंभेणं केवइयं परिक्खेवेणं आहिए ति वएज्जा ? ता असंखेज्जाइं जोयणसहस्साइं चक्कवालविक्खंभेणं, असंखेज्जाइं जोयणसहस्साइं परिक्खेवेणं आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :–** ગોળ અને વલયાકાર સંસ્થાનથી સંસ્થિત દેવ નામનો દ્વીપ સૂરવરાભાસોદ સમુદ્રને ચારે તરફથી ઘેરીને રહ્યો છે. **પ્રશ્ન–** દેવદ્વીપ શું સમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે કે વિષમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે ? **ઉત્તર–** સમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત છે, વિષમગોળાકાર સંસ્થાનથી સંસ્થિત નથી.

**પ્રશ્ન–** દેવદ્વીપનો ચક્રવાલ–વિષ્કંભ કેટલો છે અને પરિધિ કેટલી છે ? **ઉત્તર–** દેવદ્વીપનો ચક્રવાલ વિષ્કંભ અસંખ્ય હજાર યોજનનો છે અને તેની પરિધિ અસંખ્ય હજાર યોજનની છે.

**૩૧ ता देवे णं दीवे केवइया चंदा पभासेंसु वा पुच्छा तहेव ता देवे णं दीवे असंखेज्जा चंदा पभासेंसु वा** *जाव* **असंखेज्जाओ तारागणकोडिकोडीओ सोभं सोभेंसु वा सोभेंति वा सोभिस्संति वा ।**

**एवं देवोदे समुद्दे, णागे दीवे णागोदे समुद्दे, जक्खे दीवे जक्खोदे समुद्दे, भूए दीवे भूओदे समुद्दे, सयंभूरमणे दीवे सयंभूरमणे समुद्दे । सव्वेसिं विक्खंभ-परिक्खेवे जोइसाइं देव दीवसरिसाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** દેવ દ્વીપમાં કેટલા ચંદ્ર પ્રકાશ કરતા હતા ? વગેરે પ્રશ્નો પૂછવા. **ઉત્તર–** દેવદ્વીપમાં અસંખ્યાત ચંદ્ર પ્રકાશતા હતા ***યાવત્*** અસંખ્ય ક્રોડાક્રોડી તારાગણ શોભતા હતા, શોભે છે અને શોભશે.

આ પ્રકારે દેવોદ સમુદ્ર, નાગદ્વીપ—નાગોદ સમુદ્ર, યક્ષ દ્વીપ—યક્ષોદ સમુદ્ર, ભૂત દ્વીપ—ભૂતોદ સમુદ્ર, સ્વયંભૂરમણ દ્વીપ—સ્વયંભૂરમણ સમુદ્ર, આ સર્વ દ્વીપ-સમુદ્રનો આયામ—વિષ્કંભ અને જ્યોતિષ્ક વિમાનો આદિની વકતવ્યતા દેવદ્વીપની સમાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પુષ્કર સમુદ્રથી લઈને અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના દ્વીપ-સમુદ્રની લંબાઈ, પહોળાઈ, પરિધિ તથા તે-તે દ્વીપ સમુદ્રમાં જ્યોતિષ્ક વિમાનોની સંખ્યાનું પ્રતિપાદન છે.

મધ્યલોકના અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્રો વલયાકારે સંસ્થિત છે. તે દરેક દ્વીપ-સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ પૂર્વના દ્વીપ કે સમુદ્રથી બમણો છે. જેમ કે પુષ્કર દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ સોળ લાખ યોજન છે, તેને ઘેરીને રહેલા પુષ્કર સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બત્રીસ લાખ યોજન છે, તેને ઘેરીને રહેલા વરુણવર દ્વીપનો ચક્રવાલ વિષ્કંભ ચોસઠ લાખયોજન છે, આ રીતે અંતિમ સમુદ્ર સુધી જાણવું. આ રીતે ચૌદમા કુંડલાવરાભાસ દ્વીપ અને કુંડલાવરાભાસ સમુદ્ર સુધીના દ્વીપ-સમુદ્રની લંબાઈ-પહોળાઈ અને પરિધિ સંખ્યાત હજાર યોજનની છે, તેમાં સંખ્યાતા ચંદ્ર-સૂર્ય આદિ જ્યોતિષ્ક વિમાનો છે અને પંદરમા રુચકદ્વીપથી અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના દ્વીપસમુદ્રની લંબાઈ-પહોળાઈ અને પરિધિ અસંખ્યાત હજાર યોજનની છે તેમાં અસંખ્યાતા ચંદ્ર-સૂર્ય આદિ જ્યોતિષ્ક વિમાનો છે.

**॥ ઓગણીસમું પ્રાભૃત સંપૂર્ણ ॥**

# વીસમું પ્રાભૃત

## પરિચય

પ્રસ્તુત પ્રાભૃતમાં ચંદ્ર-સૂર્યના અનુભાવ–પ્રભાવ તથા સ્વરૂપ(**अणुभावे के व संवुते**-૧/૧/૩)નું અને બે પ્રકારના રાહુની પ્રવૃત્તિ, ૮૮ ગ્રહોના નામ તથા ચંદ્ર-સૂર્યદેવની ભોગપદ્ધતિનું વિસ્તૃત વર્ણન છે.

ચંદ્ર અને સૂર્ય જ્યોતિષી જાતિના દેવોના ઈન્દ્રો છે. તે દેવો પોતાની દિવ્ય ઋદ્ધિ સંપન્ન, દિવ્ય સુખોનો અનુભવ કરે છે.

**રાહુ–** ૮૮ પ્રકારના ગ્રહમાં રાહુ એક ગ્રહ જાતિના દેવ છે. રાહુ દેવ બે પ્રકારના છે, યથા– (૧) નિત્ય રાહુદેવ અને (૨) પર્વરાહુદેવ.

(૧) નિત્યરાહુનું વિમાન પ્રતિદિન ચંદ્ર વિમાનની એક-એક કળાને અર્થાત્ એક-એક ભાગને આવરિત કરે છે. આ રીતે ક્રમશઃ આવરિત થતાં પંદરમે દિવસે ચંદ્ર વિમાનના પંદર ભાગ આવરિત થઈ જાય છે. આ પંદર દિવસના કાલને **કૃષ્ણપક્ષ** કહે છે, ત્યાર પછી પુનઃ વિપરીત ક્રમથી રાહુ વિમાન ચંદ્ર વિમાનની એક-એક કળાને અનાવૃત–ખુલ્લી કરે છે. આ રીતે ચંદ્ર વિમાનનો પ્રકાશ ક્રમશઃ વધતા પંદરમા દિવસે ચંદ્ર વિમાન રાહુથી સર્વથા અનાવૃત થઈ જાય છે. આ પંદર દિવસના કાલને **શુક્લપક્ષ** કહે છે. આ રીતે નિત્યરાહુની ગતિથી એકમ, બીજ આદિ તિથિ તથા કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ થાય છે.

(૨) પર્વરાહુના ગમનાગમનથી ચંદ્ર-સૂર્ય આવરિત થાય છે. તેને ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ કહે છે. જ્યારે રાહુનું વિમાન જતાં ચંદ્રને એક કિનારીથી આવૃત્ત કરે અને પાછા ફરતા તેને અનાવૃત્ત કરે છે, તેને ચંદ્રનું વમન, ચંદ્ર વિમાનને આવૃત્ત કરીને નીકળે, તેને કુક્ષિભેદ કહે છે.

પૂર્વ રાહુ ચંદ્ર-સૂર્યને આચ્છાદિત કરે છે અને તેના દ્વારા ચંદ્ર ગ્રહણ, સૂર્ય ગ્રહણ થાય છે.

**ચંદ્ર-સૂર્ય દેવની ભોગ પદ્ધતિ :–** ચંદ્ર અને સૂર્ય જ્યોતિષી દેવોના ઈન્દ્ર છે. તે વૈક્રિયલબ્ધિ સંપન્ન અને દિવ્ય ઋદ્ધિ સંપન્ન હોય છે. મનુષ્ય લોકના સર્વશ્રેષ્ઠ કામભોગથી વ્યંતરોના, નવનિકાયના દેવોના, અસુરકુમાર દેવોના અને ગ્રહ, નક્ષત્ર અને તારા દેવોના કામભોગ ક્રમશઃ અનંતગુણ વિશિષ્ટ છે અને તેનાથી સૂર્ય-ચંદ્ર દેવના કામભોગ અનંત ગુણ વિશિષ્ટ હોય છે.

ચંદ્રદેવ સૌમ્ય, કાંત અને મનોહર હોવાથી તેનું નામ 'શશી' છે અને સૂર્ય સમય, આવલિકા, મુહૂર્ત આદિ ગણનાકાલની આદિ કરતો હોવાથી તેનું નામ 'આદિત્ય' છે.

પ્રસ્તુત પ્રાભૃતમાં ૮૮ મહાગ્રહોનો નામોલ્લેખ છે.

❖❖❖❖❖

# વીસમું પ્રાભૃત

## જ્યોતિષ્ક દેવ અનુભાવ–સ્વરૂપ

**ચંદ્ર અને સૂર્યોના અનુભાવ વિષયક બે પ્રતિપત્તિઓ :–**

**१** ता कहं ते अणुभावे आहिएति वएज्जा ? ता तत्थ खलु इमाओ दो पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा–

तत्थेगे एवमाहंसु– ता चंदिम-सूरिया णं णो जीवा अजीवा, णो घणा झुसिरा, णो बादरबोंदिधरा कलेवरा । णत्थि णं तेसिं उट्ठाणेइ वा कम्मेइ वा बलेइ वा वीरिएइ वा पुरिसक्कार परक्मेइ वा । ते णो विज्जुं लवंति णो असणिं लवंति णो थणियं लवंति । अहे य णं बादरे वाउकाए संमुच्छइ, संमुच्छित्ता विज्जुं पि लवंति असणिं पि लवंति थणियंपि लवंति–एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु– ता चंदिम-सूरिया णं जीवा णो अजीवा, घणा णो झुसिरा, बादरबोंदिधरा णो कलेवरा । अत्थि णं तेसिं उट्ठाणेइ वा कम्मेइ वा बलेइ वा वीरिएइ वा पुरिसक्कार परक्कमेइ वा । ते विज्जुं पि लवंति असणिं पि लवंति थणियं पि लवंति–एगे एवमाहंसु ।

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** ચંદ્ર અને સૂર્યોનો અનુભાવ અર્થાત્ સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** સૂર્ય-ચંદ્રના સ્વરૂપના વિષયમાં અન્યતીર્થિકોની બે પ્રતિપત્તિઓ છે, જેમ કે–

(૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર અને સૂર્ય જીવ રૂપ નથી પરંતુ અજીવ રૂપ છે, ઘનીભૂત–સઘન નથી પોલા છે, સ્થૂલ (વ્યક્ત, અવયવયુક્ત) શરીરવાળા નથી, કલેવર માત્ર છે. તેમાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ નથી. તે વિદ્યુત ઉત્પન્ન કરતા નથી, ગર્જના કરતા નથી, કડાકાનો અવાજ કરતા નથી, તેની નીચે સ્થૂલ(ઘન)વાયુ ઉત્પન્ન થાય છે, તેનાથી વિદ્યુત ઉત્પન્ન થાય છે, કડાકાનો ભયંકર શબ્દ થાય છે અને ગર્જના પણ થાય છે.

(૨) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે ચંદ્ર અને સૂર્ય જીવ રૂપ છે, અજીવ રૂપ નથી; ઘન-સઘન છે, પોલા નથી; સ્થૂલ સુવ્યક્ત અને અવયવયુક્ત શરીરવાળા છે, કલેવર માત્ર નથી. તેમાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ છે, તે વિદ્યુત ઉત્પન્ન કરે છે, કડાકા કરે છે અને ગર્જના પણ કરે છે.

**ચંદ્રાદિ દેવોનું સ્વરૂપ :–**

**२** वयं पुण एवं वयामो– ता चंदिम-सूरिया णं देवा महिड्ढिया महज्जुइया महब्बला महाजसा महासोक्खा, महाणुभागा वरवत्थधरा वरमल्लधरा वराभरणधरा अवोच्छित्तिणयट्ठयाए अण्णे चयंति अण्णे उववज्जंति ।

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે ચંદ્ર-સૂર્ય દેવ મહર્ધિક, મહાદ્યુતિવાળા, મહાબલવાળા, મહાયશ-વાળા, અત્યધિક સુખી, મહાપ્રભાવશાળી છે, તે દેવો શ્રેષ્ઠવસ્ત્રો, શ્રેષ્ઠ માળાઓ અને શ્રેષ્ઠ આભૂષણો ધારણ કરે છે, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ અન્ય દેવો ચ્યવે છે અને ત્યાં અન્ય દેવો ઉત્પન્ન થાય છે અર્થાત્ ઐશ્વર્યપૂર્ણ તે દેવો પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવન પામે છે અને અન્ય જીવો તે સ્થાને ઉત્પન્ન થાય છે.(આ રીતે તે દેવો શાશ્વત છે.)

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચંદ્ર-સૂર્યના અનુભાવ અર્થાત્ સ્વરૂપનું વર્ણન છે.

ચંદ્ર-સૂર્ય જ્યોતિષ્ક દેવોના ઈન્દ્ર છે. આપણી પૃથ્વી ઉપરથી જે ચંદ્ર-સૂર્ય વગેરે દેખાય છે, તે ચંદ્રેન્દ્ર અને સૂર્યેન્દ્રના વિમાન છે અર્થાત્ તેઓને રહેવાના સ્થાન છે અને તે વિમાન પૃથ્વીકાયરૂપ છે. પૃથ્વીકાયના અસંખ્યાત-અસંખ્યાત જીવો ત્યાં ઉત્પન્ન થાય છે અને મૃત્યુ પામે છે, પણ તે વિમાનનો આકાર કાયમ તે જ રૂપે રહે છે.

**રાહુના કાર્ય વિષયક બે પ્રતિપત્તિઓ :–**

**३ ता कहं ते राहुकम्मे आहिएति वएज्जा ? तत्थ खलु इमाओ दो पडिवत्तीओ पण्णत्ताओ तं जहा–**

**तत्थेगे एवमाहंसु– ता अत्थि णं से राहु देवे जे णं चंदं वा सूरं वा गिण्हइ, एगे एवमाहंसु । एगे पुण एवमाहंसु– णत्थि णं से राहू देवे, जे णं चंदं वा सूरं वा गिण्हइ– एगे एवमाहंसु ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** રાહુનું કર્મ(કાર્ય) શું છે ? **ઉત્તર–** રાહુના કાર્ય વિષયક અન્યતીર્થીકોની બે પ્રતિપત્તિઓ છે (૧) કેટલાક અન્યતીર્થિકો કહે છે કે રાહુ નામનો દેવ છે અને તે ચંદ્ર તથા સૂર્યને ગ્રહણ કરે છે. (૨) કેટલાક અન્યતીર્થિકો એમ કહે છે કે રાહુ દેવ ચંદ્ર, સૂર્યને ગ્રહણ કરતા નથી.

**४ तत्थ जे ते एवमाहंसु– ता अत्थि णं से राहू देवे, जे णं चंदं वा सूरं वा गिण्हइ, से एवमाहंसु– ता राहु णं देवे चंदं वा सूरं वा गेण्हमाणे बुद्धंतेणं गिण्हित्ता बुद्धंतेणं मुयइ, बुद्धंतेणं गिण्हित्ता मुद्धंतेणं मुयइ, मुद्धंतेणं गिण्हित्ता बुद्धंतेणं मुयइ, मुद्धंतेणं गिण्हित्ता मुद्धंतेणंमुयइ, वामभुयंतेणं गिण्हित्ता वामभुयंतेणं मुयइ, वामभुयंतेणं गिण्हित्ता दाहिणभुयंतेणं मुयइ, दाहिणभुयंतेणं गिण्हित्ता वामभुयंत्तेणं मुयइ, दाहिणभुयंतेणं गिण्हित्ता दाहिणभुयंतेणं मुयइ ॥**

**ભાવાર્થ :–** તેમાંથી જે એમ કહે છે કે રાહુ દેવ ચંદ્ર-સૂર્યને ગ્રહણ કરે છે, તેઓના મતે રાહુ દેવ ચંદ્ર-સૂર્યને નીચેથી ગ્રહણ કરીને નીચેથી મુક્ત કરે છે, નીચેથી ગ્રહણ કરીને ઉપરથી મુક્ત કરે છે, ઉપરથી ગ્રહણ કરીને નીચેથી મુક્ત કરે છે, ઉપરથી ગ્રહણ કરીને ઉપરથી જ મુક્ત કરે છે, ડાબા હાથથી ગ્રહણ કરીને ડાબા હાથથી છોડે છે, ડાબા હાથથી ગ્રહણ કરીને જમણા હાથથી છોડે છે, જમણા હાથથી ગ્રહણ કરીને ડાબા હાથથી છોડે છે, જમણી બાજુથી ગ્રહણ કરીને જમણી બાજુથી મુક્ત કરે છે.

**५** **तत्थ जे ते एवमाहंसु– ता णत्थि णं से राहु देवे, जे णं चंदं वा सूरं वा गेण्हइ, ते एवमाहंसु– तत्थ णं इमे पण्णरस कसिणपोग्गला पण्णत्ता, तं जहा– सिंघाडए जडिलए खरए खतए अंजणे खंजणे सीयले हिमसीयले केलासे अरूणाभे परिज्जए णभसूरए कविलए पिंगलए राहु ।**

**ता जया णं एए पण्णरस कसिणा पोग्गला सया चंदस्स वा सूरस्स वा लेसाणुबद्धचारिणो भवंति तया णं माणुसलोयंसि माणुस्सा एवं वयंति– एवं खलु राहु चंदं वा सूरं वा गेण्हइ ।**

**ता जया णं एए पण्णरस कसिणा पोग्गला णो सया चंदस्स वा सूरस्स वा लेसाणुबद्धचारिणो भवंति, णो खलु तया माणुसलोयंमि मणुस्सा एवं वयंति– एवं खलु राहू चंदं वा सूरं वा गेण्हइ–ते एवमाहंसु ।**

**ભાવાર્થ :–** તેમાંથી જે એમ કહે છે કે રાહુ દેવ ચંદ્ર-સૂર્યને ગ્રહણ કરતા નથી. તેને સ્પષ્ટ કરતા તેઓ કહે છે કે રાહુના પંદર પ્રકારના કૃષ્ણ વર્ણવાળા પુદ્ગલ છે, જેમ કે– (૧) સિંઘાણ– લોઢાનો કાટ (૨) જટિલ (૩) ક્ષર (૪) ક્ષત (૫) અંજન (૬) ખંજન (૭) શીતલ (૮) હિમશીતલ (૯) કૈલાસ (૧૦) અરૂણાભ (૧૧) પારિજાત (૧૨) નભસૂર (૧૩) કપિલ (૧૪) પિંગલ (૧૫) રાહુ

આ પંદર પ્રકારના પુદ્ગલ જ્યારે ચંદ્ર સૂર્યના પ્રકાશથી અનુબદ્ધ થઈને(અનુચરણ કરતા) ચાલે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો આ પ્રમાણે કહે છે કે રાહુએ ચંદ્ર-સૂર્યને ગ્રહણ કર્યા છે.

આ પંદર પ્રકારના કાળા વર્ણવાળા પુદ્ગલ જ્યારે ચંદ્ર-સૂર્યના પ્રકાશથી અનુબદ્ધ થઈને (અનુચરણા કરતા) ચાલતા નથી, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો એવું કહેતા નથી કે રાહુએ ચંદ્ર-સૂર્યને ગ્રહણ કર્યા છે.

**રાહુ ગ્રહનું સ્વરૂપ :–**

**६** **वयं पुण एवं वयामो– ता राहु णं देवे महिड्ढिए महज्जुइए महब्बले महायसे महासोक्खे महाणुभावे, वरवत्थधरे, वरमल्लधरे वराभरणधारी ।**

**ભાવાર્થ :–** ભગવાન એમ કહે છે કે રાહુ મહર્ધિક દેવ છે, તે મહાદ્યુતિવાળા, મહાબળવાળા, મહાયશ-વાળા, અત્યંત સુખી, અતિ આદરણીય છે, તે દેવ શ્રેષ્ઠ વસ્ત્રો, શ્રેષ્ઠ માળાઓ અને શ્રેષ્ઠ આભરણ ધારણો કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં રાહુ ગ્રહનું વર્ણન છે. પાંચ પ્રકારના જ્યોતિષ્ક દેવોમાં ગ્રહ જાતિના દેવોના ૮૮ પ્રકાર છે. તેમાં રાહુ એક ગ્રહ છે. પ્રસ્તુતમાં રાહુ એક પ્રકારનું દેવ વિમાન છે અને તેના માલિક રાહુ નામના ગ્રહદેવ છે, તેટલું કથન છે.

**રાહુ દેવના નવ નામો :–**

**७** **ता राहुस्स णं देवस्स णव णामधेज्जा पण्णत्ता, तं जहा– सिंघाडए जडिलए खरए खेत्तए दद्दरे मगरे मच्छे कच्छभे कण्हसप्पे ।**

**ભાવાર્થ :–** રાહુ દેવના નવ નામો છે, તે આ પ્રમાણે– (૧) શ્રૃંગાટક (૨) જટિલક (૩) ખરક (૪) ક્ષેત્રક (૫) દર્દુર (૬) મગર (૭) મત્સ્ય (૮) કચ્છપ (૯) કૃષ્ણસર્પ.

**પાંચ વર્ણના રાહુ વિમાન :–**

**८ ता राहुस्स णं देवस्स विमाणा पंचवण्णा पण्णत्ता, तं जहा– किण्हा, णीला लोहिया, हालिद्दा, सुक्किला ।**

**ભાવાર્થ :–** રાહુ ગ્રહ દેવના વિમાન પાંચવર્ણના છે, જેમ કે– (૧) કાળા (૨) નીલા (૩) લાલ (૪) પીળા (૫) સફેદ.

**९ अत्थि कालए राहुविमाणे खंजणवण्णाभे पण्णत्ते, अत्थि णीलए राहुविमाणे लाउयवण्णाभे पण्णत्ते, अत्थि लोहिए राहुविमाणे मंजिट्ठावण्णाभे पण्णत्ते, अत्थि हालिद्दए राहुविमाणे हालिद्दवण्णाभे पण्णत्ते, अत्थि सुक्किलए राहुविमाणे भासरासिवण्णाभे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** તેમાં રાહુ દેવનું જે વિમાન કૃષ્ણ વર્ણનું છે, તે ખંજન જેવું કાળું છે; જે વિમાન નીલ વર્ણનું છે, તે લીલાં તુંબડા જેવું નીલું છે; જે વિમાન લાલવર્ણનું છે, તે મજીઠ જેવું લાલ છે, જે વિમાન પીળા વર્ણનું છે, તે હળદર જેવું પીળું છે અને જે વિમાન સફેદ વર્ણનું છે, તે ભસ્મરાશિ જેવું સફેદ છે.

**રાહુની ચાલવાની ક્રિયા :–**

**१० ता जया णं राहु देवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेस्सं पुरत्थिमेणं आवरित्ता पच्चत्थिमेणं वीईवयइ तया णं पुरत्थिमेणं चंदे वा सूरे वा उवदंसेइ, पच्चत्थिमेणं राहु ।**

**ता जया णं राहु देवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेसं दाहिणेणं आवरित्ता उत्तरेणं वीईवयइ तया णं दाहिणेणं चंदे वा सूरे वा उवदंसेइ, उत्तरेणं राहु ।**

**एएणं अभिलावेणं पच्चत्थिमेणं आवरित्ता पुरत्थिमेणं वीईवयइ, उत्तरेणं आवरित्ता दाहिणेणं वीईवयई ।**

**ભાવાર્થ :–** રાહુ દેવ આવતા-જતા, વિકુર્વણા કરતાં કે પરિચારણા કરતાં-કરતાં ચંદ્ર-સૂર્યના પ્રકાશને પૂર્વથી આવૃત કરીને પશ્ચિમમાં જાય છે, ત્યારે ચંદ્ર-સૂર્ય પૂર્વમાં દેખાય છે અને રાહુ પશ્ચિમમાં દેખાય છે.

રાહુ દેવ આવતા-જતા, વિકુર્વણા કરતાં કે પરિચારણા કરતાં ચંદ્ર-સૂર્યના પ્રકાશને દક્ષિણથી આવૃત કરીને ઉત્તરમાં જાય છે, ત્યારે ચંદ્ર સૂર્ય દક્ષિણમાં દેખાય છે અને રાહુ ઉત્તરમાં દેખાય છે.

આ પ્રકારના અભિલાપથી રાહુ ચંદ્ર સૂર્યને પશ્ચિમથી આવૃત કરીને પૂર્વમાં જાય છે અને ઉત્તરથી આવૃત કરીને દક્ષિણમાં જાય છે વગેરે કથન કરવું.

**११ ता जया णं राहु देवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा**

**परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेसं दाहिणपुरत्थिमेणं आवरित्ता उत्तरपच्चत्थिमेणं वीईवयइ तया णं दाहिणपुरत्थिमेणं चंदे वा सूरे वा उवदंसेइ उत्तरपच्चत्थिमेणं राहु ।**

**ता जया णं राहु देवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेसं दाहिणपच्चत्थिमेणं आवरित्ता उत्तरपुरत्थिमेणं वीईवयइ तया णं दाहिणपच्चत्थिमेणं चंदे वा सूरे वा उवदंसेइ, उत्तरपुरत्थिमेणं राहु ।**

**एएणं अभिलावेणं उत्तरपच्चत्थिमेणं आवरेत्ता दाहिणपुरत्थिमेणं वीईवयई, उत्तरपुरत्थिमेणं आवरेत्ता दाहिणपच्चत्थिमेणं वीईवयइ ।**

**ता जया णं राहु देवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेस्सं आवरेत्ता वीईवयइ तया णं माणुसलोयंसि मणुस्सा एवं वयंति–राहुणा चंदे वा, सूरे वा गहिए एवं खलु राहुल चंदे वा सूरे वा गहिए ।**

**ભાવાર્થ :–** રાહુ દેવ આવતા-જતા, વિકુર્વણા કરતાં કે પરિચારણા કરતાં-કરતાં ચંદ્ર-સૂર્યના પ્રકાશને અગ્નિ કોણથી આવૃત કરીને વાયવ્ય કોણમાં જાય છે ત્યારે ચંદ્ર-સૂર્ય અગ્નિકોણમાં દેખાય છે અને રાહુ વાયવ્યકોણમાં દેખાય છે.

રાહુ દેવ આવતા-જતા, વિકુર્વણા કરતાં કે પરિચારણા કરતાં ચંદ્ર-સૂર્યના પ્રકાશને નૈઋત્ય કોણથી આવૃત કરીને ઈશાન કોણમાં જાય છે, ત્યારે ચંદ્ર-સૂર્ય નૈઋત્ય કોણમાં દેખાય છે અને રાહુ ઈશાન કોણમાં દેખાય છે.

આ પ્રકારના અભિલાપ(પાઠ)થી ચંદ્ર-સૂર્યને વાયવ્ય કોણથી આવૃત કરીને રાહુ અગ્નિ કોણમાં જાય છે અને ઈશાન કોણથી આવૃત કરીને નૈઋત્ય કોણમાં જાય છે, વગેરે કથન કરવું.

રાહુદેવ આવતા-જતા, વિકુર્વણા કરતાં કે પરિચારણા કરતાં ચંદ્ર-સૂર્યના પ્રકાશને આવૃત કરતો પસાર થાય છે, ત્યારે મનુષ્ય લોકમાં મનુષ્યો એમ કહે છે કે રાહુએ ચંદ્ર-સૂર્યને ગ્રહણ(ગ્રસિત) કર્યા છે, રાહુએ ચંદ્ર-સૂર્યને ગ્રસિત કર્યા છે.

**१२ ता जया णं राहु देवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेसं आवरेत्ता पासेणं वीईवयइ तया णं माणुसलोयंसि मणुस्सा एवं वयंति– चंदेण वा सूरेण वा राहुस्स कुच्छी भिण्णा एवं खलु चंदेण वा सुरेण वा राहुस्स कुच्छी भिण्णा ।**

**ता जया णं राहु देवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेसं आवरेत्ता पच्चोसक्कइ तया णं माणुसलोयंसि मणुस्सा एवं वयंति– एवं–एवं खलु राहुणा चंदे वा सूरे वंते राहुणा चंदे वा सूरे वा वंते ।**

**ता जया णं राहु देवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेसं आवरेत्ता मज्झंमज्झेणं वीईवयइ तया णं माणुसलोयंसि मणुस्सा एवं वयंति–एवं खलु राहुणा चंदे वा, सूरे वा वइयरिए–एवं खलु राहुणा चंदे वा सूरे वा वइयरिया ।**

**ता जया णं राहू देवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वमाणे वा परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेसं आवरेत्ता अहे सपक्खिं सपडिदिसिं चिट्ठइ तया णं माणुसलोयंसि मणुस्सा एवं वयंति– एवं खलु राहुणा चंदे वा सूरे वा धत्थे एवं खलु राहुला चंदे वा सूरे वा धत्थे ।**

**ભાવાર્થ :–** રાહુ દેવ આવતા-જતા, વિકુર્વણા કરતાં કે પરિચારણા કરતાં ચંદ્ર-સૂર્યના પ્રકાશને આવૃત કરતો પાર્શ્વ ભાગથી પસાર થાય છે, ત્યારે મનુષ્ય લોકમાં મનુષ્યો આ પ્રકારે કહે છે એ રાહુએ ચંદ્ર-સૂર્યનો કુક્ષી ભેદ કર્યો છે, રાહુએ ચંદ્ર સૂર્યનો કુક્ષી ભેદ કર્યો છે. (રાહુની કુક્ષી–ઉદર ભેદીને ચંદ્ર-સૂર્ય બહાર નીકળે છે.)

રાહુદેવ આવતા-જતા, વિકુર્વણા કરતાં કે પરિચારણા કરતાં ચંદ્ર-સૂર્યના પ્રકાશને આવૃત કરીને પાછળ સરકતા અનાવૃત કરે ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો આ પ્રમાણે કહે છે કે રાહુએ ચંદ્ર-સૂર્યનું વમન કર્યું છે, રાહુએ ચંદ્ર-સૂર્યનું વમન કર્યું છે.

રાહુદેવ આવતા-જતા, વિકુર્વણા કરતાં કે પરિચારણા કરતાં ચંદ્ર-સૂર્યના પ્રકાશને આવૃત કરીને મધ્યભાગથી પસાર થાય છે ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો આ પ્રમાણે કહે છે કે રાહુએ ચંદ્ર-સૂર્યને વિદારિત કર્યો છે, રાહુ એ ચંદ્ર–સૂર્યને વિદારિત કર્યો છે.

રાહુ દેવ આવતા-જતા, વિકુર્વણા કરતાં કે પરિચારણા કરતાં ચંદ્ર-સૂર્યના પ્રકાશને આવૃત કરીને બાજુમાં, દિશા વિદિશાઓમાં રહે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો આ પ્રમાણે કહે છે કે રાહુએ ચંદ્ર-સૂર્યને સર્વથી ગ્રસિત કર્યો છે, રાહુએ ચંદ્ર-સૂર્યને સર્વથી ગ્રસિત કર્યો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચંદ્રગ્રહણ વિષયક લૌકિક માન્યતાનું દિગ્દર્શન કરાવતાં ચંદ્ર અને રાહુ દેવની ગતિના સંબંધને સ્પષ્ટ કર્યો છે.

અઢીદ્વીપના જ્યોતિષી દેવોના વિમાનો નભોમંડળમાં સ્વતંત્ર રીતે ગતિ કરે છે. તેમાં તથાપ્રકારના યોગે ચંદ્રવિમાન અને રાહુવિમાન ઉપર-નીચે રહીને ગતિ કરે છે. તે બંનેમાં ચંદ્રવિમાન ઉપર છે અને ઉજ્જવળ છે. રાહુ વિમાન નીચે છે અને કાળું છે. બંને વિમાનો ગતિશીલ છે પરંતુ બંનેની ગતિમાં ન્યૂનાધિકતા છે. તેથી રાહુના વિમાનની ગતિથી ચંદ્રનું વિમાન ક્રમશઃ આચ્છાદિત થાય છે અને પુનઃ પુનઃ વિવિધ અવસ્થાઓ થાય છે. લોકમાં સ્થૂલ દષ્ટિએ તે ભિન્ન ભિન્ન નામથી ઓળખાય છે.

**ચંદ્ર ગ્રહણ :–** રાહુનું વિમાન ચંદ્રને આચ્છાદિત કરે તેને ચંદ્રગ્રહણ કહે છે.

**કુક્ષિભેદ :–** રાહુનું વિમાન જ્યારે ચંદ્રના વિમાનને એક કિનારીથી આવૃત્ત કરતા નીકળે ત્યારે ચંદ્ર વડે રાહુનો કુક્ષિભેદ થયો તેમ કહેવાય છે.

**વમન :–** રાહુનું વિમાન ગતિ કરતાં ચંદ્રને આવૃત્ત કરીને જ્યારે પુનઃ પાછા ફરતા ચંદ્રને અનાવૃત્ત કરે છે ત્યારે ચંદ્રનું વમન થયું કહેવાય છે.

આ સર્વ અવસ્થાઓમાં વાસ્તવિક રીતે ચંદ્ર વિમાનનું આચ્છાદન માત્ર જ થાય છે અને તે આચ્છાદન સ્વાભાવિક રીતે જ થાય છે.

**રાહુના બે પ્રકાર :–**

**૧૩ ता कइविहे णं राहु पण्णत्ते ? दुविहे पण्णत्ते, तंजहा–ता धुवराहु य पव्वराहु य ।**

**तत्थ णं जे से धुवराहु, से णं बहुलपक्खस्स पडिवए पण्णरसइ भागेणं पण्णरसइ भागं चंदस्स लेसं आवरेमाणे–आवरेमाणे चिट्ठइ, तंजहा–पढमाए पढमं भागं** *जाव* **पण्णरसीए पण्णरसमं भागं, चरमे समए चंदे रत्ते भवइ, अवसेसे समए चंदे रत्ते य विरत्ते य भवइ ।**

**तमेव सुक्कपक्खे उवदंसेमाणे–उवदंसमाणे चिट्ठइ, तंजहा–पढमाए पढमं भागं** *जाव* **पण्णरसीए पण्णरसमं भागं, चरमे समए चंदे विरत्ते य भवइ, अवसेसे समए चंदे रत्ते य विरत्ते य भवइ ।**

**तत्थ णं जे से पव्वराहु से जहण्णेणं छण्हं मासाणं, उक्कोसेणं बायालीसाए मासाणं चंदस्सं, अडयालीसाए संवच्छाराणं सूरस्स ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** રાહુના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** રાહુના બે પ્રકાર છે, જેમ કે– (૧) ધ્રુવરાહુ (૨) પર્વરાહુ.

(૧) તેમાં જે ધ્રુવરાહુ છે તે કૃષ્ણ પક્ષની પ્રતિપદાથી શરૂ કરીને પંદરમા દિવસ સુધી પોતાના પંદરમા ભાગથી ચંદ્રના પંદરમા ભાગને આવૃત્ત કરે છે, જેમ કે પ્રતિપદા તિથિના દિવસે પ્રથમ ભાગને ***યાવત્*** પંદરમા દિવસે પંદરમા ભાગને આવરિત કરે છે. પંદરમી તિથિના અંતિમ સમયમાં ચંદ્ર ધ્રુવરાહુથી પૂર્ણપણે આવૃત થાય છે, બાકીના સમયોમાં ચંદ્ર ધ્રુવરાહુથી કેટલાક અંશમાં આવૃત અને કેટલાક અંશમાં અનાવૃત્ત રહે છે.

ધ્રુવરાહુ શુક્લપક્ષમાં શુક્લપક્ષની પ્રતિપદાથી પૂર્ણિમા સુધી પ્રતિદિન એક એક ભાગને અનાવૃત્ત કરે છે. પ્રતિપદાના દિવસે પ્રથમ ભાગને ***યાવત્*** પૂર્ણિમાના દિવસે પંદરભાગ અનાવૃત્ત થઈ જાય છે. પૂર્ણિમાના અંતિમ સમયે ચંદ્ર સર્વથા અનાવૃત થાય છે, શેષ સમયોમાં ચંદ્ર કેટલાક અંશમાં આવૃત્ત અને કેટલાક અંશમાં અનાવૃત્ત રહે છે.

(૨) તેમાં જે પર્વરાહુ છે, તે જઘન્ય છ માસ પછી ચંદ્ર-સૂર્યને આવૃત કરે છે અને ઉત્કૃષ્ટ ૪૨ મહિના પછી ચંદ્રને તથા ૪૮ વર્ષ પછી સૂર્યને આવૃત કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં રાહુ નામના દેવ વિમાનના પ્રકાર અને તેના કાર્યનું પ્રતિપાદન કર્યું છે.

**નિત્યરાહુ :–** જેની ગતિ ચંદ્ર વિમાનની નીચે જ હોય છે, જે પ્રતિદિન ચંદ્રની એક એક કલાને આવરિત કરે છે, જેના નિમિત્તે કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષની તિથિઓ નિશ્ચિત થાય છે તેને નિત્યરાહુ કહે છે.

**પર્વરાહુ :–** જેના નિમિત્તથી ચંદ્ર અને સૂર્યનું ગ્રહણ થાય છે તે પર્વરાહુ છે.

**કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ :–** ચંદ્રની સોળ કળા છે. નિત્ય રાહુની તથાપ્રકારની ગતિથી પ્રતિદિન ચંદ્રની એક એક કળા આચ્છાદિત થતી જાય છે. તેને ક્રમશઃ કૃષ્ણપક્ષની એકમ, બીજ આદિ તિથિઓ કહેવાય છે. અમાસના દિવસે ચંદ્ર સર્વથા આચ્છાદિત થઈ જાય છે. પુનઃ એક એક કળા ખુલતી જાય છે તેને શુક્લપક્ષ કહેવાય છે. પૂર્ણિમાના દિવસે ચંદ્ર સર્વથા અનાચ્છાદિત-આવરણ રહિત, ખુલ્લો થઈ જાય છે.

**ચંદ્ર અને સૂર્ય ગ્રહણ :–** પર્વ રાહુ ચંદ્રને કે સૂર્યને આવૃત્ત કરે તેને ક્રમશઃ ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ કહે છે. પર્વ રાહુ જઘન્ય છ માસ અને ઉત્કૃષ્ટ ૪૨ માસમાં ચંદ્રને આવરિત કરે છે અને જઘન્ય છ માસ અને ઉત્કૃષ્ટ ૪૮ વર્ષે સૂર્યને આવરિત કરે છે.

### ચંદ્ર–સૂર્યના ગુણનિષ્પન્ન નામ :–

**૧૪ ता कहं ते चंदे ससी-चंदे ससी आहिएति वएज्जा ? ता चंदस्स णं जोइसिंदस्स जोइसरण्णो मियंके विमाणे कंता देवा कंताओ देवीओ कंताइं आसण-सयण-खंभ-भंड-मत्तोवगरणाइं, अप्पणावि य णं चंदे देवे जोइसिंदे जोइसराया सोमे कंते सुभे पियदंसणे सुरूवे ता एवं खलु चंदे ससी, चंदे-ससी आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચંદ્રને 'શશી'(સશ્રી) શા માટે કહે છે ? **ઉત્તર–** જ્યોતિષીઓના ઈન્દ્ર, અને જ્યોતિષીઓના રાજા ચંદ્રનું મૃગાંક(મૃગના ચિહ્ન- વાળું) વિમાન છે. તેમાં કાન્ત(સુંદર)દેવ, સુંદર દેવીઓ અને સુંદર આસન, શયન, સ્તંભ, પાત્ર આદિ ઉપકરણ છે તથા જ્યોતિષીઓના ઈન્દ્ર, જ્યોતિષીઓના રાજા ચંદ્ર સ્વયં પણ સૌમ્ય, કાન્ત, સુભગ, પ્રિયદર્શનીય અને સુરૂપ છે. તેથી ચંદ્રને 'શશી' (સશ્રી-શોભાસહિત) કહે છે.

**૧૫ ता कहं ते सूरिए आइच्चे-सूरिए आइच्चे आहिएति वएज्जा ? ता सूरादिया समयाइ वा आवलियाइ वा आणापाणूइ वा थोवेइ वा** *जाव* **उस्सपिणी ओसप्पिणीइ वा, एवं खलु सूरे आइच्चे-सूरे आइच्चे आहिएति वएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂર્યને 'આદિત્ય' શા માટે કહે છે ? **ઉત્તર–** સમય, આવલિકા ***યાવત્*** ઉત્સર્પિણી અને અવસર્પિણી પર્યંતના કાલનો આદિભૂત(કારણ) સૂર્ય છે તેથી તેને 'આદિત્ય' કહે છે.

### ચંદ્ર–સૂર્યાદિના કામભોગો :–

**૧૬ ता चंदस्स णं जोइसिंदस्स जोइसरण्णो कइ अग्गमहिसीओ पण्णत्ताओ? ता चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा– चंदप्पभा दोसिणाभा अच्चिमालि पभंकरा । जहा हेट्ठा तं चेव** *जाव* **णो चेव णं मेहुणवत्तियं । एवं सूरस्स वि णेयव्वं ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રની કેટલી અગ્રમહિષીઓ છે ? **ઉત્તર–** ચંદ્રેન્દ્રને ચાર અગ્રમહિષીઓ છે, જેમ કે– (૧) ચંદ્રપ્રભા (૨) જ્યોત્સ્ના (૩) અર્ચિમાલી (૪) પ્રભંકરા.

તેનું વર્ણન(પૂર્વના અઢારમા પ્રાભૃત સમાન જાણવું) **યાવત્** તે ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભામાં મૈથુન સંબંધી કામભોગ ભોગવતા નથી. આ પ્રમાણે સૂર્યના કામભોગના વિષયમાં પણ જાણવું જોઈએ.

**१७** **ता चंदिम-सूरिया जोइसिंदा जोइसरायाणो केरिसे कामभोगे पच्चणुभवमाणा विहरंति ? ता से जहाणामए-केई पुरिसे पढम-जोव्वणु-ट्ठाण-बल-समत्थे पमजोव्वणु- ट्ठाण-बल-समत्थाए भारियाए सद्धिं अचिरवत्तविवाहे अत्थत्थी अत्थगवेसणयाए सोलसवासविप्पवसिए, से णं ततो लद्धट्ठे कयकज्जे अणहसमग्गे पुणरवि णियगघरं हव्वमागए ण्हाए कयबलिकम्मे कय-कोउय-मंगल-पायच्छित्ते सुद्धप्पवेसाइं मंगलाइं वत्थाइं पवर-परिहिए अप्प-महग्घाभरणालंकियसरीरे मणुण्णं थालीपाकसुद्धं अट्ठारस–वंजणाउलं भोयणं भुत्ते समाणे ।**

**तंसि तारिसगंसि वासघरंसि अंतो सचित्तकम्मे बाहिरओ दूमिय-घट्ठ-मट्ठे विचित्तउल्लोअ-चिल्लियतले बहुसमसुविभत्त-भूमिभाए मणिरयण पणासियंधयारे कालागुरू-पवरकुंदुरूक्क-तुरुक्क-धूव-मघमघेंत-गंधुद्धुयाभिरामे सुगंधवरगंधिए, गंधवट्टिभूए तंसि तारिसगंसि सयणिज्जंसि दुहओ उण्णए मज्झे णय–गंभीरे उभओ सालिंगणवट्टिए उभओ पण्णत्तगंडबिब्बोयणे, सुरम्मे गंगापुलिण-बालुआ-उद्दाल-सालिसए सुविरइयरयत्ताणे ओयविय-खोमियखोमदुगूलपट्टपडिच्छायणे रत्तंसुयसंवुडे सुरम्मे आईणग-रूय-बूर-णवणीय-तूलफासे सुगंधवर-कुसुमचुण्ण-सयणोवयारकलिए ।**

**ताए तारिसाए भारियाए सद्धिं सिंगारागारचारूवेसाए संगत-गयहसिय-भणिय- चिट्ठिय संलाव-विलास-णिउणजुत्तोवयारकुसलाए अणुरत्ताए विरत्ताए मणोऽणुकुलाए एगंतरइपसत्ते अण्णत्थ कत्थई मणं अकुव्वमाणे इट्ठे सद्द-फरिस-रस-रूव-गंधे पंचविहे माणुस्सए कामभोगे पच्चणुभवमाणे विहरेज्जा।**

**ता से णं पुरिसे विउसमणकालसमयंसि केरिसए सायासोक्खं पच्चणुभवमाणे विहरइ ? उरालं समणाउसो ! ता तस्स णं पुरिसस्स कामभोगेहिंतो एत्तो अणंतगुणविसिट्ठतरा चेव वाणमंतराणं देवाणं कामभोगा,**

**वाणमंतराणं देवाणं काम-भोगेहिंत्तो अणंतगुणविसिट्ठतरा चेव असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं कामभोगा, असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं काम-भोगेहिंतो एत्तो अणंतगुणविसिट्ठतरा चेव असुरकुमाराणं इंदभूयाणं देवाणं कामभोगा, असुरकुमाराणं इंदभूयाणं देवाणं काम-भोगेहिंतो अणंतगुणविसिट्ठतरा चेव गहगण-णक्खत्त-तारारूवाणं कामभोगा, गहगण-**

**णक्खत्त- तारारूवाणं काम-भोगेहिंतो अणंतगुणविसिट्ठतरा चेव चंदिम-सूरियाणं देवाणं कामभोगा, ता एरिसए णं चंदिम-सूरिया जोइसिंदा जोइसरायाणो कामभोगे पच्चणुभवमाणा विहरंति ।**

**ભાવાર્થ :–** **પ્રશ્ન–** જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર-સૂર્ય કેવા પ્રકારના કામભોગ ભોગવે છે ? **ઉત્તર–** જે રીતે પ્રથમ યુવાવસ્થાના પ્રારંભમાં કોઈ બલવાન ભોગ ભોગવવામાં સમર્થ પુરુષને પ્રથમ યુવાવસ્થા-વાળી બલવતી ભોગ ભોગવવામાં સમર્થ પત્નિની સાથે લગ્ન કર્યાને થોડો સમય થયો હોય અને ધનાર્થી તે પુરુષ ધન પ્રાપ્તિ માટે સોળ વર્ષ માટે વિદેશ જાય અને ત્યાં ધન પ્રાપ્ત કરી, કરવા યોગ્ય સર્વ કાર્ય પૂર્ણ કરી નિર્વિઘ્ને ફરી પોતાના ઘેર આવે. ત્યાર પછી સ્નાન, કૃતબલિકર્મ, કૌતુક મંગલ તથા પ્રાયશ્ચિત કરી શુદ્ધ, મંગલ વસ્ત્રો પરિધાન કરી, અલ્પવજનવાળા અને મહામૂલ્યવાન આભૂષણોથી અલંકૃત થઈને, મનોજ્ઞ સ્થાલીપાક વિશુદ્ધ–પહોળા વાસણમાં પકાવવાના કારણે સરસ રીતે સીઝી ગયેલાં અઢાર પ્રકારના વ્યંજનોથી યુક્ત ભોજન કરે અને ત્યાર પછી તે પોતાના તથાપ્રકારના શયનગૃહમાં જાય.

તે શયનગૃહ અંદરથી ચિત્રકર્મથી યુક્ત, બહારથી સફેદ રંગથી રંગેલું અને મસૃણના પત્થરથી ઘસીને સુંવાળું બનાવેલું, ઉપરનો ભાગ વિવિધ ચિત્રોથી યુક્ત તથા અધોભાગ પ્રકાશથી દેદિપ્યમાન હોય, મણિ અને રત્નોના કારણે તે શયનગૃહનો અંધકાર નષ્ટ થઈ ગયો હોય, તેનો ભૂમિભાગ બહુસમ અને સુવિભક્ત હોય, તેમાં પાંચ વર્ણના સરસ અને સુગંધિત પુષ્પપુંજો ગોઠવેલા હોય, ઉત્તમ કાલાગરુ, કુન્દરુક અને તુરુષ્કના ધૂપથી તે શયનગૃહ ચારે બાજુ સુગંધથી મઘમઘાયમાન, એક પ્રકારની સુગંધગુટિકા જેવું થઈ ગયું હોય, તેવા શયનગૃહમાં બંને બાજુ તકિયાથી યુક્ત, બંને તરફ ઉન્નત અને મધ્યમાં કંઈક ઝૂકેલી, ગંગાનદીના તટવર્તી રેતીના ઉદ્દાલ સમાન–પગ રાખતાં જ લપસી જવાય તેવી અત્યંત કોમળ શ્રેષ્ઠ એક સાલિંગનવર્તિક અર્થાત્ શરીર પ્રમાણ શય્યા હોય. તે શય્યા પરિકર્મિત ઝૂલવાળી રેશમી ચાદરથી આચ્છાદિત તથા સુંદર, સુરચિત રજસ્ત્રાણથી યુક્ત હોય, લાલ રંગના સૂક્ષ્મ વસ્ત્રની મચ્છરદાની તેના પર લાગેલી હોય, તે સુરમ્ય, કોમળ ચર્મ, વસ્ત્ર, રૂ, બરુ, નવનીત તથા આકોલિયાના રૂની સમાન કોમળ સ્પર્શવાળી, સુગંધિત શ્રેષ્ઠ પુષ્પથી, ચૂર્ણથી તથા શય્યાને ઉપયોગી અનેક દ્રવ્યોથી યુક્ત હોય.

તેવી શય્યા ઉપર તે પુરુષ શ્રેષ્ઠ શ્રૃંગાર ગૃહ સમાન સુંદર વેષવાળી, હાસ્ય-વિનોદ કરનારી, પતિ સાથે બેસીને વિલાસયુક્ત વાર્તાલાપ કરનારી, નિપુણ, કામ કલામાં કુશળ, પતિમાં અનુરક્ત, અવિરક્ત, મનને અનુકૂળ શ્રેષ્ઠ સ્ત્રી સાથે મનને અન્યત્ર કર્યા વિના એકાંતમાં રતિરક્ત થઈને ઈષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, ગંધ આદિ પાંચ પ્રકારના મનુષ્ય સંબંધી કામભોગોનું સેવન કરે છે.

**પ્રશ્ન–** વેદોપશમન(વિકાર ઉપશમન)ના સમયે તે પુરુષ કેવા પ્રકારના સુખનો અનુભવ કરે છે ?

**ઉત્તર–** હે આયુષ્યમાન્ શ્રમણ ! તે ઉદાર સુખનો અનુભવ કરે છે. તે પુરુષના કામભોગોથી વાણવ્યંતર દેવોના કામભોગ અનંતગુણા વિશિષ્ટ હોય છે.

વાણવ્યંતર દેવોના કામભોગોથી અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી(નવનિકાયના) દેવોના કામભોગ અનંતગુણા વિશિષ્ટ હોય છે. અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોના કામભોગથી અસુરેન્દ્રના કામભોગ અનંતગુણા વિશિષ્ટ હોય છે. અસુરેન્દ્ર દેવોના કામભોગોથી ગ્રહ, નક્ષત્ર, તારાઓના કામભોગ અનંતગુણા વિશિષ્ટ છે. ગ્રહગણ, નક્ષત્ર, તારાઓના કામભોગ કરતાં ચંદ્ર-સૂર્યના કામભોગ અનંત ગુણા વિશિષ્ટ હોય છે. જ્યોતિષકેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર-સૂર્ય દેવ આ પ્રકારના કામભોગોનો અનુભવ કરતાં વિચરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રોમાં ચંદ્ર અને સૂર્યની ઋદ્ધિનું અને કામભોગની વિશિષ્ટતાનું પ્રતિપાદન કર્યું છે. ચારે જાતિના દેવો પાંચે ઈન્દ્રિય સંબંધી કામભોગોને ભોગવે છે પરંતુ તેમાં તરતમતા છે.

મનુષ્યલોકના મનુષ્યો જે ઉત્તમ કામભોગને ભોગવે છે, તેનાથી વાણવ્યંતર દેવો, નવનિકાયના દેવો, અસુરપતિ દેવો, ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ દેવો ક્રમશઃ ઉત્તરોત્તર અનંતગુણ વિશિષ્ટ કામભોગને ભોગવે છે અને તેથી પણ ચંદ્ર અને સૂર્યના કામભોગ અનંતગુણ વિશિષ્ટ છે.

**थालीपागसुद्धं :– स्थालयाम् पाकेन शुद्धम् थालीपाकसुद्धं–** પહોળા વાસણમાં પકાવવાના કારણે જે ભોજન સરસ રીતે સીઝી ગયું છે, જરાય કાચુ ન રહ્યું હોય તેવું ભોજન.

પ્રસ્તુત સૂત્રમાં કામભોગોના સુખને ઉદાર સુખ કહ્યું છે, તે સાંસારિક સામાન્યજનની અપેક્ષાએ કથન છે. વાસ્તવમાં કામભોગનું સુખ તે સુખ નથી પરંતુ સુખાભાસ છે. તે મોહનીય કર્મના ઉદયજન્ય સુખ છે, તે અન્ય અનંત અશુભ કર્મને વધારનાર છે.

**અઠયાસી મહાગ્રહ :–**

**१८ तत्थ खलु इमे अट्ठासीई महग्गहा पण्णत्ता, तं जहा– इंगालए, वियालए, लोहियक्खे, सणिच्छरे, आहुणिए, पाहुणिए, कणे, कणए, कणकणए, कणविताणए, कणसंताणए, सोमे, सहिए, आस्सासणे, कज्जोवए,**

**कब्बडए, अयकरए, दुंदुभए, संखे, संखवण्णे, संखवण्णाभे, कंसे, कंसवण्णे, कंसवण्णाभे, णीले, णीलोभासे, रूप्पे, रूप्पोभासे, भासे, भासरासी।**

**तिले, तिलपुप्फवण्णे, दगे, दगपंचवण्णे, काले, काकंधे, इंदग्गी, धूमकेऊ, हरी, पिंगलए, बुहे, सुक्के, बहस्सई, राहू, अगत्थी, माणवगे, कासे, फासे, घूरे, पमुहे, वियडे, विसंधीकप्पे, णियल्ले, पयल्ले, जडियाइल्ले, अरूणे अग्गिल्लए, काले, महाकाले सोत्थिए,**

**सोवत्थिए, वद्धमाणगे, पलंबे, णिच्चालोए, णिच्चुज्जोए, सयंपभे, ओभासे, सेयंकरे, खेमंकरे आभंकरे, पभंकरे, अरए, विरए असोगे, वीयसोगे, विमले, वितते । वितत्थे, विसाले, साले, सुव्वए, अणियट्टी, एगजडी, दुजडी, करकरिए, रायग्गले, पुप्फकेऊ, भावकेऊ ।**

**ભાવાર્થ :–** આ અઠયાસી મહાગ્રહ છે, તેના નામ આ પ્રમાણે છે– (૧) અંગારક (૨) વિકાલક (૩) લોહિતાક્ષ (૪) શનૈશ્ચર (૫) આધુનિક (૬) પ્રાધુનિક (૭) કન (૮) કનક (૯) કનકનક (૧૦) કનવિતાનક (૧૧) કનસંતાનક (૧૨) સોમ (૧૩) સહિત (૧૪) આશ્વાસન (૧૫) કાર્યોપક.

(૧૬) કર્બટક (૧૭) અયકરક (૧૮) દુન્દુભક (૧૯) શંખ (૨૦) શંખવર્ણ (૨૧) શંખવર્ણાભ (૨૨) કંસ (૨૩) કંસવર્ણ (૨૪) કંસ વર્ણાભ (૨૫) નીલ (૨૬) નીલાવભાસ (૨૭) રુપ્ય (૨૮) રુપ્યાવભાસ (૨૯) ભસ્મ (૩૦) ભસ્મરાશી.

(૩૧) તિલ (૩૨) તિલ પુષ્પ વર્ણ (૩૩) દક (૩૪) દકપંચવર્ણ (૩૫) કાય (૩૬) કાકંધ (૩૭) ઈન્દ્રાગ્નિ (૩૮) ધૂમકેતુ (૩૯) હરી (૪૦) પિંગલક (૪૧) બુધ (૪૨) શુક્ર (૪૩) બૃહસ્પતિ (૪૪) રાહુ (૪૫) અગસ્તિ (૪૬) માણવક (૪૭) કાશ (૪૮) સ્પર્શ (૪૯) ધુર (૫૦) પ્રમુખ (૫૧) વિકટ (૫૨) વિસંધી કલ્પ (૫૩) નિકલ્પ (૫૪) પ્રકલ્પ (૫૫) જટિલક (૫૬) અરૂણ (૫૭) અગ્નિલ (૫૮) કાલ (૫૯) મહાકાલ (૬૦) સ્વસ્તિક.

(૬૧) સૌવસ્તિક (૬૨) વર્ધમાનક (૬૩) પ્રલંબ (૬૪) નિત્યાલોક (૬૫) નિત્યોદ્યોત (૬૬) સ્વયંપ્રભ (૬૭) અવભાસ (૬૮) શ્રેયસ્કર (૬૯) ક્ષેમંકર (૭૦) આભંકર (૭૧) પ્રભંકર (૭૨) અરજ (૭૩) વિરજ (૭૪) અશોક (૭૫) વીતશોક (૭૬) વિમલ (૭૭) વિવર્ત (૭૮) વિત્રસ્ત (૭૯) વિશાલ (૮૦) શાલ (૮૧) સુવ્રત (૮૨) અનિવૃત્તિ (૮૩) એકજટી (૮૪) દ્વિજટી (૮૫) કષ્ઠકરિક (૮૬) રાજર્ગલ (૮૭) પુષ્પકેતુ (૮૮) ભાવકેતુ.

**સંગ્રહણી ગાથા :–**

**इंगालए वियालए, लोहियक्खे सणिच्छरे चेव ।**
**आहुणिए पाहुणिए, कणगसणामा उ पंचे व ॥१॥**

**ગાથાર્થ–** (૧) અંગારક (૨) વિકાલક (૩) લોહિતાક્ષ (૪) શૈનેશ્ચર (૫) આધુનિક (૬) પ્રાધુનિક તથા કનવાળા પાંચ નામ (૭) કન (૮) કનક (૯) કનકનક (૧૦) કનવિતાનક (૧૧) કન સંતાનક.

**सोमे सहिए अस्सासणे य, कज्जोवए य कब्बरए ।**
**अयकरए दंदुभए, संखसणामवि तिण्णे व ॥२॥**

**ગાથાર્થ–** (૧૨) સોમ (૧૩) સહિત(૧૪) આશ્વાસન (૧૫) કાર્યોપક (૧૬) કર્બટક (૧૭) અયકરક (૧૮) દુંદુભક તથા શંખનામવાળા ત્રણ–(૧૯) શંખ (૨૦) શંખવર્ણ (૨૧) શંખવર્ણાભ.

**तिण्णेव कंसणामा, णीले रुप्पी य हुंति चतारि ।**
**भास तिल पुप्फवण्णे, दगपंचवण्णे काय बंधे व ॥३॥**

**ગાથાર્થ :–** કંસનામવાળા ત્રણ–(૨૨) કંસ (૨૩) કંસવર્ણ (૨૪) કંસવર્ણાભ નીલ–રૂપીના ચાર–(૨૫) નીલ (૨૬) નીલાવભાસ (૨૭) રુપ્ય (૨૮) રુપ્યાવભાસ (૨૯) ભસ્મ અથવા ભસ્મરાશી (૩૦) તિલ (૩૧) તિલ પુષ્પવર્ણ (૩૨)દક (૩૩) દકપંચવર્ણ (૩૪) કાય (૩૫) વંધ્ય.

**इंदग्गि धूमकेऊ य, हरि पिंगलए बुधे य सुक्के य ।**
**बहसइ राहु अगत्थी, माणवए कामफासे य ॥४॥**

**ગાથાર્થ–** (૩૬) ઈંદ્રાગ્નિ (૩૭) ધૂમકેતુ (૩૮) હરી (૩૯) પિંગલક (૪૦) બુધ (૪૧) શુક્ર (૪૨) બૃહસ્પતિ (૪૩) રાહુ (૪૪) અગસ્તિ (૪૫) માણવક (૪૬) કામસ્પર્શ.

**धुरए पमुहे वियडे विसंधिकप्पे तहा पयल्ले य ।**
**जडियालए अरुणे अग्गिले काले महाकाले ॥५॥**

**ગાથાર્થ–** (૪૭) ધુર (૪૮) પ્રમુખ (૪૯) વિકટ (૫૦) વિસંધિકલ્પ (૫૧) પ્રકલ્પ (૫૨) જટિલક (૫૩) અરૂણ (૫૪) અગ્નિલ (૫૫) કાલ (૫૬) મહાકાલ.

**सोत्थिय सोवत्थिय वद्धमाणगे तथा पलंबे य ।**
**णिच्चालोए णिच्चुज्जोए सयपंभे चे व ओभासे ॥६॥**

**ગાથાર્થ–** (૫૭) સ્વસ્તિક (૫૮) સૌવસ્તિક (૫૯) વર્ધમાન (૬૦) પ્રલંબ (૬૧) નિત્યાલોક (૬૨) નિત્યોદ્યોત (૬૩) સ્વયંપ્રભ (૬૪) અવભાસ.

**सेयकरे खेमंकरे अभंकरे पभंकरे य बोद्धव्वे ।**
**अरए विरए य तहा असोग तह वीतसोगे य ॥७॥**

**ગાથાર્થ–** (૬૫) શ્રેયસ્કર (૬૬) ક્ષેમંકર (૬૭) આભંકર (૬૮) પ્રભંકર (૬૯) અબજ (૭૦) વિરજ (૭૧) અશોક (૭૨) વીતશોક.

**विमले वितत विवत्थे विसाल तह साल सुव्वए चेव ।**
**अणियट्टी एगजडी य होइ बिजडी बोद्धव्वो ॥८॥**

**ગાથાર્થ–** (૭૩) વિમક્ષ (૭૪) વિવર્ત (૭૫) વિવસ્ત્ર (૭૬) વિશાલ (૭૭) શાલ (૭૮) સુવ્રત (૭૯) અનિવૃત્તિ (૮૦) એકજટી (૮૧) દ્વિજટી

**करकरिए रायऽऽग्गल बोद्धव्वे पुप्फ भाव केऊ य ।**
**अट्ठासीइ गहा खलु णेयव्वा आणुपुव्वीए ॥९॥**

**ગાથાર્થ–** (૮૨) કર (૮૩) કરિક (૮૪) રાજ (૮૫) અર્ગલ (૮૬) પુષ્પ (૮૭) ભાવ (૮૮) કેતુ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ૮૮ ગ્રહોનો નામોલ્લેખ છે. સંગ્રહણી ગાથામાં તે જ ૮૮ ગ્રહોના નામોનું કથન છે. બંનેના નામોમાં ક્યાંક ભિન્નતા છે.

**ઉપસંહાર :–**

**१९** **इह एस पाहुडत्था, अभव्वजणहिययदुल्लहा इणमो ।**
**उक्कित्तिया भगवई जोइसरायस्स पण्णत्ती ॥१॥**

**एस गहियाऽवि संती, थद्धे गारविय माण-पडिणीए ।**
**अबहुस्सुए ण देया, तव्विवरीए भवे देया ॥२॥**

**सद्धा-धिति-उट्ठाणुच्छाह-कम्म-बल-वीरिय-पुरिसकारेहिं ।**
**जो सिक्खिओऽवि संतो, अभायणे पक्खिवेज्जाहि ॥३॥**

**सो पवयण-कुल-गण-संघबाहिरो णाण-विणय-परिहीणो ।**
**अरहंत-थेर-गणहरमेरं किर होइ वोलीणो ॥४॥**

तम्हा धिइउट्ठाणुच्छाह कम्म-बल-वीरियसिक्खियं णाणं ।
धारेयव्वं णियमा ण य अविणएसु दायव्वं ॥५॥

वीरवरस्स भगवओ, जर-मरण-किलेस-दोसरहियस्स ।
वंदामि विणयपणओ, सोक्खुप्पाए सया पाए ॥६॥

**ભાવાર્થ :–** આ પૂર્વકથિત તત્ત્વ જાણનારાઓના અભ્યુદય માટે પ્રકટાર્થ હોવા છતાં અભવીજનોને દુર્લભ આ ભગવતી અર્થાત્ જ્ઞાનૈશ્વર્ય સ્વરૂપ જ્યોતિષરાજ ચંદ્ર-સૂર્ય દેવની પ્રજ્ઞપ્તિ પ્રતિપાદિત કરી છે. ॥૧॥

આ ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ શાસ્ત્ર સમ્યક્ પ્રકારે જાણીને પછી અભિમાની, ૠદ્ધિ, રસ કે શાતાના ગર્વ સહિત, જાતિ આદિ મદ યુક્ત, પ્રત્યનીક કે અબહુશ્રુત વ્યક્તિને આ જ્ઞાન ન આપવું, તેનાથી વિપરીત નમ્ર, ગર્વરહિત, નિરભિમાની, વિનમ્ર અને બહુશ્રુતને આ જ્ઞાન આપવું જોઈએ.॥૨॥

શ્રવણ કરવાની વિશેષ ઈચ્છા રૂપ શ્રદ્ધાથી, જિનવચન જ સત્ય છે તેવા આત્મવિશ્વાસ રૂપ ધૃતિથી શ્રવણાદિ માટેના ઉત્સાહ રૂપ ઉત્થાનથી વંદનાદિ રૂપ કર્મ, શારીરિક સંપતિ રૂપ બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમથી આ સૂત્રના અર્થને પ્રાપ્ત કરીને પણ જો અપાત્રને અપાય તો, ધર્મોપદેશકારોના કુળથી, ગણથી અને સંઘથી બહાર કરેલા જ્ઞાનહીન અને વિનયહીન તે અપાત્ર જીવો અરિહંત, સ્થવિર અને ગણધરોની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. ॥૩–૪॥

તેથી શ્રદ્ધા, ધૃતિ, ઉત્સાહ, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમથી પ્રાપ્ત કરેલા આ શાસ્ત્રના જ્ઞાનને સદાને માટે અંતરમાં ધારણ કરવું જોઈએ, પરંતુ અવિનીતને આપવું ન જોઈએ. ॥૫॥

સદા સુખપ્રદાયક જરા, મરણ, કલેશ અને દ્વેષ રહિત ભગવાન મહાવીર સ્વામીના ચરણોમાં વિનયપૂર્વક નમસ્કાર કરું છું. ॥૬॥

## ॥ વીસમું પ્રાભૃત સંપૂર્ણ ॥

## ॥ ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર સંપૂર્ણ ॥

# શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર મૂળપાઠ

जयइ णव–णलिण–कुवलय–वियसिय–सयवत्त–पत्तलदलच्छो ।
वीरो गइंद–मयगल–सललिय–गयविक्कमो भयवं ॥१॥

णमिऊण असुर–सुर–गरुल–भुयग–परिवंदिए गयकिलेसे ।
अरिहे सिद्धायरिए–उवज्झाए सव्वसाहू य ॥२॥

फुड–वियड–पागडत्थं, वुच्छं पुव्व–सुय–सार–णिस्संदं ।
सुहुम गणिणोवदिट्ठं, जोइसगणरायपण्णत्तिं ॥३॥

णामेण इंदभूइत्ति, गोयमो वंदिऊण तिविहेणं ।
पुच्छइ जिणवर वसहं, जोइसगणरायस्स पण्णत्तिं ॥४॥

कइ मंडलाइ वच्चइ, तिरिच्छा किं च गच्छई ।
ओभासइ केवइयं, सेयाइ किं ते संठिई ॥५॥

कहिं पडिहया लेसा, कहं ते ओयसंठिई ।
के सूरियं वरयंति, कहं ते उदयसंठिई ॥६॥

कइकट्ठा पोरिसीच्छाया, जोगेत्ति किं ते आहिए ।
के ते संवच्छराणाई, कइ संवच्छराइ य ॥७॥

कहिं चंदमसो वुड्ढी, कया ते जोसिणा बहू ।
के य सिग्धगई वुत्ते, कहं ते जोसिण लक्खणं ॥८॥

चयणोववाय उच्चत्तं, सूरिया कइ आहिया ।
अणुभावे केरिसे वुत्ते, एवमेयाइं वीसई ॥९॥

वुड्ढोवुड्ढी मुहुत्ताणं अद्धमंडलसंठिई ।
के ते चिण्णं परियरइ, अंतरं किं चरंति य ॥१०॥

ओगाहइ केवइयं, केवइयं च विकंपइ ।
मंडलाण य संठाणे, विक्खंभे अट्ठ पाहुडा ॥११॥

छ प्पंच य सत्तेव य, अट्ठ य तिण्णि य हवंति पडिवत्ती ।
पढमस्स पाहुडस्स उ, हवंति एयाओ पडिवत्ती ॥१२॥

पडिवत्तीओ उदए, अदुव अत्थमणेसु य ।
भेयघाए कण्णकला, मुहुत्ताण गई इय ॥१३॥

णिक्खममाणे सिग्घगई, पविसंते मंदगई इ य ।
चुलसीइ सयं पुरिसाणं, तेसिं च पडिवत्तीओ ॥१४॥

उदयम्मि अट्ठ भणिया, भेयग्घाए दुवे च पडिवत्ती ।
चत्तारि मुहुत्तगईए, होंति तइयम्मि पडिवत्ती ॥१५॥

आवलिया मुहुत्तग्गे, एवं भागो य जोगस्स ।
कुला य पुण्णमासी य, सण्णिवाए य संठिई ॥१६॥

तारग्गं च णेता इ, चंदमग्गत्ति यावरे ।
देवाणं य अज्झयणा, मुहुत्ताणं णामया इ य ॥१७॥

दिवसा राई य वुत्ता य, तिहि गोत्ता भोयणाणि य ।
आइच्चचार मासा य, पंच संवच्छरा इय ॥१८॥

जोइसस्स य दाराइं, णक्खत्तविसए इय ।
दसमे पाहुडे एए, बावीस पाहुड-पाहुडा ॥१९॥

तेणं कालेणं तेणं समएणं मिहिला णामं णयरी होत्था, वण्णओ ॥१॥

तीसे णं मिहिलाए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए एत्थ णं माणिभद्दे णामं चेइए होत्था चिराईए वण्णाओ तीसे णं मिहिलाए णयरिए जियसत्तू णामं राया, धारिणी देवी, वण्णओ तेणं कालेणं तेणं समएणं सामी समोसढे, परिसा णिग्गया, धम्मो कहिओ, परिसा पडिगया जाव राया जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे गोयमगोत्ते सत्तुस्सेहे जाव पज्जुवासमाणे एवं वयासी-

ता कहं ते मुहुत्ताणं वुड्ढीवुड्ढी य आहिएति वएज्जा ?

गोयमा ! ता अट्ठ एगूणवीसे मुहुत्तसयाइं सत्तावीसं च सत्तसट्ठिभागा मुहुत्तस्स आहिएति वएज्जा ।

जाव.....

इय एस पागडत्था, अभव्वजणहियय दुल्लहाइ णमो ।
उक्कित्तिया भगवया जोइसरायस्स पण्णत्ती ॥१॥

एस गहियावि संता, थद्धे गारवियमाणिपडिणीए ।
अबहुस्सुए ण देया, तव्विवरीए भवे देया ॥२॥

सद्धा धिइ-उट्ठाणुच्छाह कम्मबलविरिय पुरिसकारेहिं ।
जो सिक्खिओवि संतो, अभायणे परि कहेज्जाहि ॥३॥

सो पवयण-कुल-गण-संघबाहिरो णाणविणय-परिहीणो ।
अरहंत-थेरगणहरमेरं किर होई वोलीणो ॥४॥

तम्हा धिइउट्ठाणुच्छाह, कम्मबलवीरियसिक्खियं णाणं ।
धारेयव्वं णियमा, ण य अविणएसु दायव्वं ॥५॥

वीरवरस्स भगवओ, जरमरण-किलेस-दोसरहियस्स ।
वंदामि विणयपणओ सोक्खुप्पाए सया पाए ॥६॥

॥इति चंदपण्णत्तिसुत्तं सम्मतं ॥

**નોંધ :–** જાવ..... થી પ્રસ્તુત આગમનો સૂત્ર–૮ના સૂત્રપાઠથી પ્રારંભ કરી ૨૦મા પ્રાભૃતના ૧૭મા સૂત્ર પર્યંતનો સૂત્રપાઠ ગ્રહણ થાય છે.

❖❖❖❖❖

## પરિશિષ્ટ–૧

# સૂર્ય વિચારણા

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર | આધાર |
|---|---|---|---|
| ૧ | સૂર્ય આપણી આ પૃથ્વીથી ઉપર કેટલી ઊંચાઈએ છે ? | ૮૦૦ યોજન | ૧૮/–/૨ |
| ૨ | આપણા આ ભરત ક્ષેત્ર સહિત જંબૂદ્વીપમાં કેટલા સૂર્ય છે ? | ૨ | ૧૯/–/૨ |
| ૩ | આપણા આ ભરત ક્ષેત્રમાં ક્યો સૂર્ય ક્યારે પ્રકાશ કરે છે ? | ૧,૩,૫ આદિ દિવસે પૂર્વીય સૂર્ય. ૨,૪,૬ આદિ દિવસે પશ્ચિમી સૂર્ય | ૧/૨/૧થી ૯ |
| ૪ | સૂર્યના કુલ કેટલા મંડળો છે ? | ૧૮૪ | ૧/૧/૯ |
| ૫ | સૂર્યનું પ્રથમ મંડળ ક્યાં છે ? | જંબૂદ્વીપની જગતીથી ૧૮૦ યોજન અંદર | ૧/૫/૧ |
| ૬ | સૂર્યનું અંતિમ મંડળ ક્યાં છે ? | લવણ સમુદ્રમાં ૩૩૦ યોજન દૂર | ૧/૫/૬ |
| ૭ | જંબૂદ્વીપ ઉપર સૂર્યના કેટલા મંડળ છે ? | ૬૫ | જંબૂ. ૭/૩ |
| ૮ | લવણ સમુદ્ર ઉપર સૂર્યના કેટલા મંડળ છે ? | ૧૧૯ | જંબૂ. ૭/૪ |
| ૯ | સૂર્ય મંડળ(માર્ગ)નો વિસ્તાર અથવા સૂર્ય વિમાનનો વિષ્કંભ (લંબાઈ-પહોળાઈ) કેટલી છે ? | $\frac{૪૮}{૬૧}$ યોજન | ૧૮/–/૧૧ |
| ૧૦ | સૂર્ય મંડળ અથવા સૂર્ય વિમાનની જાડાઈ કેટલી છે ? | $\frac{૨૪}{૬૧}$ યોજન | ૧૮/–/૧૧ |
| ૧૧ | સૂર્ય વિમાનની પરિધિ કેટલી છે ? | સાધિક ૨ $\frac{૨૨}{૬૧}$ યો. | ૧૮/–/૧૧ |
| ૧૨ | સૂર્ય જંબૂદ્વીપના કેટલા ક્ષેત્ર ઉપર અવગાહના કરે છે | ૧૮૦ યોજન | ૧/૫/૫ |
| ૧૩ | સૂર્ય લવણસમુદ્રના કેટલા ક્ષેત્ર ઉપર અવગાહના કરે છે | ૩૩૦ યોજન | ૧/૫/૬ |
| ૧૪ | સૂર્યના પ્રથમ અને અંતિમ મંડળ વચ્ચે કેટલું અંતર છે ? | ૫૧૦ યોજન | ૧/૮/૧૦ |
| ૧૫ | સૂર્યનું ચાર ક્ષેત્ર (ગમનાગમન કરવાનું ક્ષેત્ર) કેટલું છે ? | ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન | ૧/૮/૧૨ |
| ૧૬ | સૂર્યના ૧૮૪ મંડળ વચ્ચે આંતરા કેટલા છે ? | ૧૮૩ | ૧/૮/૧૦ |
| ૧૭ | સૂર્યના મંડળ (માર્ગ) ક્ષેત્રનો કુલવિસ્તાર કેટલો છે ? | ૧૪૪ $\frac{૪૮}{૬૧}$ યોજન | ૧/૮/૧૦ વિવેચન |
| ૧૮ | સૂર્યના બે મંડળ વચ્ચે કેટલું અંતર છે ? | ૨ યોજન | ૧/૮/૧૦ |
| ૧૯ | સૂર્યના ૧૮૩ આંતરાઓના ક્ષેત્રનો કુલ વિસ્તાર કેટલો છે ? | ૩૬૬ યોજન | ૧/૮/૧૦ |
| ૨૦ | સૂર્ય પ્રત્યેક મંડળે કેટલા યોજન ક્ષેત્રને પાર કરે છે ? | ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન | ૧/૨/૩ |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર | આધાર |
|---|---|---|---|
| ૨૧ | સૂર્ય એક અયનમાં કેટલા મંડળને પાર કરે છે ? | ૧૮૩ | ૧/૧/૧૪ |
| ૨૨ | સૂર્ય દક્ષિણાયનમાં કયા ૧૮૩ મંડળને પાર કરે છે ? | ૨ થી ૧૮૪ | ૧/૧/૧૪ |
| ૨૩ | સૂર્ય ઉત્તરાયણમાં કયા ૧૮૩ મંડળને પાર કરે છે ? | ૧૮૩ થી ૧ | ૧/૧/૧૭ |
| ૨૪ | સૂર્ય ૧૮૪ મંડળ ઉપર એક વર્ષમાં કેટલી વાર ચાલે છે ? | પેલા, છેલ્લા મંડળ ઉપર ૧ વાર / મધ્યના ૧૮૨ મંડળ ઉપર ૨ વાર | ૧/૧/૯ |
| ૨૫ | સૂર્ય એક અયન કેટલા સમયમાં પૂર્ણ કરે છે ? | ૧૮૩ અહોરાત્રમાં, છ સૂર્યમાસમાં | ૨/૩/૧૩ વિવેચન |
| ૨૬ | એક સૂર્ય માસના કેટલા અહોરાત્ર છે ? | ૩૦ $\frac{૧}{૨}$ અહોરાત્ર | ૧૨/–/૫ |
| ૨૭ | એક સૂર્યમાસના કેટલા મુહૂર્ત છે ? | ૯૧૫ મુહૂર્ત | ૧૨/–/૫ |
| ૨૮ | એક વર્ષના કેટલા સૂર્ય માસ છે ? | ૧૨ માસ | ૧૨/–/૫ |
| ૨૯ | એક વર્ષના કેટલા અહોરાત્ર છે ? | ૩૬૬ અહોરાત્ર | ૧૨/–/૫ |
| ૩૦ | એક વર્ષના કેટલા મુહૂર્ત છે ? | ૧૦,૯૮૦ મુહૂર્ત | ૧૨/–/૫ |
| ૩૧ | એક વર્ષમાં સૂર્યના કેટલા અયન થાય છે ? | ૨ | ૧/૨/૨૫ વિવેચન |
| ૩૨ | સૂર્યના એક અયનમાં કેટલા મુહૂર્ત વ્યતીત થાય છે | ૫,૪૯૦ મુહૂર્ત | ૧૮૩ × ૩૦ મુહૂર્ત |
| ૩૩ | એક યુગમાં કેટલા સૂર્ય વર્ષ છે ? | ૫ | ૧૦/૧૮/૨ |
| ૩૪ | એક યુગમાં સૂર્યના કેટલા અયન થાય છે ? | ૧૦ | ૧૨/–/૧૬ થી ૨૫ |
| ૩૫ | એક યુગની કેટલી અહોરાત્રિઓ છે ? | ૧૮૩૦ અહોરાત્રિ | ૧૨/–/૮ |
| ૩૬ | એક યુગના કેટલા મુહૂર્ત છે ? | ૫૪,૯૦૦ મુહૂર્ત | ૧૨/–/૫ |
| ૩૭ | સૂર્ય એક અહોરાત્રમાં કેટલા મંડળ ઉપર ચાલે ? | ૧ અર્ધમંડળ | ૧/૩/૧ |
| ૩૮ | એક અહોરાત્રમાં બે સૂર્ય સાથે મળીને કેટલા મંડળને પાર કરે છે ? | ૧ પૂર્ણ મંડળ | ૧/૩/૧ |
| ૩૯ | એક સૂર્યને એક પૂર્ણ મંડળ પાર કરવામાં કેટલો સમય લાગે ? | ૨ અહોરાત્ર–૬૦ મુહૂર્ત | ૧/૩/૧ |
| ૪૦ | બે સૂર્યને સાથે મળીને એક પૂર્ણ મંડળ પાર કરવામાં કેટલો સમય લાગે? | ૧ અહોરાત્રિ | ૧/૩/૧ |
| ૪૧ | એક સૂર્ય યુગમાં એક સૂર્ય કેટલા અર્ધ મંડળ ઉપર ચાલે ? | ૧૮૩૦ અર્ધમંડળ | ૧૫/-/૧૮ વિવેચન |
| ૪૨ | એક સૂર્ય યુગમાં એક સૂર્ય કેટલા પૂર્ણ મંડળ ઉપર ચાલે ? | ૯૧૫ પૂર્ણ મંડળ | ૧૫/-/૧૬ વિવેચન |
| ૪૩ | એક સૂર્ય યુગમાં બે સૂર્ય સાથે મળીને કેટલા પૂર્ણ મંડળ ઉપર ચાલે ? | ૧૮૩૦ પૂર્ણમંડળ | ૯૧૫ના બમણા |
| ૪૪ | એક સૂર્ય યુગમાં બંને સૂર્યના કેટલા અર્ધમંડળ થાય છે ? | ૩૬૬૦ અર્ધમંડળ | ૧૮૩૦ના બમણા |
| ૪૫ | એક યુગમાં સૂર્ય ૨૮ નક્ષત્રો સાથે કેટલીવાર યોગ કરે છે ? | ૫ વાર | ૧૦/૧૮/૩ |
| ૪૬ | સૂર્ય ૨૮ નક્ષત્રો સાથે કેટલા સમયમાં એક વાર યોગ પૂર્ણ કરે છે ? | ૩૬૬ અહોરાત્ર | ૧૦/૨/૪ |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર | આધાર |
|---|---|---|---|
| ૪૭ | સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર હોય ત્યારે કેટલા મુહૂર્તનો દિવસ હોય છે? | ૧૮ મુહૂર્ત | ૧/૧/૧૧ |
| ૪૮ | સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર હોય ત્યારે કેટલા મુહૂર્તની રાત્રિ હોય છે? | ૧૨ મુહૂર્ત | ૧/૧/૧૧ |
| ૪૯ | સૂર્ય સર્વ બાહ્ય મંડળ ઉપર હોય ત્યારે કેટલા મુહૂર્તનો દિવસ હોય છે? | ૧૨ મુહૂર્ત | ૧/૧/૧૧ |
| ૫૦ | સૂર્ય સર્વ બાહ્ય મંડળ ઉપર હોય ત્યારે કેટલા મુહૂર્તની રાત્રિ હોય છે? | ૧૮ મુહૂર્ત | ૧/૧/૧૧ |
| ૫૧ | સૂર્યના પ્રત્યેક મંડળે બંને અયનમાં દિનમાન-રાત્રિમાનના વૃદ્ધિ-હાનિનો ધ્રુવાંક કેટલો ? | $\frac{૨}{૬૧}$ મુહૂર્તનો | ૧/૧/૧૪ |
| ૫૨ | સૂર્યનું પ્રથમ મંડળ મેરુપર્વતથી કેટલે દૂર છે ? | ૪૪,૮૨૦ યોજન | જંબૂ. ૭/૮ |
| ૫૩ | સૂર્યનું અંતિમ મંડળ મેરુપર્વતથી કેટલે દૂર છે ? | ૪૫, ૩૩૦ યોજન | જંબૂ. ૭/૧૨ |
| ૫૪ | સૂર્યના પ્રથમ મંડળની લંબાઈ-પહોળાઈ કેટલી છે? અથવા સૂર્ય પ્રથમ મંડળે હોય ત્યારે બે સૂર્ય વચ્ચે કેટલું અંતર હોય છે ? | ૯૯,૬૪૦ યોજન | ૧/૮/૩ |
| ૫૫ | સૂર્યના પ્રથમ મંડળની પરિધિ કેટલી છે ? | ૩,૧૫,૦૮૯ યોજન | ૧/૮/૩ |
| ૫૬ | સૂર્યના અંતિમ મંડળની લંબાઈ-પહોળાઈ કેટલી છે? અથવા સૂર્ય અંતિમ મંડળે હોય ત્યારે બે સૂર્ય વચ્ચે કેટલું અંતર હોય છે ? | ૧,૦૦,૬૬૦ યોજન | ૧/૮/૬ |
| ૫૭ | સૂર્યના અંતિમ મંડળની પરિધિ કેટલી છે ? | ૩,૧૮,૩૧૫ યોજન | ૧/૮/૬ |
| ૫૮ | પ્રત્યેક સૂર્ય મંડળે લંબાઈ-પહોળાઈમાં કેટલી વૃદ્ધિ-હાનિ થાય છે ? | ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન | ૧/૪/૨ |
| ૫૯ | સૂર્યના પ્રત્યેક મંડળે પરિધિમાં કેટલી વૃદ્ધિ હાનિ થાય છે ? | ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજન<br>વ્યવહારથી ૧૮ યોજન | ૧/૮/૯ વિવેચન<br>૧/૮/૬ |
| ૬૦ | પ્રથમ મંડળે સૂર્યની મુહૂર્ત ગતિ કેટલી હોય છે ? | ૫૨૫૧ $\frac{૨૯}{૬૦}$ યોજન | ૨/૩/૭ |
| ૬૧ | અંતિમ મંડળે સૂર્યની મુહૂર્ત ગતિ કેટલી હોય છે ? | ૫૩૦૫ $\frac{૧૫}{૬૦}$ યોજન | ૨/૩/૧૦ |
| ૬૨ | પ્રત્યેક મંડળે સૂર્યની મુહૂર્ત ગતિમાં કેટલી વૃદ્ધિ-હાનિ થાય છે ? | વ્યવહારથી $\frac{૧૮}{૬૦}$ યો.<br>વાસ્તવમાં $\frac{૧૭}{૬૦}$, $\frac{૧૮}{૬૦}$ યો. | ૨/૩/૧૦<br>૨/૩/૧૩ વિવેચન |
| ૬૩ | સૂર્ય પ્રતિમુહૂર્તે મંડળ પરિધિના કેટલા ભાગ ઉપર ચાલે ? અથવા સૂર્યની અંશાત્મક મુહૂર્ત ગતિ કેટલી છે ? | $\frac{૧૮૩૦}{૧,૦૯,૮૦૦}$ | ૧૫/–/૩ |
| ૬૪ | સૂર્ય પ્રથમ મંડળે હોય ત્યારે ઉદય ક્ષેત્ર-અસ્ત ક્ષેત્ર વચ્ચે કેટલું અંતર હોય છે ? | ૯૪,૫૨૬ $\frac{૪૨}{૬૦}$ યોજન | ૨/૩/૧૩ વિવેચન |
| ૬૫ | સૂર્ય અંતિમ મંડળે હોય ત્યારે ઉદય ક્ષેત્ર-અસ્ત ક્ષેત્ર વચ્ચે કેટલું અંતર હોય છે ? | ૬૩,૬૬૩ યોજન | ૨/૩/૧૩ વિવેચન |
| ૬૬ | સૂર્ય પ્રથમ મંડળે હોય ત્યારે કેટલે દૂરથી દષ્ટિગોચર થાય છે ? | ૪૭,૨૬૩ $\frac{૨૧}{૬૦}$ યો. | ૨/૩/૭ |
| ૬૭ | અંતિમ મંડળે હોય ત્યારે સૂર્યને કેટલે દૂરથી જોઈ શકાય છે ? | ૩૧,૮૩૧ $\frac{૩૦}{૬૦}$ યો. | ૨/૩/૧૦ |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર | આધાર |
|---|---|---|---|
| ૬૮ | સૂર્યના પ્રત્યેક મંડળે દૃષ્ટિપથમાં કેટલી વૃદ્ધિ-હાનિ થાય છે ? | ૮૪ યોજન | ૨/૩/૧૦ |
| ૬૯ | સૂર્યના પ્રથમ મંડળે પ્રકાશ ક્ષેત્રની અથવા અંતિમ મંડળે અંધકાર ક્ષેત્રની પહોળાઈ મેરુસમીપે કેટલી ? | ૯૪૮૬ ૯/૧૦ યો. | ૪/–/૯ |
| ૭૦ | સૂર્યના પ્રથમ મંડળે અંધકાર ક્ષેત્રની અથવા અંતિમ મંડળે પ્રકાશ ક્ષેત્રની પહોળાઈ મેરુ સમીપે કેટલી હોય છે ? | ૬૩૨૪ ૬/૧૦ યો. | ૪/–/૧૩ |
| ૭૧ | સૂર્યના પ્રથમ મંડળે પ્રકાશ ક્ષેત્રની અથવા અંતિમ મંડળે અંધકાર ક્ષેત્રની પહોળાઈ પ્રથમ મંડળ સમીપે કેટલી હોય છે ? | ૯૪,૫૨૬ ૭/૧૦ યો. | ૪/–/૧૬ વિવેચન |
| ૭૨ | સૂર્યના પ્રથમ મંડળે અંધકાર ક્ષેત્રની અથવા અંતિમ મંડળે પ્રકાશ ક્ષેત્રની પહોળાઈ પ્રથમ મંડળ સમીપે કેટલી હોય છે ? | ૬૩૦૧૭ ૮/૧૦ યો. | ૪/–/૧૦ વિવેચન |
| ૭૩ | સૂર્યના પ્રથમ મંડળે પ્રકાશ ક્ષેત્રની અથવા અંતિમ મંડળે અંધકાર ક્ષેત્રની પહોળાઈ જંબૂદ્વીપાંતે કેટલી હોય છે ? | ૯૪,૮૬૮ ૪/૧૦ યો. | ૪/–/૧૦ |
| ૭૪ | સૂર્યના પ્રથમ મંડળે અંધકાર ક્ષેત્રની અથવા અંતિમ મંડળે પ્રકાશ ક્ષેત્રની પહોળાઈ જંબૂદ્વીપાંતે કેટલી હોય છે ? | ૬૩૨૪૫ ૬/૧૦ યો. | ૪/–/૧૪ |
| ૭૫ | સૂર્યના પ્રથમ મંડળે પ્રકાશ ક્ષેત્રની અથવા અંતિમ મંડળે અંધકાર ક્ષેત્રની પહોળાઈ અંતિમ મંડળ સમીપે કેટલી હોય છે ? | ૯૫,૪૯૪ ૫/૧૦ યો. | ૪/–/૧૬ વિવેચન |
| ૭૬ | સૂર્યના પ્રથમ મંડળે અંધકાર ક્ષેત્રની અથવા અંતિમ મંડળે પ્રકાશ ક્ષેત્રની પહોળાઈ અંતિમ મંડળ સમીપે કેટલી હોય છે ? | ૬૩,૬૬૩ યોજન | ૪/–/૧૬ વિવેચન |
| ૭૭ | સૂર્યના પ્રકાશ ક્ષેત્ર, અંધકાર ક્ષેત્રની લંબાઈ કેટલી છે ? | ૭૮,૩૩૩ ૧/૩ યો. | ૪/–/૧૧ |
